શ્રી

# પંચાધ્યાયી

(પૂર્વાર્ધ)

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રીકુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા, પુષ્પ–૩૧

ૐ

# શ્રી
# પંચાધ્યાયી
## પૂર્વાર્ધ

મુખ્યત: દેવકીનંદનજીકૃત હીંદી ટીકાના આધાર ઉપરથી
સરળ ગુજરાતી ટીકા–અનુવાદ

## દ્રવ્યસામાન્ય અધિકાર

: અનુવાદક :
સોમચંદ અમથાલાલ શાહ, કલોલ

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત : ૧૦૦૦ | વિ. સં. : ૨૦૦૪ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત : ૧૫૦૦ | વિ. સં. : ૨૦૬૯ |

*શ્રી પંચાધ્યાયી (ગુજરાતી) ના*

*** સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ***

**શ્રી વિમળાબેન સારાભાઈ શાહ પરિવાર**

**સુપુત્ર : ધનપાળભાઈ, નરેન્દ્રભાઈ, ભુપેન્દ્રભાઈ, પ્રવીણભાઈ**

**પુત્રવધૂ : ભદ્રાબેન, હંસાબેન, સ્મિતાબેન, ધર્મિષ્ઠાબેન,**

**પૌત્ર : મિલન, હિતેશ, સમીર પ્રપૌત્ર : બિનોય, આગમ, પૌત્રવધૂ : દિવ્યા, રૂપલ, જિજ્ઞા**

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૮૪ =૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૭૦ =૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રીમતી નીલાબેન કીર્તિકુમાર શાહ, એટલાંટા (U.S.A.) હ. કુણાલ કીર્તિકુમાર શાહ તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા. ૩૫ =૦૦ રાખવામાં આવી છે.


**કિંમત : રૂા. ૩૫ = ૦૦**

મુદ્રક :

**કહાન મુદ્રણાલય**

**સોનગઢ-૩૬૪૨૫૦(સૌરાષ્ટ્ર)**

ફોન : ૦૨૮૪૬-૨૪૪૦૮૧



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

રચયિતા : પંડિતરત્ન હિંમતલાલ જેઠાલાલ શાહ

# પ્રસ્તાવના

ઉચ્ચતમ કોટીમાંના જૈનસિદ્ધાંતગ્રંથોમાં આ 'પંચાધ્યાયી' ગ્રંથ પણ એક અદ્વિતીય અસાધારણ અને ગાંભિર્યતાયુક્ત 'ગ્રંથરાજ' છે અને તે ગ્રંથકર્તાએ પોતે જ 'पंचाध्यायावयवं ममकर्तृग्रंथराजमात्मवशात्' એ શ્લોકના અર્ધાચરણથી સ્પષ્ટપણે પ્રગટ કર્યું છે.

વર્તમાનમાં આ ગ્રંથ જેટલો પ્રાપ્ય છે તેને બે વિભાગમાં વહેંચ્યો છે, એક તો દ્રવ્યસામાન્ય અધિકાર(પંચાધ્યાયી પૂર્વાર્ધ) તથા બીજો દ્રવ્યવિશેષ અધિકાર(પંચાધ્યાયી ઉત્તરાર્ધ). તેમાં દ્રવ્યસામાન્ય અધિકારમાં તો દ્રવ્ય શું વસ્તુ છે ? તે પોતાના ગુણ-પર્યાયોથી ભિન્ન છે કે અભિન્ન ? ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ એ ત્રણેનું સ્વરૂપ પ્રત્યેક સમયે દ્રવ્યમાં કેવી રીતે છે ? ગુણ અને પર્યાયોનું લક્ષણ શું છે ? પ્રમાણ, નય અને નિક્ષેપ શું છે ? તેનાં સ્વરૂપ તથા લક્ષણ શાં છે ? સમ્યક્પ્રમાણ—નય તથા મિથ્યાપ્રમાણ—નય કોને કહે છે ? નિક્ષેપ તથા નયને પરસ્પર શું સંબંધ છે ? સમ્યક્પ્રમાણ—નયનું વાસ્તવિક ફળ શું છે ? ઈત્યાદિ બાબતોનું અનેક શંકા-સમાધાનપૂર્વક સ્પષ્ટ વિવેચન પ્રથમ અધ્યાય(પૂર્વાર્ધ)માં ઘણી જ સર્વોત્તમશૈલીથી કર્યું છે. તથા બીજા અધ્યાય(ઉત્તરાર્ધ)માં જીવનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, તેનાં આઠ અંગ તથા ઔપશમિકાદિ જીવના પાંચ ભાવોનું સ્વરૂપ, ઈત્યાદિ વિષયોનું મહત્ત્વપૂર્ણ વિવેચન આધ્યાત્મિક શૈલીથી કર્યું છે. આ ગ્રંથનો વિષય આધ્યાત્મિક હોવાથી તત્ત્વાર્થ રુચિવાન જીવોને તે ઘણો જ ઉપયોગી થઈ પડશે અને તેનું વિશેષ પરિજ્ઞાન તો રુચિવાન પાઠકોને તેના સ્વાધ્યાય અને મનનથી સ્વયં થશે. જૈનેત્તર વિદ્વાનો પણ આ ગ્રંથના અવલોકનથી જૈનતત્ત્વવિચાર અને તેમાંની આધ્યાત્મિક ચર્ચાના અપૂર્વ રહસ્યને અવશ્ય સમજી શકશે.

પાંચ અધ્યાયોમાં પૂર્ણ કરવાના ઉદ્દેશથી જ આ ગ્રંથનું 'पंचाध्यायी' એવું નામ ગ્રંથકારે પોતે જ નિર્દિષ્ટ કર્યું છે અને તેથી જ કેટલાક ઉપયોગી વિષયોને આગળ નિરૂપણ કરવાની અનેક ઠેકાણે તેમણે પ્રતિજ્ઞા પણ કરી છે. એ ઉપરથી જણાય છે કે ગ્રંથકારનો આશય આ ગ્રંથમાં સમસ્ત જૈનસિદ્ધાંતના અદ્ભૂત રહસ્યોને ઠામ ઠામ સિંચીસિંચીને પુરવાનો હોય. પરંતુ ગ્રંથકારનો આ આશય પાર પડ્યો ન હોય એમ ગ્રંથની અપૂર્ણતા ઉપરથી જણાય છે. કંઈક ઓછા એવા બે અધ્યાય લખતાં લખતાં જ તેમને કોઈ ભારે વિઘ્નનો સામનો કરવો પડ્યો હોય અને તેથી જ 'पंचाध्यायावयवं' એ પ્રતિજ્ઞાવાક્યાનુસાર તેઓશ્રીનો સ્તુત્ય મનોરથ પાર પડ્યો ન હોય. વર્તમાનમાં આ ગ્રંથ બંને અધ્યાયોમાં મળીને કુલ ૧૯૧૯ શ્લોક પ્રમાણ પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં કોઈ કોઈ સ્થળે છંદભંગ તથા ચરણભંગ પણ રહી ગયા છે. જેની પૂરતી કરવા માટે આજે તો બીજું કોઈ સાધન ઉપલબ્ધ નથી.

આ ગ્રંથના રચયિતા કોણ છે ? એનું કોઈ ખાસ નિશ્ચિત પ્રમાણ મળતું નથી, પરંતુ જો આ ગ્રંથ તેના પાંચે અધ્યાયોથી પૂર્ણ થવા પામ્યો હોત તો સંભવ છે કે પ્રસ્તુત ગ્રંથકર્તાનો કાંઈક નિશ્ચિત પરિચય મળી શકત. ગ્રંથની કથનશૈલી વિષયની સમાનતા ઈત્યાદિ લાટીસંહિતા અને સમયસાર કળશટીકા ગ્રંથ રચ્યો છે. (જુઓ શ્રી રાજમલ્લીય સમયસારકળશ ટીકાની શ્રીયુત બ્રહ્મચારી શીતલપ્રસાદજી કૃત પ્રસ્તાવના પૃષ્ઠ ૪-૫) ગ્રંથકારની વિષય પ્રતિપાદન શૈલી ઘણી જ સરળ, વિશદ, ગાંભિર્યતાયુક્ત અને તુલનાત્મક પદ્ધતિથી શાસ્ત્રાંતરોમાં કહેલાં લક્ષણાદિકના રહસ્યોને સ્પષ્ટપણે પ્રકાશવાવાળી છે, આ ગ્રંથ

પ્રાયઃ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય અને તેમાંની સંસ્કૃત ટીકાના આધાર ઉપરથી રચ્યો હોય એમ તેમાંના વિષયની સમાનતા અને કથનશૈલી ઉપરથી કહી શકાય છે.

આ ગુજરાતી સંસ્કરણમાં મુખ્યતઃ પંડિત દેવકીનંદનજીકૃત સરલાર્થ પ્રબોધિની નામની હિંદી ટીકા સંપૂર્ણપણે લેવામાં આવી છે અને આ સંસ્કરણમાં યોગ્ય સુધારો વધારો યથાસ્થાને કરવાની સમ્મત્તિ પણ તેઓશ્રીએ પ્રસન્નતાપૂર્વક અને ઉદાર હૃદયથી આપી તે બદલ અમે તેઓશ્રીનો અત્યંત ઋણી છીએ.

ગ્રંથના સિદ્ધાંતિક સૂક્ષ્મરહસ્યોનું અમારી શકત્યાનુસાર વિવેકીભાન થવામાં મૂળ નિમિત્તહેતુ તો અધ્યાત્મતત્ત્વવિજ્ઞાની પ્રાતઃસ્મરર્ણીય સત્પુરુષ કૃપાળુ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી છે અને આ ગ્રંથનું આવી અપૂર્વ શૈલીરૂપે પ્રકાશન થવામાં તો તેઓશ્રીનો જ મહદ્ ઉપકાર છે એટલે તેઓશ્રીનો તો અહીં જેટલો ઉપકાર વ્યક્ત કરીએ તેટલો થોડો જ છે.

વળી આ ગુજરાતી સંસ્કરણમાં યથાસ્થાને યોગ્ય સૂચનો, સલાહ અને માર્ગદર્શન પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને પણ પૂજ્ય વડીલશ્રી રામજીભાઈ માણેકચંદ દોશીએ સહર્ષ, ઉદાર હૃદયથી અને અસંકોચપણે આપ્યું તે બદલ તેમનો અમે અહીં આભાર વ્યક્ત કરીએ છીએ.

અંતમાં આ ગુજરાતી સંસ્કરણમાં મૂળગ્રંથકર્તાના પદ્યોના પરસ્પર અવિરોધભાવને બરાબર સાચવી રાખવાનો યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં અલ્પજ્ઞતાવશ કંઈ પણ શબ્દરચના કે ભાવમાં સ્ખલના થઈ ગઈ હોય તો હું જિનવાણીની, કૃપાળુ કહાનગુરુદેવની અને પાઠકગણની હૃદયથી ક્ષમા યાચું છું. અંતમાં—

गच्छतः स्खलनं क्वापि भवत्येय प्रमादतः
हसन्ति दुर्जनास्तत्र समादधति सज्जनाः ।।

ॐ शांतिः

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**

# પ્રકાશકીય નિવેદન
## (બીજી આવૃત્તિ)

આ પંચાધ્યાયી ગ્રંથ દિગંબર આમ્નાય તથા મુમુક્ષુ સમાજમાં તેની સરળ, વિશદ અને ગંભીર શૈલી તથા અત્યંત ઉપયોગી વિષય-વસ્તુને કારણે ખૂબ જ પ્રચલિત છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીને આ ગ્રંથ સંપ્રદાયમાં જ પ્રાપ્ત થયો હતો. તેઓશ્રીએ તેનો આદ્યોપાંત સ્વાધ્યાય કર્યો હતો. પોતાના પ્રવચનોમાં તેઓ વારંવાર આ ગ્રંથનો ઉલ્લેખ કરે છે. આ ગ્રંથમાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવના ત્રણ પરમાગમો કે જે પ્રાભૃતત્રય તરીકે ઓળખાય છે તેના વિષયોના અર્કનો સમાવેશ કરી તે શાસ્ત્રોમાં છુપાયેલા ભાવોને સરળતાથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ આવૃત્તિમાં પ્રથમ આવૃત્તિની જેમજ શ્રી દેવકીનંદનકૃત ટીકાનો અક્ષરશઃ સમાવેશ કરવામાં આવ્યો છે. તદુપરાંત તેમાં, જ્યાં ગાથાઓના અર્થો વધુ સ્પષ્ટ થતા લાગ્યા તે ગાથાઓમાં શ્રી મખ્ખનલાલજીકૃત સુબોધિની ટીકાનો પણ ભાવાર્થ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી વાચક ગ્રંથના ભાવોને સરળતાથી સમજી શકે.

સામાન્ય માન્યતા મુજબ આ ગ્રંથના ગ્રંથકાર કોણ છે, તે વિષે કોઈ સ્પષ્ટ ઉલ્લેખો મળતા નથી. પરંતુ કેટલાક ઈતિહાસકારોના મતે ગ્રંથની શૈલીના આધારે લાટીસંહિતાના રચયિતા પંડિત રાજમલજી પાંડે આ ગ્રંથના રચનાકાર હોય તેમ જણાય છે. ગમે તે હોય પણ આ ગ્રંથ બાબતે, તે અધુરો હોવા છતાં, જે કાંઈ લખાયું છે તે ઉચ્ચકોટિનું તથા પરમાગમોને સમજવામાં મદદરૂપ છે તે બાબતે કોઈ મતભેદ નથી.

આ આવૃતિને બા.બ્ર. શ્રી વજુભાઈ શાહે (વઢવાણ) તપાસીને યોગ્ય માર્ગદર્શન આપેલ છે તેથી તેમના આભારી છીએ, આ પુસ્તકના પ્રકાશનમાં જે ભાઈઓએ ભક્તિ સહિત પ્રત્યક્ષ કે પરોક્ષ યોગદાન આપ્યું છે તે સર્વેનો પણ આભાર માનવામાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૪મી
જન્મ-જયંતી
તા. ૧૧-૫-૨૦૧૩

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**

*

# શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ

વ્યવહારનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ–કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.

પ્રશ્ન :—જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે, તેનું શું કારણ?

ઉત્તર :—જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેનો તો "સત્યાર્થ એમ જ છે" એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને "એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે" એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી, "આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે" એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

પ્રશ્ન :—જો વ્યવહારનય અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું?

ઉત્તર :—એવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે ત્યાં આ ઉત્તર આપ્યો છે કે—જેમ કોઈ અનાર્ય–મલેચ્છને મલેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે તેથી વ્યવહારનો ઉપદેશ છે. વળી એ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે કે—એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.

# વિષય અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગ્રંથકારનું મંગલાચરણ | ૧ |
| પંચપરમેષ્ઠીની સ્તુતિ | ૨ |
| જિનશાસનની સ્તુતિ | ૨ |
| ગ્રંથનામ નિર્દેશ | ૩ |
| ગ્રંથરચનાનો હેતુ | ૩ |
| કથનક્રમ | ૩ |
| વસ્તુસામાન્યનું લક્ષણ | ૪ |
| એમ ન માનવામાં દોષ | ૫ |
| અસત્‌ની ઉત્પત્તિ માનતાં હાનિ | ૬ |
| પરથી સિદ્ધ માનવામાં દોષ | ૬ |
| યુતસિદ્ધત્વને માનવામાં દોષ | ૭ |
| સત્‌નો નાશ માનવામાં દોષ | ૮ |
| સત્તાના સપ્રતિપક્ષપણાની સિદ્ધિ | ૮ |
| સત્તાના સપ્રતિપક્ષપણામાં શંકા સમાધાન | ૯ |
| વસ્તુની અસત્તા અને એકાંશતામાં દોષ | ૧૫ |
| ખંડરૂપ એકદેશવસ્તુ માનવામાં હાનિ | ૧૭ |
| ખંડરૂપ એકદેશપક્ષનું દૃષ્ટાંત દ્વારા ખંડન | ૧૮ |
| દૃષ્ટાંતપૂર્વક અખંડિત અનેકદેશ વસ્તુનું સમર્થન | ૧૮ |
| દૃષ્ટાંતપૂર્વક અખંડિત એકદેશ વસ્તુનું સમર્થન | ૧૯ |
| દ્રવ્ય અને ગુણનું સ્વરૂપ | ૧૯ |
| દ્રવ્ય તથા ગુણોમાં અભિન્નતા | ૨૦ |
| 'સ્વભાવ' શબ્દનાં પર્યાયવાચક નામ | ૨૪ |
| દ્રવ્યમાં અનંત ગુણોની સિદ્ધિ | ૨૪ |
| ગુણોમાં અંશ વિભાગ | ૨૬ |
| અંશના પર્યાયવાચક શબ્દો | ૨૯ |
| ગુણાંશ જ ગુણપર્યાય છે | ૨૯ |
| ગુણપર્યાયનાં નામાંતર | ૩૦ |
| દ્રવ્યપર્યાયનાં નામાંતર | ૩૦ |
| ગુણાંશકલ્પનાના અભાવમાં | ૩૨ |
| દ્રવ્યવિશેષનું કથન | ૩૩ |
| દ્રવ્યનું લક્ષણ | ૩૪ |
| પ્રકારાન્તરથી દ્રવ્યનું લક્ષણ | ૩૪ |
| સમગુણ પર્યાયનો સ્પષ્ટાર્થ | ૩૫ |
| ગુણાદિકના સંન્નિપાતને દ્રવ્ય કહેતા નથી | ૩૫ |
| ભિન્ન આશ્રયાશ્રયીભાવ પણ નથી | ૩૫ |
| અભિન્ન દૃષ્ટાંત અને કારકની ગ્રાહ્યતા | ૩૬ |
| ભિન્ન દૃષ્ટાંત અને કારક | ૩૭ |
| અભિન્ન દૃષ્ટાંત અને કારક | ૩૭ |
| વાક્યાંતરથી દ્રવ્યના લક્ષણની પ્રતિજ્ઞા | ૩૯ |
| દ્રવ્યનું લક્ષણ | ૪૦ |
| પરિણામ વિના ત્રિતયાત્મક તે (વસ્તુ) બની શકતી નથી | ૪૧ |
| ત્રિરૂપ માનવામાં હાનિ વા લાભના વિષયમાં શંકા સમાધાન | ૪૨ |
| પરિણામને ન માનવામાં દોષ | ૪૩ |
| પરિણામીને ન માનવામાં દોષ | ૪૪ |
| પરસ્પરમાં લક્ષણ બાધિત થવાના વિષયમાં શંકા-સમાધાન | ૪૪ |
| ગુણ અને ધ્રૌવ્યમાં લક્ષ્ય-લક્ષણભાવ તથા સાધ્ય-સાધનભાવ જ છે | ૪૬ |
| પર્યાય અને ઉત્પાદ-વ્યયમાં વ્યંજ્ય-વ્યંજકભાવ છે | ૪૬ |
| પર્યાય અને ઉત્પાદ-વ્યયમાં સ્વભાવ–સ્વભાવવાન તથા લક્ષ્ય-લક્ષણભાવ સંબંધ પણ છે | ૪૬ |
| ગુણત્વ કોને કહે છે? | ૪૭ |
| ગુણોના નિત્યત્વ અને અનિત્યત્વ ઉપર વિચાર | ૪૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગુણોના સંબંધમાં જૈનનો સિદ્ધાંત | ૫૦ |
| નિત્ય-અનિત્યપણાનું પોષક દૃષ્ટાંત | ૫૩ |
| ગુણોના નિત્ય-અનિત્યાત્મપણાના સંબંધમાં ઉહાપોહ | ૫૩ |
| દ્રવ્યને ગુણોથી ભિન્ન માનવા અંગે શંકા | ૫૮ |
| ગુણોમાં ઉત્પાદાદિક ન માનવા જોઈએ | ૫૮ |
| દ્રવ્યમાં અનેક ગુણ સિદ્ધ થશે નહિ | ૫૯ |
| દ્રવ્યમાં એક સમયમાં એક ગુણની સત્તા માનવી ઠીક નથી | ૫૯ |
| ક્રિયાવતી તથા ભાવવતીશક્તિનો નિરુક્તિ અર્થ | ૬૨ |
| દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયનું સ્વરૂપ | ૬૩ |
| વાક્યાંતરથી ગુણોનું લક્ષણ કહેવાની પ્રતિજ્ઞા | ૬૩ |
| વાક્યાંતરથી ગુણોના લક્ષણનું કથન | ૬૪ |
| 'સહભૂ' શબ્દનો નિરુક્તિ અર્થ | ૬૪ |
| 'અન્વય' શબ્દનો 'સાર્થ' અર્થ માનતાં દોષ | ૬૫ |
| 'અન્વય' શબ્દનો નિરુક્તિ અર્થ | ૬૬ |
| 'અન્વય' શબ્દનો સમાનાર્થક શબ્દ | ૬૬ |
| 'અન્વયી' શબ્દનો વિગ્રહ તથા વાચ્યાર્થ | ૬૭ |
| દેશવ્યતિરેકનું સ્વરૂપ | ૬૯ |
| ક્ષેત્રવ્યતિરેકનું સ્વરૂપ | ૬૯ |
| કાળવ્યતિરેકનું સ્વરૂપ | ૭૦ |
| ભાવવ્યતિરેકનું સ્વરૂપ | ૭૦ |
| પૂર્વોક્ત વ્યતિરેક ન માનતાં દોષ | ૭૧ |
| ગુણોમાં વ્યતિરેકાભાવનું સ્વરૂપ | ૭૩ |
| 'અર્થ' શબ્દ યૌગિક રીતથી જ ગુણનો વાચક છે | ૭૪ |
| 'અર્થ' શબ્દની નિરુક્તિ | ૭૪ |
| ગુણોની વિશેષતા | ૭૫ |
| સામાન્ય અને વિશેષગુણ | ૭૬ |
| સામાન્ય અને વિશેષગુણોનું પ્રયોજન | ૭૬ |
| પર્યાયોનું સ્વરૂપ | ૭૭ |
| 'ક્રમવર્તી' શબ્દનો નિરુક્ત અર્થ | ૭૮ |
| વ્યતિરેક અને ક્રમના વિષયમાં શંકા | ૭૯ |
| વ્યતિરેકનું સ્પષ્ટીકરણ | ૮૦ |
| ક્રમનું સ્પષ્ટીકરણ | ૮૧ |
| વિસદૃશતાનું કારણ | ૮૬ |
| અંશોની અવગાહનામાં જ્ઞાનનું દૃષ્ટાંત | ૮૮ |
| ઉત્પાદાદિક શેમાં થાય છે? | ૯૨ |
| ઉત્પાદનું સ્વરૂપ અને તે કોનો થાય છે? | ૯૩ |
| વ્યયનું સ્વરૂપ અને તે કોનો થાય છે? | ૯૩ |
| ધ્રૌવ્યનું સ્વરૂપ અને તે કોનો થાય છે? | ૯૪ |
| નિત્ય-અનિત્યરૂપ વ્યવહારનું કારણ | ૯૫ |
| પહેલો દોષ | ૯૬ |
| બીજો દોષ | ૯૬ |
| ત્રીજો દોષ | ૯૭ |
| દ્રવ્ય, ગુણ, પર્યાયના નિત્ય-અનિત્યપણામાં ઉહાપોહ | ૯૭ |
| ધ્રૌવ્યના અંશાત્મકપણામાં શંકા–સમાધાનપૂર્વક ઉહાપોહ | ૧૦૦ |
| ઉત્પાદાદિક અંશીના છે કે અંશના છે? | ૧૦૩ |
| ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યના પરસ્પર અવિરોધપણાનો વિચાર | ૧૦૬ |
| ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યમાં સમયભેદની શંકાનું નિરાકરણ | ૧૦૭ |
| પૂર્વોક્ત કથનનું સ્પષ્ટીકરણ | ૧૧૦ |
| ઉત્પાદ વિના વ્યય સિદ્ધ થતો નથી | ૧૧૫ |
| વ્યય વિના ઉત્પાદ સિદ્ધ થતો નથી | ૧૧૫ |
| ધ્રૌવ્ય વિના ઉત્પાદ વ્યય સિદ્ધ થતા નથી | ૧૧૫ |
| ઉત્પાદવ્યય વિના ધ્રૌવ્યની પણ સિદ્ધિ થતી નથી | ૧૧૬ |
| એ ત્રણેની વ્યવસ્થા યુક્તિસંગત છે | ૧૧૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| કેવળ ઉત્પાદ માનતાં દોષ | ૧૧૭ |
| કેવળ વ્યય માનતાં દોષ | ૧૧૭ |
| કેવળ ધ્રૌવ્ય માનતાં દોષ | ૧૧૮ |
| કેવળ ઉત્પાદવ્યય માનતાં દોષ | ૧૧૮ |
| અનેકાન્તાત્મક વસ્તુસ્થિતિના નિરુપણની પ્રતિજ્ઞા | ૧૧૯ |
| વસ્તુ યુગ્મચતુષ્ટયથી ગુંથી છે | ૧૧૯ |
| દ્રવ્યની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ | ૧૨૦ |
| મહાસત્તાનો અર્થ | ૧૨૧ |
| અવાંતરસત્તાનો અર્થ | ૧૨૧ |
| ક્ષેત્રના ભેદ તથા તેનું સ્વરૂપ | ૧૨૩ |
| ક્ષેત્રની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ | ૧૨૪ |
| કાળનું સ્વરૂપ અને તેના ભેદ | ૧૨૫ |
| સામાન્યવિશેષ લક્ષણપૂર્વક કાળકૃત અસ્તિ-નાસ્તિ | ૧૨૬ |
| ભાવનું સ્વરૂપ | ૧૨૭ |
| ભાવના ભેદ | ૧૨૮ |
| સામાન્ય અને વિશેષભાવનું સ્વરૂપ | ૧૨૮ |
| પૂર્વોક્ત કથનનો ખુલાસો | ૧૨૮ |
| વસ્તુને અસ્તિ-નાસ્તિરૂપ જ કેમ કહી? | ૧૩૨ |
| અન્વય-વ્યતિરેકની પરસ્પર સાપેક્ષતાનો શંકા-સમાધાનપૂર્વક નિર્ણય | ૧૩૫ |
| સંજ્ઞાભેદથી પણ અદ્વૈતમાં બાધા આવતી નથી | ૧૩૭ |
| અન્વયવ્યતિરેકનું શંકા-સમાધાનપૂર્વક પ્રતિપાદન | ૧૪૧ |
| તદ્ભાવ—અતદ્ભાવના પ્રયોજન વિષયમાં શંકા | ૧૪૩ |
| તદ્ભાવ વિના સર્વથા નિત્યપક્ષમાં દોષ | ૧૪૩ |
| અતદ્ભાવ વિના સર્વથા અનિત્યપક્ષમાં દોષ | ૧૪૪ |
| તદ્ભાવાતદ્ભાવ વિના નિત્યાનિત્યાત્મકપક્ષમાં દોષ | ૧૪૪ |
| અતદ્ભાવ, તદ્ભાવ સાપેક્ષ છે અને તદ્ભાવ અતદ્ભાવ સાપેક્ષ છે | ૧૪૫ |
| પરિણામનું તદ્ભાવ વા અતદ્ભાવથી યુક્તપણું | ૧૪૮ |
| સદૃશપરિણમનનું ઉદાહરણ | ૧૪૮ |
| વિસદૃશપરિણમનનું દૃષ્ટાંતપૂર્વક સ્વરૂપ | ૧૪૯ |
| સદૃશ તથા વિસદૃશપરિણમનનું યુક્તિપૂર્વક ઉદાહરણ | ૧૪૯ |
| અન્વય-વ્યતિરેક પરસ્પર સાપેક્ષ કાર્યકારી છે | ૧૫૦ |
| નિત્ય વિવક્ષામાં યુક્તિ | ૧૫૪ |
| અનિત્ય વિવક્ષામાં યુક્તિ | ૧૫૪ |
| સ્વકલ્પિત દૃષ્ટાંતોના આશ્રયથી સત્ અને પરિણામના વિષયમાં પૂર્વપક્ષ દ્વારા ઉહાપોહ | ૧૫૫ |
| ઉત્તરપક્ષ દ્વારા પ્રત્યેકનો સાર | ૧૬૩ |
| દીપક અને પ્રકાશનું દૃષ્ટાંત | ૧૮૪ |
| જળ-કલ્લોલનું દૃષ્ટાંત | ૧૮૫ |
| ઘટ-મૃતિકાનું દૃષ્ટાંત | ૧૮૬ |
| સત્‌ના નિત્યાનિત્યપણામાં યુક્તિ | ૧૮૬ |
| સત્‌ના ઉભય-અનુભયપણામાં યુક્તિ | ૧૮૭ |
| સત્‌ના વ્યસ્ત-સમસ્તપણામાં યુક્તિ | ૧૮૮ |
| સત્‌ના ક્રમવર્તી-અક્રમવર્તીપણામાં યુક્તિ | ૧૮૮ |
| સર્વથા નિત્યપક્ષમાં વિક્રિયા ન બનવાથી હાનિ | ૧૯૦ |
| વિક્રિયાના અભાવમાં બીજો દોષ | ૧૯૧ |
| સર્વથા અનિત્યપક્ષમાં દોષ | ૧૯૨ |
| સર્વથા અનિત્યપક્ષમાં (ક્ષણિક-માન્યતામાં) બીજો દોષ | ૧૯૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સર્વથા ક્ષણિકવાદી સત્‌નો અભાવ કેવી રીતે સિદ્ધ કરશે? | ૧૯૩ |
| ક્ષણિક એકાન્તપક્ષની બાધક યુક્તિ | ૧૯૪ |
| સત્‌ના એકત્વમાં યુક્તિ | ૧૯૫ |
| દ્રવ્યક્ષેત્રાદિકની અપેક્ષાએ એકત્વ કેવી રીતે છે? | ૧૯૫ |
| 'ગુણપર્યાયવત્'માં પણ એકત્વની યુક્તિ | ૧૯૬ |
| છાયાદર્સ દૃષ્ટાંતના વિષયમાં વિચાર | ૧૯૯ |
| ક્ષેત્રની વ્યાખ્યા | ૨૦૦ |
| દ્રવ્યના પ્રદેશ ત્રણ પ્રકારના છે | ૨૦૧ |
| ક્ષેત્રમાં એકત્વ—અનેકત્વની કલ્પનાની ઉપપત્તિ | ૨૦૨ |
| ક્ષેત્રની અપેક્ષાએ એકત્વમાં યુક્તિ | ૨૦૨ |
| એકત્વ તથા અનેકત્વના વિષયમાં શંકા | ૨૦૫ |
| અન્વયપોષક કથનની શંકા તથા સમાધાન | ૨૦૭ |
| વ્યતિરેક પોષક કથનની શંકા | ૨૦૮ |
| કાળની અપેક્ષાએ એકત્વમાં યુક્તિ | ૨૦૯ |
| ભાવનું સ્વરૂપ | ૨૧૨ |
| ભાવની અપેક્ષાએ એકત્વમાં યુક્તિ | ૨૧૨ |
| ભાવના સ્વરૂપનું સ્પષ્ટીકરણ | ૨૧૩ |
| દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ સત્‌ના અનેકત્વમાં યુક્તિ | ૨૧૮ |
| દ્રવ્યની અપેક્ષાએ અનેકત્વમાં યુક્તિ | ૨૧૯ |
| ક્ષેત્રની અપેક્ષાએ અનેકત્વમાં યુક્તિ | ૨૧૯ |
| કાળની અપેક્ષાએ અનેકત્વમાં યુક્તિ | ૨૨૦ |
| ભાવની અપેક્ષાએ અનેકત્વમાં યુક્તિ | ૨૨૦ |
| સત્‌ને સર્વથા એક માનવું યુક્તિસંગત નથી | ૨૨૨ |
| સત્‌ને સર્વથા અનેક માનવું પણ યુક્તિસંગત નથી | ૨૨૨ |
| પ્રમાણ-નયના સ્વરૂપને પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞા | ૨૨૨ |
| નયના ભેદ | ૨૨૩ |
| બીજા પ્રકારથી નયનું લક્ષણ | ૨૨૩ |
| નય વિકલ્પાત્મક કેમ છે? | ૨૨૫ |
| દ્રવ્યાર્થિકનયનો નિરુક્તિ અર્થ | ૨૨૮ |
| પર્યાયાર્થિકનયનો નિરુક્તિ અર્થ | ૨૨૯ |
| વ્યવહારનય, પર્યાયાર્થિકનયનું જ નામ છે | ૨૨૯ |
| વ્યવહારનો અન્વર્થ અર્થ | ૨૩૦ |
| વ્યવહારમાં કારણ | ૨૩૦ |
| વ્યવહારનું પ્રયોજન | ૨૩૧ |
| વ્યવહારનયના ભેદ તથા સદ્‌ભૂત-વ્યવહારનયનું લક્ષણ | ૨૩૧ |
| સદ્‌ભૂત વ્યવહારનયનું કારણ | ૨૩૨ |
| સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન | ૨૩૨ |
| અસદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ | ૨૩૩ |
| અસદ્‌ભૂત વ્યવહારનયનું કારણ | ૨૩૪ |
| અસદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન | ૨૩૪ |
| સદ્‌ભૂત અને અસદ્‌ભૂત વ્યવહારનયના ભેદો | ૨૩૫ |
| અનુપરિચત સદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ | ૨૩૬ |
| અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન | ૨૩૭ |
| ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ | ૨૩૮ |
| ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન | ૨૩૯ |
| અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું દૃષ્ટાંતપૂર્વક લક્ષણ | ૨૪૦ |
| અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન | ૨૪૧ |
| ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ | ૨૪૨ |
| ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન | ૨૪૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સદ્‌ભૂત–અસદ્‌ભૂત વ્યવહારનયના વિષયમાં ઉહાપોહપૂર્વક વિચાર | ૨૪૪ |
| સમ્યક્–મિથ્યાવિશેષણનું કારણ | ૨૪૬ |
| પ્રમાણની માફક નય પણ સમ્યક્-મિથ્યા હોય છે | ૨૪૭ |
| સમ્યક્ અને મિથ્યાનયોનું લક્ષણ | ૨૪૭ |
| ઉપરના કથનનો સિદ્ધાંત | ૨૪૮ |
| નયાભાસોનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા | ૨૫૦ |
| પહેલા નયાભાસનું સ્વરૂપ | ૨૫૦ |
| શરીર અને જીવને એકક્ષેત્રાવગાહપણું હોવાથી ત્યાં એકત્વની આશંકા કરવી તેમાં અતિવ્યાપ્તિદોષ આવે છે | ૨૫૧ |
| શરીર અને આત્મામાં બંધ્ય–બંધકભાવ છે એવી આશંકા પણ ન કરવી જોઈએ. | ૨૫૨ |
| શરીર અને આત્મામાં નિમિત્ત-નૈમિત્તિકભાવ પણ નથી | ૨૫૨ |
| બીજા નયાભાસનું સ્વરૂપ | ૨૫૩ |
| ઉપરના નયાભાસપણાનો ખુલાસો | ૨૫૩ |
| જીવને કર્માદિકનો કર્તા-ભોક્તા કહેવામાં ભ્રમનું કારણ અને તેનું સમાધાન | ૨૫૪ |
| કર્તા-ભોક્તાપણા સંબંધી દૃષ્ટાંત | ૨૫૫ |
| કર્તા-કર્મને તન્મયપણું | ૨૫૫ |
| ત્રીજા નયાભાસનું સ્વરૂપ | ૨૫૬ |
| ચોથા નયાભાસનું સ્વરૂપ | ૨૫૯ |
| ગુણોના અનુસાર નયોનાં નામ | ૨૬૧ |
| અસ્તિત્વનય | ૨૬૨ |
| કર્તૃત્વનય | ૨૬૨ |
| વ્યવહારનય | ૨૬૩ |
| દ્રવ્યાર્થિકનય કોને કહે છે? | ૨૬૩ |
| દ્રવ્યાર્થિકનયનું લક્ષણ | ૨૬૪ |
| બંને નય વિકલ્પાત્મક છે | ૨૬૫ |
| નિશ્ચયનય યથાર્થ છે | ૨૭૬ |
| નિશ્ચયનયના વિષયમાં શંકા-સમાધાનપૂર્વક વિચાર | ૨૮૧ |
| નિશ્ચયનયાવલંબીને પરસમયી કહેવા વિષયમાં શંકા | ૨૮૨ |
| સ્વાનુભૂતિના મહિમાનું સ્વરૂપ | ૨૮૫ |
| નિશ્ચયનયના એકત્વવિષયમાં શંકા | ૨૮૮ |
| નિશ્ચયનયનું નિમિત્ત અને પ્રયોજન | ૨૯૦ |
| પ્રમાણનું લક્ષણ | ૨૯૧ |
| પ્રમાણની પ્રવૃત્તિમાં હેતુ | ૨૯૬ |
| સંપૂર્ણ નયો વિકલ્પાત્મક છે | ૩૦૦ |
| પ્રમાણના ભેદ અને તેનાં લક્ષણ | ૩૦૩ |
| સકલપ્રત્યક્ષનું લક્ષણ | ૩૦૪ |
| દેશપ્રત્યક્ષના ભેદ તથા તેમાં બેને દેશપ્રત્યક્ષ કહેવાનું કારણ | ૩૦૪ |
| મતિ-શ્રુતજ્ઞાનના લક્ષણપૂર્વક તેના પરોક્ષપણામાં યુક્તિ | ૩૦૫ |
| ચારે જ્ઞાનનું પરોક્ષપણું | ૩૦૫ |
| અવધિ-મનઃપર્યયજ્ઞાનને પરોક્ષ કહેવામાં યુક્તિ | ૩૦૬ |
| ઉપચારનું કારણ | ૩૦૬ |
| દ્રવ્યમનનું સ્વરૂપ | ૩૧૦ |
| ભાવમનનું સ્વરૂપ | ૩૧૦ |
| નિક્ષેપનું લક્ષણ | ૩૨૧ |
| નિક્ષેપોના ભેદ | ૩૨૧ |
| નામ અને સ્થાપનાં નિક્ષેપનાં લક્ષણ | ૩૨૨ |
| દ્રવ્યનિક્ષેપનું સ્વરૂપ | ૩૨૨ |
| ભાવનિક્ષેપનું સ્વરૂપ | ૩૨૩ |
| નય અને પ્રમાણ કોને કોને વિષય કરે છે? | ૩૨૪ |

ॐ

।। श्री वीतरागाय नमः ।।

# પંચાધ્યાયી

## સરલાર્થ પ્રબોધક—સાન્વયાર્થ ગુર્જરાનુવાદ

## દ્રવ્ય અધિકાર

### ગ્રંથકારનું મંગલાચરણ

**पंचाध्यायावयवं ममकर्तु ग्रंन्थराजमात्मवशात् ।**
**अर्थालोकनिदानं यस्यवचस्तं स्तुवे महावीरम् ।।१।।**

**અન્વયાર્થ**—(आत्मवशात्) પોતાની શક્તિ અનુસાર (पंचाध्यायावयवं) પાંચ અધ્યાય જેના અવયવ છે, એવા (ग्रंथराजम्) ગ્રંથરાજ (कर्तृःमम) કરવાવાળા મને (यस्य वचः) જેનાં વચન (अर्थालोकनिदानं) પદાર્થોને પ્રતિભાસ થવામાં મૂળ કારણ થયાં, (तं) તે (महावीरं) ભગવાન મહાવીરસ્વામીની હું-ગ્રંથકાર (स्तुवे) સ્તુતિ કરું છું.

**ભાવાર્થ**—આ મહાન કાર્યમાં કોઈપણ વિઘ્ન ન આવે એ હેતુથી ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ કરતી વેળા ગ્રંથકાર પ્રથમ જ શ્રી મહાવીરસ્વામીનું સ્તવન કરે છે. કારણ એ જ અંતિમ તીર્થંકર સાક્ષાત્ હિતોપદેશ આપવાવાળા હોવાથી પ્રથમ વંદનીય છે.

જે પ્રમાણે ચક્ષુમાન્વ્યક્તિ પણ પ્રકાશ વિના પદાર્થોને જોઈ શકતી નથી. તે પ્રમાણે જોકે સર્વ જીવાદિક પદાર્થો અનાદિનિધન સ્વતઃસિદ્ધ છે, તોપણ તેનું યથાર્થ સ્વરૂપ મોહાંધકારથી અંધ થયેલા અજ્ઞાની પુરુષોને શ્રી જિનોપદેશ વિના સમજવામાં આવી શકતું નથી, તેથી ગ્રંથકારનું કહેવું એમ છે કે-મને વસ્તુસ્વરૂપનું પરિજ્ઞાન થવામાં ભગવાન મહાવીરસ્વામીનાં દિવ્યવચનો જ સાક્ષાત્ કારણ થયાં છે, તેથી હું તેઓશ્રીને નમસ્કાર કરું છું. આ ગ્રંથ સામાન્યગ્રંથ નથી, પરંતુ સર્વ જૈનસિદ્ધાંતશાસ્ત્રોનો

એક પ્રકારથી રાજા છે; એમ ગ્રંથકારે પોતે જ 'ग्रंथराज' પદથી સૂચિત કર્યું છે.[1]

## પંચ પરમેષ્ઠીની સ્તુતિ

**शेषानपि तीर्थकराननन्तसिद्धानहं नमामि समम्।**
**धर्माचार्याध्यापकसाधुविशिष्टान्मुनीश्वरान् वन्दे॥२॥**

**અન્વયાર્થ**—(अहं) હું ગ્રંથકાર (शेषान् तीर्थकरान्) બાકીના તીર્થંકરોને (अपि) તથા (अनन्त सिद्धान्) અનંત સિદ્ધોને (समम्) યુગપત્–એકીસાથે (नमामि) નમસ્કાર કરું છું, તથા (धर्माचार्याध्यापक साधुविशिष्टान्मुनीश्वरान्) ધર્માચાર્ય, ધર્માધ્યાપક અને ધર્મસાધુ એ વિશેષણોથી વિભૂષિત મુનીશ્વરોને પણ (वन्दे) નમસ્કાર કરું છું.

**ભાવાર્થ**—વસ્તુસ્વરૂપના પ્રકાશનમાં નિમિત્તકારણ હોવાથી બાકીના તેવીસ તીર્થંકરોને, અનંતસિદ્ધોને તથા આચાર્ય–ઉપાધ્યાય–સર્વસાધુઓને પણ નમસ્કાર કરું છું.

## જિનશાસનની સ્તુતિ

**जीयाज्जैनं शासनमनादिनिधनं सुवन्द्यमनवद्यम्।**
**यदपि च कुमताराततीनदयं धूमध्वजोपमं दहति॥३॥**

**અન્વયાર્થ**—(अनादिनिधनं) પરંપરાદૃષ્ટિથી જેનો આદિ–અંત નથી અને (अनवद्यं) શ્રી સર્વજ્ઞવીતરાગદેવ દ્વારા પ્રતિપાદિત હોવાથી તથા પૂર્વાપર વિરોધ ન હોવાના કારણથી જે સર્વથા નિર્દોષ છે તથા (सुवन्द्यं) વસ્તુના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદક હોવાથી જે જ્ઞાની પુરુષોને વંદનીય છે, એવું (जैनं शासनं) શ્રી જિનેન્દ્ર ભગવાન દ્વારા ઉપદેશિત આગમ (जीयात्) જયવંત રહો (अपि च यत्) કે જે (कुमताराततीन्) પદાર્થના વિપરીતસ્વરૂપને પ્રતિપાદક કુમતરૂપ પ્રતિપક્ષિઓને (धूमध्वजोपमं) ધૂમધ્વજ એટલે અગ્નિની માફક (अदयं) નિર્દય થઈને (दहति) ભસ્મ કરે છે.

**ભાવાર્થ**—જે જૈનસિદ્ધાંત વસ્તુસ્વરૂપનો પ્રકાશક હોવાથી અનાદિનિધન, નિર્દોષ અને તત્ત્વજ્ઞાનીઓ દ્વારા સદૈવ આદરણીય છે તથા પ્રાકૃતિક નિયમાનુસાર નિર્દયતાપૂર્વક અસ્વાભાવિક અને સદોષ અન્ય સિદ્ધાંતોનું ખંડન કરવાવાળો છે, તે શ્રી જિનેન્દ્રભગવાનનું શાસન જયવંત રહો.

---

૧. આ ગ્રંથ અત્યાર સુધીમાં પૂર્ણરૂપે પ્રાપ્ત થયો નથી, પણ માત્ર આ દોઢ અધ્યાય જ પ્રાપ્ત છે. ગ્રંથ પ્રારંભ કરતાં ગ્રંથકારનો મુખ્ય ઉદ્દેશ આ મહાન ગ્રંથના પાંચ અધ્યાય કરવાનો હતો અર્થાત્ પાંચ અધ્યાયોમાં અત્યંત વિસ્તારપૂર્વક જૈન સિદ્ધાંતને પ્રગટ કરવાનો હતો, એમ 'पंचाध्यायावयवं' એ પદથી જણાય છે, એટલા માટે આગળ મંગલાચરણ કર્યા પછી ખુદ ગ્રંથકારે જ આ ગ્રંથને 'पंचाध्यायी' એ નામથી કહેવાની પ્રતિજ્ઞા કરી છે, પરંતુ ખેદનો વિષય એ છે કે–ગ્રંથકારનો મનોરથ પૂર્ણ થઈ શક્યો નહિ.

## ગ્રંથનામ નિર્દેશ

**इति वन्दितपंचगुरुः कृतमङ्गलसत्क्रियः स एष पुनः।**
**नाम्ना पंचाध्यायीं प्रतिजानीते चिकीर्षितं शास्त्रम्।।४।।**

**અન્વયાર્થ**—(इति) એ પ્રમાણે (वन्दितपंचगुरुः) જેણે પંચપરમેષ્ઠીની વંદના કરી છે તથા જેણે (कृतमङ्गल सत्क्रियः) મંગલાચરણરૂપ સત્કર્મ કર્યું છે. (सएषः) તે હું (पुनः) હવે (चिकीर्षितंशास्त्रं) જે શાસ્ત્રને રચવાની મારી ઇચ્છા છે તેને (नाम्ना) નામથી (पंचाध्यायीं) 'પંચાધ્યાયી' (प्रतिजानीते) કહેવાની પ્રતિજ્ઞા કરું છું.

**ભાવાર્થ**—એ પ્રમાણે પંચપરમેષ્ઠીને નમસ્કાર તથા કાયિક, માનસિક અને વાચનિક મંગલાચરણ કરીને હવે હું (ગ્રંથકાર) પંચાધ્યાયી ગ્રંથને નિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરું છું.

## ગ્રંથરચનાનો હેતુ

**अत्रान्तरंगहेतुर्यद्यपि भावः कवेर्विशुद्धतरः।**
**हेतोस्तथापि हेतुः साध्वी सर्वोपकारिणी बुद्धिः।।५।।**

**અન્વયાર્થ**—(यद्यपि) જોકે (अत्र) આ ગ્રંથ રચવામાં (अन्तरंगहेतुः) અંતરંગકારણ (कवेः) કવિનો (विशुद्धतरः भावः) વિશુદ્ધતર પરિણામ છે, (तथापि) તોપણ (हेतोः हेतुः) તે અંતરંગકારણનું પણ કારણ (सर्वोपकारिणी) સર્વ જીવોનો ઉપકાર કરવાવાળી (साध्वी बुद्धिः) ઉત્તમબુદ્ધિ છે.

**ભાવાર્થ**—આ ગ્રંથ રચવામાં સાક્ષાત્કારણ કવિવરની વિશુદ્ધતા સંપન્ન પ્રતિભા–સુબુદ્ધિ છે તથા પરંપરાકારણ સર્વોપકારીણી સુબુદ્ધિ છે, એમ સમજવું.

## કથનક્રમ

**सर्वोऽपिजीवलोकः श्रोतुंकामो वृषं हि सुगमोक्त्या।**
**विज्ञप्तौ तस्य कृते तत्रायमुपक्रमः श्रेयान्।।६।।**

**અન્વયાર્થ**—(सर्वः अपि जीवलोकः) સર્વ જીવો (हि) નિશ્ચયથી (वृषं) ધર્મને (सुगमोक्त्या) સરળ પ્રતિપાદન શૈલીથી (श्रोतुंकामः) સાંભળવા ઇચ્છે છે, (इति विज्ञप्तौ सत्यां) એવી સર્વ સાધારણની સૂચના થતાં (तस्यकृते) તેમના માટે (तत्र) ધર્મશ્રવણ કરાવવામાં (अयं उपक्रमः) આ સરળ રચનાશૈલી (श्रेयान्) શ્રેયસ્કર–લાભદાયક થશે.

**ભાવાર્થ**—સર્વસાધારણ, સરળ ઉપાયો દ્વારા જ ધર્મશ્રવણ કરવાનું પસંદ કરે છે, એ પ્રમાણે

સર્વસાધારણની સૂચના થતાં સર્વસાધારણના ઉપકાર માટે નીચે લખેલી શૈલીથી તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરવું શ્રેયસ્કર થશે.

**सति धर्मिणि धर्माणां मीमांसा स्यादनन्यथा न्याय्यात्।**
**साध्यं वस्त्वविशिष्टं धर्मविशिष्टं ततः परं चापि॥७॥**

**અન્વયાર્થ**—(अनन्यथान्याय्यात्) ધર્મીથી અન્યથા એટલે ધર્મી વિના ધર્મ ઠરી શકતો નથી, એ ન્યાયાનુસાર (धर्मिणि सति) ધર્મી એટલે દ્રવ્યનું અસ્તિત્વ હોતાં જ (धर्माणां) તેના ધર્મોની એટલે ગુણધર્મ અને પર્યાયધર્મોની (मीमांसास्यात्) મીમાંસા કરી શકાય છે, તેથી પહેલાં (अविशिष्टं वस्तु) વિશેષરહિત વસ્તુ એટલે સામાન્યવસ્તુ (साध्यं) સિદ્ધ કરવી જોઈએ (च) અને (ततः परं) ત્યાર પછી જ (धर्मविशिष्टं अपि 'साध्यं') ધર્મ વિશેષણ વિશિષ્ટવસ્તુ પણ (વિશેષવસ્તુ પણ) સિદ્ધ કરવી જોઈએ.

**ભાવાર્થ**—ધર્મ અને ધર્મીનો અવિનાભાવ સંબંધ છે, તેથી પહેલાં ધર્મીનું નિરૂપણ કર્યા પછી તેમાં રહેલા ધર્મોનું નિરૂપણ કરવું એ યુક્તિસંગત ઠરે છે. તેથી પહેલાં વસ્તુસામાન્યનું નિરૂપણ કરીને પછી વિશેષ-વિશેષ ધર્મયુક્ત વસ્તુવિશેષનું નિરૂપણ કરવું જોઈએ. એટલા માટે ગ્રંથકારે ઉપર્યુક્ત પ્રતિજ્ઞાનુસાર આ પ્રથમ અધ્યાયમાં દ્રવ્યસામાન્યનું તથા બીજા અધ્યાયમાં દ્રવ્યવિશેષનું કથન કર્યું છે.

## વસ્તુસામાન્યનું લક્ષણ

**तत्त्वं सल्लाक्षणिकं सन्मात्रं वा यतः स्वतः सिद्धम्।**
**तस्मादनादिनिधनं स्वसहायं निर्विकल्पं च॥८॥**

**અન્વયાર્થ**—(लाक्षणिकंतत्त्वं सत्) લક્ષણોથી નિષ્પન્ન તત્ત્વ સત્ છે, અર્થાત્ લક્ષણ દૃષ્ટિથી તત્ત્વ સત્રૂપ છે એટલે તત્ત્વનું લક્ષણ સત્ છે (वा) અથવા (सत् मात्रं) સત્ જ તત્ત્વ છે, (यतः) તેથી તે (स्वतः सिद्धं) સ્વભાવથી જ સિદ્ધ છે. (तस्मात्) એટલા માટે તે (अनादिनिधनं) અનાદિ-અનંત છે અર્થાત્ ન કદી ઉત્પન્ન થયું છે કે ન કદી નષ્ટ થશે, તથા (स्व सहायं) કોઈની સહાયતાની અપેક્ષા રાખતું નથી, તેથી સ્વસહાય એટલે સ્વતંત્ર છે (च) અને (निर्विकल्पं) નિર્વિકલ્પ છે અર્થાત્ વસ્તુ ક્યારથી છે? કેમ છે? ક્યાં સુધી રહેશે? ઈત્યાદિ વિકલ્પોથી રહિત છે; તથા સામાન્યદૃષ્ટિથી ગુણ-ગુણી આદિ ભેદથી પણ રહિત છે.

**ભાવાર્થ**—વસ્તુ સત્સ્વરૂપ તથા સ્વતઃસિદ્ધ હોવાથી અનાદિનિધન, સ્વસહાય અને નિર્વિકલ્પ છે.

**વિશેષાર્થ**—વસ્તુ સત્ લક્ષણવાળી છે. આ પ્રમાણ લક્ષણ છે. [૧]પ્રમાણમાં એક ગુણ દ્વારા

---

૧, एकगुणमुखेनाऽशेषवस्तुकथनम्प्रमाणाधीनमिति वचनात्।

આખી વસ્તુનું ગ્રહણ થાય છે. વસ્તુમાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ આદિ અનંત ગુણ છે. અસ્તિત્વ ગુણનું નામ જ સત્ છે. સત્ કહેવાથી અસ્તિત્વ ગુણનું જ ગ્રહણ થવું જોઈએ, પરંતુ અહીં સત્ કહેતાં આખી વસ્તુનું ગ્રહણ થાય છે. એનું કારણ એ જ છે કે અસ્તિત્વ આદિ બધા ગુણ અભિન્ન છે. અભિન્નતાના કારણે જ સત્ કહેવાથી સર્વ ગુણોના સમુદાયરૂપ વસ્તુનું ગ્રહણ થઈ જાય છે, તેથી જ વસ્તુને સત્સ્વરૂપ પણ કહી દીધી છે. સત્ અને ગુણના સમૂહરૂપ વસ્તુ બન્ને અભિન્ન છે, તેથી સત્રૂપ જ વસ્તુ છે.

અહીં લક્ષ્ય અને લક્ષણની ભેદવિવક્ષા રાખીને જ વસ્તુનું 'સત્' એવું લક્ષણ કહ્યું છે. અભેદ વિવક્ષામાં તો વસ્તુને સત્ સ્વરૂપ જ બતાવવામાં આવી છે.

નૈયાયિક આદિ કેટલાક મતવાળા વસ્તુને પરથી સિદ્ધ માને છે. ઈશ્વરાદિને તેમના કર્તા માને છે, પરંતુ આ માન્યતા સર્વથા જૂઠી છે. વસ્તુ પોતાની મેળે જ સિદ્ધ છે. એનો કોઈ બનાવનાર નથી, તેથી ન એની શરૂઆત છે અને ન એનો અંત છે. પ્રત્યેક વસ્તુનું પરિણમન અવશ્ય થાય છે. તે પરિણમનમાં વસ્તુ પોતાની જાતે જ કારણ છે અને અનંત ગુણોના પિંડરૂપ વસ્તુ વચન વર્ગણાથી કથંચિત્ અગોચર છે.

## એમ ન માનવામાં દોષ

**इत्थं नो चेदसतः प्रादुर्भूति र्निरंकुशा भवति।**
**परतः प्रादुर्भावो युतसिद्धत्वं सतो विनाशो वा॥९॥**

**અન્વયાર્થ**—(इत्थंनो चेत्) આમ જો ન માનવામાં આવે અર્થાત્ વસ્તુ સ્વતઃસિદ્ધ ન માનવામાં આવે તો (असतः निरंकुशा प्रादुर्भूतिः भवति) કોઈ પ્રકારની બાધા વિના અસત્ પદાર્થોની પણ ઉત્પત્તિ થવા લાગશે, (परतः प्रादुर्भावः) એક પદાર્થની ઉત્પત્તિ બીજા પદાર્થથી થવા લાગશે. (युतसिद्धत्वं) પદાર્થ, પદાર્થવિશેષના સંયોગથી પદાર્થ કહેવાશે (वा) અથવા (सतः विनाशः) સત્‌ના વિનાશનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ**—જો વસ્તુને સ્વતઃસિદ્ધ ન માનવામાં આવે તો—અસત્‌ની ઉત્પત્તિ, સત્‌ની પરથી ઉત્પત્તિ, યુતસિદ્ધપણું અને સત્‌નો વિનાશ એ પ્રમાણે ચાર દોષ ઉપસ્થિત થશે. આગળ આ ચારે પ્રકારના દોષોનો ક્રમપૂર્વક ખુલાસો કરે છે.

**વિશેષાર્થ**—જો ઉપર કહેલી રીતે (ગાથા–૮ મુજબ) વસ્તુનું સ્વરૂપ માનવામાં ન આવે તો અનેક દોષ આવે છે. અસત્ પદાર્થ પણ ઉત્પન્ન થવા માંડશે. જો વસ્તુને સત્ સ્વરૂપ એ સ્વતઃસિદ્ધ માનવામાં આવે તો અસત્‌ની ઉત્પત્તિ બની શકે નહિ, પરંતુ આમ ન માનવાથી આ દોષ કોઈ જાતના અંકુશ વિના પ્રબળતાથી ઉત્પન્ન થશે. એ જ પ્રમાણે વસ્તુની પર વડે ઉત્પત્તિ થવા માંડશે. વસ્તુમાં યુતસિદ્ધતા (અખંડતાનો અભાવ) પણ થશે અને સત્ પદાર્થનો વિનાશ પણ થવા માંડશે. આ રીતે ઉપરની ચાર વાત ન માનવાથી આ ચાર દોષ આવે છે.

## અસત્‌ની ઉત્પત્તિ માનતાં હાનિ

**असतः प्रादुर्भावे द्रव्याणामिह भवेदनन्तत्वम्।**
**को वारयितुं शक्तः कुम्भोत्पत्तिं मृदाद्यभावेऽपि॥१०॥**

**અન્વયાર્થ**—(असतः प्रादुर्भावे) અસત્‌ની ઉત્પત્તિ થતાં (इह) આ લોકમાં (द्रव्याणां अनन्तत्वं भवेत्) કોઈ મર્યાદા ન રહેવાના કારણથી દ્રવ્યોની જાતિ અનંત થઈ જશે એટલે માનવી પડશે, તથા એવી અવસ્થામાં (मृदाद्यभावे अपि) માટી આદિ ઉપાદાનકારણો ન હોવા છતાં પણ (कुम्भोत्पत्तिं) થવાવાળા ઘડાની ઉત્પત્તિને (वारयितुं) નિવારણ કરવા માટે (कः शक्तः) કોણ સમર્થ થશે?

**ભાવાર્થ**—જે પહેલાં કોઈ પણ રૂપથી અસ્તિત્વમાં ન હતા, એવા અસત્ પદાર્થોની નવીન ઉત્પત્તિ માનતાં વસ્તુઓમાં કાર્ય–કારણભાવ ન રહેવાના કારણથી વિના નિયમપણે પણ ગમે તે પદાર્થોની ઉત્પત્તિ થવા લાગશે, અને એમ થતાં દ્રવ્યની મર્યાદાનો નિયમ નહિ રહે, સંસારમાં યથેચ્છપણે અનંતા દ્રવ્યો થતાં ચાલ્યાં જશે. એ પ્રમાણે અનિષ્ટ પ્રસંગ આવશે, તેથી અસત્‌ની ઉત્પત્તિ ન માનતાં વસ્તુને સત્‌રૂપ માનવી ઠીક છે.

**વિશેષાર્થ**—અસત્‌ની ઉત્પત્તિ માનવાથી વસ્તુઓમાં કાર્ય-કારણભાવ રહેશે નહિ. કાર્ય-કારણભાવ નીકળી જવાથી કોઈ વસ્તુ ક્યાંયથી પણ કેમ ઉત્પન્ન ન થઈ જાય? તેમાં કોઈ બાધક થઈ શકતું નથી. કાર્ય-કારણ માનવાથી આ દોષ આવતો નથી. પોતાના કારણથી જ પોતાનું કાર્ય થાય છે. આ નિયમ વસ્તુની અવ્યવસ્થામાં બાધક થાય છે, તેથી અસત્ પદાર્થોની ઉત્પત્તિ ન માનતાં વસ્તુને સત્‌રૂપ માનવી તે જ યોગ્ય છે.

## પરથી સિદ્ધ માનવામાં દોષ

**परतः सिद्धत्वे स्यादनवस्थालक्षणो महान् दोषः।**
**सोऽपि परः परतः स्यादन्यस्मादिति यतश्च सोऽपि परः॥११॥**

**અન્વયાર્થ**—(परतः सिद्धत्वे) કોઈ એક પદાર્થની ઉત્પત્તિ કોઈ અન્ય પદાર્થથી માનતાં (अनवस्था लक्षणः) અનવસ્થા નામનો (महान् दोषः स्यात्) ઘણો ભારે દોષ ઉપસ્થિત થશે (यतः) કારણ કે–(सः परः अपि) જે પરપદાર્થથી વસ્તુની સિદ્ધિ માનવામાં આવશે તે પરપદાર્થ પણ (परतः स्यात्) કોઈ અન્ય પદાર્થથી ઉત્પન્ન થશે (च) અને (सः परः अपि) તે અન્ય પદાર્થ પણ (अन्यस्मात्) કોઈ બીજા અન્ય પદાર્થથી ઉત્પન્ન થશે. (इति) એ પ્રમાણે પર પદાર્થોની અપેક્ષા કરતાં કરતાં કદી પણ તેની અવસ્થાનો–મર્યાદાનો અંત ન થઈ શકવાના કારણથી વસ્તુની પરપદાર્થોથી ઉત્પત્તિ માનવામાં અનવસ્થાદોષ આવે છે.

**ભાવાર્થ**—જો વસ્તુની ઉત્પત્તિ કોઈ અન્યથી માનવામાં આવે તો—અપ્રમાણિક અનંત પદાર્થોની કલ્પનારૂપ અનવસ્થા નામના દોષનો પ્રસંગ આવશે. કારણ કે—એ બીજાની ઉત્પત્તિ પણ કોઈ ત્રીજાથી તથા એ ત્રીજાની ઉત્પત્તિ પણ કોઈ ચોથાથી, એ પ્રમાણે પૂર્વ પૂર્વની ઉત્પત્તિ માટે ઉત્તરોત્તર કલ્પના કરતાં કરતાં કોઈ ઠેકાણે પણ વિશ્રાંતિ મળશે નહિ, એટલા માટે સત્‌ને સ્વતઃસિદ્ધ ન માનતાં પરથી સિદ્ધ માનવામાં અનવસ્થાદોષ આવે છે.

**વિશેષાર્થ**—અપ્રમાણરૂપ અનંત પદાર્થોની ઉત્તરોત્તર કલ્પના કરતા જવું, એનું જ નામ [1]અનવસ્થા દોષ છે. આ દોષ પદાર્થ સિદ્ધિમાં સર્વથા બાધક છે. પદાર્થોને પરથી સિદ્ધ માનવાથી આ મહાદોષ ઉત્પન્ન થાય છે, કેમ કે તેનાથી તે, પાછું તેનાથી તે, એ રીતે ગમે તેટલી લાંબી કલ્પના કરવા છતાં ક્યાંય પણ જઈને વિશ્રામ આવતો નથી. જ્યાં અટકીશું ત્યાં પાછો એ પ્રશ્ન ઊભો થશે, કે આ ક્યાંથી થયું? તેથી વસ્તુને પરતઃસિદ્ધ ન માનતાં સ્વતઃસિદ્ધ માનવી, તે જ શ્રેયસ્કર છે.

## યુતસિદ્ધત્વને માનવામાં દોષ

**युतसिद्धत्वेप्येवं गुणगुणिनोः स्यात्पृथक् प्रदेशत्वम्।**
**उभयोरात्मसमत्त्वाल्लक्षणभेदः कथं तयो र्भवति॥१२॥**

**અન્વયાર્થ**—(एवं) એ પ્રમાણે (युतसिद्धत्वे अपि) વસ્તુમાં યુતસિદ્ધતા માનવાથી પણ (गुणगुणिनोः) ગુણ અને ગુણી એ બંનેના (पृथक् प्रदेशत्वं स्यात्) જુદા જુદા પ્રદેશ માનવા પડશે, તથા એમ માનતાં (उभयोः आत्मसमत्त्वात्) ગુણ અને ગુણી એ બંનેનું (આત્મા) સ્વરૂપ જુદું જુદું એકસરખું થવાથી (तयो) એ બંનેમાં (लक्षणभेदः) લક્ષણભેદ અર્થાત્ અમુક ગુણ છે તથા અમુક ગુણી છે, એવું ભિન્ન-ભિન્ન લક્ષણ (कथंभवति) કેવી રીતે ઘટી શકશે? અર્થાત્ તેમાં કોઈ પણ પ્રકારથી લક્ષ્ય-લક્ષણભાવ બની શકશે નહીં.

**ભાવાર્થ**—સત્‌ને સ્વતઃસિદ્ધ ન માનતાં યુતસિદ્ધ અર્થાત્ દ્રવ્યત્વના યોગથી દ્રવ્ય તથા દ્રવ્ય અને ગુણના યોગથી ગુણી કહેવાય છે, એમ માનવામાં ગુણ અને ગુણીના જુદા જુદા પ્રદેશ માનવાનો પ્રસંગ આવશે તથા તેના પ્રદેશોને જુદા જુદા માનવાથી 'આ ગુણ અમુક દ્રવ્યનો છે અથવા આ ગુણનો સંબંધ અમુક દ્રવ્યથી છે' એ પ્રમાણે ગુણ અને ગુણીમાં લક્ષ્ય—લક્ષણભાવ પણ બનશે નહિ, કારણ કે—આગમમાં દ્રવ્યને લક્ષ્ય તથા ગુણોને લક્ષણ માન્યું છે.

નૈયાયિકો, ગુણ તથા દ્રવ્યને ભિન્ન-ભિન્ન માને છે તથા સમવાય નામના ભિન્ન પદાર્થ દ્વારા વિવક્ષિતગુણોનો વિવક્ષિતદ્રવ્યોની સાથે સંબંધ માને છે, પરંતુ તેમણે કહેલા બુદ્ધિ આદિ ગુણોના ભિન્ન-ભિન્ન પ્રદેશ માનવાથી તેનું કોઈ નિયામક કારણ પ્રતીત થતું નથી કે બુદ્ધિ આદિનો સમવાય આત્મામાં જ થાય છે, તો અન્યમાં કેમ થતો નથી? એટલા માટે અખંડ ગુણસમુદાયાત્મક સત્ જ સ્વયંસિદ્ધ તત્ત્વ છે.

---

१. अप्रमाणिपत्रऽनन्तपदार्थकल्पतया-अविश्रान्तिरनवस्था।

## સત્‌નો નાશ માનવામાં દોષ

**अथवा सतो विनाशःस्यादिति पक्षोऽपि बाधितो भवति।**
**नित्यं यतः कथञ्चिद्द्रव्यं सुज्ञैः प्रतीयतेऽध्यक्षात् ॥१३॥**

**અન્વયાર્થ**—(अथवा) અથવા (सतः विनाशः स्यात्) સત્‌નો નાશ થાય છે. (इति पक्षः अपि) એ પક્ષ પણ (बाधितः भवति) બાધિત થાય છે, (यतः) કારણ કે (सुज्ञैः) જ્ઞાનીજનો દ્વારા (अध्यक्षात्) પ્રત્યક્ષપણે (द्रव्यं कथंचित् नित्यं प्रतीयते) દ્રવ્ય કથંચિત્ નિત્ય પ્રતીત થાય છે.

**ભાવાર્થ**—સત્‌ને સ્વતઃસિદ્ધ ન માનવાથી ચોથો દોષ સત્‌ના વિનાશનો પ્રસંગ આવે છે, પરંતુ સત્‌નો વિનાશ માનવો એ ઠીક નથી, કારણ કે સ્વાનુભવ પ્રત્યક્ષ દ્વારા વસ્તુ (દ્રવ્ય) કથંચિત્ નિત્યાત્મક પ્રતીત થાય છે, તેથી સત્‌નો નાશ માનવો પ્રત્યક્ષપ્રમાણથી બાધિત છે.

**વિશેષાર્થ**—જો દ્રવ્ય કથંચિત્ નિત્ય ન હોય તો પ્રત્યભિજ્ઞાન જ બની શકતું નથી. જે મનુષ્યને પહેલાં જોયો હોય, પછી ફરીવાર એને જોવામાં આવે તો એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે કે 'આ તે જ મનુષ્ય છે, જેને પહેલાં આપણે જોયો છે.' જો તે મનુષ્યમાં કથંચિત્ નિત્યતા ન હોય તો 'આ તે જ મનુષ્ય છે' એવું સ્થિર જ્ઞાન પણ થઈ શકે નહિ અને એવું ધારણારૂપ જ્ઞાન વિદ્વાનોને સ્વયં પ્રતીતમાં આવે છે, તેથી વસ્તુનો સર્વથા નાશ માનવો એ પણ સર્વથા અયોગ્ય છે.

## સારાંશ

**तस्मादनेकदूषणदूषितपक्षाननिच्छता पुंसा।**
**अनवद्यमुक्तलक्षणमिह तत्त्वं चानुमन्तव्यम् ॥१४॥**

**અન્વયાર્થ**—(तस्मात्) એટલા માટે (अनेक दूषण दूषितपक्षान्) ઉપર્યુક્ત ચાર દોષોથી દૂષિત પક્ષોને (अनिच्छता पुंसा) નહિ ઇચ્છવાવાળા પુરુષોએ (इह) અહીં (उक्तलक्षणं तत्त्वं च) પૂર્વોક્ત લક્ષણવાળું તત્ત્વ અર્થાત્ તત્ત્વનું પ્રથમ કહેલું લક્ષણ જ (अनवद्यं) નિર્દોષ (अनुमन्तव्यं) માનવું જોઈએ.

**ભાવાર્થ**—સત્‌ને સ્વતઃસિદ્ધ ન માનવાથી ઉપર કહેલા ચાર દોષ આવે છે, એટલા માટે નિર્દોષ સમીચીન તત્ત્વસ્વરૂપની જિજ્ઞાસા રાખવાવાળા સુજ્ઞજનોએ અમારા ઉપર કહેલા નિર્દોષ લક્ષણથી જ સંમત થવું જોઈએ.

એ પ્રમાણે વસ્તુસામાન્યનું લક્ષણ કહીને ગ્રંથકાર હવે આગળ સત્તાનો વિચાર કરે છે.

## સત્તાના સપ્રતિપક્ષપણાની સિદ્ધિ

**किंचैवंभूतापि च सत्ता न स्यान्निरंकुशा किन्तु।**
**सप्रतिपक्षा भवति हि स्वप्रतिपक्षेण नेतरेणेह ॥१५॥**

**અન્વયાર્થ**—(किंच) તથા (इह) આ લોકમાં (एवंभूता सत्ता अपि च) વસ્તુના લક્ષણભૂત આ પ્રકારની સત્તા પણ (निरंकुशा न स्यात्) નિરપેક્ષ નથી, (किंतु) પરંતુ (हि) નિશ્ચયથી (स्वप्रतिपक्षेण) પોતાના પ્રતિપક્ષીથી (सप्रतिपक्षा भवति) સપ્રતિપક્ષ અર્થાત્ સાપેક્ષ છે. (इतरेण न) અન્યથી નથી.

**ભાવાર્થ**—જે સત્તાને વસ્તુનું લક્ષણ દર્શાવ્યું છે તે સત્તા પણ સર્વથા નિરપેક્ષ નથી, પરંતુ પોતાના પ્રતિપક્ષ અસત્તાની અપેક્ષા રાખવાવાળી છે. પ્રત્યેક વસ્તુ સત્તાત્મક અર્થાત્ 'સ્વસ્વરૂપથી છે અને પરસ્વરૂપથી નથી', તેથી એ અપેક્ષાએ સત્તાનો પ્રતિપક્ષ અસત્તા છે જેમ કે—ઘટરૂપથી ઘટની સત્તા છે તથા પટરૂપથી ઘટની સત્તા નથી અર્થાત્ અસત્તા છે, એટલે ઘટની સત્તાનો પ્રતિપક્ષ ઘટમાં પટની અસત્તા તુચ્છાભાવરૂપ અસત્પદાર્થ નથી, (પરંતુ પટની સત્તારૂપ છે.) સારાંશ આ છે કે—પોતાનો પોતાનામાં સદ્ભાવ તથા અન્યમાં અભાવ એ બંને સદ્ભાવ અને અસદ્ભાવાત્મક અથવા સત્તા અને અસત્તાત્મક પરસ્પર સાપેક્ષધર્મ પ્રત્યેક દ્રવ્યમાં ભલી રીતે સિદ્ધ થાય છે, એટલા માટે સત્તા સપ્રતિપક્ષ છે.

## સત્તાના સપ્રતિપક્ષપણામાં શંકા

**अत्राहैवं कश्चित् सत्ता या सा निरंकुशा भवतु।**
**परपक्षे निरपेक्षा स्वात्मनि पक्षेऽवलम्बिनी यस्मात् ॥१६॥**

**અન્વયાર્થ**—(अत्र) આ વિષયમાં (कश्चित्) કોઈ શંકાકાર (एवं आह) આ પ્રમાણે કહે છે કે–(या सत्ता) જે સત્તા, મહાસત્તા એટલે સામાન્યસત્તા છે, (सा) તે (निरंकुशा भवतु) નિરપેક્ષ હોવી જોઈએ અર્થાત્ અવાન્તરસત્તારૂપ પ્રતિપક્ષથી નિરપેક્ષ હોવી જોઈએ; (यस्मात्) કારણ કે તે (परपक्षे) પરપક્ષમાં (निरपेक्षा 'सती') નિરપેક્ષ થતી (स्वात्मनि पक्षे) સ્વપક્ષમાં જ (अवलम्बिनी) રહેવાવાળી હોય છે.

**ભાવાર્થ**—શંકાકાર કહે છે કે—સત્તાનો કોઈ પ્રતિપક્ષ ન માનવો જોઈએ, કારણ કે—મહાસત્તા સ્વપક્ષમાં જ રહેવાવાળી હોય છે, તેથી તે અવાન્તરસત્તાની અપેક્ષા રાખતી નથી, પરંતુ નિરપેક્ષ જ હોય છે.

## ઉત્તર—

**तन्न यतो हि विपक्षः कश्चित्सत्त्वस्य वा सपक्षोऽपि।**
**द्वावपि नयपक्षौ तौ मिथो विपक्षौ विवक्षितापेक्षात् ॥१७॥**

**અન્વયાર્થ**—(तन्न) આ કથન ઠીક નથી, (यतः) કારણ કે–(हि) નિશ્ચયથી (सत्त्वस्य) સત્તાનો (कश्चित्) કોઈ (सपक्षः) સપક્ષ (वा) અને કોઈ (विपक्षः अपि) વિપક્ષ પણ અવશ્ય છે તથા

(द्वौ अपि) એ બંને પણ (नयपक्षौ) નયપક્ષ છે, તથા (तौ) એ બંને (विवक्षितापेक्षात्) વિવક્ષિત અપેક્ષાથી (मिथः) પરસ્પરમાં (विपक्षौ) વિપક્ષ અર્થાત્ પ્રતિપક્ષ પડે છે.

**ભાવાર્થ**—શંકાકારે સત્તાને નિરપેક્ષ કહેવી ઠીક નથી, કારણ કે સત્તાના સપક્ષ અને વિપક્ષ બંને હોય છે તથા એ બંને નયપક્ષ છે, કેવળ વિવક્ષાવશથી જ પરસ્પરમાં પ્રતિપક્ષતા માલૂમ પડે છે. તત્ત્વને સત્તાત્મક કહેવું એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે તથા કોઈ વિશેષધર્માત્મક અર્થાત્ સામાન્યધર્મના અભાવાત્મક કહેવું, એ પર્યાયાર્થિકનયનો વિષય છે. સારાંશ આ કે દ્રવ્યાર્થિકનય, સામાન્યસત્તાને વિષય કરે છે. નય, સમ્યક્નય ત્યારે જ કહેવાય કે જ્યારે તે ગૌણ–મુખ્ય વ્યવસ્થાથી પદાર્થને વિષય કરતા હોય. દ્રવ્યાર્થિકનય મુખ્યપણે સામાન્યને અને ગૌણપણે વિશેષને વિષય કરે છે ત્યારે પર્યાયાર્થિકનય મુખ્યપણે વિશેષને એટલે અવાન્તરસત્તાને અને ગૌણપણે સામાન્યને એટલે મહાસત્તાને વિષય કરે છે, તેથી વિવક્ષાવશ બંને સત્તાઓમાં વિપક્ષભાવ હોવાથી મહાસત્તા નિરપેક્ષ કહી શકાતી નથી.

### શંકા

**अत्राप्याह कुदृष्टिर्यदि नयपक्षौ विवक्षितौ भवतः।**
**का नः क्षतिर्भवेतामन्यतरेणेह सत्वसंसिद्धिः ॥१८॥**

**અન્વયાર્થ**—(अत्र अपि) અહીં પણ (कुदृष्टिः आह) એકાંતદૃષ્ટિવાળો કહે છે કે–(यदि) જો (भवतः) એમ હોય તો (नयपक्षौ विवक्षितौ) આપના બંને નયપક્ષો વિવક્ષિત છે તો (भवतां) રહો, (नःका क्षतिः) અમારી શું હાનિ છે? કારણ કે–(इह) એમાંથી (अन्यतरेण) કેવળ કોઈ એકથી (सत्वसंसिद्धिः) સત્તાની સિદ્ધિ થઈ જાય છે.

**ભાવાર્થ**—શંકાકાર કહે છે કે—જો આપની દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયની વિવક્ષા છે તો ભલે રહો, એથી પણ અમારા કથનમાં કોઈ બાધા આવતી નથી, કારણ કે જ્યારે કેવળ દ્રવ્યાર્થિકનયથી જ અમારી નિરપેક્ષ મહાસત્તા–સામાન્યસત્તાની સિદ્ધિ થઈ શકે છે, તો પછી બીજા પર્યાયાર્થિકનયથી સત્તાનો વિપક્ષ–પ્રતિપક્ષ માનવાની શું આવશ્યકતા છે?

### ઉત્તર–

**तन्न यतो द्रव्यार्थिकपर्यायार्थिकनयात्मकं वस्तु।**
**अन्यतरस्य विलोपे शेषस्यापीह लोपइति दोषः ॥१९॥**

**અન્વયાર્થ**—(तन्न) આમ કહેવું ઠીક નથી, (यतः) કારણ કે–(वस्तु) વસ્તુ (द्रव्यार्थिकपर्यायार्थिकनयात्मकं) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બંને નયોના વિષયમય છે. (इह)

તેમાંથી (अन्यतरस्यविलोपे) કોઈ એક નયનો લોપ થતાં (शेषस्य अपि) બાકીના બીજા નયનો પણ (लोपः) લોપ થઈ જશે, (इति दोषः) એ દોષ આવશે.

**ભાવાર્થ**—શંકાકારનું ઉપરોક્ત કથન ઠીક નથી. કારણ વસ્તુ, સામાન્ય–વિશેષાત્મક છે અને તે દ્રવ્યાર્થિક–પર્યાયાર્થિક બંને નયોનો વિષય થાય છે તથા એ બંને નય ગૌણ–મુખ્ય વિવક્ષાથી પરસ્પર સાપેક્ષ છે, તેથી કોઈ એકને નહિ માનવાથી બાકીના બીજાની પણ સિદ્ધિ થઈ શકતી નથી.

**વિશેષાર્થ**—"सामान्यविशेषात्मा तदर्थो विषयः" એવું પરીક્ષામુખનું સૂત્ર છે. વસ્તુ ઉભય ધર્માત્મક જ પ્રમાણનો વિષય છે. જો સામાન્ય, વિશેષની અપેક્ષા ન કરે તો તે સામાન્ય પણ રહી શકતું નથી, કેમ કે વિશેષ વિના સામાન્ય પોતાના સ્વરૂપની પ્રાપ્તિ જ કરી શકતું નથી. એવી જ રીતે વિશેષ પણ જો સામાન્યની અપેક્ષા ન રાખતાં સ્વતંત્ર રહેવા ઇચ્છે તો તે પણ રહી શક્તું નથી. અહીં વિશેષ કથન પર્યાયાર્થિક નયની અપેક્ષાએ છે અને સામાન્ય કથન દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ છે. જો શંકાકારના કથન પ્રમાણે જે નયથી સત્તા માનીએ છીએ તે જ નયથી સત્તાને સ્વતંત્ર માનવા લાગીએ અને પ્રતિપક્ષી નયની અપેક્ષાએ અસત્તાનો સ્વીકાર ન કરીએ તો વસ્તુ એક નયરૂપ બનશે. નિરપેક્ષ એક નયના સ્વીકારમાં તે નય પણ રહી શકે, કેમ કે વસ્તુ ઉભય નયરૂપ છે, તેથી એક નય બીજા નયની અવશ્ય અપેક્ષા રાખે છે. આ જ પરસ્પરની અપેક્ષામાં સત્તાનો પ્રતિપક્ષ અસત્તા બને છે.

હવે આગળના ત્રણ પદ્યો દ્વારા મહાસત્તાને સત્તાત્મક, એકરૂપ, સર્વપદાર્થસ્થિત, ત્રિલક્ષણાત્મક અને અનંતપર્યાયાત્મક એવા પાંચ ધર્મોની અપેક્ષાએ, તેની પ્રતિપક્ષી અવાન્તરસત્તાના અસત્તાત્મક, વિશ્વરૂપ, પ્રત્યેક પદાર્થસ્થિત ત્રિલક્ષણાભાવ અને એક પર્યાયાત્મક એ પાંચ ધર્મ પડે છે, એમ નિરૂપણ કરે છે.

**प्रतिपक्षमसत्ता स्यात्सत्तायास्तद्यथा तथा चान्यत् ।**
**नानारुपत्वं किल प्रतिपक्षम् चैक रुपतायास्तु ।।२०।।**

**અન્વયાર્થ**—(तत्) તેથી (यथा) જેમ (सत्तायाः प्रतिपक्षम्) સત્તાનો પ્રતિપક્ષ (असत्तास्यात्) અસત્તા છે, (तथा) તેવી જ રીતે (अन्यत् च) અન્ય પણ છે, જેમ કે–(किल) નિશ્ચયથી (एकरुपतायाः तु) એકરૂપતાનો તો (प्रतिपक्षं) પ્રતિપક્ષ (नानारुपत्वं च) નાનારૂપતા છે.

**ભાવાર્થ**—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયની અપેક્ષાથી સત્તાના સામાન્યસત્તા (મહાસત્તા) તથા વિશેષસત્તા (અવાન્તરસત્તા) એવા બે ભેદ કહેવામાં આવે છે. સર્વવસ્તુગત સત્તા સાદૃશ્યની અપેક્ષાએ મહાસત્તા કહેવાય છે તથા વ્યક્તિત્વની અપેક્ષાએ પ્રત્યેકવસ્તુગત સત્તા અવાન્તરસત્તા કહેવાય છે. એટલા માટે મહાસત્તાનો સામાન્યપણાથી જેમ અવાન્તરસત્તા પ્રતિપક્ષ છે, તેવી જ રીતે મહાસત્તાગત એકરૂપતાનો પ્રતિપક્ષ અવાન્તરસત્તાગત નાનારૂપતા છે, અર્થાત્ મહાસત્તા, સત્ શબ્દથી પ્રતિપાદિત થાય છે ત્યારે અવાન્તરસત્તા ઘટ સત્, પટ સત્ ઈત્યાદિરૂપથી પ્રતિપાદિત થાય છે, (મહાસત્તા

—સામાન્યપણાથી એકરૂપ છે ત્યારે અવાન્તરસત્તા વ્યક્તિગતપણાથી અર્થાત્ ઘટ સત્તા, પટ સત્તા ઇત્યાદિરૂપથી નાનારૂપ કહેવામાં આવે છે.) તેથી સત્તાના પ્રતિપક્ષ અસત્તાની માફક તેની એકરૂપતાનો પ્રતિપક્ષ અનેકરૂપતા બતાવ્યો છે.[1]

**एक पदार्थस्थितिरिह सर्वपदार्थस्थितेर्विपक्षत्वम् ।**
**ध्रौव्योत्पादविनाशैस्त्रिलक्षणायास्त्रिलक्षणाभावः ।।२१।।**

**અન્વયાર્થ**—(इह) આ લોકમાં (एक पदार्थस्थितिः) એક વસ્તુગત સ્થિતિ, (सर्व पदार्थस्थितेः) સમસ્ત પદાર્થગત સ્થિતિનો (विपक्षत्वं) વિપક્ષ છે તથા (ध्रौव्योत्पादविनाशैः त्रिलक्षणायाः) ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય દ્વારા ત્રિલક્ષણરૂપ સત્તાનો પ્રતિપક્ષ (त्रिलक्षणाभावः) યુગપત ત્રિલક્ષણનો અભાવ અર્થાત્ કોઈ એક લક્ષણરૂપ અવાન્તર સત્તા છે.

**ભાવાર્થ**—મહાસત્તા સામાન્યરૂપથી સર્વ પદાર્થોમાં રહે છે ત્યારે અવાન્તરસત્તા ઘટગતસત્તા, પટગતસત્તા, જીવગતસત્તા, અજીવગતસત્તા ઇત્યાદિરૂપથી પ્રત્યેક પદાર્થમાં રહે છે; મહાસત્તા સામાન્યરૂપથી સર્વ પદાર્થવર્તી ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક છે ત્યારે અવાન્તરસત્તા જીવગત, અજીવગત આદિ કોઈ એક પદાર્થના ઉત્પાદ વ્યય અથવા ધ્રૌવ્યમાંથી કોઈ એક રૂપે છે; તેથી મહાસત્તાના સર્વ પદાર્થસ્થિતરૂપ સ્વભાવનો પ્રતિપક્ષ અવાન્તરસત્તાગત એક પદાર્થસ્થિતરૂપ સ્વભાવ છે, તથા મહાસત્તાના ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક ત્રિલક્ષણરૂપ સ્વભાવનો પ્રતિપક્ષ અવાન્તરસત્તાગત ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્યાત્મક કોઈ એક લક્ષણરૂપ પડે છે.

**एकस्यास्तु विपक्षः सत्तायाः स्याददोह्यनेकत्वम् ।**
**स्यादप्यनन्तपर्ययप्रतिपक्षस्त्वेकपर्ययत्वं स्यात् ।।२२।।**

**અન્વયાર્થ**—(तु) તથા (एकस्याः सत्तायाः विपक्षः) એક સત્તાનો વિપક્ષ (हि) નિશ્ચયથી (अदः अनेकत्वं स्यात्) આ અનેક સત્તા છે (अपि) અને (स्यात्) કથંચિત્રૂપથી (अनन्तपर्याय प्रतिपक्ष तु) અનંતપર્યાયરૂપ ધર્મનો પ્રતિપક્ષ તો (एक पर्ययत्वं स्यात्) એક પર્યાયપણું થાય છે.

---

૧. મહાસત્તા, સમસ્ત પદાર્થોના સમસ્ત સ્વરૂપોમાં વિદ્યમાન છે, તેથી તેને 'સવિશ્વરૂપા' કહે છે. પ્રતિનિયત (દરેક દીઠ) એકરૂપસત્તાથી જ પદાર્થોનું પ્રતિનિયત એકરૂપપણું હોય છે, તેથી અવાન્તરસત્તાને 'એકરૂપા' કહે છે.

મહાસત્તા સમસ્ત પદાર્થોની સાદ્દશ્ય સૂચિકા છે, તેથી તેને 'એકા' કહે છે.

એક વસ્તુની જે સ્વરૂપસત્તા છે તે જ બીજી વસ્તુની સ્વરૂપસત્તા નથી, તેથી અવાન્તરસત્તાને 'અનેકા' કહે છે. *જૈનસિદ્ધાંતદર્પણ–અ૦ ૨ પાન. ૪૫.*

**ભાવાર્થ**—આ શ્લોકમાં જે કથંચિત્‌વાચક એક 'स्यात्' પદ આપ્યું છે તે અંત્યદીપક છે, તેથી ત્રણે પદ્યોમાં કથંચિત્ વિશેષણ લગાવવું, અર્થાત્ કથંચિત્ સત્તાનો પ્રતિપક્ષ અસત્તા છે ઈત્યાદિરૂપથી સમજવું; કારણ કે—જૈનસિદ્ધાંતમાં અનેકાંતને પણ અનેકાન્તાત્મક માન્યો છે. સામાન્યપણાથી મહાસત્તા કથંચિત્ એક છે તો અવાન્તરસત્તા, જીવગત, અજીવગત આદિરૂપથી અનેક છે. સામાન્યરૂપથી અનંત પદાર્થોની પર્યાયોમાં જ મહાસત્તાની અનંત પર્યાયો છે; તેથી મહાસત્તા કથંચિત્ અનંત પર્યાયાત્મક છે ત્યારે અવાન્તરસત્તા, જીવની પર્યાય, પુદ્‌ગલની પર્યાય ઈત્યાદિરૂપથી કોઈ એક પર્યાયરૂપ પડે છે, એટલા માટે મહાસત્તાના એકપણાનો પ્રતિપક્ષ અવાન્તરસત્તાગત અનેકપણું છે તથા મહાસત્તાના અનંતપર્યાયપણાનો પ્રતિપક્ષ અવાન્તરસત્તાગત એક પર્યાયપણું છે. એ પ્રમાણે મહાસત્તા સપ્રતિપક્ષ છે, નિરપેક્ષ નથી.

**પ્રશ્ન**–

**एकस्मिन्निह वस्तुन्यनादिनिधने च निर्विकल्पे च।**
**भेदनिदानं किं तद्येनैतज्जृम्भते वचस्त्विति चेत् ॥२३॥**

**અન્વયાર્થ**—(तु) પરંતુ (इह) અહીં (एकस्मिन्) એક અખંડરૂપ (च) તથા (अनादिनिधने) અનાદિનિધન (निर्विकल्पे च) અને નિર્વિકલ્પ (वस्तुनि) વસ્તુમાં (तत् भेदनिदानं किं) એ ભેદનું મૂળ કારણ શું છે, (येन) કે જેથી (एतत् वचः) આ ઉક્ત વચન (जृम्भते) મુખથી નીકળે છે? (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—ઉપર સત્તાનું સ્વરૂપ સમજાવતી વખતે ગ્રંથકર્તાએ સત્તાને અસત્તાસાપેક્ષ બતાવી છે તથા સત્તાનું સ્વરૂપ એકરૂપતા, નાનારૂપતા આદિ ભેદો–વિશેષણો દ્વારા પ્રકાશિત કર્યું છે.

હવે શંકાકારની શંકા આ છે કે—વસ્તુને એક, અનાદિનિધન અને નિર્વિકલ્પ માનવા છતાં પણ તેમાં મહાસત્તા તથા અવાન્તરસત્તા અને તેના ભેદ-વિશેષ માનવામાં શો હેતુ છે, કે જેથી તેમાં પરસ્પર સાપેક્ષતા દર્શાવવામાં આવે છે?

**ઉત્તર**—

**अंशविभागः स्यादित्यखण्डदेशे महत्यपि द्रव्ये।**
**विष्कम्भस्य क्रमतो व्योम्नीवांगुलिवितस्तिहस्तादिः ॥२४॥**
**प्रथमो द्वितीय इत्याद्यसंख्यदेशास्ततोप्यनन्ताश्च।**
**अंशा निरंशरुपास्तावन्तो द्रव्यपर्ययाख्यास्ते ॥२५॥**
**पर्यायाणामेतद्धर्मं यत्त्वंशकल्पनं द्रव्ये।**
**तस्मादिदमनवद्यं सर्वं सुस्थं प्रमाणतश्चापि ॥२६॥**

**અન્વયાર્થ**—(अखण्डदेशे) અખંડપ્રદેશી (अपि) અને (महति) બહુપ્રદેશી (द्रव्ये) દ્રવ્યમાં (विष्कम्भस्य क्रमतः) વિષ્કંભના ક્રમથી (व्योम्नि) અખંડપ્રદેશી તથા બહુપ્રદેશી આકાશમાં (अंगुलिवितस्तिहस्तादिः इव) આંગળ, વેંત, હાથ ઇત્યાદિની માફક (इति) આગળ કહેવામાં આવે છે, તે પ્રકારથી (अंशविभागः स्यात्) અંશકલ્પના કરી શકાય છે.

**અન્વયાર્થ**—(प्रथमः) પહેલો, (द्वितीयः) બીજો (इत्याद्यसंख्यदेशा) ઇત્યાદિ અસંખ્યાત પ્રદેશ (ततः अपि) તેનાથી પણ આગળ (अनन्ताः) અનંત (च) અને અનંતાનંત (यावन्तः) જેટલા કોઈ (निरंशरुपाः अंशाः) એક દ્રવ્યમાં નિરંશ એટલે જેનો ફરી બીજો અંશ થઈ શકતો નથી, એવા અવિભાગીઅંશ થાય છે. (तावंतः) એટલા એ બધા (द्रव्यपर्ययाख्याः) દ્રવ્યપર્યાય કહેવામાં આવે છે.

**અન્વયાર્થ**—(द्रव्ये) દ્રવ્યમાં (यत् अंशकल्पनं) જે અંશકલ્પના કરવામાં આવે છે, (एतत्तु) એ જ તો (पर्यायाणां धर्म) પર્યાયોનું સ્વરૂપ છે, (तस्मात्) તેથી (इदं सर्वं अनवद्यं) આ સર્વ ઉપર કહેલું વસ્તુનું સ્વરૂપ નિર્દોષ છે (च) તથા (प्रमाणतः अपि) પ્રમાણથી પણ (सुस्थं) સર્વ સુવ્યવસ્થિત છે.

**ભાવાર્થ**—જેવી રીતે અખંડ, બહુપ્રદેશમય આકાશમાં ચોડાઈના હિસાબથી આ એક આંગળનું આકાશ છે. આ એક વેંતપ્રમાણ છે એ પ્રમાણે અંશકલ્પના કરવામાં આવે છે, તેવી રીતે બહુપ્રદેશી પંચાસ્તિકાય દ્રવ્યોમાં પણ વિષ્કંભક્રમથી દેશનો ખંડ ન થતો હોવા છતાં પણ ખંડકલ્પના થઈ શકે છે, જેમ કે–

એક પુદ્‌ગલપરમાણુ જેટલા આકાશને રોકે છે, તેને પ્રદેશ કહે છે અને તેને જ નિરંશ, દેશાંશ અથવા દ્રવ્યપર્યાય પણ કહે છે. એ પ્રદેશની અપેક્ષાએ દ્રવ્યમાં જે ખંડકલ્પના કરવી તેને તિર્યક્‌અંશકલ્પના અથવા સ્વક્ષેત્ર કહે છે અર્થાત્ એક દ્રવ્યમાં જેટલા અંશ થાય છે તેટલી જ તે દ્રવ્યની દ્રવ્યપર્યાયો સમજવી; કારણ કે–

એક જીવદ્રવ્ય, ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યના લોકાકાશપ્રમાણ અસંખ્યાત પ્રદેશ છે. પુદ્‌ગલદ્રવ્યના એક, સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશ છે અને કાલદ્રવ્યનો એક પ્રદેશ છે. એ પ્રમાણે અખંડપ્રદેશી દ્રવ્યોમાં ખંડપ્રદેશની કલ્પના કરવી એ પર્યાયાર્થિકનયની અપેક્ષાથી છે, કારણ કે–અંશકલ્પના એ પર્યાયોનું સ્વરૂપ માનવામાં આવ્યું છે. નં. ૨૩મા પદ્યની શંકાનો ઉત્તર ગ્રંથકારે આ ત્રણ પદ્યો દ્વારા આ પ્રમાણે આપ્યો છે કે–પદાર્થ દ્રવ્યગુણપર્યાયાત્મક છે અને અંશકલ્પના પર્યાયોનો સ્વભાવ છે. તે અંશકલ્પના બે પ્રકારથી થાય છે એક વિષ્કંભક્રમ અને બીજી ઉર્ધ્વક્રમ, તેમાં ઉર્ધ્વક્રમનું વર્ણન આગળ કરીશું. વિષ્કંભક્રમથી જેવી રીતે વ્યાપક અખંડ એક આકાશદ્રવ્યમાં આંગળ, વેંત, હાથ, ધનુષ્ય, કોષ અને યોજનાદિથી ખંડોની કલ્પના કરવામાં આવે છે. તેવી રીતે પંચાસ્તિકાય દ્રવ્યોમાં જેટલા જે દ્રવ્યના પ્રદેશ છે તેટલા પ્રદેશોની વધારેમાં વધારે ખંડકલ્પના કરવામાં આવે છે, તેથી અખંડ દ્રવ્યમાં ભેદનું મૂળ કારણ ખંડકલ્પના છે. આ પ્રકારની ભેદકલ્પનાને દ્રવ્યપર્યાય અથવા સ્વક્ષેત્રકલ્પના કહે છે અને તે દ્રવ્યને દેશ કહે છે.

અહીં પ્રશ્ન—

**एतेन विना चैकं द्रव्यं सम्यक् प्रपश्यतश्चापि।**
**को दोषो यद्भीतेरियं व्यवस्थैव साधुरस्त्विति चेत् ॥२७॥**

**અન્વયાર્થ**—(एतेन विना) આ પ્રદેશરૂપ અંશકલ્પના વિના (एकं च द्रव्यं) કેવળ એક અખંડનિર્વિકલ્પ દ્રવ્યને જ (सम्यक्) ભલા પ્રકારથી (प्रपश्यतः अपि च) સમ્યક્‌શ્રદ્ધાન કરવાવાળાને અર્થાત્ એ અંશકલ્પના નહિ માનતાં 'દ્રવ્ય અખંડ છે'. એ સિદ્ધાંતને સમીચીન માનવાવાળાને પણ (कः दोषः) શું દોષ આવે છે, (यद्भीतेः) કે જેના ભયથી (इयं व्यवस्था एव) આ દેશાંશની વ્યવસ્થા જ (साधुः अस्तु) ઠીક છે, એમ આપ કહો છો? (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારનો પ્રશ્ન છે કે—નિર્વિકલ્પ અખંડદ્રવ્યમાં પ્રદેશરૂપ કેવળ કપોલકલ્પિત અંશવિભાગને ન માનતાં કેવળ એક અખંડદ્રવ્યને માનવામાં શું દોષ છે, કે જેના ડરથી દ્રવ્યસ્વરૂપ સમજવા માટે આપ આ દેશાંશરૂપ અંશકલ્પનાની વ્યવસ્થાને જ ઠીક માનો છો? તેનો ઉત્તર—

**देशाभावे नियमात्सत्त्वं द्रव्यस्य न प्रतीयेत।**
**देशांशाभावेऽपि च सर्वं स्यादेकदेशमात्रं वा ॥२८॥**

**અન્વયાર્થ**—(देशाभावे) દેશને નહિ માનવાથી (नियमात्) નિયમથી (द्रव्यस्य सत्त्वं) દ્રવ્યોનું અસ્તિત્વ જ (न प्रतीयेत) પ્રતીત થઈ શકશે નહિ (च) તથા (देशांशाभावेऽपि) દેશાંશ એટલે સ્વક્ષેત્ર-કલ્પનાને નહિ માનવાથી (सर्वं एकदेशमात्र वा स्यात्) સંપૂર્ણ દ્રવ્ય કેવળ એકપ્રદેશરૂપ જ થઈ જશે.

**ભાવાર્થ**—જો સ્વદ્રવ્યકલ્પના (દેશકલ્પના) ન માનવામાં આવે તો તેના વિના 'આ દ્રવ્ય છે,' એવી દ્રવ્યની સત્તા કેવી રીતે પ્રતીત થઈ શકશે? તથા જો સ્વક્ષેત્રકલ્પના (દેશાંશકલ્પના) ન માનવામાં આવે તો બધાં દ્રવ્યોને એક પ્રદેશમય જ માનવાં પડશે, માટે દેશાંશકલ્પનાને માનવાથી જ દેશની કલ્પના કરી શકાય છે, તથા દેશ-દેશાંશની કલ્પના નહિ માનવાથી ઉપર પ્રમાણે દોષ આવે છે, તેથી ભેદનું કારણ કથંચિત્ દેશ—દેશાંશકલ્પના કહી છે. કારણ—

### વસ્તુની અસત્તા અને એકાંશતામાં દોષ

**तत्रासत्त्वे वस्तुनि न श्रेयस्तस्य साधकाभावात् ।**
**एवं चैकांशत्वे महतो व्योम्नोऽप्रतीयमानत्वात् ॥२९॥**

**અન્વયાર્થ**—(तत्र) એ બંનેમાંથી (वस्तुनि असत्त्वे) વસ્તુના અભાવમાં (श्रेयः न) શ્રેયની સિદ્ધિ નહિ થાય, કારણ (तस्य साधकाभावात्) વસ્તુ માત્રના અભાવમાં એ શ્રેયના સાધકનો પણ અભાવ થશે. (एवं च) એ પ્રમાણે (एकांशत्वे) દ્રવ્યને એક અંશરૂપ માનવામાં (महतः व्योम्नः अप्रतीयमानत्वात्) મહાનઆકાશની પ્રતીતિના અભાવનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ**—કદાચિત્ શંકાકાર કહે કે–'અમે દ્રવ્યને અસત્રૂપ જ માનીશું' તો એ કથન પણ યુક્તિસંગત નથી, કારણ કે વસ્તુની સત્તા ન રહેતાં કલ્યાણમાર્ગની ઉપયોગિતા અને અકલ્યાણમાર્ગની અનુપયોગિતાનો કથનક્રમ જ નિષ્ફળ થઈ જશે, તથા વસ્તુની પ્રદેશકલ્પનાના અભાવમાં વસ્તુ કેવળ એક અંશમાત્ર સિદ્ધ થશે અને એમ માનવાથી મહાન આકાશમાં જે બહુપ્રદેશીપણાની પ્રતીતિ થાય છે, તેમાં બાધા આવશે.

**किंचैतदंशकल्पनमपि फलवत्स्याद्यतोऽनुमीयेत।**
**कायत्वमकायत्वं द्रव्याणामिह महत्त्वममहत्त्वम्॥३०॥**

**અન્વયાર્થ**—(किंच) તથા (इह) આ લોકમાં (यतः) જે કારણથી (द्रव्याणां) દ્રવ્યોનું (कायत्वं) સકાયપણું એટલે બહુપ્રદેશપણું (अकायत्वं) અકાયપણું એટલે એકપ્રદેશપણું (महत्त्वं) મોટાપણું અને (अमहत्त्वं) નાનાપણું (अनुमीयेत्) અનુમાનિત કરવામાં આવે છે, ('ततः, अपि) તેથી પણ (एतत् अंशकल्पनं) આ અંશકલ્પના (फलवत् स्यात्) સફળ–પ્રયોજનરૂપ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ**—બહુપ્રદેશીદ્રવ્યોને અસ્તિકાય કહે છે. ધર્મ, અધર્મ, આકાશ, પુદ્‌ગલ અને જીવ એ બહુપ્રદેશી હોવાથી પાંચ અસ્તિકાય દ્રવ્યો છે તથા કાળદ્રવ્ય એકપ્રદેશી હોવાથી કાયવાન નથી.

જીવ, ધર્મ અને અધર્મ એ ત્રણે દ્રવ્યો સમાન અસંખ્યાતપ્રદેશી છે. પુદ્‌ગલદ્રવ્ય, પરમાણુ અવસ્થામાં એકપ્રદેશી જ છે, પરંતુ તેમાં સ્કંધરૂપ થઈને બહુપ્રદેશી થવાની શક્તિ હોવાથી ઉપચારથી તેને પણ કાયવાન કહ્યું છે, સ્કંધરૂપ અવસ્થામાં તે સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશી છે તથા આકાશદ્રવ્ય સર્વથી મહાન અનંતાનંતપ્રદેશી છે.

જો દેશાંશ એટલે સ્વક્ષેત્રકલ્પના ન માનવામાં આવે તો દ્રવ્યના આગમપ્રસિદ્ધ સકાયપણા અને અકાયપણાનું અનુમાન કઈ રીતે કરી શકાશે? તથા પ્રદેશોની ન્યુનાધિકતાનો પણ બોધ નહિ થવાથી ક્યું દ્રવ્ય મોટું છે ને ક્યું દ્રવ્ય નાનું છે તેનું જ્ઞાન પણ શી રીતે થઈ શકશે? પરંતુ પ્રદેશ એટલે સ્વક્ષેત્ર કલ્પના કરવાથી જ એ બધાનું અનુમાન થઈ શકે છે, તેથી પણ દ્રવ્યોમાં પ્રદેશકલ્પના સપ્રયોજનરૂપ સિદ્ધ થાય છે. અહીં શંકા–

**भवतु विवक्षितमेतन्ननु यावन्तो निरंशदेशांशाः।**
**तल्लक्षणयोगादप्यणुवद्द्रव्याणि सन्तु तावन्ति॥३१॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે કે–(एतत्) આ તમારી દેશાંશકલ્પના (विवक्षितं भवतु) વિવક્ષિત રહો, પરંતુ (यावन्तः निरंशदेशांशाः) જેટલા કોઈ નિરંશ–અવિભાગી દેશાંશ છે. (तल्लक्षणयोगात्) તેમાં દ્રવ્યનું લક્ષણ ઘટે છે, તેથી (अणुवत्) અવિભાગી એકપ્રદેશી પુદ્‌ગલાણુની માફક (द्रव्याणि अपि) દ્રવ્ય પણ (तावन्ति सन्तु) તેટલાં જ હોવા જોઈએ.

**ભાવાર્થ**—દ્રવ્યના જેટલા ગુણો છે તે બધાય સંપૂર્ણ દ્રવ્યને વ્યાપીને રહે છે, અર્થાત્ શરીરના અવયવની માફક ભિન્ન-ભિન્ન ભાગમાં ન રહેતાં એ અનંત ગુણો તે દ્રવ્યના પ્રત્યેક પ્રદેશમાં વ્યાપકપણે રહે છે. ભેદકલ્પના દ્વારા કેવળ ઉપચારથી તેના ભેદ કલ્પિત કરવામાં આવે છે. આ કથન ઉપર શંકાકાર કહે છે કે—દેશાંશની કલ્પના આપ કરો છો એ ઠીક છે, પરંતુ એક દ્રવ્યના એટલા પ્રદેશો માનવા કરતાં એ એક-એક દેશાંશને જ ભિન્ન-ભિન્ન દ્રવ્ય કેમ ન માનો ? કારણ કે—તેમાં પણ દ્રવ્યનું લક્ષણ પૂર્ણપણે ઘટે છે. જે પ્રમાણે પુદ્‌ગલદ્રવ્યમાં પરમાણુ એક દ્રવ્ય છે તે પ્રમાણે એક દ્રવ્યમાં જેટલા નિરંશદેશાંશની કલ્પના કરવામાં આવે છે, તેને તેટલાં જ દ્રવ્ય કેમ ન માનવા જોઈએ ? આનો ઉત્તર—

**नैवं यतो विशेषः परमः स्यात्पारिणामिकोऽध्यक्षः।**
**खण्डैकदेशवस्तुन्यखण्डितानेकदेशे च ॥३२॥**

**અન્વયાર્થ**—(एवं न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે–(खण्डैकदेशवस्तुनि) ખંડરૂપ એક-એક પ્રદેશ બરાબર કલ્પિત વસ્તુમાં (च) અને (अखण्डितानेकदेशे) અખંડ બહુપ્રદેશી વસ્તુમાં (अध्यक्षः) પ્રત્યક્ષ (पारिणामिकः) પરિણમન સંબંધી (परमः) ઘણું (विशेषः स्यात्) અંતર પડે છે.

**ભાવાર્થ**—અહીં બહુપ્રદેશીદ્રવ્યના જેટલા પ્રદેશ છે તેટલા એક—એક પ્રદેશી ખંડરૂપ દ્રવ્યાંશોને 'खण्डैकदेशवस्तु' એ પદથી સંબોધિત કર્યા છે. અને જોકે દ્રવ્યોમાં કાયત્વ, અકાયત્વ, મહત્વ તથા અમહત્વ સમજવા માટે સ્વક્ષેત્રની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન પ્રદેશોની દેશાંશકલ્પના કરવામાં આવે છે, તોપણ વાસ્તવિકપણે વસ્તુ ખંડરૂપ થતી નથી, તેને જ 'अखण्डितानेकदेशवस्तु' કહે છે. એ બંનેમાં પ્રત્યક્ષગોચર પારિણામિક મહાન અંતર હોવાથી શંકાકારનું ઉપરનું કથન ઠીક નથી; આગળ પાંચ પદ્યો દ્વારા તેનો ખુલાસો કરવામાં આવે છે.

## ખંડરૂપ એકદેશવસ્તુ માનવામાં હાનિ

**प्रथमोद्देशितपक्षे यः परिणामो गुणात्मकस्तस्य।**
**एकत्र तत्र देशे भवितुंशीलो न सर्वदेशेषु॥३३॥**

**અન્વયાર્થ**—(प्रथमोद्देशितपक्षे) પ્રથમ નિર્દિષ્ટ પક્ષમાં એટલે ખંડરૂપએકદેશવસ્તુ માનવામાં (तस्य) તેનું (यः) જે (गुणात्मकः परिणामः) ગુણાત્મક પરિણમન અર્થાત્ ગુણોનું જે પરિણમન થશે. (सः) તે (तत्र एकत्र देशे) તે એક જ દેશમાં (भवितुंशीलः) થવા યોગ્ય થશે, પણ (सर्वदेशेषु न) દ્રવ્યના સંપૂર્ણ પ્રદેશોમાં નહિ થાય.

**ભાવાર્થ**—શંકાકારના કથનાનુસાર એક દ્રવ્યના સ્થાનમાં તે દ્રવ્યના જેટલા પ્રદેશ છે,

તેટલાં જ દ્રવ્ય જો સ્વીકાર કરવામાં આવે, તો એક પ્રદેશમાં થવાવાળું ગુણોનું પરિણમન દ્રવ્યના તે એક દેશાંશમાં થવું જોઈએ, પણ બાકીના અંશોમાં ન થવું જોઈએ.

### ખંડરૂપ એકદેશપક્ષનું દૃષ્ટાંત દ્વારા ખંડન

**तदसत्प्रमाणबाधितपक्षत्वादक्षसंविदुपलब्धेः।**
**देहैकदेशविषयस्पर्शादिह सर्वदेशेषु॥३४॥**

**અન્વયાર્થ**—(इह) આ લોકમાં (देहैकदेशविषयस्पर्शात्) દેહના એક દેશભાગમાં કોઈ વિષયનો સ્પર્શ થતાં (सर्वदेशेषु) સર્વ દેશોમાં એટલે સંપૂર્ણ શરીરમાં (अक्षसंविदुपलब्धेः) ઇન્દ્રિયજન્યજ્ઞાન થાય છે, (तत्) તેથી (प्रमाणबाधितपक्षत्वात्) ગુણોના પરિણમનને ખંડરૂપ એકદેશવસ્તુગત માનવું એ પ્રત્યક્ષપ્રમાણ દ્વારા બાધિત હોવાના કારણથી (असत्) ઠીક નથી.

**ભાવાર્થ**—એક-એક પ્રદેશપ્રમાણ ખંડરૂપ એકદેશવસ્તુ માનવાથી ગુણોનું પરિણમન પણ તે એક પ્રદેશમાત્રમાં જ માનવું પડશે. 'ગુણોનું પરિણમન એક પ્રદેશમાં થાય છે' એ પક્ષ પ્રત્યક્ષપ્રમાણથી બાધિત છે, કારણ કે શરીરના એક ભાગમાં કોઈ પદાર્થનો સ્પર્શ થતાં સંપૂર્ણ શરીરમાં સ્પર્શેન્દ્રિયજન્યજ્ઞાન પ્રત્યક્ષ થાય છે, તેથી ગુણોના પરિણમનને ખંડરૂપ એકદેશવસ્તુ માનવી ઠીક નથી.

### દૃષ્ટાંતપૂર્વક અખંડિત અનેકદેશવસ્તુનું સમર્થન

**प्रथमेतरपक्षे खलु यः परिणामः स सर्वदेशेषु।**
**एको हि सर्वपर्वसु प्रकम्पते ताडितो वेणुः॥३५॥**

**અન્વયાર્થ**—(प्रथमेतरपक्षे) બીજા પક્ષમાં એટલે અખંડ અનેકપ્રદેશીવસ્તુ માનવામાં (खलु) નિશ્ચયથી (यः परिणामः) જે ગુણોનું પરિણમન થાય છે, (सः) તે (सर्वदेशेषु) દ્રવ્યના સર્વ પ્રદેશોમાં સમાન થાય છે અને તે ઠીક છે, (हि) કારણ કે– (ताडितः एकः वेणुः) હલાવેલો એક વાંસ (सर्व पर्वसु) પોતાની બધી પર્વોમાં એક-એક ગાંઠમાં (प्रकम्पते) હાલી જાય છે.

**ભાવાર્થ**—પોતાની સંપૂર્ણ પર્વોના સમુદાયનું નામ વાંસ છે અને તે કોઈપણ જગ્યાએ તાડિત થતાં જેવી રીતે તેની સર્વ પર્વોમાં હાલી જાય છે, તેવી રીતે અખંડ અનેકપ્રદેશીદ્રવ્યોના એક પ્રદેશમાં પણ જે ગુણોનું પરિણમન થાય છે તે તેના સર્વ પ્રદેશોમાં જ થાય છે, એમ પ્રત્યક્ષ અનુભવથી સિદ્ધ છે. એ પ્રમાણે ખંડરૂપ એકદેશવસ્તુ અને અખંડ બહુપ્રદેશી વસ્તુ એ બંનેમાં મોટી વિશેષતા છે, માટે ખંડરૂપ એકદેશવસ્તુ માનવામાં પ્રત્યક્ષ દોષ આવે છે, તેથી 'अणुवद्द्रव्याणि सन्तु तावन्ति' એ પક્ષ બરાબર નથી.

## દૃષ્ટાંતપૂર્વક અખંડિત એકદેશવસ્તુનું સમર્થન

**एकप्रदेशवदपि द्रव्यं स्यात्खण्डवर्जितः स यथा।**
**परमाणुरेव शुद्धः कालाणुर्वा यथा स्वतः सिद्धः॥३६॥**

**અન્વયાર્થ**—(एकप्रदेशवत् अपि) એક પ્રદેશવાળું પણ (द्रव्यं स्यात्) દ્રવ્ય છે, પરંતુ (सः खण्डवर्जितः) તે ખંડસહિત નથી, (यथा) જેમ કે (शुद्धः परमाणुः एव) પુદ્‌ગલદ્રવ્યમાંથી શુદ્ધ પરમાણુ જ (वा) અથવા (यथा) જેમ (स्वतः सिद्धः कालाणुः) સ્વતઃસિદ્ધ કાલાણુ.

**ભાવાર્થ**—શુદ્ધપુદ્‌ગલપરમાણુ અને કાલાણુ એ બંને અખંડ એકપ્રદેશી દ્રવ્ય છે; પુદ્‌ગલદ્રવ્ય, સ્કંધથી ભેદઅવસ્થાને પામી અવિભાગીપરમાણુ થઈ જાય છે તથા ફરીથી કાલાન્તરમાં સ્કંધરૂપ પણ થઈ શકે છે, પરંતુ કાલાણુ સ્વતઃસિદ્ધ અવિભાગી એકપ્રદેશી અખંડ એકદ્રવ્ય છે. સારાંશ એ છે કે—અખંડ એકપ્રદેશી દ્રવ્ય પણ હોઈ શકે છે, પરંતુ ખંડખંડરૂપ એકપ્રદેશીદ્રવ્ય કદી પણ હોઈ શકતું નથી. કારણ કે—

**न स्याद् द्रव्यं क्वचिदपि बहुप्रदेशेषु खण्डितो देशः।**
**तदपि द्रव्यमिति स्यादखण्डितानेकदेशमदः॥३७॥**

**અન્વયાર્થ**—(क्वचित् अपि) કોઈ ઠેકાણે પણ (बहु प्रदेशेषु खण्डितः देशः) બહુ પ્રદેશોમાંથી ખંડિત એકદેશ–અંશ (द्रव्यं न स्यात्) દ્રવ્ય થઈ શકતો નથી, કારણ કે બહુપ્રદેશી દ્રવ્યના એ પ્રત્યેક પ્રદેશોમાં (अदः अपि तत्) 'આ પણ તે જ દ્રવ્ય છે', (इति) એવો પ્રત્યય થવાથી (द्रव्यं) દ્રવ્ય (अखण्डितानेकदेशं स्यात्) અખંડ બહુપ્રદેશી જ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ**—એક દ્રવ્ય, ઘણા પ્રદેશોમાં ખંડિત થઈને અનેક દ્રવ્ય થઈ શકતાં નથી, કારણ કે—તેના પ્રત્યેક પ્રદેશમાં, 'એક પ્રદેશમાં જે દ્રવ્ય છે' તે જ બીજા—ત્રીજા આદિ પ્રદેશોમાં પણ 'આ તે જ છે', એવું એકત્વપ્રત્યભિજ્ઞાન ઘટવાથી બહુપ્રદેશીદ્રવ્ય અખંડિત અનેકદેશ જ સિદ્ધ થાય છે.

એ પ્રમાણે નં. ૩૧મા પદ્યની શંકાનું વિસ્તારપૂર્વક ખંડન કરીને હવે સામાન્યરૂપથી દ્રવ્ય અને ગુણોનું સ્વરૂપ વસ્તુસ્વરૂપની દૃઢતા માટે પ્રતિપાદન કરે છે.

## દ્રવ્ય અને ગુણનું સ્વરૂપ

**अथ चैव ते प्रदेशाः सविशेषा द्रव्यसंज्ञया भणिताः।**
**अपि च विशेषाः सर्वे गुणसंज्ञास्ते भवन्ति यावन्तः॥३८॥**

**અન્વયાર્થ**—(अथ च) તથા (सविशेषाः ते प्रदेशाः एव) વિશેષગુણસહિત એ પ્રદેશને જ

(द्रव्यसंज्ञया भणिताः) 'દ્રવ્ય' નામથી કહેવામાં આવે છે અર્થાત્ વિશેષ સહિત પ્રદેશસમુદાયને જ દ્રવ્ય કહે છે (च) અને (यावन्तः अपि विशेषाः) જેટલા કોઈ વિશેષો છે, (ते सर्वे) તે બધાને (गुणसंज्ञाः भवन्ति) ગુણ કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—એક દ્રવ્યના જેટલા પ્રદેશ માનવામાં આવ્યા છે તે સર્વમાં એ દ્રવ્યના અનંત ગુણો વ્યાપ્ત થઈને રહે છે, તેથી અનંતગુણરૂપ વિશેષોસહિત પ્રદેશસમુદાયને દ્રવ્ય તથા તે વિશેષોને ગુણ કહે છે.

## દ્રવ્ય તથા ગુણોમાં અભિન્નતા

**तेषामात्मा देशो न हि ते देशात्पृथक्त्वसत्ताकाः।**
**न हि देशे हि विशेषाः किन्तु विशेषैश्च तादृशो देशः ॥३९॥**

**અન્વયાર્થ**—(तेषां) એ ગુણોનો (आत्मा) આત્મા જ (देशः) દ્રવ્ય છે, (हि) કારણ કે–(ते) એ ગુણો (देशात्) દેશથી (पृथक्त्वसत्ताकाः न) જુદી સત્તાવાળા નથી. (हि) નિશ્ચયથી (देशे) દેશમાં (विशेषाः नहि) વિશેષ રહેતા નથી, (किन्तु) પરંતુ (विशेषैश्च) એ વિશેષો દ્વારા જ (देशः) દેશ (तादृशः) તેવો ગુણમય જણાય છે.

**ભાવાર્થ**—ગુણોના સમુદાયનું જ નામ દ્રવ્ય હોવાથી એ બંને (ગુણી અને ગુણો) ભિન્ન સત્તાવાળા બે સ્વતંત્ર પદાર્થ નથી પણ એક જ છે, તેથી 'देशेविशेषाः' એટલે 'દ્રવ્યમાં ગુણ રહે છે' એ પ્રકારનો સંબંધ તેમાં નિશ્ચયથી ઘટી શકતો નથી, પરંતુ ગુણોનો આત્મા જ દેશ છે તેથી તે દ્રવ્ય તાદૃશ ગુણમય છે; એવો કથંચિત્ તાદાત્મ્યસંબંધ જ ઘટે છે. આગળ તેને જ દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે. દૃષ્ટાંત—

**अत्रापि च संदृष्टिः शुक्लादीनामियं तनुस्तन्तुः।**
**न हि तन्तौ शुक्लाद्याः किन्तु सिताद्यैश्च तादृशस्तन्तुः ॥४०॥**

**અન્વયાર્થ**—(अत्र च) આ વિષયમાં (सन्दृष्टिः अपि) દૃષ્ટાંત પણ આ છે કે–(तन्तुः) દોરો (शुक्लादिनां इयं तनु) પોતે જ શુક્લાદિક ગુણોનું શરીર છે, (हि) કારણ કે (तन्तौ शुक्लाद्या न) તંતુમાં કાંઈ શુક્લાદિ ગુણો નથી રહેતા, (किन्तु) પણ (सिताद्यैश्च) એ શુક્લાદિ ગુણો દ્વારા જ (तन्तुः तादृशः) તે તંતુ છે.

**ભાવાર્થ**—જેમ તંતુથી તેના શુક્લાદિક ગુણો જુદા નથી પણ શુક્લાદિક ગુણોના સમુદાયને જ તન્તુ કહે છે, કારણ કે—તંતુમાં શુક્લાદિ ગુણો રહે છે એમ નથી, પરંતુ તંતુ પોતે જ શુક્લાદિગુણમય છે. તેમ દ્રવ્યથી ગુણ જુદા નથી પણ 'દ્રવ્ય પોતે જ ગુણમય છે', એ પ્રમાણે કથંચિત્ તાદાત્મ્યદ્યોતક વ્યવહાર થાય છે. હવે આગળ ગુણ અને ગુણીને ભિન્ન-ભિન્ન પદાર્થ માની સંબંધવિશેષપૂર્વક ગુણ-ગુણીવ્યવહારના વિષયમાં શંકા—સમાધાનપૂર્વક વર્ણન કરે છે. શંકા—

**अथ चेद्भिन्नो देशो भिन्ना देशाश्रिता विशेषाश्च।**
**तेषामिह संयोगाद् द्रव्यं दण्डीव दण्डयोगाद्वा॥४१॥**

**અન્વયાર્થ**—(अथ चेत्) જો (इह) અહીં (देशः) દેશ (भिन्नः) જુદો છે (च) તથા (देशाश्रिताः विशेषाः) દેશમાં રહેવાવાળા ગુણો (भिन्नाः) જુદા છે, પણ (दंडयोगात् वा) દંડના સંયોગની માફક (तेषां संयोगात्) એ ગુણોના સંયોગથી (दण्डी इव) 'દંડી' એવા વ્યપદેશની પેઠે (द्रव्यं) 'દ્રવ્ય' સંજ્ઞા થઈ જાય છે, એમ માનવામાં આવે તો?–

**ભાવાર્થ**—શંકાનું રૂપ આ પ્રમાણે છે કે–જેમ દંડ અને પુરુષ જુદા જુદા સિદ્ધ છે અને દંડના સંયોગથી પુરુષ દંડી કહેવાય છે, તે પ્રમાણે દેશ અને દેશાશ્રિત ગુણો જુદા જુદા છે પણ તે દેશાશ્રિત ગુણોના સંયોગથી તે દ્રવ્ય ગુણી કહેવાય છે, જો એમ માનવામાં આવે તો? તેનો ઉત્તર—

**नैवं हि सर्वसङ्करदोषत्वाद्वा सुसिद्धदृष्टान्तात्।**
**तत्किं चेतनयोगादचेतनंचेतनं न स्यात्॥४२॥**

**અન્વયાર્થ**—(एवं न) એમ કહેવું ઠીક નથી, (हि) કારણ કે–એમ માનવામાં (सुसिद्धदृष्टान्तात्) આ પ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા (सर्वसङ्करदोषत्वात्) સર્વસંકરદોષ આવશે (वा) છતાં જો હઠથી એમ જ માનશો, (तत् किं) તો પછી શું (चेतनयोगात्) ચેતનપદાર્થના સંયોગથી (अचेतनं) અચેતનપદાર્થ (चेतनं न स्यात् ?) સચેતન નહિ કહેવાય?

**ભાવાર્થ**—જો ગુણ અને દ્રવ્ય જુદાં જુદાં છે પણ ગુણના સંયોગથી દ્રવ્ય, ગુણી કહેવાય છે તો અમુક દ્રવ્યનો અમુક ગુણ છે, એવો કોઈ નિયામક ન રહેવાથી ગમે તે ગુણનો ગમે તે દ્રવ્યની સાથે સંયોગ થવો સંભવિત હોવાથી ત્યાં સર્વસંકરદોષ ઉપસ્થિત થશે. જો કદાચિત્ હઠાગ્રહવશથી એ સર્વસંકરદોષની પરવા ન કરવામાં આવે તો ઉપર કહેલા 'दंडयोगात्दण्डी' એ પ્રસિદ્ધ દૃષ્ટાંતથી ચેતના નામના સ્વતંત્ર ગુણના સંયોગથી અચેતન પુદ્ગલાદિદ્રવ્ય પણ શું સચેતન નહિ થઈ જાય? અર્થાત્ જરૂર થવાં જોઈએ, એટલે વ્યતિકર નામનો દોષ પણ આવશે; 'सर्वेषां युगपत्प्राप्ति संकर परस्परविषयगमनं व्यतिकरः' અર્થાત્ કોઈ નિયામક ન રહેવાથી કોઈપણ ગુણનો કોઈપણ દ્રવ્યમાં સંયોગ થઈ જવાથી સર્વસંકરદોષ અને 'તેનો આમાં તથા આનો તેમાં' એવો 'પરપસ્પર સંયોગ થઈ જવાથી વ્યતિકરદોષ કહેવાય છે.' એ પ્રમાણે ગુણ-ગુણીનો સંયોગ માનવો એ ઉક્ત દોષોથી દૂષિત હોવાથી ઠીક નથી.

**अथवा विना विशेषैः प्रदेशसत्त्वं कथं प्रमीयेत।**
**अपि चान्तरेण देशैर्विशेषलक्ष्मावलक्ष्यते च कथम्॥४३॥**

**અન્વયાર્થ**—(अथवा) અથવા (विशेषैः विना) દ્રવ્યમાં ગુણોનો સંયોગ થવા પહેલાં ગુણો સિવાય (प्रदेशसत्त्वं कथं प्रमीयेत) તે દ્રવ્યના પ્રદેશોની સત્તા કેવી રીતે જાણી શકાશે? (अपि च) તથા (देशैः अन्तरेण) પ્રદેશો વિના (विशेषलक्ष्म च) ગુણોનું લક્ષણ જ (कथं अवलक्ष्यते) કેવી રીતે લક્ષિત કરી શકાશે?

**ભાવાર્થ**—ગુણોના યોગથી ગુણીને દ્રવ્ય (ગુણી) માનવાવાળાને ઉપર્યુક્ત દોષ સિવાય એક આ પણ દોષ આવવો સંભવિત છે કે—જો ગુણસંયોગ પહેલાં દ્રવ્યમાં કોઈ ગુણ નહોતો તો દ્રવ્યમાં પ્રદેશત્વગુણના નિમિત્તથી થવાવાળી પ્રદેશકલ્પના પણ સંભવ થશે નહિ અને તેના વિના પ્રદેશોની સત્તાના અભાવનો પ્રસંગ આવશે તથા દ્રવ્ય વિના ગુણનું લક્ષણ પણ લક્ષિત કરી શકાશે નહિ.

अथ चैतयोः पृथक्त्वे हठादहेतोश्च मन्यमानेऽपि।
कथमिव गुणगुणिभावः प्रमीयते सत्समानत्वात् ॥४४॥

**અન્વયાર્થ**—(अथ च) જો કદાચિત્ (हठात्) હઠથી (च) તથા (अहेतोः) કોઈપણ યુક્તિ વિના (एतयोः) દ્રવ્ય અને ગુણ એ બંનેમાં (पृथक्त्वेमन्यमाने अपि) ભિન્નતા માનવામાં આવે તોપણ (सत्समानत्वात्) એ બંનેની ભિન્ન-ભિન્ન સત્તા એકસરખી હોવાના કારણથી (गुणगुणिभावः) તેમાં ગુણ–ગુણીપણું (कथं इव प्रमीयते) ભલા કેવી રીતે પ્રમાણિકરૂપથી સિદ્ધ થઈ શકે છે?

**ભાવાર્થ**—છતાં પણ હઠથી તથા કોઈ પણ હેતુ વિના ગુણ અને ગુણીમાં (દ્રવ્યમાં) ભિન્નતા જ માનશો, તો જ્યારે તે બંને ભિન્ન-ભિન્ન સત્તાવાળાં છે ત્યારે તેમાં 'આ ગુણી છે અને આ તેનો ગુણ છે', એવો ગુણ-ગુણીભાવ નિયામક વિના કેવી રીતે બની શકશે? અર્થાત્ સર્વથા ભિન્ન ગુણ અને દ્રવ્ય (ગુણી) બંને સમાનરૂપથી સત્ હોવાથી 'આ ગુણી છે અને આ તેનો ગુણ છે', એવું જ્ઞાન કેવી રીતે કરી શકાશે? સારાંશ—

तस्मादिदमनवद्यं देशविशेषास्तु निर्विशेषास्ते।
गुणसंज्ञकाः कथञ्चित्परिणतिरूपाः पुनः क्षणं यावत् ॥४५॥

**અન્વયાર્થ**—(तस्मात्) એટલા માટે (इदं अनवद्यं) આ જ (સિદ્ધાંત) નિર્દોષ છે કે–(ते निर्विशेषाः देशविशेषाः तु) દ્રવ્યના નિર્ગુણ-નિર્વિશેષો જ (गुणसंज्ञकाः) ગુણ કહેવાય છે (पुनः) અને તે (यावत् क्षणम्) પ્રતિક્ષણ (कथंचित्परिणतिरुपाः) કથંચિત્ પરિણમનશીલ છે.

**ભાવાર્થ**—તેથી જેમાં બીજા વિશેષ (ગુણ) ન હોય એવા દ્રવ્યના પ્રતિ સમય કથંચિત્ પરિણમનશીલ વિશેષોને જ ગુણ કહે છે. કારણ જો ગુણમાં બીજા ગુણ રહેતા હોય, તો ગુણને પણ ગુણીપણાનો પ્રસંગ આવે, તેથી 'निर्विशेष' એવું અહીં વિશેષણ આપ્યું છે. વળી

એ ગુણોને જો પરિણમનશીલ ન કહીએ, તો તેમાં સર્વથા નિત્યપણાનો પ્રસંગ આવે તથા 'કથંચિત્' એ પદ ન આપવામાં આવે, તો તે સર્વથા પરિણમનશીલ થવાથી એકાંત અનિત્ય–ક્ષણભંગુર કહેવાત, તેથી કથંચિત્ પરિણમનશીલ (દ્રવ્યના) નિર્ગુણ વિશેષો જ ગુણ કહેવાવાથી પૂર્વોક્ત (૩૮મા પદ્યનું) કથન નિર્દોષ છે. અહીં શંકા—

**एकत्वं गुणगुणिनोः साध्यं हेतोस्तयोरनन्यत्वात् ।**
**तदपि द्वैतमिव स्यात् किं तत्र निबन्धनं त्विति चेत् ॥४६॥**

**અન્વયાર્થ**—(तयोः) ગુણ અને ગુણીમાં (अनन्यत्वात् हेतोः) અભિન્નતાના કારણથી (गुणगुणिनोः एकत्वं साध्यं) ગુણ અને ગુણીની એકતા આપ સાધવા ઇચ્છો છો, (तु) પરંતુ (तत् अपि) તે એકતા પણ (द्वैतं इव स्यात्) દ્વૈતના જેવી છે, તો (तत्र) તેમાં (किं निबन्धनं) શું કારણ છે? (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારનો પ્રશ્ન છે કે–ગુણગુણીમાં અભિન્નતા હોવાના કારણથી આપ અદ્વૈતપણું (એકત્વ) પણ સિદ્ધ કરવા ઇચ્છો છો તથા તેને કથંચિત્ વિશેષણ લગાવીને દ્વૈતની માફક પણ સિદ્ધ કરવા ઇચ્છો છો, તે કેવી રીતે યુક્તિ-સંગત થઈ શકે છે? અને જો તે યુક્તિસંગત છે, તો તેમાં કારણ શું છે? તેનો ઉત્તર—

**यत्किञ्चिदस्ति वस्तु स्वतः स्वभावे स्थितं स्वभावश्च ।**
**अविनाभावी नियमाद्विवक्षितो भेदकर्ता स्यात् ॥४७॥**

**અન્વયાર્થ**—(यत् किंचित् वस्तु अस्ति) જે કોઈપણ વસ્તુ છે તે બધી (स्वतः) સ્વયં (स्वभावे स्थितं) પોતપોતાના સ્વભાવમાં અવસ્થિત રહે છે, (च) પરંતુ (नियमात् अविनाभावी स्वभावः) નિયમથી અવિનાભાવસંબંધથી રહેવાવાળો વસ્તુનો તે સ્વભાવ જ (विवक्षितः 'सन्') વિવક્ષિત થઈને (भेदकर्ता स्यात्) ગુણ-ગુણીમાં ભેદકર્તા થાય છે.

**ભાવાર્થ**—પ્રત્યેક વસ્તુ અનંત સ્વભાવ–ગુણમય છે અને પ્રત્યેક સ્વભાવ અવિનાભાવી (વસ્તુ વિના નહિ રહેવાવાળો) છે. શબ્દો દ્વારા અનંતગુણોનું પ્રતિપાદન એકસાથે થઈ શકતું નથી, તેથી જે ધર્મની મુખ્યતાપૂર્વક તે વસ્તુનું નિરૂપણ કરવામાં આવે છે તે ધર્મ વિવક્ષિત થતાં તે, બાકીના અવિવક્ષિત ધર્મો ધર્મમય વસ્તુથી ભિન્ન પ્રતીત થાય છે. એ પ્રમાણે કેવળ વિવક્ષાથી જ તે ગુણને ગુણીથી ભિન્ન કહેવામાં આવે છે અર્થાત્ વિવક્ષાવશ જ ગુણ અને ગુણીમાં ભેદ જોવામાં આવે છે, વિવક્ષિતસ્વભાવ જ ભેદનું કારણ છે અને વિવક્ષાના અભાવમાં વસ્તુ વાસ્તવિકપણે પોતાના સ્વભાવોથી (ગુણોથી) અભિન્ન જ પ્રતીત થાય છે. હવે સ્વભાવના સ્વરૂપને તેના પર્યાયવાચક શબ્દો દ્વારા દર્શાવે છે :–

## સ્વભાવ શબ્દનાં પર્યાયવાચક નામ

**शक्तिर्लक्ष्मविशेषो धर्मो रुपं गुणः स्वभावश्च।**
**प्रकृतिः शीलं चाकृतिरेकार्थवाचका अमी शब्दाः॥४८॥**

**અન્વયાર્થ**—(शक्तिः) શક્તિ, (लक्ष्म) લક્ષણ, (विशेषः) વિશેષ, (धर्मः) ધર્મ, (रुपं) રૂપ, (गुणः) ગુણ (च) તથા (स्वभावः) સ્વભાવ, (प्रकृतिः) પ્રકૃતિ, (शीलं) શીલ (च) અને (आकृतिः) આકૃતિ (अमी शब्दाः) એ બધા શબ્દો (एकार्थवाचकाः) એક જ અર્થના વાચક છે.

**ભાવાર્થ**—શક્તિ આદિ બધાય શબ્દો સ્વભાવના પર્યાયવાચક છે. એ પ્રમાણે ગુણ અને ગુણીમાં વિવક્ષિત સ્વભાવ જ ભેદનો કરનાર છે એમ દર્શાવીને હવે પ્રત્યેક દ્રવ્યના અનંત ગુણોની સિદ્ધિ કરે છે.

## દ્રવ્યમાં અનંત ગુણોની સિદ્ધિ

**देशस्यैका शक्तिर्या काचित् सा न शक्तिरन्या स्यात्।**
**क्रमतो वितर्क्यमाणा भवन्त्यनन्ताश्च शक्तयो व्यक्ताः॥४९॥**

**અન્વયાર્થ**—(देशस्य) દેશની–દ્રવ્યની (या काचित् एका शक्तिः) જે કોઈ વિવક્ષિત એક શક્તિ છે (सा) તે (अन्या शक्तिः) અન્ય શક્તિ (न स्यात्) થઈ શકતી નથી, અર્થાત્ પ્રત્યેક શક્તિ સ્વરૂપદૃષ્ટિથી ભિન્ન-ભિન્ન છે, એ પ્રમાણે (क्रमतः वितर्क्यमाणाः) ક્રમપૂર્વક સર્વ શક્તિઓનો વિચાર કરવામાં આવે તો (अनन्ताः च शक्तयः) પ્રત્યેક વસ્તુમાં અનંતી શક્તિઓ (व्यक्ताः भवन्ति) સ્પષ્ટ પ્રતીત થવા લાગે છે.

**ભાવાર્થ**—વસ્તુની પ્રત્યેક શક્તિ પોતપોતાના સ્વરૂપની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન છે, દ્રવ્યની જે કોઈ એક શક્તિનું સ્વરૂપ છે તે જ સ્વરૂપ બીજી શક્તિનું થઈ શકતું નથી, પરંતુ તે જ શક્તિનું કહેવામાં આવે છે. એ પ્રમાણે સંપૂર્ણ શક્તિઓ એક બીજી શક્તિથી પરસ્પર ભિન્ન-ભિન્ન છે. પ્રત્યેક શક્તિ 'આ તે નથી પણ બીજી જ છે' એ પ્રમાણે ક્રમથી તર્કગમ્ય કરવામાં આવે તો અનેકત્વપ્રત્યભિજ્ઞાનાત્મક યુક્તિથી પ્રત્યેક વસ્તુમાં અનંત શક્તિઓ સિદ્ધ થઈ જાય છે, તેથી દ્રવ્યમાં અનંત શક્તિઓ કેવળ આગમગમ્ય જ નથી, પરંતુ યુક્તિગમ્ય પણ છે. દૃષ્ટાંત—

**स्पर्शो रसश्च गन्धो वर्णो युगपद्यथा रसालफले।**
**प्रतिनियतेन्द्रियगोचरचारित्वात्ते भवन्त्यनेकेऽपि॥५०॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (रसालफले) આમ્રફળમાં (स्पर्शः रसः गंधः च वर्णः) સ્પર્શ, રસ,

ગંધ અને વર્ણ એ ચારે ગુણ (युगपत् 'भवन्ति') એકસાથે હોય છે, તેથી (ते) એ બધા (प्रतिनियतेन्द्रियगोचरचारित्वात्) પોતપોતાની ઇન્દ્રિયગોચર વિષય થવાના કારણથી (अनेके अपि भवन्ति) અનેક પણ કહી શકાય છે.

**ભાવાર્થ—'युगपत्'** એ પદથી આમ ધ્વનિત થાય છે કે—દ્રવ્યમાં અનેક ગુણ છે, તેનો એવો અર્થ નથી કે એક જ ગુણ અનેક કાળના પર્યાયોની અપેક્ષાએ નાનાપણાને ધારણ કરે છે; જેમ કે—એક જ જીવ જુદા જુદા કાળમાં દેવાદિપર્યાયો દ્વારા નાનાપણાને પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ દ્રવ્યના એકસાથે રહેવાવાળા અનંત ગુણોમાં (પરસ્પર) પોતપોતાના સ્વરૂપકૃત નાનાપણું છે. તેને અહીં આમ્રફળના દૃષ્ટાંતથી સમજાવ્યું છે કે જેમ એક જ આમ્રફળમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચારે ગુણ એકસાથે હોય છે, તેથી તે પોતપોતાના સ્પર્શનાદિ જુદી જુદી ઇન્દ્રિયોના વિષય હોવાથી અનેક પણ છે, તેવી જ રીતે એક જ દ્રવ્યમાં એકસાથે ઉત્પન્ન થવાવાળા અનંત ગુણો પણ ભિન્ન-ભિન્ન છે. હવે તેને જીવના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે :—

**तदुदाहरणं चैतज्जीवे यद्दर्शनं गुणश्चैकः।**
**तन्न ज्ञानं न सुखं चारित्रं वा न कश्चिदितरश्च॥५१॥**

**અન્વયાર્થ**—(एतत् च तदुदाहरणं) અને આ પણ તેનું ઉદાહરણ થઈ શકે છે, કે—(जीवे) જીવનો (यत् च दर्शनं एकः गुणः) જે દર્શન નામનો એક ગુણ છે, (तत्) તે (न ज्ञानं) ન જ્ઞાનગુણ છે, (न सुखं) ન સુખગુણ છે (न चारित्रं वा कश्चित् इतरः च) તથા ન ચારિત્રગુણ અથવા કોઈ અન્ય ગુણ થઈ શકે છે, પરંતુ તે દર્શન (ગુણ) દર્શનગુણ જ છે.

**ભાવાર્થ**—જોકે દર્શન, જ્ઞાન અને સુખાદિ અનંત ગુણો એક જીવમાં એક જ કાળમાં રહે છે, તોપણ દર્શનગુણનું જે સ્વરૂપ છે તે જ્ઞાનનું વા ચારિત્રનું વા સુખનું વા અન્ય બીજા ગુણોનું થઈ શકતું નથી, કારણ કે પ્રત્યેક ગુણનું પોતપોતાનું સ્વરૂપ ભિન્ન—ભિન્ન છે, તેથી તે અનેક પણ છે.

**एवं यः कोपि गुणः सोपि च न स्यात्तदन्यरुपो वा।**
**स्वयमुच्छलन्ति तदिमा मिथो विभिन्नाश्चशक्तयोऽनन्ताः॥५२॥**

**અન્વયાર્થ**—(एवं) એ પ્રમાણે (यः कः अपि गुणः) દ્રવ્યનો જે કોઈપણ ગુણ છે, (सः अपि च) તે પણ (तदन्यरुपः) તેનાથી ભિન્નરૂપવાળો (न वा स्यात्) થઈ શકતો નથી અર્થાત્ બધાય ગુણો પોતપોતાના સ્વરૂપમાં જ રહે છે, (तत्) તેથી (इमाः) એ (मिथः विभिन्नाः) પરસ્પર ભિન્ન (अनन्ताः च शक्तयः) અનંત શક્તિઓ (ગુણો) (स्वयं उच्छलन्ति) દ્રવ્યમાં સ્વયં ઉછળી રહી છે અર્થાત્ પ્રતિભાસિત થઈ રહી છે.

**ભાવાર્થ**—જે પ્રમાણે આમ્રફળમાં સ્પર્શાદિ ગુણો વા જીવમાં જ્ઞાન દર્શનાદિ ગુણો

પોતપોતાના ભિન્ન-ભિન્ન સ્વરૂપથી સ્થિત છે, તે પ્રમાણે કોઈપણ દ્રવ્યનો કોઈપણ ગુણ અન્ય ગુણસ્વરૂપ નથી. સ્વરૂપદૃષ્ટિથી બધાય ગુણો પોતપોતાના સ્વરૂપસહિત પરસ્પર ભિન્નતાને ધારણ કરે છે, એ પ્રમાણે પ્રત્યેક ગુણના સ્વરૂપ ઉપર દૃષ્ટિ નાખતાં ભિન્ન-ભિન્ન સ્વરૂપવાળા પ્રત્યેક દ્રવ્યના અનંત જ ગુણો સ્વયં પ્રકાશિત થાય છે.

એ પ્રમાણે ૪૯માં પદ્યથી ૫૨ માં પદ્ય સુધી ૪ પદ્યો દ્વારા શક્તિઓની ભિન્નતાને યુક્તિપૂર્વક સિદ્ધ કરીને હવે ગુણોના અવિભાગપ્રતિચ્છેદોને દર્શાવે છે :–

## ગુણોમાં અંશવિભાગ

**तासामन्यतरस्या भवन्त्यनन्ता निरंशका अंशाः।**
**तरतमभागविशेषैरंशच्छेदैः प्रतीयमानत्वात् ॥५३॥**

**અન્વયાર્થ**—(तासां अन्यतरस्याः) એ અનંત શક્તિઓમાંથી કોઈપણ શક્તિના અર્થાત્ પ્રત્યેક શક્તિના (अनंताः निरंशकाः अंशाः भवन्ति) અનંત અવિભાગપ્રતિચ્છેદ થાય છે, કારણ કે–(तरतमभागविशेषैः) પરસ્પર હીનાધિકતારૂપ વિશેષતાને ધારણ કરવાવાળા (अंशच्छेदैः) તે અવિભાગપ્રતિચ્છેદો દ્વારા (प्रतीयमानत्वात्) પ્રત્યેક શક્તિ પ્રતીત થાય છે.

**ભાવાર્થ**—પ્રત્યેક ગુણમાં તેના અંશચ્છેદો દ્વારા જ હીનાધિકતારૂપ વિશેષતા જોવામાં આવે છે, તેથી દ્રવ્યના અનંત ગુણોમાંથી પ્રત્યેક ગુણના તરતમરૂપથી અનંત નિરંશ–અવિભાગી અંશ થાય છે. દૃષ્ટાંત–

**दृष्टान्तः सुगमोऽयं शुक्लं वासस्ततोपि शुक्लतरम्।**
**शुक्लतमं च ततः स्यादंशाश्चैते गुणस्य शुक्लस्य॥५४॥**

**અન્વયાર્થ**—(अयं दृष्टान्तः सुगमः) તેના માટે આ દૃષ્ટાંત સુગમ છે, કે–(वासः) કોઈ વસ્ત્ર (शुक्लं) સફેદ, કોઈ (ततः अपि शुक्लतरं) તેનાથી પણ અધિક સફેદ, તથા કોઈ (ततः च शुक्लतमं) તેનાથી પણ વધારે સફેદ (स्यात्) પ્રતીત થાય છે (एते च) અને તે બધા (शुक्लस्य गुणस्य अंशाः) સફેદગુણના અંશ છે.

**ભાવાર્થ**—દૃષ્ટાંતમાં એક સફેદ વસ્ત્રના સફેદ ગુણને જ લઈએ તો સફેદ જાતિની અપેક્ષાથી સફેદ ગુણના અંશો સફેદ, સફેદતર અને સફેદતમરૂપ કહેવામાં આવે છે, કારણ કે–સ્થૂળપણે સફેદતાની જાતિ આ ત્રણ જ પ્રકારની કહેવામાં આવે છે, પરંતુ જેટલાં કોઈ સફેદ વસ્ત્રો છે તે બધાંની સફેદતામાં કોઈ ને કોઈ અંતર અવશ્ય જોવામાં આવે છે, તેથી જેટલાં સફેદ વસ્ત્રો છે તેટલા પ્રકારના સફેદ ગુણની તરતમતાથી સફેદ ગુણના પણ અંશ થઈ શકે છે. બીજું દૃષ્ટાંત–

**अथवा ज्ञानं यावज्जीवस्यैकोगुणोऽप्यखण्डोऽपि।**
**सर्वजघन्यनिरंशच्छेदैरिव खण्डितोऽप्यनेकः स्यात् ॥५५॥**

**અન્વયાર્થ**—(अथवा) અથવા (जीवस्य) જીવનું (यावत् ज्ञानं) સંપૂર્ણ જ્ઞાન (एकः अपि अखण्डः गुणः अपि) એક તથા અખંડ ગુણ છે, તોપણ તે (सर्व जघन्यनिरंशच्छेदैः) સર્વજઘન્ય અવિભાગપ્રતિચ્છેદો દ્વારા (खण्डितः इव) ખંડિત જેવું થઈને (अनेकः अपि स्यात्) કથંચિત્ અનેક પણ છે–કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—જોકે અભેદદષ્ટિથી જીવનો જ્ઞાનગુણ એક અને અખંડ ગુણ છે, તોપણ તે અવિભાગપ્રતિચ્છેદોની દષ્ટિએ ખંડિત થઈને અનેક પણ કહેવામાં આવે છે, અર્થાત્ સર્વજઘન્યજ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદો દ્વારા જ્ઞાનના અનંતાનંત અવિભાગપ્રતિચ્છેદો માનવામાં આવ્યા છે; કેવળજ્ઞાનના અર્ધવિભાગ કરતાં કરતાં જ્યારે તેના અર્ધવિભાગ ન થઈ શકે ત્યારે તેને એક અવિભાગપ્રતિચ્છેદ કહે છે. એ પ્રમાણે જ્ઞાનમાં અનંતાનંત અવિભાગપ્રતિચ્છેદ છે.

જે પ્રમાણે સમય દ્વારા કાળની તથા પ્રદેશ દ્વારા ક્ષેત્રની ગણના કરવામાં આવે છે, તે પ્રમાણે અવિભાગપ્રતિચ્છેદો વડે ગુણાંશોની ગણના કરવામાં આવે છે તે, જે પ્રમાણે અનિરુદ્ધકાલાંશને સમય તથા એક પરમાણુગત આકાશને પ્રદેશ કહે છે, તે પ્રમાણે ગુણના સંપૂર્ણ અવિભાગપ્રતિચ્છેદોના અર્ધચ્છેદો કરતાં કરતાં જ્યાં તેનો ફરીથી અર્ધચ્છેદ ન થઈ શકે ત્યાં તે અંશને એક અવિભાગપ્રતિચ્છેદ કહે છે અને તે અવિભાગપ્રતિચ્છેદો વડે ગુણના અંશોની ગણના કરવામાં આવે છે.

**વિશેષાર્થ**—'સૂક્ષ્મ નિગોદિયા લબ્ધ્યપર્યાપ્તક જીવને અક્ષરના અનંતમા ભાગે જઘન્ય જ્ઞાન છે, તે જ્ઞાનમાં પણ અનંત અંશ (અવિભાગ પ્રતિચ્છેદ) છે, તે જ નિગોદિયાની ઉપરની ઉત્તરોત્તર અવસ્થાઓમાં થોડી થોડી જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે. દ્વીન્દ્રિય આદિ ત્રસ પર્યાયમાં વિશેષ વૃદ્ધિ થાય છે, વધતાં વધતાં તે જીવનો જ્ઞાન ગુણ એટલો વિશાળ થઈ જાય છે, કે ચરાચર જગતની પ્રતિક્ષણે થનારી સર્વ અવસ્થાઓને એકસાથે સ્પષ્ટપણે જાણવા માંડે છે. આ જાતની વૃદ્ધિમાં સૌથી જઘન્ય વૃદ્ધિને જ એક અંશ કહે છે. તેનું જ નામ અવિભાગ પ્રતિચ્છેદ છે. વિચારશીલ જીવ અનુભવી શકે છે, કે એક જ જ્ઞાનગુણમાં જઘન્ય અવસ્થાથી લઈને ક્યાં સુધી વૃદ્ધિ થાય છે. બસ આ જ ક્રમે થતો વૃદ્ધિ ભેદ સિદ્ધ કરે છે કે જ્ઞાન ગુણના ઘણા અંશો છે, કે જે હીનાધિક રૂપે જણાય છે. એવી જ રીતે પ્રત્યેક ગુણના અંશ અનંત અનંત છે. એનું જ નામ અવિભાગ પ્રતિચ્છેદ છે.

## દેશાંશની માફક ગુણાંશ નથી

**देशच्छेदो हि यथा न तथा छेदो भवेद्गुणांशस्य।**
**विष्कम्भस्य विभागात्स्थूलो देशस्तथा न गुणभागः ॥५६॥**

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (यथा) જેમ (विष्कम्भस्यविभागात्) વિષ્કંભના વિભાગથી એટલે ચોડાઈના પ્રમાણથી (देशच्छेदः) દેશનો છેદ થાય છે (तथा) તેમ (गुणांशस्य) ગુણાંશનો (छेदो न भवेत्) છેદ થતો નથી, કારણ કે–('यथा') જેમ (देशः) તે દેશદેશાંશ (स्थूल) સ્થૂળ હોય છે (तथा) તેમ (गुणभागः न) ગુણાંશ સ્થૂળ હોતા નથી.

**ભાવાર્થ**—જે પ્રમાણે નં. ૨૪ મા પદ્યમાં વિષ્કંભક્રમથી એટલે તિર્યક્-અંશકલ્પનાથી આકાશના આંગળ, વેંત, હાથ, ધનુષ વગેરે અંશવિભાગ બતાવ્યા છે, તે પ્રમાણે અર્થાત્ તિર્યક્અંશકલ્પનાથી ગુણોની અંશકલ્પના થતી નથી, કારણ કે—જે પ્રમાણે દેશ અને દેશાંશ સ્થૂળ છે તે પ્રમાણે ગુણ અને ગુણાંશ સ્થૂળ નથી, પરંતુ ગુણોની અંશકલ્પના ગુણોના અવિભાગપ્રતિચ્છેદોના તરતમભાવથી દર્શાવવામાં આવે છે, કારણ કે ગુણો સ્વભાવથી પ્રવાહરૂપ છે, તેથી ગુણાંશકલ્પનાને વિષ્કંભક્રમ ન કહેતાં પ્રવાહક્રમ કહે છે.

સારાંશ આ છે કે—વિષ્કંભક્રમ, સ્વક્ષેત્ર, દેશાંશ અને તિર્યક્અંશકલ્પના એ બધા વિષ્કંભક્રમના જ પર્યાયવાચક શબ્દો છે, તથા પ્રવાહક્રમ, સ્વભાવ, ગુણાંશ અને ઉર્ધ્વાંશકલ્પના એ બધા પ્રવાહક્રમના જ પર્યાયવાચક શબ્દો છે. ગુણોમાં સ્થૂળતા ન હોવાથી તેનો વિષ્કંભક્રમથી તરતમભાવ કાઢી શકાતો નથી, એ જ ભાવને ગ્રંથકાર આગળ સ્પષ્ટ કરે છે.

## ગુણભાગનો ક્રમ

**क्रमोपदेशश्चायं प्रवाहरुपो गुणः स्वभावेन।**
**अर्धच्छेदेन पुनच्छेत्तव्योपि च तदर्धछेदेन॥५७॥**

**एवं भूयो भूयस्तदर्धछेदैस्तदर्धैछेदैश्च।**
**यावच्छेत्तुमशक्यो यः कोऽपि निरंशको गुणांशःस्यात्॥५८॥**

**तेन गुणांशेन पुनर्गणिताः सर्वे भवन्त्यनन्तास्ते।**
**तेषामात्मा गुण इति न हि ते गुणतःपृथक्त्वसत्ताकाः॥५९॥**

**અન્વયાર્થ**—(क्रमोपदेशः च अयं) એ તરતમભાવરૂપ ગુણભાગના ક્રમનો ઉપદેશ આ પ્રમાણે છે કે–(गुणः स्वभावेन प्रवाहरुपः) ગુણ સ્વભાવથી જ પ્રવાહરૂપ છે, તેથી (अर्धच्छेदेन छेत्तव्यः) અર્ધચ્છેદરૂપથી છેદવા જોઈએ (च) તથા એ અર્ધભાગને (तदर्धच्छेदेन) તે અર્ધચ્છેદરૂપથી (पुनः च छेत्तव्यः) ફરી પણ છેદવો જોઈએ.

(एवं) એ પ્રમાણે (भूयो भूयः) વારંવાર (तदर्धच्छेदैः) વિભાજિતઅંશનો તેના અર્ધચ્છેદરૂપથી (च) તથા જે વિભાજિત અંશ આવે, તેને પણ ફરી (तदर्धच्छेदैः) તેના અર્ધચ્છેદો દ્વારા ત્યાં સુધી

વિભાજિત કરતા જવું કે (यावत्) જ્યાં સુધી તે ગુણાંશ (છેત્તું अशक्यः) ફરીથી છેદ્યો જાય નહિ, એવો ફરી (यः कः अपि) જે કોઈપણ (निरंशकः गुणांशः स्यात्) નિરંશ એટલે અવિભાજિત ગુણાંશ આવે–

(तेन गुणांशेन) તે સર્વજઘન્ય અવિભાગ પ્રતિચ્છેદથી (पुनः) જો (सर्वे गणिताः) સર્વ ગુણાંશ ગણવામાં આવે તો (ते अनन्ता भवन्ति) તે અનંત થાય છે તથા (तेषां आत्मा गुणः इति) તે બધાય ગુણાંશોનો આત્મા જ ગુણ કહેવાય છે, તથા (ते) એ બધા ગુણાંશ (हि) નિશ્ચયથી (गुणतः) ગુણથી (पृथक्त्वसत्ताकाः न) જુદી સત્તાવાળા નથી.

**ભાવાર્થ**—એક ગુણમાં જેટલા અવિભાગ પ્રતિચ્છેદ છે તેમાં બે નો ભાગ ત્યાં સુધી આપતા જવું કે જ્યાં સુધી અવિભાગપ્રતિચ્છેદ, અર્થાત્ છેદ કરતાં કરતાં ફરી છેદ ન થઈ શકે એવો અંશ જ્યારે નીકળે ત્યારે તેને એક અવિભાગ પ્રતિચ્છેદ કહે છે, એ પ્રમાણે પ્રત્યેક ગુણમાં અનંત અવિભાગપ્રતિચ્છેદ થાય છે. જે પ્રમાણે ગુણમય દ્રવ્ય છે અને તે ગુણ અનંત હોવા છતાં પણ દ્રવ્યથી ભિન્ન કહી શકાતા નથી, તે પ્રમાણે પ્રત્યેક ગુણના ગુણાંશ પણ અનંત છે તથા તે ગુણથી ભિન્ન નથી. ગુણાંશોના સમુદાયને જ ગુણ સમજવા અને એ ગુણાંશો દ્વારા જ ગુણોનો તરતમભાવ જાણી શકાય છે.

### અંશના પર્યાયવાચક શબ્દો

**अपि चांशः पर्यायो भागो हारो विधा प्रकारश्च।**
**भेदश्छेदो भंगः शब्दाश्चैकार्थवाचका एते।।६०।।**

**અન્વયાર્થ**—(अपि च) તથા (अंशः) અંશ, (पर्यायः) પર્યાય, (भागः) ભાગ, (हारः) હાર, (विधा) વિધ, (प्रकारः) પ્રકાર (च) અને (भेदः) ભેદ, (छेदः) છેદ (च) તથા (भंगः) ભંગ (एते शब्दाः) એ બધા શબ્દો (एकार्थ वाचकाः) એક જ અર્થના વાચક છે, અર્થાત્ તેનો બીજો અર્થ નથી.

**ભાવાર્થ**—પર્યાય આદિ બધા શબ્દો એક અંશશબ્દના જ પર્યાયવાચક છે, તેથી :–

### ગુણાંશ જ ગુણપર્યાય છે.

**सन्ति गुणांशा इति ये गुणपर्यायास्ते एव नाम्नाऽपि।**
**अविरुद्धमेतदेव हि पर्यायाणामिहांशधर्मत्त्वात्।।६१।।**

**અન્વયાર્થ**—(ये गुणांशाः इति सन्ति) જે કોઈ ગુણાંશ કહેવાય છે, (ते एव) તે જ (नाम्ना) નામથી (गुणपर्यायाः अपि) ગુણપર્યાય કહેવામાં આવે છે. (एतत् अविरुद्ध एव) ગુણાંશોને જ ગુણપર્યાય કહેવા એ અવિરુદ્ધ છે, (हि) કારણ કે–(इह) અહીં (पर्यायाणां) પર્યાયોના (अंशधर्मत्वात्) અંશ જ ધર્મસ્વરૂપ માનવામાં આવ્યા છે.

**ભાવાર્થ**—ગુણોમાં અંશકલ્પના કરવી એ જ તેના પર્યાયોનું સ્વરૂપ છે. એમ 'पर्यायाणामेतद्धर्मं यत्त्वंशकल्पनं द्रव्ये' એ શ્લોકાર્ધથી ગ્રંથકારે ગાથા ૨૬માં પહેલાં પણ સૂચિત કર્યું હતું, તેથી અંશ અને પર્યાય એ એક જ અર્થના વાચક હોવાથી ગુણાંશોને ગુણપર્યાય કહેવામાં કોઈ વિરોધ નથી.

## ગુણપર્યાયનાં નામાંતર

**गुणपर्यायाणामिह केचिन्नामान्तरं वदन्ति बुधाः।**
**अर्थो गुण इति वा स्यादेकार्थादर्थपर्यया इति च॥६२॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (केचित् बुधाः) કોઈ કોઈ વિદ્વાન (अर्थः गुणः इति वा स्यात्) અર્થ કહો વા ગુણ કહો એ બંનેનો (एकार्थात्) એક જ અર્થ હોવાથી (अर्थपर्ययाः इति च) અર્થપર્યાયને જ (गुणपर्यायाणां नामान्तरं वदन्ति) ગુણપર્યાયોનું જ બીજું નામ કહે છે.

**ભાવાર્થ**—અર્થ અને ગુણ એ બંને શબ્દ, તથા અંશ અને પર્યાય એ બંને શબ્દ એકાર્થવાચક છે, તેથી કોઈ કોઈ આચાર્ય ગુણપર્યાયને અર્થપર્યાય પણ કહે છે. સારાંશ આ છે કે સ્વકાળ, ઉર્ધ્વાંશકલ્પના, ગુણાંશ, ગુણપર્યાય અને અર્થપર્યાય એ બધા શબ્દોમાં કેવળ શબ્દભેદ છે પણ અર્થભેદ કાંઈ નથી.

## દ્રવ્યપર્યાયનાં નામાન્તર

**अपि चोद्दिष्टानामिह देशांशैर्द्रव्यपर्ययाणां हि।**
**व्यंजनपर्याया इति केचिन्नामान्तरं वदन्ति बुधाः॥६३॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (केचित् बुधाः) કોઈ કોઈ વિદ્વાન (इह) અહીં (देशांशैः उद्दिष्टानां) દેશાંશો દ્વારા નિર્દિષ્ટ (द्रव्यपर्यायाणां हि) દ્રવ્યપર્યાયોનું જ (व्यंजनपर्यायाः इति नामान्तरं वदन्ति) વ્યંજનપર્યાય એવું બીજું નામ પણ કહે છે.

**ભાવાર્થ**—દેશ અને દેશાંશનું નિરૂપણ કરતી વેળા ગ્રંથકારે જે દેશાંશોનું નામ દ્રવ્યપર્યાય કહ્યું છે, તેને જ કોઈ કોઈ આચાર્ય વ્યંજનપર્યાય પણ કહે છે, અર્થાત્ દેશાંશ, દ્રવ્યપર્યાય, તિર્યક્અંશકલ્પના અને વ્યંજનપર્યાય એ બધાનો એક જ અર્થ છે. શંકા—

**ननु मोघमेतदुक्तं सर्वं पिष्टस्यपेषण न्यायात्।**
**एकेनैव कृतं यत् स इति यथा वा तदंश इति वा चेत्॥६४॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું છે, કે–(पिष्टस्यपेषण न्यायात्) પિષ્ટપેષણ એટલે પીસેલાને પીસવાના ન્યાયથી (उक्तं एतत् सर्वं) ઉપર કહેલું બધું (मोघं) વ્યર્થ છે. (यत्) કારણ કે–(एकेन एव कृतं) કોઈ એકથી જ કામ ચાલી શકે છે. (यथा) જેમ કે–(सः इति वा तदंशः इति वा) ભલે ગુણ માની લ્યો અથવા ગુણાંશ માની લ્યો! (चेत्) જો એમ કહેવામાં આવે તો–

**ભાવાર્થ**—કેવળ ગુણ અથવા ગુણાંશના કથનથી બોધ થવો સંભવિત હોવા છતાં પણ ગુણ અને ગુણાંશ એ બંનેની જુદી કલ્પના કરવી, એ પિષ્ટપેષણન્યાયથી નિરર્થક છે. તેનો ઉત્તર–

**तन्नैवं फलवत्वाद् द्रव्यादेशादवस्थितं वस्तु।**
**पर्यायादेशादिदमनवस्थितमिति प्रतीतत्वात् ॥६५॥**

**અન્વયાર્થ**—(तन्न) એ પ્રમાણે કહેવું ઠીક નથી. કારણ કે–(एवं) એ પ્રકારે કહેવાથી આ કથન (फलवत्वात्) સાર્થક થાય છે, કે–(इदं वस्तु) આ વસ્તુ (द्रव्यादेशात्) દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ (अवस्थितं) અવસ્થિત છે તથા (पर्यायादेशात्) પર્યાયાર્થિકનયની અપેક્ષાએ (अनवस्थितं) અનવસ્થિત છે, (इति) એ પ્રકારની (प्रतीतत्वात्) પ્રતીતિ થાય છે.

**ભાવાર્થ**—ગુણ અને ગુણાંશોનું માનવું એટલા માટે સાર્થક છે કે—સામાન્યપણાથી એટલે દ્રવ્યાર્થિકનયથી કોઈપણ દ્રવ્યનો અવસ્થિત સામાન્ય અંશ નિરંતર એકસરખો પ્રતીત થાય છે, જો ગુણાંશને ન માનતાં કેવળ ગુણ જ માનવામાં આવે તો પ્રત્યેક દ્રવ્યના ગુણોમાં વિશેષતાની પ્રતીતિ જ ન થાત; પર્યાયાર્થિકનયથી પ્રત્યેક વસ્તુના પ્રત્યેક ગુણમાં તરતમરૂપથી વિશેષતા પ્રતીત થાય છે અને એ વિશેષતા કદી પણ પોતાના સામાન્યનું ઉલ્લંઘન કરતી નથી, જેમ કે—લબ્ધ્યપર્યાપ્તકનિગોદિયા જીવના જઘન્યજ્ઞાનથી માંડીને કેવળજ્ઞાનીના પૂર્ણ જ્ઞાન સુધી તરતમતા હોવા છતાં પણ જ્ઞાનપણાનું ઉલ્લંઘન થતું નથી, અર્થાત્ જ્ઞાન ભલે ઓછામાં ઓછું હોય અથવા પૂર્ણમાં પૂર્ણ હોય, પરંતુ તે જ્ઞાનપણાનું ઉલ્લંઘન કરી શકતું નથી. જો એકલા ગુણાંશ જ ગુણ માનવામાં આવે તો સામાન્યપણાનો અભાવ થવાથી એ વિશેષની પણ સિદ્ધિ થઈ શકતી નથી તથા વિશેષનિરપેક્ષ એકલા ગુણસામાન્યને જ હઠપૂર્વક માનવાથી કૂટસ્થવત્ નિરંશદ્રવ્ય માનવાનો પ્રસંગ આવશે અને ગુણસામાન્યનિરપેક્ષ કેવળ વિશેષ એટલે ગુણાંશને જ માનવાથી વસ્તુને ક્ષણિકતાનો પ્રસંગ આવશે, પરંતુ એ બંનેય નિરપેક્ષ સિદ્ધ થઈ શકતા નથી, તેથી પરસ્પરની સાપેક્ષતાથી દિગ્દર્શનપૂર્વક વસ્તુનું સ્વરૂપ દર્શાવવા અર્થે ગુણ અને ગુણાંશ બંનેને માનવા ઉપયોગી છે. એને જ પટ (વસ્ત્ર) તથા જ્ઞાનના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે, ત્યાં પ્રથમ પટનું દૃષ્ટાંત કહે છે :–

**स यथा परिणामात्मा शुक्लादित्वादवस्थितश्च पटः।**
**अनवस्थितस्तदंशैस्तरतमरुपैर्गुणस्य शुक्लस्य ॥६६॥**

**અન્વયાર્થ**—(स यथा) તે આ પ્રમાણે છે, જેમ કે (परिणामात्मापटः) પરિણમનશીલપટ (शुक्लादित्वात् अवस्थितः) શુક્લાદિપણાથી અવસ્થિત છે (च) તથા (शुक्लस्य गुणस्य) શુક્લગુણના (तरतमरुपैः तदंशैः) પ્રતિસમય તરતમતા ધારણ કરવાવાળા પોતાના અંશોની અપેક્ષાએ (अनवस्थितः) અનવસ્થિત છે.

**ભાવાર્થ**—જેમ પટની (વસ્ત્રની) શુક્લતામાં અંતર પડવા છતાં પણ તે સામાન્યપણાથી શુક્લ જ કહેવાય છે, તેથી સામાન્યપણાથી પટ (વસ્ત્ર) અવસ્થિત છે તથા શુક્લગુણના અંશોની તરતમતાથી પ્રતિસમય શુક્લતામાં પણ હિનાધિકતાની પ્રતીતિ થાય છે, તેથી તે પટ અનવસ્થિત છે. હવે જ્ઞાનનું દૃષ્ટાંત કહે છે :–

अपि चात्मा परिणामी ज्ञानगुणत्वादवस्थितोऽपि यथा।
अनवस्थितस्तदंशैस्तरतमरुपैर्गुणस्य बोधस्य ॥६७॥

**અન્વયાર્થ**—(अपि च) તથા બીજું દૃષ્ટાંત આ છે, કે–(यथा) જેમ (परिणामी आत्मा) પરિણમનશીલ આત્મા (ज्ञानगुणत्वात् अवस्थितः अपि) જોકે જ્ઞાનગુણપણાથી અવસ્થિત છે, તોપણ (बोधस्य गुणस्य) જ્ઞાનગુણના (तरतमरुपैः तदंशैः) તરતમરૂપ પોતાની અપેક્ષાએ (अनवस्थितः) અનવસ્થિત છે.

**ભાવાર્થ**—આત્મામાં જ્ઞાનની તરતમતા હોવા છતાં પણ સામાન્યજ્ઞાનરૂપથી તે અવસ્થિત છે અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી આત્મા નિરંતર સદૃશ જ્ઞાનવાન છે, પરંતુ જ્ઞાનગુણની હિનાધિકતાથી આત્મદ્રવ્ય સદૃશસ્થિતિમાં નથી રહેતું, તેથી તે અનવસ્થિત પણ છે. (કથંચિત્ અનિત્ય પણ છે.)[1]

## ગુણાંશકલ્પનાના અભાવમાં

यदि पुनरेवं न भवति भवति निरंशं गुणांशवद्द्रव्यं।
यदि वा कीलकवदिदं भवति न परिणामि वा भवेत्क्षणिकम् ॥६८॥

**અન્વયાર્થ**—(यदि पुनः एवं न भवति) જો ઉપરના કથનાનુસાર ગુણ–ગુણાંશની કલ્પના ન માનવામાં આવે તો (द्रव्यं गुणांशवत् निरंशं भवति) દ્રવ્ય, ગુણાંશની પેઠે નિરંશ થઈ જાત (यदि वा) અથવા (इदं कीलकवत् भवति) તે દ્રવ્ય, ફૂટસ્થની માફક નિત્ય થઈ જાત (परिणामि न) પરિણમનશીલ બિલકુલ ન હોત (वा) અથવા (क्षणिकं भवेत) ક્ષણિક થઈ જાત.

अथचेदिदमाकूतं भवन्त्वनन्ता निरंशका अंशाः।
तेषामपि परिणामो भवतु समांशो न तरतमांशः स्यात् ॥६९॥

---

૧. પદાર્થોની અવસ્થા ભેદના નિમિત્તે મુક્ત જીવોના જ્ઞાનમાં પણ પરિણમન થાય છે, તેથી મુક્ત આત્માઓમાં પણ કથંચિત્ અનિત્યતા સિદ્ધ થાય છે.

**અન્વયાર્થ**—(अथ इदं आकूतं चेत्) અથવા જો તમારો આવો અભિપ્રાય હોય કે–(अनन्ताः निरंशकाः अंशाः भवन्तु) અનંત અવિભાગી ગુણાંશોનું માનવું તો ઠીક છે, (अपि) પરંતુ (तेषां परिणामः) એ બધા નિરંશઅંશોનું પરિણમન (समांशः भवतु) સમાંશ અર્થાત્ એકસરખું હોવું જોઈએ, (तरतमांशः न स्यात्) પણ તરતમરૂપ (તીવ્ર–મંદરૂપ) ન હોવું જોઈએ.

**ભાવાર્થ**—દ્રવ્યાર્થિકનયથી વસ્તુ અવસ્થિત છે તથા પર્યાયાર્થિકનયથી વસ્તુ અનવસ્થિત છે, એ પ્રકારની (વસ્તુમાં) પ્રતીતિ હોવાના કારણથી ગુણ-ગુણાંશની કલ્પના સાર્થક છે, એવું પહેલાં સિદ્ધ કર્યું છે. હવે એ જ (વસ્તુસ્વરૂપને) દૃઢ કરવા માટે વ્યતિરેકરૂપથી ઉહાપોહ કરવામાં આવે છે કે–જો ગુણગુણાંશ–કલ્પના માનવામાં ન આવે તો દ્રવ્યના સ્વરૂપમાં ચાર અનિષ્ટપક્ષો ઉત્પન્ન થવાનો પ્રસંગ આવશે, અને તે આ પ્રમાણે :–

૧. એક ગુણાંશની માફક દ્રવ્યને નિરંશ માનવું પડશે, ૨. દ્રવ્યમાં માત્ર ગુણોનો જ સદ્ભાવ માનવાથી કીલકની માફક તે કૂટસ્થ એટલે અપરિણામી માનવું પડશે, ૩. ગુણો સિવાય માત્ર ગુણાંશકલ્પના જ માનતાં તેને (દ્રવ્યને) ક્ષણિક માનવું પડશે, તથા ૪. ગુણોના અનંત અંશો માનવા છતાં પણ તેનું સમાન પરિણમન માનવું પડશે, પણ તરતમઅંશરૂપ નહિ મનાય.

एतत्पक्षचतुष्टयमपि दुष्टं दृष्टबाधितत्वाच्च।
तत्साधक प्रमाणाभावादिह सोप्यदृष्टान्तात् ॥७०॥

**અન્વયાર્થ**—(एतत् पक्षचतुष्टयं अपि दुष्टं) ઉપરના ચારે પક્ષ પણ દોષયુક્ત છે, કારણ કે–(दृष्टबाधितत्वात्) તે પ્રત્યક્ષરૂપથી બાધિત છે (च) અને એ પ્રત્યક્ષબાધિત એટલા માટે છે, કે–(तत्साधक प्रमाणाभावात्) એ પક્ષોને સિદ્ધ કરવાવાળું કોઈ પ્રમાણ નથી (सः अपि) તથા તેના સાધક પ્રમાણનો અભાવ એટલા માટે છે, કે–(इह अदृष्टान्तात्) એ પક્ષોની સિદ્ધિને માટે આ લોકમાં કોઈ દ્રષ્ટાંત પણ મળી શકતું નથી.

**ભાવાર્થ**—દ્રષ્ટાંત દ્વારા 'સાધનવ્યાપ્ત સાધ્યરૂપ ધર્મ મળી જવાથી પક્ષની સિદ્ધિ થાય છે' એ ન્યાયથી ઉપરના ચારે પક્ષોની સિદ્ધિ માટે જગતમાં કોઈપણ દ્રષ્ટાંત મળવું જ અસંભવિત છે. માટે તેનું સાધક પ્રમાણ કે દ્રષ્ટાંત ન મળવાથી ઉપરનું કથન ઠીક નથી, કારણ કે કેવળ પ્રતિજ્ઞામાત્રથી કાંઈ સાધ્યની સિદ્ધિ થતી નથી. એ પ્રમાણે ગાથા નં. ૩૮ થી નં. ૭૦ સુધી દ્રવ્યસામાન્યનું નિરૂપણ કરતાં "गुणसमुदायो द्रव्यं" એ લક્ષણ કેવી રીતે યુક્તિસંગત થાય છે, તેનું નિરૂપણ કરીને હવે કોઈ જિજ્ઞાસુ દ્વારા પ્રશ્ન થતાં ગ્રંથકાર લક્ષણપૂર્વક દ્રવ્યવિશેષનું નિરૂપણ કરે છે.

## દ્રવ્યવિશેષનું કથન

द्रव्यत्त्वंकिन्नाम पृष्टश्चेतीह केनचित् सूरिः।
प्राह प्रमाणसुनयैरधिगतमिव लक्षणं तस्य ॥७१॥

**અન્વયાર્થ**—(इह च) અહીં (किंनाम द्रव्यं) દ્રવ્યપણું શું છે? (इति) એ પ્રમાણે (केनचित् पृष्टः सूरिः) કોઈ જિજ્ઞાસુ દ્વારા પ્રશ્ન થતાં આચાર્ય (प्रमाण सुनयैः) સમ્યક્પ્રમાણ અને નયો દ્વારા (अधिगतं इव) જ્ઞાત એટલે પોતે અનુભવ કર્યા સમાન (तस्य लक्षणं प्राह) એ દ્રવ્યના લક્ષણને કહે છે.

**ભાવાર્થ**—હવે "દ્રવ્યત્વ કોને કહે છે?" એ પ્રકારનો પ્રશ્ન થતાં આચાર્ય પોતે એવી સરલ રીતિથી દ્રવ્યના સ્વરૂપનું નિરૂપણ કરે છે, કે જે લક્ષણ સમ્યક્પ્રમાણ અને નયો દ્વારા સારી રીતે અનુભવ કર્યા બરાબર થઈને બીજાના અનુભવમાં પણ આવી શકે.

### દ્રવ્યનું લક્ષણ

**गुणपर्ययवद्द्रव्यं लक्षणमेतत्सुसिद्धमविरुद्धम्।**
**गुणपर्ययसमुदायो द्रव्यं पुनरस्य भवति वाक्यार्थः॥७२॥**

**અન્વયાર્થ**—(गुणपर्ययवत् द्रव्यं) જે ગુણપર્યાયવાળું છે, તે દ્રવ્ય છે. (एतत् लक्षणं) એ દ્રવ્યનું લક્ષણ (सुसिद्धं) પ્રસિદ્ધ તથા (अविरुद्धं) અવિરુદ્ધ છે, (पुनः) વળી (गुणपर्यय समुदायः द्रव्यं) ગુણ અને પર્યાયોનો સમૂહ જ દ્રવ્ય છે અને એ જ (अस्य वाक्यार्थः भवति) એ દ્રવ્યના લક્ષણનો વાક્યાર્થ છે.

**ભાવાર્થ**—ગુણ–પર્યાયવાનને દ્રવ્ય કહે છે. એમાં દ્રવ્ય લક્ષ્ય તથા ગુણ–પર્યાય તેનું લક્ષણ છે. દ્રવ્યના એ પ્રસિદ્ધ લક્ષણમાં કોઈપણ પ્રકારનો દોષ આવતો નથી, માટે એ દ્રવ્યનું અવિરોધરૂપ લક્ષણ છે. "गुणपर्ययवत् द्रव्यं" એનો અર્થ જ "गुणपर्यायसमुदायो द्रव्यं" છે. કારણ કે "गुणपर्ययवत्" અહીં જે "वत्" પ્રત્યય છે, તે અભેદપક્ષમાં છે. માટે ગુણોનો ને પર્યાયોનો સમુદાય તથા ગુણ અને તેની પર્યાયવાળાને દ્રવ્ય કહેવામાં કોઈ અંતર પડતું નથી.

### પ્રકારાન્તરથી દ્રવ્યનું લક્ષણ

**गुणसमुदायोद्रव्यं लक्षणमेतावताऽप्युशन्ति बुधाः।**
**समगुणपर्यायो वा द्रव्यं कैश्चिन्निरुप्यते वृद्धैः॥७३॥**

**અન્વયાર્થ**—(गुणसमुदायः द्रव्यं) ગુણોના સમુદાયને દ્રવ્ય કહે છે. (एतावता अपि) કેવળ એટલાથી પણ (बुधाः) કોઈ આચાર્ય (लक्षणंउशन्ति) દ્રવ્યનું લક્ષણ કહે છે (वा) અથવા (कैश्चित् वृद्धैः) કોઈ કોઈ વૃદ્ધઆચાર્યોએ (समगुण पर्यायः) યુગપત્ સંપૂર્ણ ગુણ–પર્યાયોને જ (द्रव्यं निरुप्यते) દ્રવ્ય કહ્યું છે.

**ભાવાર્થ**—કોઈ આચાર્યોએ કેવળ ગુણસમુદાયને દ્રવ્ય માન્યું છે તથા કોઈ આચાર્યોએ યુગપત્ સંપૂર્ણ ગુણ અને પર્યાયોને (સમગુણપર્યાયોને) દ્રવ્યનું લક્ષણ માન્યું છે. અર્થાત્ દ્રવ્યનું

સ્વરૂપ આચાર્યોએ એક "ગુણપર્યાયવત્ દ્રવ્યં", બીજું "ગુણપર્યયસમુદાયો દ્રવ્યં", ત્રીજું "ગુણસમુદાયો દ્રવ્યં" અને ચોથું "સમગુણપર્યાયો દ્રવ્યં", એ પ્રમાણે ચાર રૂપથી પ્રતિપાદિત કર્યું છે; પરંતુ એ ચારેનો અર્થ એક જ છે. હવે આગળ ગ્રંથકાર "સમગુણપર્યાયો દ્રવ્યં" એ દ્રવ્યના લક્ષણનો ખુલાસો કરે છે.

## સમગુણપર્યાયનો સ્પષ્ટાર્થ

**अयमत्राभिप्रायो ये देशाः तद्गुणास्तदंशाश्च।**
**एकालापेन समं द्रव्यं नाम्ना तएव निःशेषम्।।७४।।**

**અન્વયાર્થ**—(अत्र) અહીં (अयं अभिप्रायः) આ અભિપ્રાય છે, કે–(ये) જે (देशाः) દેશ અને (तद्गुणाः) તેના ગુણો (च) તથા (तद्दंशाः) તેના અંશ અર્થાત્ દેશાંશ અને ગુણાંશ છે (ते एव) તેને જ (निःशेषं) સર્વ (समं) એકસાથે (एकालापेन) એક આલાપ દ્વારા (नाम्ना) નામેથી (द्रव्यं) દ્રવ્ય કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—દેશ, દેશાંશ, ગુણ અને ગુણાંશરૂપ સ્વચતુષ્ટયને જ એકસાથે એક વાક્ય દ્વારા દ્રવ્ય કહે છે. ભેદવિવક્ષાથી દ્રવ્યનું સ્વરૂપ સમજાવવા માટે સ્વચતુષ્ટયનું નિરૂપણ કર્યું છે તથા તેને જ અભેદવિવક્ષાથી એક શબ્દમાં 'દ્રવ્ય' કહેવામાં આવે છે, એ જ 'સમગુણપર્યાય' શબ્દનો ખુલાસો છે.

## ગુણાદિકના સંન્નિપાતને દ્રવ્ય કહેતા નથી.

**नहि किंचित्सद्द्रव्यं केचित्सन्तो गुणाः प्रदेशाश्च।**
**केचित्सन्ति तदंशाः द्रव्यं तत्सन्निपाताद्वा।।७५।।**

**અન્વયાર્થ**—(किंचित् सत् द्रव्यं) કંઈક સત્રૂપ દ્રવ્ય, (केचित सन्तः गुणाः) કોઈ સત્રૂપ ગુણ (च) અને (प्रदेशाः) કોઈ સત્રૂપ પ્રદેશ તથા (केचित् तत् अंशाः सन्ति) કોઈ એ ગુણોના અંશો છે (वा) અને (तत्सन्निपातात्) એ બધાના સન્નિપાત અર્થાત્ મળવાથી જ (द्रव्यं) દ્રવ્ય થાય છે, એમ (नहि) નથી.

**ભાવાર્થ**—દ્રવ્ય (દેશ), પ્રદેશ (દેશાંશ), ગુણ અને ગુણાંશ એ ચારે જુદા જુદા છે, એમ નથી અને એ બધાના મળવાથી જ 'દ્રવ્ય' દ્રવ્ય કહેવાય છે, એમ પણ નથી.

## ભિન્ન આશ્રયાશ્રયીભાવ પણ નથી.

**अथवाऽपि यथाभित्तौ चित्रं द्रव्ये तथा प्रदेशाश्च।**
**सन्ति गुणाश्च तदंशाः समवायित्वात्तदाश्रयाद् द्रव्यम्।।७६।।**

**અન્વયાર્થ**—(अथवा ''एवं'' अपि ''न[1]'') અથવા એમ પણ નથી, કે–(यथा) જેમ (भित्तौ) ભીંત ઉપર (चित्रं) ચિત્ર છે, (तथा) તે પ્રમાણે જ (द्रव्ये) દ્રવ્યમાં (समवायित्वात्) [2]સમવાયસંબંધથી (प्रदेशाः) પ્રદેશ (गुणाः) ગુણ (च) તથા (तत् अंशाः) તેના અંશો છે (च) અને (तदाश्रयात्) એ બધાના આશ્રયથી (द्रव्यं) દ્રવ્ય, દ્રવ્ય (सन्ति) કહેવાય છે.

**ભાવાર્થ**—જેમ ચિત્ર અને દીવાલમાં આશ્રયઆશ્રયીભાવ સંબંધ છે તે જ પ્રમાણે પ્રદેશ, ગુણ અને તેના અંશોનો દ્રવ્યની સાથે આશ્રયઆશ્રયીભાવ સંબંધ છે, માટે એ પ્રદેશાદિકના આશ્રયનું નામ દ્રવ્ય છે, એ પ્રમાણે પણ દ્રવ્યનું સ્વરૂપ નથી. પરંતુ—

इदमस्ति यथा मूलं स्कंधः शाखा दलानि पुष्पाणि।
गुच्छाः फलानि सर्वाण्येकालापात्तदात्मको वृक्षः ।।७७।।

**અન્વયાર્થ**—(इदं अस्ति) પરંતુ એ આમ છે, કે–(यथा) જેમ (मूलं) મૂળ–જડ, (स्कन्धः) સ્કંધ, (शाखा) શાખા, (दलानि) પાંદડાં, (पुष्पाणि) ફૂલ, (गुच्छाः) ગુચ્છ અને (फलानि) ફળ (सर्वाणि) એ બધાં (एक आलापात्) એક આલાપથી (શબ્દથી) (वृक्षः) વૃક્ષ કહેવામાં આવે છે, કારણ કે તે વૃક્ષ (तदात्मकः) એ મૂલાદિમય જ છે.

**ભાવાર્થ**—જેમ મૂળ, સ્કંધ, શાખા, પાંદડાં, ફળ અને ફૂલ એ બધાના સમુદાયને વૃક્ષ કહેવામાં આવે છે. વૃક્ષ કાંઈ એ બધાંથી જુદું નથી; તેમ દેશ, દેશાંશ, ગુણ અને ગુણાંશ એ બધાના સમુદાયને જ દ્રવ્ય કહેવામાં આવે છે પણ એ બધાથી દ્રવ્ય કાંઈ જુદું નથી.

## ભિન્નાભિન્ન દૃષ્ટાંત અને કારકમાં અભિન્નદૃષ્ટાંત અને કારક જ ગ્રાહ્ય છે.

यद्यपि भिन्नोऽभिन्नो दृष्टान्तः कारकश्च भवतीह–।
ग्राह्यस्तथाप्यभिन्नो साध्ये चास्मिन् गुणात्मके द्रव्ये ।।७८।।

**અન્વયાર્થ**—(यद्यपि) જોકે (इह) આ વિષયમાં (भिन्नः च अभिन्नः दृष्टान्तः) ભિન્ન અને અભિન્ન દૃષ્ટાંત (च) તથા (कारकः) કારક (भवति) વિદ્યમાન છે, (तथापि) તોપણ (अस्मिन् गुणात्मके द्रव्ये साध्ये) એ ગુણાત્મક દ્રવ્યરૂપ સાધ્યમાં (अभिन्नः ग्राह्यः) અભિન્ન દૃષ્ટાંત અને કારક જ ગ્રહણ કરવું યોગ્ય છે.

---

૧. 'अथवा अपि' શબ્દની સાથે ઉપરથી 'न'ની અનુવૃત્તિ લેવાથી આ અર્થ થાય છે.

૨. ભિન્ન-ભિન્ન પદાર્થોના ઘનિષ્ટ નિત્ય સંબંધને સમવાય સંબંધ કહે છે. ગુણ, ગુણીને ભિન્ન માનીને તેમનો નિત્ય સંબંધ નૈયાયિક દર્શન માને છે.

**ભાવાર્થ**—જોકે એ ગુણસમુદાયરૂપ દ્રવ્યની સિદ્ધિમાં ભેદ અને અભેદસાધક બંને પ્રકારનાં દૃષ્ટાંત અને કારક હોય છે, તોપણ અહીં કેવળ અભેદસાધક દૃષ્ટાંત તથા કારક જ ગ્રહણ કરવું જોઈએ, પણ ભેદસાધક ગ્રહણ કરવું નહિ.

## ભિન્ન દૃષ્ટાંત અને કારક

**भिन्नोऽप्यथ दृष्टान्तो भित्तौ चित्रं यथा दधीह घटे।**
**भिन्नः कारक इति वा कश्चिद्धनवान्धनस्य योगेन॥७९॥**

**અન્વયાર્થ**—(अथ) હવે (इह) અહીં આગળ (भिन्नः दृष्टान्तः) ભિન્ન દૃષ્ટાન્ત આ છે, કે–(यथा) જેમ (भित्तौ चित्रं) દીવાલમાં ચિત્ર છે (अपि) તથા (घटे दधि) ઘડામાં દહીં છે, (वा) તથા (भिन्नः कारकः इति) ભિન્નકારક આ છે; કે જેમ (कश्चित्) કોઈ (धनस्य योगेन) ધનના સંબંધથી (धनवान्) ધનવાન કહેવાય છે.

**ભાવાર્થ**—જેમ દીવાલમાં ચિત્ર અથવા ઘડામાં દહીં રહે છે એ ભિન્ન દૃષ્ટાંતનું ઉદાહરણ છે, તથા જેમ કોઈ ધનના કારણથી ધનવાન કહેવાય છે એ ભિન્નકારકનું ઉદાહરણ છે.

**વિશેષાર્થ**—'જેમ ધનવાન પુરુષ, આ ભિન્નતામાં સ્વ-સ્વામી સંબંધ છે તેવો ગુણપર્યાયવાન દ્રવ્ય, એ સંબંધ નથી અથવા જેવો આધારાધેય ભાવ ભીંત અને ચિત્રમાં છે તેવો દ્રવ્ય ગુણમાં નથી, પરંતુ કારક અને આધારાધેય બન્નેય અભિન્ન છે.

## અભિન્ન દૃષ્ટાંત અને કારક

**दृष्टान्तश्चाभिन्नो वृक्षे शाखा यथा गृहे स्तम्भः।**
**अपि चाभिन्नः कारक इति वृक्षोऽयं यथा हि शाखावान्॥८०॥**

**અન્વયાર્થ**—(च) તથા (अभिन्न दृष्टान्तः) અભિન્નદૃષ્ટાંત આ છે, કે–(यथा) જેમ (वृक्षे) વૃક્ષમાં (शाखा) શાખાઓ (च) તથા (गृहे) ઘરમાં (स्तंभः) સ્થંભ, (अपि) તથા (अभिन्नः कारकः इति) અભિન્નકારક એ છે, કે–(यथा हि) જેમ (अयं वृक्षः शाखावान्) આ વૃક્ષ શાખાવાળું છે.

**ભાવાર્થ**—હવે અભિન્નદૃષ્ટાંત તથા કારકનું ઉદાહરણ બતાવે છે. જેમ કે વૃક્ષમાં શાખાઓ તથા ઘરમાં થાંભલા રહે છે, તેમ જ દ્રવ્યમાં ગુણ રહે છે. વૃક્ષથી સંપૂર્ણ શાખાઓને સર્વથા ભિન્ન માનતાં વૃક્ષમાં વૃક્ષવ્યવહાર જ થઈ શકતો નથી. કારણ કે શાખાદિમય જ વૃક્ષ છે. જોકે શાખાદિક વૃક્ષથી અભિન્ન છે, તોપણ જે પ્રમાણે 'વૃક્ષમાં શાખા' એવો ભેદસાધક વ્યવહાર થાય છે, તે પ્રમાણે ગુણોને છોડીને જોકે દ્રવ્ય કોઈ જુદો પદાર્થ નથી, પરંતુ ગુણમય જ દ્રવ્ય છે તોપણ "દ્રવ્યમાં ગુણ છે", એવો ભેદસાધક વ્યવહાર થાય છે. એ જ દૃષ્ટાંત અહીં આ વિષયમાં અભિમત અર્થાત્ સંમત્ત છે. પરંતુ "ભીંતમાં ચિત્ર તથા ઘડામાં દહીં"નું

દૃષ્ટાંત અહીં અભિમત નથી. એ પ્રમાણે અભેદસાધક કારકપક્ષમાં "શાખાવાન વૃક્ષ" એ દૃષ્ટાંત અભિમત છે. જોકે શાખાદિમય જ વૃક્ષ છે તોપણ જે પ્રમાણે શાખાઓના યોગથી વૃક્ષ શાખાવાન કહેવાય છે, એવો વ્યવહાર થાય છે. તે પ્રમાણે "गुणपर्ययवत् द्रव्यं" એ પક્ષમાં પણ જોકે ગુણ અને પર્યાય દ્રવ્યથી અભિન્ન છે તોપણ ગુણ તથા પર્યાયોના યોગથી દ્રવ્ય ગુણપર્યાયવાળું કહેવાય છે, એવો વ્યવહાર થાય છે. એટલા માટે "गुणपर्ययवत् द्रव्यं"નો અર્થ ગુણસમુદાય અથવા સમગુણપર્યાયની વિરૂદ્ધ પડતો નથી. અહીં શંકા–

**समवायः समवायी यदि वा स्यात्सर्वथा तदेकार्थः।**
**समुदायो वक्तव्यो न चापि समवायिवागिति चेत् ॥८१॥**

**અન્વયાર્થ**—(यदि) જો (समवायः वा समवायी) સમવાય અર્થાત્ સમુદાય અથવા સમવાયી અર્થાત્ સમુદાયી (सर्वथा एकार्थः स्यात्) સર્વ પ્રકારથી એક જ અર્થવાળા છે, (तत्) તો (समुदायः वक्तव्यः) સમુદાયને જ કહેવો હતો, (अपि च) પરંતુ (समवायिवाक् न) સમુદાયીનો ઉલ્લેખ ન કરવો જોઈએ. (इतिचेत्) જો એમ કહો તો?–

**ભાવાર્થ**—અહીં સમુદાય વા સમવાય શબ્દ દ્રવ્યવાચક છે તથા સમુદાયી વા સમવાયી એ શબ્દો ગુણ વા પર્યાયવાચક છે. હવે અહીં શંકાકારનું કહેવું એમ છે કે—અભેદસાધક દૃષ્ટાંત વા કારક દ્વારા જો સમુદાય અથવા સમુદાયી એક જ અર્થવાળા છે ભિન્ન નથી, તો કેવળ સમુદાયને જ કહેવો હતો, પણ સમુદાયીનો ઉલ્લેખ કરવો નહોતો, અગર એમ કહેવામાં આવે તો? એ પ્રશ્નનું સમાધાન—

**तन्न यतः समुदायो नियतं समुदायिनः प्रतीतत्वात्।**
**व्यक्तप्रमाणसाधितसिद्धत्वाद्वा सुसिद्धदृष्टान्तात् ॥८२॥**

**અન્વયાર્થ**—(तन्न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે–(व्यक्तप्रमाणसाधितसिद्धत्वात्) સ્પષ્ટ પ્રકારે પ્રમાણો દ્વારા સાધિતસિદ્ધ હોવાથી (वा) તથા (सुसिद्धदृष्टान्तात्) એના પોષક પ્રસિદ્ધ દૃષ્ટાંતો મોજૂદ હોવાથી (नियतं) નિશ્ચયથી (समुदायिनः प्रतीतत्वात् समुदायः) સમુદાયીઓની પ્રતીતિથી જ સમુદાયમાં સમુદાયવ્યવહાર થઈ શકે છે.

**ભાવાર્થ**—સમુદાય, સમુદાયીઓ વિના બની શકતો નથી. કારણ કે વ્યક્તિ વ્યક્તિની પ્રતીતિથી જ સમુદાયની પ્રતીતિ થઈ શકે છે. વ્યક્તિઓ વિના સમુદાય કોઈપણ પ્રકારે કહી શકાતો નથી, માટે સમુદાયીઓની પ્રતીતિથી સમુદાયની પ્રતીતિનું કથન પ્રસિદ્ધ પ્રમાણોથી સિદ્ધ છે. તથા એ પ્રકારના કથનને સિદ્ધ કરવા માટે પોષક દૃષ્ટાંત પણ મળી શકે છે. સારાંશ એ છે કે—ગુણ અને પર્યાયોની પ્રતીતિ વિના દ્રવ્યની પ્રતીતિ થઈ શકતી નથી, માટે ગુણપર્યાયપૂર્વક દ્રવ્યનો ઉલ્લેખ કરવો એ જ સાર્થક છે. હવે આગળ એ જ અર્થનું દૃષ્ટાંત દ્વારા સમર્થન કરે છે.

स्पर्शरसगंधवर्णा लक्षणभिन्ना यथा रसालफले।
कथमपि हि पृथक्कर्तुं न तथा शक्यास्त्वखण्डदेशत्वात् ॥८३॥

**અન્વયાર્થ**—(यथा) જેમ (रसालफले) આંબાના ફળમાં (स्पर्शरसगन्धवर्णाः) સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચારે પુદ્‌ગલદ્રવ્યના ગુણો (लक्षणभिन्नाः) પોતપોતાના લક્ષણથી ભિન્ન છે (तथा) તથા (हि) નિશ્ચયથી એ બધા (अखण्डदेशत्वात्) અખંડદેશી હોવાથી (कथं अपि) કોઈપણ પ્રકારે (पृथक्कर्तुं तुशक्याः न) જુદા પણ કરી શકાતાં નથી.

**ભાવાર્થ**—જેમ ભિન્ન-ભિન્ન લક્ષણની અપેક્ષાએ આમ્રફળ (કેરી) સંબંધી સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ જુદા જુદા કહેવામાં આવે છે, પરંતુ એ બધાનો દેશ જુદો જુદો નથી. જ્યાં સ્પર્શગુણ છે ત્યાં જ રસાદિક ગુણો પણ છે, માટે લક્ષણ ભિન્ન હોવા છતાં પણ એ પૃથક્ (જુદા) કરી શકાતાં નથી.

अत एव यथा वाच्या देशगुणांशा विशेषरुपत्वात्।
वक्तव्यं च तथा स्यादेकं द्रव्यं त एव सामान्यात् ॥८४॥

**અન્વયાર્થ**—(अतएव) એટલા માટે (यथा) જેમ (विशेष रुपत्वात्) વિશેષરૂપ હોવાના કારણથી પર્યાયાર્થિકદૃષ્ટિએ (देशगुणांशाः) દેશ, દેશાંશ, ગુણ અને ગુણાંશરૂપ સ્વચતુષ્ટય (वाच्याः) કહી શકાય છે, (तथा च) તેમ જ (सामान्यात्) સામાન્યરૂપની અપેક્ષાએ અર્થાત્ દ્રવ્યાર્થિકદૃષ્ટિએ (ते एव) એ જ બધા આલાપથી (एकं द्रव्यं) એક અખંડ દ્રવ્ય (वक्तव्यं स्यात्) કહી શકાય છે.

**ભાવાર્થ**—ઉપરના આમ્રફળના દૃષ્ટાંતથી આ સિદ્ધ થાય છે કે જે પ્રમાણે વિશેષની અપેક્ષાએ (અર્થાત્ પર્યાયાર્થિકનયથી) સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ તથા સામાન્યની અપેક્ષાએ (અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી) એક આમ્રફળ કહેવામાં આવે છે, તે પ્રમાણે પ્રત્યેક દ્રવ્યમાં પણ વિશેષની અપેક્ષાએ દેશ-દેશાંશ-ગુણ-ગુણાંશની કલ્પના કરી શકાય છે, તથા સામાન્યની અપેક્ષાએ સંપૂર્ણ વિશેષોનું નામ જ એક દ્રવ્ય કહેવામાં આવે છે, પરસ્પર સાપેક્ષ હોવાથી આ બધું કથન સમ્યક્ છે તથા નિરપેક્ષ હોવાથી મિથ્યા છે. માટે સમુદાયની પ્રતીતિ નિયમથી સમુદાયીઓની પ્રતીતિની અપેક્ષા રાખે છે. એમ સમુદાય અને સમુદાયીનો ખુલાસો કરીને હવે આગળ નિર્વિઘ્ન રીતે સમજણમાં આવવા માટે કેટલાક આચાર્યોએ ઉપરના દ્રવ્યના લક્ષણને વાક્યાન્તર દ્વારા પ્રતિપાદિત કર્યું છે. તે અહીં દર્શાવીએ છીએ. (સમવાય શબ્દનો અર્થ “દ્રવ્ય” તથા સમવાયી શબ્દનો અર્થ “ગુણ વા પર્યાય છે”)

## વાક્યાન્તરથી દ્રવ્યના લક્ષણની પ્રતિજ્ઞા

अथ चैतदेव लक्षणमेकं वाक्यान्तरप्रवेशेन।
निष्प्रतिघप्रतिपत्त्यै विशेषतो लक्षयन्ति बुधाः ॥८५॥

**અન્વયાર્થ**—(अथ च) હવે (एतत् एकं लक्षणं एव) એ ''ગુણપર્યયવત્ દ્રવ્યં'' પહેલા લક્ષણને જ (निष्प्रतिघ प्रतिपत्त्यै) નિર્બાધ રીતથી સમજાવવા માટે (बुधाः) કોઈ આચાર્ય (वाक्यान्तर प्रवेशेन) બીજા શબ્દો દ્વારા (विशेषतः लक्षयान्ति) વિશેષરૂપથી લક્ષિત કરે છે.

**ભાવાર્થ**—''गुणपर्ययवत् द्रव्यं'' એ દ્રવ્યના પૂર્વોક્ત લક્ષણને જ સારી રીતે સમજાવવા માટે કોઈ આચાર્ય બીજા શબ્દો દ્વારા પ્રતિપાદન કરે છે.

## દ્રવ્યનું લક્ષણ

**उत्पादस्थितिभंगैर्युक्तं सद्द्रव्यलक्षणं हि यथा।**
**एतैरेव समस्तैः पृक्तं सिद्धेत्समं न तु व्यस्तैः॥८६॥**

**અન્વયાર્થ**—(यथाहि) જેમ કે (उत्पादस्थिति भंगैः युक्तं सत्) ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય એ ત્રણેથી યુક્ત સત્ જ (द्रव्यलक्षणं) દ્રવ્યનું લક્ષણ છે, તથા એ સત્ (एतैः समस्तैः एव समं पृक्तं सिद्धेत्) એ ત્રણેથી યુગપત્‌યુક્ત માનતાં જ સિદ્ધ થાય છે, (न तु व्यस्तैः) પરંતુ જુદા જુદા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી યુક્ત માનતાં સિદ્ધ થઈ શકતું નથી.

**ભાવાર્થ**—દ્રવ્યનું લક્ષણ સત્ છે અને એ સત્‌માં ઉત્પાદાદિક ત્રણે યુગપત્ રહે છે જુદા જુદા નહિ, એટલા માટે ઉત્પાદાદિક ત્રણેથી યુક્ત સત્‌ને જ દ્રવ્ય કહે છે પણ કોઈ એકથી યુક્ત સત્‌ને દ્રવ્ય કહેવામાં આવતું નથી. તેનો ખુલાસો—

**अयमर्थः प्रकृतार्थो ध्रौव्योत्पादव्ययास्त्रयश्चांशाः।**
**नाम्ना सदिति गुणः स्यादेकोऽनेके त एकशः प्रोक्ताः॥८७॥**

**અન્વયાર્થ**—(प्रकृतार्थः अयं अर्थः) પ્રકરણ અનુસાર સારાંશ એ છે કે–(ध्रौव्योत्पादव्ययाः त्रय अंशाः) ધ્રૌવ્ય, ઉત્પાદ અને વ્યય એ ત્રણે અંશો યુગપત્ (એકીસાથે) કહેવામાં આવે તો (नाम्ना) નામથી (सत् इति एकः गुणः स्यात्) સત્ એ દ્રવ્યનો એક ગુણ છે (च) અને એને (एकशः प्रोक्ताः) ક્રમક્રમથી કહેતાં (ते अनेके) તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એમ અનેક કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—આ કથનનો ખુલાસો એમ છે કે–''अंशकल्पनं पर्यायः'' અંશકલ્પનાનું નામ પર્યાય છે. એટલા માટે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણે સત્‌ના જ અંશો છે અને સત્ અંશી છે. અર્થાત્ સત્‌ગુણનું ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણે પ્રકારનું પરિણમન છે. સામાન્ય આલાપથી અર્થાત્ યુગપત્ (એકીસાથે) પ્રતિપાદનની અપેક્ષાએ એ બધાનું એક નામ સત્ છે, માટે એ બધા એક છે—અભિન્ન છે, તથા વિશેષઆલાપથી અર્થાત્ ક્રમક્રમ પૂર્વક કહેતાં એ ત્રણેય (ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય) પરસ્પરમાં અનેક તથા ભિન્ન છે. કારણ કે—

**लक्ष्यस्य लक्षणस्य च भेदविवक्षाश्रयात्सदेव गुणः।**
**द्रव्यार्थदिशादिह तदेव सदिति स्वयं द्रव्यम्॥८८॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (लक्ष्यस्य च लक्षणस्य) લક્ષ્ય અને લક્ષણમાં (भेदविवक्षाश्रयात्) ભેદવિવક્ષાની દ્રષ્ટિએ (सत् गुणः एव) સત્ એ એક ગુણ જ છે, પરંતુ (द्रव्यार्थादेशात्) દ્રવ્યાર્થિકનય અર્થાત્ અભેદવિવક્ષાએ જોતાં (तत् सत् एव) એ સત્ જ (स्वयं द्रव्यं इति) સ્વયં દ્રવ્ય કહેવાય છે.

**ભાવાર્થ**—સત્ કથંચિત્ ગુણ અને કથંચિત્ દ્રવ્ય પણ કહેવાય છે. "सत् द्रव्य लक्षणं" અહીં દ્રવ્ય લક્ષ્ય અને સત્ તેનું લક્ષણ છે, માટે લક્ષ્ય-લક્ષણભાવરૂપ ભેદવિવક્ષાની અપેક્ષાએ સત્ એ દ્રવ્યનો એક ગુણ છે તથા લક્ષ્ય-લક્ષણભાવરૂપ ભેદવિવક્ષાની અપેક્ષા ન કહે તો એ સત્ પોતે જ દ્રવ્ય છે. સારાંશ એ છે કે–

**वस्त्वस्ति स्वतः सिद्धं यथा तथा तत्स्वतश्च परिणामि।**
**तस्मादुत्पादस्थितिभंगमयं तत् सदेतदिह नियमात्॥८९॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (वस्तु स्वतः सिद्धं अस्ति) વસ્તુ સ્વતઃસિદ્ધ છે, (तथा) તે જ પ્રમાણે (तत् स्वतः परिणामि च) એ સ્વતઃ પરિણમનશીલ પણ છે, (तस्मात्) એટલા માટે (इह) અહીં–(एतत् सत्) એ સત્ (नियमात्) નિયમથી (उत्पादस्थितिभंगमयं) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ છે.

**ભાવાર્થ**—જૈનદર્શનમાં જેમ વસ્તુનો સદ્‌ભાવ સ્વતઃસિદ્ધ માન્યો છે તેમ જ તેને પરિણમનશીલ પણ માન્યો છે, માટે સત્ પોતે જ નિયમથી ઉત્પાદસ્થિતિભંગમય છે. અર્થાત્ સત્ સ્વતઃસિદ્ધ હોવાથી ધ્રૌવ્યમય અને પરિણમનશીલ હોવાથી ઉત્પાદ-વ્યયમય છે. એ પ્રમાણે પ્રત્યેક વસ્તુ ત્રિતયાત્મક (ઉત્પાદવ્યયધ્રૌવ્યમય) છે. પરંતુ–

**પરિણામ વિના ત્રિતયાત્મક તે બની શકતી નથી.**

**नहि पुनरुत्पादस्थितिभंगमयं तद्विनापि परिणामात्।**
**असतो जन्मत्त्वादिह सतो विनाशस्य दुर्निवारत्वात्॥९०॥**

**અન્વયાર્થ**—(पुनः) પરંતુ (तत् अपि) એ સત્ પણ (परिणामात् विना) પરિણામ વિના (उत्पादस्थितिभंगमयं न) ઉત્પાદ, સ્થિતિ, ભંગરૂપ થઈ શકતું નથી, (हि) કારણ કે–એમ માનતાં (इह) જગતમાં (असतः जन्मत्त्वात्) અસત્‌નો જન્મ અને (सतः विनाशस्य) સત્‌નો વિનાશ (दुर्निवारत्वात्) દુર્નિવાર થઈ જશે.

**ભાવાર્થ**—સત્ કેવળ સ્વતઃસિદ્ધ અને પરિણમનશીલ હોવાના કારણથી જ ઉત્પાદ,

સ્થિતિ તથા ભંગમય માનવામાં આવ્યું છે અર્થાત્ એ ત્રણે અવસ્થાઓ છે, કારણ કે— પ્રતિસમય સત્‌ની અવસ્થાઓમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય થયા કરે છે પણ કેવળ સત્‌માં નહિ, તેથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને સત્‌ના પરિણામ કહેવામાં આવે છે; જો એમ ન માનતાં સત્‌માં જ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માનવામાં આવે તો અસત્‌ની ઉત્પત્તિ તથા સત્‌ના વિનાશનો દુર્નિવાર પ્રસંગ આવશે.

द्रव्यं ततः कथञ्चित्केनचिदुत्पद्यते हि भावेन।
व्येति तदन्येन पुनर्नैतद्द्वितयं हि वस्तुतया॥९१॥

**અન્વયાર્થ**—(ततः) એટલા માટે (हि) નિશ્ચયથી (द्रव्यं कथंचित्) દ્રવ્ય કથંચિત્ (केनचित् भावेन) કોઈ અવસ્થારૂપથી (उत्पद्यते) ઉત્પન્ન થાય છે. (तदन्येन व्येति) તથા કોઈ અન્ય અવસ્થાથી નષ્ટ થાય છે, (पुनः) પરંતુ (वस्तुतया) પરમાર્થપણે (हि) નિશ્ચયથી (एतत् द्वितयं न) એ બંને જ નથી અર્થાત્ દ્રવ્ય ન તો ઉત્પન્ન થાય છે તથા ન નષ્ટ થાય છે.

**ભાવાર્થ**—તેથી દ્રવ્ય, પર્યાયાર્થિકનયની અપેક્ષાએ નવીન નવીન અવસ્થારૂપથી ઉત્પન્ન તથા પૂર્વ-પૂર્વ અવસ્થાઓથી નષ્ટ કહેવામાં આવે છે, પરંતુ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય, ન તો નષ્ટ થાય છે અગર ન ઉત્પન્ન થાય છે. અહીં દૃષ્ટાંત—

इह घटरुपेण यथा प्रादुर्भवतीति पिण्डरुपेण।
व्येति तथा युगपत्स्यादेतद्द्वितयं न मृतिकात्वेन॥९२॥

**અન્વયાર્થ**—(यथा) જેમ (इह) આ લોકમાં મૃતિકા (युगपत्) એક જ સમયમાં (घटरुपेण प्रादुर्भवति) ઘટરૂપથી ઉત્પન્ન થાય છે, (पिण्डरुपेण व्येति) પિંડરૂપથી નષ્ટ થાય છે (तथा) તથા (मृतिकात्वेन) મૃતિકાપણાથી (एतत् द्वितयं न) એ બંને જ નથી અર્થાત્ ન તો ઘટની ઉત્પત્તિ જ છે તથા ન પિંડનો નાશ છે, પરંતુ મૃતિકા કેવળ મૃતિકા જ છે, (इति) એવી વસ્તુસ્થિતિ છે.

**ભાવાર્થ**—ઉદાહરણ માટે માટી લઈએ તો તેમાં ઘટની ઉત્પત્તિ વેળા પિંડરૂપ અવસ્થાનો વ્યય તથા ઘટરૂપ અવસ્થાનો ઉત્પાદ પર્યાયાર્થિકનયથી એકીસાથે થાય છે, પરંતુ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પિંડ અને ઘટ એ બંને અવસ્થાઓમાં મૃતિકાપણું સદૃશ (એકસરખું) રહે છે. એ પ્રમાણે અન્વય—વ્યતિરેકપૂર્વક વસ્તુને ઉત્પાદ—વ્યય—ધ્રૌવ્યાત્મક સિદ્ધ કરીને હવે તેની દૃઢતા માટે ઉક્ત ત્રણેના વિષયમાં (ગ્રંથકાર) ઉહાપોહ કરે છે—

### ત્રિરૂપ માનવામાં હાનિ વા લાભના વિષયમાં શંકા—

ननु ते विकल्पमात्रमिह यदकिंचित्करं तदेवेति।
एतावतापि न गुणो हानिर्वा तद्विना यतस्त्विति चेत्॥९३॥

**અન્વયાર્થ**—(ननु इह ते विकल्पमात्रं) શંકાકાર કહે છે કે–આ વિષયમાં ઉત્પાદાદિક માનવા તે તમારી કેવળ કલ્પનામાત્ર છે, (यत्) કારણ કે–(तदेव इति अकिंचित्करं) તે ઉત્પાદ –સ્થિતિ–ભંગમય જ સત્ દ્રવ્ય છે, એ કથન અકિંચિત્કર છે, (यतः) કારણ કે–સત્‌ને (एतावता न गुणः अपि) એવું માનવાથી કાંઈ લાભ પણ નથી (तु) અથવા (तद्विना) તેને ન માનવાથી (हानिः वा न) હાનિ પણ નથી. (इति चेत्) જો એમ કહેવામાં આવે તો–

**ભાવાર્થ**—શંકાકાર કહે છે કે–સત્‌ને ઉત્પાદાદિત્રયરૂપ માનવામાં લાભ તથા એને ન માનવામાં કાંઈ હાનિની પ્રતીતિ થતી નથી, તેથી સત્‌ને ઉત્પાદાદિત્રયાત્મક માનવું અકિંચિત્કર છે–કાર્યકારી નથી. તેથી ઉત્પાદાદિત્રય માનવા એ તમારી કેવળ કલ્પના જ છે, વાસ્તવિક નથી. જો એમ કહો તો તેનું સમાધાન–

**तन्न यतो हि गुणः स्यादुत्पादादित्रयात्मके द्रव्ये।**
**तन्निन्हवे च न गुणः सर्वद्रव्यादिशून्यदोषत्वात् ॥९४॥**

**અન્વયાર્થ**—(तन्न) એ કથન ઠીક નથી, (यतः) કારણ કે–(उत्पादादित्रयात्मके द्रव्ये) ઉત્પાદાદિત્રયાત્મક દ્રવ્યને માનવામાં (गुणः स्यात्) શ્રેય છે (च) તથા (तन्निन्हवे) ઉત્પાદાદિત્રયાત્મક દ્રવ્યને ન માનવામાં (सर्वद्रव्यादिशून्यदोषत्वात्) સર્વ દ્રવ્યોની શૂન્યતા થવાના પ્રસંગરૂપ દોષ આવવાથી (न हि गुणः) કોઈપણ લાભ નથી.

**ભાવાર્થ**—ઉપરોક્ત શંકાનું સમાધાન આ છે કે–દ્રવ્યને ઉત્પાદાદિત્રયાત્મક માનવામાં જ લાભ છે તથા તેને ઉત્પાદાદિત્રયાત્મક ન માનવામાં સર્વશૂન્યત્વાદિક દોષ આવે છે. જેમ કે–પરિણામને નહિ માનવાથી કાર્યકારણભાવની અથવા પરલોકાદિકની સિદ્ધિ નહિ થાય, બીજું દ્રવ્યના પરિણામોના અવલોકનથી જ પરિણામીરૂપ દ્રવ્યની પ્રતીતિ થાય છે. જો પરિણામ જ ન માનવામાં આવે તો પરિણામીની પ્રતીતિ થઈ શકશે નહિ, પરંતુ પરિણામના અભાવમાં પરિણામીના પણ અભાવનો પ્રસંગ આવશે. એ પ્રમાણે સર્વશૂન્યતાદોષ આવે છે. હવે આગળ ગ્રંથકાર એ જ કથનને વિસ્તારપૂર્વક વર્ણન કરે છે.

## પરિણામને ન માનવામાં દોષ

**परिणामाभावादपि द्रव्यस्य स्यादनन्यथावृत्तिः।**
**तस्यामिह परलोको न स्यात्कारणमथापि कार्यं वा॥९५॥**

**અન્વયાર્થ**—(परिणामाभावात्) પરિણામને નહિ માનવાથી (द्रव्यस्य) દ્રવ્યની (अनन्यथावृत्तिः स्यात्) અનન્યથાવૃત્તિ થઈ જશે, અર્થાત્ દ્રવ્યોમાં કોઈ પ્રકારનું પરિવર્તન નહિ થાય (अपि) તથા

(तस्याम्) એ અનન્યથાવૃત્તિ થતાં (इह) ત્યાં (परलोकः) પરલોક (अथ) તથા કોઈ (कारणं) કારણ (वा) અથવા (कार्यं अपि) કાર્ય પણ (न स्यात्) બની શકશે નહિ. તથા–

## પરિણામીને ન માનવામાં દોષ

**परिणामिनोप्यभावात् क्षणिकं परिणाममात्रमिति वस्तु।**
**तन्न यतोऽभिज्ञानान्नित्यस्याप्यात्मनः प्रतीतत्वात् ॥९६॥**

**અન્વયાર્થ**—તથા પરિણામને ન માનવાથી (परिणामिनः अपि अभावात्) પરિણામીના પણ અભાવનો પ્રસંગ આવશે, જો કદાચિત્ એમ કહેવામાં આવે કે (वस्तु) વસ્તુ (परिणाममात्रं) પરિણામમાત્ર કેવળ (क्षणिकं इति) ક્ષણિક છે, તો (तन्न) એમ કહેવું પણ ઠીક નથી, (यतः) કારણ કે–(अभिज्ञानात्) પ્રત્યભિજ્ઞાનપ્રમાણથી (नित्यस्य आत्मनः अपि) વસ્તુ કથંચિત્ નિત્યાત્મક પણ (प्रतीतत्वात्) પ્રતીત થાય છે.

**ભાવાર્થ**—પરિણામના કારણથી જ દ્રવ્યમાં સમયે સમયે કાંઈ ને કાંઈ તરતમરૂપ પરિણમન થયા કરે છે અને તેથી આત્માને પરલોકાદિક સિદ્ધ થાય છે. અશુભપરિણામ અશુભગતિના કારણ, શુભપરિણામ શુભગતિના કારણ તથા શુદ્ધપરિણામ મોક્ષના કારણ માનવામાં આવ્યા છે. શુભાશુભ પરિણતિ કારણરૂપ અને શુભાશુભગતિ કાર્યરૂપ માનવામાં આવે છે, પરંતુ જો દ્રવ્યમાં પરિણામ જ ન માનવામાં આવે તો ઉપર પ્રમાણે કાર્ય-કારણભાવ બનશે નહિ અને ન તો પરલોકાદિકની સિદ્ધિ થશે; તથા પરિણામો ઉપરથી જ પરિણામીની પ્રતીતિ થાય છે, તેથી પરિણામના અભાવમાં પરિણામીનો સદ્ભાવ પણ સિદ્ધ થઈ શકશે નહિ.

જો કદાપિ એમ કહેવામાં આવે કે–પરિણામી જ નથી, પરંતુ બૌદ્ધોની માફક પરિણામમાત્ર કેવળ ક્ષણિક વસ્તુ છે, તો 'આ તે જ છે' એ પ્રકારનું કથંચિત્ નિત્યતાનું સાધક પ્રત્યભિજ્ઞાનપ્રમાણ મોજૂદ હોવાથી વસ્તુને પરિણામમાત્ર ક્ષણિક માનવી બાધિત થઈ જાય છે.

## પરસ્પરમાં લક્ષણ બાધિત થવાના વિષયમાં આશંકા—

**गुणपर्ययवद्द्रव्यं लक्षणमेकं यदुक्तमिह पूर्वम्।**
**वाक्यान्तरोपदेशादधुना तद्बाध्यते त्विति चेत् ॥९७॥**

**અન્વયાર્થ**—શંકાકારનું કહેવું છે કે–(यत्) જે (इह) આ પ્રકરણમાં (गुणपर्ययवत् द्रव्यं) 'ગુણ પર્યયવત્ દ્રવ્યં' એવું (एकं लक्षणं) દ્રવ્યનું એક લક્ષણ (पूर्वं उक्तं) પહેલાં કહ્યું છે, (तत्) તે લક્ષણ (अधुना) આ સમયે (वाक्यान्तरोपदेशात्) 'સત્ દ્રવ્ય લક્ષણં' એવા દ્રવ્યના બીજા લક્ષણના કથનથી (बाध्यते) બાધિત થાય છે, (इतिचेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે કે—પહેલાં દ્રવ્યનું લક્ષણ 'गुणपर्ययवत्' કહ્યું હતું અને ગાથા નં. ૮૬ના પદ્યમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત જે સત્ છે તે સત્, દ્રવ્યનું લક્ષણ છે એમ કહ્યું છે, પરંતુ બીજા લક્ષણવાક્યથી પ્રથમનું લક્ષણવાક્ય બાધિત થઈ જાય છે, તેથી એ બંને લક્ષણોમાંથી કોઈ એક લક્ષણને જ માનવું ઠીક છે. તેનું સમાધાન—

**तन्न यतः सुविचारादेकार्थो वाक्ययोर्द्वयोरेव।**
**अन्यतरं स्यादितिचेन्न मिथोभिव्यंजकत्वाद्वा॥९८॥**

**અન્વયાર્થ**—(तत् न) આ શંકા ઠીક નથી, (यतः) કારણ કે-(सुविचारात्) ભલાપ્રકારથી વિચાર કરતાં (द्वयोः वाक्ययोः) બંને વાક્યોનો (एकार्थः एव) એક જ અર્થ છે. જો એમ છે તો પછી (अन्यतरं वा स्यात्) બંને લક્ષણોમાંથી કોઈ એક લક્ષણને જ કહેવું જોઈએ. (इतिचेत्) જો એમ કહો તો (न) એ કહેવું પણ ઠીક નથી, કારણ કે-(मिथः अभिव्यंजकत्वात्) એ બંને લક્ષણો પરસ્પર એકબીજાનાં અભિવ્યંજક એટલે દ્યોતક છે.

**ભાવાર્થ**—વિચાર કરતાં બીજું લક્ષણવાક્ય પહેલા લક્ષણવાક્યનું બાધક નથી, કારણ કે—બંને લક્ષણવાક્યોનો અર્થ એક જ છે—જુદો નથી. જો કદાચિત્ એમ કહેવામાં આવે કે—'બંને લક્ષણવાક્યોનો જ્યારે એક જ અર્થ છે તો પછી બે લક્ષણ ન કહેતાં કોઈ એક જ લક્ષણ કહેવું જોઈએ', તો એમ કહેવું પણ ઠીક નથી, કારણ કે—પહેલા લક્ષણનું બીજું લક્ષણ અભિવ્યંજક (સ્પષ્ટ અર્થનું પ્રકાશક) છે, તેથી બીજા લક્ષણવાક્યનું પ્રતિપાદન કરવું એ યુક્તિસંગત છે. હવે આગળ ગ્રંથકાર એ જ અર્થનો ખુલાસો કરે છે—

**तद्दर्शनं यथा किल नित्यत्त्वस्य च गुणस्य व्याप्तिः स्यात्।**
**गुणवद्द्रव्यं च स्यादित्युक्ते ध्रौव्यवत्पुनः सिद्धम्॥९९॥**

**અન્વયાર્થ**—(तद्दर्शनं) તેનો ખુલાસો આ પ્રમાણે છે, (यथा) જેમ કે-(किल) નિશ્ચયથી (नित्यत्त्वस्य च गुणस्य व्याप्तिः स्यात्) નિત્યત્વ અને ગુણમાં પરસ્પર અવિનાભાવસંબંધ છે, તેથી (गुणवद्द्रव्यं च स्यात्) ગુણવત્ દ્રવ્ય છે, (इत्युक्ते पुनः) એમ કહેતાં જ (ध्रौव्यवत् सिद्धं) તે દ્રવ્ય ધ્રૌવ્યવાન છે, એવું સિદ્ધ થઈ જાય છે.

**ભાવાર્થ**—'अन्वयिनः गुणाः' તથા 'व्यतिरेकिणश्च पर्यायाः' જેમાં અન્વય હોય તેને ગુણ કહે છે તથા જેમાં વ્યતિરેક હોય તેને પર્યાય કહે છે. એ નિયમ અનુસાર ગુણની સાથે જ નિત્યતાનો અવિનાભાવસંબંધ હોય છે પણ ક્ષણવર્તી પર્યાયની સાથે નહિ, તેથી 'गुणवत् द्रव्यं' એમ કહેતાં જ 'દ્રવ્ય ધ્રૌવ્યવાન છે' એવું સિદ્ધ થઈ જાય છે અર્થાત્ ઉત્પાદાદિત્રયમાંથી ધ્રૌવ્ય, ગુણનો વ્યંજક (જણાવનાર) છે તથા ગુણ, ધ્રૌવ્યના વ્યંજક છે.

### ગુણ અને ધ્રૌવ્યમાં લક્ષ્ય-લક્ષણભાવ તથા સાધ્ય-સાધનભાવ જ છે.

**अपि च गुणाः संलक्ष्यास्तेषामिह लक्षणं भवेत् ध्रौव्यम्।**
**तस्माल्लक्ष्यं साध्यं लक्षणमिह साधनं प्रसिद्धत्वात् ॥१००॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (इह) અહીં (गुणाः संलक्ष्याः) ગુણ લક્ષ્ય છે અને (ध्रौव्यं तेषां लक्षणं भवेत्) ધ્રૌવ્ય તેનું લક્ષણ છે, (तस्मात्) તેથી (इह) અહીં ('इति' प्रसिद्धत्वात्) એ પ્રસિદ્ધપણાથી (लक्ष्य साध्यं) લક્ષ્ય સાધ્ય છે અને (लक्षणं साधनं) લક્ષણ તેનું સાધન છે.

**ભાવાર્થ**—તથા ગુણ અને ધ્રૌવ્યમાં લક્ષ્ય-લક્ષણ અને સાધ્ય-સાધનભાવ પણ જોવામાં આવે છે. ગુણ, લક્ષ્ય અને ધ્રૌવ્ય તેનું લક્ષણ છે. વળી લક્ષ્ય, સાધ્ય અને લક્ષણ તેનું સાધન હોય છે એ ન્યાયથી ગુણ સાધ્ય છે તથા ધ્રૌવ્ય તેનું સાધન છે, કારણ કે—ધ્રૌવ્યપણાથી જ ગુણના અન્વયીપણાની સિદ્ધિ થાય છે.

### પર્યાય અને ઉત્પાદવ્યયમાં વ્યંજ્ય-વ્યંજકભાવ છે.

**पर्यायाणामिह किल भंगोत्पादद्वयस्य वा व्याप्तिः।**
**इत्युक्ते पर्ययवद्द्रव्यं सृष्टिव्ययात्मकं वा स्यात् ॥१०१॥**

**અન્વયાર્થ**— એ પ્રમાણે (इह) અહીં (किल) નિશ્ચયથી (पर्यायाणां भंगोत्पादद्वयस्य वा व्याप्तिः) પર્યાયોની સાથે પણ ભંગ અને ઉત્પાદનો અવિનાભાવસંબંધ છે, તેથી (पर्ययवत् द्रव्यं) 'દ્રવ્ય, પર્યાયવાન છે', (इत्युक्ते) એમ કહેતાં જ તે (सृष्टिव्ययात्मकं वा स्यात्) ઉત્પાદવ્યયાત્મક પણ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ**—જે પ્રમાણે 'गुणवत् द्रव्यं' એમ કહેતાં જ દ્રવ્ય, ધ્રૌવ્યવાન સિદ્ધ થઈ જાય છે, તે પ્રમાણે દ્રવ્યને 'पर्ययवत्' કહેવાથી તે ઉત્પાદવ્યયાત્મક સિદ્ધ થઈ જાય છે. કારણ કે—ગુણ અને ધ્રૌવ્યની માફક પર્યાયોનો પણ ઉત્પાદ-વ્યયની સાથે અવિનાભાવસંબંધ છે, તેથી 'गुणपर्ययवत्' એ વાક્ય દ્વારા જે અર્થ અભિષ્ટ છે તેને જ 'ઉત્પાદવ્યય અને ધ્રૌવ્યયુક્ત સત્' એ વાક્યે સ્પષ્ટપણે પ્રગટ કર્યો છે, પણ કાંઈ અર્થભેદ કર્યો નથી. કેવળ વ્યંજ્ય—વ્યંજકભાવ દર્શાવવા અર્થે બે લક્ષણ કર્યાં છે.

### પર્યાય અને ઉત્પાદવ્યયમાં સ્વભાવ-સ્વભાવવાન તથા લક્ષ્ય-લક્ષણભાવસંબંધ પણ છે-

**लक्ष्यस्थानीया[1] इति पर्यायाः स्युः स्वभाववन्तश्च।**
**तेषां लक्षणमिव वा स्वभाव इव वा पुनर्व्ययोत्पादम् ॥१०२॥**

૧. પાઠાંતરે 'द्रव्यस्थानीया' એવો પણ પાઠ છે.

**અન્વયાર્થ**—(पर्यायाः लक्ष्यस्थानीयाः) પર્યાયો લક્ષ્યના સ્થાને છે, (इति स्वभाववन्तः च स्युः) તેથી તે એક પ્રકારથી સ્વભાવવાન પણ છે (पुनः) તથા (तेषां लक्षणं इव वा स्वभाव इव वा) એ પર્યાયોના લક્ષણની માફક અથવા સ્વભાવની માફક (व्ययोत्पादं) વ્યય તથા ઉત્પાદ છે.

**ભાવાર્થ**—જેમ ગુણ અને ધ્રૌવ્યમાં લક્ષ્ય–લક્ષણભાવ આદિ કહ્યાં છે તે જ પ્રમાણે પર્યાય તથા ઉત્પાદવ્યયમાં પણ જાણવું જોઈએ. અર્થાત્ પર્યાય, લક્ષ્ય છે અને ઉત્પાદવ્યય તેનું લક્ષણ છે તથા પર્યાયી, સ્વભાવવાન છે અને ઉત્પાદવ્યય તેનો સ્વભાવ છે, તેથી 'पर्ययवत् द्रव्यं' એમ કહેતાં તે ઉત્પાદવ્યયમય સિદ્ધ થઈ જાય છે, એ પ્રમાણે દ્રવ્યના બંને લક્ષણોમાં પરસ્પર અભિવ્યંજ્ય–અભિવ્યંજકભાવ, લક્ષ્ય–લક્ષણભાવ તથા સાધ્ય–સાધનભાવ સિદ્ધ કરીને હવે ગુણના વિષયમાં પ્રશ્નોત્તરરૂપથી વિશેષ કથન કરવામાં આવે છે.

## ગુણત્વ કોને કહે છે?—

**अथ च गुणत्वं किमहो सूक्तः केनापि जन्मिना सूरिः।**
**प्रोचे सोदाहरणं लक्षितमिव लक्षणं गुणानां हि॥१०३॥**

**અન્વયાર્થ**—(अथ च) હવે (केनापि जन्मिना) કોઈ ભવ્યાત્માએ (अहो गुणत्वं किं) 'હે સ્વામિન્! ગુણનું ગુણત્વ શું છે?' એવો (सूरिः सूक्तः) આચાર્યને પ્રશ્ન કર્યો, ત્યારે તેઓએ (गुणानां सोदाहरणं लक्षणं) ગુણોનું ઉદાહરણસહિત લક્ષણ (लक्षितं इव प्रोचे) 'જાણે લક્ષિત જ છે' એવી સરળ રીતથી કહ્યું.

**ભાવાર્થ**—કોઈએ આચાર્યને પ્રશ્ન કર્યો કે –'ગુણત્વ શું છે?' તેથી ગ્રંથકાર ઉદાહરણસહિત ગુણનું લક્ષણ કહે છે. 'लक्षितमिव' એ શબ્દથી એમ ધ્વનિત થાય છે, કે– ગ્રંથકાર ગુણનું લક્ષણ એવી ખૂબીથી પ્રતિપાદન કરશે કે જે શિષ્યોને અનુભવગમ્યવિષય જેવું માલુમ પડે.

**[1]द्रव्याश्रया गुणाः स्युर्विशेषमात्रास्तु निर्विशेषाश्च।**
**करतलगतं यदेतैर्व्यक्तमिवालक्ष्यते वस्तु॥१०४॥**

**અન્વયાર્થ**—(द्रव्याश्रयाः) જે દ્રવ્યના આશ્રયે રહે છે (च) તથા (निर्विशेषाः) જેમાં બીજા ગુણો નથી, એવા દ્રવ્યના (विशेष मात्राः) સંપૂર્ણ વિશેષોને (गुणाः स्युः) ગુણ કહે છે. કારણ કે– (एतैः) એ ગુણો દ્વારા (वस्तु) વસ્તુ (करतलगतं इव) હથેલી ઉપર રાખેલી વસ્તુની પેઠે (व्यक्तं आलक्ष्यते) સ્પષ્ટરૂપથી પ્રતીત થાય છે.

**ભાવાર્થ**—નિત્યરૂપે દ્રવ્યને આશ્રયે રહીને જેમાં બીજા વિશેષો (ગુણો) નથી, એવા

૧. ''द्रव्याश्रया निर्गुणा गुणाः'' तत्त्वार्थसूत्रના આ સૂત્રનો આશય આ શ્લોક દ્વારા પ્રગટ કરવામાં આવ્યો છે.

દ્રવ્યના સંપૂર્ણ વિશેષોને ગુણ કહે છે. 'વિશેષ' શબ્દ ગુણ તથા પર્યાય બંનેનો વાચક છે અને તે બંને દ્રવ્યના જ આશ્રિત રહે છે, પરંતુ દ્રવ્યની ઘટાદિક અવસ્થાઓમાં જે પ્રમાણે આકારાદિકની વિશેષતા રહે છે, તે પ્રમાણે ગુણોમાં ગુણ રહેતા નથી, એટલા માટે "निर्विशेष" એ પદથી અહીં પર્યાયોની નિવૃત્તિ થઈ જાય છે. "विशेषमात्र" શબ્દનો એવો અર્થ છે કે–દ્રવ્યના સંપૂર્ણ વિશેષોનું નામ જ ગુણ છે. ગુણ કોઈ જુદો પદાર્થ નથી. "द्रव्याश्रयाः" એ વિશેષણનો સારાંશ એ છે, કે–ગુણ નિત્ય દ્રવ્યના આશ્રિત છે પણ દ્રવ્યની અવસ્થાઓના આશ્રિત નથી. તેનો ખુલાસો નીચે પ્રમાણે છે—

**વિશેષાર્થ—**ગુણો સદા દ્રવ્યના આશ્રયે રહે છે, પરંતુ એમનો આશ્રય–આશ્રયીભાવ બાજોઠ ઉપર મૂકેલા પુસ્તકોનો બાજોઠ સાથે હોય છે એવો નથી, પરંતુ [1]તંતુ અને વસ્ત્ર અથવા પુસ્તક અને અક્ષરોના જેવો છે. જોકે વસ્ત્ર તંતુઓથી ભિન્ન નથી તોપણ તે તંતુઓનો આધાર ગણાય છે. એવી જ રીતે પુસ્તક અક્ષરોથી ભિન્ન નથી તોપણ તેને અક્ષરોનો આધાર માનવામાં આવે છે. એવી જ રીતે ગુણ અને દ્રવ્યનો આધાર-આધેયભાવ છે. ગુણ અને વિશેષ એ બંને એકાર્થવાચક છે, ગુણોમાં ગુણ રહેતા નથી. જો ગુણોમાં પણ ગુણ રહે તો તેઓ પણ દ્રવ્ય ઠરે અને અનવસ્થા દોષ પણ આવે, તેથી જે [2]દ્રવ્યના આશ્રયે રહેનાર હોય અને નિર્ગુણ હોય તે ગુણ કહેવાય છે.

अयमर्थो विदितार्थः समप्रदेशाः समं विशेषा ये।
ते ज्ञानेन विभक्ताः क्रमतः श्रेणीकृता गुणा ज्ञेयाः ॥१०५॥

**અન્વયાર્થ**—(विदितार्थः अयं अर्थः) પ્રગટ છે અર્થ જેનો એવા ગુણોના લક્ષણ સંબંધી પદોનો સારાંશ એ છે, કે–(समप्रदेशाः) સમાન છે પ્રદેશ જેના એવા (समं) એકીસાથે રહેવાવાળા (ये) જે (विशेषाः) વિશેષો છે, (ते) તે જ (વિશેષો) (ज्ञानेन विभक्ताः) જ્ઞાન દ્વારા ભિન્ન કરતાં (क्रमतः) ક્રમથી (श्रेणीकृताः) શ્રેણીકૃત (गुणः ज्ञेयाः) ગુણ જાણવા.

**ભાવાર્થ—**અનંત ગુણોના સમુદાયનું નામ દ્રવ્ય છે. દ્રવ્યના સંપૂર્ણ પ્રદેશોમાં જેમ એક વિવક્ષિત ગુણ રહે છે, તે જ પ્રમાણે દ્રવ્યના બધા ગુણો પણ તે દ્રવ્યના એ જ બધા પ્રદેશોમાં યુગપદ્ (એકીસાથે) રહે છે, એટલા માટે દ્રવ્યના બધા ગુણો સમાનપ્રદેશવાળા અર્થાત્ અભિન્ન છે. વસ્તુતાએ એમાં કોઈ ભેદ નથી, તોપણ શ્રુતજ્ઞાનાન્તર્ગત નયજ્ઞાનથી વિભક્ત (ભિન્ન-ભિન્ન) કરતાં

૧. તંતુ અને કપડાનું દ્રષ્ટાંત પણ સ્થૂળ છે, ગ્રાહ્યાંશમાં જ તે ઘટિત કરવું જોઈએ.

૨. દ્રવ્યના આશ્રયે પર્યાય પણ રહે છે અને તે નિર્ગુણ પણ છે, તેથી ગુણોનું લક્ષણ પર્યાયમાં ઘટિત થવાથી અતિવ્યાપ્તિ નામનો દોષ આવે છે. લક્ષણ પોતાના લક્ષ્યમાં રહેવા ઉપરાંત જો બીજા પદાર્થમાં પણ રહેતું હોય, તેને જ અતિવ્યાપ્તિ કહે છે. આ દોષને દૂર કરવા માટે ગુણોના લક્ષણમાં 'द्रव्याश्रय' નો અર્થ એ કરવો જોઈએ, કે જે નિત્યપણે દ્રવ્યના આશ્રયે રહે તે ગુણ છે, આમ કહેવાથી એ લક્ષણ પર્યાયમાં આવી શકશે નહિ, કેમ કે પર્યાય અનિત્ય છે, તેથી ગુણોને સહભાવી અને પર્યાયને ક્રમભાવી કહેવામાં આવેલ છે.

તેની ભિન્ન-ભિન્ન શ્રેણીઓ થઈ જાય છે, કારણ કે—વસ્તુમાં ખંડકલ્પના નયજ્ઞાનના કારણથી જ થાય છે.

આ પદ્યના ભાવાર્થને આગળના પદ્યથી દ્રષ્ટાંત દ્વારા સમજાવતાં ગ્રંથકારે 'बुद्ध्या विभज्यमाना:' એવું પદ આપ્યું છે, તેથી અહીં જ્ઞાનપદ કહેતાં શ્રુતજ્ઞાનથી પ્રયોજન છે, એમ સમજવું. અહીં દૃષ્ટાંત—

**दृष्टान्तः शुक्लाद्या यथा हि समतन्तवः समं सन्ति।**
**बुध्दया विभज्यमानाः क्रमतः श्रेणीकृता गुणा ज्ञेयाः॥१०६॥**

**અન્વયાર્થ**—(दृष्टांत:) ઉદાહરણ એ છે કે-(यथा हि) જેમ (समतन्तव:) સમાન છે તંતુ જેના એવા (समं) એકસાથે રહેવાવાળા જે (शुक्लाद्या: सन्ति) શુક્લાદિક ગુણો છે, તે જ શુક્લાદિક (बुद्ध्याविभज्यमाना:) બુદ્ધિ દ્વારા વિભજ્યમાન કરતાં (क्रमत:) ક્રમથી (श्रेणीकृता: गुणा: ज्ञेया:) શ્રેણીકૃત ગુણ સમજવા જોઈએ.

**ભાવાર્થ**—વસ્ત્રમાં જે શુક્લતા નામનો એક ગુણ છે, તે જેમ વસ્ત્રના સંપૂર્ણ તંતુઓમાં સર્વ ગુણોની સાથે તંતુના એ જ પ્રદેશોમાં વ્યાપ્ત થઈને રહે છે, કે જેમાં એ તંતુ સંબંધી અન્ય પણ સંપૂર્ણ ગુણો રહે છે. અર્થાત્ જે તંતુઓમાં રૂપ રહે છે તે જ તંતુમાં રસાદિક પણ રહે છે. તંતુઓના પ્રદેશોથી ગુણોના કંઈ જુદા પ્રદેશ નથી. કેવળ નય દ્વારા જ તેમાં ગુણભેદ જણાય છે. એ જ પ્રમાણે આ ગુણોમાં પણ સમજવું.

## ગુણોના નિત્યત્વ અને અનિત્યત્વ ઉપર વિચાર

**नित्यानित्यविचारस्तेषामिह विद्यते ततः प्रायः।**
**विप्रतिपत्तौ सत्यां विवदन्ते वादिनो यतो बहवः॥१०७॥**

**અન્વયાર્થ**—(यत:) જે કારણથી નિત્યતા–અનિત્યતાના વિષયમાં (विप्रतिपत्तौ सत्यां) એક બીજાની સાથે સહમત નહિ થતાં (बहव: वादिन: विवदन्ते) ઘણા વાદીઓ પરસ્પર વિવાદ કરે છે, (तत: प्राय:) એ જ કારણથી પ્રાય: (इह) અહીં (तेषां नित्यानित्यविचार: विद्यते) એ ગુણોના નિત્ય–અનિત્યતાના વિષયમાં વિચાર કરવામાં આવે છે.

**ભાવાર્થ**—'ગુણ નિત્ય છે કે અનિત્ય છે?' એ વિષયમાં અન્ય મતવાદીઓનો પરસ્પર મતભેદ છે, પરંતુ એકાંતદૃષ્ટિથી એ બધું કથન મિથ્યા છે, કારણ કે—અનેકાંતદૃષ્ટિએ ગુણ પણ દ્રવ્યની માફક કથંચિત્ નિત્ય અનિત્યાત્મક પ્રતીત થાય છે, માટે ગ્રંથકાર સ્વયં અહીં ગુણોના નિત્ય-અનિત્યત્વના વિષયમાં વિચાર કરે છે—

## ગુણોના સંબંધમાં જૈનનો સિદ્ધાંત

**जैनानामतमेतन्नित्यानित्यात्मकं यथा द्रव्यं।**
**ज्ञेयास्तथा गुणा अपि नित्यानित्यात्मकास्तदेकत्वात् ॥१०८॥**

**અન્વયાર્થ**—(जैनानां एतत् मतं) જૈનનો આ સિદ્ધાંત છે, કે-(यथा) જેમ (द्रव्य नित्यानित्यात्मकं) દ્રવ્ય નિત્ય-અનિત્યાત્મક છે, (तथा) તે જ પ્રમાણે (गुणाः अपि) ગુણ પણ (तदेकत्वात्) પોતાના દ્રવ્યથી અભિન્ન હોવાના કારણે (नित्यानित्यात्मकाः ज्ञेयाः) નિત્ય-અનિત્યાત્મક છે, એમ સમજવું.

**ભાવાર્થ**—ગુણસમુદાયનું નામ દ્રવ્ય છે. ગુણોની સત્તા દ્રવ્યથી જુદી નથી માત્ર સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનભેદથી જ દ્રવ્ય અને ગુણોમાં ભિન્ન વ્યવહાર થાય છે. કારણ કે દ્રવ્યદૃષ્ટિએ તે ગુણો પરસ્પરમાં તથા દ્રવ્યથી અભિન્ન જ છે. એટલા માટે જેમ દ્રવ્ય નિત્ય-અનિત્યાત્મક છે, તે જ પ્રમાણે તેના ગુણ પણ નિત્ય-અનિત્યાત્મક છે એવો સ્યાદ્વાદરૂપ જૈનનો સિદ્ધાંત છે. અહીં એ સંબંધમાં આચાર્ય સ્વયં નીચેનું દૃષ્ટાંત આપે છે—

**तत्रोदाहरणमिदं किल तद्भावाऽव्ययाद्गुणा नित्याः।**
**तदभिज्ञानात्सिद्धं तल्लक्षणमिह यथा तदेवेदम् ॥१०९॥**

**અન્વયાર્થ**—(तत्र) એ વિષયમાં (इदं उदाहरणं) આ ઉદાહરણ છે, કે-(किल) નિશ્ચયથી (गुणाः) ગુણો (तद्भावाव्ययात्) પોતાના ગુણત્વથી કદી પણ ચ્યુત નહિ થવાના કારણે (नित्याः) નિત્ય છે, તથા (तत्) એ નિત્યપણું (अभिज्ञानात् इह सिद्धं) પ્રત્યભિજ્ઞાનપ્રમાણથી આ લોકમાં સિદ્ધ છે, તથા (तल्लक्षणं) એ પ્રત્યભિજ્ઞાનનું લક્ષણ આ છે, કે (यथा) જેમ (तदेवेदम्) "તે જ આ છે."

**ભાવાર્થ**—ગુણોને નિત્ય-અનિત્યાત્મક સિદ્ધ કરવામાં આ ઉદાહરણ છે, કે—પ્રત્યેક ગુણ પ્રતિસમય પરિણમનશીલ હોવા છતાં પણ તે પોતાના તદ્ભાવ એટલે ગુણત્વથી કદી પણ ચ્યુત થતા નથી, એ અપેક્ષાએ ગુણો નિત્ય કહેવાય છે. તથા એ નિત્યતાનું સાધક પ્રમાણ પ્રત્યભિજ્ઞાન છે, જેમ કે —"स्मृतिप्रत्यक्षपूर्वकं संकलनात्मकं ज्ञानं प्रत्यभिज्ञानं" અર્થાત્—સ્મૃતિ તથા પ્રત્યક્ષપૂર્વક થવાવાળા જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે અને તેના એકત્વપ્રત્યભિજ્ઞાન, સાદૃશ્યપ્રત્યભિજ્ઞાન તથા તત્પ્રયોગીપ્રત્યભિજ્ઞાન વગેરે અનેક ભેદ છે. તેમાં 'तदेवेदं—તે જ આ છે' એવા પ્રકારની એકત્વપ્રત્યભિજ્ઞાન દ્વારા જે પ્રમાણે કાળાન્તરમાં પણ એકતાની સિદ્ધિ થાય છે તે પ્રમાણે પ્રત્યેક ગુણોમાં પણ 'तदेवेदं' એવું નિત્યપણાનું સાધક પ્રત્યભિજ્ઞાનપ્રમાણ જણાય છે. કદી પણ 'शेषःन—આ તે નથી' એવો પ્રત્યય મળી શકતો નથી. એમ પ્રત્યભિજ્ઞાનપ્રમાણ દ્વારા ગુણોમાં કથંચિત્ નિત્યતા સિદ્ધ થાય છે, તેથી—

**ज्ञानं परिणामि यथा घटस्य चाकारतः पटाकृत्या।**
**किं ज्ञानत्वं नष्टं न नष्टमथ चेत्कथं न नित्यं स्यात्॥११०॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (ज्ञानं) જ્ઞાન, (घटस्यआकारतः) ઘટના આકારથી (पटाकृत्या) પટના આકારરૂપ થવાના કારણે (परिणामि च) પરિણમનશીલ છે તો (किं ज्ञानत्वं नष्टं ?) શું તેનું જ્ઞાનપણું નષ્ટ થઈ જાય છે? (अथ न नष्टं चेत्) જો તે જ્ઞાનત્વ નષ્ટ થતું નથી, તો તે આ અપેક્ષાએ (नित्यं कथं न स्यात्) નિત્ય કેમ સિદ્ધ નહિ થાય? અર્થાત્ અવશ્ય જ થશે.

**ભાવાર્થ**—ઘટને છોડી પટને અને પટને છોડી અન્ય પદાર્થને જાણતી વેળા જ્ઞાન પર્યાયાર્થિકનયથી અન્યરૂપ કહેવાવા છતાં પણ તેનું જ્ઞાનપણું ઉલ્લંઘન કરતું નથી, પરંતુ સામાન્યપણાથી નિરંતર ''तदेवेदं–તે જ આ છે. અર્થાત્ આ તે જ જ્ઞાન છે કે જેની પહેલાં તે પર્યાય હતી અને હાલ આ પર્યાય છે'' એવી પ્રતીતિ થાય છે. માટે જ્ઞાનત્વસામાન્યની અપેક્ષાએ જ્ઞાન નિત્ય છે. જેમ કે—

**વિશેષાર્થ**—આત્માનો જ્ઞાન ગુણ પરિણમનશીલ છે. કોઈ વાર તે [1]ઘટાકારે થાય છે તો કોઈ વાર પટના આકારે થઈ જાય છે. ઘટાકારમાંથી પટાકારે થતી વખતે તેમાં શું જ્ઞાન ગુણ નષ્ટ થઈ જાય છે? ના, જ્ઞાન નાશ પામતું નથી, કેવળ અવસ્થા બદલાઈ જાય છે, તે પહેલાં ઘટને જાણતું હતું, હવે પટને જાણવા લાગ્યું છે, એટલો જ ફેરફાર થયો છે. જાણપણું બંને અવસ્થાઓમાં સરખું છે, તેથી જ્ઞાનનો કદી નાશ થતો નથી[2]. જ્યારે જ્ઞાનનો કદી નાશ થતો નથી એ વાત સ્પષ્ટ છે ત્યારે તે નિત્ય કેમ ન હોય? તે અવશ્ય નિત્ય છે.

---

૧. ઘટાકાર અને પટાકારનું ઘટજ્ઞાન અને પટજ્ઞાનથી પ્રયોજન છે. જ્ઞાન ગુણનો એ સ્વભાવ છે, કે તે જે પદાર્થને જાણે છે તેના આકારે થઈ જાય છે, તેથી જ્ઞાનને દર્પણની ઉપમા આપવામાં આવી છે. દર્પણમાં પણ જે પદાર્થનું પ્રતિબિંબ પડે છે, તે પદાર્થના આકારે દર્પણ થઈ જાય છે.

૨. અહીં કોઈ એવી શંકા કરી શકે છે, કે જીવાત્માઓમાં જ્ઞાન બરાબર ઘટતું જતું જણાય છે. સૂક્ષ્મ નિગોદિયા લબ્ધ્યપર્યાપ્તકમાં ઘટતાં ઘટતાં અક્ષરના અનંતમા ભાગ પ્રમાણ રહી જાય છે તો તેથી સિદ્ધ થાય છે, કે કોઈ જીવમાં જ્ઞાનનો સર્વથા અભાવ થઈ જતો હોય. જોકે સ્થૂળ દૃષ્ટિએ આ શંકાની સંભાવના બરાબર છે, તોપણ તત્ત્વદૃષ્ટિથી વિચાર કરતાં ઉક્ત શંકા નિર્મૂળ થઈ જાય છે. કોઈપણ પદાર્થમાં કમીની સંભાવના ત્યાં સુધી કરી શકાય છે જ્યાં સુધી તે પદાર્થની સત્તા છે, પદાર્થની શૂન્યતામાં કમી શબ્દનો પ્રયોગ જ નથી થઈ શકતો. બીજું દરેક પદાર્થની ઉત્કૃષ્ટતા અને જઘન્યતાની મર્યાદા અવશ્ય છે. જ્ઞાન ગુણની જઘન્યતામાં પણ અનંતાનંત અવિભાગ પ્રતિચ્છેદ બતાવ્યા છે. સૂક્ષ્મ નિગોદિયાના જઘન્ય જ્ઞાનમાં આવરણ હોતું નથી, તે સદા પ્રગટેલું રહે છે અને સદા નિરાવરણ છે. જો તેમાં પણ આવરણ આવી જાય તો જીવમાં જડતાનો પ્રસંગ આવશે, એવી સ્થિતિમાં વસ્તુની વસ્તુતા જ ચાલી જાય છે. જ્ઞાનની નિત્યતામાં યુક્તિ ઉપરાંત પ્રમાણ માટે નીચે લખેલી ગાથા જુઓ—

सुहमणिगोदमपज्जत्तयस्स जादस्स पढ़मसमयम्मि।
हवदि हु सव्वजहण्णं णिच्चुग्धाडं णिरावरणं॥२॥ गोम्मटसार॥

**दृष्टान्तः किल वर्णो गुणो यथा परिणमन् रसालफले।**
**हरितात्पीतस्तत्किं वर्णत्वं न नष्टमिति नित्यम्॥११९॥**

**અન્વયાર્થ**—(दृष्टान्तः) તેનું ઉદાહરણ આ છે, કે–(यथा) જેમ (किल) નિશ્ચયથી (रसालफले) આમ્રફળમાં (वर्णः गुणः) વર્ણ નામનો ગુણ (परिणमन हरितात् पीतः) પરિણમન કરતો કરતો હરિતમાંથી પીળો થઈ જાય છે, (तत्किं वर्णत्वं नष्टं ?) તો શું એટલામાં તેના વર્ણપણાનો નાશ થઈ જાય છે? અર્થાત્ નથી થતો. (इति नित्यं) એટલા માટે તે વર્ણપણું નિત્ય છે.

**ભાવાર્થ**—દૃષ્ટાંતમાં એક આમ્રફળ લ્યો! જેમ તે કેરી પોતાની કાચી અવસ્થામાં હરિત અર્થાત્ લીલા રંગવાળી હતી, તે જ પક્વઅવસ્થા થતાં પીળી થઈ ગઈ છતાં પણ સામાન્યપણે વર્ણપણું તો તેનું તે જ છે, એ (વર્ણસામાન્યપણું) કાંઈ નષ્ટ થઈ ગયું નથી, એટલા માટે વર્ણત્વસામાન્યની અપેક્ષાએ તે વર્ણગુણ નિત્ય જ છે. તથા—

**वस्तु यथा परिणामि तथैव परिणामिनो गुणाश्चापि।**
**तस्मादुत्पादव्ययद्वयमपि भवति हि गुणानां तु॥११२॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (वस्तु परिणामि) વસ્તુ, પરિણમનશીલ છે (तथैव) તે જ પ્રમાણે (गुणाः च अपि परिणामिनः) ગુણો પણ પરિણમનશીલ છે, (तस्मात्) એટલા માટે (हि) નિશ્ચયથી (गुणानां तु) ગુણોના પણ (उत्पादव्ययद्वयं अपि) ઉત્પાદ–વ્યય બંને (भवति) થાય છે.

**ભાવાર્થ**—તથા જેમ દ્રવ્ય, પરિણામી છે તેમ દ્રવ્યથી અભિન્ન રહેવાવાળા ગુણો પણ પરિણામી છે અને તે પરિણામી હોવાથી તેમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય પણ થયા જ કરે છે; અને એ યુક્તિથી ગુણોમાં ઉત્પાદ-વ્યય હોવાથી તેને અનિત્ય પણ કહેવામાં આવે છે. સારાંશ કે—

**ज्ञानं गुणो यथा स्यान्नित्यं सामान्यवत्तयाऽपि यतः।**
**नष्टोत्पन्नं च तथा घटं विहायाथ पटं परिच्छिन्दत्॥११३॥**

**અન્વયાર્થ**—(यतः) એટલા માટે (यथा) જેમ (ज्ञानं गुणः) જ્ઞાન નામનો ગુણ (सामान्यवत्तया) સામાન્યરૂપથી (नित्यं स्यात्) નિત્ય છે (अपि) તથા (तथा) એ જ પ્રમાણે (घटं विहाय अथ पटं परिच्छिन्दत्) ઘટને છોડી પટને જાણતાં તે જ્ઞાન (नष्टोत्पन्नं च) નષ્ટ અને ઉત્પન્નરૂપ પણ છે અર્થાત્ અનિત્ય પણ છે.

**ભાવાર્થ**—જે સમયે જ્ઞાન ઘટને છોડી પટને વિષય કરવા લાગે છે, તે સમયે પર્યાયાર્થિકદૃષ્ટિએ ઘટજ્ઞાનનો વ્યય તથા પટજ્ઞાનનો ઉત્પાદ થવાથી જ્ઞાનને અનિત્ય કહેવામાં

આવે છે. તથા એ જ સમયે પર્યાયાર્થિકનયની ગૌણતા અને દ્રવ્યાર્થિકનયની મુખ્યતાએ જોતાં ઘટજ્ઞાન અને પટજ્ઞાનરૂપ બંને અવસ્થાઓમાં જ્ઞાનપણું સામાન્ય હોવાથી જ્ઞાનને ધ્રૌવ્ય અર્થાત્ નિત્ય પણ કહેવામાં આવે છે. એટલા માટે અપેક્ષાવાદથી જ્ઞાનગુણ કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક સિદ્ધ થાય છે, પણ એકાંતવાદથી નહિ.

## નિત્ય–અનિત્યપણાનું પોષક દૃષ્ટાંત

**सन्दृष्टी रुपगुणो नित्यश्चाम्रेऽपि वर्णमात्रतया।**
**नष्टोत्पन्नो हरितात्परिणममानश्च पीतवत्वेन ॥११४॥**

**અન્વયાર્થ**—(सन्दृष्टी) તેનુ દૃષ્ટાંત આ છે, કે–(आम्रे) આમ્રફળમાં (रुपगुणः) રૂપ નામનો ગુણ (वर्णमात्रतया) વર્ણમાત્રપણાથી (नित्यः अपि) નિત્ય પણ છે (च) તથા (हरितात्) લીલાથી (पीतवत्वेन परिणममानः) પીતવર્ણરૂપ પરિણમન કરતો હોવાથી તે (नष्टोत्पन्न च) નષ્ટ અને ઉત્પન્ન પણ છે.

**ભાવાર્થ**—જેમ કે—આમ્રફળમાં (કેરીમાં) રૂપગુણ વર્ણત્વસામાન્યની અપેક્ષાએ નિત્ય છે તથા જ્યારે તે આમ્રફળ કાચાપણાથી પક્વરૂપ થાય છે ત્યારે તેનો લીલો વર્ણ નષ્ટ થઈને તેમાં પીત વર્ણ ઉત્પન્ન થાય છે, તેથી તે રૂપગુણ નષ્ટ—ઉત્પન્નરૂપ પણ છે અર્થાત્ વર્ણપણાની અપેક્ષાએ તે નિત્ય છે તથા લીલા વર્ણથી પીળો વર્ણ ધારણ કરવાની અપેક્ષાએ તે અનિત્ય પણ છે.

એ પ્રમાણે ગુણોની કથંચિત્ નિત્ય-અનિત્યતાનો વિચાર કરીને હવે 'ગુણ નિત્ય છે અને પર્યાયો અનિત્ય છે તો ગુણોને નિત્ય-અનિત્યાત્મક કેમ કહ્યા?' એ વિષયમાં ઉહાપોહ કરવામાં આવે છે, અહીં શંકા—

**ननु नित्या हि गुणा अपि भवन्त्यनित्यास्तु पर्ययाः सर्वे।**
**तत्किं द्रव्यवदिह किल नित्यानित्यात्मकाः गुणाः प्रोक्ताः ॥११५॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે–(हि) નિશ્ચયથી (गुणाः नित्याः) ગુણો નિત્ય હોય છે (अपि तु) અને (सर्वे पर्याया अनित्याः भवन्ति) સંપૂર્ણ પર્યાયો અનિત્ય હોય છે, (तत् किं) તો પછી (इह) આ ઠેકાણે (द्रव्यवत्) દ્રવ્યની પેઠે (गुणाः नित्यानित्यात्मकाः प्रोक्ताः) ગુણોને નિત્ય–અનિત્યાત્મક કેમ કહ્યા?

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—જ્યારે ગુણ નિરંતર રહે છે માટે તે નિત્ય છે અને પર્યાયો સમયે સમયે બદલાતી રહે છે માટે તે બધી અનિત્ય છે, તો પછી 'ગુણો પણ દ્રવ્યની માફક કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક છે' એમ આપ અહીં કેમ કહો છો? એ શંકાનું સમાધાન :—

सत्यं तत्र यतः स्यादिदमेव विवक्षितं यथा द्रव्ये।
न गुणेभ्यः पृथगिह तत्सदिति द्रव्यं च पर्ययाश्चेति॥११६॥

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે! (यत:) પરંતુ (तत्र इदमेव विवक्षितंस्यात्) તેમાં આમ વિવક્ષિત છે, કે-(यथा) જેમ (इह) અહીં (द्रव्ये) દ્રવ્યમાં ('यत्') જે (सत्) સત્ છે (तत्) તે જ (गुणेभ्य: पृथक् न) ગુણોથી જુદું નથી. (तथा) એ જ પ્રમાણે (द्रव्यं च पर्याया:) દ્રવ્ય અને પર્યાયો પણ ('पृथक न' इति) ગુણોથી ભિન્ન નથી.

**ભાવાર્થ**—દ્રવ્ય, જેમ ગુણોથી અભિન્ન છે તે જ પ્રમાણે પર્યાયોથી પણ અભિન્ન છે, માટે જેમ દ્રવ્ય, નિત્યાનિત્યાત્મક છે તેમ ગુણ પણ ગુણપર્યાયમયદ્રવ્યથી અભિન્ન છે, તેથી તે પણ નિત્યાનિત્યાત્મક કહેવાય છે. એ પ્રમાણે ગુણો પણ નિત્યાનિત્યાત્મક હોવાથી ઉપરની શંકા ઠીક નથી. તથા—

अपि नित्याः प्रतिसमयं विनाऽपि यत्नं हि परिणमन्ति गुणाः।
स च परिणामोऽवस्था तेषामेव न पृथक्त्वसत्ताकः॥११७॥

**અન્વયાર્થ**—(गुणा: नित्या: अपि) ગુણો નિત્ય છે, તોપણ તે (हि) નિશ્ચયથી (विना अपि यत्नं) પોતાના સ્વભાવથી જ (प्रतिसमयं परिणमन्ति) પ્રત્યેક સમયે પરિણમન કરતા રહે છે (स च परिणाम:) અને તે પરિણમન પણ (तेषां एव अवस्था) એ ગુણોની જ અવસ્થા છે પણ (पृथक्त्व सत्ताक: न) ગુણોની સત્તાથી તેની સત્તા કંઈ ભિન્ન નથી.

**ભાવાર્થ**—ગુણોની પ્રતિસમય થવાવાળી અવસ્થાનું નામ જ પર્યાય છે, પર્યાયોની સત્તા કંઈ ગુણોથી ભિન્ન નથી, માટે દ્રવ્યની માફક એ ગુણો પણ ગુણની દૃષ્ટિએ નિત્ય તથા પોતાની પર્યાયરૂપ અવસ્થાઓથી ઉત્પન્ન તથા નષ્ટ થવાના કારણથી અનિત્ય કહેવામાં આવે છે. અહીં શંકા—

ननु तदवस्थो हि गुणः किल तदवस्थान्तरं हि परिणामः।
उभयोरन्तर्वर्तित्वादिह पृथगेतदेवमिदमिति चेत्॥११८॥

**અન્વયાર્થ**—(ननु) અહીં શંકાકાર કહે છે, કે-(हि) નિશ્ચયથી (गुण: तदवस्थ:) ગુણો તદવસ્થ અર્થાત્ એકસરખા રહે છે તથા (तदवस्थान्तरं हि परिणाम:) એ સત્‌ની અન્ય અવસ્થાઓને પરિણામ કહે છે અને (इह) અહીં (उभयो: अन्तर्वर्तित्वात्) ગુણ તથા પરિણામના મધ્યવર્તિ હોવાના કારણે (एतत् पृथक्) એ સત્ જુદું છે, (इति) માટે (इदं एवं चेत्) તે સત્-દ્રવ્ય છે, એમ માનવામાં આવે તો?

**ભાવાર્થ**—શંકાકારની શંકા એવી છે કે–ગુણોને તદવસ્થ અર્થાત્ એકસરખા રહેવાવાળા, સત્‌ની અવસ્થાઓને પર્યાય તથા એ બંનેની વચમાં જે કંઈ પણ રહે છે તેને સત્ અર્થાત્ દ્રવ્ય કહે છે. એ પ્રમાણે સત્‌નું સ્વરૂપ કેમ માનવામાં ન આવે ? તેનું સમાધાન—

तन्न यतः सदवस्थाः सर्वा आम्रेडितं यथावस्तु।
न तथा ताभ्यः पृथगिति किमपि हि सत्ताकमन्तरं वस्तु॥११९॥

**અન્વયાર્થ**—(तन्न) ગુણોને તદવસ્થ, તેના અવસ્થાન્તરને પર્યાય તથા એ બંનેના મધ્યવર્તીને દ્રવ્ય, એ શંકાકારનું કહેવું ઠીક નથી. (यतः) કારણ કે-(यथा) જેમ (सर्वा सदवस्थाः) સંપૂર્ણ ગુણની અવસ્થાઓ (आम्रेडितं) આમ્રેડિત* થઈને અર્થાત્ એક આલાપથી પુનઃ પુનઃ પ્રતિપાદિત થઈને (वस्तु) વસ્તુ અર્થાત્ દ્રવ્ય કહેવાય છે. (तथा हि) તે જ પ્રમાણે (ताभ्यः) તેની એ અવસ્થાઓથી (पृथक्) ભિન્ન (किमपि) કોઈ પણ (सत्ताकमन्तरं) ભિન્ન સત્તાવાળી (वस्तु) વસ્તુ [દ્રવ્ય] (न इति) કહી શકાતી નથી.

**ભાવાર્થ**—સત્‌ની સંપૂર્ણ અવસ્થાઓ જ ફરી ફરી પ્રતિપાદિત થઈને વસ્તુ કહેવાય છે, પરંતુ વસ્તુ પોતાની અવસ્થાઓથી કાંઈ ભિન્ન નથી. એટલા માટે જેમ ગુણમય દ્રવ્ય હોવાથી દ્રવ્ય અને ગુણોમાં સ્વરૂપભેદ થતો નથી, તે જ પ્રમાણે દ્રવ્યની અવસ્થાઓ જ ગુણની અવસ્થાઓ કહેવાય છે. માટે દ્રવ્ય પણ તેની પર્યાયોથી ભિન્ન નથી, તેથી ગુણને તદવસ્થ તથા અવસ્થાન્તરોને પર્યાય માની એ બંનેના કોઈ મધ્યવર્તીને જુદું દ્રવ્ય માનવું એ ઠીક નથી. એટલા માટે—

**વિશેષાર્થ**—શંકાકારે ગુણોને તેમના પરિણામોથી ભિન્ન બતાવ્યા હતા અને તેમાં કારણ એ આપ્યું હતું, કે એક સમયમાં જે પરિણામ હોય છે, બીજા સમયમાં તેનાથી સર્વથા ભિન્ન જ હોય છે. એવી જ રીતે તે પણ નષ્ટ થઈ જાય છે અને ત્રીજા સમયમાં જુદા પરિણામ જ ઉત્પન્ન થાય છે, તેથી ગુણોથી પરિણામ સર્વથા ભિન્ન છે. એનો ઉત્તર આપવામાં આવ્યો છે, કે જોકે પરિણામ સમય સમયના ભિન્ન છે, તોપણ જે સમયે જે પરિણામ છે તે ગુણોથી ભિન્ન નથી, તેમની જ અવસ્થા વિશેષ છે. એવી જ રીતે સમય સમયના પરિણામ ગુણોથી અભિન્ન છે. જો ગુણોથી સર્વથા ભિન્ન જ પરિણામને માનવામાં આવે તો પ્રશ્ન થઈ શકે કે તે પરિણામ કોના છે? પરિણામી વિના પરિણામનું થવું અસંભવ છે, તેથી ગુણોના પરિણામ ગુણોથી સર્વથા ભિન્ન નથી, પરંતુ પરિણામ સમૂહ જ ગુણ છે અને ગુણ સમૂહ જ દ્રવ્ય છે.

नियतं परिणामित्वादुत्पादव्ययमया ये एव गुणाः।
टंकोत्कीर्णन्यायात्ते एव नित्या यथा स्वरुपत्वात्॥१२०॥

---

★ હરકોઈ બોલેલા શબ્દનું વારંવાર બોલવું વા એકનો એક શબ્દ બે-ત્રણ વાર બોલાવો તે.

**અન્વયાર્થ**—(नियतं) નિયમથી (ये एव गुणाः) જે ગુણો (परिणामित्वात् उत्पादव्ययमयाः) પરિણમનશીલ હોવાના કારણથી ઉત્પાદવ્યયમય કહેવાય છે, (ते एव) તે જ ગુણો (टंकोत्कीर्णन्यायात्) ટંકોત્કીર્ણન્યાયથી (यथास्वरुपत्वात्) પોતાના સ્વરૂપને કદી પણ ઉલ્લંઘન કરતા નથી, તેથી તે (नित्याः) નિત્ય કહેવાય છે.

**ભાવાર્થ**—પરિણમનની અપેક્ષાએ જે ગુણો ઉત્પાદવ્યય યુક્ત કહેવાય છે, તે જ ગુણો ગુણત્વસામાન્યની અપેક્ષાએ નિત્ય કહેવાય છે. એ બંને અપેક્ષાઓથી દ્રવ્યથી અભિન્નરૂપ ગુણો પણ ઉત્પાદવ્યય અને ધ્રૌવ્યયુક્ત કહ્યા છે. પરંતુ એમ નથી કે—

न हि पुनरेकेषामिह भवति गुणानां निरन्वयो नाशः।
अपरेषामुत्पादो द्रव्यं यत्तद्द्वयाधारम् ॥१२१॥

**અન્વયાર્થ**—(न हि पुनः) પરંતુ એમ નથી, કે (इह) અહીં (एकेषां गुणानां) કોઈ ગુણોનો (निरन्वयः नाशः भवति) નિરન્વય નાશ થાય છે તથા (अपरेषां) બીજા ગુણોનો (उत्पादः) ઉત્પાદ થાય છે અને (यत्द्वयाधारं) એવા નવીન ગુણોના ઉત્પાદ અને વ્યયનો જે આધાર થાય છે, (तत् द्रव्यं) તે દ્રવ્ય છે.

**ભાવાર્થ**—પરંતુ દ્રવ્યથી અભિન્ન ગુણોમાં ઉત્પાદવ્યય અને ધ્રૌવ્ય થાય છે, એનો અર્થ એમ નથી કે—કોઈ ગુણ તો બિલકુલ નષ્ટ થઈ જાય છે તથા કોઈ ગુણ નવીન જ ઉત્પન્ન થાય છે અને એ નષ્ટ—ઉત્પન્ન ગુણોના આધારને દ્રવ્ય કહેવામાં આવે છે. વળી વિપક્ષીઓનો આ દ્રષ્ટાન્તાભાસ છે, કે—

दृष्टांताऽऽभासोऽयं स्याद्धि विपक्षस्य मृत्तिकायां हि।
एके नश्यन्ति गुणाः जायन्ते पाकजा गुणास्त्वन्ये ॥१२२॥

**અન્વયાર્થ**—(विपक्षस्य) ગુણોને નષ્ટ—ઉત્પન્ન માનવાવાળાઓનો (अयं दृष्टान्ताभासः स्यात्) આ દ્રષ્ટાંતાભાસ છે, કે (हि) નિશ્ચયથી (मृतिकायां) માટીરૂપ દ્રવ્યમાં (एके गुणाः नश्यन्ति) કોઈ ગુણ તો નષ્ટ થાય છે (तु) તથા (अन्ये पाकजाः गुणाः जायन्ते) બીજા પક્વગુણો ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ**—વિપક્ષીઓનું ગુણોના નષ્ટ—ઉત્પન્ન થવામાં આવું એક દ્રષ્ટાંત છે, કે—કોઈ કાચા ઘડાને પકાવતાં તેમાં એની કાચી અવસ્થાજન્ય ગુણોનો નાશ થઈને પક્વજન્ય અન્ય ગુણો પેદા થાય છે, પણ આ ખરું દ્રષ્ટાંત નથી, પરંતુ [1]દ્રષ્ટાંતાભાસ છે; કારણ કે—

**વિશેષાર્થ**—નૈયાયિક દૃષ્ટાંતનો સિદ્ધાંત છે, કે જે વખતે કાચા ઘડાને અગ્નિમાં (નિંભાડામાં)

૧. જૂઠા દ્રષ્ટાંતને દ્રષ્ટાંતાભાસ કહે છે.

મૂકવામાં આવે છે તે વખતે તે ઘડાના પહેલાં બધા ગુણો નાશ પામી જાય છે. ઘડો પાકવાથી તેમાં બીજા જ નવા ગુણ ઉત્પન્ન થઈ જાય છે. એટલું જ નહિં, *વૈશેષિકોનો તો ત્યાં સુધી પણ સિદ્ધાંત છે કે અગ્નિમાં જ્યારે પાકવાની અવસ્થા થાય છે ત્યારે કાળો ઘડો બિલકુલ ફૂટી જાય છે. તેના બધા પરમાણુઓ જુદા જુદા વિખરાઈ જાય છે. પછી તરત જ લાલરૂપ ઉત્પન્ન થાય છે અને પાકેલા પરમાણુ એકઠા થાય છે. તેમાંથી ઠીકરા બને છે. તે ઠીકરામાંથી લાલ ઘડો બને છે. આ કાર્યમાં (ઘડાના ફૂટવા અને તૈયાર થવામાં) જે સમય લાગે છે તે અતિ સૂક્ષ્મ છે, તેથી જાણી શકાતો નથી. આ નૈયાયિક સિદ્ધાંતનું દૃષ્ટાંત આપીને ગુણોનો નાશ અને ઉત્પત્તિ માનવી તે સર્વથા મિથ્યા છે. આ દૃષ્ટાંત સર્વથા બાધિત છે. આ વાત કોઈ વિવેકીની બુદ્ધિમાં આવી શકતી નથી, કે અગ્નિમાં ઘડાના ગુણોનો નાશ થઈ જતો હોય અથવા તે ઘડો જ અગ્નિમાં ફૂટીને પછી એકદમ પોતાની મેળે તૈયાર થઈ જતો હોય, તેથી તે નૈયાયિકોનો સિદ્ધાંત સર્વથા બાધિત છે. આ દૃષ્ટાંતથી ગુણોનો નાશ અને ઉત્પત્તિ માનવી પણ મિથ્યા છે. આ જ વાત ગ્રંથકાર સ્વયં પ્રગટ કરે છે.

**तत्रोत्तरमिति सम्यक् सत्यां तत्र च तथाविधायां हि।**
**किं पृथिवीत्वं नष्टं न नष्टमथ चेत्तथा कथं न स्यात् ॥१२३॥**

**અન્વયાર્થ**—(तत्र इति सम्यक् उत्तरं) એ વિષયમાં આ ઉત્તર ઠીક છે, કે (तत्र च तथा विधायां सत्यां) એ મૃતિકાનું એમ થતાં (किं पृथिवीत्वं नष्टं ?) શું તેનું મૃતિકાપણું નાશ થઈ જાય છે? (अथ न नष्टं चेत्) જો (તેનું મૃતિકાપણું) નષ્ટ નથી થતું, તો (तथा कथं न स्यात्) તે નિત્યરૂપ કેમ ન હોય?

**ભાવાર્થ**—કાચી માટીને પકાવતાં પ્રથમના માટી સંબંધી (બધા) ગુણો નષ્ટ થઈ નવીન પક્વગુણ પેદા થાય છે. આ પ્રમાણે માનવાવાળાને માટે આ ઉત્તર ઠીક કે—મૃતિકાની ઘટાદિઅવસ્થા થતાં શું તેનું પૃથ્વીપણું—મૃતિકાપણું પણ નષ્ટ થઈ જાય છે? જો તે મૃતિકાપણું નાશ નથી પામતું તો તે મૃતિકાપણું શું નિત્ય નથી?

એ પ્રમાણે નં. ૧૦૭ થી નં. ૧૨૩ સુધીના પદ્યો દ્વારા ઉહાપોહપૂર્વક ગુણોને નિત્ય -અનિત્યાત્મક સિદ્ધ કરીને હવે આગળ (ગ્રંથકાર) 'દ્રવ્ય અને ગુણોમાં આશ્રય-આશ્રયીભાવ છે, તેથી દ્રવ્ય અને ગુણોમાં ભેદ હોવો સંભવિત છે' એ વિષયમાં ઉહાપોહપૂર્વક 'ગુણસમુદાય જ દ્રવ્ય છે', એમ સિદ્ધ કરે છે—

---

* वैशेषिके नये पीलुपाक वादिमते तत्र हि पाकार्थमपक्वघटो यदा महामहानसे निधीयते तदा तदन्तः प्रविष्टाभिर्वेदग्निज्वालामालाभिरवयवविगवागेन पूर्वावयवसंयोगे विनष्टेऽसमवायिकारणनाशात् भावकार्यनाश इति नियमात् श्यामघटे विनष्टे पुनः परमाणुषु रक्तरूपोत्पत्त्या द्वयणुकाद्रिक्रमेण रक्तघटोत्पत्तिरिति। नैयायिकानां पिटरपाकवादिनामत्र गौरवः।

सिद्धान्तसुक्तावली (नैयायिक–वैशेषिक ग्रन्थ)

### દ્રવ્યને ગુણોથી ભિન્ન માનવા અંગે શંકા—

**ननु केवलं प्रदेशा द्रव्यं देशाश्रया विशेषास्तु।**
**गुणसंज्ञका हि तस्मात्भवति गुणेभ्यश्च द्रव्यमन्यत्र॥१२४॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે-(केवलं प्रदेशाः द्रव्यं) કેવળ પ્રદેશ જ દ્રવ્ય કહેવાય છે (तु) અને (हि) નિશ્ચયથી (देशाश्रयाः विशेषाः गुणसंज्ञकाः) દેશના આશ્રયે રહેવાવાળા વિશેષ 'ગુણ' નામથી કહેવાય છે (तस्मात्) તેથી (द्रव्यं गुणेभ्यः अन्यत्र) દ્રવ્ય, ગુણોથી અતિરિક્ત એટલે ભિન્ન છે, એમ (भवति) સિદ્ધ થાય છે.

**ભાવાર્થ**—શંકાકાર કહે છે કે—પ્રત્યેક દ્રવ્યના જેટલા પ્રદેશ છે તેટલા પ્રદેશોનું નામ દ્રવ્ય છે અને તે પ્રદેશોના આશ્રયે રહેલા સંપૂર્ણ વિશેષોનું નામ ગુણ છે, એ પ્રમાણે ગુણ અને દ્રવ્યમાં આશ્રય-આશ્રયીભાવ હોવાથી ગુણ અને દ્રવ્ય જુદાં જુદાં સિદ્ધ થાય છે, તેથી મૃતિકાપણું નિત્ય હોવા છતાં પણ તેના આશ્રયે રહેલા ગુણો દ્રવ્યથી જુદા હોવાના કારણથી નિત્ય સિદ્ધ થઈ શકતા નથી, માટે—

### ગુણોમાં ઉત્પાદાદિ ન માનવા જોઈએ એવી શંકા—

**तत एव यथा सुघटं भंगोत्पादध्रुवत्रयं द्रव्ये।**
**न तथा गुणेषु तत्स्यादपि च व्यस्तेषु वा समस्तेषु॥१२५॥**

**અન્વયાર્થ**—(तत एव) એટલા જ માટે (यथा) જેમ દ્રવ્યમાં (भंगोत्पादध्रुवत्रयं सुघटं) વ્યય, ઉત્પાદ અને ધ્રૌવ્ય એ ત્રણે સારી રીતે ઘટી શકે છે, (तथा) તેમ (व्यस्तेषु वा समस्तेषु अपि गुणेषु.) કોઈ એક અથવા સંપૂર્ણ ગુણોમાં પણ (तत न स्यात्) એ ઉત્પાદાદિત્રય ઘટતા નથી.

**ભાવાર્થ**—શંકાકારે ઉપરના કથનથી એમ સિદ્ધ કર્યું છે કે—પ્રદેશોને જ દ્રવ્ય તથા એ પ્રદેશોના આશ્રિતોને ગુણ માનવાથી જેમ દ્રવ્યમાં ઉત્પાદવ્યય અને ધ્રૌવ્ય ઘટી શકે છે, તેમ દરેક ગુણ વા સંપૂર્ણ ગુણોમાં ઉત્પાદાદિત્રય ઘટી શકતા નથી, ઉપરોક્ત શંકાઓનું સમાધાન નીચે પ્રમાણે છે—

**तन्न यतः क्षणिकत्वापत्तेरिह लक्षणाद्गुणानां हि।**
**तदभिज्ञानविरोधात्क्षणिकत्वं बाध्यतेऽध्यक्षात्॥१२६॥**

**અન્વયાર્થ**—(तन्न) એ ઠીક નથી, (यतः) કારણ કે (इह) એવા પ્રકારના (गुणानां लक्षणात्) ગુણોના લક્ષણથી (क्षणिकत्वापत्तेः) ગુણોમાં ક્ષણિકપણાની આપત્તિ આવશે તથા (तत्) તે (क्षणिकत्वं) ક્ષણિકપણું (हि) નિશ્ચયથી (अभिज्ञानविरोधात्) પ્રત્યભિજ્ઞાનનું વિરોધી હોવાથી (अध्यक्षात् बाध्यते) પ્રત્યક્ષપ્રમાણથી બાધિત થાય છે.

**ભાવાર્થ**—વૈશેષિકમતાનુસાર ગુણોને નષ્ટ-ઉત્પન્ન માનવાથી અર્થાત્ પૂર્વ ગુણનો નાશ અને નવીન ગુણનો ઉત્પાદ માનવાથી તેને ક્ષણિક જ માનવા પડશે, પરંતુ ગુણ અન્વયી હોય છે એટલે તેમાં "આ તે જ છે" એવું પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષ જણાય છે, માટે ગુણોને ક્ષણિક માનવા એ પ્રત્યક્ષ પ્રત્યભિજ્ઞાનથી બાધિત છે. તથા—

### દ્રવ્યમાં અનેક ગુણ સિદ્ધ થશે નહિ.

अपि चैवमेक समये स्यादेकः कश्चिदेव तत्र गुणः।
तन्नाशादन्यतरः स्यादिति युगपन्न सन्त्यनेकगुणाः ॥१२७॥

**અન્વયાર્થ**—(अपि च) તથા બીજો દોષ આ આવશે, કે-(एवं) એવા પ્રકારથી (तत्र) દ્રવ્યમાં (एक समये) એક સમયમાં (कश्चित एकः एव गुणः स्यात्) કોઈ એક જ ગુણ હશે અને (तन्नाशात्) તેનો નાશ થયા પછી (अन्यतरः स्यात्) કોઈ બીજો ગુણ ઉત્પન્ન થશે, (इति) એ પ્રમાણે (युगपत्) દ્રવ્યમાં એકીસાથે (अनेकगुणाः न सन्ति) અનેક ગુણ મળી શકશે નહિ.

**ભાવાર્થ**—તથા ગુણોને નષ્ટ-ઉત્પન્નરૂપ માનવાથી દ્રવ્યમાં એકસાથે બધા ગુણો મળશે નહિ. જે સમયે જે ગુણનો ઉત્પાદ હશે તે સમયે કેવળ તે એક જ ગુણ દ્રવ્યમાં મળશે, તેનો નાશ થયા પછી બીજો, એ પ્રમાણે દ્રવ્યમાં એકસાથે અનેક ગુણ સિદ્ધ થશે નહિ. એ જ બાબતનો ગ્રંથકાર પોતે આગળ ખુલાસો કરે છે—

### દ્રવ્યમાં એક સમયમાં એક ગુણની સત્તા માનવી ઠીક નથી.

तद सद्यतः प्रमाणात्दृष्टान्तादपि च बाधितः पक्षः।
स यथा सहकारफले युगपद्वर्णादिविद्यमानत्वात् ॥१२८॥

**અન્વયાર્થ**—(तत असत्) એમ કહેવું એ ઠીક નથી, (यतः) કારણ કે (सः पक्षः) એ પક્ષ (प्रमाण दृष्टान्तात् अपि बाधितः) પ્રમાણયુક્ત દૃષ્ટાંતથી પણ બાધિત છે, (यथा) જેમ કે (सहकारफले) આમ્રફળમાં એટલે કેરીમાં (युगपद्) એકીસાથે જ (वर्णादि विद्यमानत्वात्) વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ ચારે ગુણો પ્રત્યક્ષ હોય છે.

**ભાવાર્થ**—ગુણોને નષ્ટ-ઉત્પન્ન માનવાથી એક સમયમાં એક જ ગુણની સત્તા રહેશે. યુગપત્ અનેક ગુણ દ્રવ્યમાં નહિ રહે, પરંતુ કેરીના ફળમાં ભિન્ન-ભિન્ન વ્યક્તિઓ દ્વારા એક જ સમયમાં જુદી જુદી ઈન્દ્રિયોથી સ્પર્શ, રસ, ગંધ અને વર્ણની પ્રામાણિક પ્રતીતિ થવાથી એક સમયમાં કેવળ એક જ ગુણની સત્તા દ્રવ્યમાં માનવી એ બાધિત થાય છે. એટલા માટે પણ ગુણોનો નાશ અને ઉત્પાદ માનવો યુક્તિસંગત નથી—પ્રતીતિબાધિત છે.

**अथ चेदिति दोषभयान्नित्याः परिणामिनस्त इति पक्षः।**
**तत्किं स्यान्न गुणानामुत्पादादित्रयं समं न्यायात्॥१२९॥**

**અન્વયાર્થ**—(अथ) હવે કદાચિત્ (इति दोषभयात्) આ દોષના ભયથી (ते नित्याः परिणामिनः) 'એ ગુણો નિત્ય અને પરિણામી છે', (इति पक्षः चेत्) જો એ પક્ષ માનો છો (तत्) તો પછી (न्यायात्) ન્યાયથી (गुणानां) ગુણોમાં (समं उत्पादादित्रयं किं न स्यात्) એકસાથે ઉત્પાદાદિત્રય થાય છે, એમ કેમ માની લેતા નથી?

**ભાવાર્થ**—ગ્રંથકાર કહે છે, કે ઉપરોક્ત કથનાનુસાર નવીન ગુણોની ઉત્પત્તિ અને પૂર્વના ગુણોનો નાશ નહિ સિદ્ધ થઈ શકવાથી જો આપ ગુણોને નિત્ય અને પરિણામી સ્વીકાર કરો છો, તો પછી ગુણો નિત્ય હોવાથી ધ્રુવરૂપ તથા પરિણામી હોવાથી ઉત્પાદવ્યયાત્મક, એમ પ્રત્યેક ગુણોમાં પણ એકસાથે ઉત્પાદાદિત્રય આપ કેમ માની લેતા નથી?

**अपि पूर्वं च यदुक्तं द्रव्यं किल केवलं प्रदेशाः स्युः।**
**तत्र प्रदेशवत्त्वं शक्तिविशेषश्च कोऽपि सोऽपि गुणः॥१३०॥**

**અન્વયાર્થ**—(अपि च) બીજું પણ (पूर्वं यत् उक्तं) પહેલાં જે કહેવામાં આવ્યું છે, કે—(किल) નિશ્ચયથી (केवलं प्रदेशाः द्रव्यं स्युः) કેવળ સંપૂર્ણ પ્રદેશો જ દ્રવ્ય છે (तत्र) ત્યાં પણ (प्रदेशवत्त्वं शक्तिविशेषः) પ્રદેશત્વનામની વિશેષશક્તિ છે (च) તથા (सः अपि कः अपि गुणः) તે પણ અનંત ગુણોમાંનો કોઈ એક ગુણ છે.

**ભાવાર્થ**— નં. ૧૨૪મા પદ્યમાં જે એમ કહ્યું હતું કે—'કેવળ પ્રદેશોનું નામ જ દ્રવ્ય છે.' ત્યાં પણ એ બધા પ્રદેશોમાં પ્રદેશત્વ નામની એક શક્તિ-વિશેષ છે. દ્રવ્યમાં પ્રદેશત્વગુણના નિમિત્તથી જ પ્રદેશકલ્પના થાય છે તથા તે પ્રદેશત્વગુણ પણ દ્રવ્યના અનંત ગુણોમાંનો એક ગુણ છે. એ પ્રમાણે 'गुणसमुदायो द्रव्यं' એ લક્ષણમાં કોઈ પણ બાધા આવતી નથી.

**तस्मात्गुणसमुदायो द्रव्यं स्यात्पूर्वसूरिभिः प्रोक्तम्।**
**अयमर्थः खलु देशो विभज्यमाना गुणा एव॥१३१॥**

**અન્વયાર્થ**—(तस्मात्) એટલા માટે (पूर्वसूरिभिः प्रोक्तं) પૂર્વાચાર્યો દ્વારા કહેલું (गुणसमुदायः द्रव्यंस्यात्) ગુણસમુદાયરૂપ જ દ્રવ્ય 'દ્રવ્ય' કહેવાય છે, પરંતુ પ્રદેશરૂપ દ્રવ્ય 'દ્રવ્ય' કહેવાતું નથી. (अयं अर्थः) સારાંશ આ છે, કે—(खलु) નિશ્ચયથી ગુણોના રૂપમાં (विभज्यमानाः गुणाः एव देशः) વિભાજિત અર્થાત્ એક-એક કરીને વિભાજિત કરેલા એવા સંપૂર્ણ ગુણો જ દ્રવ્ય છે.

**ભાવાર્થ**—કોઈ પણ દ્રવ્યના સંપૂર્ણ ગુણોને જો બુદ્ધિથી તે દ્રવ્યથી જુદા જુદા કલ્પિત

કરવામાં આવે તો એ ગુણો સિવાય દ્રવ્ય કોઈ જુદી વસ્તુ પ્રતીત થતી નથી, એટલા માટે પૂર્વાચાર્યોએ ગુણસમુદાયને જ દ્રવ્ય કહ્યું છે. એ પ્રમાણે દ્રવ્યથી કથંચિત્ અભિન્ન ગુણોમાં ઉત્પાદાદિત્રય સિદ્ધ કરીને સંપૂર્ણ ગુણો જ દ્રવ્ય છે, તથા તે દ્રવ્ય જ કેવળ બુદ્ધિથી વિભક્ત કરતાં ગુણ કહેવાય છે. ગુણ, દ્રવ્યથી કાંઈ ભિન્ન નથી, તેથી ગુણસમુદાય જ દ્રવ્ય છે, એમ સિદ્ધ થાય છે. હવે આગળ—'જો ગુણસમુદાય જ દ્રવ્ય છે તો બધી પર્યાયોને ગુણપર્યાય કહેવી જોઈએ પણ દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય એવા પર્યાયોના ભેદ કરવા ઠીક નથી' એ વિષયમાં શંકા—સમાધાનપૂર્વક વિચાર કરવામાં આવે છે. શંકા—

**ननु चैवं सति नियमादिह पर्यायाः भवन्ति यावन्तः।**
**सर्वे गुणपर्याया वाच्या न द्रव्यपर्यायाः केचित्॥१३२॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે-(अेवं च सति) ગુણોના સમુદાયાત્મકને દ્રવ્ય માનતાં (इह) અહીં (नियमात्) નિયમથી (यावन्तः पर्यायाः भवन्ति) જેટલી કોઈ પર્યાયો થાય છે, (सर्वे गुणपर्यायाः वाच्याः) તે બધી ગુણપર્યાયો કહેવી જોઈએ, (केचित् द्रव्यपर्यायाः न) કોઈને પણ દ્રવ્યપર્યાય કહેવી જોઈએ નહિ.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—જો આપ ગુણસમુદાયને જ દ્રવ્ય કહો છો અને બધા ગુણોમાં ઉત્પાદાદિક થાય છે તો પછી દ્રવ્યની બધી પર્યાયોને ગુણપર્યાય જ કહેવી જોઈએ, પરંતુ કોઈ પણ પર્યાયને દ્રવ્યપર્યાય કહેવી જોઈએ નહિ. એ શંકાનું સમાધાન—

**तन्न यतोऽस्ति विशेषः सति च गुणानां गुणत्ववत्वेपि।**
**चिदचिद्यथा तथा स्यात् क्रियावतीशक्तिरथ च भाववती॥१३३॥**

**અન્વયાર્થ**—ઉપરની શંકા ઠીક નથી, (यतः) કારણ કે-(गुणानां गुणत्ववत्वे सत्यपि) સામાન્યપણે ગુણત્વ સદશ (એકસરખું) રહેવા છતાં પણ ગુણોમાં (विशेषः अस्तिः) વિશેષ અર્થાત્ ભેદ છે. (यथा) જેમ આત્માના (चित्) ચૈતન્યાત્મક શક્તિરૂપ ગુણ (च) તથા અજીવદ્રવ્યોના (अचित्) અચૈતન્યાત્મક શક્તિરૂપ ગુણ એવા સામાન્યપણે બે ભેદ હોય છે, (तथा) તે જ પ્રમાણે દ્રવ્યના (क्रियावतीशक्तिः) ક્રિયાવતીશક્તિરૂપ ગુણ (अथ च) તથા (भाववती शक्तिः) ભાવવતીશક્તિરૂપ ગુણ એવા ગુણોના બે ભેદ (स्यात्) હોય છે.

**ભાવાર્થ**—જોકે સર્વ ગુણોમાં ગુણત્વ સમાન હોય છે, તોપણ સામાન્યપણે જેમ ગુણોના ચેતનાત્મક અને અચેતનાત્મક એવા બે ભેદ હોય છે, તે જ પ્રમાણે ક્રિયાવતીશક્તિરૂપ તથા ભાવવતીશક્તિરૂપ એવા પણ ગુણોના બે ભેદ માનવામાં આવ્યા છે.

## ક્રિયાવતી તથા ભાવવતીશક્તિનો નિરુક્તિ અર્થ—

**तत्र क्रिया प्रदेशो देशपरिस्पंदलक्षणो वा स्यात् ।**
**भावः शक्ति विशेषस्तत्परिणामोथ वा निरंशांशैः ॥१३४॥**

**અન્વયાર્થ**—(तत्र) તેમાં ક્રિયાવતીશક્તિનો નિરુક્તિ અર્થ આ છે, કે–(प्रदेशः देशपरिस्पन्द लक्षणः वा) પ્રદેશનું એક દેશથી અન્ય દેશે ક્ષેત્રાંતર થવા રૂપ છે લક્ષણ જેનું તેને (क्रियास्यात्) ક્રિયા કહે છે, (अथ) તથા (शक्ति विशेषः) એ શક્તિ સિવાયના બીજા જેટલા ગુણો છે, તે બધાને (वा) અથવા (निरंशांशैः) તરતમપણે અંશરૂપથી થવાવાળા (तत्परिणामः) એ ગુણોના પરિણામોને (भावः) ભાવ કહે છે.

**ભાવાર્થ**—સામાન્યપણે બધાય ગુણોમાં ગુણપણું હોવા છતાં ઉપરની ગાથા ૧૩૩માં એમ જણાવ્યું, કે—જીવમાં ચેતનગુણ અને અજીવમાં અચેતનગુણ છે તથા છએ દ્રવ્યોમાં ભાવવતીશક્તિ અને જીવ, પુદ્‌ગલમાં ક્રિયાવતીશક્તિ છે; એ પ્રમાણે ગુણોમાં વિશેષભેદ છે.

હવે આ ગાથામાં એમ જણાવે છે, કે—દ્રવ્યોમાં ભાવવતી તથા ક્રિયાવતી એમ બે પ્રકારની શક્તિઓ છે. તેમાં ભાવવતીશક્તિ સર્વ દ્રવ્યોમાં છે અને તેથી તે શક્તિનું પરિણમન ઉત્પાદ-વ્યય છે, તે દ્રવ્યપણું ટકીને દરેક દ્રવ્યોમાં થાય છે.

ક્રિયાવતીશક્તિ જીવ અને પુદ્‌ગલ એ બે જ દ્રવ્યોમાં છે, તે બંને (દ્રવ્યો) એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જાય છે પણ તેમાં વિશેષતા એટલી છે, કે—જીવવિકારી હોય ત્યારે કોઈ કોઈ વખતે અને સિદ્ધગતિમાં જતી વખતે ક્રિયાવાન બને છે. તથા સિદ્ધગતિમાં તે સ્થિરપણે રહે છે. પુદ્‌ગલમાં મુખ્યપણે હલન—ચલનરૂપ ક્રિયા થાય છે તથા જીવદ્રવ્યમાં સંસારઅવસ્થામાં કોઈ કોઈ વખતે હલન—ચલનરૂપ ક્રિયા થાય છે.[1] હવે દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયનું સ્વરૂપ કહે છે.

**વિશેષાર્થ**—પ્રદેશત્વ ગુણને ક્રિયાવતી શક્તિ કહે છે અને બાકીના અનંત ગુણોને ભાવવતી શક્તિ કહે છે. પરિણમન પણ બે પ્રકારનું હોય છે. એક તો જ્ઞાનાદિ ગુણોનું પરિણમન, બીજું આખાય દ્રવ્યનું પરિણમન. જ્ઞાનાદિ ગુણોનું પરિણમન ક્રિયારહિત છે. કેવળ ગુણોના અંશોમાં તરતમરૂપે. ન્યૂનાધિકતા થયા કરે છે, પરંતુ દ્રવ્યનું જે પરિણમન થાય છે, તેમાં તેના બધાય પ્રદેશોમાં (સમગ્ર દ્રવ્યમાં) પરિવર્તન થાય છે. તે પરિવર્તન સક્રિય છે. દ્રવ્યનું પરિવર્તન પ્રદેશત્વ ગુણના નિમિત્તે થાય છે તેથી પ્રદેશત્વ ગુણને ક્રિયાવતી શક્તિ કહેવામાં આવી છે અને બાકીના બધા ગુણો નિષ્ક્રિય છે, તેથી અન્ય ગુણોના નિમિત્તે થતા પરિવર્તનને ગુણોનું પરિવર્તન અને તે ગુણોને દ્રવ્યની ભાવવતી શક્તિ કહેવામાં આવી છે.

---

૧. પ્રદેશોના ચલનાત્મક-હલન-ચલનરૂપ પરિસ્પંદનને ક્રિયા કહે છે તથા અખંડ દ્રવ્યમાં ધારાવાહી-પ્રવાહરૂપથી થવાવાળા દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમનને ભાવ કહે છે.
(જુઓ પંચાધ્યાયી ભા. ૨, ગાથા ૨૬)

## દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયનું સ્વરૂપ

**यतरे प्रदेशभागास्ततरे द्रव्यस्य पर्यया नाम्ना।**
**यतरे च विशेषांस्ततरे गुणपर्यया भवन्त्येव॥१३५॥**

**અન્વયાર્થ**—(यतरे प्रदेशभागाः) દ્રવ્યના જેટલા પ્રદેશરૂપ અંશો છે, (ततरे) તેટલા એ બધા (नाम्ना) નામથી (द्रव्यस्य पर्ययाः) દ્રવ્યપર્યાય છે, (च) તથા (यतरे) જેટલા (विशेषांस्ततरे) ગુણના અંશ છે તેટલા તે બધા (गुणपर्यया एव भवन्ति) ગુણપર્યાય જ કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—પ્રદેશત્વગુણના નિમિત્તથી જે અંશકલ્પના કરવામાં આવે છે અર્થાત્ 'અમુક દ્રવ્યના આટલા પ્રદેશ છે, એવી અંશ કલ્પનાને દ્રવ્યપર્યાય કહે છે, તથા ગુણોની તરતમરૂપ અંશકલ્પનાને અર્થાત્ પ્રત્યેક દ્રવ્યના જે અનંતાનંત ગુણો છે તેની પ્રતિસમય ષટ્ગુણહાનિવૃદ્ધિથી થવાવાળી તરતમરૂપ અવસ્થાને ગુણપર્યાય કહે છે. સારાંશ કે—

**વિશેષાર્થ**—પ્રદેશત્વ ગુણના નિમિત્તે જે દ્રવ્યના બધા પ્રદેશોમાં આકારાન્તર થયા કરે છે, તેને દ્રવ્ય પર્યાય અથવા વ્યંજનપર્યાય કહે છે અને બાકીના ગુણોમાં જે તરતમરૂપે પરિણમન થાય છે, તેને ગુણપર્યાય અથવા અર્થપર્યાય કહે છે.

**तत् एव यदुक्तचरं व्युच्छेदादित्रयं गुणानां हि।**
**अनवद्यमिदं सर्वं प्रत्यक्षादिप्रमाणसिद्धत्वात्॥१३६॥**

**અન્વયાર્થ**—(तत् एव) તેથી જ (यत् उक्तचरं) જે પ્રથમ કહેવામાં આવ્યું છે, કે–(व्युच्छेदादित्रयं) વ્યય, ઉત્પાદ અને ધ્રૌવ્ય એ ત્રણે (हि) નિશ્ચયથી (गुणानां भवति) ગુણોના થાય છે, (इदं सर्वं) એ બધું કથન (प्रत्यक्षादिप्रमाणसिद्धत्वात्) પ્રત્યક્ષ, અનુમાનાદિ પ્રમાણો દ્વારા સારી રીતે સિદ્ધ થવાથી (अनवद्यं) નિર્દોષ છે.

**ભાવાર્થ**—દ્રવ્યની માફક ગુણોમાં પણ ઉત્પાદાદિત્રય જે કાંઈ પહેલાં કહ્યા છે તે બધા પ્રત્યક્ષાદિ પ્રમાણો દ્વારા સિદ્ધ થાય છે, માટે દ્રવ્યથી અભિન્ન હોવાના કારણથી દ્રવ્યની માફક ગુણોમાં પણ ઉત્પાદાદિત્રય માનવા યુક્તિસંગત અને નિર્દોષ છે.

હવે ગ્રંથકાર વાક્યાંતર દ્વારા ગુણોના સ્વરૂપને પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞા કરે છે—

## વાક્યાંતરથી ગુણોનું લક્ષણ કહેવાની પ્રતિજ્ઞા–

**अथ चैतल्लक्षणमिह वाच्यं वाक्यान्तरप्रवेशेन।**
**आत्मा यथा चिदात्मा ज्ञानात्मा वा स एव चैकार्थः॥१३७॥**

**અન્વયાર્થ**—(अथ च) હવે (इह) અહીં (वाक्यान्तरप्रवेशेन) બીજા વાક્યોમાં (एतत् लक्षणं वाच्यं) ગુણોનું આ લક્ષણ કહેવા યોગ્ય છે–(यथा) જેમ કે (आत्मा चिदात्मा वा ज्ञानात्मा) આત્મા, ચિદાત્મા અથવા જ્ઞાનાત્મા એ ત્રણે પર્યાયવાચક શબ્દો છે ('तथा') તે જ પ્રમાણે (स च) બીજા વાક્યો દ્વારા કહેવામાં આવતો ગુણનો અર્થ પણ (एकार्थ एव) એકાર્થ જ છે.

**ભાવાર્થ**—જેમ આત્મા, ચિદાત્મા તથા જ્ઞાનાત્મા કહેવાથી એક જ અર્થનો બોધ થાય છે, તે જ પ્રમાણે હવે આગળ સ્પષ્ટાર્થ વાક્યાંતર દ્વારા ગુણનું લક્ષણ એવી રીતે પ્રતિપાદન કરવામાં આવશે કે, જેથી તેમાં અર્થભેદ ન થતાં કેવળ વાક્યાંતરકૃત જ ભેદ જોવામાં આવશે.

## વાક્યાંતરથી ગુણોના લક્ષણનું કથન

**तद्वाक्यान्तरमेतद्यथा गुणाः सहभुवोपि चान्वयिनः।**
**अर्थाश्चैकार्थत्वादर्थादेकार्थ वाचकाः सर्वे ॥१३८॥**

**અન્વયાર્થ**—(तद्वाक्यान्तरं एतत्) એ જ બીજા વાક્યોમાં ગુણોનું લક્ષણ એવું કહી શકાય છે, (यथा) જેમ કે–(गुणाः) ગુણ (सहभुवः) સહભૂ અર્થાત્ યુગપત્ હોવાવાળા (अपि च) તથા (अन्वयिनः) અન્વયી અર્થાત્ દ્રવ્યની સાથે અન્વય રાખવાવાળા (च) તથા (अर्थाः) અર્થરૂપ છે, તેથી (सर्वे) એ બધા (अर्थात् एकार्थत्वात्) અર્થની દૃષ્ટિએ એકાર્થક હોવાના કારણથી (एकार्थ वाचकाः) એકાર્થવાચક છે.

**ભાવાર્થ**—ગુણ, સહભૂ, અન્વયી અને અર્થ એ ચારે શબ્દ ગુણના જ વાચક છે. ગુણનું વિસ્તૃતરૂપથી પ્રકરણ લાવવા માટે વાક્યાન્તરથી સહભૂ, અન્વયી તથા અર્થને ગુણના જ પર્યાયવાચક દર્શાવીને હવે એ પ્રત્યેકની નિરુક્તિ દ્વારા પૂર્વોક્ત અર્થને સ્પષ્ટ કરે છે.

## સહભૂ શબ્દનો નિરુક્તિ અર્થ

**सह सार्धं च समं वा तत्र भवन्तीति सहभुवः प्रोक्ता।**
**अयमर्थो युगपत्ते सन्ति न पर्यायवत्क्रमात्मानः ॥१३९॥**

**અન્વયાર્થ**—(तत्र) ગુણવાચક સહભૂ વગેરે શબ્દોમાંથી સહભૂ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે, કે–ગુણ, દ્રવ્યની (सह) સહ અર્થાત્ (सार्धं) સાથે (च) અથવા (समं वा) એકસાથે (भवन्ति) હોય છે. (इति) માટે તે (सहभुवः) સહભૂ (प्रोक्ता) કહેવામાં આવ્યા છે. (अयं अर्थः) સારાંશ આ છે, કે–સહશબ્દ યુગપત્તાનો વાચક છે, તેથી (ते) તે ગુણ, દ્રવ્યમાં (युगपत् सन्ति) એકસાથે હોય છે, પરંતુ (पर्यायवत्) પર્યાયોની માફક (क्रमात्मानः न) ક્રમ-ક્રમથી અર્થાત્ એકના પછી બીજો ઇત્યાદિરૂપથી હોતા નથી.

**ભાવાર્થ**—સહશબ્દ, સાથે તથા યુગપદ્ એ બંનેનો વાચક છે, એ બંને અર્થોમાં સહશબ્દનો યુગપદ્ અર્થ અહીં ઈષ્ટ છે પણ સાથે નહિ, તેથી જે પ્રમાણે પર્યાયો ભિન્ન સમયવર્તી હોવાથી ક્રમવર્તી કહી છે, તે પ્રમાણે ગુણ (ક્રમવર્તી) કહેવામાં આવતા નથી, કારણ કે—જ્યારે-જ્યારે દ્રવ્યમાં કોઈ એક ગુણ રહે છે ત્યારે ત્યારે એ દ્રવ્યસંબંધી સંપૂર્ણ ગુણ પણ તેમાં મોજૂદ રહે છે, અર્થાત્ એવો કદી સમય જ નથી આવતો કે જ્યારે દ્રવ્યમાં બધા ગુણો યુગપદ્ (એકીસાથે) ન રહેતા હોય, માટે તેને યુગપત્‌વર્તી હોવાથી સહભૂ કહે છે. અહીં શંકા અને તેનું સમાધાન—

**ननु सह समं मिलित्वा द्रव्येण च सहभूवो भवन्त्विति चेत् ।**
**तन्न यतो हि गुणेभ्यो द्रव्यं पृथगिति यथा निषिद्धत्वात् ॥१४०॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે–(द्रव्येण सह) દ્રવ્યની સાથે અર્થાત્ (समं) એકસાથે (मिलित्वा) મળીને થવાવાળા ગુણોને (सहभूवः भवन्तु) સહભૂ કહેવા જોઈએ, (इति चेत्) જો એમ કહો તો (तन्न) તે ઠીક નથી, (यतः) કારણ કે (हि) નિશ્ચયથી (गुणेभ्यः) ગુણોથી (द्रव्यं) દ્રવ્ય (पृथक्) ભિન્ન છે. (इति) એ વાતને (यथा निषिद्धत्वात्) યથાસમયે પહેલાં જ નિષેધ કરી છે.

**ભાવાર્થ**—સદૃશ શબ્દનો, યુગપત્ અર્થ ન માનતાં 'સાથે' અર્થ માનીને 'દ્રવ્યની સાથે એકસાથે મળીને જે હોય તે સહભૂ અર્થાત્ ગુણ, દ્રવ્યની સાથે યુગપત્ મળીને હોય છે, તેથી તેને સહભાવી કહે છે' એવી જે શંકાકારે સહભૂ શબ્દની વ્યુત્પત્તિ દર્શાવી તે ઠીક નથી, કારણ કે—એ પ્રમાણે માનવામાં 'ગુણોથી દ્રવ્ય ભિન્ન છે—ગુણસમુદાયાત્મક નથી' એવો અનિષ્ટપ્રસંગ આવે છે, કે જેનો નિષેધ પહેલાં જ કરી ચૂક્યા છીએ.

### સહભૂ શબ્દનો સાથે અર્થ માનતાં દોષ–

**ननु चैवमति व्याप्तिः पर्यायेष्वपि गुणानुषंगत्वात् ।**
**पर्यायः पृथगिति चेत्सर्वं सर्वस्य दुर्निवारत्वात् ॥१४१॥**

**અન્વયાર્થ**—(ननु च) તથા (एवं) 'જે દ્રવ્યની સાથે મળીને રહે તે ગુણ છે' એવું ગુણનું લક્ષણ માનવાથી (पर्यायेषु अपि) પર્યાયોમાં પણ (गुणानुषङ्गत्वात्) ગુણના લક્ષણની અનુષઙ્ગતા હોવાથી અર્થાત્ ગુણનું લક્ષણ પર્યાયોમાં ચાલ્યું જવાથી (अतिव्याप्तिः) અતિવ્યાપ્તિ થઈ જશે, અગર એ દોષને દૂર કરવા માટે (पर्यायः पृथक् इति) 'પર્યાયો દ્રવ્યથી ભિન્ન છે', એમ (चेत्) જો કદાચિત્ કહો તો–(सर्वं सर्वस्य) સંપૂર્ણ પર્યાયો બધાય દ્રવ્યોની થઈ જશે, એ (दुर्निवारत्वात्) દુર્નિવાર અનિષ્ટપ્રસંગ આવશે.

**ભાવાર્થ**—તથા શંકાકારના ઉપરોક્ત કથનાનુસાર જો 'સહ' શબ્દનો 'યુગપત્' અર્થ ન માનતાં 'સાથે' અર્થ માનીને ગુણની આવી પરિભાષા બનાવવામાં આવે, કે—'જે દ્રવ્યની સાથે

સાથે રહે તે ગુણ છે' તો એ લક્ષણ પર્યાયોમાં પણ ચાલ્યું જાય છે, કારણ કે—એ (પર્યાયો) પણ દ્રવ્યની સાથે સાથે રહ્યા કરે છે, તેથી એ લક્ષણ અલક્ષ્યમાં (પર્યાયોમાં) પણ જવાથી અતિવ્યાપ્તિ થઈ ગયું; તથા જો એમ કહેવામાં આવે કે—'દ્રવ્યથી પર્યાયો સર્વથા ભિન્ન છે' તો ત્યાં નિયામકના અભાવમાં એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પણ થઈ શકશે, અર્થાત્ હરકોઈ પર્યાય ગમે તે દ્રવ્યની થઈ જશે, અથવા અમુક પર્યાય ગમે તે દ્રવ્યની થઈ જશે, અથવા અમુક પર્યાય અમુક દ્રવ્યની છે. એ પ્રકારના વ્યવહાર માટે કોઈ નિયામક ન રહેવાથી 'ક્યા દ્રવ્યની કઈ પર્યાય છે' તેનો કાંઈ નિયમ બનશે નહિ. તેથી દ્રવ્યની સાથે રહેવાવાળાને ગુણ ન કહેતાં સહ શબ્દનો અર્થ 'યુગપદ્' માનીને 'જે યુગપદ્ રહે છે તે ગુણ છે' ને એ જ લક્ષણ યુક્તિસંગત છે. તથા પર્યાયો ક્રમવર્તી હોય છે, તેથી તેમાં પણ લક્ષણ જવાની સંભાવના નહિ હોવાથી ત્યાં અતિવ્યાપ્તિદોષ આવવો પણ સંભવિત થશે નહિ. એ પ્રમાણે સહભૂ શબ્દ દ્વારા ગુણનું નિરૂપણ કરીને હવે આગળ 'અન્વયી' શબ્દ દ્વારા ગુણના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

### અન્વય શબ્દનો નિરુક્તિ અર્થ–

**अनुरित्यव्युच्छिन्नप्रवाहरुपेण वर्तते यद्वा।**
**अयतीत्ययगत्यर्थाद्धातोरन्वर्थतोन्वयं द्रव्यम्॥१४२॥**

**અન્વયાર્થ**—(वा) અથવા (अनु इति) અનુ શબ્દનો એવો અર્થ છે, કે–(यत् अव्युच्छिन्नप्रवाहरुपेण) જે વચમાં કદી પણ સ્ખલિત નહિ થવાવાળા પ્રવાહથી (वर्तते) વર્તી રહ્યા હોય, તથા (अयति इति) 'અયતિ' એ ક્રિયાપદ (अयगत्यर्थाद्धातोः) ગતિ અર્થવાળી 'અય' ધાતુનું રૂપ છે, માટે (''अनु अयति इति अन्वयं'') અવિચ્છિન્ન પ્રવાહરૂપથી જે ગમન કરી રહ્યું છે, તે (अन्वर्थतः) અન્વર્થની અપેક્ષાએ (अन्वयं द्रव्यं) અન્વય શબ્દનો અર્થ દ્રવ્ય છે.

**ભાવાર્થ**—'द्रव्यति गच्छति तान् तान् पर्यायान् इति द्रव्यं' અર્થાત્ જે નિરંતર પોતાની ઉત્તરોત્તર થવાવાળી પર્યાયોમાં ગમન કરે તે દ્રવ્ય છે. 'અન્વય' શબ્દ 'અનુ' ઉપસર્ગ પૂર્વક ગત્યર્થક 'અય' ધાતુથી બન્યો છે, દ્રવ્યની આ વ્યુત્પત્તિ અન્વય શબ્દમાં સારી રીતે ઘટી શકે છે. જેમ કે—'અનુ'—અવ્યુચ્છિન્ન પ્રવાહરૂપથી જે પોતાની પ્રતિસમય થવાવાળી પર્યાયોમાં બરાબર 'અયતિ' એટલે ગમન કરતો હોય તેને અન્વય કહે છે, તેથી અન્વય અને દ્રવ્ય એ બંને પર્યાયવાચક શબ્દો છે.

### અન્વય શબ્દના સમાનાર્થક શબ્દ–

**सत्ता सत्त्वं सद्वा सामान्यं द्रव्यमन्वयो वस्तु।**
**अर्थो विधिरविशेषादेकार्थवाचका अमी शब्दाः॥१४३॥**

**અન્વયાર્થ**—(सत्ता) સત્તા, (सत्त्वं) સત્વ, (वा सत्) અથવા સત્, (सामान्यं) સામાન્ય, (द्रव्यं) દ્રવ્ય, (अन्वयः) અન્વય, (वस्तु) વસ્તુ, (अर्थः) અર્થ અને (विधिः) વિધિ (अमी शब्दाः) એ નવ શબ્દો (अविशेषात्) સામાન્યરૂપથી (एकार्थवाचकाः) એક દ્રવ્યરૂપ અર્થના જ વાચક છે.

**ભાવાર્થ**—વસ્તુ અનંતધર્માત્મક છે અને એક શબ્દથી એક ધર્મનું જ કથન કરી શકાય છે, તેથી ભિન્ન-ભિન્ન ધર્મોના કથનની અપેક્ષાએ એક જ અર્થના જુદા જુદા પર્યાયવાચક શબ્દો કહેવામાં આવે છે. દ્રવ્યને, સત્–ગુણની મુખ્યતાથી સત્, સત્તા તથા સત્ત્વ એ શબ્દોથી કહેવામાં આવે છે. દ્રવ્ય, સ્વભાવથી પરિણમનશીલ છે–પ્રતિસમય તેમાં કંઈને કંઈ પરિણમન થતું જ રહે છે, પરંતુ દ્રવ્ય પોતાના દ્રવ્યપણાને કદી પણ છોડતું નથી, તે તો નિરંતર એ બધા પરિણમનોમાં અવિચ્છિન્નપ્રવાહરૂપથી પ્રવાહિત જ રહે છે, તેથી એ ધર્મની અપેક્ષાએ ગતિ અર્થવાળી 'દ્રુ' ધાતુથી દ્રવ્ય, 'અનુ' ઉપસર્ગ પૂર્વક 'અય' ધાતુથી અન્વય અને 'ૠ' ધાતુથી 'અર્થ' શબ્દ બન્યો છે તથા એ ત્રણે શબ્દો દ્વારા દ્રવ્યનું કથન કરી શકાય છે.

વ્યાપ્યધર્મને વિશેષ તથા વ્યાપકધર્મને સામાન્ય કહેવામાં આવે છે. ઉપર કહેલા દ્રવ્યના વાચક દ્રવ્યત્વ, સત્તા, સત્ત્વ આદિ બધા ધર્મો દ્રવ્યની ઉત્તરોત્તર થવાવાળી સર્વ પર્યાયોમાં વ્યાપકરૂપથી હોય છે, એટલા માટે દ્રવ્યને સામાન્ય કહેવામાં આવે છે. સામાન્ય વિધિરૂપ હોય છે અને તે સામાન્ય પણ દ્રવ્યનું વાચક છે, તેથી દ્રવ્યને વિધિ પણ કહે છે.

પ્રત્યેક દ્રવ્યમાં એક વસ્તુત્વ નામનો ગુણ છે, કે જેના નિમિત્તથી દ્રવ્યોમાં કંઈને કંઈ અર્થક્રિયાકારીપણું થતું જ રહે છે, તેથી એ ગુણની અપેક્ષાએ દ્રવ્યને વસ્તુ કહેવામાં આવે છે.

## અન્વયી શબ્દનો વિગ્રહ તથા વાચ્યાર્થ

**अयमन्वयोस्ति येषामन्वयिनस्ते भवंति गुणवाच्याः।**
**अयमर्थो वस्तुत्वात् स्वतः सपक्षा न पर्ययापेक्षाः॥१४४॥**

**અન્વયાર્થ**—(अयं अन्वयः) આ અન્વય (येषां अस्ति) જેનો છે (ते) તે (गुणवाच्या) ગુણશબ્દથી કહેવાતો (अन्वयिनः) અન્વયી (भवंती) કહેવાય છે. (अयं अर्थः) સારાંશ એ છે, કે–તે ગુણ (वस्तुत्वात्) વસ્તુત્વરૂપે (स्वतः सपक्षाः) સ્વયં એકબીજાના સપક્ષ છે, (पर्यायापेक्षाः न) પર્યાયોની અપેક્ષા રાખવાવાળા નથી.

**ભાવાર્થ**—પ્રત્યેક દ્રવ્યમાં અનંત ગુણો છે, તેના સમુદાયનું નામ જ દ્રવ્ય છે, એ બધાય ગુણોનો પરસ્પરમાં સપક્ષભાવ છે પણ વિપક્ષભાવ નથી, તેથી તે બધા સહભાવી છે. ભેદદૃષ્ટિથી તેઓ જુદાજુદા તથા અભેદદૃષ્ટિથી એક છે, કોઈ ગુણની મુખ્યતાપૂર્વક કથન કરતી વેળા બાકીના ગુણોનું પણ ગૌણરૂપથી કથન થઈ જાય છે, જેમ કે–દ્રવ્યને સત્ કહેવાથી એ સત્ દ્વારા જ તેના સપક્ષભૂત દ્રવ્યના અનંત ગુણોનું કથન થઈ જાય છે, પર્યાયની સાથે

ગુણોની આવી અપેક્ષા રહેતી નથી, કારણ કે–ગુણ, યુગપત્‌વર્તી હોય છે, તથા પર્યાયો, ક્રમવર્તી હોય છે, તેથી ગુણોમાં પરસ્પર સપક્ષપણું છે અને પર્યાયોમાં વિપક્ષપણું છે, એટલા માટે અન્વય જેમાં હોય તેને ગુણ કહે છે, એમ કહ્યું છે. અહીં શંકા–

**વિશેષાર્થ**—દ્રવ્ય અનંત ગુણોનો સમુદાય છે. તે બધા ગુણોમાં સમયે સમયે નવી નવી પર્યાયો થયા કરે છે. તે બધી પર્યાયોમાં ગુણ બરાબર સાથે રહે છે. દરેક ગુણનો પોતાની બધી અવસ્થાઓમાં અન્વય (સંતતિ અથવા અનુવૃત્તિ) પ્રાપ્ત થાય છે. આ રીતે અનંત ગુણ સમુદાયરૂપ દ્રવ્યમાં અનંત ગુણ જ પોતાની બધી અવસ્થાઓમાં પ્રાપ્ત થાય છે, તેથી ગુણ અન્વયી કહેવાય છે અને તેથી જ તેઓ સદા સ્વપક્ષ અર્થાત્ સ્વસ્વરૂપમાં ટકી રહે છે. પર્યાયની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન થઈ જતા નથી.

આ શ્લોકમાં [1]'સપક્ષા' પાઠ છે. સપક્ષ અન્વયીને કહે છે અર્થાત્ ગુણ વ્યતિરેકી નથી. જેમાં 'આ તે જ છે' એવી બુદ્ધિ થાય તે અન્વયી કહેવાય છે અને જેમાં આવી બુદ્ધિ ન થાય તે વ્યતિરેકી કહેવાય છે. ગુણ અનેક છે, તેથી જુદા જુદા ગુણોની અપેક્ષાએ જોકે ગુણ પણ વ્યતિરેકી છે, પરંતુ એક ગુણ પોતાની બધી અવસ્થાઓમાં રહ્યો થકો 'આ તે જ છે' એવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે, તેથી તે અન્વયી જ છે, પરંતુ પર્યાયોમાં 'આ તે નથી' એવી બુદ્ધિ થાય છે, તેથી તે વ્યતિરેકી છે.

અહીં શંકા કરવામાં આવે છે કે–

**ननु च व्यतिरेकित्वं भवतु गुणानां सदन्वयत्वेपि।**
**तदनेकत्वप्रसिद्धौ भावव्यतिरेकतः सतामिति चेत् ॥१४५॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એમ છે, કે–(सतां गुणानां सदन्वयत्वे अपि) સ્વયં સત્‌રૂપ ગુણોમાં "સત્, સત્" એવો અન્વય બરાબર રહેવા છતાં પણ અર્થાત્ ગુણોમાં અન્વયીપણું ઘટવા છતાં પણ (तदनेकत्वप्रसिद्धौ) તેમાં અનેકતાની પ્રસિદ્ધિ હોવાથી (भावव्यतिरेकत:) ભાવવ્યતિરેકહેતુરૂપ (व्यतिरेकित्वं) વ્યતિરેકપણું હોવું જોઈએ, (इतिचेत्) જો એમ કહો તો?–

**ભાવાર્થ**—જ્યારે ગુણો અનંત છે તો તેમાં પરસ્પર ભાવવ્યતિરેક ઘટવાથી વ્યતિરેકીપણું પણ કેમ ન માનવામાં આવે? એ શંકાનું સમાધાન—

**तन्न यतोस्ति विशेषो व्यतिरेकस्यान्वयस्य चापि यथा।**
**व्यतिरेकिणोह्यनेकेप्येकः स्यादन्वयी गुणो नियमात् ॥१४६॥**

**અન્વયાર્થ**—(तन्न) એમ કહેવું ઠીક નથી, (यत:) કારણ કે–(अन्वयस्य) અન્વયનો (अपि च) અને (व्यतिरेकस्य) વ્યતિરેકનો (विशेष: अस्ति) પરસ્પરમાં ભેદ છે (यथा) જેમ (नियमात्) નિયમથી (व्यतिरेकिण:) વ્યતિરેકી (अनेके) અનેક હોય છે (अपि) તથા (हि) નિશ્ચયથી (अन्वयी) અન્વયી (गुण:) ગુણ (एक: स्यात्) એક હોય છે.

---

૧. પુસ્તકમાં જોકે 'સપક્ષા' જ પાઠ છે, પરંતુ અમે 'સ્વપક્ષા' પદ પણ મનમાં રાખીને તેનો અર્થ ઉપર લખી દીધો છે. 'સપક્ષા'નો અર્થ તો અનુકૂળ છે જ, પરંતુ 'સ્વપક્ષા'નો પણ અર્થ તે જ ભાવને પ્રગટ કરે છે.

**ભાવાર્થ**—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી વ્યતિરેક ચાર પ્રકારનો હોય છે. વ્યતિરેકી નિયમથી અનેક તથા અન્વયી એક હોય છે. અર્થાત્ પર્યાયોમાં જે પ્રમાણે નાનારૂપપણું એટલે વ્યતિરેકપણું હોય છે તે પ્રમાણે ગુણોમાં નાનારૂપપણું નથી, તેથી ગુણોમાં ભાવવ્યતિરેક ઘટતો નથી. એ જ વાત દર્શાવવા માટે (અહીં ગ્રંથકાર) ચારે વ્યતિરેકનું સ્વરૂપ દર્શાવે છે—

## દેશ (દ્રવ્ય) વ્યતિરેકનું સ્વરૂપ

**स यथा चैको देशः स भवति नान्यो भवति स चाप्यन्यः।**
**सोऽपि न भवति स देशो भवति स देशश्च देशव्यतिरेकः ॥१४७॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (स च एकोदेश) એ વિવક્ષિત એક દેશ (स भवति) એ જ હોય છે, (अन्यः न भवति) તેનાથી ભિન્ન બીજો હોતો નથી (च) તથા (सः अन्यः अपि) તે બીજો પણ (सोऽपि न भवति) પહેલો થઈ શકતો નથી, પરંતુ (सः देशः) તે દેશ, (सः देशश्चभवति) તે દેશ જ હોય છે, (इति) તેને (देशव्यतिरेकः) દેશવ્યતિરેક કહે છે.

**ભાવાર્થ**—'अंशकल्पनं पर्यायः' અંશરૂપ કલ્પનાને પર્યાય કહે છે, એ અંશકલ્પના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાથી કરવામાં આવે છે. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ એ બધાના સમુદાયનું નામ દેશ છે. દેશની અપેક્ષાએ જે વ્યતિરેક થાય છે તે એક દ્રવ્યથી બીજા દ્રવ્યની સાથે થાય છે, જેમ કે—જીવદ્રવ્ય, પુદ્‌ગલદ્રવ્ય થઈ શકતું નથી અને પુદ્‌ગલદ્રવ્ય, જીવદ્રવ્ય થઈ શકતું નથી; પરંતુ જીવ, જીવ જ હોય છે તથા પુદ્‌ગલ, પુદ્‌ગલ જ હોય છે, એ પ્રમાણે એક દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે જે અત્યંતાભાવ છે, તેને દેશવ્યતિરેક કહે છે.

## ક્ષેત્રવ્યતિરેકનું સ્વરૂપ

**अपि यश्चैको देशो यावदभिव्याप्य वर्तते क्षेत्रम्।**
**तत्तत्क्षेत्रं नान्यद्भवति तदन्यश्च क्षेत्रव्यतिरेकः ॥१४८॥**

**અન્વયાર્થ**—(अपि च) અથવા (यः) જે (एको देशः) એક દેશ (यावत् क्षेत्रं) જેટલા ક્ષેત્રને (अभिव्याप्य) રોકીને (वर्तते) રહે છે, (तत्) તે (तत्क्षेत्रं) તે દેશનું અર્થાત્ દ્રવ્યનું ક્ષેત્ર છે (अन्यत् न भवति) પણ અન્ય ક્ષેત્ર તેનું ક્ષેત્ર થઈ શકતું નથી, પરંતુ (तदन्यश्च ''तदन्यः'') બીજું (ક્ષેત્ર) તે બીજું જ રહે છે પણ પહેલું નહિ. ('इति, क्षेत्र व्यतिरेकः) તે ક્ષેત્રવ્યતિરેક છે.

**ભાવાર્થ**—ક્ષેત્રવ્યતિરેક બે પ્રકારથી ઘટે છે. ૧—આકાશના જેટલા પ્રદેશોમાં દ્રવ્ય રહે છે તેટલા પ્રદેશોના આકારરૂપ દ્રવ્યની કલ્પનાને ક્ષેત્ર કહેવામાં આવે છે, આકાશને નહિ. એટલા માટે પ્રત્યેક દ્રવ્યનું ક્ષેત્ર જુદું જુદું છે. જે ક્ષેત્ર જે દ્રવ્યનું છે તે તેનું જ છે, બીજાનું નહિ તથા જે બીજાનું છે તે તેનું જ છે પણ અન્યનું નહિ. એ પ્રમાણે પરસ્પર ક્ષેત્રના

વ્યતિરેકને ક્ષેત્રવ્યતિરેક કહેવામાં આવે છે. ૨—બહુપ્રદેશીદ્રવ્યોમાં પ્રત્યેક દ્રવ્યના પ્રદેશોમાં પણ એકબીજામાં ક્ષેત્રવ્યતિરેક ઘટાવી શકાય છે—

જેમ જીવદ્રવ્યનો વિવક્ષિત પ્રદેશ તે વિવક્ષિત પ્રદેશ જ છે પણ અન્ય નથી થઈ શકતો તથા જે અન્ય પ્રદેશ છે તે તે જ છે પણ અન્ય નથી થઈ શકતો. એ પ્રમાણે જીવદ્રવ્યના લોક બરાબર પ્રદેશોમાં પરસ્પર એક પ્રદેશનો બીજામાં, બીજાનો ત્રીજા આદિમાં જે વ્યતિરેક છે તેને ક્ષેત્રવ્યતિરેક કહે છે. જીવદ્રવ્યની માફક અન્ય અસ્તિકાયદ્રવ્યોમાં પણ એ જ પ્રમાણે ઘટાવવું. કેવળ કાળદ્રવ્ય એકપ્રદેશી હોવાથી તેમાં આ વ્યતિરેક આ અપેક્ષાથી ઘટતો નથી પરંતુ પ્રથમની શૈલીથી ઘટી શકે છે.

## કાળવ્યતિરેકનું સ્વરૂપ

**अपि चैकस्मिन् समये यकाप्यवस्था भवेन्न साप्यन्या।**
**भवति च सापि तदन्या द्वितीयसमयेपि कालव्यतिरेकः ॥१४९॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (एकस्मिन् समये) એક સમયમાં (यकाऽपि) જે કોઈ પણ (अवस्थाभवेत्) અવસ્થા હોય છે, (सापि) તે પણ (अन्या न) અન્ય નથી થઈ શકતી, પરંતુ તે તે જ રહે છે (च) તથા (द्वितीयसमयेऽपि) બીજા સમયમાં પણ ('या') જે અવસ્થા હોય છે, (साऽपि) તે પણ (तदन्या भवति) તેનાથી અન્ય જ હોય છે પણ પહેલી નહિ, ('इति') તેને (कालव्यतिरेक) કાળવ્યતિરેક કહે છે.

**ભાવાર્થ**— પ્રતિસમયમાં થવાવાળી દ્રવ્યની અવસ્થાના વ્યતિરેકને કાળવ્યતિરેક કહે છે. જેમ વિવક્ષિત સમયમાં દ્રવ્યની જે અવસ્થા છે, તે તે જ સમયમાં રહે છે પણ બીજા સમયમાં નહિ, તથા બીજા સમયમાં થવાવાળી જે અવસ્થા છે, તે તે જ સમયમાં હોય છે પણ તેનાથી ભિન્ન સમયમાં નહિ. તેને કાળવ્યતિરેક કહે છે.

## ભાવવ્યતિરેકનું સ્વરૂપ

**भवति गुणांशः कश्चित् स भवति नान्यो भवति स चाप्यन्यः।**
**सोऽपि न भवति तदन्यो भवति तदन्योपि भावव्यतिरेकः ॥१५०॥**

**અન્વયાર્થ**—('यः') જે (कश्चित्) કોઈ એક (गुणांशः) ગુણના અવિભાગપ્રતિચ્છેદ છે ('सः') તે (सः भवति) તે જ હોય છે, (अन्यः न भवति) અન્ય થઈ શકતો નથી (च) તથા (सः अन्य अपि) તે બીજો પણ (सोऽपि न भवति) પહેલો થઈ શકતો નથી, (अपि) પરંતુ (तदन्यः) જે તેનાથી ભિન્ન છે તે (तदन्यः भवति) તેનાથી ભિન્ન જ રહે છે.

**ભાવાર્થ**—પ્રત્યેક ગુણમાં અનંત અવિભાગપ્રતિચ્છેદ હોય છે. તે અવિભાગપ્રતિચ્છેદોમાં

થવાવાળા વ્યતિરેકને ભાવવ્યતિરેક કહે છે. જેમ કોઈ ગુણનો જે વિવક્ષિત અવિભાગપ્રતિચ્છેદ છે, તે તે જ રહે છે પણ અન્ય નહિ તથા જે બીજો છે તે બીજો જ રહે છે પણ પહેલો થઈ શકતો નથી. એ પ્રમાણે અવિભાગપ્રતિચ્છેદોના વ્યતિરેકને ભાવવ્યતિરેક કહે છે.

## પૂર્વોક્ત વ્યતિરેક ન માનતાં દોષ

**यदि पुनरेवं न स्यात्स्यादपि चैवं पुनः पुनः सैषः।**
**एकांशदेशमात्रं सर्वं स्यात्तन्न बाधितत्वात्प्राक्॥१५१॥**

**અન્વયાર્થ**—(यदि पुनः एवं न स्यात्) જો તેમાં આ પ્રકારનો વ્યતિરેક ન માનવામાં આવે તો (पुनः पुनः अपि) વારંવાર પણ (सैषः) 'આ તે જ છે–આ તે જ છે' (एवं च) એ પ્રકારનો ('प्रत्ययः स्यात्) પ્રત્યય થવા લાગશે. તેથી (सर्वं) સંપૂર્ણ વસ્તુ (एकांशदेशमात्रं स्यात्) એક અંશવાળી સિદ્ધ થઈ જશે, પરંતુ (प्राक्बाधितत्वात्) પહેલાં જ એકાંશમાત્ર વસ્તુને માનવી એ બાધિત સિદ્ધ થવાથી (तत् न) તે ઠીક નથી.

**ભાવાર્થ**—ગુણોના સમુદાયને વસ્તુ કહે છે, જો ગુણોના અવિભાગપ્રતિચ્છેદોમાં વ્યતિરેક ન માનવામાં આવે તો ગુણોમાં જુદા જુદા અંશ સિદ્ધ થશે નહિ અને તેમાં જુદા જુદા અંશ સિદ્ધ નહિ થવાથી ગુણસમુદાયાત્મકવસ્તુ પણ એક અંશમાત્ર જ સિદ્ધ થશે; તથા વસ્તુ એક અંશમાત્ર સિદ્ધ થવાથી પંચાસ્તિકાયદ્રવ્યોમાં કાયત્વ સિદ્ધ થશે નહિ અને કાયત્વ સિદ્ધ નહિ થવાથી દ્રવ્યોમાં મહત્વ, અમહત્વ પણ બની શકશે નહિ, તેથી એ અનિષ્ટપ્રસંગ નિવારણ કરવા માટે ભાવવ્યતિરેક માનવો યુક્તિસંગત છે. એ પ્રમાણે બાકીના ત્રણ વ્યતિરેક પણ ન માનવાથી સર્વ દ્રવ્યો એકદ્રવ્યરૂપ, એકપ્રદેશી અને એક સમયવર્તી સિદ્ધ થશે કે જે બાધિત છે.

એટલા માટે વ્યતિરેકપણાની અપેક્ષાએ અનેકપણાની સિદ્ધિ થાય છે, તથા એ જ અપેક્ષાથી વસ્તુને કથંચિત્ અનેકરૂપ માનવામાં આવી છે. એ પ્રમાણે વ્યતિરેકી અનેક હોય છે, પરંતુ અન્વયીનું નિરૂપણ કરતી વેળા આ વિવક્ષા હોતી નથી, તેથી પર્યાયોની માફક ગુણોમાં વ્યતિરેકીપણું નથી. એ જ અભિપ્રાયને આગળના પદ્યો દ્વારા પ્રગટ કરવામાં આવે છે. સારાંશ—

**अयमर्थः पर्यायाः प्रत्येकं किल यथैकशः प्रोक्ताः।**
**व्यतिरेकिणोह्यनेके न तथाऽनेकत्वतोऽपि सन्ति गुणाः॥१५२॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે (यथा) જેમ (एकशः प्रोक्ताः) ક્રમપૂર્વક કહેવાતી (किल) નિશ્ચયથી (प्रत्येकं पर्यायाः) પ્રત્યેક પર્યાયો (हि) જે કારણથી (अनेके) અનેક છે, તેથી તે (व्यतिरेकिणः) વ્યતિરેકી છે, પરંતુ (गुणाः) ગુણ (अनेकत्वतोऽपि) અનેક છે, તોપણ (तथा न सन्ति) વ્યતિરેકી નથી.

**ભાવાર્થ**—જે પ્રમાણે ભિન્નસમયવર્તી પર્યાયો એક એક મળીને અનેક છે, તથા 'આ

અમુક છે, અમુક નથી' એવા પ્રકારનો તેમાં વ્યતિરેક ઘટે છે, તેથી તે વ્યતિરેકી છે, તે પ્રમાણે ગુણોમાં ક્રમપૂર્વક અનેકતા નથી. જે સમયે જીવદ્રવ્યને જ્ઞાનમુખ્યપણે કહેવામાં આવે છે તે સમયે બાકીના ગુણો જ્ઞાનગુણના કથનમાં જ ગર્ભિત થઈ જાય છે, (અર્થાત્ જે સમયે) તે સંપૂર્ણ જીવ, જ્ઞાનમય જ પ્રતીત થાય છે તે સમયે તેમાં જ્ઞાનથી ભિન્ન બાકીના ગુણોની જુદી પ્રતીતિનો અભાવ થાય છે. તથા જે સમયે અન્ય વ્યક્તિ દ્વારા વા તે જ વ્યક્તિ દ્વારા ભિન્ન સમયમાં સુખગુણની મુખ્યતાથી જીવનું સ્વરૂપ નિરૂપણ કરવામાં આવે છે તે સમયે જ્ઞાનાદિ ગુણો સુખરૂપથી પ્રતિભાસિત થાય છે, તેથી જ્ઞાન અને સુખાદિકમાં અભેદતા હોવાથી તેમાં પરસ્પર ભાવવ્યતિરેક નથી, પરંતુ તેના અવિભાગપ્રતિચ્છેદોમાં જે પરસ્પર વ્યતિરેક છે તેને ભાવવ્યતિરેક કહે છે, તેથી વિવક્ષાવશ ગુણોમાં અનેકતા રહેવા છતાં પણ તે અનેકતા પર્યાયો જેવી નહિ હોવાથી તેમાં વ્યતિરેકીપણું નથી. હવે આગળ ગુણોમાં અન્વયીપણું દૃષ્ટાંત દ્વારા સિદ્ધ કરવામાં આવે છે—

**किन्त्वेकशः स्वबुद्धौ ज्ञानं जीवः स्वसर्वसारेण।**
**अथ चैकशः स्वबुद्धौ दृग्वा जीवः स्वसर्वसारेण॥१५३॥**

**અન્વયાર્થ**—(किन्तु) પરંતુ (एकशः) એકવાર (स्वबुद्धौ) પોતાની બુદ્ધિમાં (ज्ञानं) જો જ્ઞાનગુણ આવ્યો તો તે જ્ઞાનગુણ જ (स्वसर्वसारेण) પોતાના સંપૂર્ણ સારરૂપથી જ (जीवः) જીવ છે. (अथ च) અથવા (एकशः) કોઈ એકવાર (स्वबुद्धौ) પોતાની બુદ્ધિમાં (दृग्वा) જો દર્શનગુણ જ વિવક્ષિત થયો તો તે દર્શનગુણ જ (स्वसर्वसारेण) પોતાના સંપૂર્ણ સારરૂપથી (जीवः) જીવ છે.

**ભાવાર્થ**—પરંતુ જે સમયે બુદ્ધિમાં જ્ઞાનસ્વરૂપથી જીવ પ્રતિભાસિત થાય છે તે સમયે તે જીવ પોતાના સર્વ સ્વરૂપથી જ્ઞાનમય જ પ્રતિભાસિત થાય છે, તથા દર્શનરૂપ પ્રતિભાસના સમયમાં જીવ કેવળ દર્શનમય જ પ્રતિભાસિત થાય છે.

**तत एव यथाऽनेके पर्यायाः सैष नेति लक्षणतः।**
**व्यतिरेकिणश्च न गुणास्तथेति सोऽयं न लक्षणाभावात्॥१५४॥**

**અન્વયાર્થ**—(तत एव) એ કારણથી જ (यथा) જેમ (सैषः न) "તે આ નથી" (इति लक्षणतः) એ પ્રકારના લક્ષણથી (पर्यायाः) પર્યાયો (अनेके) અનેક (च) તથા (व्यतिरेकिणः) વ્યતિરેકી છે, તેમ (सः अयं न) "તે આ નથી" (इति) એ પ્રકારના (लक्षणाभावात्) વ્યતિરેકલક્ષણના અભાવથી (गुणाः) ગુણો (तथा न) વ્યતિરેકી નથી.

**ભાવાર્થ**—જ્ઞાનરૂપ જીવના પ્રતિભાસ સમયે દર્શનાદિ અન્ય ગુણોનો ભિન્ન પ્રતિભાસ ન થવાથી 'सैषः न—(આ તે નથી)' એ વ્યતિરેકનું લક્ષણ ગુણોમાં જતું નથી, તેથી એ ગુણો પર્યાયોની માફક વ્યતિરેકી નથી.

## ગુણોમાં વ્યતિરેકાભાવનું સ્વરૂપ

**तल्लक्षणं यथा स्याज्ज्ञानं जीवौ य एव यावांश्च।**
**जीवो दर्शनमिति वा तदभिज्ञानात् स एव तावांश्च॥१५५॥**

**અન્વયાર્થ**—(तल्लक्षणं यथा) તેનું લક્ષણ અર્થાત્ ગુણોમાં ભાવવ્યતિરેકનો અભાવ આ પ્રમાણે છે, જેમ કે–(य एव च यावान् जीवः ज्ञानं) જે અને જેટલો જીવ, જ્ઞાન છે (स एव च तावान् जीवः) તે જ તથા તેટલો જ જીવ (तदभिज्ञानात्) એકત્વપ્રત્યભિજ્ઞાન પ્રમાણથી (दर्शनं इति वा) દર્શન પણ છે.

**ભાવાર્થ**—કેવળ વિવક્ષાવશ જ જ્ઞાનમાં અનેકત્વ છે. જે સમયે બુદ્ધિથી જીવમાં જ્ઞાનનો પ્રતિભાસ થાય છે તે સમયે બાકીના ગુણો પણ ગૌણરૂપથી જ્ઞાનગુણ દ્વારા નિરૂપિત થઈ જાય છે, મુખ્યતાથી નહિ. તેથી સંપૂર્ણ જીવમાત્ર જ્ઞાનરૂપ વાચ્ય થાય છે. તથા જે સમયે દર્શનગુણ વિવક્ષિત થાય છે તે સમયે તે જ જીવ દર્શનરૂપે વિવક્ષિત થવાના કારણે દર્શનગુણ મુખ્ય તથા જ્ઞાનાદિગુણો ગૌણ થાય છે અર્થાત્ જીવ દર્શનમુખ્યપણે પ્રતિભાસિત થાય છે, તેથી "જે તથા જેટલો જીવ જ્ઞાનરૂપ કહ્યો હતો તે જ તથા તેટલો જ જીવ દર્શનરૂપથી વિવક્ષિત થવાના કારણથી દર્શન છે, એટલે તેમાં એકત્વપ્રત્યભિજ્ઞાન ઘટવાથી શંકાકારના ઉક્ત કથનનું અર્થાત્ 'જ્યારે જ્ઞાન–દર્શનાદિ ગુણોમાં ભાવવ્યતિરેક ઘટવાની સંભાવના છે તો તેમાં વ્યતિરેકીપણું હોવું જોઈએ' એ કથનનું નિરાકરણ થઈ જાય છે. એ જ ક્રમ બાકીના ગુણોમાં પણ લગાવવો, એમ આગળ ગ્રંથકાર કહે છે—

**एष क्रमः सुखादिषु गुणेषु वाच्यो गुरूपदेशाद्वा।**
**यो जानाति स पश्यति सुखमनुभवतीति स एव हेतोश्च॥१५६॥**

**અન્વયાર્થ**—(गुरूपदेशात्) ગુરુઉપદેશથી (एषः क्रमः) આ ક્રમ (सुखादिषु गुणेषु वा) સુખાદિક ગુણોમાં પણ (वाच्यः) વક્તવ્યરૂપ છે, કારણ કે (यः जानाति) જે જાણે છે (सः पश्यति) તે જ દેખે છે અને (स एव) તે જ (सुखं अनुभवति) સુખનો અનુભવ કરે છે, (इति हेतोश्च) એ હેતુથી પણ સુખાદિક ગુણોમાં અભેદતા સિદ્ધ થાય છે.

**ભાવાર્થ**—પર્યાયો ક્રમવર્તી છે, જુદા જુદા સમયમાં તેની–દ્રવ્યની જુદી જુદી અવસ્થાઓ થાય છે, તેથી તેમાં "सैषः न (આ તે નથી)" એવું વ્યતિરેકલક્ષણ ઘટી જાય છે. જેમ ભિન્નસમયવર્તી હોવાથી પર્યાયો ભિન્ન-ભિન્ન છે તેમ ગુણો નાનારૂપ (જુદા જુદા) નથી. કેવળ દ્રવ્યમાં અનેક કાર્ય દેખાવાથી અનેક ગુણ માનવામાં આવ્યા છે, જેમ કે–આત્મા જાણે છે, તેથી જ્ઞાનગુણવાળો, દેખે છે, તેથી દર્શનગુણવાળો અને સુખાદિનો અનુભવ કરે છે, તેથી સુખાદિક ગુણવાળો કહેવામાં આવે છે, પરંતુ ગુણોમાં પરસ્પર વા દ્રવ્યની સાથે ભિન્નસત્તાવર્તીપણું તથા ભિન્નસમયવર્તીપણું નથી. જીવ, જેટલો જ જ્ઞાન છે તેટલો જ દર્શન તથા સુખ છે, જેમ જ્ઞાનનો

જીવની સાથે અભેદ છે તે જ પ્રમાણે દર્શનાદિકની સાથે પણ અભેદ છે, આ કથનથી જ્ઞાન અને દર્શન ભિન્ન-ભિન્ન સિદ્ધ થઈ શકતા નથી. તથા જે જાણે છે તે જ દેખે છે અને તે જ સુખાદિનો અનુભવ કરે છે, એ યુક્તિથી પણ જ્ઞાનાદિગુણો પરસ્પરમાં અભેદ સિદ્ધ થાય છે, તેથી શંકાકારનો જે આમ અભિપ્રાય હતો કે—'જ્ઞાન અને દર્શનાદિમાં सैषः न—(આ તે નથી) એવું વ્યતિરેકનું લક્ષણ ઘટી જવાથી તેને વ્યતિરેકી માનવા જોઈએ.' તેના સમાધાનમાં ગ્રંથકારે આ ભાવવ્યતિરેકનું લક્ષણ દર્શાવ્યું છે, કે—ગુણોના અવિભાગપ્રતિચ્છેદોમાં રહેવાવાળા વ્યતિરેકને ભાવવ્યતિરેક કહે છે, પરંતુ જ્ઞાન અને દર્શનાદિકમાં 'सैषः न—(આ તે નથી)' એવું વ્યતિરેકનું લક્ષણ નહિ ઘટી શકવાથી વ્યતિરેકીપણું આવી જ શકતું નથી. કારણ કે જ્યારે જીવની જ્ઞાન—મુખ્યપણે વિવક્ષા કરીએ છીએ ત્યારે તે સર્વસ્વસારપણે જ્ઞાનમય જ પ્રતીત થાય છે અને તે સમયે તેના દર્શનાદિક ગુણોની ગૌણતા રહે છે. વળી દ્રવ્યની સાથે જેમ ગુણો અભિન્ન છે તે જ પ્રમાણે તે ગુણો આપસમાં (પોતપોતામાં) પણ અભિન્ન છે, તેથી તેમાં વ્યતિરેકીપણું નથી. બીજું—વ્યતિરેકીપણું મુખ્ય-મુખ્ય બે વિવક્ષાઓમાં જ થયા કરે છે પણ ગૌણ અને મુખ્યતામાં થતું નથી, તેથી જે પ્રમાણે ભિન્ન દ્રવ્ય, ભિન્ન ક્ષેત્ર, ભિન્ન કાળ અને ભિન્ન અવિભાગપ્રતિચ્છેદોમાં વ્યતિરેકીપણું ઘટે છે એવા પ્રકારની ભિન્નતા જ્ઞાનાદિગુણોમાં નહિ હોવાથી ગુણોમાં વ્યતિરેકીપણું ઘટતું નથી, એટલા માટે ગુરુઉપદેશથી તથા યુક્તિથી ગુણોમાં અભેદતાની સિદ્ધિ થવાથી વ્યતિરેકીપણું ન માનવું.

### અર્થશબ્દ યૌગિક રીતથી જ ગુણનો વાચક છે

**अथ चोदिष्टं प्रागप्यर्था इति संज्ञया गुणा वाच्याः।**
**तदपि न रूढिवशादिह किन्त्वर्थाद्यौगिकं तदेवेति॥१५७॥**

**અન્વયાર્થ**—(अथ च प्राक् उद्दिष्टं) તથા પહેલાં જે એમ કહ્યું હતું, કે-(गुणाः अर्थाः इति संज्ञया वाच्याः) ગુણ, અર્થ એ નામથી કહેવા યોગ્ય છે અર્થાત્ અર્થ, ગુણનું નામ છે (तदपि) ત્યાં એ કથન પણ (इह) અહીં (रूढिवशात् न) રૂઢિવશથી નથી, (किन्तु) પરંતુ (अर्थात्) પરમાર્થથી-વાસ્તવિકપણે (तत् योगिकं एव इति) તે વક્ષ્યમાણપ્રકારથી યૌગિક જ છે.

**ભાવાર્થ**—ગુણના પર્યાયવાચક શબ્દોમાં અર્થ શબ્દનો પણ પાઠ છે તથા અર્થ શબ્દનો 'ગુણ' એવો અર્થ રૂઢિથી નથી, પરંતુ યૌગિક જ છે. જેમ કે—

### 'અર્થ' શબ્દની નિરુક્તિ

**स्यादृगताविति धातुस्तद्रूपोऽयं निरुच्यते तज्ज्ञैः।**
**अस्त्यर्थोनुगतार्थादनादिसन्तानरुपतोऽपि गुणः॥१५८॥**

**અન્વયાર્થ**—(गतौ ऋ इति धातुः स्यात्) ગતિ અર્થમાં 'ऋ' એ એક ધાતુ છે અને (अयं)

અર્થ એ શબ્દ (तद्रुपः) એ ધાતુનું રૂપ છે, એમ (तज्ज्ञैः) વૈયાકરણીઓ દ્વારા (निरुच्यते) કહેવામાં આવે છે, તથા (अनादिसन्तानरुपतः) અનાદિસંતાનરૂપ (अनुगतार्थात् अपि) અનુગત અર્થથી પણ (अर्थः) અર્થ શબ્દનો અર્થ (गुणः) ગુણ (अस्ति) થાય છે.

**ભાવાર્થ**—'અર્થ' શબ્દની આ વ્યુત્પત્તિ છે, કે—'ताँस्तान् पर्यायान् इयर्तीतिअर्थः' અર્થાત્ પોતાની તે તે પર્યાયોને જે પ્રાપ્ત થાય છે, તે અર્થ છે. ગત્યર્થક 'ऋ' ધાતુના આ નિરુક્તિઅર્થથી તથા અનાદિસંતાનરૂપથી જે દ્રવ્યની સાથે ચાલ્યો આવે છે, તે અર્થ છે. એ પારિભાષિકઅર્થથી પણ અર્થ શબ્દ, ગુણનો વાચક છે. સારાંશ કે—

**अयमर्थः सन्ति गुणा अपि किल परिणामिनः स्वतः सिद्धाः।**
**नित्यानित्यत्वादप्युत्पादादित्रयात्मकाः सम्यक्॥१५९॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ આ છે, કે–(किल) નિશ્ચયથી (गुणाः) ગુણ (स्वतः सिद्धाः) સ્વયંસિદ્ધ છે (अपि) તથા (परिणामिनः) પરિણામી પણ (सन्ति) છે, તેથી તે (नित्यानित्यत्वात्) નિત્ય અને અનિત્યરૂપ હોવાથી (सम्यक्) ભલાપ્રકારે (उत्पादादित्रयात्मकाः अपि) ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્યાત્મક પણ છે.

**ભાવાર્થ**—અનાદિસંતાનરૂપથી જે દ્રવ્યની સાથે અનુગમન કરે તે ગુણ છે. અહીં 'અનાદિ' એ વિશેષણથી સ્વયંસિદ્ધ, 'સંતાનરૂપ' એ વિશેષણથી પરિણમનશીલ તથા 'અનુગતાર્થ' એ વિશેષણથી નિરંતર દ્રવ્યની સાથે રહેવાવાળા, એવો અર્થ સિદ્ધ થાય છે.

સારાંશ આ છે કે—પ્રત્યેક દ્રવ્યના ગુણો સ્વયંસિદ્ધ અને નિરંતર દ્રવ્યની સાથે રહેવાવાળા છે, તેથી તો તેમને નિત્ય એટલે ધ્રૌવ્યાત્મક કહેવામાં આવે છે, તથા પ્રતિસમય પરિણમનશીલ છે, તેથી તેમને અનિત્ય વા ઉત્પાદવ્યયાત્મક કહેવામાં આવે છે. એ પ્રમાણે સંપૂર્ણ ગુણો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક છે.

## ગુણોની વિશેષતા

**अस्ति विशेषस्तेषां सति च समाने यथा गुणत्वेपि।**
**साधारणास्त एके केचिदसाधारणा गुणाः सन्ति॥१६०॥**

**અન્વયાર્થ**—(तेषां) એ ગુણોમાં (च) બીજો પણ (विशेषः अस्ति) આ ભેદ છે કે–(यथा) જેમ (गुणत्वे समाने सति अपि) ગુણત્વસામાન્ય રહેવા છતાં પણ (ते) તેમાં (एके साधारणा) કોઈ તો સાધારણ ગુણ, તથા (केचिदसाधारणाः) કોઈ અસાધારણ (गुणाः सन्ति) ગુણ હોય છે.

**ભાવાર્થ**—જોકે ગુણત્વસામાન્યની અપેક્ષાએ સર્વ ગુણો એક છે અર્થાત્ કોઈપણ ગુણોમાં અંતર નથી, તોપણ જે ગુણ ખાસ ખાસ દ્રવ્ય સંબંધી છે તે અસાધારણ ગુણ કહેવાય છે, તથા જે ગુણ સર્વ દ્રવ્યોમાં સામાન્યરૂપથી હોય છે તે સાધારણ ગુણ કહેવાય છે.

## સામાન્ય અને વિશેષ ગુણ

**साधारणास्तु यतरे ततरे नाम्ना गुणा हि सामान्याः।**
**ते चाऽसाधारणका यतरे ततरे गुणा विशेषाख्याः॥१६१॥**

**અન્વયાર્થ**—(तु) પરંતુ તેમાં (यतरे) જેટલા (साधारणाः) સાધારણ ગુણ છે, (ततरे) તેટલા એ બધા (हि) નિશ્ચયથી (नाम्ना) નામથી (सामान्याः गुणाः) સામાન્ય ગુણ છે (च) તથા (यतरे) જેટલા (ते) એ (असाधारणकाः) અસાધારણ (ગુણ) છે, (ततरे) તેટલા બધા (विशेषाख्याः गुणाः) વિશેષ ગુણ છે.

**ભાવાર્થ**—જે સાધારણ ગુણ છે તેને સામાન્ય ગુણ કહે છે તથા જે અસાધારણ ગુણ છે તેને વિશેષ ગુણ કહે છે.

## સામાન્ય અને વિશેષ ગુણોનું પ્રયોજન

**तेषामिह वक्तव्ये हेतुः साधारणैर्गुणैर्यस्मात्।**
**द्रव्यत्वमस्ति साध्यं द्रव्यविशेषस्तु साध्यते त्वितरैः॥१६२॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (तेषां वक्तव्ये) એ ગુણોની વિશેષતા કહેવામાં (हेतुः) પ્રયોજન એ છે, કે (यस्मात्) જે કારણથી (साधारणैः गुणैः तु) સાધારણ ગુણો દ્વારા તો (द्रव्यत्वं साध्यं अस्ति) કેવળ દ્રવ્યત્વ સિદ્ધ કરવામાં આવે છે (तु) અને (इतरैः) વિશેષ ગુણો દ્વારા (द्रव्यविशेषः) દ્રવ્યવિશેષ (साध्यते) સિદ્ધ કરવામાં આવે છે.

**ભાવાર્થ**—ગુણસમુદાયરૂપ પદાર્થ સામાન્ય–વિશેષાત્મક છે. જે ગુણ સર્વ દ્રવ્યોમાં હોય તેને સાધારણ અથવા સામાન્ય ગુણ કહે છે, જેમ કે—અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ અને અગુરુલઘુત્વ આદિ. એ સાધારણ ગુણો દ્વારા દ્રવ્યમાં કેવળ દ્રવ્યપણું સિદ્ધ થાય છે, તેનું ઉદાહરણ—

**संदृष्टिः सदिति गुणः स यथा द्रव्यत्वसाधको भवति।**
**अथ च ज्ञानं गुण इति द्रव्यविशेषस्य साधको भवति॥१६३॥**

**અન્વયાર્થ**—(संदृष्टिः) ઉદાહરણ આ છે, કે–(यथा) જેમ (सत् इति गुणः) સત્, એ જે સામાન્ય ગુણ છે (स) તે (द्रव्यत्वसाधको भवति) કેવળ દ્રવ્યપણાનો સાધક છે (अथ च) અને (ज्ञानं इति गुणः) જ્ઞાન, એ વિશેષ ગુણ (द्रव्यविशेषस्य साधको भवति) દ્રવ્યવિશેષ એટલે આત્મદ્રવ્યનો સાધક છે.

**ભાવાર્થ**—જેમ પ્રત્યેક દ્રવ્યમાં સામાન્યરૂપે સત્ હોય છે, તેથી સત્ ગુણ દ્વારા જો દ્રવ્યને લક્ષ્ય કરવામાં આવે અને સત્ તેનું લક્ષણ કરવામાં આવે તો દ્રવ્યસામાન્ય સિદ્ધ થાય છે. તેનાથી

જીવદ્રવ્ય, પુદ્‌ગલદ્રવ્ય આદિ વિશેષદ્રવ્ય સિદ્ધ થતાં નથી. એ જ પ્રમાણે જો જીવને લક્ષ્ય બનાવવામાં આવે અને જ્ઞાન તેનું લક્ષણ કરવામાં આવે તો જ્ઞાન, એ અસાધારણ (વિશેષ) ગુણ છે, તેથી એ વડે દ્રવ્યવિશેષ અર્થાત્ જીવદ્રવ્ય સિદ્ધ થાય છે પણ સામાન્યદ્રવ્ય નહિ.

### ઉપસંહાર

**उक्तं हि गुणानामिह लक्ष्यं तल्लक्षणं यथाऽगमतः।**
**सम्प्रति पर्यायाणां लक्ष्यं तल्लक्षणं च वक्ष्यामः॥१६४॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (हि) નિશ્ચયથી (यथाऽगमत:) આગમ અનુસાર (गुणानां) ગુણોનું (लक्ष्यं) લક્ષ્ય તથા (तल्लक्षणम्) તેનું લક્ષણ (उक्तं) કહ્યું. (सम्प्रति) હવે (पर्यायाणां) પર્યાયોનું (लक्ष्यं) લક્ષ્ય (च) તથા (तल्लक्षणं) તેનું લક્ષણ (वक्ष्याम:) કહીએ છીએ–

**ભાવાર્થ**—એ પ્રમાણે ગ્રંથકાર ગુણોના લક્ષ્ય–લક્ષણભાવનું કથન કરીને હવે આગળ પર્યાયોના લક્ષ્ય-લક્ષણભાવને પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞા કરે છે—

### પર્યાયોનું સ્વરૂપ

**क्रमवर्तिनो ह्यनित्या अथ च व्यतिरेकिणश्च पर्यायाः।**
**उत्पादव्ययरुपा अपि च ध्रौव्यात्मकाः कथन्चिच्च॥१६५॥**

**અન્વયાર્થ**—(पर्याया:) પર્યાયો (हि) નિશ્ચયથી (क्रमवर्तिन:) ક્રમવર્તી (अथ च) તથા (अनित्या:) અનિત્ય (च) અને (व्यतिरेकिण:) વ્યતિરેકી (अपि च) તથા (उत्पादव्ययरुपा:) ઉત્પાદ –વ્યયરૂપ (च) અને (कथन्चित्) કથંચિત્ (ध्रौव्यात्मका:) ધ્રૌવ્યાત્મક હોય છે.

**ભાવાર્થ**—જે ક્રમવર્તી, અનિત્ય, વ્યતિરેકી અને કથંચિત્ ઉત્પાદ, વ્યયરૂપ અને કથંચિત્ ધ્રૌવ્યાત્મક હોય છે, તેને પર્યાય કહેવામાં આવે છે.

**तत्र व्यतिरेकित्वं प्रायः प्रागेव लक्षितं सम्यक्।**
**अवशिष्टविशेषमितः क्रमतः संल्लक्षते यथाशक्ति॥१६६॥**

**અન્વયાર્થ**—(तत्र) એમાં (व्यतिरेकित्वं) પર્યાયોનું વ્યતિરેકીપણું (प्राय:) ઘણી રીતે (प्रागेव) પહેલાં જ (सम्यक्) સારી રીતે (लक्षितं) દર્શાવ્યું છે, તેથી (इत:) હવે અહીંથી આગળ (अवशिष्टविशेषं) પર્યાયોની બાકીની વિશેષતાઓને (यथाशक्ति) પોતાની શક્તિ અનુસાર (क्रमत:) ક્રમપૂર્વક (संल्लक्षते) દર્શાવીએ છીએ–

**ભાવાર્થ**—પર્યાયના સ્વરૂપને કહેવાવાળાં ક્રમવર્તી, અનિત્ય, વ્યતિરેકી તથા કથંચિત્

ઉત્પાદવ્યયધ્રૌવ્ય એટલા વિશેષણો છે, તેમાંથી વ્યતિરેકીપણાનું વર્ણન પહેલાં જ કહ્યું છે. હવે પર્યાયોનાં બાકીનાં વિશેષણો ગ્રંથકાર યથાક્રમ વર્ણન કરે છે–

## ક્રમવર્તી શબ્દનો નિરુક્તિઅર્થ

**अस्त्यत्र यः प्रसिद्धः क्रम इति धातुश्च पादविक्षेपे।**
**क्रमति क्रम इति रुपस्तस्य स्वार्थानतिक्रमादेषः॥१६७॥**

**અન્વયાર્થ**—(अत्र) અહીં (पादविक्षेपे) પગથી ગમન કરવારૂપ અર્થમાં (प्रसिद्धः) પ્રસિદ્ધ (यः) જે (क्रम इति) ક્રમ એ (धातुः) એક ધાતુ (अस्ति) છે, (तस्य च) એ ધાતુનો જ (स्वार्थानतिक्रमात्) પાદવિક્ષેપરૂપ પોતાના અર્થને ઉલ્લંઘન ન કરવાથી (क्रमति इति क्रमः) જે ક્રમણ કરે તે ક્રમ છે, (एषः) એ (रुपः) રૂપ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ**—પાદવિક્ષેપાર્થક 'ક્રમ' ધાતુનો "क्रमतीति क्रमः" ક્રમપૂર્વક ગમન કરવાના અર્થમાં 'ક્રમ' શબ્દ બને છે.

**वर्तन्ते तेन यतः भवितुंशीलास्तथास्वरुपेण।**
**यदि वा स एव वर्ती येषां क्रमवर्तिनस्त एवार्थात्॥१६८॥**

**અન્વયાર્થ**—(यतः) જે કારણથી પર્યાયો (तेन वर्तन्ते) એ ક્રમની સાથે રહે છે અથવા (तथा स्वरुपेण) એ ક્રમરૂપથી (भवितुंशीलाः) ભવનશીલ છે (यदि वा) અથવા (स एव) એ ક્રમ જ છે (वर्ती) વર્તાવવાવાળો (येषां) જેનો, (त एव) એ જ (अर्थात्) અર્થથી (क्रमवर्तिनः) ક્રમવર્તી છે.

**ભાવાર્થ**—તથા જે ક્રમની સાથે વર્તે, ક્રમની સાથે વર્તવારૂપ સ્વભાવને ધારણ કરે અથવા ક્રમ જ જેને ઉત્પાદ, વ્યય તથા કથંચિત્ ધ્રૌવ્યરૂપથી પરિણમાવે છે, તેને ક્રમવર્તી–પર્યાય કહેવામાં આવે છે.

## સારાંશ

**अयमर्थः प्रागेकं जातं उच्छिद्य जायते चैकः।**
**अथ नष्टे सति तस्मिन्नन्योप्युत्पद्यते यथादेशं॥१६९॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે–(यथादेशं) દ્રવ્યપણાને નહિ છોડતાં (प्राक्) પહેલાં હોવાવાળી (एकं जातं) એક પર્યાયને (उच्छिद्य) નાશ કરીને (च एकः) અન્ય એક અર્થાત્ બીજી પર્યાય (जायते) ઉત્પન્ન થાય છે, (अथ तस्मिन् नष्टे सति) તેનો નાશ થતાં (अपि अन्यः उत्पद्यते) બીજી અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ**—ક્રમવર્તી શબ્દનો ઉપર પ્રમાણે નિરુક્તિસિદ્ધ અર્થનો સારાંશ એ છે, કે–પ્રત્યેક દ્રવ્યમાં દ્રવ્યત્વને ન છોડતાં પ્રતિસમય પૂર્વ-પૂર્વપર્યાયના નાશ પૂર્વક ઉત્તર-ઉત્તરપર્યાય ઉત્પન્ન થયા કરે છે, એ ક્રમમાં કદી પણ અંતર પડતું નથી. સર્વ પર્યાયો ઉપર પ્રમાણે પરિણમન કરતી રહે છે, તેથી એ અપેક્ષાએ પર્યાયોને ક્રમવર્તી કહે છે.

### વ્યતિરેક અને ક્રમના વિષયમાં શંકા—

**ननु यद्यस्ति स भेदः शब्दकृतोः भवतु वा तदेकार्थात्।**
**व्यतिरेकक्रमयोरिह को भेदः पारमार्थिकस्त्विति चेत् ॥१७०॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે–(यदि भेदः अस्ति) જો વ્યતિરેક અને ક્રમમાં કોઈ ભેદ છે તો (सः) તે ભેદ (शब्दकृतोः वा) કેવળ શબ્દકૃત જ (भवतु) હશે, પરંતુ પારમાર્થિક નહિ. કારણ કે (तदेकार्थात्) એ બંનેનો એક જ અર્થ છે, તેથી (इह) અહીં (व्यतिरेकक्रमयोः तु) વ્યતિરેક તથા ક્રમમાં ભલા (कः) એવો કયો (पारमार्थिकः) વાસ્તવિક (भेदः) ભેદ છે? (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે–જો ક્રમવર્તી શબ્દનો ઉપર પ્રમાણે નિરુક્તિઅર્થ છે તો વ્યતિરેકી અને ક્રમવર્તી એ બંને શબ્દોનો એક જ અર્થ હોવાથી, એ બંને શબ્દોના અર્થમાં કાંઈ પણ ભેદ ન હોવો જોઈએ તથા કદાચિત્ (ભેદ) હોય, તોપણ તે માત્ર શબ્દકૃત જ હોવો જોઈએ, પરંતુ અર્થકૃત નહિ. એમ કહો તો? તેનું સમાધાન–

**तन्न यतोस्ति विशेषः सदंशधर्मेद्वयोः समानेपि।**
**स्थूलेष्विव पर्यायेष्वन्तर्लीनाश्च पर्ययाः सूक्ष्मा ॥१७१॥**

**અન્વયાર્થ**—(तन्न) એ ઠીક નથી, (यतः) કારણ કે–(द्वयोः) વ્યતિરેક અને ક્રમ એ બંનેમાં (सदंशधर्मे समाने अपि) સત્‌નો જે અંશરૂપ ધર્મ છે તે સમાન હોવા છતાં પણ (स्थूलेषु सूक्ष्माः इव) સ્થૂળોમાં સૂક્ષ્મની માફક (पर्यायेषु च) સ્થૂળ પર્યાયોમાં પણ (पर्यायः) સૂક્ષ્મપર્યાયો (अन्तर्लीनाः) અંતરલીન થાય છે, એ જ (विशेषः अस्ति) ભેદ છે.

**ભાવાર્થ**—શંકાકારની ઉપર્યુક્ત શંકા ઠીક નથી, કારણ જોકે અંશધર્મ પર્યાયોનું લક્ષણ છે અને એ લક્ષણ વ્યતિરેક તથા ક્રમ બંનેમાં ઘટે છે, તોપણ જેવી રીતે ઇન્દ્રિયગોચર નર–નારકાદિરૂપ સ્થૂળપર્યાયોમાં પ્રત્યેક સમયગત ઇન્દ્રિયગોચર ન થવાવાળી સૂક્ષ્મપર્યાયો ગર્ભિત રહે છે, તે પ્રમાણે પરસ્પર અભાવરૂપ વ્યતિરેકલક્ષણવાળી સ્થૂળપર્યાયોમાં પણ પ્રતિસમય ક્રમપૂર્વક થવાવાળી સૂક્ષ્મપર્યાયો ગર્ભિત રહે છે. અર્થાત્ સ્થૂળપર્યાયોમાં ‘‘આ દેવ છે–મનુષ્ય નથી’’ એવા આકારરૂપ પરસ્પરાભાવરૂપ વ્યતિરેકસંબંધી અંશધર્મની અપેક્ષા હોવાથી પર્યાયોને વ્યતિરેકી કહેવામાં આવે છે. તથા દેવ અને મનુષ્યપર્યાયમાં પ્રતિસમય ક્રમપૂર્વક થવાવાળું તે સૂક્ષ્મપરિણમન

કે જેમાં પરસ્પરાભાવરૂપ વ્યતિરેક ઘટાવી શકાય નહિ, પરંતુ કેવળ અંશધર્મપણું રહે છે, તેને ક્રમવર્તી કહેવામાં આવે છે. એ જ અભિપ્રાયનો ગ્રંથકાર પોતે આગળ ખુલાસો કરે છે–

## વ્યતિરેકનું સ્પષ્ટીકરણ

**तत्र व्यतिरेकः स्यात् परस्पराभावलक्षणेन यथा।**
**अंशविभागः पृथगिति सद्दशांशानां सतामेव ।।१७२।।**

**અન્વયાર્થ**—(तत्र) એ નર–નારકાદિરૂપ સ્થૂળપર્યાયોમાં (परस्पराभावलक्षणेन) પરસ્પરમાં અભાવરૂપ લક્ષણ દ્વારા (व्यतिरेकः स्यात्) વ્યતિરેક થાય છે. (यतः) કારણ કે–(सद्दशांशानां एव) સદ્દશઅંશવાળા જ (सतां) સત્‌નો (इति) ઉપર પ્રમાણે (पृथक्) જુદો જુદો અંશ (अंश विभागः) વિભાગ–પર્યાય કહેવાય છે.

**ભાવાર્થ**—જીવદ્રવ્યની દેવથી મનુષ્યરૂપ થવાવાળી પર્યાયમાં પરસ્પર અભાવલક્ષણવાળો વ્યતિરેક હોય છે. તેથી મનુષ્યપર્યાય એ વ્યતિરેકીપર્યાય છે. અર્થાત્ વ્યતિરેક જોવામાં આવે છે, તેથી તે વ્યતિરેકી અને અંશધર્મપણું જોવામાં આવે છે, તેથી તે પર્યાય કહેવાય છે. પર્યાયોમાં સંકોચવિસ્તારાત્મક આકારથી આકારાંતર થાય છે, પરંતુ પ્રદેશોમાં હીનાધિકતા થતી નથી. કીડાથી હાથીરૂપ પર્યાય પ્રાપ્ત કરવાવાળા જીવમાં કેવળ સંકોચવિસ્તારાત્મક આકારથી આકારાન્તર થાય છે, પરંતુ દ્રવ્યના પ્રદેશોની ન્યૂનાધિકતા થતી નથી, કારણ કે દ્રવ્યના અંશો સદ્દશ (એકસરખા) રહેવા છતાં પણ ભિન્ન-ભિન્ન જાતિના આકારથી આકારાન્તર થવાવાળા અંશવિભાગને પર્યાય કહેવામાં આવે છે.

**तस्मात्व्यतिरेकित्वं तस्य स्यात् स्थूलपर्ययः स्थूलः।**
**सोऽयं भवति न सोऽयं यस्मादेतावतैव संसिद्धिः ।।१७३।।**

**અન્વયાર્થ**—(तस्मात्) એ કારણથી (तस्यव्यतिरेकित्वं) તે પર્યાય વ્યતિરેકી કહેવાય છે, (यस्मात्) કે જે કારણથી (स्थूलपर्ययः) તે સ્થૂળપર્યાય (स्थूलः स्यात्) સ્થૂળ હોય છે, ('यस्मात्') કારણ કે (सः अयं भवति) "તે આ છે" (अयं सः न भवति) "આ તે નથી" (एतावतैव) એ આકારરૂપ વ્યતિરેક ઘટવાથી જ (संसिद्धिः) સ્થૂળપર્યાયોમાં વ્યતિરેકીપણાની સિદ્ધિ થઈ જાય છે.

**ભાવાર્થ**—તેથી પરસ્પરમાં અભાવલક્ષણરૂપ વ્યતિરેક ઘટવાથી દેવથી મનુષ્યરૂપ થવાવાળી પર્યાયને વ્યતિરેકી કહેવામાં આવે છે. કારણ કે સ્થૂળપર્યાયોમાં સ્થૂળતાના કારણથી "તે આ છે, આ તે નથી" એ પ્રકારનો વ્યતિરેક ઘટી જાય છે.

**વિશેષાર્થ**—એક સમયવર્તી પર્યાયનો બીજા સમયવર્તી પર્યાયમાં અભાવ લાવવો, એનું જ નામ વ્યતિરેક છે. જોકે સ્થૂળ પર્યાયોનું સમાનરૂપે પરિણમન થાય છે, (દેખાય છે) તોપણ એક સમયવર્તી

પરિણમન (આકાર) બીજા સમયવર્તી પરિણમનથી ભિન્ન છે. બીજા સમયનું પરિણમન પહેલા સમયના પરિણમનથી ભિન્ન છે. એ જ પ્રમાણે ભિન્ન-ભિન્ન સમયોમાં થનારા ભિન્ન-ભિન્ન આકારોમાં પરસ્પર અભાવ ઘટાવવો એનું જ નામ વ્યતિરેક છે.

## ક્રમનું સ્પષ્ટીકરણ

**विष्कंभःक्रम इति वा क्रमः प्रवाहस्य कारणं तस्य।**
**न विवक्षितमिह किंचित्तत्र तथात्वं किमन्यथात्वं वा॥१७४॥**

**અન્વયાર્થ**—(तस्य प्रवाहस्य कारणं) પ્રતિસમય થવાવાળા દ્રવ્યના એ ઉત્પાદ–વ્યયરૂપ પ્રવાહમાં કારણ જે ''સ્વકાળરૂપ અંશકલ્પના'' છે (वा) અથવા જે (विष्कंभः क्रम) વિષ્કંભરૂપ ક્રમ છે અર્થાત્ સ્વક્ષેત્રરૂપ કલ્પના છે, (इति) તે બંનેને (क्रमः) ક્રમ કહેવામાં આવે છે (तत्र इह) તથા એ બંને પ્રકારના ક્રમમાં (किंचित् तथात्वं) કંઈ પણ તથાપણું (किंवा अन्यथात्वं) અથવા અન્યથાપણું (विवक्षितं न) વિવક્ષિત થતું નથી.

**ભાવાર્થ**—જોકે ક્રમશબ્દનો નિરુક્તિ અર્થ પહેલાં કહી ચુક્યા છીએ, તોપણ ખુલાસો કરવા માટે ફરીથી તેનો પારિભાષિક અર્થ દર્શાવીએ છીએ, કે–''પ્રતિસમય પરિણમનશીલ દ્રવ્યમાં જે પરિણમનનો પ્રવાહ વહી રહ્યો છે તેને અર્થાત્ કાળક્રમથી પ્રતિસમય થવાવાળા સ્વકાળને (એટલે) ઉર્ધ્વાંશકલ્પનારૂપ ક્રમને 'ક્રમ' કહેવામાં આવે છે. તથા એ ક્રમમાં ક્ષણિકવૃત્તિ હોવાના કારણથી સ્થૂળ પર્યાયની માફક તથાપણું વા અન્યથાપણું વિવક્ષિત થતું નથી. અથવા વિષ્કંભક્રમને અર્થાત્ વિષ્કંભક્રમથી દ્રવ્યની જે સ્વક્ષેત્રકલ્પના કરવામાં આવે છે, તેને 'ક્રમ' કહે છે. તેમાં પણ તથાપણા વા અન્યથાપણાની વિવક્ષા હોતી નથી.

**क्रमवर्तित्वं नाम व्यतिरेकपुरस्सरं विशिष्टं च।**
**स भवति भवति न सोऽयं भवति तथाथ च तथा न भवतीति॥१७५॥**

**અન્વયાર્થ**—(अयं सः भवति) ''આ તે છે, પરંતુ (सः न भवति) એ નથી'' (अथ च) અથવા (तथा भवति) ''આ આવું છે, પરંતુ (तथा न भवति) તેવું નથી'' (इति) એ પ્રકારના ક્રમમાં (व्यतिरेक पुरस्सरं) વ્યતિરેકપૂર્વક (विशिष्टं च) વિશિષ્ટ જ (क्रमवर्तित्वं) ક્રમવર્તીપણું છે.

**ભાવાર્થ**—અનાદિકાળથી પ્રત્યેક દ્રવ્ય પ્રતિસમય પ્રવર્તમાન થઈ રહ્યું છે, તેનું જે કારણ છે તેને અર્થાત્ સ્વકાળરૂપ અંશકલ્પનાને એટલે ઉર્ધ્વાંશકલ્પનાને 'ક્રમ' કહે છે. અથવા ''नामैकदेशेन नामग्रहणं'' અર્થાત્ નામના એક દેશને કહેવાથી પૂરા નામનું ગ્રહણ થઈ જાય છે, જેમ કે—''જીવન્ધરકુમાર'' એ નામમાં ''કુમાર'' શબ્દથી ''જીવંધરકુમાર'' એ આખું નામ ગ્રહણ થઈ જાય છે, તે જ પ્રમાણે 'ક્રમ' શબ્દથી ''વિષ્કંભક્રમ–સ્વક્ષેત્રકલ્પના''નું ગ્રહણ સમજવું જોઈએ અને એવા ક્રમપૂર્વક જે વર્તે છે, તે ક્રમવર્તી–પર્યાય કહેવાય છે. તથા એ ક્રમવર્તીશબ્દ

દ્વારા કહેવાતી સ્વક્ષેત્રરૂપ કલ્પના તથા સ્વકાળરૂપ કલ્પનાવાળી પર્યાયોમાં "આ તે નથી" એવા પ્રકારનો વ્યતિરેકસૂચક વ્યવહાર થતો નથી. કારણ તે અત્યંત સૂક્ષ્મ હોય છે, અને જે સ્થૂળક્ષેત્ર વા સ્થૂળકાળમાં પણ "આ તે નથી, આ તેવું નથી' એવો વ્યતિરેકસાધક વ્યવહાર થાય છે તે વ્યતિરેકપૂર્વક ક્રમવર્તીપણાથી થાય છે, અર્થાત્ ક્રમગર્ભિત વ્યતિરેક છે. પણ કેવળ ક્રમકૃત વ્યવહાર નથી. કારણ પ્રદેશકલ્પના (સ્વક્ષેત્રકલ્પના) તથા સમયગત પરિવર્તન (સ્વકાળકૃત પરિવર્તન કલ્પના) ઇન્દ્રિયગોચર ન હોવાથી તેમાં વ્યતિરેકસાધક વ્યવહાર થઈ શકતો નથી. હા, એટલું ખરું કે—જે સ્થૂળપર્યાયો ઇન્દ્રિયગોચર છે તથા જેમાં "આ તે નથી, આ તેવું નથી" એવો વ્યતિરેક હોય છે તે સ્થૂળપર્યાયો એ સૂક્ષ્મ પર્યાયો વિના થઈ શકતી નથી, અર્થાત્ એ સ્થૂળપર્યાયોમાં સૂક્ષ્મપર્યાયો ગર્ભિત છે, તેથી જ તેને ક્રમગર્ભિતવ્યતિરેકી કહેવામાં આવે છે. 'પુરસ્સર' શબ્દનો અર્થ "આગળ" થાય છે, અર્થાત્ "વ્યતિરેક છે આગળ જેને" એવું ક્રમવર્તિપણું અર્થાત્ "ક્રમગર્ભિતવ્યતિરેક" એ અર્થ "व्यतिरेकपुरस्सरं क्रमवर्तित्व"નો કર્યો છે.

**વિશેષાર્થ**—એકની પાછળ બીજી, ત્રીજી, ચોથી આ રીતે બરાબર (સતત) થયા કરતા પ્રવાહને ક્રમ કહે છે. ક્રમમાં એ વાતની વિવક્ષા નથી, કે "આ તે નથી" અને "આ તે નથી" એ વિવક્ષા વ્યતિરેકમાં છે, તેથી જ ક્રમ વ્યતિરેકની પહેલાં હોય છે, ક્રમ વ્યતિરેકનું કારણ છે, વ્યતિરેક તેનું કાર્ય છે, તેથી ક્રમ અને વ્યતિરેક એક નથી, પરંતુ આ બંનેમાં કાર્ય કારણભાવ છે.

એ પ્રમાણે પદ્ય નં. ૧૬૬ થી ૧૭૫ સુધી વ્યતિરેક અને ક્રમનો ભેદ સમજાવીને હવે આગળ ક્રમમાં વ્યતિરેકદર્શક વ્યવહાર ન રહેવા છતાં પણ કથંચિત્ તથાભાવ વા અન્યથાપણું કેવી રીતે હોય છે, એ વિષયમાં ગ્રંથકાર ઉહાપોહપૂર્વક વિચાર કરે છે. અહીં શંકા—

**ननु तत्र किं प्रमाणं क्रमस्य साध्ये तदन्यथात्वे हि।**
**सोऽयं यः प्राक् स तथा यथेति यः प्राक्तु निश्चयादिति चेत्॥१७६॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે-(यः प्राक् सः अयं) જે પહેલાં હતું તે જ આ છે (तु) અને (यथा यः प्राक्) જેમ જે પહેલાં હતું (सः तथा) તે અત્યારે પણ તેમ જ છે. (इति निश्चयात्) એ પ્રકારનો નિશ્ચય હોવાથી (तत्र क्रमस्य तदन्यथात्वे साध्ये) એ ક્રમના પૂર્વસમયથી ઉત્તરસમયમાં થવાવાળા અન્યથા પરિણમનરૂપ સાધ્યમાં (किं प्रमाणं ?) શું પ્રમાણ છે? (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—જો ક્રમમાં વ્યતિરેકની કાંઈ પણ વિવક્ષા નથી, તો પછી જે પહેલા સમયમાં હતું તે જ ઉત્તરસમયમાં રહેશે અને જેવું પૂર્વ સમયમાં હતું તેવું જ ઉત્તરસમયમાં રહેશે. એ પ્રમાણે પૂર્વ–ઉત્તરસમયમાં કંઈ પણ અંતર નહિ હોવાથી ક્રમના અન્યથારૂપ પરિણમનમાં શું પ્રમાણ છે? તેનું સમાધાન—

तन्न यतः प्रत्यक्षादनुभवविषयात्तथानुमानाद्वा।
स तथेति च नित्यस्य न तथेत्यनित्यस्य प्रतीतत्वात्॥१७७॥
अयमर्थः परिणामि द्रव्यं नियमाद्यथा स्वतः सिद्धम्।
प्रतिसमयं परिणमते पुनः पुनर्वा यथा प्रदीपशिखा॥१७८॥
इदं भवति पूर्वपूर्वभावविनाशेन नश्यतांशस्य।
यदि वा तदुत्तरोत्तरभावोत्पादेन जायमानस्य॥१७९॥
तदिदं यथा स जीवो देवो मनुजाद्भवन्नथाप्यन्यः।
कथमन्यथात्वभावं न लभेत स गोरसोऽपि नयात्॥१८०॥

**અન્વયાર્થ**—(तन्न) એ ઠીક નથી, (यतः) કારણ કે–(अनुभवविषयात् प्रत्यक्षात्) અનુભવવિષયક પ્રત્યક્ષથી અર્થાત્ સ્વાનુભવથી (तथा) તથા (अनुमानाद्वा) અનુમાનથી પણ (स तथा इति नित्यस्य) ''આ તેવું જ છે,'' એ પ્રકારે નિત્યતાની (च) તથા (न तथा इति अनित्यस्य) ''આ તેવું નથી,'' એ પ્રકારે અનિત્યતાની (प्रतीतत्वात्) કથંચિત્ પ્રતીતિ થાય છે.

(अयं अर्थ) સારાંશ એ છે, કે–(यथा) જેમ (द्रव्यं) દ્રવ્ય (नियमात्) નિયમથી (स्वतः सिद्धं) સ્વતઃ સિદ્ધ છે, ('तथा') તે જ પ્રમાણે તે (परिणामि) પરિણમનશીલ પણ છે, તેથી (तत्) તે દ્રવ્ય (प्रतिसमयं) પ્રતિસમય (पुनः पुनः वा) વારંવાર (यथा प्रदीपशिखा) પ્રદીપ (દીપકની) શીખાની માફક (परिणमते) પરિણમન કરતું જ રહે છે.

(इदं) અને તે પરિણમન (पूर्वपूर्वभावविनाशेन नश्यतः अंशस्य) પૂર્વ પૂર્વ ભાવના વિનાશરૂપથી નષ્ટ થવાવાળા અંશનું (यदि वा) અથવા (तत्) તે પરિણમન (उत्तरोत्तरभावोत्पादेन जायमानस्य 'अंशस्य') કેવળ ઉત્તર ઉત્તર ભાવના ઉત્પાદરૂપથી ઉત્પન્ન થવાવાળા અંશનું (अस्ति) છે, પણ દ્રવ્યનું નહિ (ध्रौव्यांशनुं નહિ)

(तत्) એટલા માટે (इदं जीवः) જીવ દ્રવ્ય (यथा) જેમ (अथ मनुजात्) જોકે મનુષ્યથી કથંચિત્ (अन्यः देवः अपि भवन्) અન્ય દેવપર્યાય પણ પ્રાપ્ત કરે છે, તોપણ (नयात् सः गोरसः अपि) અપેક્ષાવશ તે દૂધથી દહીં થવા છતાં પણ ગોરસની માફક છે, અર્થાત્ દ્રવ્યત્વને ઉલ્લંઘન કરતું નથી, તેથી તે (अन्यथात्वभावं कथं न लभेत् ?) શું અન્યથાપણાને પ્રાપ્ત થતું નથી? અર્થાત્ તે દ્રવ્ય અવશ્ય જ કથંચિત્ ભિન્નતાને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ**—શંકાકારનું ઉપર્યુક્ત કહેવું ઠીક નથી, કારણ સ્વાનુભવગોચરપ્રત્યક્ષથી અને

અનુમાનપ્રમાણથી "આ તેવું જ છે," એવી પદાર્થમાં દ્રવ્યાર્થિકનયથી કથંચિત્ નિત્યતાની તથા પર્યાયાર્થિકનયથી "આ તેવું નથી," એવી પદાર્થમાં કથંચિત્ અનિત્યતાની પણ પ્રતીતિ થાય છે.

અર્થાત્—જેમ દ્રવ્ય, સ્વતઃસિદ્ધ હોવાથી નિત્ય—અનાદિ અનંત છે, તે જ પ્રમાણે તે પરિણમનશીલ હોવાથી પ્રદીપશિખાની (દીપકની) માફક પ્રતિસમય સદૃશ પરિણમન પણ કરતું જ રહે છે, તેથી તે અનિત્ય પણ છે અને તેનું એ પરિણમન પૂર્વ—પૂર્વ ભાવના વિનાશપૂર્વક તથા ઉત્તર ઉત્તર ભાવના ઉત્પાદથી થતું રહે છે; તેથી દ્રવ્ય, કથંચિત્ નિત્ય—અનિત્યાત્મક કહેવામાં આવે છે.

જેમ કે જીવ, મનુષ્યથી દેવપર્યાયને પ્રાપ્ત કરતાં દ્રવ્યાર્થિકદૃષ્ટિએ તેની હરેક પર્યાયોમાં જીવત્વ સદૃશ (સમાન) રહેવા છતાં પણ પર્યાયાર્થિકનયથી હરેક પર્યાયોમાં (તેની એક—એક પર્યાયોમાં) તે કથંચિત્ ભિન્નતાને ધારણ કરે છે. એ જ પ્રમાણે પ્રતિસમય થવાવાળા ક્રમમાં પણ દ્રવ્યાર્થિકનયથી સદૃશતા રહેવા છતાં પણ પર્યાયાર્થિકનયથી કથંચિત્ વિસદૃશપણું (અન્યથાપણું) પણ જોવામાં આવે છે.

આ વિષયમાં બીજું દૃષ્ટાંત ગોરસનું પણ આપવામાં આવે છે. જેમ દૂધ, દહીં, મઠ્ઠો વગેરે દૂધની અવસ્થાઓમાં દ્રવ્યાર્થિકનયથી ગોરસપણાની સદૃશતા રહેવા છતાં પણ પર્યાયાર્થિકનયથી દૂધથી દહીં વગેરે અવસ્થાઓમાં કથંચિત્ વિસદૃશપણું પણ જોવામાં આવે છે. એ પ્રમાણે અનુમાનથી અથવા સ્વાનુભવપ્રત્યક્ષથી નિત્ય—અનિત્યતાની પ્રતીતિ થવાથી જોકે ક્રમમાં પણ કથંચિત્ સદૃશતા અને વિસદૃશતા બંને હોય છે, પરંતુ તેમ છતાં પણ કેવળ તેનો કાળ સૂક્ષ્મસમયવર્તી હોવાથી તે ક્રમ પ્રતિસમય લક્ષ્યમાં આવતો નથી, તેથી તેમાં અન્યથાત્વ ("આ તે નથી") અને તથાત્વ ("આ તે જ છે")ની વિવક્ષા જ કરી શકાતી નથી, એવું નથી.

એ પ્રમાણે પદ્ય નં. ૧૭૬ થી ૧૮૦ સુધી ક્રમમાં પણ તથાભાવ અને અન્યથાભાવની સિદ્ધિ કરીને હવે આગળ ગ્રંથકાર ઉત્પાદાદિત્રયના વિષયમાં શંકા-સમાધાનપૂર્વક વિચાર કરે છે. શંકા—

**ननु चैवं सत्यसदपि किंचिद्वा जायते सदिव यथा।**
**सदपि विनश्यत्यसदिव सदृशासदृशत्वदर्शनादितिचेत् ॥१८१॥**

**सदृशोत्पादो हि यथा स्यादुष्णः परिणमन् यथा वह्निः।**
**स्यादित्य सदृशजन्मा हरितात्पीतं यथा रसालफलम् ॥१८२॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એમ છે, કે-(एवं सति) એમ માનતાં તો (यथा) જેમ (सदिव) સત્‌ની માફક (किंचित्) કંઈક (असदपि) અસત્ પણ (जायते) ઉત્પન્ન થાય છે, (तथा) તેમ (असदिव) અસત્‌ની માફક (सदपि) સત્ પણ (विनश्यति) નાશ પામે છે, એમ સિદ્ધ થશે.

કારણ કે–(सदृशासदृशत्व दर्शनात्) અવસ્થાઓમાં સદૃશ અને વિસદૃશપણું જોવામાં આવે છે.

(यथा हि) જેમ કે–(सदृशोत्पादः) સદૃશઉત્પાદ એ છે કે–(यथा) જેમ–(परिणमन्) પરિણમન કરતી (वह्निः) અગ્નિ (उष्णः स्यात्) ઉષ્ણની ઉષ્ણ જ રહે છે તથા (यथा) જેમ (रसालफलं) આંબાનું ફળ (हरितात्) લીલાવર્ણથી (पीतंस्यात्) પીળાવર્ણરૂપ થઈ જાય છે, (इति) એ (असदृशजन्मा:) અસદૃશઉત્પાદ છે. (इतिचेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારની શંકા એમ છે, કે–જો દ્રવ્યમાં કથંચિત્ સદૃશભાવ વા અસદૃશભાવ પ્રતીત થાય છે, તો દ્રવ્યમાં પરિણમન કરતી અગ્નિની ઉષ્ણતાની માફક સદૃશતા તથા કાચી અવસ્થાથી પાકી અવસ્થામાં પરિણમન કરવાવાળા કેરીના ગુણરૂપની માફક અસદૃશતા હોવાથી, કોઈ કોઈ ઠેકાણે સત્‌ની માફક અસત્‌નો ઉત્પાદ તથા અસત્‌ની માફક સત્‌ના વિનાશનો પ્રસંગ આવશે. આનું સમાધાન—

**नैवं यतः स्वभावादसतो जन्म न सतो विनाशो वा।**
**उत्पादादि त्रयमपि भवति च भावेन भावतया॥१८३॥**

**અન્વયાર્થ**—(एवं न) ઉપરની શંકા કરવી ઠીક નથી, (यत:) કારણ કે–(स्वभावात्) સ્વભાવથી (असतः जन्म) અસત્‌ની ઉત્પત્તિ (वा) તથા (सतः विनाशः न) સત્‌નો વિનાશ થતો નથી, (च) પરંતુ (उत्पादादित्रयमपि) ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય એ ત્રણે (भावतया भावेन) ભવનશીલતારૂપ ભાવથી (भवति) થાય છે.

**ભાવાર્થ**—શંકાકારની ઉક્ત શંકા ઠીક નથી, કારણ કે–ન તો અસત્‌ની ઉત્પત્તિ થાય છે કે ન કદી સત્‌નો વિનાશ થાય છે, પરંતુ કેવળ ભવનશીલતારૂપ ભાવથી દ્રવ્યોનું નવીન-નવીન અવસ્થાઓથી પરિણમન થયા જ કરે છે. જૈન સિદ્ધાંતમાં પૂર્વપર્યાયના નિરન્વય અભાવનું નામ ઉત્પાદ માન્યું નથી, પરંતુ ભૂત્વાભવન અર્થાત્ "થઈને થવું" એનું નામ ઉત્પાદ માન્યું છે. તેથી દ્રવ્યમાં જે એક આકારથી અન્ય આકારાંતર થાય છે, તેમાં ન તો વાસ્તવમાં અસત્‌રૂપ અંશોનો ઉત્પાદ થાય છે, કે ન સત્‌રૂપ અંશનો વિનાશ થાય છે. એ જ વાતનો ગ્રંથકાર આગળના પદ્યથી ખુલાસો કરે છે—

**વિશેષાર્થ**—જે પદાર્થ છે જ નહિ તે તો ક્યાંયથી આવી શકતો નથી અને જે ઉપસ્થિત છે તે ક્યાંય જઈ શકતો નથી, તેથી ન તો નવીન પદાર્થની ઉત્પત્તિ થાય છે અને ન સત્ પદાર્થનો વિનાશ થાય છે, પરંતુ દરેક વસ્તુમાં સમયે સમયે ભાવથી ભાવાન્તર થયા કરે છે. ભાવથી ભાવાન્તર શું છે? એનો જ ખુલાસો નીચે કરવામાં આવે છે—

**अयमर्थः पूर्वं यो भावः सोप्युत्तरत्र भावश्च।**
**भूत्वाभवनं भावो नष्टोत्पन्नः न भाव इह कश्चित्॥१८४॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે–(पूर्वं यः भावः) પહેલાં જે ભાવ હતો (उत्तरत्र च) ઉત્તરકાળમાં પણ (सः अपि भावः) તે જ ભાવ છે, કારણ કે–(इह भूत्वाभवनं भावः) અહીં 'થઈને થવું' એ જ ભાવ છે, (नष्टोत्पन्नः) નાશ ઉત્પન્નને (कश्चित् भावः न) કોઈ ભાવ માનવામાં આવ્યો નથી.

**ભાવાર્થ**—સારાંશ આ છે, કે—પૂર્વપર્યાયમાં જે ભાવ હતો તે જ ભાવ ઉત્તરપર્યાયમાં છે. કારણ કે—જૈનદર્શનમાં પ્રત્યેક ભાવને ભૂત્વાભવનરૂપ માનવામાં આવ્યો છે, અર્થાત્ પર્યાયો એક ભાવરૂપ થઈને બીજા ભાવરૂપ થયા કરે છે, પરંતુ નાશ—ઉત્પન્નરૂપ કોઈ ભાવ માનવામાં આવ્યો નથી. તેનું દૃષ્ટાંત :—

**दृष्टान्तः परिणामी जलप्रवाहो य एव पूर्वस्मिन्।**
**उत्तरकालेऽपि तथा जलप्रवाहः स एव परिणामी॥१८५॥**

**અન્વયાર્થ**—(दृष्टान्तः) આ વિષયમાં એ દૃષ્ટાંત છે, કે–('यथा') જે પ્રમાણે (यः एव) જે (परिणामी) પરિણમનશીલ (जलप्रवाहः) જળનો પ્રવાહ (पूर्वस्मिन्) પૂર્વસમયમાં હતો, (तथा) તે જ પ્રકારે (सः एवः) તે જ (परिणामी) પરિણમનશીલ (जलप्रवाहः) જળનો પ્રવાહ (उत्तरकालेऽपि) ઉત્તરકાળમાં પણ રહે છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનું સાધક ઉદાહરણ આ છે, કે—જેમ પરિણમનશીલ જળનો પ્રવાહ જે પૂર્વસમયમાં હતો, તે જ પરિણમનશીલ જળનો પ્રવાહ ઉત્તરસમયમાં પણ રહે છે પણ પૂર્વસમયમાં નિરન્વય (અશેષ) નાશ થઈને ઉત્તરસમયમાં કાંઈ નવીન જળપ્રવાહ ઉત્પન્ન થતો નથી, પરંતુ જેમ એ જળપ્રવાહમાં કેવળ ભૂત્વાભવનરૂપ ભાવ જ થયા કરે છે પણ નષ્ટ—ઉત્પન્નરૂપ ભાવ થતો નથી, તે જ પ્રમાણે દ્રવ્યોમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય ભૂત્વાભવનરૂપથી થયા જ કરે છે પણ સર્વથા નષ્ટ ઉત્પન્નરૂપથી નહીં.

## વિસદૃશતાનું કારણ

**यत्तत्र विसदृशत्वं जातेरनतिक्रमात् क्रमादेव।**
**अवगाहनगुणयोगाद्देशांशानां सतामेव॥१८६॥**

**અન્વયાર્થ**—(तत्र) અને ત્યાં (यत्) જે (विसदृशत्वं) વિસદૃશપણું છે, (तत्) તે (सतां देशांशानां एव) સત્આત્મક દેશના અંશોના જ (अवगाहनगुणयोगात्) એક આકારથી આકારાન્તર થવારૂપ અવગાહનગુણના નિમિત્તથી (जातेः अनतिक्रमात्) પોતાની જાતિથી ઉલ્લંઘન નહિ કરવાવાળા (क्रमात् एव) ક્રમથી જ થાય છે.

**ભાવાર્થ**—અને જે એ પરિણામોમાં વિસદૃશતા થયા કરે છે, તે કેવળ સત્‌ના અંશો તદવસ્થ રહેવા છતાં પણ પોતપોતાની જાતિને ઉલ્લંઘન કર્યા સિવાય ક્રમપૂર્વક આકારથી

આકારાન્તર થવારૂપ, અવગાહનગુણના નિમિત્તથી થાય છે. અર્થાત્ જે દ્રવ્યના જેટલા પ્રદેશ છે તે બધા પ્રદેશો પોતપોતાના દ્રવ્યપણાને છોડ્યા સિવાય કેવળ ક્રમપૂર્વક આકારથી આકારાન્તર જ ધારણ કરે છે, અર્થાત્ સૂક્ષ્મ આકારથી કોઈ મોટા આકારરૂપ થતી વેળા કોઈ પ્રદેશ આવી મળતા નથી, અથવા મોટા આકારથી કોઈ નાના આકારરૂપ થતી વેળા કોઈ પ્રદેશ ઘટી જતા નથી, પરંતુ ક્ષેત્રરૂપ દેશાંશોના તદવસ્થ રહેવા છતાં પણ અગુરુલઘુગુણના નિમિત્તથી તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાળાનુસાર થવાવાળી અવગાહનાની જે વિચિત્રતા છે, તેને જ વિસદૃશતા કહેવામાં આવે છે, અહીં દૃષ્ટાંત :—

**दृष्टान्तो जीवस्य लोकासंख्यातमात्रदेशाः स्युः।**
**हानिर्वृद्धिस्तेषामवगाहनविशेषतो न तु द्रव्यात् ॥१८७॥**

**અન્વયાર્થ**—(दृष्टान्तः) આ વિષયમાં આ ઉદાહરણ છે, કે–(जीवस्य) એક જીવના (लोकासंख्यातमात्रदेशाः) કેવળ લોકની બરાબર અસંખ્યાત પ્રદેશ (स्युः) હોય છે. તથા (तेषां) તેની (हानिः वृद्धिः) હાનિ-વૃદ્ધિ (अवगाहनविशेषतः) અવગાહનની વિશેષતાથી થાય છે, (तु) પરંતુ (द्रव्यात् न) દ્રવ્યથી નહિ.

**ભાવાર્થ**—ઉપરના કથનનું સાધક દૃષ્ટાંત આ છે, કે–જેમ જોકે એક જીવના પ્રદેશ લોકાકાશની બરાબર હોય છે, પરંતુ કીડી વા હાથીના દેહમાં જતાં એ પ્રદેશોની ન્યૂનાધિકતા પ્રતીત થાય છે તે આકાશની અવગાહનની વિશેષતાથી થાય છે પણ દ્રવ્યદૃષ્ટિથી નહિ, કારણ કે દ્રવ્યદૃષ્ટિથી તો બંને અવસ્થાઓમાં પ્રદેશસંખ્યા બરાબર છે. બીજું દૃષ્ટાંત—

**यदि वा प्रदीपरोचिर्यथा प्रमाणादवस्थितं चापि।**
**अतिरिक्तं न्यूनं वा गृहभाजनविशेषतोऽवगाहाच्च ॥१८८॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા (यथा) જેમ (प्रदीपरोचिः) દીવાની શિખા (प्रमाणात्) જોકે પોતાના પ્રમાણથી (अवस्थितं च अपि) અવસ્થિત છે તોપણ (गृहभाजनविशेषतः अवगाहाच्च) ઘર, ભાજન વગેરે વિશેષોમાં પોતાની અવગાહનાથી જ તે (अतिरिक्तं) અધિક (वा) અથવા (न्यूनं) ન્યૂન (भवति) થાય છે–કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—જેમ દીવાની શિખા, શિખારૂપથી જેમની તેમ છે, પરંતુ જો તેને ઘડાની અંદર રાખવામાં આવે તો તેનો પ્રકાશ ઘડાની બરાબર થઈ જાય છે તથા જો તેને ઘડાની બહાર કાઢી કોઈ મોટા ગૃહમાં રાખવામાં આવે તો તેનો પ્રકાશ તે ગૃહની બરાબર થઈ જાય છે.

સારાંશ આ છે કે–જેમ દીવાની શિખા શિખારૂપથી તદવસ્થરૂપ રહેવા છતાં પણ આધારાનુસાર અવગાહનાભેદથી મોટી વા નાની કહેવામાં આવે છે, એ જ પ્રમાણે જીવ વા પુદ્‌ગલોમાં જે આકારથી આકારાન્તરરૂપ નાની-મોટી પર્યાયો થાય છે તે અવગાહનાની વિશેષતાથી થાય છે, દ્રવ્યની અપેક્ષાથી નહિ.

## અંશોની અવગાહનામાં જ્ઞાનનું દષ્ટાંત

**अंशानामवगाहे दृष्टांतः स्वांशसंस्थितं ज्ञानम्।**
**अतिरिक्तं न्यूनं वा ज्ञेयाकृति तन्मयान्न तु स्वांशैः ॥१८९॥**

**અન્વયાર્થ**—(अंशानां) અંશોના (अवगाहे) અવગાહમાં આ (दृष्टान्तः) દૃષ્ટાંત છે, કે–(स्वांशसंस्थितं) પોતાના અંશોમાં સ્થિત (ज्ञेयाकृति) જ્ઞેયાકારરૂપ (ज्ञानं) જ્ઞાન, (तन्मयात्) જ્ઞેયાકાર થવાના કારણથી (अतिरिक्तं) અધિક (वा) અથવા (न्यूनं) ન્યૂન કહેવાય છે, (तु) પરંતુ (स्वांशैः न) પોતાના અંશોથી ન્યૂનાધિક થતું નથી.

**ભાવાર્થ**—જેવી રીતે પહેલાં આકારથી આકારાંતર થવા છતાં પણ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યના પ્રદેશોમાં અંતર પડતું નથી એમ સિદ્ધ કર્યું, તે પ્રમાણે ગુણના અવિભાગપ્રતિચ્છેદરૂપ અંશોના અવગાહના વિષયમાં જ્ઞાનના દૃષ્ટાંત દ્વારા ખુલાસો કરે છે, કે—જ્ઞાન, જ્ઞેયાકાર થવાથી જ્ઞેય અનુસાર ન્યૂન વા અધિક જ્ઞેયરૂપ આકૃતિ ધારણ કરવાથી તરતમભાવથી તે ન્યૂનાધિક કહેવાય છે, પરંતુ વાસ્તવમાં ઓછા વા અધિક જ્ઞેયને જાણવાથી કાંઈ તેના મૂળભૂત અવિભાગ-પ્રતિચ્છેદ નષ્ટ વા ઉત્પન્ન થતા નથી, કારણ કે પોતાના અંશોથી તો એ જ્ઞાન દ્રવ્યદૃષ્ટિએ તદવસ્થ જ છે. હવે દૃષ્ટાંતપૂર્વક ઉપસંહાર કરે છે—

**तदिदं यथा हि संविद्घटं परिच्छिन्ददिहैव घटमात्रम्।**
**यदि वा सर्वं लोकं स्वयमवगच्छच्च लोकमात्रं स्यात् ॥१९०॥**

**न घटाकारेऽपि चितः शेषांशानां निरन्वयो नाशः।**
**लोकाकारेऽपि चितः नियतांशानां न चाऽसदुत्पत्तिः ॥१९१॥**

**किन्त्वस्ति च कोऽपि गुणोऽनिर्वचनीयः स्वतः सिद्धः।**
**नाम्ना चाऽगुरुलघुरिति गुरुलक्ष्यः स्वानुभूतिलक्ष्यो वा ॥१९२॥**

**અન્વયાર્થ**—(तदिदं) તે આ પ્રમાણે છે, કે–(यथा) જેમ (इहैव) આ લોકમાં (हि) નિશ્ચયથી (घटंपरिच्छिन्दत्) ઘટને જાણવાવાળું (संवित्) જ્ઞાન (घटमात्रं) કેવળ ઘટાકારમાત્ર કહેવામાં આવે છે (यदि वा) તથા (सर्वं लोकं स्वयं अवगच्छत्) સંપૂર્ણ લોકને સ્વયં જાણવાવાળું તે જ જ્ઞાન (लोकमात्रं च स्यात्) લોક બરાબર પણ કહેવામાં આવે છે.

(चितः) જ્ઞાન (घटाकारेऽपि) ઘટ ના આકાર બરાબર થવા છતાં પણ તેના (शेषांशानां) ઘટાકારથી અધિક બાકીના અંશોનો (निरन्वयः) નિરપેક્ષ નિરન્વય (नाशः न) નાશ થતો નથી (च)

અને (चितः) જ્ઞાનના (नियतांशानां) નિયત અંશો (लोकाकारे अपि) લોકાકાર બરાબર થવા છતાં પણ (असत् उत्पत्तिः न) અસત્‌ની ઉત્પત્તિ થતી નથી.

(किन्तु) પરંતુ (स्वतः सिद्धः) સ્વતઃસિદ્ધ (च) અને (गुरुलक्ष्यः) પ્રત્યક્ષદર્શિયોના લક્ષ્યમાં આવવા યોગ્ય અર્થાત્ ગુરુગમ્ય (वा) તથા (स्वानुभूतिलक्ष्यः) સ્વાનુભૂતિ દ્વારા જાણવા યોગ્ય (च) એવો (नाम्ना अगुरुलघु इति) અગુરુલઘુ નામનો (कोऽपि) કોઈ (अनिर्वचनीयः) વચનથી પણ અગોચર (गुणः अस्ति) ગુણ છે.

**ભાવાર્થ**—ઉપરના કથનનું સાધક દૃષ્ટાંત આ પ્રમાણે છે, કે—જેમ ઘટને વિષય કરનારું ઘટજ્ઞાન ઘટાકારમાત્ર કહેવાય છે તે જ પ્રમાણે સંપૂર્ણ લોકને વિષય કરનારું જ્ઞાન સર્વલોકજ્ઞાન કહેવાય છે. અર્થાત્ જે સમયે જ્ઞાન ઘટાકારમાત્ર છે તે સમયે ઘટને જાણવાની યોગ્યતાથી વિશેષ યોગ્યતાવાળા જ્ઞાનઅંશોનો કાંઈ નાશ થતો નથી અને લોકાકારમાત્ર જ્ઞાનની અવસ્થામાં કાંઈ નવીન અંશોની ઉત્પત્તિ થઈ જતી નથી, પરંતુ દ્રવ્યમાં ગુરુજ્ઞાનગમ્ય વા સ્વાનુભૂતિગમ્ય અગુરુલઘુ નામનો એક ગુણ છે, કે જેના નિમિત્તથી દ્રવ્યોના ગુણોમાં તરતમભાવરૂપથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળાનુસાર ગુણાંશોના તદવસ્થ રહેવા છતાં પણ ભૂત્વાભવનરૂપ પરિણમન થયા જ કરે છે.

એ પ્રમાણે પદ્ય નં. ૧૮૧ થી ૧૯૨ સુધી દ્રવ્ય અને ગુણોના ઉત્પાદાદિત્રયના વિષયમાં ઉહાપોહપૂર્વક વિચાર કરીને હવે આગળ 'જો ભૂત્વાભવન જ ભાવ છે અર્થાત્ કેવળ આકારથી આકારાન્તર જ થાય છે અન્ય કાંઈ થતું નથી, તો પછી ઉત્પાદાદિત્રય કેવી રીતે બની શકશે?' તેને શંકા—સમાધાનપૂર્વક સમજાવે છે, શંકા—

**ननु चैवं सत्यर्थादुत्पादादित्रयं न संभवति।**
**अपि नोपादानं किल कारणं न फलं तदनन्यात्॥१९३॥**

**अपि च गुणः स्वांशानामपकर्षे दुर्बलः कथं न स्यात्।**
**उत्कर्षे बलवानिति दोषोऽयं दुर्जयो महानिति चेत्॥१९४॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એમ છે, કે-(एवं सति) એ પ્રમાણે માનતાં (अर्थात्) પરમાર્થદૃષ્ટિથી (तदनन्यात्) ઘટાકાર અને લોકાકારરૂપ જ્ઞાન એક હોવાથી (उत्पादादित्रयं न सम्भवति) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બની શકશે નહિ (अपि) અને (न उपादानं कारणं) ન કોઈ કોઈનું ઉપાદાનકારણ તથા (न फलं किल) ન કોઈ કોઈનું કાર્ય પણ બની શકશે.

(अपि च) તથા (गुणः) ગુણ (स्वांशानां अपकर्षे) પોતાના અંશોથી કમ થતાં (दुर्बलः) દુર્બળ અને (उत्कर्षे) ઉત્કર્ષ થતાં (बलवान्) બળવાન (कथं न स्यात् ?) કેમ નહિ થાય? (इति) એ પ્રકારથી (अयं) આવો પણ (महान्) ઘણો ભારે અને (दुर्जयः) દુર્જય (दोषः स्यात्) દોષ આવશે, (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—જો અવગાહનગુણની વિચિત્રતાથી દ્રવ્યમાં કેવળ આકારથી આકારાન્તર જ થયા કરે છે તો દ્રવ્યની પૂર્વ—ઉત્તર અવસ્થાઓમાં અભેદતા હોવાના કારણથી તેમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય બની શકશે નહિ તથા કોઈ પણ પ્રકારનો કાર્ય-કારણ ભાવ જ સિદ્ધ થઈ શકશે નહિ. વળી જો ગુણાંશોના તદવસ્થ રહેવા છતાં પણ અગુરુલઘુગુણના નિમિત્તથી તેમાં ભૂત્વાભવનરૂપ પરિણમન થતું રહે છે તો આ આપત્તિ આવશે કે—ગુણ પોતાના અંશોથી કમ થતાં દુર્બળ અને પોતાના અંશોથી વધતાં બળવાન શું નહિ થાય? તેનું સમાધાન—

**तन्न यतः परिणामि द्रव्यं पूर्वं निरुपितं सम्यक्।**
**उत्पादादित्रयमपि सुघटं नित्येऽथ नाप्यनित्येर्थे॥१९५॥**

**અન્વયાર્થ**—(तन्न) એમ કહેવું ઠીક નથી, (यतः) કારણકે—(द्रव्यं) દ્રવ્યને (पूर्वं) પહેલાં (सम्यक्) સારી રીતે (परिणामि) પરિણમનશીલ (निरुपितं) નિરૂપણ કર્યું છે, તેથી તેમાં (उत्पादादित्रयं अपि) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે (सुघटं) સારી રીતે ઘટી શકે છે, (अपि) પરંતુ તેથી ઉલટો (नित्ये अथ अनित्ये अर्थे न) સર્વથા નિત્ય વા અનિત્ય અર્થ માનવાથી નહિ ઘટે.

**ભાવાર્થ**—શંકાકારનું ઉપર પ્રમાણે કહેવું ઠીક નથી, કારણ કે અમે પહેલાં જ સ્વતઃસિદ્ધ દ્રવ્યને સારી રીતે પરિણામી સિદ્ધ કર્યું છે અર્થાત્ દ્રવ્ય સ્વતઃસિદ્ધ હોવાથી કથંચિત્ નિત્યાત્મક અને પરિણમનશીલ હોવાથી કથંચિત્ અનિત્યાત્મક છે. તેથી કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક દ્રવ્યમાં જ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ઘટી શકે છે, પણ સર્વથા નિત્ય વા અનિત્યપદાર્થમાં નહિ.

સારાંશ એ છે, કે આકારથી આકારાન્તરરૂપ થવાથી ઉત્પાદ-વ્યયની અને વસ્તુતાએ તદવસ્થરૂપ હોવાથી ધ્રૌવ્યાંશની સિદ્ધિ થાય છે, તેથી ઉક્તપ્રકારથી દ્રવ્યને કથંચિત્ નિત્યાનિત્યાત્મક માનવાથી ઉત્પાદાદિત્રયની તથા કાર્ય—કારણ ભાવની સિદ્ધિ નહિ થાય, એવી શંકા નિરર્થક છે. અહીં દૃષ્ટાંત—

**जाम्बूनदे यथा सति जायन्ते कुण्डलादयो भावाः।**
**अथ सत्सु तेषु नियमादुत्पादादित्रयं भवत्येव॥१९६॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (जाम्बूनदे सति) સોનાના અસ્તિત્વમાં જ તેની (कुण्डलादयः भावाः) કુંડલાદિક અવસ્થાઓ (जायन्ते) ઉત્પન્ન થાય છે, (अथ) અને (तेषु सत्सु एव) એ કુંડલાદિક અવસ્થાઓ થવાથી જ (नियमात्) નિયમથી (उत्पादादि त्रयं) ઉત્પાદાદિક ત્રણે (भवति) સિદ્ધ થાય છે.

**ભાવાર્થ**—જેમ સુવર્ણના અસ્તિત્વમાં જ તેની કુંડલ-કંકણાદિ અવસ્થાઓ સિદ્ધ થાય છે, કારણ કે એ અવસ્થાઓના હોવાથી જ સુવર્ણમાં ઉત્પાદાદિક થાય છે, અર્થાત્ સુવર્ણનું

સુવર્ણપણું દ્રવ્યદૃષ્ટિએ તદવસ્થ રહેવા છતાં પર્યાયાર્થિકદૃષ્ટિએ કુંડલ–કંકણાદિકના જ ઉત્પાદાદિક થાય છે, પરંતુ જો વાસ્તવિક વિચાર કરવામાં આવે તો એ કુંડલાદિક અવસ્થાઓમાં માત્ર આકારથી આકારાંતર જ છે પણ અસત્‌ની ઉત્પત્તિ કે સત્‌નો વિનાશ નથી. એટલે શંકાકારનું ''કથંચિત્ નિત્યાનિત્યાત્મક પદાર્થમાં ઉત્પાદાદિક નહિ બને'' એ કહેવું યુક્તિસંગત નથી. વળી કાર્ય–કારણભાવ પણ નીચે પ્રમાણે સિદ્ધ થાય છે—

**अनया प्रक्रियया किल बोद्धव्यं कारणं फलं चैव।**
**यस्मादेवास्य सतस्तद्द्वयमपि भवत्येतत्[1] ॥१९७॥**

**અન્વયાર્થ**—(अनया प्रक्रियया एव) એ પ્રક્રિયા અર્થાત્ શૈલીથી જ (किल) નિશ્ચયથી (कारणं) કારણ (च) અને (फलं) કાર્યની સિદ્ધિ પણ (बोद्धव्यं) સમજી લેવી જોઈએ, (यस्मात्) કારણ કે (अस्यः सतः एव) એ સત્‌ના જ (एतत्) સત્ અર્થાત્ ધ્રૌવ્ય (अपि) તથા (तत् द्वयं) ઉત્પાદ અને વ્યય એ બંને (भवति) થાય છે.

**ભાવાર્થ**—જેવી રીતે કથંચિત્ નિત્ય–અનિત્યાત્મક પદાર્થોમાં જ ઉત્પાદાદિકત્રય થાય છે પણ સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય પદાર્થોમાં થઈ શકતા નથી, એમ સિદ્ધ કર્યું. તેવી રીતે જ પદાર્થોને નિત્ય–અનિત્યાત્મક માનવાથી જ કાર્ય–કારણભાવ પણ સિદ્ધ થઈ શકે છે, પરંતુ સર્વથા નિત્ય વા અનિત્ય પદાર્થોમાં નહિ. કારણ કે—સર્વથા નિત્યપક્ષમાં પરિણામ વિના કાર્ય–કારણભાવ બની શકતો નથી તથા સર્વથા અનિત્યપક્ષમાં પદાર્થો માત્ર ક્ષણવર્તી ઠરવાથી અને તેનો પ્રતિસમય નિરન્વયનાશ માનવાથી ''નિત્ય શક્તિપિંડરૂપ સત્ (દ્રવ્ય) કારણ છે તથા અનિત્ય પરિણામરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તેનાં કાર્ય છે'' એવો કાર્ય–કારણભાવ બની જ શકતો નથી, તેથી કથંચિત્ નિત્ય–અનિત્યાત્મક પદાર્થોમાં જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને કાર્ય–કારણભાવ સારી રીતે સિદ્ધ થાય છે. કારણ કે નિત્ય–અનિત્યાત્મક પદાર્થોમાં જ સત્‌ના ઉત્પાદાદિક માનવામાં આવ્યા છે પણ નિરન્વયનાશરૂપ વા કૂટસ્થનિત્યમાં નહિ, કારણ કે—

**आस्तामसदुत्पादः सतो विनाशस्तदन्वयादेशात्।**
**स्थूलत्वं च कृशत्वं न गुणस्य च निजप्रमाणत्वात् ॥१९८॥**

**અન્વયાર્થ**—(असदुत्पादः) અસત્‌નો ઉત્પાદ (च) અને (सतः विनाशः) સત્‌નો વિનાશ તો (आस्तां) દૂર રહો! પરંતુ (तदन्वयादेशात्) દ્રવ્યાર્થિકદૃષ્ટિથી (गुणस्य) ગુણના (निज प्रमाणत्वात्) નિજપ્રમાણમાત્રરૂપ હોવાથી તેમાં (स्थूलत्वं) સ્થૂળપણું (च) તથા (कृषत्वं) કૃષપણું પણ (न) હોતું નથી.

**ભાવાર્થ**—અસત્‌ના ઉત્પાદ તથા સત્‌ના વિનાશની તો વાત જ શું કહેવી! પરંતુ જૈન

૧. ''एतत् तद्वयं'' તેને કાર્ય–કારણભાવ થાય છે', એવો પણ અર્થ થઈ શકે છે.

સિદ્ધાંતમાં દ્રવ્યદ્રષ્ટિથી ગુણ તદવસ્થ રહે છે, તેથી તેમાં કોઈ પ્રકારની ન્યૂનાધિકતા પણ પ્રતીત થતી નથી. કારણ કે કેવળ પર્યાયાર્થિકનયની વિવક્ષાથી જ ગુણોમાં તરતમભાવ માનવામાં આવ્યો છે, એટલા માટે શંકાકારની નં. ૧૮૧મા પદ્યાનુસાર સત્‌ની માફક અસત્‌ના ઉત્પાદ તથા અસત્‌ની માફક સત્‌ના વિનાશની સંભાવના છે, એ શંકા ઠીક નથી.

**વિશેષાર્થ**—ઉપર બે પ્રકારની શંકા કરવામાં આવી હતી. તે બન્નેનોય ઉત્તર અપાઈ ગયો. સમાન અવિભાગ પ્રતિચ્છેદ હોવા છતાં પણ જ્ઞાન કોઈ વાર ઘટાકાર થાય છે, કોઈ વાર લોકાકાર થાય છે. ત્યાં તો કેવળ પરિણમનમાં આકાર ભેદ છે, પરંતુ જ્યાં જ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદોમાં ન્યૂનતા અથવા વૃદ્ધિ થાય છે, ત્યાં પણ જ્ઞાનના અંશોનો નાશ અથવા નવીન ઉત્પત્તિ થતી નથી, પરંતુ જ્ઞાનાવરણ કર્મના નિમિત્તે જ્ઞાનના અંશોમાં વ્યક્તતા અને અવ્યક્તતા થયા કરે છે. અધિક અંશ દબાઈ જવાથી તે જ જ્ઞાન દુર્બળ કહેવાય છે અને અધિક અંશ પ્રગટ થઈ જવાથી તે જ જ્ઞાન સબળ કહેવાય છે. એ સિવાય જ્ઞાનમાં બીજા કોઈ પ્રકારની સબળતા કે નિર્બળતા આવતી નથી.

## ઉપસંહાર

इति पर्यायाणामिह लक्षणमुक्तं यथास्थितं चाथ।
उत्पादादित्रयमपि प्रत्येकं लक्ष्यते यथाशक्ति॥१९९॥

**અન્વયાર્થ**—(इति) એ પ્રમાણે (इह) અહીં (पर्यायाणां) પર્યાયોનું (यथास्थितं) યથાયોગ્ય (लक्षणं) લક્ષણ (उक्तं) કહ્યું, (अथ च) હવે (उत्पादादित्रयं अपि) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે (प्रत्येकं) ભિન્ન-ભિન્ન કરીને (यथाशक्ति) પોતાની શક્તિ અનુસાર (लक्ष्यते) લક્ષિત કરવામાં આવે છે.

**ભાવાર્થ**—ઉપર પ્રમાણે યથાયોગ્ય પર્યાયોનું લક્ષણ કહીને હવે ગ્રંથકાર ઉત્પાદાદિ ત્રણેમાંથી પ્રત્યેકના લક્ષણને નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરે છે—

## ઉત્પાદાદિક શેમાં થાય છે?

उत्पादस्थितिभंगाः पर्यायाणां भवन्ति किल न सतः।
ते पर्यायाः द्रव्यं तस्माद्द्रव्यं हि तत्त्रितयम्॥२००॥

**અન્વયાર્થ**—(किल) નિશ્ચયથી (उत्पादस्थितिभंगाः) ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય એ ત્રણે (पर्यायाणां) પર્યાયોના (भवन्ति) થાય છે, પણ (सतः न) સત્‌ના થતા નથી, પરંતુ (हि) જે કારણથી (ते) એ (पर्यायाः द्रव्यं) ઉત્પાદાદિરૂપ પર્યાયો જ દ્રવ્ય છે, (तस्मात्) તેથી (द्रव्यं) દ્રવ્ય (तत्त्रितयं) એ ઉત્પાદાદિત્રયવાળું કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે પર્યાયોમાં થાય છે પણ દ્રવ્યમાં નહિ, પરંતુ પર્યાયો દ્રવ્યથી કથંચિત્ અભિન્ન છે, તેથી એ અપેક્ષાએ એ ઉત્પાદાદિક દ્રવ્યના પણ કહેવામાં આવે છે.

## ઉત્પાદનું સ્વરૂપ અને તે કોનો થાય છે?

**तत्रोत्पादोऽवस्था प्रत्यग्रं परिणतस्य तस्य सतः।**
**सदसद्भावनिबद्धं तदतद्भावत्ववन्नयादेशात् ॥२०१॥**

**અન્વયાર્થ**—(तदतद्भावत्ववन्नयादेशात्) તદ્ભાવ અને અતદ્ભાવને વિષય કરવાવાળા નયની અપેક્ષાએ સત્ (सद सद्भावनिबद्धं) સદ્ભાવ અને અસદ્ભાવથી યુક્ત છે, તેથી (तत्र प्रत्यग्रं परिणतस्य) એ ઉત્પાદાદિકમાં નવીનરૂપથી પરિણત (तस्य सतः) એ સત્‌ની (अवस्था) અવસ્થાનું નામ જ (उत्पादः) ઉત્પાદ છે.

**ભાવાર્થ**—જે પ્રમાણે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ દ્રવ્ય તદ્ભાવયુક્ત તથા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ કથંચિત્ ભિન્ન થઈને અતદ્ભાવયુક્ત કહેવામાં આવે છે તે પ્રમાણે તે દ્રવ્ય, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સદ્ભાવયુક્ત તથા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અસદ્ભાવયુક્ત પણ કહેવામાં આવે છે. અર્થાત્ દ્રવ્ય, કથંચિત્ તદ્રૂપ તથા અતદ્રૂપની માફક સદ્રૂપ અને અસદ્રૂપ પણ છે, તેથી તેની પ્રતિસમય ઉત્તરોત્તર થવાવાળી નવીન નવીન અવસ્થાઓને જ ઉત્પાદ કહેવામાં આવે છે.

## વ્યયનું સ્વરૂપ અને તે કોનો થાય છે?

**अपि च व्ययोपि न सतो व्ययोप्यवस्थाव्ययः सतस्तस्य।**
**प्रध्वंसाभावः स च परिणामित्वात्सतोप्यवश्यं स्यात् ॥२०२॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (व्ययः अपि) વ્યય પણ (सतः न) સત્‌નો થતો નથી, (अपि) પરંતુ (तस्य सतः) એ સત્‌ની (अवस्थाव्ययः) અવસ્થાનો નાશ (व्ययः) વ્યય કહેવાય છે, (च) તથા (प्रध्वंसाभावः) પ્રધ્વંસાભાવરૂપ (सः) તે વ્યય (परिणामित्वात्) સત્, પરિણામી હોવાથી (सतः अपि) સત્‌નો પણ (अवश्यं स्यात्) અવશ્ય કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—ઉત્પાદની માફક વ્યય પણ પર્યાયનો થાય છે, સત્‌નો નહિ. કારણ કે—વ્યય, નિરન્વયનાશને નથી કહેતા, પરંતુ પદાર્થની પ્રધ્વંસાભાવરૂપ[1] અવસ્થાનું નામ જ વ્યય છે. સત્‌ને

---

૧. નૈયાયિકોએ જે પ્રમાણે તુચ્છાભાવને સ્વતંત્ર પદાર્થ માન્યો છે તે પ્રમાણે જૈનસિદ્ધાંત અભાવને સ્વતંત્ર તુચ્છરૂપ માનતો નથી. જૈનદર્શનમાં તો વર્તમાન સમય સંબંધી પર્યાયનો વર્તમાન સમયથી પહેલાંના અભાવને પ્રાગભાવ કહેવામાં આવે છે, જેમ ઘટની ઉત્પત્તિ પહેલાં ઘટનો પ્રાગભાવ છે. વર્તમાન સમય પછીના અભાવને પ્રધ્વંસાભાવ કહેવામાં આવે છે, જેમ ઘટપર્યાયના વર્તમાન સમય પછી તેનો જે અભાવ છે તેને પ્રધ્વંસાભાવ કહે છે. દ્રવ્યની એક પર્યાયનો સજાતીય અન્ય પર્યાયમાં જે અભાવ છે તેને અન્યોન્યાભાવ કહેવામાં આવે છે, જેમ ઘટનો કપાલાદિ પર્યાયોમાં જે અભાવ છે તે અન્યોન્યાભાવ છે. તથા તેથી વિજાતીય પર્યાયોમાંના અભાવને અત્યંતાભાવ કહેવામાં આવે છે. જેમ ઘટનો જીવમાં જે અભાવ છે તેને અત્યંતાભાવ કહે છે.

પરિણામી માન્યું છે અને તે સત્, ઉત્પાદાદિરૂપ પરિણામથી ભિન્ન નથી, માત્ર એ જ અપેક્ષાથી વ્યય, સત્‌નો કહેવામાં આવે છે.. વાસ્તવમાં વ્યય, પર્યાયનો જ થાય છે પણ સત્‌નો નહિ.

## ધ્રૌવ્યનું સ્વરૂપ અને તે કોનો થાય છે?

ध्रौव्यं सतः कथंचित् पर्यायार्थाच्च केवलं न सतः।
उत्पादव्ययवदिदं तच्चैकांशं न सर्वदेशं स्यात्॥२०३॥

**અન્વયાર્થ**—(पर्यायार्थात्) પર્યાયાર્થિકનયથી (ध्रौव्यं च) ધ્રૌવ્ય પણ (कथंचित्) કથંચિત્ (सतः) સત્‌નો હોય છે (केवलं) કેવળ (सतः न) સત્‌નો નહિ, (तत्) એટલા માટે (उत्पादव्ययवत्) ઉત્પાદ–વ્યયની માફક (इदं च) તે ધ્રૌવ્ય પણ (एकांशं) સત્‌નો એક અંશ (स्यात्) છે (सर्वदेशं न) પણ સર્વદેશ નથી.

**ભાવાર્થ**—ઉત્પાદ–વ્યયની માફક ધ્રૌવ્ય પણ પર્યાયાર્થિકનયથી પર્યાયનો થાય છે અને પર્યાય તથા સત્‌માં કથંચિત્ અભેદતા છે, તેથી તે ધ્રૌવ્યને પણ કથંચિત્ સત્‌નો માનવામાં આવ્યો છે, કેવળ સત્‌નો નહિ. કારણ કે—ઉત્પાદવ્યયની માફક ધ્રૌવ્ય પણ એક અંશ છે, તેથી તે પણ ઉત્પાદવ્યયની માફક દ્રવ્યનો એકદેશ જ છે પણ સર્વદેશ નથી. તેનું સ્પષ્ટીકરણ—

तद्भावाव्ययमिति वा ध्रौव्यं तत्रापि सम्यगयमर्थः।
यः पूर्वं परिणामो भवति स पश्चात् स एव परिणामः॥२०४॥

**અન્વયાર્થ**—(वा) અથવા (तद्भावाव्ययं) 'તદ્‌ભાવથી નાશ ન થવો' (इति) એવું જે (ध्रौव्यं) ધ્રૌવ્યનું લક્ષણ દર્શાવ્યું છે (तत्रापि) ત્યાં પણ અર્થાત્ તેનો પણ (अयं) આ (सम्यक्) વાસ્તવિક (अर्थः) અર્થ એ છે, કે–(यः) જે (परिणामः) પરિણામ (पूर्वं) પહેલાં હતા (सः सः) તે તે (परिणामः एव) પરિણામ જ (पश्चात् भवति) પાછળ થતા રહે છે.

**ભાવાર્થ**—સૂત્રકારે જે ધ્રૌવ્યનો અર્થ તદ્‌ભાવાવ્યય અર્થાત્ તદ્‌ભાવથી નાશ ન થવો માન્યો છે તેનો પણ વાચ્યાર્થ એ છે, કે—જેવા પરિણામ પહેલાં હતા તેવા જ (પોતાની મૂળ જાતિને ન છોડતાં) જે સદ્દશપરિણામ ઉત્તર–ઉત્તર સમયમાં થયા કરે છે તેને ધ્રૌવ્ય કહેવામાં આવે છે, તેથી એ ધ્રૌવ્ય પણ ઉત્પાદની માફક સત્‌નો એક અંશ જ છે. અહીં દૃષ્ટાંત—

पुष्पस्य यथा गन्धः परिणामः परिणमश्च गन्धगुणः।
नापरिणामी गन्धो न च निर्गन्धाद्धि गन्धवत्पुष्पम्॥२०५॥

**અન્વયાર્થ**—(यथा) જેમ (पुष्पस्य) પુષ્પનો (गंधः परिणामः) ગંધ એ પરિણામ છે (च)

તથા એ (गन्धगुण:) ગંધગુણ (परिणमन्) પરિણમન કરી રહ્યો છે, તેથી (गन्धः) ગન્ધ (अपरिणामि न) અપરિણામી નથી (च) તથા (हि) નિશ્ચયથી (निर्गन्धात्) નિર્ગન્ધ અવસ્થાથી (पुष्पं गन्धवत् न) પુષ્પ ગંધવાન થયું છે, એમ પણ નથી.

ભાવાર્થ—ઉપરના કથનનું સાધક દૃષ્ટાંત આ છે, કે—જેમ ગંધ એ પુષ્પનો એક પરિણામ છે અને તે પુષ્પના ગંધ નામના ગુણનું પરિણમન છે. જોકે એ ગુણ પ્રતિસમય પરિણમન કરતો રહે છે, તોપણ ગંધપણાની અપેક્ષાએ સાદૃશ્યપ્રત્યભિજ્ઞાનથી તે નિત્ય છે. અર્થાત્ ગન્ધરૂપ ભાવથી તેનો નાશ થતો નથી, તેથી એ સદૃશપરિણમનને 'ધ્રૌવ્ય' પદથી વિવક્ષિત કરવામાં આવે છે. તથા એમ પણ કહી શકાય નહિ, કે—પુષ્પ પહેલાં ગંધ રહિત હતું અને પાછળથી ગંધસહિત થયું હોય. તેથી પ્રતિસમય પરિણમનશીલ સદૃશપરિણમનનું નામ જ ધ્રૌવ્ય છે.

## નિત્ય-અનિત્યરૂપ વ્યવહારનું કારણ

**तत्रानित्यनिदानं ध्वंसोत्पादद्वयं सततस्तस्य।**
**नित्यनिदानं ध्रुवमिति तत्त्रयमप्यंशभेदः स्यात् ॥२०६॥**

**અન્વયાર્થ**—(तत्र) અહીં (तस्य सतः अनित्यनिदानं) એ સત્‌ની અનિત્યતાનું મૂળ કારણ (ध्वंसोत्पादद्वयं) વ્યય અને ઉત્પાદ છે તથા (नित्यनिदानं) નિત્યતાનું મૂળ કારણ (ध्रुवं) ધ્રૌવ્ય છે. (इति) એ પ્રમાણે (तत्त्रयं अपि) એ ત્રણે જ (अंशभेदः स्यात्) સત્‌ના અંશાત્મક ભેદ છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય એ ત્રણે અંશ છે અને એ ત્રણે અંશોમાંથી વ્યય અને ઉત્પાદ એ બંને અંશ દ્રવ્યને કથંચિત્ અનિત્ય કહેવામાં કારણ છે તથા ધ્રૌવ્યઅંશ, દ્રવ્યને કથંચિત્ નિત્ય કહેવામાં કારણ છે. એ પ્રમાણે ઉત્પાદાદિક ત્રણે દ્રવ્યના જ અંશાત્મક ભેદો છે, પરંતુ આમ આશંકા ન કરવી કે—

**न च सर्वथा हि नित्यं किंचित्सत्त्वं गुणो न कश्चिदिति।**
**तस्मादतिरिक्तौ द्वौ परिणतिमात्रौ व्ययोत्पादौ ॥२०७॥**

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (सर्वथा नित्यं) સર્વથા નિત્ય (किंचित्सत्त्वं) કોઈ સત્ છે (कश्चित् गुणः न) ગુણ કોઈ છે જ નહિ તથા (परिणतिमात्रौ) કેવળ પરિણતિરૂપ (व्ययोत्पादौ:) વ્યય તથા ઉત્પાદ એ બંને (तस्मादतिरिक्तौ) એ સત્‌થી અતિરિક્ત એટલે ભિન્ન છે, (इति न च) એવી આશંકા પણ ન કરવી જોઈએ, કારણ કે—

**ભાવાર્થ**—અહીં કોઈ એવી પણ આશંકા ન કરો કે દ્રવ્ય, ગુણ અને પર્યાયોમાં ગુણ કોઈ વસ્તુ જ નથી, તથા દ્રવ્ય સર્વથા નિત્ય છે અને પર્યાયાત્મક વ્યય તથા ઉત્પાદ કેવળ

પરિણતિરૂપ છે તથા દ્રવ્યથી સર્વથા ભિન્ન છે, કારણ કે એવી આશંકા કરવાથી નીચે પ્રમાણે ત્રણ દોષ આવશે–

### પહેલો દોષ

**सर्वं विप्रतिपन्नं भवति तथा सति गुणो न परिणामः।**
**नापि द्रव्यं न सदिति पृथक्त्वदेशानुषंगत्वात् ॥२०८॥**

**અન્વયાર્થ**—(तथा सति) એમ થતાં (पृथक्त्व देशानुषंगत्वात्) સત્‌ને ભિન્નતાયુક્ત દેશનો પ્રસંગ આવવાથી (सदिति) સત્‌ એ (न गुणः) ન ગુણ (न परिणामः) ન પરિણામ અર્થાત્ પર્યાય (अपि) અને (न द्रव्यं) ન દ્રવ્યરૂપ સિદ્ધ થઈ શકશે, પરંતુ (सर्वं विप्रतिपन्नं भवति) સર્વ વિવાદગ્રસ્ત થઈ જશે.

**ભાવાર્થ**—ગુણોને ન માનતાં દ્રવ્યને સર્વથા નિત્ય તથા ઉત્પાદવ્યયને દ્રવ્યથી ભિન્ન કેવળ પરિણતિરૂપ માનવાથી દ્રવ્ય તથા પર્યાયોને ભિન્ન-ભિન્ન પ્રદેશીપણાનો પ્રસંગ આવશે તથા સત્, દ્રવ્ય-ગુણ વા પર્યાયોમાંથી કોઈ પણ રૂપે સિદ્ધ થઈ શકશે નહિ અને તેથી સત્, દ્રવ્ય -ગુણ-પર્યાયાત્મક ન હોવાથી એ સત્‌નું પણ શું સ્વરૂપ છે? તે પણ નિશ્ચિત થઈ શકશે નહિ, તેથી દ્રવ્ય-ગુણ-પર્યાય અને સત્ પોતે એ બધાંય વિવાદગ્રસ્ત થઈ જશે.

### બીજો દોષ

**अपि चैतद्दूषणमिह यन्नित्यं तद्धि नित्यमेव तथा।**
**यदनित्यं तदनित्यं नैकस्यानेकधर्मत्वम् ॥२०९॥**

**અન્વયાર્થ**—(च) તથા (इह) અહીં (एतत् अपि दूषणं) બીજો આ પણ દોષ આવશે, કે– (यत् नित्यं) જે નિત્ય છે (तत्) તે (हि) નિશ્ચયથી (नित्यं एव) નિત્યરૂપ જ રહેશે (तथा) તથા (यत् अनित्यं) જે અનિત્ય છે (तत् अनित्यं) તે અનિત્યરૂપ જ રહેશે. એ પ્રમાણે (एकस्य अनेक धर्मत्वं न) કોઈપણ વસ્તુમાં અનેકધર્મત્વ સિદ્ધ થઈ શકશે નહિ. અર્થાત્ વસ્તુ અનેકધર્માત્મક સિદ્ધ થશે નહિ.

**ભાવાર્થ**—તથા બીજો દોષ એ આવશે, કે–જે નિત્ય છે તે નિત્ય જ રહેશે તથા જે અનિત્ય છે તે અનિત્ય જ રહેશે. માટે નિત્યાનિત્યાત્મક પદાર્થને નહિ માનવાથી કોઈપણ વસ્તુ અનેકધર્માત્મક સિદ્ધ થશે નહિ.

**વિશેષાર્થ**—દ્રવ્યને અનેક ધર્માત્મક માનવાથી તો કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્યની વ્યવસ્થા બની જાય છે અને સર્વથા ભિન્નતામાં વસ્તુને એક ધર્માત્મક સ્વીકારવાથી બધી વ્યવસ્થા ભાંગી પડે છે.

## ત્રીજો દોષ

**अपि चैकमिदं द्रव्यं गुणोयमेवेति पर्ययोऽयं स्यात्।**
**इति काल्पनिको भेदो न स्याद्द्रव्यान्तरत्ववन्नियमात्॥२१०॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (इदं एकं द्रव्यं) આ એક દ્રવ્ય છે. (अयं गुणः इति) આ ગુણ છે અને (अयं पर्ययः एव स्यात्) આ પર્યાય છે. (इति) એ પ્રકારનો (काल्पनिकः भेदः) જે કાલ્પનિક ભેદ થાય છે તે પણ (नियमात्) નિયમથી (द्रव्यान्तरत्ववत्) ભિન્ન દ્રવ્યની માફક (न स्यात्) બનશે નહિ.

**ભાવાર્થ**—અને ત્રીજો દોષ એ આવશે, કે—જે પ્રમાણે જુદાં જુદાં દ્રવ્યોમાં પરસ્પર સ્વતંત્રતા હોવાના કારણથી 'આ ગુણ અમુક દ્રવ્યનો છે' એ પ્રકારનો વ્યવહાર જેમ થઈ શકતો નથી, તેમ દ્રવ્ય તથા પર્યાયો સર્વથા ભિન્ન હોવાથી 'આ ગુણ વા પર્યાય અમુક દ્રવ્યની છે' એવો વ્યવહાર પણ થઈ શકશે નહિ. અર્થાત્ 'ચેતનાદિક જીવના ગુણ છે, રૂપાદિક પુદ્‌ગલના ગુણ છે, સ્કંધાદિક પુદ્‌ગલની પર્યાયો છે તથા નર—નારકાદિ જીવની પર્યાયો છે' એવા પ્રકારનો પ્રતીતિમાન કાલ્પનિક ભેદ કહી શકાશે નહિ. એ પ્રમાણે નં. ૨૦૭મા પદ્યની આશંકામાં ત્રણ દોષ દર્શાવીને હવે આગળ વસ્તુ વા ગુણોને નિત્ય તથા પર્યાયોને અનિત્ય માનવાની શંકા ઉઠાવીને તે ઉપર વિચાર કરવામાં આવે છે. શંકા—

**ननु भवतु वस्तु नित्यं गुणाश्च नित्या भवन्तु वार्धिरिव।**
**भावाः कल्लोलादिवदुत्पन्नध्वंसिनो भवन्त्विति चेत्॥२११॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે–(वार्धिः इव) સમુદ્રની માફક (वस्तु नित्यं भवतु) વસ્તુને નિત્ય માનવામાં આવે (च) તથા (गुणाः नित्याः भवन्तु) ગુણ પણ નિત્ય માનવામાં આવે અને (भावाः) પર્યાયો (कल्लोलादिवत्) કલ્લોલાદિની માફક (उत्पन्नध्वंसिनः) ઉત્પન્ન વા નાશ થવાવાળી માનવામાં આવે. (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—પહેલાં ગુણોને ન માનતાં દ્રવ્યને નિત્ય તથા પર્યાયોને પરિણતિમાત્ર માનવાવાળાની આશંકામાં ત્રણ દોષ બતાવી ગ્રંથકારે એ આશંકાનું નિરાકરણ કર્યું. હવે સમુદ્રાદિકના દૃષ્ટાંતથી ઉત્પન્ન થવાવાળી ઉક્ત શંકાની પુષ્ટિનું નિરાકરણ કરે છે. શંકાનું રૂપ એવું છે કે—સમુદ્રની માફક ગુણ અને વસ્તુને નિત્ય માનવામાં આવે તથા સમુદ્રમાં નષ્ટ—ઉત્પન્ન થવાવાળી તરંગોની માફક વસ્તુમાં નષ્ટ—ઉત્પન્ન થવાવાળા ઉત્પાદ-વ્યયને માનવામાં આવે અર્થાત્ પદાર્થને કથંચિત્ નિત્યાનિત્યાત્મક ન માનતાં આ પ્રમાણે નિત્યાનિત્યાત્મક માનવામાં આવે તો શું હાનિ છે? તેનું સમાધાન :—

**तन्न यतो दृष्टान्तः प्रकृतार्थस्यैव बाधको भवति।**
**अपि तदनुक्तस्यास्य प्रकृतविपक्षस्य साधकत्वाच्च॥२१२॥**

**અન્વયાર્થ**—(तन्न) એમ કહેવું એ ઠીક નથી, (यतः) કારણ કે (दृष्टान्तः) સમુદ્ર અને લહેરોનું દ્રષ્ટાંત (प्रकृतार्थस्य एव) શંકાકારના પ્રકૃત–ઉપરોક્ત અર્થનું જ (बाधकः भवति) બાધક છે (अपि च) તથા (तदनुक्तस्य) શંકાકાર દ્વારા નહિ કહેલા (प्रकृत विपक्षस्य अस्य) પ્રકૃત અર્થના વિપક્ષભૂત આ વક્ષ્યમાણ (કથન કરાતાં) કથંચિત્ નિત્ય–અનિત્યાત્મક અભેદ અર્થનું (साधकत्वात्) સાધક છે.

**ભાવાર્થ**—શંકાકારના કથનાનુસાર ગુણોને અને વસ્તુને સર્વથા નિત્ય તથા ઉત્પાદ -વ્યયને સર્વથા અનિત્ય માનવા ઠીક નથી, કારણ કે—એ સિદ્ધાંતને સિદ્ધ કરવા માટે જે સમુદ્ર અને કલ્લોલોનું દ્રષ્ટાંત આપ્યું તે શંકાકારના ઉપર કહેલા પક્ષનું સાધક ન થતાં વિના કહ્યે જ ઉપરોક્ત પક્ષના વિપક્ષનું એટલે જૈનસિદ્ધાંતાનુસાર માનેલા કથંચિત્ અભેદાત્મકપક્ષનું સાધક છે. આગળ એ જ અર્થનો ખુલાસો કરે છે—

**अर्थान्तरं हि न सतः परिणामेभ्यो गुणस्य कस्यापि।**
**एकत्वाज्जलधेरिव कलितस्य तरंगमालाभ्यः॥२१३॥**

**અન્વયાર્થ**—(तरंगमालाभ्यः) તરંગમાળાઓથી (कलितस्य जलधेरिव) વ્યાપ્ત સમુદ્રની માફક (हि) નિશ્ચયથી (कस्यापि गुणस्य परिणामेभ्यः) કોઈ પણ ગુણના પરિણામોથી અર્થાત્ પર્યાયોથી (सतः एकत्वात्) સત્‌ની અભિન્નતા હોવાથી (अर्थान्तरं न) તે સત્‌નો પોતાના પરિણામોથી કાંઈ પણ ભેદ નથી.

**ભાવાર્થ**—કારણ કે—જેવી રીતે તરંગોના સમૂહોને છોડતાં સમુદ્ર કોઈ ભિન્ન વસ્તુ સિદ્ધ થઈ શકતો નથી, તેવી રીતે પોતાના ત્રિકાલવર્તી પરિણામોને છોડતાં ગુણ તથા દ્રવ્ય પણ કોઈ ભિન્ન વસ્તુ સિદ્ધ થઈ શકતા નથી.

**किन्तु य एव समुद्रस्तरंगमाला भवन्ति ता एव।**
**यस्मात्स्वयं स जलधिस्तरंगरुपेण परिणमति॥२१४॥**

**અન્વયાર્થ**—(किन्तु) પરંતુ (य एव) જે (समुद्रः) સમુદ્ર છે, (ता एव) તે જ (तरंगमालाः) તરંગમાળાઓ (भवंति) થાય છે. (यस्मात्) કારણ કે (स जलधि) તે સમુદ્ર (स्वयं) પોતે જ (तरंगरुपेण परिणमति) તરંગરૂપથી પરિણમન કરે છે.

**ભાવાર્થ**—જેમ તરંગમાળાઓની સાથે સમુદ્રની અભેદતા છે, તેમ સમુદ્રને છોડી

તેનાથી સર્વથા ભિન્ન તરંગમાળાઓ સિદ્ધ થઈ શકતી નથી, કારણ કે સમુદ્ર પોતે જ તરંગરૂપથી પરિણમન કરતો રહે છે. તેવી રીતે જ ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય આદિકનું દ્રવ્ય વા ગુણોની સાથે અભેદપણું છે. દ્રવ્ય તથા ગુણોને છોડી તેનાથી સર્વથા ભિન્ન ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સિદ્ધ થઈ શકતા નથી, કારણ કે દ્રવ્ય વા ગુણો પોતે જ ઉત્પાદાદિકરૂપથી પરિણમન કરી રહ્યા છે. તેથી શંકાકાર દ્વારા આપેલું સમુદ્ર અને કલ્લોલોનું દૃષ્ટાંત ભેદતાનું સાધક ન થતાં કથંચિત્ અભેદતાનું જ સાધક થાય છે.

**तस्मात्स्वयमुत्पादः सदिति ध्रौव्यं व्ययोपि वा सदिति।**
**न सतोऽतिरिक्त एव हि व्युत्पादो वा व्ययोपि वा ध्रौव्यम्॥२१५॥**

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (सत् इति) સત્ એ (स्वयं) પોતે જ (उत्पादः) ઉત્પાદ છે, તથા (सत् इति) એ સત્ જ (ध्रौव्यं) ધ્રૌવ્ય છે (वा) તથા (व्यय अपि) વ્યય પણ છે, (हि) કારણ કે–(सतः अतिरिक्तः) સત્‌થી જુદું કોઈ જ (उत्पादः एव) ઉત્પાદ (वा) અથવા (व्ययः) વ્યય (वा) અથવા (ध्रौव्यं अपि) ધ્રૌવ્ય પણ (न) નથી.

**ભાવાર્થ**—તેથી કથંચિત્ સત્ પોતે જ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ થાય છે પણ સત્‌થી સર્વથા ભિન્ન ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય કોઈ વસ્તુ જ નથી.

**यदि वा शुद्धत्वनयान्नाप्युत्पादो व्ययोपि न ध्रौव्यम्।**
**गुणश्च पर्यय इति वा न स्याच्च केवलं सदिति॥२१६॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા (शुद्धत्वनयात्) શુદ્ધતાને વિષય કરવાવાળા નયની અપેક્ષાએ ((उत्पादः अपि न) ઉત્પાદ પણ નથી, (व्ययः अपि न) વ્યય પણ નથી તથા (ध्रौव्यं) ધ્રૌવ્ય, (गुणः) ગુણ (च) અને (पर्ययः) પર્યાય (इति वा न) એ પણ નથી, (च) પરંતુ (केवलं) કેવળ એક (सत् इति) સત જ છે.

**ભાવાર્થ**—અથવા શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ અને પર્યાય વગેરે કાંઈ પણ નથી, કેવળ સર્વના સમુદાયરૂપ એક સત્ જ પદાર્થ છે, કારણ કે– જેટલી કોઈ ભેદવિવક્ષા છે તે બધી પર્યાયાર્થિકનયની અપેક્ષાથી જ કલ્પિત કરવામાં આવે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનય, કોઈ પણ પ્રકારના ભેદને વિષય કરતો નથી, તેથી શુદ્ધદ્રવ્યાર્થિકનયથી નિરંતર સર્વ અવસ્થાઓમાં સત્ જ પ્રતીતિમાન થાય છે પણ ઉત્પાદ–વ્યયાદિક નહિ. તેનું સ્પષ્ટીકરણ–

**अयमर्थो यदि भेदः स्यादुन्मज्जति तदा हि तत्त्रितयम्।**
**अपि तत्त्रितयं निमज्जति यदा निमज्जति स मूलतो भेदः॥२१७॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે–(यदि भेदः स्यात्) જો ભેદ હોય છે અર્થાત્ જે સમયે ભેદ વિવક્ષિત થાય છે, (तदा) તે સમયે (हि) નિશ્ચયથી (तत्त्रितयं) એ ઉત્પાદાદિ ત્રણે (उन्मज्जति) પ્રતીત થવા લાગે છે તથા (यदा) જે સમયે (स भेदः) તે ભેદ (मूलतः) મૂળથી જ (निमज्जति) વિવક્ષિત કરવામાં આવતો નથી તે સમયે (तत् त्रितयं अपि) એ ત્રણે (ભેદો) પણ (निमज्जति) પ્રતીત થતા નથી.

**ભાવાર્થ**—ઉપરના કથનનો સારાંશ એ છે, કે—પદાર્થ સામાન્યવિશેષાત્મક છે અને બંને નય (દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક) પદાર્થના સામાન્ય, વિશેષ ધર્મોમાંથી પરસ્પર સાપેક્ષ કોઈ એક ધર્મને મુખ્યપણે તથા બીજા ધર્મને ગૌણપણે વિષય કરે છે, એટલા માટે જે વેળા ભેદ વિવક્ષિત થાય છે તે વેળા અભેદ ગૌણ થઈ જવાથી ઉત્પાદાદિક ત્રણે પ્રતીત થવા લાગે છે, તથા જે વેળા દ્રવ્યાર્થિકનય દ્વારા અભેદતા વિવક્ષિત થાય છે તે સમયે ભેદ ગૌણ થઈ જવાથી ઉત્પાદાદિક ત્રણેમાંથી કોઈની પ્રતીતિ થતી નથી પણ માત્ર એક સત્ જ સત્ પ્રતીતિમાન થાય છે.

એ પ્રમાણે ગાથા નં. ૨૧૧મા પદ્યની શંકાનું સમાધાન કરીને હવે આગળ 'ઉત્પાદ-વ્યયને તો અંશાત્મક કહેવા યુક્તિસંગત છે, પરંતુ જ્યારે ત્રિકાળવિષયક હોવાથી ધ્રૌવ્ય કોઈ પણ પ્રકારથી અંશાત્મક સિદ્ધ થઈ જ શકતો નથી, તો પછી તેને અંશાત્મક માનીને પર્યાય કેમ માન્યો છે?' એ વિષયમાં શંકા–સમાધાનપૂર્વક વિચાર કરે છે. શંકા—

**ननु चोत्पादध्वंसौ द्वावप्यंशात्मकौ भवेतां हि।**
**ध्रौव्यं त्रिकालविषयं तत्कथमंशात्मकं भवेदिति चेत्॥२१८॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એમ છે, કે–(हि) નિશ્ચયથી (उत्पादध्वंसौ द्वौ अपि) ઉત્પાદ અને વ્યય એ બંને જ (अंशात्मकौ) અંશસ્વરૂપ (भवेतां) ભલે હોય, પરંતુ (त्रिकालविषयं 'यत्' ध्रौव्यं) ત્રિકાળગોચર જે ધ્રૌવ્ય છે, (तत् कथं) તે કેવી રીતે (अंशात्मकं भवेत् ?) અંશાત્મક થશે? (इतिचेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—આપે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને અંશાત્મક સિદ્ધ કર્યા છે, પરંતુ એમાં ઉત્પાદ વ્યયને તે ક્ષણવર્તી હોવાથી તો અંશાત્મક માનવા ઠીક છે, પણ ધ્રૌવ્ય તો ત્રિકાલવર્તી છે તો પછી તેને અંશાત્મક કેમ માની શકાય? આ શંકાનું સમાધાન :—

**नैवं यतस्त्रयोंशाः स्वयं सदेवेति वस्तुतो न सतः।**
**नैवार्थान्तरवदिदं प्रत्येकमनेकमिह सदिति॥२१९॥**

**અન્વયાર્થ**—(एवं न) એમ કહેવું એ ઠીક નથી, (यतः) કારણ કે–(वस्तुतः)

વાસ્તવમાં (त्रयः अंशाः) એ ત્રણે અંશો (स्वयं सत् एव इति) સ્વયં સત્ જ છે, પરંતુ (सतः न) સત્‌ના નથી, કારણ કે (इह) અહીં (सत् इदं) સત્ એ (अर्थान्तरवत्) અર્થાન્તરોની માફક (प्रत्येकं) એક એક થઈને (अनेकं) અનેક છે, (इतिनैव) એમ નથી.

**ભાવાર્થ**—ઉપરની શંકા ઠીક નથી, કારણ કે જૈનસિદ્ધાંતમાં સત્‌ના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ અંશ માન્યા નથી, પરંતુ સત્ જ પોતે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક માન્યું છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે પ્રત્યેક જુદા જુદા પદાર્થોની માફક મળીને અનેક નથી, પરંતુ વિવક્ષાવશ જ એ ત્રણે ભિન્ન-ભિન્નરૂપથી પ્રતીત થાય છે. તેનું સ્પષ્ટીકરણ :—

तत्रैतदुदाहरणं यद्युत्पादेन लक्ष्यमाणं सत्।
उत्पादेन परिणतं केवलमुत्पादमात्रमिह वस्तु ॥२२०॥

**અન્વયાર્થ**—(तत्र) આ વિષયમાં (एतत् उदाहरणं) આ ઉદાહરણ છે, કે-(इह) અહીં (यदि) જો (उत्पादेन परिणतं सत्) ઉત્પાદરૂપથી પરિણત સત્ જે સમયે (उत्पादेनलक्ष्यमाणं) ઉત્પાદ દ્વારા લક્ષ્યમાણ થાય છે, તે સમયે (वस्तु) વસ્તુને (केवलं उत्पादमात्रं) કેવળ ઉત્પાદમાત્ર કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—પદાર્થ અનંતધર્માત્મક છે, શબ્દ વા નયાત્મકજ્ઞાનના અંશ દ્વારા તેના સંપૂર્ણ ધર્મો વિષયભૂત થઈ શકતા નથી, તેથી એ અનંત ધર્મોમાં જે જ્ઞાનાંશ વા શબ્દ દ્વારા જે કોઈ પણ એક ધર્મ વિષયભૂત થાય છે, તે જ્ઞાનાંશ વા શબ્દ દ્વારા વસ્તુ તે સમયે કેવળ તે જ ધર્મમય જાણવામાં આવે છે વા કહેવામાં આવે છે. એ ન્યાયાનુસાર જે સમયે નવીન નવીનરૂપથી પરિણત સત્ ઉત્પાદરૂપ, જ્ઞાન તથા શબ્દ દ્વારા વિવક્ષિત થાય છે તે સમયે તે સત્ કેવળ ઉત્પાદમાત્ર કહેવામાં આવે છે.

यदि वा व्ययेन नियतं केवलमिह सदिति लक्ष्यमाणंस्यात्।
व्ययपरिणतं च सदिति व्ययमात्रं किल कथं हि तन्न स्यात्॥२२१॥

**અન્વયાર્થ**—(यदि वा) અથવા જે સમયે (इह) અહીં (व्ययपरिणतं च) વ્યયરૂપથી પરિણત જ (इति सत्) તે સત્ (केवलं व्ययेन नियतं लक्ष्यमाणं स्यात्) કેવળ વ્યય દ્વારા નિશ્ચયથી લક્ષ્યમાણ થાય છે, તે સમયે (तत् इति सत्) તે જ સત્ (हि) નિશ્ચયથી (व्ययमात्रं किल) કેવળ વ્યયમાત્ર (कथं न स्यात् ?) શું નહિ થાય? અવશ્ય થશે.

**ભાવાર્થ**—અથવા જે સમયે પૂર્વપર્યાયના અભાવાત્મક વ્યયધર્મથી જ યુક્ત તે સત્‌ને 'વ્યય' શબ્દનું લક્ષ્ય બનાવવામાં આવે છે, તે સમયે ઉત્પાદાત્મક વા ધ્રૌવ્યાત્મકધર્મના પ્રતિપાદનનું લક્ષ્ય ન હોવાથી તે જ સત્ કેવળ વ્યયમાત્ર પ્રતિપાદિત તથા પ્રતીતિમાન શું નહિ થાય?

**ध्रौव्येण परिणतं सद्यदि वा ध्रौव्येण लक्ष्यमाणं स्यात्।**
**उत्पादव्ययवदिदं स्यादिति तद्ध्रौव्यमात्रं सत्॥२२२॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા જે સમયે (ध्रौव्येण परिणतं सत्) ધ્રૌવ્યરૂપથી પરિણતસત્ (ध्रौव्येण लक्ष्यमाणं स्यात्) ધ્રૌવ્ય દ્વારા લક્ષ્યમાણ થાય છે, તે સમયે (उत्पाद्व्ययवत्) ઉત્પાદવ્યયની માફક (तद् इदं सत्) તે જ એ સત્ (ध्रौव्य मात्रं इति) ધ્રૌવ્ય માત્ર છે, એવું જ (स्यात्) પ્રતીત થાય છે.

**ભાવાર્થ**—અથવા જે સમયે ધ્રૌવ્યરૂપ ધર્મથી યુક્ત તે સત્ ધ્રૌવ્ય શબ્દ દ્વારા કહ્યું જાય છે, તે સમયે એ સત્, ઉત્પાદ-વ્યયની માફક કેવળ ધ્રૌવ્યમાત્ર છે. અહીં દૃષ્ટાંત–

**संदृष्टिर्मृद्द्रव्यं सता घटेनेह लक्ष्यमाणं सत्।**
**केवलमिह घटमात्रमसता पिण्डेन पिण्डमात्रं स्यात्॥२२३॥**

**અન્વયાર્થ**—(सन्दृष्टिः) આ વિષયમાં ઉદાહરણ આ છે, કે–(इह) અહીં (मृत द्रव्यं) માટીરૂપ દ્રવ્ય, (सता घटेन) સત્આત્મક ઘટ દ્વારા (लक्ष्यमाणं सत्) લક્ષ્યમાણ થતું (केवल घटमात्रं) કેવળ ઘટરૂપ જ કહેવામાં આવે છે, તથા (इह) ત્યાં જ (असता पिंण्डेन) અસતાત્મક પિંડરૂપ દ્વારા લક્ષ્યમાણ થતું (पिण्डमात्रं स्यात्) કેવળ પિંડરૂપ જ કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—ઉપરના કથનનું સાધક દૃષ્ટાંત આ છે, કે–જેમ સત્ની જગ્યાએ રહેલું મૃતિકાપિંડરૂપ દ્રવ્ય, ઘટ–રૂપાદિ હોવા યોગ્ય અનેક ધર્મોને ધારણ કરવાવાળું હોવા છતાં પણ [1]જે સમયે કેવળ ઘટરૂપધર્મથી જ પ્રતિપાદિત વા પ્રતીતિમાન થાય છે, તે સમયે તે વિવક્ષાથી તે કેવળ ઘટમાત્ર જ કહેવામાં આવે છે, તથા જે સમયે ઘટપર્યાયમાં નહિ રહેવાવાળા પિંડરૂપધર્મથી તે વિવક્ષિત થાય છે, તે સમયે તે કેવળ પિંડમાત્ર કહેવામાં આવે છે.

**यदि वा तु लक्ष्यमाणं केवलमिह मृच्च मृत्तिकात्त्वेन।**
**एवं चैकस्य सतो व्युत्पादादित्रयश्च तत्रांशाः॥२२४॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા તે માટીરૂપ દ્રવ્ય જો (इह) અહીં (केवलं मृत्तिकात्त्वेन लक्ष्यमाणं तु) કેવળ મૃતિકાપણાથી લક્ષ્યમાણ થાય છે. તો તે (मृच्च) માટી જ કહેવામાં આવે છે (एवं च) એ પ્રમાણે (एकस्य सतः) એક સત્ના જ (उत्पादादित्रयश्च) ઉત્પાદાદિક ત્રણે (तत्रांशाः) એ સત્ના અંશ છે.

---

૧. અહીં 'જે સમયે' નો આશય કેવળ વિવક્ષાનો છે. જેવી વિવક્ષા હોય છે તે જ સ્વરૂપે માટીને માનવામાં આવે છે. વાસ્તવમાં ત્રણેનો સમયભેદ નથી.

**ભાવાર્થ**—અથવા જે સમયે એ જ મૃતિકાપિંડ, ઘટની વિવક્ષા ન કરતાં કેવળ મૃતિકાપણાથી વિવક્ષિત થાય છે, તે સમયે તે કેવળ મૃતિકારૂપ જ કહેવામાં આવે છે. એ પ્રકારથી સિદ્ધ થાય છે, કે—સત્‌ના ઉત્પાદાદિક ત્રણે જ સત્‌ના અંશ છે પણ કાંઈ સત્‌થી જુદા અંશ નથી. વળી એમ પણ નથી, કે :—

**न पुनः सतो हि सर्गः केनचिदंशैकभागमात्रेण।**
**संहारो वा ध्रौव्यं वृक्षे फलपुष्पपत्रवन्न स्यात्॥२२५॥**

**અન્વયાર્થ**—(पुनः) પરંતુ (वृक्षे फलपुष्पपत्रवत्) વૃક્ષમાં ફળ, ફૂલ તથા પત્રની માફક (केनचित्) કોઈ (अंशैकभाग मात्रेण) અંશરૂપ એક ભાગથી (सतः सर्गः) સત્‌નો ઉત્પાદ (वा) અથવા (संहारः) સંહાર અર્થાત્ વ્યય (च) તથા (ध्रौव्यं) ધ્રૌવ્ય (न स्यात्) નથી.

**ભાવાર્થ**—પરંતુ જે પ્રમાણે વૃક્ષમાં ફળ, ફૂલ તથા પત્ર વગેરે ભિન્ન-ભિન્ન અંશોથી રહે છે અને તે વૃક્ષ પણ તેના સંયોગથી ફળ-ફૂલ-પત્રાદિવાળું કહેવામાં આવે છે, તે પ્રમાણે સત્‌ના કોઈ એક અંશથી જુદા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નથી તથા ન તો જુદા જુદા અંશાત્મક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી દ્રવ્ય, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યવાળું જ કહેવાય છે. તેથી શંકાકારનું—‘ઉત્પાદ-વ્યયને અંશાત્મક માનવા અને ધ્રૌવ્યને અંશાત્મક ન માનવો’ એ કથન (શંકા) ઠીક નથી.

એ પ્રમાણે પદ્ય નં. ૨૧૮ની શંકાનું સમાધાન કરીને હવે આગળ ‘એ ઉત્પાદાદિ અંશીના છે કે અંશના છે’ ઇત્યાદિ વિષયનો ઉહાપોહપૂર્વક વિસ્તારપૂર્વક વિચાર કરે છે. શંકા—

**ननु चोत्पादादित्रयमंशानामथ किमंशिनो वा स्यात्।**
**अपि किं सदंशमात्रं किमथांशमसदस्ति पृथगिति चेत्॥२२६॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એ છે, કે—(उत्पादादि त्रयं) ઉત્પાદાદિક ત્રણે (किं) શું (अंशानां) અંશોના (अथवा) અથવા (अंशिनः) અંશીના (स्यात्) હોય છે? (अपि) તથા (किं) શું તે (सदंशमात्रं) સત્‌રૂપ અંશ જ છે? (अथ) અથવા (किं) શું તે (पृथक्) જુદા (असतं अंश अस्ति) અસતરૂપ અંશ છે? (इति चेत) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારની શંકા એવી છે, કે—ઉત્પાદાદિક ત્રણે અંશોના હોય છે કે અંશીના હોય છે? તથા એ ત્રણે સત્‌આત્મક અંશ છે વા જુદા અસતાત્મક અંશ છે? તેનું સમાધાન :—

**तन्न यतोऽनेकान्तो बलवानिह खलु न सर्वथैकान्तः।**
**सर्वं स्यादविरुद्धं तत्पूर्वं तद्विना विरुद्धं स्यात्॥२२७॥**

**અન્વયાર્થ**—(तन्न) એમ કહેવું ઠીક નથી, (यत:) કારણ કે (इह) જૈનસિદ્ધાંતમાં (खलु) નિશ્ચયથી (अनेकान्त:) અનેકાન્ત જ (बलवान्) બળવાન છે (सर्वथा एकान्त: न) પણ સર્વથા એકાન્ત બળવાન નથી. માટે (तत्पूर्वं) અનેકાન્તપૂર્વક (सर्वं) બધાંય કથન (अविरुद्धं स्यात्) અવિરુદ્ધ હોય છે તથા (तद्विना) અનેકાન્ત વિના બધાંય કથન (विरुद्धं स्यात्) વિરુદ્ધ થઈ જાય છે.

**ભાવાર્થ**—શંકાકારની ઉપરની શંકાનો ઉત્તર આ છે, કે—વસ્તુસ્વરૂપને યથાર્થ પ્રકારે જાણવા માટે અનેકાન્તવાદ જ સમર્થવાદ છે, પણ એકાન્તવાદ નહિ. તેથી અનેકાન્તપૂર્વક પ્રતિપાદિત બધાંય કથનોને અવિરુદ્ધ કહેવામાં આવે છે અને એકાન્તપૂર્વક પ્રતિપાદિત સર્વ કથનોને વિરુદ્ધ કહેવામાં આવે છે.

**વિશેષાર્થ**—જૈન દર્શન પ્રમાણ નયાત્મક છે. કોઈ પણ પદાર્થનું કોઈ પણ રૂપે વિવેચન કરવામાં આવે, તોપણ નયદૃષ્ટિથી બધું સંગત બની જાય છે. તે જ કથન અપેક્ષા દૃષ્ટિ છોડીને કરવામાં આવે તો અસંગત બની જાય છે. અહીં કોઈ એવી આશંકા ન કરી લે કે કોઈ વખતે કોઈ વાત કોઈ રૂપે કહેવાથી અને કોઈ વાર કોઈ બીજી રીતે કહેવાથી જૈન દર્શન કોઈ વાતનો નિર્ણય કરતું નથી, પરંતુ સંશયાત્મક રહે છે. આમ કહેનારાઓએ જરા સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવો જોઈએ. જૈન દર્શન સંશયાત્મક નથી, પરંતુ વસ્તુનું યથાર્થ કથન કરે છે. વસ્તુ એક ધર્માત્મક નથી, પરંતુ અનેક ધર્માત્મક છે, તેથી તે અનેક રૂપે જ કહેવામાં આવે છે. વસ્તુનું એક રૂપે કથન કરવું તે તેના સ્વરૂપને બગાડવા જેવું છે. સંશય બન્ને પ્રકારમાં સમાન જ્ઞાન થવાથી થાય છે. અહીં બન્ને પ્રકારમાં સમાન જ્ઞાન નથી. જોકે એક જ પદાર્થને અનેક ધર્મો દ્વારા કહેવામાં આવે છે, પરંતુ જે દૃષ્ટિથી જે ધર્મનું કથન કરવામાં આવે છે તે દૃષ્ટિથી તે સદા તેવો જ છે. તે દૃષ્ટિથી તે સદા એક ધર્માત્મક જ છે. દૃષ્ટાંત માટે પુસ્તક જ લઈ લ્યો. પુસ્તક ભાવરૂપ પણ છે અને અભાવરૂપ પણ છે. પોતાના સ્વરૂપની અપેક્ષાએ તો તે ભાવરૂપ છે અને પર પદાર્થોની અપેક્ષાએ તે અભાવરૂપ છે, એમ નથી કે કોઈવાર પોતાના સ્વરૂપની અપેક્ષાએ પણ તે અભાવરૂપ કહેવાય. અથવા પર પદાર્થોની અપેક્ષાએ પણ કોઈ વાર ભાવરૂપ કહેવામાં આવે, તેથી નય સમુદાય–પ્રમાણથી તો વસ્તુ ભાવરૂપ પણ છે, અભાવરૂપ પણ છે, પરંતુ નયદૃષ્ટિથી જે રૂપે ભાવરૂપ છે તે રૂપે સદા ભાવરૂપ જ છે અને જે દૃષ્ટિથી અભાવરૂપ છે તેનાથી સદા અભાવરૂપ જ છે, તેથી સ્યાદ્વાદને એવા તર્કશાસ્ત્રીઓ જ સંશયાત્મક કહી શકે કે જેઓ ન તો સંશયનુંય સ્વરૂપ સમજ્યા છે અને ન સ્યાદ્વાદનુંય સ્વરૂપ સમજ્યા છે. એ જ રીતે જે [1]લોકો ''नैकस्मिन्नसंभवात्'' (અર્થાત્) એક પદાર્થમાં બે વિરોધી ધર્મ રહી શકતા નથી એમ કહીને સ્યાદ્વાદ સ્વરૂપ જૈન દર્શનને અસત્યાત્મક ઠરાવે છે, તેઓ પણ પદાર્થના યથાર્થ બોધથી યોજનો દૂર છે. ઠીક છે, શું તેઓ અમને એ વાત સમજાવશે કે પુસ્તકને પુસ્તક જ શા માટે કહે છે? પુસ્તકને ખડિયો કેમ નથી કહેતા? કલમ કેમ નથી કહેતા? બાજોઠ કેમ નથી કહેતા? દીવો કેમ નથી કહેતા? જે તેઓ આ પ્રશ્નના ઉત્તરમાં એમ કહે કે પુસ્તકમાં પુસ્તકપણાનો જ ધર્મ રહે છે, તેથી તે પુસ્તક જ કહેવાય છે. તેમાં ખડિયાપણાનો

૧ શંકરાચાર્યમતના અનુયાયીઓ

ધર્મ નથી, કલમપણાનો ધર્મ નથી, બાજોઠપણાનો ધર્મ નથી, દીવાપણાનો ધર્મ નથી, તેથી તે પુસ્તક, ખડિયો, કલમ, બાજોઠ કે દીવો કહેવાતું નથી અર્થાત્ પુસ્તકમાં પુસ્તકપણાના ધર્મ સિવાય બીજા જેટલા કોઈ તેનાથી ભિન્ન પદાર્થ છે, તે બધાનો પુસ્તકમાં અભાવ છે. એ જ પ્રમાણે દરેક પદાર્થમાં પોતાના સ્વરૂપ સિવાય બાકીના બધા પદાર્થોના સ્વરૂપનો અભાવ રહે છે. જો અન્ય પદાર્થોના સ્વરૂપનો પણ સદ્ભાવ હોય તો એક પદાર્થમાં બધા પદાર્થોની સંકરતાનો (મિશ્રપણાનો) દોષ આવે છે અને જો પદાર્થમાં સ્વ-સ્વરૂપનો પણ અભાવ હોય તો પદાર્થના અભાવનો જ પ્રસંગ આવે છે, તેથી સ્વ-સ્વરૂપની અપેક્ષાએ ભાવ અને પર-સ્વરૂપની અપેક્ષાએ અભાવ એવા બે ધર્મ દરેક પદાર્થમાં રહે છે. બસ આ જ ઉત્તરથી બે વિરોધી ધર્મોનો એક પદાર્થમાં અભાવ બતાવનાર તર્કશાસ્ત્રી સ્વયં સમજી ગયા હશે, કે એક પદાર્થમાં ભાવ—ધર્મ અને અભાવ—ધર્મ બન્નેય રહે છે. એનો સ્વીકાર કર્યા વિના તો પદાર્થનું સ્વરૂપ જ નથી બનતું, તેથી અનેકાંતપૂર્વક બધું કથન અવિરુદ્ધ અને તેના વિના વિરુદ્ધ છે. અહીં આ શંકા કરવી પણ વ્યર્થ છે, કે ભાવ અને અભાવ બન્ને વિરોધી છે તો પછી એક પદાર્થમાં બન્ને કેવી રીતે રહી શકે? એનો ઉત્તર ઉપર કહેવાઈ ગયો છે. બીજું જેને વિરોધ[1] કહેવામાં આવે છે તે વાસ્તવમાં વિરોધ જ નથી. પદાર્થનું સ્વરૂપ જ એવું છે. ''स्वभावोऽतर्कगोचरः'' અર્થાત્ કોઈના સ્વભાવમાં તર્ક કામ કરતો નથી. અગ્નિનો સ્વભાવ ઉષ્ણ છે. ત્યાં અગ્નિ ઉષ્ણ કેમ છે? એ પ્રશ્ન નિરર્થક છે. પ્રત્યક્ષ બાધિત છે.

**તેનું સ્પષ્ટીકરણ :—**

**केवलमंशानामिह नाप्युत्पादो व्ययोपि न ध्रौव्यम्।**
**नाप्यंशिनस्त्रयं स्यात् किमुतांशेनांऽशिनो हि तत्त्रितयम्॥२२८॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (केवलं अंशानां) કેવળ અંશોના (न उत्पादः) ન ઉત્પાદ (अपि) તથા ('न' व्ययः) ન વ્યય (अपि) તથા (ध्रौव्यं न) ન ધ્રૌવ્ય થાય છે, તથા (अंशिनः अपि) અંશીના પણ (त्रयं न) એ ઉત્પાદાદિ ત્રણે થતા નથી, (किमुत) પરંતુ (हि) નિશ્ચયથી (अंशेन) અંશથી યુક્ત (अंशिनः) અંશીના (तत्त्रितयं स्यात्) એ ઉત્પાદાદિક ત્રણે થાય છે.

**ભાવાર્થ**—તેથી ઉત્પાદાદિક ત્રણે કેવળ અંશના કે કેવળ અંશીના થતા નથી, પરંતુ

---

૧. વિરોધ ત્રણ પ્રકારના છે. ૧. સહાનવસ્થાન, ૨ પ્રતિબંધ્ય પ્રતિબંધક, ૩ વધ્ય ઘાતક. આ ત્રણેમાંથી ભાવભાવમાં એક પણ નથી. વિશેષ જ્ઞાન માટે આ કારિકા જુઓ.

कथञ्चिते सदेवेष्टं कथञ्चिदसदेव तत्।
तथोभयमवाच्यं च नययोगान्न सर्वथा॥१॥

तत्र सत्त्वं वस्तुधर्मः तदनुपगमे वस्तुनो वस्तुत्वायोगात् खरविषाणादिवत्। तथा कथञ्चिदसत्वं वस्तुधर्मः। स्वरूपादिभिरिव पररूपादिभिरपि वस्तुनोऽसत्त्वानिष्टौ प्रतिनियतस्वरूपाभावाद्वस्तुप्रतिनियमविरोधात्। एतेन क्रमार्पितोभयत्वादीनां वस्तुधर्मत्वं प्रतिपादितम्। अष्टसहस्री।

કથંચિત્ અંશસહિત અંશીના થાય છે. એ પ્રમાણે અનેકાંતવાદપૂર્વક અંશોસહિત અંશીના ઉત્પાદાદિક ત્રણે સિદ્ધ કરીને હવે આગળ ગ્રંથકાર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના અવિરોધને સિદ્ધ કરવા માટે શંકા-સમાધાનપૂર્વક વિચાર કરે છે. શંકા :—

**ननु चोत्पादध्वंसौ स्यातामन्वर्थतोऽथ वाग्मात्रात्।**
**दृष्टविरुद्धत्वादिह ध्रुवत्वमपि चैकस्य कथमिति चेत्॥२२९॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એમ છે, કે-(अन्वर्थतः) અન્વર્થથી (अथ) અથવા (वाग्मात्रात्) વચનમાત્રથી (उत्पादध्वंसौ) ઉત્પાદ-વ્યય હોય તો (स्यातां) ભલે હોય, (अपि) પરંતુ (इह) અહીં આગળ (एकस्य) એક જ પદાર્થમાં (दृष्टविरुद्धत्वात्) પ્રત્યક્ષ વિરુદ્ધ હોવાથી ઉત્પાદ, વ્યય અને (ध्रुवत्वं च) ધ્રૌવ્યપણું (कथं) કેવી રીતે હોય? (इति चेत्) જો એમ કહો તો-

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે-શબ્દ વા અર્થદ્રષ્ટિએ ઉત્પાદાદિ એક પદાર્થમાં બની શકે છે તેમ ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય કોઈ એક પદાર્થમાં સિદ્ધ થઈ શકતા નથી, કારણ કે ઉત્પાદ-વ્યય અનિત્યપણાના સાધક છે તથા ધ્રૌવ્ય નિત્યપણાનો સાધક છે, તેથી ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય એ બંને પરસ્પર વિરોધી હોવાથી તેને એક પદાર્થના માનવા એ પ્રત્યક્ષબાધિત છે. તેનું સમાધાન :—

**सत्यं भवति विरुद्धं क्षणभेदो यदि भवेत्त्रयाणां हि।**
**अथवा स्वयं सदेव हि नश्यत्युत्पद्यते स्वयं सदिति॥२३०॥**

**क्वापि कुतश्चित् किंचित् कस्यापि कथंचनापि तन्न स्यात्।**
**तत्साधकप्रमाणाभावादिह सोप्यदृष्टान्तात्॥२३१॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, પરંતુ (यदि) જો (हि) નિશ્ચયથી (त्रयाणां) એ ત્રણેને (क्षणभेदः) ક્ષણભેદ અર્થાત્ ભિન્ન-ભિન્ન સમય (भवेत्) હોત, તો (अथवा) અથવા (हि) નિશ્ચયથી (स्वयं सदेव) સત્ પોતે જ (नश्यति) નાશ પામતું હોત, તથા (सत्) સત્ (स्वयं) પોતે જ (उत्पद्यते) ઉત્પન્ન થતું હોત, તો (विरुद्धं भवति) પરસ્પરમાં વિરુદ્ધ કથન થાત.

પરંતુ (तत्) એ ઉત્પાદાદિક ત્રણેનો ક્ષણભેદ અથવા સ્વયં સત્નું જ નાશ પામવું કે ઉત્પન્ન થવું (क्वापि) કોઈ પણ ઠેકાણે (कुतश्चित्) કોઈ હેતુથી (किंचित्) કંઈપણ (कस्यापि) કોઈનું પણ (कथंचन अपि) કોઈપણ પ્રકારથી (न स्यात्) થતું નથી. કારણ કે-(इह) આ ઠેકાણે (सोप्यदृष्टान्तात्) તેનું દ્રષ્ટાંત પણ નહિ મળવાથી (तत्साधकप्रमाणाभावात्) તેના સાધકપ્રમાણનો અભાવ છે.

**ભાવાર્થ**—શંકાકારે જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો એકીસાથે રહેવામાં વિરોધ બતાવ્યો તે ઠીક નથી, કારણ કે વિરોધ તો ત્યારે આવી શકે કે જ્યારે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદ માનવામાં આવે, અર્થાત્ એ ત્રણેને એક સમયવર્તી નહિ માનતાં ભિન્ન-ભિન્ન સમયવર્તી માન્યા હોત, અથવા સત્‌ને જ સ્વયં નષ્ટ-ઉત્પન્ન વા નિત્યરૂપ માન્યું હોત; પરંતુ એ ઉત્પાદાદિક ત્રણેમાં જ સમયભેદ અથવા સત્‌ને સ્વયં નષ્ટ-ઉત્પન્ન કે નિત્ય કોઈપણ એક અવસ્થામાં, કોઈપણ હેતુથી કોઈપણ પ્રકારથી માનવામાં આવ્યું નથી. કારણ કે ઉત્પાદાદિકને ભિન્ન-ભિન્ન સમયવર્તી તથા સત્‌ને જ સ્વયં યુગપદ્ (એકીસાથે) નષ્ટ-ઉત્પન્ન વા નિત્યરૂપ સિદ્ધ કરવાવાળું કોઈ પ્રમાણ નથી, તેમ કોઈ દૃષ્ટાંત પણ નથી.

હવે આગળ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદની શંકા ઉઠાવી સમયભેદનું નિરાકરણ કરવામાં આવે છે. શંકા :—

**ननु च स्वावसरे किल सर्गः सर्गैकलक्षणत्वात् स्यात्।**
**संहारः स्वावसरे स्यादिति संहारलक्षणत्वाद्वा॥२३२॥**

**ध्रौव्यं चात्मावसरे भवति ध्रौव्यैकलक्षणात्तस्य।**
**एवं च क्षणभेदः स्याद्बीजांकुरपादपत्त्ववत्त्वितिचेत्॥२३३॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે–(किल) નિશ્ચયથી (सर्गैकलक्षणत्वात्) ઉત્પાદરૂપ એક લક્ષણપણાથી (सर्गः) ઉત્પાદ (स्वावसरे स्यात्) પોતાના સમયમાં થાય છે (वा) તથા (संहारलक्षणत्वात्) સંહારરૂપ લક્ષણપણાથી (संहारः इति) સંહાર એ પણ (स्वावसरे स्यात्) પોતાના સમયમાં થાય છે.

(च) તથા (ध्रौव्यैकलक्षणात्) ધ્રૌવ્યરૂપ લક્ષણથી (ध्रौव्यं) ધ્રૌવ્ય, (आत्मावसरे) પોતાના સમયમાં (भवति) થાય છે. (एवं च) એ પ્રમાણે (बीजांकुरपादपत्त्ववत्) બીજ, અંકુર અને વૃક્ષપણાની માફક (तस्य) એ સત્‌ની ઉત્પાદાદિક ત્રણે અવસ્થાઓમાં (क्षणभेदः स्यात्) ક્ષણભેદ થાય છે; (इति चेत् तु) જો એમ કહો તો–

**ભાવાર્થ**—પૂર્વોક્તકથન ઉપર શંકાકારનું કહેવું એમ છે, કે—જેમ બીજ, અંકુર અને વૃક્ષપણામાંથી પોતપોતાના સમયમાં બીજ, અંકુર અને વૃક્ષપણું થતું જણાય છે, તે જ પ્રમાણે જે સમયે વસ્તુમાં કોઈ પર્યાયનો ઉત્પાદ કહેવામાં આવે છે તે સમયે તે વસ્તુમાં વ્યય અને ધ્રૌવ્યથી ભિન્ન માત્ર ઉત્પાદ જ પ્રતીત થાય છે, તથા જે સમયે કોઈ અવસ્થાના વ્યયનું લક્ષણ કહેવામાં આવે છે તે સમયે વસ્તુ, માત્ર એક વ્યય લક્ષણમય જ પ્રતીત થાય છે, તથા ધ્રૌવ્યને પ્રતિપાદન કરતાં સમયે એક ધ્રૌવ્યનું જ લક્ષણ ઘટી જવાથી વસ્તુ માત્ર એક ધ્રૌવ્યમય જ પ્રતીત થાય છે. એ પ્રમાણે ત્રણેમાં ક્ષણભેદ સંભવિત હોવાથી ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યયના

યુગપત (એકીસાથે) રહેવાના વિષયમાં આપેલી પરસ્પર પ્રત્યક્ષ વિરુદ્ધતા જેમને તેમ કાયમ જ રહે છે. આ શંકાનું સમાધાનઃ—

**तन्न यतः क्षणभेदो न स्यादेकसमयमात्रं तत्।**
**उत्पादादित्रयमपि हेतोः संदृष्टितोपि सिद्धत्वात्॥२३४॥**

**અન્વયાર્થ**—(तन्न) એમ કહેવું એ ઠીક નથી. (यतः) કારણ કે ત્રણેમાં (क्षणभेदः न स्यात्) ક્ષણભેદ નથી, (किन्तु) પરંતુ (हेतोः) હેતુથી તથા (संदृष्टितः अपि) હેતુસાધક દૃષ્ટાન્તથી પણ (सिद्धत्वात्) સિદ્ધ હોવાથી (तत् उत्पादादित्रयं अपि) એ ઉત્પાદાદિક ત્રણે (एक समयमात्र) કેવળ એક સમયવર્તી છે.

**ભાવાર્થ**—શંકાકારનું ઉપર પ્રમાણે કહેવું ઠીક નથી, કારણ કે—બીજ, અંકુર અને વૃક્ષત્વના દૃષ્ટાંતથી ઉત્પાદાદિકત્રયમાં ત્રણેનો ભિન્ન-ભિન્ન સમય સિદ્ધ થતો નથી, પરંતુ યુક્તિ તથા ઉદાહરણપૂર્વક એ ત્રણેનું એક સમયવર્તીપણું સિદ્ધ થાય છે. તેનું સ્પષ્ટીકરણ—

**अथ तद्यथा हि बीजं बीजावसरे सदेव नासदिति।**
**तत्र व्ययो न सत्वाद्व्ययश्च तस्मात्सदंकुरावसरे॥२३५॥**

**અન્વયાર્થ**—(अथ) હવે (तद्यथा) તેનો ખુલાસો આ છે, કે જેમ (हि) નિશ્ચયથી (बीजं) બીજ (बीजावसरे) બીજના સમયમાં (सत् एव) સત્ જ છે (असत् न) અસત્ નથી, (इति) તેથી (तत्र) એ (सदंकुरावसरे) બીજથી સત્રૂપ અંકુરના સમયમાં (सत्वात्) સત્‌ની અપેક્ષાએ (व्ययः न) વ્યય નથી (च) પરંતુ (तस्मात्) બીજની અપેક્ષાએ (व्ययः) વ્યય છે.

**ભાવાર્થ**—પૂર્વોક્તકથનનો ખુલાસો આ પ્રમાણે છે, કે—બીજ, બીજના સમયમાં પણ સત્તાત્મક જ છે પણ અસત્તાત્મક નથી, તેથી બીજથી બીજના અભાવરૂપ જે અંકુરઅવસ્થા ઉત્પન્ન થઈ છે, તેમાં બીજની અવસ્થાનો વ્યય છે પણ સત્‌નો નહિ.

**बीजावस्थायामपि न स्यादंकुरभवोस्ति वाऽसदिति।**
**तस्मादुत्पादः स्यात्स्वावसरे चांकुरस्य नान्यत्र॥२३६॥**

**અન્વયાર્થ**—(बीजावस्थायां अपि) બીજરૂપ અવસ્થામાં પણ (अंकुरभवः) અંકુરરૂપ પર્યાય (न स्यात्) નથી, પરંતુ તે (असत् वा अस्ति) અસત્‌ની માફક છે, (इति) એટલા માટે (तस्मात्) બીજરૂપ અવસ્થાથી (अंकुरस्य च उत्पादः) અંકુરનો પણ ઉત્પાદ (स्वावसरे स्यात्) પોતાના સમયમાં અર્થાત્ એ જ સમયમાં હોય છે. (अन्यत्र न) બીજના સમયમાં નહિ.

**ભાવાર્થ**—બીજની અવસ્થામાં પણ ઉત્તરકાળમાં થવાવાળા અંકુરનો જન્મ અસત્‌ની માફક જ હતો, એટલા માટે બીજની અવસ્થામાં બીજ તથા અંકુરની અવસ્થામાં અંકુર હોય છે, પરંતુ બીજની અવસ્થામાં અંકુર અને અંકુરની અવસ્થામાં બીજ છે, એમ કદી સિદ્ધ થતું નથી.

**यदि वा बीजांकुरयोरविशेषात् पादपत्वमिति वाच्यम्।**
**नष्टोत्पन्नं न तदिति नष्टोत्पन्नं च पर्यायाभ्यां हि॥२३७॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા (अविशेषात्) સામાન્યરૂપથી (बीजांकुरयोः) બીજ અને અંકુરમાં (पादपत्वं) વૃક્ષપણું છે, (इति) જો એમ કહો તો (हि) નિશ્ચયથી (पर्यायाभ्यां नष्टोत्पन्नं च) પર્યાયોથી નષ્ટ–ઉત્પન્નરૂપ (तत्) એ વૃક્ષત્વ (न नष्टोत्पन्नं) વાસ્તવમાં નષ્ટ અને ઉત્પન્ન નથી, (इति वाच्यं) એમ કહેવું જોઈએ.

**ભાવાર્થ**—જો કદાચિત્ આમ કહેવામાં આવે કે—ભિન્ન સમયવર્તી બીજ અને અંકુરની અવસ્થામાં પાદપત્વ (વૃક્ષત્વ) સમાનપણાથી રહે છે તો સહજમાં આમ સિદ્ધ થાય છે કે—પર્યાયરૂપથી જ તે સત્, નષ્ટ—ઉત્પન્નરૂપ થાય છે, પરંતુ વાસ્તવમાં તે નષ્ટ-ઉત્પન્ન થતું નથી.

**आयातं न्यायबलादेतत्त्रितयमेककालं स्यात्।**
**उत्पन्नमंकुरेण च नष्टं बीजेन पादपत्वं तत्॥२३८॥**

**અન્વયાર્થ**—(न्यायबलात् आयातं) ન્યાયબળથી એ સિદ્ધ થયું, કે (एतत् त्रितयं) એ ત્રણે (एककालं स्यात्) એકકાળવર્તી છે, કારણ કે–(यत्) જે (पादपत्वं) વૃક્ષપણું છે, (तत्) તે જ (अंकुरेण उत्पन्नं) અંકુરરૂપથી ઉત્પન્ન (च) અને (बीजेन नष्टं) બીજરૂપથી નષ્ટ થવાવાળું છે.

**ભાવાર્થ**—તેથી ન્યાયબળથી આમ સિદ્ધ થાય છે, કે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે એક કાળમાં થાય છે, કારણ કે—જેમ વૃક્ષત્વ એક જ કાળમાં અંકુરપર્યાયથી ઉત્પન્ન તથા બીજપર્યાયથી નષ્ટ થાય છે તેમ સત્ પણ એક જ કાળમાં પૂર્વ પર્યાયથી નષ્ટ તથા ઉત્તરપર્યાયથી ઉત્પન્ન સિદ્ધ થાય છે.

**વિશેષાર્થ** : ઉપરના ત્રણે શ્લોકોનો સારાંશ આમ છે—જે બીજ પર્યાયનો સમય છે તે તેના વ્યયનો સમય નથી. કેમ કે તેનો જ સદ્‌ભાવ અને તેનો જ અભાવ બન્ને એક જ સમયમાં હોઈ શકે નહિ, પરંતુ જે અંકુરના ઉત્પાદનો સમય છે તે જ બીજ પર્યાયના નાશનો સમય છે. એમ પણ નથી કે બીજ પર્યાય અને અંકુરનો ઉત્પાદ એ બન્નેની વચ્ચે બીજ પર્યાયનો નાશ થતો હોય. આમ માનવાથી પર્યાય રહિત દ્રવ્ય ઠરશે, કેમ કે બીજનો તો નાશ થઈ ગયો, અને હજી અંકુર ઉત્પન્ન થયો નથી. તે વખતે કઈ પર્યાય માનવી? કોઈ નહિ. તો અવશ્ય જ પર્યાય રહિત દ્રવ્ય ઠરશે. પર્યાયના અભાવમાં પર્યાયવાનનો અભાવ સ્વયં સિદ્ધ છે, તેથી જે વખતે અંકુરનો ઉત્પાદ થાય છે તે જ વખતે બીજ

પર્યાયનો નાશ થાય છે. બીજા શબ્દોમાં આમ પણ કહી શકાય કે જે બીજ પર્યાયનો નાશ છે તે જ અંકુરનો ઉત્પાદ છે. એનો એ અર્થ નથી કે નાશ અને ઉત્પાદ બન્નેનો એક જ અર્થ છે. જો બન્નેનો એક જ અર્થ હોય તો જેનો નાશ છે તેનો જ ઉત્પાદ કહેવો જોઈએ, પરંતુ એમ નથી. નાશ તો બીજનો થાય છે અને ઉત્પાદ અંકુરનો થાય છે, પરંતુ નાશ અને ઉત્પાદ બન્નેના ફળસ્વરૂપ પર્યાય એક જ છે. એમ પણ નથી, કે જે બીજ પર્યાયનો સમય છે તે જ અંકુરના ઉત્પાદનો સમય છે. આમ માનવાથી એક જ સમયમાં બે પર્યાયોની સત્તા માનવી પડશે અને એક [1]સમયમાં બે પર્યાયોનું હોવું પ્રમાણ બાધિત છે, તેથી બીજ પર્યાયના સમયમાં અંકુરનો ઉત્પાદ હોતો નથી, પરંતુ જે બીજ પર્યાયના નાશનો સમય છે તે જ અંકુરના ઉત્પાદનો સમય છે અને બીજ નાશ તથા અંકુરનો ઉત્પાદ, બન્નેય અવસ્થાઓમાં વૃક્ષપણાનો સદ્ભાવ છે. વૃક્ષનો જે સમયે બીજ પર્યાયથી નાશ થયો છે, તે જ વખતે તેનો અંકુર પર્યાયથી ઉત્પાદ થયો છે. વૃક્ષનો સદ્ભાવ બન્નેય અવસ્થાઓમાં છે, તેથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ ગઈ કે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ત્રણેનો એક જ સમય છે, ભિન્ન સમય નથી.

## પૂર્વોક્ત કથનનું સ્પષ્ટીકરણ

**अपि चांकुर सृष्टेरिह य एव समयः स बीजनाशस्य।**
**उभयोरप्यात्मत्वात् स एव कालश्च पादपत्त्वस्य॥२३९॥**

**અન્વયાર્થ**—(अपि च) પૂર્વોક્ત કથનનો ખુલાસો આ પ્રકારે છે, કે (य एव समयः) જે સમય (अंकुरसृष्टेः) અંકુરની ઉત્પત્તિ થવાનો છે (सः) તે જ સમય (बीजनाशस्य) બીજ નાશ થવાનો છે (च) અને (उभयोः अपि आत्मत्वात्) બંનેમાં જ વૃક્ષત્વરૂપ હોવાથી (स एव कालः) તે જ કાળ (पादपत्त्वस्य) વૃક્ષત્વનો પણ છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનો સારાંશ એ છે, કે—અંકુરની ઉત્પત્તિનો જે સમય છે તે જ સમય બીજઅવસ્થાના વ્યયનો પણ છે અને સામાન્યપણે બીજના અભાવ વા અંકુરની ઉત્પાદરૂપ બંને અવસ્થાઓની વિવક્ષામાં વૃક્ષત્વ મોજૂદ છે. માટે વૃક્ષત્વનો પણ તે જ સમય છે. એ પ્રમાણે ઉત્પાદાદિક ત્રણે યુક્તિ તથા ઉદાહરણથી એક જ સમયમાં સિદ્ધ થાય છે.

---

घटमौलि सुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम्।
शोकप्रमोदमाध्यस्थं जनो याति सहेतुकम्। अष्टसहस्री

૧. અર્થાત્ એક પુરુષને સોનાના ઘડાની આવશ્યકતા હતી, બીજાને ઘડાના ટૂકડાની આવશ્યકતા હતી, ત્રીજાને સોનાની જ આવશ્યકતા હતી. ત્રણે એક શેઠને ત્યાં પહોંચ્યા. શેઠને ત્યાં સોનાનો ઘડો પડ્યો હતો, પરંતુ જે વખતે આ ત્રણેય પહોંચ્યા તે જ વખતે તે ઘડો ઉપરથી પડીને ફૂટી ગયો. ઘડો ફૂટતાં જ ત્રણેના એક જ સમયમાં ત્રણ પ્રકારના પરિણામ થઈ ગયા. ઘડાના અર્થીને શોક, ટૂકડાના અર્થીને હર્ષ અને સામાન્ય સુવર્ણના અર્થીને મધ્યસ્થતા. આ જ રીતે ઉત્પાદાદિ ત્રણે એક જ ક્ષણમાં હોય છે.

**तस्मादनवद्यमिदं प्रकृतं सत्त्वस्य चैकसमये स्यात्।**
**उत्पादादित्रयमपि पर्यायार्थान्न सर्वथापि सतः॥२४०॥**

**भवति विरुद्धं हि तदा यदा सतः केवलस्य तत्त्रितयम्।**
**पर्ययनिरपेक्षत्वात् क्षणभेदोपि च तदैव सम्भवति॥२४१॥**

**અન્વયાર્થ**—(तस्मात्) એટલા માટે (इदं प्रकृतं) આ પ્રકૃતકથન (अनवद्यः) નિર્દોષ છે, કે–(सत्त्वस्य च) કથંચિત્ સત્‌રૂપ પદાર્થના જ (एक समये) એક સમયમાં (पर्यायार्थात्) પર્યાયાર્થિકનયની અપેક્ષાએ (उत्पादादि त्रयं अपि) ઉત્પાદાદિક ત્રણે (स्यात्) હોય છે, (अपि) પરંતુ (सर्वथा सतः न) સર્વથા સત્‌ના હોતા નથી, કારણ કે–

(यदा) જો (पर्ययनिरपेक्षत्वात्) પર્યાયોની નિરપેક્ષતાપૂર્વક (केवलस्य सतः) કેવળ સત્‌ના જ (तत्त्रितयं) એ ઉત્પાદાદિક ત્રણે થતા હોય, (तदा) તો તે સમયે (हि) નિશ્ચયથી પ્રકૃતકથન (विरुद्धं भवति) વિરુદ્ધરૂપ થાત (च) અને (तदैव) તે સમયે (क्षणभेदः अपि) તેનો કાળ પણ ભિન્ન-ભિન્ન (संभवति) હોત અર્થાત્ કહેવાત.

**ભાવાર્થ**—માટે અમારું જે પ્રકૃતકથન હતું, કે પર્યાયાર્થિકનયથી કથંચિત્ સત્‌ના જ ઉત્પાદાદિક ત્રણે એક જ સમયમાં હોય છે, પરંતુ સર્વથા સત્‌ના નહિ. એ કથન નિર્દોષ સિદ્ધ થાય છે, કારણ કે—એ ત્રણેનું એક સમયમાં વિરુદ્ધરૂપ હોવું તો તે સમયે થઈ શકત કે જ્યારે કેવળ પર્યાયનિરપેક્ષ સત્‌ના જ ઉત્પાદવ્યય તથા ધ્રૌવ્ય એ ત્રણે માનવામાં આવ્યા હોત, અને તેમાં ક્ષણભેદની સંભાવના પણ ત્યારે જ થઈ શકત, પરંતુ અહીં એમ તો માન્યું નથી. માટે એ ત્રણેનું એક સમયમાં હોવું વિરુદ્ધરૂપ નથી.

**यदि वा भवति विरुद्धं तदा यदाप्येकपर्ययस्य पुनः।**
**अस्त्युत्पादो यस्य व्ययोपि तस्येव तस्य वै ध्रौव्यम्॥२४२॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા (यदा अपि) જે સમયમાં જ (यस्य एक पर्ययस्य) જે કોઈ એક પર્યાયનો (उत्पाद अस्ति) ઉત્પાદ થાય છે, (तस्य एव पुनः) તેનો જ ફરી (व्ययः) વ્યય (अपि) તથા (तस्य वै) તેનો જ (ध्रौव्यं) ધ્રૌવ્ય માન્યો હોત, તો (तदा) તે સમયે (विरुद्धं भवति) ઉત્પાદાદિક ત્રણેનું એક સમયમાં હોવું વિરુદ્ધ થાત.

**ભાવાર્થ**—અથવા એ ત્રણેનું એક સમયમાં હોવું માનવું તો તે સમય વિરુદ્ધ થઈ શકત કે જે સમયે એ ત્રણેને કોઈ એક જ પર્યાયના માન્યા હોત. અર્થાત્ જેનો ઉત્પાદ થયો છે તેનો જ વ્યય તથા તેનો જ ધ્રૌવ્ય પણ માન્યો હોત તો એક સમયમાં એ ત્રણેનું હોવું માનવું વિરુદ્ધરૂપ થઈ પડત. પરંતુ :—

**प्रकृतं सतो विनाशः केनचिदन्येन पर्ययेण पुनः।**
**केनचिदन्येन पुनः स्यादुत्पादो ध्रुवं तदन्येन॥२४३॥**

**અન્વયાર્થ**—(प्रकृतं) પ્રકૃતકથનમાં તો એમ માનવામાં આવ્યું છે કે-(सतः) સત્‌નો (केनचित् अन्येन) કોઈ અન્ય પર્યાયથી (विनाशः) વિનાશ (पुनः) તથા (केनचित् अन्येन) કોઈ અન્ય (पर्ययेण) પર્યાયથી (उत्पाद) ઉત્પાદ (पुनः) તથા (तदन्येन) એ બંનેથી ભિન્ન કોઈ સદ્રશપર્યાયથી (ध्रुवं स्यात्) ધ્રૌવ્ય હોય છે.

**ભાવાર્થ**—પૂર્વપર્યાયના નાશથી વ્યય, ઉત્તર અર્થાત્ નવીનપર્યાયના ઉપજવાથી ઉત્પાદ તથા એ બંને પર્યાયોથી વિલક્ષણતા ધરાવનારી સદ્રશતાથી ધ્રૌવ્ય હોય છે, તેથી એ ત્રણેનું એક સમયમાં હોવારૂપ અમારું પ્રકૃતકથન અવિરુદ્ધ જ સિદ્ધ થાય છે. અહીં દ્રષ્ટાંત :—

**संदृष्टि पादपवत् स्वयमुत्पन्नः सदंकुरेण यथा।**
**नष्टो बीजेन पुनर्ध्रुवमित्युभयत्र पादपत्वेन॥२४४॥**

**અન્વયાર્થ**—(संदृष्टिः पादपवत्) અહીં ઉદાહરણ વૃક્ષની માફક છે, કે-(यथा) જેમ તે વૃક્ષ (सदंकुरेण) સત્‌આત્મક અંકુરરૂપથી (स्वयं) પોતે જ (उत्पन्नः) ઉત્પન્ન છે, (बीजेन नष्टः) બીજરૂપથી નષ્ટ છે (पुनः) તથા (उभयत्र) બંને અવસ્થાઓમાં (पादपत्वेन) વૃક્ષપણાથી (ध्रुवं इति) ધ્રૌવ્ય, એમ પણ છે. અર્થાત્ વૃક્ષમાં જુદી જુદી અપેક્ષાએ એ ત્રણે (બીજ, અંકુર અને વૃક્ષપણું) એક સમયમાં હોય છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનું સાધકદ્રષ્ટાંત આ છે, કે—જેમ વૃક્ષમાં સ્વયં સત્‌રૂપ અંકુરઅવસ્થાથી ઉત્પાદ, બીજરૂપ અવસ્થાના અભાવથી તે જ સમયમાં વ્યય તથા બીજના અભાવ વા અંકુરના ઉત્પાદરૂપ બંને અવસ્થાઓમાં સામાન્યપણે વૃક્ષત્વ મોજુદ હોય છે, તેથી ભિન્ન-ભિન્ન અપેક્ષાએ બીજનો અભાવ, અંકુરનો ઉત્પાદ તથા વૃક્ષત્વ એ ત્રણે એક સમયમાં સિદ્ધ થાય છે. એ જ પ્રમાણે સત્‌માં પણ એક જ સમયમાં ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય એ ત્રણે સિદ્ધ થાય છે. પણ એમ નથી કે :—

**न हि बीजेन विनष्टः स्यादुत्पन्नश्च तेन बीजेन।**
**ध्रौव्यं बीजेन पुनः स्यादित्यध्यक्षपक्षबाध्यत्वात्॥२४५॥**

**અન્વયાર્થ**—(च) પરંતુ (बीजेन विनष्टः स्यात्) જે બીજરૂપથી વ્યય થયો છે (तेन बीजेन उत्पन्न) તે જ બીજથી ઉત્પાદ (पुनः) તથા (बीजेन) તે જ બીજથી (ध्रौव्यं) ધ્રૌવ્ય (नहिस्यात्) થતો નથી, કારણ કે-(इति) એ પ્રમાણે માનવાથી (अध्यक्षपक्षबाध्यत्वात्) એ પક્ષ પ્રત્યક્ષપ્રમાણથી પણ બાધિત થઈ શકે છે અર્થાત્ તેમાં પ્રત્યક્ષપ્રમાણથી બાધા આવે છે.

**ભાવાર્થ**—ઉપરના દૃષ્ટાંતને પુષ્ટ કરવા માટે અહીં વ્યતિરેકપૂર્વક કથન કરવામાં આવે છે, કે—જે બીજરૂપથી તે વૃક્ષ વ્યયરૂપ છે તે જ બીજરૂપથી તે ઉત્પન્ન તથા ધ્રૌવ્યાત્મક માનવામાં આવ્યું નથી, કારણ—એમ માનતાં પ્રત્યક્ષરૂપે બાધા આવે છે. પરંતુ એમ છે, કે—

**उत्पादव्यययोरपि भवति यदात्मा स्वयं सदेवेति।**
**तस्मादेतद्द्वयमपि वस्तु सदेवेति नान्यदस्ति सतः॥२४६॥**

**અન્વયાર્થ**—(यत्) જે કારણથી (उत्पादव्यययोः अपि) ઉત્પાદ અને વ્યય એ બંનેનો (आत्मा) આત્મા (स्वयं) સ્વયં (सदेव इति भवति) સત્, એ જ છે (तस्मात्) એટલા માટે (एतत्द्वयं अपि वस्तु) એ બંને તથા વસ્તુ અર્થાત્ ધ્રૌવ્ય એ ત્રણે (सदेव इति) સત્ જ છે, (सतः) સત્‌થી (अन्यत् न अस्ति) અન્ય નથી અર્થાત્ ભિન્ન નથી.

**ભાવાર્થ**—ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સ્વયં સત્‌રૂપ જ છે. સત્‌થી ભિન્ન સિદ્ધ થતાં નથી. માટે એ ત્રણેને વાસ્તવિક માનવા એ જ ઠીક છે, પરંતુ નં. ૨૦૭મા પદ્યની શંકાનુસાર ઉત્પાદ-વ્યયને કેવળ પરિણતિરૂપ માની દ્રવ્યથી સર્વથા ભિન્ન ન માનવા જોઈએ. સારાંશ :—

**पर्यायादेशत्वादस्त्युत्पादो व्ययोऽस्ति च ध्रौव्यम्।**
**द्रव्यार्थादेशत्वान्नाप्युत्पादो व्ययोऽपि न ध्रौव्यम्॥२४७॥**

**અન્વયાર્થ**—(पर्यायादेशत्वात्) પર્યાયાર્થિકનયની અપેક્ષાએ (उत्पादः अस्ति) ઉત્પાદ છે, (व्ययः अस्ति) વ્યય છે (च) તથા (ध्रौव्यं) ધ્રૌવ્ય છે, પરંતુ (द्रव्यार्थादेशत्वात्) દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ (न उत्पादः अपि) ન ઉત્પાદ છે, (न व्ययः अपि) ન વ્યય છે તથા (न ध्रौव्यं) ન ધ્રૌવ્ય છે.

**ભાવાર્થ**—ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના સર્વ કથનનો ફલિતાર્થ આ, છે કે—ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય એ ત્રણે પર્યાયાર્થિકનયની અપેક્ષાએ કહેવામાં આવે છે, પરંતુ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નહિ.

સદૃશ અને વિસદૃશ એ બંને અવસ્થાઓમાં અંશકલ્પના થઈ શકે છે, તથા એ અંશકલ્પનાને જ પર્યાય કહે છે. એટલા માટે પર્યાયને વિષય કરવાવાળા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે કહ્યા છે, પણ દ્રવ્યાર્થિકનયનો વિષય અભેદરૂપ છે, તેથી તેમાં અંશકલ્પના નથી, એટલે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ ઉત્પાદાદિક ત્રણેમાંથી કોઈ નથી, એમ કહેવામાં આવે છે. અહીં શંકા—

**ननु चोत्पादेन सता कृतमसतैकेन वा व्ययेनाऽथ।**
**यदि वा ध्रौव्येण पुनर्यदवश्यं तत्त्रयेण कथमिति चेत्॥२४८॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એમ છે, કે-(उत्पादेन एकेन सता कृतं) માત્ર એક સત્‌રૂપ ઉત્પાદથી જ કામ ચાલી શકશે (अथवा एकेन असता व्ययेन कृतं) અથવા અસત્‌રૂપ એક વ્યય દ્વારા જ કાર્યસિદ્ધ થઈ શકત (यदि वा) અથવા (ध्रौव्येण कृतं) નિરપેક્ષ એક ધ્રૌવ્યથી જ કામ ચાલી શકત. (पुनः अवश्यं तत्त्रयेण यत् कृतं भवति तत् कथं ?) તો પછી 'એ ત્રણે અવશ્ય હોવા જ જોઈએ અને તો જ વસ્તુસ્વરૂપ કહી શકાય છે' તેનું શું કારણ?

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—ઉત્પાદાદિક ત્રણેને જ ભિન્ન-ભિન્ન અપેક્ષાઓથી એકકાળવર્તી બતાવ્યા, પણ એ ત્રણેને જ કાર્યકારી ન માનતાં કેવળ અન્ય બેથી નિરપેક્ષ કોઈ એકને જ કાર્યકારી કેમ ન માની શકાય? તેનું સમાધાન :—

**तन्न यदविनाभावः प्रादुर्भावध्रुवव्ययानां हि।**
**यस्मादेकेन विना न स्यादितरद्द्वयं तु तन्नियमात्॥२४९॥**

**અન્વયાર્થ**—(तन्न) એ ઠીક નથી. (यत्) કારણ કે-(हि) નિશ્ચયથી (प्रादुर्भाव ध्रुवव्ययानां) ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્ય એ ત્રણેનો એક બીજામાં (अविनाभावः) અવિનાભાવરૂપ સંબંધ છે અને અવિનાભાવસંબંધ આ કારણથી છે, કે-(यस्मात्) જે કારણથી (एकेन विना) એકના વિના (तत् इतरत् द्वयं) બાકીના બંને પણ (नियमात्) નિયમથી (न स्यात्) હોતા નથી.

**ભાવાર્થ**—શંકાકારનું ઉપર્યુક્ત કથન ઠીક નથી, કારણ—ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યમાં પરસ્પર અવિનાભાવસંબંધ હોવાથી એ ત્રણે યુગપદ્ (એકીસાથે) હોય છે, તેથી એ ત્રણેમાંથી કોઈ એકને પણ ન માનવાથી બાકીના બે પણ કોઈ રીતે સિદ્ધ થતા નથી.

**अपि च द्वाभ्यां ताभ्यामन्यतमाभ्यां विना न चान्यतरत्।**
**एकं वा तदवश्यं तत्त्रयमिह वस्तु संसिध्यै॥२५०॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (अन्यतमाभ्यां ताभ्यां द्वाभ्यां विना) કોઈ અન્યતમ એ બંને વિના (अन्यतरत् एकं वा न च) તે અન્યતર એક પણ હોઈ શકતો નથી, (तत्) એટલા માટે (इह) અહીં આગળ (वस्तु संसिध्यै) વસ્તુની સંસિદ્ધિ અર્થે-(तत्त्रयं) એ ઉત્પાદાદિક ત્રણે (अवश्यं) અવશ્ય માનવા જોઈએ.

**ભાવાર્થ**—ઉત્પાદાદિક ત્રણેમાંથી કોઈ બે વિના એકની પણ સિદ્ધિ થઈ શકતી નથી, તેથી વસ્તુની સંસિદ્ધિ માટે અહીં એ ત્રણેને આવશ્યક માન્યા છે. આગળ ગ્રંથકાર એ જ અર્થનું સ્પષ્ટીકરણ કરે છે :—

### ઉત્પાદ વિના વ્યય સિદ્ધ થતો નથી

**अथ तद्यथा विनाशः प्रादुर्भावं विना न भावीति।**
**नियतमभावस्य पुनर्भावेन पुरस्सरत्वाच्च॥२५१॥**

**અન્વયાર્થ**—(अथ) હવે (तद्यथा) તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે (अभावस्य च पुनः) અભાવનો પણ (भावेन) ભાવ દ્વારા (पुरस्सरत्वात्) પુરસ્સર હોવાથી (नियतं) નિયમથી (प्रादुर्भावं विना) ઉત્પાદ વિના (विनाशः इति न भावी) વિનાશ હોઈ શકતો નથી.

**ભાવાર્થ**—હવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેના અવિનાભાવરૂપ સંબંધનો ખુલાસો કરીએ છીએ, કે—કોઈના અભાવનું કથન તેના સદ્ભાવની અપેક્ષા રાખે છે અર્થાત્ સદ્ભાવપૂર્વક જ અભાવનું કથન કરી શકાય છે, તેથી એ પ્રતીતિ અનુસાર ઉત્પાદને ન માનતાં વ્યય પણ સિદ્ધ થઈ શકતો નથી.

### વ્યય વિના ઉત્પાદ સિદ્ધ થતો નથી

**उत्पादोपि न भावी व्ययं विना वा तथा प्रतीतत्वात्।**
**प्रत्यग्रजन्मनः किल भावस्याभावतः कृतार्थत्वात्॥२५२॥**

**અન્વયાર્થ**—(किल) નિશ્ચયથી (प्रत्यग्रजन्मनः) નવીનરૂપથી ઉત્પન્ન થવાવાળો (भावः) ભાવ (अभावतः) અભાવથી (कृतार्थत्वात्) કૃતાર્થ હોવાથી અર્થાત્ ભાવ, અભાવપૂર્વક હોવાથી (वा) અથવા (तथा प्रतीतत्वात्) તથારૂપ પ્રતીતિ હોવાથી (उत्पादोऽपि) ઉત્પાદ પણ (व्ययं विना न भावी) વ્યય વિના હોઈ શકતો નથી.

**ભાવાર્થ**—જેમ અભાવની પ્રતીતિ ભાવપૂર્વક થાય છે તેમ કોઈનો પ્રાદુર્ભાવ (ઉત્પાદ) પણ કોઈના અભાવ (વ્યય) પૂર્વક જ પ્રતીત થાય છે, અર્થાત્ અભાવ વિના કોઈનો સદ્ભાવ પણ કહી શકાતો નથી. કારણ કે પ્રાગ્ભાવનો[1] અભાવ જ નવીન ઉત્પાદરૂપ પડે છે, તેથી વ્યય વિના ઉત્પાદ પણ સિદ્ધ થઈ શકતો નથી.

### ધ્રૌવ્ય વિના ઉત્પાદ-વ્યય સિદ્ધ થતા નથી

**उत्पादध्वंसौ वा द्वावपि न स्तोविनापि तद्ध्रौव्यम्।**
**भावस्याऽभावस्य च वस्तुत्वे सति तदाश्रयत्वाद्वा॥२५३॥**

---

૧. વર્તમાનપર્યાયનો પૂર્વપર્યાયમાં જે અભાવ છે, તેને પ્રાગ્ભાવ કહે છે.

**અન્વયાર્થ**—(वा) અથવા (भावस्य च अभावस्य वस्तुत्वे सति वा) ભાવ અને અભાવ, વસ્તુત્વ હોવા છતાં પણ (तदाश्रयात्) ધ્રૌવ્યને આશ્રિત હોવાથી (उत्पादध्वंसौ द्वौ अपि) ઉત્પાદ અને વ્યય એ બંને પણ (तद्ध्रौव्यं विनापि न स्तः) ધ્રૌવ્ય વિના હોઈ શકતા નથી.

**ભાવાર્થ**—ભાવ તથા અભાવમાં વસ્તુપણું છે અર્થાત્ વસ્તુ, ભાવ-અભાવાત્મક હોય છે. અને વસ્તુને ભાવ-અભાવાત્મક માનતાં જ ઉત્પાદ-વ્યય સિદ્ધ થઈ શકે છે. કારણ વસ્તુત્વનિરપેક્ષ ઉત્પાદવ્યય અવસ્તુ જ ઠરે છે, તેથી તેને કાર્યકારી કહી શકતા નથી, એટલા માટે વસ્તુના વસ્તુત્વરૂપ ધ્રૌવ્યને નહિ માનતાં ઉત્પાદ-વ્યય એ બંને પણ સિદ્ધ થઈ શકતા નથી, અર્થાત્ ધ્રૌવ્ય વિના ઉત્પાદ-વ્યયની પણ સિદ્ધિ થઈ શકતી નથી.

## ઉત્પાદવ્યય વિના ધ્રૌવ્યની પણ સિદ્ધિ થતી નથી

अपि च ध्रौव्यं न स्यादुत्पादव्ययद्वयं विना नियमात्।
यदिह विशेषाभावे सामान्यस्य च सतोप्यभावत्वात्॥२५४॥

**અન્વયાર્થ**—(अपि) તથા (ध्रौव्यं च) ધ્રૌવ્ય પણ (नियमात्) નિયમથી (उत्पादव्ययद्वयं विना) ઉત્પાદ–વ્યય એ બંને વિના (न स्यात्) થતો નથી, (यत्) કારણ કે–(इह) ત્યાં (विशेषाभावे) વિશેષના અભાવમાં (सतः अपि सामान्यस्य च) સત્‌આત્મક સામાન્યનો પણ (अभावत्वात्) અભાવ થાય છે.

**ભાવાર્થ**—વસ્તુ સામાન્ય–વિશેષાત્મક છે, વિશેષનિરપેક્ષ સામાન્ય તથા સામાન્યનિરપેક્ષ વિશેષ એ કોઈ વસ્તુ જ ઠરતી નથી. ધ્રૌવ્ય સામાન્યરૂપ છે તથા ઉત્પાદ-વ્યય વિશેષરૂપ છે. તેથી ઉત્પાદ-વ્યય વિના ધ્રૌવ્ય પણ બની શકતું નથી, કારણ–ઉત્પાદવ્યયાત્મક વિશેષ વિના ધ્રૌવ્યાત્મક સામાન્યની પણ સિદ્ધિ થઈ શકતી નથી. એટલા માટે—

## એ ત્રણેની વ્યવસ્થા યુક્તિસંગત છે

एवं चोत्पादादित्रयस्य साधीयसी व्यवस्थेह।
नैवान्यथाऽन्यनिन्हववदतः स्वस्यापि घातकत्वाच्च॥२५५॥

**અન્વયાર્થ**—(एवं च) એ પ્રમાણે (इह) અહીં આગળ (उत्पादादित्रयस्य) ઉત્પાદાદિક ત્રણેની (व्यवस्था साधीयसी) વ્યવસ્થા ઘણી સારી છે, (च) પરંતુ (अन्यनिन्हव वदतः) એ ઉત્પાદાદિક ત્રણેમાંથી કોઈ એકના નકારને કહેવાવાળો (स्वस्यापि) પોતાના પક્ષનો પણ (घातकत्वात्) ઘાતક થાય છે, તેથી (अन्यथा नैव) કેવળ ઉત્પાદાદિરૂપ કોઈ એકની વ્યવસ્થા માનવી એ ઠીક નથી.

**ભાવાર્થ**—એ પ્રમાણે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેમાં પરસ્પર અવિનાભાવસંબંધ સિદ્ધ થવાથી એ ત્રણેનું માનવું કાર્યકારી છે. પરંતુ તેથી અન્ય પ્રકારે માનવું એ કાર્યકારી નથી; કારણ એ ત્રણેમાંથી કોઈ એકનો પણ અભાવ કહેવાવાળાને બાકીના બેની પણ સિદ્ધિ નહિ થઈ શકવાથી પોતાના પક્ષનો પણ ઘાત થાય છે. એ જ અર્થનું આગળ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

## કેવળ ઉત્પાદ માનતાં દોષ

**अथ तद्यथा हि सर्गं केवलमेकं हि मृगयमाणस्य।**
**असदुत्पादो वा स्यादुत्पादो वा न कारणाभावात्॥२५६॥**

**અન્વયાર્થ**—(अथ तद्यथा) હવે તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે-(हि) નિશ્ચયથી (केवलं) કેવળ (एकं सर्गं हि मृगय माणस्य) એક ઉત્પાદને જ ઢુંઢવાવાળા-માનવાવાળાને (असदुत्पादः स्यात्) કાં તો અસત્‌નો ઉત્પાદ થશે (वा) અથવા (कारणाभावात्) કારણના અભાવથી (उत्पादो वा न स्यात्) ઉત્પાદ જ બનશે નહિ.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે, કે—જો કોઈ, અન્ય નિરપેક્ષ કેવળ ઉત્પાદને જ માનવામાં આવે તો તેને કારણ વિના કાર્યની ઉત્પત્તિ માનવાથી અસત્‌નો ઉત્પાદ માનવો પડશે, અથવા "કારણ વિના કોઈ કાર્યની ઉત્પત્તિ થતી જ નથી" એ ન્યાયથી તે ઉત્પાદ, ઉત્પાદ જ કહી શકાશે નહિ.

## કેવળ વ્યય માનતાં દોષ

**अप्यथ लोकयतः किल संहारं सर्गपक्षनिरपेक्षम्।**
**भवति निरन्वयनाशः सतो न नाशोऽथवाप्यहेतुत्वात्॥२५७॥**

**અન્વયાર્થ**—(अथ) તથા (किल) નિશ્ચયથી (सर्गपक्ष निरपेक्षं) ઉત્પાદરૂપ પક્ષની અપેક્ષા ન રાખતાં (संहारं अपि) કેવળ વ્યયને (लोकयतः) દેખવાવાળા-માનવાવાળાને (सतः) સત્‌નો (निरन्वयनाशः) નિરન્વયનાશ (अथवा) અથવા (अहेतुत्वात्) વ્યયના કારણના અભાવથી (नाशः अपि न भवति) નાશ પણ બનશે નહિ.

**ભાવાર્થ**—અન્યનિરપેક્ષ ઉત્પાદની માફક કેવળ વ્યય માનવાવાળાને પણ વ્યય, નિર્હેતુક હોવાથી કાં તો સત્‌નો નિરન્વયનાશ માનવો પડશે અથવા નિર્હેતુક નાશ બનશે જ નહિ, અર્થાત્ અભાવ પણ ભાવસાપેક્ષ હોય છે, તેથી તે અન્યનિરપેક્ષ વ્યય, વ્યયપદને કહેવા યોગ્ય જ રહેશે નહિ.

### કેવળ ધ્રૌવ્ય માનતાં દોષ

**अथ च ध्रौव्यं केवलमेकं किल पक्षमध्यवसतश्च।**
**द्रव्यमपरिणामि स्यात्तदपरिणामाच्च नापि तद्ध्रौव्यम्॥२५८॥**

**અન્વયાર્થ**—(अथ च) તથા (किल) નિશ્ચયથી (केवलं एकं ध्रौव्यं पक्षं च अध्यवसतः) કેવળ એક ધ્રૌવ્યપક્ષને વિશ્વાસ કરવા–માનવાવાળાને પણ (द्रव्यं अपरिणामि स्यात्) દ્રવ્ય પરિણામી બનશે નહિ (च) તથા (तदपरिणामात्) તેનું પરિણામીરૂપપણું ન હોવાથી (तत् ध्रौव्यं अपि न) તે ધ્રૌવ્ય, ધ્રૌવ્ય પણ કહી શકાશે નહિ.

**ભાવાર્થ**—અન્યનિરપેક્ષ કેવળ ધ્રૌવ્યને માનવાવાળામાં પણ બે દોષ આવે છે, એક તો ઉત્પાદ-વ્યય વિના પરિણામ ન થઈ શકવાથી દ્રવ્ય અપરિણામી ઠરશે, તથા બીજો દોષ એ આવે છે, કે પરિણામ વિના દ્રવ્યનું અસ્તિત્વ પણ સિદ્ધ થતું નથી; તેથી અન્યનિરપેક્ષ ધ્રૌવ્ય, ધ્રૌવ્ય જ કહી શકાશે નહિ.

### કેવળ ઉત્પાદવ્યય માનતાં દોષ

**अथ च ध्रौव्योपेक्षित मुत्पादादिद्वयं प्रमाणयतः।**
**सर्वं क्षणिकमिवैतत् सदभावे वा व्ययो न सर्गश्च॥२५९॥**

**અન્વયાર્થ**—(अथ च) તથા (ध्रौव्योपेक्षितं) ધ્રૌવ્યને છોડી (उत्पादादियं) કેવળ ઉત્પાદાદિક બે ને (प्रमाणवतः) પ્રમાણ માનવાવાળાને પણ (एतत् सर्वं क्षणिकं एव स्यात्) આ બધું કથન ક્ષણિકની માફક થઈ જશે (वा) અથવા (सदभावे) સત્‌આત્મક ધ્રૌવ્યના અભાવમાં (व्ययः च सर्गः न) વ્યય અને ઉત્પાદ પણ થશે નહિ.

**ભાવાર્થ**—ધ્રૌવ્યને છોડી કેવળ ઉત્પાદ-વ્યયને માનવાવાળાને પણ બે દોષ આવશે. એક તો નિત્યતાનો સર્વથા અભાવ માનવાથી સંપૂર્ણ પદાર્થ ક્ષણિકની માફક થઈ જશે તથા બીજો દોષ એ આવશે, કે—એ ત્રણેનો પરસ્પરમાં અવિનાભાવ સંબંધ સિદ્ધ હોવાથી ધ્રૌવ્ય વિના એક પ્રકારથી સત્‌નો પણ અભાવ થઈ જશે, અને તેથી ઉત્પાદ-વ્યય પણ બની શકતાં નથી.

### ઉપસંહાર

**एतद्दोषभयादिह प्रकृतं चास्तिक्यमिच्छता पुंसा।**
**उत्पादादीनामयमविनाभावोऽवगन्तव्यः॥२६०॥**

**અન્વયાર્થ**—(एतद् दोषभयात्) ઉપરના દોષોના ભયથી (च) તથા (प्रकृतं आस्तिक्यं)

પ્રકૃત આસ્તિકતાને (इच्छता पुंसा) ઈચ્છવાવાળા પુરુષોએ (इह) અહીં આગળ (उत्पादादिनां) ઉત્પાદાદિક ત્રણેનો (अयं अविनाभावः) ઉપર કહેલો અવિનાભાવ જ (अवगन्तव्यः) માનવો જોઈએ.

**ભાવાર્થ**—એટલા માટે ઉપરોક્ત દોષોને દૂર કરવા અર્થે પ્રકૃત આસ્તિક્તાનો વિશ્વાસ કરવાવાળા તત્ત્વજ્ઞાનીઓએ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો ઉપર કહેલો અવિનાભાવ જ માનવો જોઈએ. એ પ્રમાણે નં. ૨૪૮ થી નં. ૨૬૦મા પદ્ય સુધી ઉત્પાદાદિક ત્રણેનો પરસ્પરમાં અવિનાભાવ દર્શાવી એ ત્રણેનો એક કાળમાં જ સદ્ભાવ હોવો યુક્તિસંગત છે, એમ સિદ્ધ કર્યું.

એ પ્રમાણે નં. ૭૧ થી નં. ૨૬૦ મા પદ્ય સુધી શંકા–સમાધાનપૂર્વક જે ગુણપર્યાયયુક્ત દ્રવ્ય છે તે જ બધું ઉત્પાદ, વ્યય તથા ધ્રૌવ્યથી યુક્ત સત્ છે; એમ વિસ્તારપૂર્વક સિદ્ધ કરીને હવે આગળ અનેકાન્તાત્મક જ્ઞાનની શુદ્ધિ માટે ગ્રંથકાર વસ્તુસ્થિતિના નિરૂપણનો પ્રારંભ કરે છે—

## અનેકાન્તાત્મક વસ્તુસ્થિતિના નિરુપણની પ્રતિજ્ઞા

**उक्तं गुणपर्ययवद्द्रव्यं यत्तद्व्ययादि युक्तं सत्।**
**अथ वस्तुस्थितिरिह किल वाच्याऽनेकान्तबोध शुद्धयर्थम्॥२६१॥**

**અન્વયાર્થ**—(यत्) જે (गुणपर्ययवद्द्रव्यं) ગુણપર્યાયવાન દ્રવ્ય છે (तत्) તે જ (व्ययादियुक्तं सत्) વ્યયાદિકથી યુક્ત સત્ છે, એમ (उक्तं) કહ્યું (अथ) હવે (इह) અહીં (किल) નિશ્ચયથી (अनेकान्तबोधशुद्धयर्थं) અનેકાન્તાત્મકજ્ઞાનની શુદ્ધિ અર્થે (वस्तुस्थितिः वाच्या) વસ્તુ સ્થિતિ કહેવા યોગ્ય છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે જે ગુણ–પર્યાયવાન દ્રવ્ય છે તે જ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત સત્ છે અર્થાત્ "गुणपर्ययवद्द्रव्यं", "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" અને "सत्द्रव्य-लक्षणं" એ બંને દ્રવ્યના લક્ષણોમાં પરસ્પર વ્યંજ્ય-વ્યંજકભાવ બતાવી એક વાક્યતાનું નિરુપણ કર્યું. હવે આગળ અનેકાન્તાત્મકજ્ઞાનની શુદ્ધિ માટે વસ્તુ સ્થિતિ પ્રતિપાદન કરવામાં આવે છે. અર્થાત્ વસ્તુ સામાન્યરૂપથી ક્યા ક્યા પરસ્પર વિરોધી ધર્મોથી યુક્ત છે, તેનું ગ્રંથકાર નિરુપણ કરે છે. કારણ–એ પરસ્પર વિરોધી ધર્મોના કારણથી વસ્તુ અનેકધર્માત્મક કહેવાય છે તથા એને સમજવાથી જ અનેકાન્તાત્મકજ્ઞાન, સમ્યક્જ્ઞાન કહેવાય છે.

## વસ્તુ યુગ્મચતુષ્ટયથી ગુંથી છે.

**स्यादस्ति च नास्तीति च नित्यमनित्यत्वनेकमेकं च।**
**तदतच्चेति चतुष्टययुग्मैरिव गुम्फितं वस्तु॥२६२॥**

**અન્વયાર્થ**—(स्यात्) કથંચિત્ (अस्ति) અસ્તિ છે (च) તથા કથંચિત્ (नास्ति) નાસ્તિ

છે. (इति) એ (च) તથા (नित्यं) નિત્ય (अनित्यं) અનિત્ય (तु) તથા (एकं च अनेकं) એક તથા અનેક (च) તથા (तदतत्) તત્ તથા અતત્ (इति) એ પ્રમાણે (चतुष्टययुग्मैः) એ ચાર યુગલો દ્વારા (वस्तु) વસ્તુ (गुम्फितं इव) ગુંથિતની માફક છે.

**ભાવાર્થ**—પ્રત્યેક વસ્તુ અસ્તિ—નાસ્તિ, નિત્ય—અનિત્ય, એક—અનેક તથા તત્—અતત્ એ ચાર પરસ્પર વિરોધી ધર્મોના યુગલોથી ગુંથિત છે—યુક્ત છે. તેનું સ્પષ્ટિકરણ—

**अथ तद्यथा यदस्ति हि तदेव नास्तीति तच्चतुष्कं च।**
**द्रव्येण क्षेत्रेण च कालेन तथाथवाऽपि भावेन॥२६३॥**

**અન્વયાર્થ**—(अथ) હવે (तद्यथा) તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે-(हि) નિશ્ચયથી (द्रव्येण) દ્રવ્ય દ્વારા (च) તથા (क्षेत्रेण) ક્ષેત્ર દ્વારા (तथा) તથા (कालेन) કાળ દ્વારા (अथवा) અથવા (भावेन अपि) ભાવ દ્વારા પણ (यत् अस्ति) જે છે (तदेव नास्ति) તે જ પરદ્રવ્ય -ક્ષેત્રાદિથી નથી. (इति) એ પ્રમાણે દ્રવ્યાદિરૂપથી (तच्चतुष्कंच) અસ્તિ-નાસ્તિ આદિ ચતુષ્ટય થઈ જાય છે.

**ભાવાર્થ**—જેમ જે વસ્તુ સામાન્યરૂપથી છે તે જ વસ્તુ વિશેષરૂપથી નથી. એ પ્રમાણે સામાન્ય—વિશેષરૂપથી અસ્તિ—નાસ્તિ યુગલ સિદ્ધ થાય છે, એ જ સામાન્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અપેક્ષાએ વસ્તુ છે તથા વિશેષ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અપેક્ષાએ નથી, તેથી સામાન્ય-વિશેષ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અપેક્ષાએ અસ્તિ—નાસ્તિના ચાર યુગલ થઈ જાય છે. હવે આગળ એ જ દ્રવ્યાદિક ચારેની અપેક્ષાએ ગ્રંથકાર અસ્તિ—નાસ્તિનું કથન કરે છે :—

**વિશેષાર્થ**—તેનું જ સ્પષ્ટીકરણ કરે છે, કે જે કથંચિત્ (કોઈ સ્વરૂપે) છે તે જ કથંચિત્ નથી. એ જ પ્રમાણે જે કથંચિત્ નિત્ય છે તે જ કથંચિત્ અનિત્ય પણ છે. જે કથંચિત્ એક છે તે જ કથંચિત્ અનેક પણ છે. જે કથંચિત્ તે જ છે તે કથંચિત્ તે નથી પણ. આ રીતે આ ચારેય કથંચિત્ વાદ (સ્યાદ્વાદ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાથી હોય છે.

### દ્રવ્યની અપેક્ષા અસ્તિ—નાસ્તિ

**एका हि महासत्ता सत्ता वा स्यादवान्तराख्या च।**
**न पृथक् प्रदेशवत्वं स्वरुपभेदोपि नानयोरेव॥२६४॥**

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (एका महासत्ता) એક મહાસત્તા (वा) તથા બીજી (अवान्तराख्या सत्ता स्यात्) અવાન્તર નામની સત્તા છે. (अनयोः च) એ બંનેમાં (पृथक्प्रदेशवत्वं न) ભિન્ન પ્રદેશપણું નથી અર્થાત્ તેના ભિન્ન-ભિન્ન પ્રદેશ નથી (अपि) તથા (स्वरुपभेदः एव न) સ્વરૂપભેદ પણ નથી.

**ભાવાર્થ**—એક મહાસત્તા તથા બીજી અવાન્તરસત્તા એ પ્રમાણે વિવક્ષાવશ સત્તાના બે ભેદ છે. વાસ્તવમાં બંને સત્તાઓના ન તો પ્રદેશ ભિન્ન છે કે ન સ્વરૂપ ભિન્ન છે.

## મહાસત્તાનો અર્થ

**किन्तु सदित्यभिधानं यत्स्यात्सर्वार्थसार्थसंस्पर्शि।**
**सामान्यग्राहकत्वात् प्रोक्ता सन्मात्रतो महासत्ता॥२६५॥**

**અન્વયાર્થ**—(किन्तु) પરંતુ (सर्वार्थसार्थसंस्पर्शि) સંપૂર્ણ અર્થોને યુગપત્ વિષય કરવાવાળું (यत) જે (सत् इति अभिधानं) સત્, એ કથન (स्यात्) છે તે જ (सन्मात्रतः) કેવળ સત્‌રૂપથી (सामान्यग्राहकत्वात्) સામાન્યનું ગ્રાહક હોવાથી (महासत्ता प्रोक्ता) મહાસત્તા કહેવાય છે.

**ભાવાર્થ**—પરંતુ સર્વ પદાર્થ સત્‌રૂપ છે, સત્‌પણાનું ઉલ્લંઘન કરતાં નથી, તેથી સામાન્યપણે યુગપત્ સંપૂર્ણ અર્થોનું વાચક જે સત્ છે તેને જ મહાસત્તા કહે છે. અર્થાત્ મહાસત્તામાં 'મહા' શબ્દ વ્યાપકપણાનો વાચક છે, તેથી સંપૂર્ણ પદાર્થોમાં વ્યાપકરૂપથી રહેવાવાળી સત્તાને મહાસત્તા કહે છે.

**વિશેષાર્થ**—દરેક પદાર્થનો અસ્તિત્વગુણ જુદો જુદો છે, તે જ અસ્તિત્વ ગુણને 'સત્' એ નામથી પણ કહેવાય છે, કેમ કે એનાથી જ વસ્તુમાં સત્તા કાયમ રહે છે. તે સત્ ગુણ સમાન રીતે સર્વ વસ્તુઓમાં એક સરખો છે. એક સરખો હોવાથી જ તેને એક પણ કહી દે છે અને એનું જ નામ મહાસત્તા કહેવાય છે. વાસ્તવમાં 'મહાસત્તા' નામક કોઈ એક પદાર્થ નથી. કેવળ સમાનતાની અપેક્ષાથી તેને એકત્વ સંજ્ઞા મળી છે.

## અવાન્તરસત્તાનો અર્થ

**अपि चाऽवान्तरसत्ता सद्द्रव्यं सत्गुणश्च पर्यायः।**
**सच्चोत्पादध्वंसौ सदिति ध्रौव्यं किलेति विस्तारः॥२६६॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (सत् द्रव्यं सत् गुणः च पर्यायः) સત્ દ્રવ્ય છે, સત્ ગુણ છે અને સત્ પર્યાય છે (च) તથા (उत्पादध्वंसौ सत्) સત્ જ ઉત્પાદ-વ્યય છે, (सत् इति ध्रौव्यं) સત્ જ ધ્રૌવ્ય છે. (इति विस्तारः किल अवान्तरसत्ता) એ પ્રકારના વિસ્તારનું નામ જ નિશ્ચયથી અવાન્તરસત્તા છે.

**ભાવાર્થ**—સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય, સત્ ઉત્પાદ, સત્ વ્યય અને સત્ જ ધ્રૌવ્ય એ પ્રમાણે વિશેષણ વિશિષ્ટ સત્તાના વિશેષ વિસ્તારને અવાન્તરસત્તા કહે છે, અર્થાત્ અવાન્તરસત્તામાં 'અવાન્તર' શબ્દ વ્યાપ્યનો વાચક છે, તેથી પ્રત્યેક પદાર્થ, તેના ગુણ અને પર્યાયવર્તી વ્યાપ્યસત્તાને અવાન્તરસત્તા કહે છે. સારાંશ કે—

**अयमर्थो वस्तु यदा सदिति महासत्तयावधार्येत।**
**स्यात्तदवान्तरसत्तारुपेणाभाव एव न तु मूलात्॥२६७॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે :–(यदा) જે સમયે (वस्तु) વસ્તુ (सत् इति) કોઈપણ વિશેષણ વિના "સત્" એ આકારરૂપ (महासत्तया) મહાસત્તા દ્વારા (अवधार्येत) અવધારિત કરવામાં આવે છે. (तदा) તે સમયે (तदवान्तरसत्तारुपेण) તેનો અવાન્તરસત્તારૂપથી (अभावः एव स्यात्) અભાવ જ છે, (तु) પરંતુ (मूलात् न) મૂળથી નહિ.

**ભાવાર્થ**—અસ્તિ–નાસ્તિરૂપ પદાર્થને કહેવાનું પ્રયોજન એ છે, કે જોકે વસ્તુ મૂળરૂપથી સત્આત્મક જ છે, તોપણ વિવક્ષાવશ જે સમયે તે વસ્તુ મહાસત્તા દ્વારા સત્રૂપથી પ્રતિપાદન કરવામાં આવે છે, તે સમયે તે વસ્તુ અવાન્તરસત્તા દ્વારા અભાવરૂપથી વિવક્ષિત થાય છે. માટે પ્રત્યેક વસ્તુ અસ્તિ-નાસ્તિરૂપ કહેવાય છે.

**अपि चाऽवान्तरसत्तारुपेण यदावधार्यते वस्तु।**
**अपरेण महासत्तारुपेणाभाव एव भवति तदा॥२६८॥**

**અન્વયાર્થ**—(अपि च) અથવા (यदा) જે સમયે (वस्तु) વસ્તુ (अवान्तरसत्तारुपेण) અવાન્તર અર્થાત્ વિશેષસત્તારૂપથી (अवधार्यते) અવધારિત કરવામાં આવે છે. (तदा) તે સમયે (अपरेण महासत्तारुपेण) બીજી મહાસત્તા અર્થાત્ સામાન્યાત્મક સત્રૂપથી (अभावः एव भवति) તે વસ્તુનો અભાવ જ વિવક્ષિત થાય છે.

**ભાવાર્થ**—જે સમયે અવાન્તરસત્તા દ્વારા સત્ દ્રવ્ય, સત્ ગુણ ઈત્યાદિરૂપથી વસ્તુ વિશેષસત્ત્વયુક્ત વિવક્ષિત થાય છે, તે સમયે મહાસત્તા દ્વારા તે વસ્તુ સામાન્યસત્રૂપથી વિવક્ષિત થતી નથી, એટલા માટે મહાસત્તારૂપથી તે અસત્ છે. એ પ્રકારથી પણ વસ્તુ અસ્તિ–નાસ્તિરૂપ છે.

**વિશેષાર્થ**—વાસ્તવમાં વસ્તુ તો જેવી છે તેવી જ છે. તેમાંથી ન તો કાંઈ કઢી જાય છે અને ન તેમાં કાંઈ કઢી આવે છે. કેવળ કથન શૈલીથી તેમાં ભેદ થઈ જાય છે. જે સમયે વસ્તુને મહાસત્તાની દૃષ્ટિએ જોઈએ છીએ, તે સમયે તે સત્ રૂપ જ દેખાય છે. તે સમયે તે દ્રવ્ય કહી શકાતી નથી, ગુણ પણ કહી શકાતી નથી અને પર્યાય પણ કહી શકાતી નથી, તેથી તે સમયે એમ કહી શકાય છે કે વસ્તુ સત્રૂપે તો છે; પરંતુ તે દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ રૂપે નથી. એ જ પ્રમાણે જે સમયે અવાન્તર સત્તાની દૃષ્ટિએ વસ્તુને જોવામાં આવે છે તે સમયે તે દ્રવ્ય અથવા પર્યાય આદિ વિશેષ સત્રૂપે તો છે, પરંતુ સામાન્ય સત્ રૂપે નથી. આ રીતે વસ્તુમાં કથંચિત્ અસ્તિત્વ અને કથંચિત્ નાસ્તિત્વ સારી રીતે ઘટે છે. વસ્તુમાં નાસ્તિત્વ કેવળ અપેક્ષા દૃષ્ટિથી જ આવે છે. વાસ્તવમાં વસ્તુ અભાવ સ્વરૂપ નથી.

અહીં દ્રષ્ટાંત :–

**दृष्टान्तः स्पष्टोऽयं यथा पटो द्रव्यमस्ति नास्तीति।**
**पटशुक्लत्वादीनामन्यतमस्याविवक्षितत्वाच्च॥२६९॥**

**અન્વયાર્થ**—(अयं दृष्टान्तः स्पष्टः) ઉપરના કથનની સિદ્ધિ માટે આ ઉદાહરણ ઠીક છે, કે–(यथा) જેમ (पटः द्रव्यं अस्ति) પટરૂપ દ્રવ્ય, પટત્વસામાન્યની અપેક્ષાએ છે (च) તથા (पट शुक्लत्वादीनामन्यतमस्याविवक्षितत्वात्) પટના શુક્લત્વાદિ વિશેષ ગુણોમાંથી કોઈપણ એક ગુણની વિવક્ષા ન હોવાથી (नास्ति) નથી. (इति) એ પ્રમાણે પટ કથંચિત્ અસ્તિ–નાસ્તિસ્વરૂપ છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનું સાધક દ્રષ્ટાંત આ છે, કે–જેમ જે સમયે પટદ્રવ્ય, પટત્વસામાન્યપણે વિવક્ષિત થાય છે તે સમયે તે વ્યાપક પટત્વ-સામાન્યપણે તો છે પરંતુ પટ સંબંધી શુક્લાદિ ગુણોમાંથી વ્યાપ્ય કોઈ એક ગુણની વિવક્ષા ન હોવાથી નથી પણ ખરું. એ જ પ્રમાણે દ્રવ્યની અપેક્ષાએ પ્રત્યેક વસ્તુ અસ્તિરૂપ તથા ગુણાદિકની અપેક્ષાએ નાસ્તિરૂપ પ્રતિપાદિત હોવાના કારણથી પ્રમાણદ્રષ્ટિએ અસ્તિ-નાસ્તિરૂપ છે.

એ પ્રમાણે દ્રવ્યદ્રષ્ટિથી વસ્તુને અસ્તિ–નાસ્તિરૂપ પ્રતિપાદિત કરીને હવે આગળ ક્ષેત્રદ્રષ્ટિએ વસ્તુને અસ્તિ-નાસ્તિરૂપ પ્રતિપાદિત કરીએ છીએ.

**વિશેષાર્થ**—શુક્લાદિ ગુણોનો સમૂહ જ પટ કહેવાય છે. જે સમયે પટને મુખ્યપણે કહે છે, તે સમયે તેના ગુણ નહિ જેવા ગણવામાં આવે છે અને જે સમયે શુક્લાદિ ગુણોને મુખ્યપણે કહે છે, તે સમયે પટ પણ નહિ જેવું માનવામાં આવે છે. કથનની અપેક્ષાથી જ વસ્તુમાં મુખ્ય અને ગૌણની વ્યવસ્થા થાય છે તથા તે જ વ્યવસ્થાથી વસ્તુમાં કથંચિત્ અસ્તિવાદ અને કથંચિત્ નાસ્તિવાદ આવે છે. આનું જ નામ સ્યાદ્વાદ છે.

## ક્ષેત્રના ભેદ તથા તેનું સ્વરૂપ

**क्षेत्रं द्विधावधानात् सामान्यमथ च विशेषमात्रं स्यात्।**
**तत्र प्रदेशमात्रं प्रथमं प्रथमेतरं तदंशमयम्॥२७०॥**

**અન્વયાર્થ**—(अवधानात्) વિવક્ષાવશ (क्षेत्रं) ક્ષેત્ર (सामान्यं) સામાન્ય (अथ च) અને (विशेष मात्रं) વિશેષરૂપ એ પ્રકારથી (द्विधा) બે પ્રકારનું (स्यात्) છે. (तत्र) તેમાં (प्रदेशमात्रं) કેવળ પ્રદેશ એ (प्रथमं) સામાન્યક્ષેત્ર કહેવાય છે તથા (तदंशमयं) એ વસ્તુના પ્રદેશરૂપ અંશમય અર્થાત્ અમુક દ્રવ્ય આટલાં પ્રદેશવાળું છે, ઈત્યાદિ (प्रथमेतरं) વિશેષક્ષેત્ર કહેવાય છે.

**ભાવાર્થ**—ક્ષેત્રના બે ભેદ છે, એક સામાન્યક્ષેત્ર તથા બીજું વિશેષક્ષેત્ર. તેમાં દ્રવ્યોના

પ્રદેશમાત્ર કથનને સામાન્યક્ષેત્ર કહે છે, તથા દ્રવ્યોના સંખ્યાત, અસંખ્યાત આદિરૂપ પ્રદેશોના કથનને વિશેષક્ષેત્ર કહે છે.

**વિશેષાર્થ**—વસ્તુનું ક્ષેત્ર પણ બે પ્રકારે કહેવામાં આવે છે. એક સામાન્ય, બીજું વિશેષ. વસ્તુના જેટલા પ્રદેશો છે તે પ્રદેશોના સમુદાયાત્મક દેશને તો સામાન્ય ક્ષેત્ર કહે છે અને તેના અંશોને વિશેષ ક્ષેત્ર કહે છે.

## ક્ષેત્રની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ

अथ केवलं प्रदेशात् प्रदेशमात्रं यदेष्यते वस्तु।
अस्ति स्वक्षेत्रतया तदंशमात्राऽविवक्षितत्वान्न ॥२७१॥

**અન્વયાર્થ**—(अथ) હવે ક્ષેત્રની અપેક્ષાથી અસ્તિ-નાસ્તિ બતાવે છે. (यदा) જે સમયે (वस्तु केवलं प्रदेशात्) વસ્તુ કેવળ પ્રદેશથી (प्रदेशमात्रं इष्यते) પ્રદેશમાત્ર માનવામાં આવે છે (तदा) તે સમયે (स्वक्षेत्रतया अस्ति) પોતાના ક્ષેત્રથી તે અસ્તિરૂપ છે. તથા (तदंश मात्राऽविवक्षितत्वात्) તે તે વસ્તુઓના તે તે અંશોની વિવક્ષા ન હોવાથી તે (न) નાસ્તિરૂપ છે.

**ભાવાર્થ**—જે સમયે વસ્તુ પોતપોતાના વિશેષપ્રદેશોની અપેક્ષા ન કરતાં કેવળ પ્રદેશમાત્રપણાથી વિવક્ષિત થાય છે. તે સમયે તે વસ્તુ પોતપોતાના વિવક્ષિતપ્રદેશોની અપેક્ષાએ અવિવક્ષિત થાય છે, તેથી તે સામાન્યક્ષેત્રની અપેક્ષાએ અસ્તિરૂપ તથા વિશેષક્ષેત્રની અપેક્ષાએ નાસ્તિરૂપ કહેવામાં આવે છે.

अथ केवलं तदंशात्तावन्मात्राद्यदेष्यते वस्तु।
अस्त्यंशविवक्षितया नास्ति च देशाविवक्षितत्वाच्च ॥२७२॥

**અન્વયાર્થ**—(अथ) તથા (यदा) જે સમયે (वस्तु) વસ્તુને (केवलं) કેવળ (तावन्मात्रात् तदंशात्) જેટલા કોઈ તે વસ્તુના અંશ છે એ બધા અંશોથી અર્થાત્ 'અમુક દ્રવ્ય આટલા પ્રદેશવાળું છે' ઇત્યાદિ વિશેષક્ષેત્રની વિવક્ષાએ (इष्यते) માનવામાં આવે છે. (तदा) તે સમયે (अंशविवक्षितया) વિશેષક્ષેત્રના અંશોની અપેક્ષાએ તે સમયે (अस्ति) અસ્તિરૂપ છે (च) તથા (देशाविवक्षितत्वात्) સામાન્યપ્રદેશની વિવક્ષા ન હોવાથી તે (नास्ति च) નાસ્તિરૂપ પણ છે.

**ભાવાર્થ**—જે સમયે જે દ્રવ્યના જેટલા પ્રદેશ છે તેટલા પ્રદેશોની અપેક્ષાએ તે દ્રવ્ય વિવક્ષિત થાય છે, એટલે તે સમયે તે અપેક્ષાએ તો તે અસ્તિરૂપ છે, તથા વ્યાપકરૂપ પ્રદેશમાત્રની અપેક્ષાએ તે નાસ્તિરૂપ છે. દૃષ્ટાંત :—

**વિશેષાર્થ**—અથવા જે સમયે કેવળ દેશના અંશોની અપેક્ષાએ વસ્તુનું કથન કરવામાં આવે છે તે સમયે તે અંશોની અપેક્ષાએ જ છે, પરંતુ દેશની વિવક્ષા ન હોવાથી દેશની અપેક્ષાએ નથી.

**संदृष्टिः पटदेशः क्षेत्रस्थानीय एव नास्त्यस्ति।**
**शुक्लादि तंतुमात्रादन्यतरस्याविवक्षितत्त्वाद्वा ॥२७३॥**

**અન્વયાર્થ**—(संदृष्टिः) આ વિષયમાં આ ઉદાહરણ છે, કે–(क्षेत्रस्थानीयः) ક્ષેત્રસ્થાપનાપન્ન (पटदेशः एव) પટરૂપ દેશ જ (शुक्लादितन्तुमात्रात्) કેવળ શુક્લાદિ તંતુસામાન્યની અપેક્ષાએ (अस्ति) અસ્તિરૂપ છે (वा) તથા (अन्यतरस्य अविवक्षितत्त्वात्) કોઈ એક વિશેષરૂપ તંતુ વા ગુણની વિવક્ષા ન હોવાથી (नास्ति) નાસ્તિરૂપ છે.

**ભાવાર્થ**—ઉપરના કથનનું સાધક ઉદાહરણ આ છે, કે—પટમાં જેટલા પ્રદેશ છે તેને જો પટનું સ્વક્ષેત્ર કલ્પિત કરવામાં આવે કે જે સંપૂર્ણ તંતુ વા શુક્લાદિરૂપ પડે છે, તો તે પટનું ક્ષેત્ર સંપૂર્ણ તંતુ તથા શુક્લાદિરૂપ સામાન્યપણે અસ્તિરૂપ છે, તથા તંતુઓ વા શુક્લાદિ ગુણોમાંથી કોઈ એક વિશેષની વિવક્ષાએ તે નાસ્તિરૂપ છે. એ પ્રમાણે જેમ પટ, સામાન્ય તથા વિશેષક્ષેત્રની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિરૂપ પડે છે તે જ પ્રમાણે દ્રવ્ય પણ સામાન્ય વા વિશેષ-ક્ષેત્રની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિરૂપ પડે છે.

**વિશેષાર્થ**—ક્ષેત્રને માટે દૃષ્ટાંત પટરૂપ દેશ છે. તે શુક્લાદિ સ્વભાવ—તંતુ સમુદાયની અપેક્ષાએ તથા ભિન્ન-ભિન્ન અંશોની અપેક્ષાએ કથંચિત્ અસ્તિ-નાસ્તિરૂપ છે. જે સમયે જેની વિવક્ષા (કહેવાની ઇચ્છા) કરવામાં આવે છે, તે તો તે સમયે મુખ્ય હોવાથી અસ્તિરૂપ છે અને બીજું અવિવક્ષિત હોવાથી તે સમયે ગૌણ છે, તેથી તે નાસ્તિરૂપ છે. આ રીતે ક્ષેત્રની અપેક્ષાએ કથંચિત્ અસ્તિત્વ અને નાસ્તિત્વ સમજવું જોઈએ.

## કાળનું સ્વરૂપ અને તેના ભેદ

**कालो वर्तनमिति वा परिणमनं वस्तुनः स्वभावेन।**
**सोऽपि पूर्ववद्द्वयमिह सामान्यविशेषरुपत्वात् ॥२७४॥**

**અન્વયાર્થ**—(वर्तनं इति) વર્તના એ (वा) અથવા (वस्तुनः स्वभावेन परिणमनं) વસ્તુનું સ્વભાવથી પ્રતિસમય થવાવાળું પરિણમન (कालः) કાળ કહેવાય છે, તથા (इह) અહીં (सःअपि) એ કાળ પણ (सामान्यविशेषरुपत्वात्) સામાન્ય–વિશેષરૂપથી (पूर्ववत् द्वयं) દ્રવ્ય વા ક્ષેત્રની માફક બે પ્રકારે છે.

**ભાવાર્થ**—વર્તનાને અથવા વસ્તુના પ્રતિસમય થવાવાળા સ્વાભાવિકપરિણમનને કાળ કહે છે તથા તે કાળ પણ દ્રવ્ય અને ક્ષેત્રની માફક સામાન્ય–વિશેષરૂપથી બે પ્રકારનો છે.

## સામાન્ય-વિશેષલક્ષણપૂર્વક કાળકૃત અસ્તિ-નાસ્તિ

**सामान्यं विधिरुपं प्रतिषेधात्मा भवति विशेषश्च।**
**उभयोरन्यतरस्यावमग्नोन्मग्नत्वादस्ति नास्तीति॥२७५॥**

**અન્વયાર્થ**—(विधिरुपं) વિધિરૂપ વર્તના વા પરિણમન (सामान्यं) સામાન્યકાળ કહેવાય છે (च) તથા (प्रतिषेधात्मा) નિષેધરૂપ (विशेषः भवति) વિશેષકાળ કહેવાય છે, તથા (उभयोः) એ બંનેમાંથી (अन्यतरस्य अवमग्नोन्मग्नत्वात्) કોઈ એકની મુખ્ય તથા બીજાની ગૌણ વિવક્ષા થવાથી (अस्ति नास्ति इति) "અસ્તિ (છે) તથા નાસ્તિ (નથી)" થાય છે, એ પ્રમાણે અર્થાત્ કાળકૃત અસ્તિ-નાસ્તિરૂપ વિકલ્પ થાય છે.

**ભાવાર્થ**—વિધિરૂપ વર્તના વા પરિણમન સામાન્યકાળ કહેવાય છે તથા નિષેધરૂપ પરિણમન અર્થાત્ વિશેષવર્તના વિશેષકાળ કહેવાય છે, માટે એ બંનેમાંથી કોઈ એક મુખ્ય તથા બીજો ગૌણ થવાના કારણથી કાળની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિરૂપ ભંગ થઈ જાય છે. તેનું સ્પષ્ટિકરણ :—

**तत्र निरंशो विधिरिति स यथा स्वयं सदेवेति।**
**तदिह विभज्य विभागैः प्रतिषेधश्चांशकल्पनं तस्य॥२७६॥**

**અન્વયાર્થ**—(तत्र) એ વિધિ અને પ્રતિષેધમાં (निरंशः) અંશકલ્પના ન હોવી (विधि इति) તે વિધિ છે તથા (सः) તે વિધિ આ પ્રમાણે છે, કે-(यथा) જેમ (स्वयं सदेव इति) સ્વયં સત્ જ છે (च) અને (इह) અહીં (विभागैः) વિભાગો દ્વારા (तत विभज्य) એ સત્‌ના વિભાગ કરતાં (तस्य अंश कल्पनं प्रतिषेधः) તેના અંશોની કલ્પના પ્રતિષેધ કહેવાય છે.

**ભાવાર્થ**—સામાન્ય અને વિશેષનો ખુલાસો આ પ્રમાણે છે. કોઈ પ્રકારની અંશકલ્પના ન કરવી તેને સામાન્ય અથવા વિધિ કહે છે. જેમ દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ કલ્પનાથી રહિત સત્‌ના નિરૂપણને વિધિ કહેવામાં આવે છે તથા દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ વિભાગ કરતાં સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય એ પ્રકારની અંશકલ્પનાને વિશેષ અથવા પ્રતિષેધ કહેવામાં આવે છે.

**વિશેષાર્થ**—સામાન્ય પરિણમનની અપેક્ષાએ વસ્તુમાં કોઇ પ્રકારનો ભેદ હોતો નથી, પરંતુ વિશેષ વિશેષ પરિણમનની અપેક્ષાએ તે જ એક નિરંશરૂપ વસ્તુ અનેક ભેદવાળી થઇ જાય છે અને વસ્તુમાં વર્તતા અંશરૂપ ભેદ જ પ્રતિષેધરૂપ છે.

**तदुदाहरणं सम्प्रति परिणमनं सत्तयावधार्येत।**
**अस्ति विवक्षितत्त्वादिह नास्त्यंशस्याऽविवक्षया तदिह॥२७७॥**

**અન્વયાર્થ**—(सम्प्रति) હવે (तदुदाहरणं) તેનું ઉદાહરણ આ છે, કે–જે સમયે (परिणमनं) કેવળ પરિણમન (सत्तया) સત્તા દ્વારા (अवधार्येत) નિશ્ચય કરવામાં આવે તે સમયે તે (इह) અહીં (विवक्षितत्त्वात्) વિવક્ષિત હોવાથી (अस्ति) અસ્તિરૂપ કાળ છે. તથા (अंशस्य अविवक्षया) અંશોની વિવક્ષા ન હોવાથી (तत्) એ કાળ (इह) અહીં (नास्ति) નાસ્તિરૂપ કાળ છે.

**ભાવાર્થ**—સામાન્ય-વિશેષની વ્યાખ્યા કરીને હવે સામાન્ય તથા વિશેષ કાળનો ખુલાસો કરે છે, કે–સત્ સામાન્યરૂપ પરિણમનની વિવક્ષાએ, કાળ સામાન્યકાળ કહેવાય છે તથા સત્‌ના વિવક્ષિત દ્રવ્ય, ગુણ વા પર્યાયરૂપ વિશેષ અંશોના પરિણમનની અપેક્ષાએ કાળની વિવક્ષા થાય છે, તે સમયે સામાન્યની અપેક્ષાએ અસ્તિરૂપ તથા વિશેષકાળની વિવક્ષા ન હોવાથી નાસ્તિરૂપ કાળકૃત ભંગ થઈ જાય છે.

**વિશેષાર્થ**—તેનું ઉદાહરણ આ રીતે છે, કે જે સમયે વસ્તુમાં ભેદ વિવક્ષા રહિત સત્તા સામાન્યના પરિણમનની વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે તે સામાન્યરૂપ સ્વકાળની અપેક્ષાએ તો છે, પરંતુ અંશોની વિવક્ષા ન હોવાથી વિશેષરૂપ–પરકાળની અપેક્ષાએ તે નથી.

અહીં દૃષ્ટાંત—

**संदृष्टिः पट परिणतिमात्रं कालायतस्वकालतया।**
**अस्ति च तावन्मात्रान्नास्ति पटस्तन्तुशुक्लरुपतया॥२७८॥**

**અન્વયાર્થ**—(संदृष्टिः) તેનું ઉદાહરણ આ છે, કે–(कालायतस्वकालतया) ત્રિકાળ સંબંધી કાળપણાથી અર્થાત્ પ્રતિસમય રહેવારૂપ પટદ્રવ્ય સંબંધી સ્વકાળથી (तावन्मात्रात्) સામાન્યકાળની વિવક્ષાએ (पटः) પટ (पटपरिणतिमात्रं) કેવળ પટના પરિણમનરૂપ (अस्ति) છે. (च) તથા (तन्तु शुक्ल-रुपतया) પટ સંબંધી તંતુ તથા શુક્લાદિરૂપ વિશેષપરિણમનની વિવક્ષાની અપેક્ષાએ (नास्ति) નથી.

**ભાવાર્થ**—જેમ જે સમયે પટ, નિરંતર સામાન્યરૂપથી પોતાની પરિણતિરૂપ સ્વકાળની વિવક્ષાએ અસ્તિરૂપ છે, તે જ સમયે તે પટ પોતાના તંતુ વા શુક્લાદિરૂપ ગુણોમાંથી વિશેષરૂપ કોઈ ગુણની વિવક્ષા ન હોવાથી નાસ્તિરૂપ પણ છે. એ જ પ્રમાણે સત્, જે સમયે પોતાની અભિન્નપરિણતિથી વિવક્ષિત હોવાના કારણથી અસ્તિરૂપ છે, તે જ સમયે તે સત્ પોતાના દ્રવ્ય, ગુણ વા પર્યાયરૂપ અંશોની વિશેષપરિણતિની વિવક્ષા ન હોવાથી નાસ્તિરૂપ પણ છે. હવે આગળ ભાવની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિનો વિચાર કરવામાં આવે છે.

## ભાવનું સ્વરૂપ

**भावः परिणामः किल स चैव तत्त्वस्वरुपनिष्पत्ति।**
**अथवा शक्ति समूहो यदि वा सर्वस्वसारः स्यात्॥२७९॥**

**અન્વયાર્થ**—(किल) નિશ્ચયથી (परिणामः भावः) પરિણામ એ ભાવ છે (च) તથા (सः) તે (तत्त्वस्वरुपनिष्पत्ति एव) તત્ત્વના સ્વરૂપની પ્રાપ્તિરૂપ જ પડે છે (शक्तिसमूहो अथवा) અથવા શક્તિઓનો સમૂહ (सर्वस्वसारः) સંપૂર્ણ દ્રવ્યના નિજસારનું નામ જ ભાવ (स्यात्) છે.

**ભાવાર્થ**—વસ્તુના વસ્તુત્વને પ્રાપ્ત કરવાવાળા પરિણામને અથવા શક્તિઓનો સમૂહ કે જે સારભૂત વસ્તુના સર્વસ્વને ભાવ કહે છે.

### ભાવના ભેદ

**स विभक्तो द्विविधः स्यात्सामान्यात्मा विशेषरुपश्च।**
**तत्र विवक्ष्यो मुख्यः स्यात्स्वभावोऽथ गुणोहि परभावः॥२८०॥**

**અન્વયાર્થ**—(विभक्तः सः) વિભાગ કરતાં તે (सामान्यात्मा) સામાન્યરૂપ ભાવ (च) તથા (विशेषरुपः) વિશેષરૂપ ભાવ એ પ્રમાણે (द्विविधः स्यात्) ભાવ બે પ્રકારના છે. (तत्र) એ બંનેમાંથી (हि) નિશ્ચયથી (विवक्ष्यः स्वभावः मुख्यः स्यात्) વિવક્ષા કરવા યોગ્ય સ્વભાવ અર્થાત્ વિવક્ષિતસ્વભાવ મુખ્ય કહેવાય છે (अथ) તથા (परभावः) અવિવક્ષિત પરભાવ એટલે અન્યભાવ (गुणः) ગૌણ કહેવાય છે.

**ભાવાર્થ**—એ ભાવ સામાન્ય અને વિશેષરૂપથી બે પ્રકારનો છે. તેમાંથી વિવક્ષિત ભાવ મુખ્ય તથા અવિવક્ષિતભાવ ગૌણ કહેવાય છે.

### સામાન્ય અને વિશેષભાવનું સ્વરૂપ

**सामान्यं विधिरेव हि शुद्धः प्रतिषेधकश्च निरपेक्षः।**
**प्रतिषेधो हि विशेषः प्रतिषेध्यः सांशकश्च सापेक्षः॥२८१॥**

**અન્વયાર્થ**—(सामान्यं) સામાન્યભાવ (विधिः) વિધિરૂપ (शुद्धः) શુદ્ધ (प्रतिषेधकः) વિકલ્પમાત્રનો પ્રતિષેધક (च) તથા (निरपेक्षः एव) નિરપેક્ષ જ હોય છે અર્થાત્ સાપેક્ષકથનરૂપ હોતો નથી. અને (हि) નિશ્ચયથી (विशेषः) વિશેષભાવ (प्रतिषेधः) નિષેધરૂપ (प्रतिषेध्यः) નિષેધ કરવા યોગ્ય (सांशकः) અંશકલ્પના સહિત (च) તથા (सापेक्षः) સાપેક્ષ હોય છે.

**ભાવાર્થ**—સામાન્યભાવ વિધિરૂપ, શુદ્ધ, વ્યવહારનો પ્રતિષેધક તથા નિરપેક્ષરૂપ હોય છે; ત્યારે વિશેષભાવ પ્રતિષેધરૂપ, નિશ્ચયનય દ્વારા પ્રતિષેધ કરવા યોગ્ય, અંશ સહિત, વિકલ્પાત્મક અને સાપેક્ષ હોય છે.

આ સંબંધમાં વિશેષ ખુલાસો આગળ નયોનું નિરૂપણ કરતી વેળા ગ્રંથકારે પોતે જ વિસ્તારપૂર્વક કર્યો છે, માટે ત્યાંથી જોઈ લેવો.

## પૂર્વોક્ત કથનનો ખુલાસો

**अयमर्थो वस्तुतया सत्सामान्यं निरंशकं यावत्।**
**भक्तं तदिह विकल्पैर्द्रव्याद्यैरुच्यते विशेषश्च॥२८२॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે-(इह) અહીં (वस्तुतया) વસ્તુત્વરૂપથી (निरंशकं यावत्) જ્યાં સુધી કોઈ પ્રકારની અંશકલ્પના થતી નથી, (तावत्) ત્યાં સુધી (सत्सामान्यं) સત્ સામાન્ય કહેવામાં આવે છે (च) તથા જ્યારે (द्रव्याद्येः विकल्पैः) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ વિકલ્પો દ્વારા (भक्तंतत्) એ સત્ સામાન્યનો વિભાગ કરવામાં આવે છે, ત્યારે જ (विशेषः उच्यते) તે વિશેષ કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—સારાંશ એ છે, કે—વાસ્તવમાં જ્યાં સુધી સત્‌માં કોઈ પણ અંશ કલ્પના કરવામાં આવતી નથી ત્યાં સુધી સત્ સામાન્ય કહેવાય છે, તથા જ્યારે તે જ સત્, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવરૂપ વિકલ્પો દ્વારા વિભાજિત થાય છે ત્યારે તે વિશેષ કહેવાય છે.

**વિશેષાર્થ**—વસ્તુમાં જ્યાં સુધી ભેદબુદ્ધિ થતી નથી ત્યાં સુધી તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ શુદ્ધ છે અને તે જ અવસ્થામાં તે નિરપેક્ષ છે, પરંતુ જ્યારે તેમાં અશુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ ભેદકલ્પના કરવામાં આવે છે, ત્યારે તે વસ્તુ પરસ્પર સાપેક્ષ થઈ જાય છે અને તે જ અવસ્થામાં તે પ્રતિષેધ્ય પણ છે. જે સતત અન્વયરૂપે રહે છે તેને વિધિ કહે છે અને જે વ્યતિરેકરૂપે રહે તેને પ્રતિષેધ્ય કહે છે. વસ્તુ સામાન્ય અવસ્થામાં જ સતત અન્વયરૂપે રહી શકે છે, પરંતુ ભેદ વિવક્ષામાં તે વ્યતિરેકરૂપ ધારણ કરે છે, તેથી સત્ સામાન્યને વિધિરૂપ અને સત્ વિશેષને પ્રતિષેધરૂપ કહેવામાં આવ્યું છે. વસ્તુની વિશેષ અવસ્થામાં જ પ્રતિષેધની કલ્પના કરવામાં આવે છે.

સારાંશ કે—

**तस्मादिदमनवद्यं सर्वं सामान्यतो यदाप्यस्ति।**
**शेषविशेषविवक्षाभावादिह तदैव तन्नास्ति॥२८३॥**

**અન્વયાર્થ**—(तस्मात्) એટલા માટે (इदं सर्वं) આ સર્વ કથન (अनवद्यं) નિર્દોષ છે, કે (यदाऽपि) જે સમયે પણ (सामान्यतः अस्ति) સામાન્યરૂપથી 'છે' અર્થાત્ સત્ અસ્તિરૂપ થાય છે, (तदाएव) તે જ સમયે (इह) અહીં (शेषविशेषविवक्षाभावात्) બાકીના વિશેષોની વિવક્ષાના અભાવથી (तत्) તે સત્ (नास्ति) 'નહિ' પણ છે. અર્થાત્ નાસ્તિરૂપ પણ થાય છે.

**ભાવાર્થ**—માટે અમારું ઉપરોક્ત સર્વ કથન નિર્દોષ છે, કે—જે સમયે વસ્તુ સામાન્યપણાથી છે તે જ સમયે તેમાં બાકીના વિશેષોની અપેક્ષાએ નાસ્તિતા પણ છે.

**यदि वा सर्वमिदं यद्विवक्षितत्वाविशेषतोऽस्ति यदा।**
**अविवक्षितसामान्यात्तदैव तन्नास्ति नययोगात्॥२८४॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા (यदा) જે સમયે (यत् इदं सर्वं) જે આ સર્વ છે, તે (विशेषतः विवक्षित्वात्) વિશેષરૂપથી વિવક્ષિત થવાથી (अस्ति) અસ્તિરૂપ થાય છે, (तदैव) તે સમયે (नययोगात्) નયયોગથી (अविवक्षितसामान्यात्) સામાન્યની વિવક્ષા ન હોવાથી (तत् नास्ति) એ સર્વ નાસ્તિરૂપ પણ થાય છે.

**ભાવાર્થ**—અથવા એ સર્વ જ્યારે વિશેષરૂપથી વિવક્ષિત કરવામાં આવે છે, ત્યારે સામાન્યરૂપની વિવક્ષા ન હોવાથી સામાન્યધર્મ અવિવક્ષિત તથા વિશેષધર્મ વિવક્ષિત થાય છે અને તેથી એ સામાન્ય-વિશેષની અપેક્ષાએ પણ અસ્તિ, નાસ્તિ ઘટી જાય છે.

**વિશેષાર્થ**—અથવા સર્વ પદાર્થ જે સમયે વિશેષપણે વિવક્ષિત થાય છે તે સમયે તે તેની અપેક્ષાએ (વિશેષની અપેક્ષાએ) તો છે, પરંતુ તે સમયે સામાન્ય વિવક્ષાનો તેમનામાં અભાવ હોવાથી સામાન્ય દૃષ્ટિથી તેઓ નથી પણ.

કારણ :—

**तत्र विवक्ष्योभावः केवलमस्ति स्वभावमात्रतया।**
**अविवक्षितपरभावाभावतया नास्ति सममेव॥२८५॥**

**અન્વયાર્થ**—(तत्र) એ બંને ભાવોમાંથી જે સમયે (केवलं) કેવળ (स्वभावमात्रतया) સ્વભાવમાત્રપણાથી (विवक्ष्यः) વિવક્ષા કરવા યોગ્ય (भावः) ભાવ (अस्ति) છે (समं एव) તે જ સમયે તેમાં (अविवक्षित परभावाभावतया) અવિવક્ષિત પરભાવના અભાવથી (नास्ति) તે નાસ્તિરૂપ પણ થાય છે.

**ભાવાર્થ**—અસ્તિ-નાસ્તિરૂપ ભાવોમાંથી જે સમયે કેવળ સ્વભાવમાત્રપણાથી ભાવ વિવક્ષિત થાય છે તે જ સમયે અવિવક્ષિત પરભાવના અભાવની અપેક્ષાએ તે ભાવ નથી પણ ખરો અર્થાત્ નાસ્તિરૂપ પણ પડે છે. અહીં દૃષ્ટાંત :—

**संदृष्टिः पटभावः पटसारो वा पटस्य निष्पत्तिः।**
**अस्त्यात्मना च तदितरपटादिभावाऽविवक्षया नास्ति॥२८६॥**

**અન્વયાર્થ**—(सन्दृष्टिः) ઉદાહરણ આ છે, કે–(पटभावः) પટનો ભાવ (वा) અથવા (पटसारः) પટનો સાર તથા (पटस्य निष्पत्तिः) પટના સ્વરૂપની પ્રાપ્તિ (आत्मना) પોતાના સ્વરૂપથી (अस्ति) છે, (तदितरपटादिभावाऽविवक्षया) તે પટથી ભિન્ન અન્ય પટાદિભાવોની અવિવક્ષાથી (नास्ति) નથી.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનું સાધક દૃષ્ટાંત આ છે, કે—જેમ જે સમયે પટનો ભાવ, પટનો સાર તથા પટની ઉત્પત્તિ સ્વસ્વરૂપથી છે, તે જ પ્રમાણે તે જ સમયે તે પટસામાન્યતાથી તથા અન્ય લાલપટાદિરૂપ વિશેષોની વિવક્ષા ન હોવાથી નથી પણ ખરો.

## ઉપસંહાર

**सर्वत्र क्रम एष द्रव्ये क्षेत्रे तथाऽथ काले च।**
**अनुलोम प्रतिलोमैरस्तीति विवक्षितो मुख्यः ॥२८७॥**

**અન્વયાર્થ**—(अनुलोमप्रतिलोमैः) અનુકૂળ તથા પ્રતિકૂળ પદ્ધતિ દ્વારા (विवक्षितः) વિવક્ષિતભાવ (मुख्यः अस्ति) મુખ્ય થાય છે. (इति एषः क्रमः) એ પ્રકારનો આ ક્રમ (द्रव्ये तथा क्षेत्रे अथ च काले) દ્રવ્યમાં તથા ક્ષેત્રમાં અથવા કાળમાં (सर्वत्र) સર્વત્ર અર્થાત્ તત્–અતત્, એક –અનેક, નિત્ય–અનિત્યમાં સર્વ જગ્યાએ જાણવો.

**ભાવાર્થ**—જે પ્રકારનો ક્રમ ભાવના કથનમાં કહ્યો છે તે જ પ્રકારનો ક્રમ સંપૂર્ણ દ્રવ્ય, ક્ષેત્ર તથા કાળમાં સર્વત્ર અર્થાત્ તત્-અતત્, એક-અનેક, નિત્ય-અનિત્યમાં પણ લગાવવો, કારણ કે અનુલોમ અને પ્રતિલોમ એ બંને પ્રકારથી વિવક્ષિતભાવ મુખ્ય કહેવાય છે તથા અવિવક્ષિતભાવ ગૌણ કહેવાય છે અર્થાત્ જે પ્રમાણે સામાન્યભાવ મુખ્યરૂપે વિવક્ષિત થતાં સમયે વિશેષભાવ અવિવક્ષિત અર્થાત્ ગૌણ થઈ જાય છે, તથા વિશેષભાવની મુખ્યપણે વિવક્ષા થતાં સામાન્યભાવ ગૌણ અર્થાત્ અવિવક્ષિત થઈ જાય છે, એટલે અસ્તિ-નાસ્તિ સિદ્ધ થાય છે. એ જ પ્રકારથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ તથા તત્-અતત્, એક-અનેક, નિત્ય -અનિત્યની અપેક્ષાએ અનુલોમ વા પ્રતિલોમ પદ્ધતિ દ્વારા અસ્તિ-નાસ્તિ સિદ્ધ થાય છે. એ જ રીતે બાકીના ભંગ પણ લગાવવા—

**अपि चैवं प्रक्रियया नेतव्याः पंचशेषभंगाश्च।**
**वर्णवदुक्तद्वयमिह पदवच्छेषास्तु तद्योगात् ॥२८८॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા વિશેષકથન આ છે, કે–(इह) અહીં (एवं प्रक्रियया) એ જ પ્રક્રિયાથી અર્થાત્ શૈલીથી (वर्णवत्) પટગત વર્ણાદિકની માફક (उक्तद्वयं) અસ્તિ–નાસ્તિરૂપ બંને ભંગ કહ્યા (च) તથા (पदवत्) તે પદની માફક (पंचशेषभंगाश्च) બાકીના પાંચ ભંગ તો (तद्योगात्) સ્વયં એ બંને ભંગોને યથા યોગ્ય પ્રકાર દ્વારા મેળવવાથી (नेतव्याः) લગાવી લેવા.

**ભાવાર્થ**—ઉપરના બે શબ્દોથી એમ જ્ઞાત થાય છે, કે—સામાન્યની મુખ્યતા તથા વિશેષની ગૌણતા કરવાથી જે અસ્તિ-નાસ્તિરૂપ વસ્તુ પ્રતિપાદિત થાય છે તેને અનુલોમક્રમ કહે છે, તથા વિશેષની મુખ્યતા અને સામાન્યની ગૌણતા કરવાથી જે અસ્તિ-નાસ્તિરૂપ વસ્તુ પ્રતિપાદિત થાય છે

તેને પ્રતિલોમક્રમ કહે છે. અનુલોમ વા પ્રતિલોમ એ બંને પ્રકારના ક્રમથી વસ્તુ અસ્તિ-નાસ્તિરૂપ પ્રતિપાદિત થાય છે. બાકીના પાંચ ભંગોની યોજના આ પ્રમાણે કરવી. ૧. અસ્તિ, ૨. નાસ્તિ, ૩. ક્રમાર્પિત અસ્તિ-નાસ્તિ, ૪. અસ્તિ-નાસ્તિની યુગપત્ વિવક્ષા ઉપસ્થિત હોવાથી બંનેમાંથી કોઈને પણ કહી શકાતા નથી, તેથી અવક્તવ્ય, ૫. ક્રમાર્પિત અસ્તિ-અવક્તવ્ય, ૬. ક્રમાર્પિત નાસ્તિ-અવક્તવ્ય અને ૭. ક્રમાર્પિત ત્રિસંયોગી અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય, એ પ્રમાણે જુદા જુદા ત્રણ, દ્વિસંયોગી ત્રણ અને ત્રિસંયોગી એક એમ સાત ભંગ થઈ જાય છે.

એ પ્રમાણે પદ્ય નં. ૨૬૧ થી અહીં સુધી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અપેક્ષાએ અનુલોમ તથા પ્રતિલોમક્રમથી વિવક્ષાવશ થવાવાળા અસ્તિ-નાસ્તિના સ્વરૂપનું વર્ણન કર્યું, તથા અનેકાન્તાત્મક બોધની શુદ્ધિ અર્થે અનેકાન્તાત્મક વસ્તુની સ્થિતિ પ્રતિપાદન કરી. હવે આગળ વસ્તુને અસ્તિ -નાસ્તિરૂપ જ કેમ કહી ? કારણ એ બંનેમાંથી કોઈ એક દ્વારા વસ્તુના યોગ્ય સ્વરૂપનું કથન કરી શકાય છે તો પછી (વસ્તુ) ઉભયાત્મક કહેવી એ નિરર્થક અને માત્ર કથનમાં ગૌરવ લાવવાનો પ્રયાસ છે, એ વગેરે રૂપથી શંકા ઉઠાવી ‘વસ્તુ અસ્તિ-નાસ્તિમય જ છે’, એમ ગ્રંથકાર સમર્થન કરે છે. શંકા—

**ननु चान्यतरेण कृतं किमथ प्रायः प्रयासभारेण।**
**अपि गौरवप्रसंगादनुपादेयाच्च वाग्विलासत्वात्॥२८९॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એમ છે, કે–જ્યારે (अन्यतरेण कृतं) અસ્તિ–નાસ્તિ એ બંનેમાંથી કોઈ એકથી જ કામ ચાલી શકે છે, (अथ) તો પછી (प्रायः प्रयासभारेण) બંનેને માનતાં, થવાવાળા પ્રાયઃ પ્રયાસભારથી (किं) શું પ્રયોજન છે? (अपि) તથા એ બંનેને માનવાથી (गौरवप्रसंगात्) ગૌરવતાનો પણ પ્રસંગ આવે છે અર્થાત્ એક પ્રકારનો અતિપ્રસંગ નામનો દોષ આવે છે (च) તથા (वाग्विलासत्वात्) વચનનો વિલાસમાત્ર હોવાથી, (अनुपादेत्) એ બંનેનું માનવું ઉપાદેય (વ્યાજબી) નથી.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—વસ્તુ સ્વસ્વરૂપથી છે તથા પરસ્વરૂપથી નથી; એ પ્રકારનું જે કથન કર્યું તેમાંથી કાં તો વસ્તુ ‘સ્વસ્વરૂપથી છે’ એમ જ માનો અથવા ‘પરસ્વરૂપથી નથી’ એમ જ માનો. કારણ વસ્તુને બંનેરૂપ માનવાથી માત્ર પ્રયાસભાર સિવાય કાંઈ પણ પ્રયોજન સિદ્ધ થતું નથી, અને કેવળ વચનવિલાસ હોવાથી પ્રકરણમાં ગૌરવતાનો જ પ્રસંગ આવે છે, કે જે કોઈ પણ પ્રકારથી ઉપાદેયરૂપ માની શકાતો નથી. હવે આગળ એ જ શંકાના અર્થનો ખુલાસો શંકાકાર કરે છે :—

**अस्तीति च वक्तव्यं यदि वा नास्तीति तत्त्वसंसिध्यै।**
**नोपादानं पृथगिह युक्तं तदनर्थकादिति चेत्॥२९०॥**

**અન્વયાર્થ**—(तत्त्वसंसिध्यै) તત્ત્વની સંસિદ્ધિ માટે (अस्ति इति) કેવળ અસ્તિ એ જ

(यदिवा) અથવા (नास्ति इति) કેવળ નાસ્તિ એ જ (वक्तव्यं) કહેવું જોઈએ, કારણ- (तदनर्थकात्) બંનેને માનવાથી કોઈ પ્રયોજન નીકળતું નથી, માટે (इह) અહીં (पृथक् उपादानं) બંનેનું પૃથક્ ગ્રહણ કરવું (युक्तं न) યુક્ત નથી. (इतिचेत्) જો એમ કહો તો?

**ભાવાર્થ**—વસ્તુના વસ્તુપણાની સિદ્ધિ માટે કાં તો વસ્તુ સ્વસ્વરૂપથી છે, એમ માનો અગર વસ્તુ પરસ્વરૂપથી નથી એમ માનો. પણ અનર્થક હોવાથી બંનેનું માનવું યુક્તિસંગત નથી. તેનું સમાધાન—

**तन्न यतः सर्वं स्वं तदुभयभावाध्यवसितमेवेति।**
**अन्यतरस्य विलोपे तदितरभावस्य निह्नवापत्तेः॥२९१॥**

**અન્વયાર્થ**—(तन्न) એ ઠીક નથી, (यतः) કારણ–(सर्वं स्वं) દ્રવ્યનું સર્વ નિજસ્વરૂપ (तदुभयभावाध्यवसितंएव) અસ્તિ–નાસ્તિરૂપ ભાવથી યુક્ત જ છે, (इति) માટે (अन्यतरस्य विलोपे) એ બંનેમાંથી કોઈ એકને ન માનતાં (तदितरभावस्य) એ ભિન્ન (બાકીના બીજા) ભાવના પણ (निह्नवापत्तेः) લોપનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ**—શંકાકારનું ઉપરોક્ત કહેવું ઠીક નથી. કારણ—સર્વ પદાર્થો અસ્તિ-નાસ્તિરૂપ બંને ભાવમય છે, તેથી કોઈ એકને ન માનતાં બાકીના બીજાની સિદ્ધિ પણ થઈ શકતી નથી. એટલા માટે એ બંનેમાંથી કોઈ એકનું માનવું એ ઠીક નથી, પરંતુ પરસ્પર સાપેક્ષ બંનેનું જ માનવું યુક્તિસંગત છે. તેનું સ્પષ્ટીકરણ—

**स यथा केवलमन्वयमात्रं वस्तु प्रतीयमानोपि।**
**व्यतिरेकाभावे किल कथमन्वयसाधकश्च स्यात्॥२९२॥**

**અન્વયાર્થ**—(स यथा) અસ્તિ–નાસ્તિમાંથી કોઈ એકને ન માનતાં શેષ બીજાના અભાવનો પ્રસંગ આ પ્રમાણે આવે છે, કે જો–(केवलं) કેવળ (अन्वयमात्रं) અન્વયરૂપ જ (वस्तु) વસ્તુ માનવામાં આવે તો (किल) નિશ્ચયથી (प्रतीयमानः) પ્રતીયમાન (अन्वयसाधकः) અન્વયના સાધક (व्यतिरेकाभावः) વ્યતિરેક (अपि च) વિના અન્વય પણ (कथं स्यात्) કેવી રીતે કહી શકાય? અર્થાત્ કોઈ પ્રકારે નહિ.

**ભાવાર્થ**—દ્રવ્યમાં "સત્ સત્" એવા આકારવાળો(પ્રકારવાળો) જે નિરંતર પ્રત્યય(ખ્યાલ) થયા કરે છે તેને અન્વય કહે છે, તથા તેની પ્રત્યેક પર્યાયોમાં "આ આ છે, પણ તે નથી" એવા આકારવાળી જે પ્રતીતિ થાય છે તેને વ્યતિરેક કહે છે. હવે અન્વય વા વ્યતિરેક બંને, દરેક દ્રવ્યમાં હોય છે. એટલા માટે વસ્તુને કેવળ અસ્તિરૂપ માનવાથી વસ્તુમાં પર્યાયના નિમિત્તથી જે વ્યતિરેકની પ્રતીતિ થાય છે, તેનો અભાવ થઈ જાય કારણ—વ્યતિરેક

(વિશેષ) અને અન્વય (સામાન્ય) એ બંને પરસ્પર સાપેક્ષ છે. વ્યતિરેક વિના અન્વય તથા અન્વય વિના વ્યતિરેક સિદ્ધ થઈ શકતો નથી. માટે પ્રતીયમાન અન્વયના સાધક વ્યતિરેક વિના અન્વય પણ કેવી રીતે સિદ્ધ કરી શકાય છે? કહ્યું પણ છે, કે—"निर्विशेष हि सामान्यं भवेच्छशविषाणवत्" અર્થાત્ વિશેષની અપેક્ષા વિના સામાન્યનું નિરૂપણ શશવિષાણની (સસલાનાં શિંગડાની) માફક જૂઠ ઠરે છે. હવે આગળ શંકા–સમાધાનપૂર્વક અન્વય તથા વ્યતિરેકની પરસ્પર સાપેક્ષતાને ગ્રંથકાર સિદ્ધ કરે છે. શંકા—

ननु का नो हानिः स्यादस्तु व्यतिरेक एव तद्वदपि।
किन्त्वन्वयो यथाऽस्ति व्यतिरेकोप्यस्ति चिदचिदिव॥२९३॥

यदि वा स्यान्मतं ते व्यतिरेके नान्वयः कदाप्यस्ति।
न तथा पक्षच्युतिरिह व्यतिरेकोप्यन्वये यतो न स्यात्॥२९४॥

तस्मादिदमनवद्यं केवलमयमन्वयो यथास्ति तथा।
व्यतिरेकोस्त्यविशेषादेकोक्त्या चैकशः समानतया॥२९५॥

दृष्टान्तोप्यस्ति घटो यथा तथा स्वस्वरुपतोस्ति पटः।
न घटः पटेऽथ न पटो घटेपि भवतोऽथ घटपटाविह हि॥२९६॥

न पटाभावो हि घटो न पटाभावे घटस्य निष्पत्तिः।
न घटाभावो हि पटः पटसर्गो वा घटव्ययादिति च[1]॥२९७॥

तत्किं व्यतिरेकस्यभावेन विनाऽन्वयोपि नास्तीति।
अस्त्यन्वयः स्वरुपादिति वक्तुं शक्यते यतस्त्विति चेत्॥२९८॥

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે–એમાં (नः का हानि स्यात् ?) અમારી શું હાનિ છે? કારણ–(व्यतिरेकः अपि) વ્યતિરેક પણ (तद्वत एव अस्तु) અન્વયની માફક જ ભલે હો, (किन्तु) પરંતુ (चिदचित् इव) ચેતન અને અચેતનની માફક (यथा) જેમ (अन्वयः अस्ति) અન્વય છે, (तथा) તે જ પ્રમાણે (व्यतिरेकः अपि अस्ति) વ્યતિરેક પણ છે. અર્થાત્ ચેતન–અચેતનની માફક એ અન્વય અને વ્યતિરેક પણ ભિન્ન છે–પરસ્પર સાપેક્ષ નથી.

---

૧. 'इतिचेत्' એ પાઠ આગળના શ્લોકમાં બીજી વાર 'इतिचेत्' પાઠ હોવાથી અશુદ્ધ માલુમ પડે છે, તેથી અહીં તેને અન્વયમાં લીધો નથી.

**અન્વયાર્થ**—(यदि वा) અથવા કદાચિત્ (ते मतं स्यात्) તમારો એ મત હોય, કે (व्यतिरेके) વ્યતિરેકમાં (कदा अपि) કદી પણ (अन्वयः न अस्ति) અન્વય હોતો નથી. તોપણ (तथा पक्षच्युतिः न) એમ માનવાથી અમારા પક્ષનો ઘાત થતો નથી, (यतः) કારણ-(इह) અહીં આગળ (अन्वये अपि) અન્વયમાં પણ (व्यतिरेकः न स्यात्) વ્યતિરેક રહેતો નથી.

**અન્વયાર્થ**—(तस्मात्) એટલા માટે (इदं अनवद्यं) આ નિર્દોષ છે, કે-(एकशः) એક એક વારથી (अविशेषात्) કોઈ પણ વિશેષતા વિના (समानतया) સામાન્યરૂપે (एकोक्त्या) એક એક ઉક્તિ દ્વારા અર્થાત્ જુદી જુદી ઉક્તિથી (केवलं) કેવળ (यथा) જેમ (अयं अन्वयः अस्ति) આ અન્વય છે, (तथा च) તે જ પ્રમાણે (व्यतिरेकः अस्ति) વ્યતિરેક છે.

**અન્વયાર્થ**—(अथ दृष्टांतः अपि अस्ति) ઉપરના કથનનું સાધક દૃષ્ટાંત પણ આ છે કે- (यथा) જેમ (स्वस्वरुपतः) પોતાના સ્વરૂપથી (घटः अस्ति) ઘટ છે, (तथा) તે જ પ્રમાણે પોતાના સ્વરૂપથી (पटः अस्ति) પટ પણ છે. કારણ કે (पटे घटः न) પટમાં ઘટ રહેતો નથી (अथ) તથા (घटेऽपि पटः न) ઘટમાં પટ પણ રહેતો નથી. પરંતુ (हि) નિશ્ચયથી (इह) અહીં (घटपटौ भवतः) ઘટ અને પટ બંને સ્વતંત્ર પદાર્થ છે.

**અન્વયાર્થ**—તથા (हि) નિશ્ચયથી (न पटाभावः) ન પટનો અભાવ (घटः) ઘટ છે તથા (न पटाभावे) ન પટના અભાવમાં (घटस्य निष्पत्तिः) ઘટની ઉત્પત્તિ થાય છે (च) તથા (हि) નિશ્ચયથી (न घटाभावः) ન ઘટનો અભાવ (पटः) પટ છે અને ન (घटव्ययात्) ઘટના નાશથી (पटस्य सर्गः वा) પટની ઉત્પત્તિ પણ થાય છે.

**અન્વયાર્થ**—(इति) એ પ્રમાણે જ્યારે એવી પરિસ્થિતિ છે, (तत्किं) તો પછી એમ કેમ કહી શકાય કે-(व्यतिरेकस्य भावेन विना) વ્યતિરેકના સદ્ભાવ વિના (अन्वयोऽपि) અન્વય પણ (नास्ति इति) હોઈ શકતો નથી? (यतः) કારણ (अन्वयः) અન્વય (स्वरुपात्) પોતાના સ્વરૂપથી (अस्ति) છે અર્થાત્ અન્વયનું સ્વરૂપ વ્યતિરેકથી ભિન્ન છે, (इति तु) એમ તો (वक्तुं शक्यते) કહી શકાય છે, (इति चेत) જો એમ કહો તો?

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—જો વ્યતિરેક વિના અન્વય સિદ્ધ ન થઈ શકતો હોય તો અન્વયની માફક વ્યતિરેકને પણ અમે માની લઈએ, પરંતુ અમે તેને ચેતન—અચેતનની માફક પરસ્પર ભિન્ન માનીશું. જૈનસિદ્ધાંતાનુસાર પરસ્પર સાપેક્ષ નહિ માનીએ. જો કદાચિત્ એમ કહેવામાં આવે, કે—બંનેને સ્વતંત્ર માનવાથી વ્યતિરેકમાં અન્વય રહેશે નહિ, તોપણ તેથી અમારા પક્ષને ધક્કો પહોંચતો નથી. કારણ—અમે અન્વયમાં પણ વ્યતિરેક માનતા નથી. તેથી અમારું આ કથન નિર્દોષ છે, કે—કોઈ પણ વિશેષતા વિના અન્વય—વ્યતિરેક બંને સમાનરૂપથી અર્થાત્ સ્વતંત્રતાથી રહે છે. હવે અહીં દૃષ્ટાંતપૂર્વક ઉપરની શંકાનું સ્પષ્ટીકરણ કરે છે—

**પૂર્વોક્ત કથનનું (શંકાકારનું) સાધક ઉદાહરણ આ છે, કે—જેમ પોતાના સ્વરૂપની અપેક્ષાએ ઘટ વિદ્યમાન છે તે જ પ્રમાણે પોતાના સ્વરૂપની અપેક્ષાએ પટ વિદ્યમાન છે. પટમાં ન તો ઘટ રહે છે કે ઘટમાં ન તો પટ રહે છે, પરંતુ લોકમાં ઘટ અને પટ બંને જુદા જુદા સિદ્ધ સ્વતંત્ર પદાર્થ છે.**

**તથા જેવી રીતે પટનો અભાવ કંઈ ઘટરૂપ નથી અથવા પટનો અભાવ થતાં ઘટનો ઉત્પાદ થાય એવો પણ કોઈ નિયમ નથી. એ પ્રમાણે ઘટનો અભાવ પટરૂપ નથી તથા ઘટના નાશથી પટનો ઉત્પાદ થયો હોય, એમ પણ નથી.**

**તો પછી એમ કેમ કહો છો, કે—વ્યતિરેક વિના અન્વય હોઈ શકતો નથી? કારણ અન્વય પોતાના સ્વરૂપથી જુદો જ પ્રતિપાદન કરી શકાય છે અર્થાત્ વ્યતિરેક નિરપેક્ષ કહી શકાય છે, જો એમ કહો તો?**

**વિશેષાર્થ**—શંકાકાર કહે છે, કે જો વ્યતિરેકના અભાવમાં અન્વય ન બની શકે તો વ્યતિરેકને પણ તેની પેઠે માનો. એમાં અમને શું નુકશાન છે? પરંતુ એટલું અવશ્ય માનવું જોઈએ કે અન્વય સ્વતંત્ર છે અને વ્યતિરેક સ્વતંત્ર છે. તે બંને જેવા જીવ અને અજીવ સ્વતંત્ર છે તેવા જ સ્વતંત્ર છે. જો કદાચ તમારો એવો સિદ્ધાંત હોય કે વ્યતિરેકમાં અન્વય કદી રહેતો નથી, તોપણ અમારા પક્ષનું ખંડન થતું નથી, કેમ કે જેવી રીતે વ્યતિરેકમાં અન્વય રહેતો નથી, તેવી જ રીતે અન્વયમાં વ્યતિરેક પણ રહેતો નથી. તેથી આ વાત નિર્દોષ સિદ્ધ છે કે જેમ કેવળ અન્વય છે, તેવી જ રીતે વ્યતિરેક પણ છે. સામાન્ય દૃષ્ટિથી બન્નેય સમાન છે. જેમ અન્વય કહેવાય છે તેમ જ વ્યતિરેક પણ કહેવાય છે. આ વિષયમાં દૃષ્ટાંત પણ ઘટ, પટનું લઈ લ્યો. જેવી રીતે ઘટ પોતાના સ્વરૂપ સાથે જુદો છે, તેવી જ રીતે પોતાના સ્વરૂપ સહિત પટ પણ જુદું છે. પટમાં ઘટ રહેતો નથી અને ઘટમાં પટ રહેતું નથી, પરંતુ ઘટ અને પટ બન્ને જુદા જુદા છે. જેમ પટનો અભાવ તે ઘટ નથી અને ન તો પટના અભાવમાં ઘટની ઉત્પત્તિ થાય છે. તેવી જ રીતે પટમાં ઘટનો અભાવ નથી અને ન ઘટના અભાવથી પટની ઉત્પત્તિ થાય છે. આવી સ્થિતિમાં આપનું (ગ્રંથકારનું) એમ કહેવું કે વ્યતિરેકના અભાવમાં અન્વય પણ હોતો નથી, તે બરાબર નથી, કેમ કે ઘટ પટની જેમ અમે એમ કહી શકીએ છીએ કે અન્વય પોતાના સ્વરૂપથી જુદો છે અને વ્યતિરેક પણ પોતાના સ્વરૂપથી જુદો છે, એવી અવસ્થામાં વ્યતિરેક વિના પણ અન્વય હોઈ શકે છે?

ઉપર કરેલા કથન પ્રમાણે  શંકાકાર અન્વયને સ્વતંત્ર માને છે અને વ્યતિરેકને સ્વતંત્ર માને છે. તે વસ્તુને સાપેક્ષ, ઉભય ધર્માત્મક માનતો નથી.

**તેનું સમાધાન—**

**तन्न यतः सदिति स्यादद्वैतं द्वैतभावभागपि च।**
**तत्र विधौ विधिमात्रं तदिह निषेधे निषेधमात्रं स्यात्॥२९९॥**

**અન્વયાર્થ**—(तन्न) એ ઠીક નથી. (यतः) કારણ કે (इह) અહીં (सद्इति) સત્ એ (द्वैतभावभागपि) દ્વૈતભાવને ધારણ કરવાવાળું છે, તોપણ (अद्वैतं च स्यात्) અદ્વૈત જ છે. કારણ

(तत्र विधौ) એ સત્‌માં વિધિ વિવક્ષિત થતાં (तत्) તે સત્ (विधिमात्रं) કેવળ વિધિરૂપ તથા (निषेधे) નિષેધમાં (निषेधमात्रं स्यात्) કેવળ નિષેધરૂપ પ્રતીત થાય છે.

**ભાવાર્થ**—ઉપરોક્ત કથન ઠીક નથી. કારણ કે જૈનદર્શનમાં સત્ વિવક્ષાવશ દ્વૈતભાવને ધારણ કરવા છતાં પણ અદ્વૈતરૂપ જ છે, તેથી તેમાં જે સમયે અન્વય વિવક્ષિત થાય છે તે સમયે તે સત્ કેવળ અન્વયરૂપ જ પ્રતીત થાય છે તથા જે સમયે તેમાં અન્વયને ગૌણ કરી વ્યતિરેક વિવક્ષિત કરવામાં આવે છે તે સમયે તે સત્ કેવળ નિષેધરૂપ જ પ્રતીત થાય છે, અર્થાત્ મુખ્ય—ગૌણ વ્યવસ્થાથી વિધિ વા નિષેધ—અન્વય યા વ્યતિરેક વિવક્ષિત થતાં વિવક્ષિત મુખ્ય અને અવિવક્ષિત ગૌણ થઈ જાય છે. નયજ્ઞાનથી એક મુખ્ય તથા બીજું ગૌણ થતાં વસ્તુ સત્‌આત્મક વા અસતાત્મક કહી શકાય છે. પરંતુ પ્રમાણજ્ઞાનથી જે સત્ છે તે જ દ્રવ્ય, ગુણ વા પર્યાય છે તથા જે દ્રવ્ય, ગુણ, પર્યાય છે તે જ સત્ છે એમ કહેવાય છે. કારણ—પ્રમાણ સામાન્ય—વિશેષાત્મક વસ્તુને યુગપત્ વિષય કરે છે. પરંતુ એમ નથી કે :—

**नहि किंचिद्विधिरुपं किंचित्तच्छेषतो निषेधांशम्।**
**आस्तां साधनमस्मिन्नाम द्वैतं न निर्विशेषत्वात्॥३००॥**

**અન્વયાર્થ**—પરંતુ (किंचिद्विधिरुपं) કંઈક વિધિરૂપ અને (तत्शेषतः किंचित् निषेधांशं) એ વિધિથી બાકી રહેલો અંશ કંઈક નિષેધરૂપ, એમ (नहि) નથી. તથા (अस्मिन्) એ પ્રમાણે નિરપેક્ષ વિધિ–નિષેધરૂપ સત્‌ને સાધ્ય કરવામાં (साधनं नाम आस्तां) હેતુને મળવું તો દૂર રહો પણ (निर्विशेषत्वात्) વિશેષતા ન રહેવાથી વાસ્તવમાં (द्वैतं न) દ્વૈત પણ સિદ્ધ થઈ શકતું નથી.

**ભાવાર્થ**—પરંતુ એક જ સત્‌માં કોઈક અંશ વિધિરૂપ હોય અને તેનાથી અવશિષ્ટ કોઈક અંશ નિષેધરૂપ હોય છે એમ પણ નથી, કારણ—નિરપેક્ષ વિધિરૂપ તથા નિષેધરૂપ સત્‌ને સિદ્ધ કરવા માટે હેતુ મળવાની તો વાત જ શું? પરંતુ વાસ્તવમાં સામાન્ય—વિશેષમાં દ્વૈતભાવ પણ નથી. કેવળ વિવક્ષાવશ દ્વૈત પ્રતીત થાય છે.

### સંજ્ઞાભેદથી પણ અદ્વૈતમાં બાધા આવતી નથી.

**न पुनर्द्रव्यान्तरवत्संज्ञा भेदोप्यबाधितो भवति।**
**तत्र विधौ विधिमात्राच्छेषविशेषादिलक्षणाभावात्॥३०१॥**

**અન્વયાર્થ**—(पुनः) અને (शेषविशेषादिलक्षणाभावात्) બાકીના વિશેષાદિકોના લક્ષણથી અર્થાત્ કોઈ પણ પ્રકારની વિશેષતા ન હોવાથી (तत्रविधौ विधिमात्रात्) એ વિવક્ષિત વિધિરૂપ અંશમાં કેવળ વિધિ ઉપલબ્ધ હોવાથી (द्रव्यान्तरवत्) ભિન્ન દ્રવ્યની માફક એ બંનેમાં અર્થાત્ વિધિ નિષેધમાં (संज्ञाभेदः अपि) સંજ્ઞાભેદ પણ (अबाधितः न भवति) અબાધિત નથી.

**ભાવાર્થ**—જો કદાચિત એમ કહો, કે—દ્વૈતનો સાધક સંજ્ઞાભેદ છે, અર્થાત્ અન્વય—વ્યતિરેક જુદી જુદી સંજ્ઞાવાળા હોવાથી દ્વૈત સિદ્ધ કરી શકાય છે, તો આમ કહેવું પણ ઠીક નથી. કારણ—સામાન્ય અને વિશેષ કેવળ જુદી જુદી વિવક્ષાવશ જ ભિન્ન—ભિન્ન છે પણ વસ્તુતાએ એમાં કોઈ (ક્ષેત્ર) ભેદ નથી. માત્ર જે સમયે વિધિ વિવક્ષિત થાય છે તે સમયે વ્યતિરેક ગૌણ થઈ જવાથી કેવળ વિધિમાત્ર તત્ત્વ પ્રતીત થાય છે. એટલે સંજ્ઞાભેદ દ્વારા દ્વૈતતા સિદ્ધ કરવી પણ બાધિત થઈ જાય છે.

**अपि च निषिद्धत्वे सति नहि वस्तुत्वं विधेरभावत्वात्।**
**उभयात्मकं यदि खलु प्रकृतं न कथं प्रमीयेत॥३०२॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (निषिद्धत्वे सति) નિષેધત્વ વિવક્ષિત થતાં (अभावत्वात्) અવિવક્ષિત થવાના કારણથી (विधेः) વિધિમાં (वस्तुत्वं) વસ્તુપણું (नहि) નથી. (यदि) જો એમ કહો, કે–(उभयात्मकं) વસ્તુ ઉભયાત્મક છે, તો (खलु) નિશ્ચયથી (प्रकृतं कथं न प्रमीयेत) અમારું પ્રકૃત કથન અર્થાત્ 'દ્રવ્ય અન્વયવ્યતિરેકાત્મક છે' એ કથન કેમ પ્રમાણિક ન માની શકાય?

**ભાવાર્થ**—નિષેધ નામ વિશેષનું છે, તેથી જે સમયે નિષેધ વિવક્ષિત થાય છે તે સમયે નિષેધ મુખ્ય અને વિધિ ગૌણ થઈ જવાના કારણથી વસ્તુ નિષેધાત્મક કહેવાય છે પણ વિધિરૂપ નહિ. આ ઉપર જો શંકાકાર એમ કહે, કે—વસ્તુ ઉભયાત્મક હોવાથી તે કેવળ વિધિરૂપ વા નિષેધરૂપ કેમ કહી શકાય? તેનો ઉત્તર આ છે, કે—જો તમે વસ્તુને ઉભયાત્મક માનો છો, તો પછી તેને અન્વય—વ્યતિરેકાત્મક જ કેમ માની લેતા નથી? તેનો ખુલાસો—

**तस्माद्विधिरुपं वा निर्दिष्टं सन्निषेधरुपं वा।**
**संहत्यान्यतरत्वादन्यतरे संनिरुप्यते तदिह॥३०३॥**

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (यत् सत्) જે સત્ (विधिरुपं) વિધિરૂપ (वा) અથવા (निषेधरुपं वा) નિષેધરૂપ પણ (निर्दिष्टं) કહ્યું છે, (तत् सत्) તે જ સત્ (इह) અહીં (संहत्या) પરસ્પરની અપેક્ષાએ (अन्यतरे) કોઈ એકમાં (अन्यतरत्वात्) કોઈ બીજો ગર્ભિત થઈ જવાથી (संनिरुप्यते) કહી શકાય છે અર્થાત્ પરસ્પર સાપેક્ષ હોવાથી એક બીજામાં ગર્ભિત થઈ જાય છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે વસ્તુ અન્વય—વ્યતિરેકાત્મક સિદ્ધ થવાથી જે સમયે વસ્તુ વિધિરૂપ કહી જાય છે, તે સમયે નિષેધરૂપ વિશેષધર્મ ગૌણરૂપે એ વિધિમાં ગર્ભિત થઈ જાય છે; એમ સમજવું. તથા જે સમયે તે જ વસ્તુ નિષેધરૂપથી વિવક્ષિત થાય છે, તે સમયે વિધિરૂપ સામાન્ય પણ એ જ નિષેધમાં ગૌણરૂપથી ગર્ભિત થઈ જાય છે; એમ સમજવું. કારણ અસ્તિ—નાસ્તિ સર્વથા પૃથક્ નથી, પરંતુ પરસ્પર સાપેક્ષ છે, તેથી વિવક્ષિતની મુખ્યતામાં અવિવક્ષિત ગૌણરૂપથી ગર્ભિત રહે છે. અહીં દૃષ્ટાંત દ્વારા સમાધાન કરવામાં આવે છે.

दृष्टान्तोऽत्र पटत्वं यावन्निर्दिष्टमेव तन्तुतया।
तावन्न पटो नियमाद् दृश्यन्ते तन्तवस्तथाऽध्यक्षात्॥३०४॥

यदि पुनरेव पटत्वं तदिह तथा दृश्यते न तन्तुतया।
अपि संगृह्य समन्तात् पटोयमिति दृश्यते सद्भिः॥३०५॥

**અન્વયાર્થ**—(अत्र दृष्टान्तः) અહીં ઉપરોક્ત વિષયનું સાધક દૃષ્ટાંત આ છે, કે–(यावत्) જ્યાં સુધી (पटत्वं) પટત્વ (तन्तुतया एव) કેવળ તંતુરૂપથી જ (निर्दिष्टं) કહેવામાં આવે છે અર્થાત્ વિવક્ષિત થાય છે, (तावत्) ત્યાં સુધી (नियमात्) નિયમથી તે (पटः न) પટ નથી અર્થાત્ તે પટરૂપથી દૃષ્ટિગત થતું નથી, પરંતુ (अध्यक्षात्) પ્રત્યક્ષ પ્રમાણથી (तथा) તંતુરૂપથી (तन्तवः दृश्यन्ते) તંતુ જ જોવામાં આવે છે.

(यदि पुनः) તથા જ્યારે (इह) અહીં (पटत्वं एव) પટત્વ જ વિવક્ષિત થાય છે, (तत् तथा दृश्यते) ત્યારે તે પટત્વ કેવળ પટત્વરૂપથી જ જોવામાં આવે છે (तन्तुतया न) તંતુરૂપથી નહિ, (अपि) પરંતુ પ્રમાણથી (समन्तात् संगृह्य) બંને વિવક્ષાઓનો સંગ્રહ કરીને (अयं पटः) પટત્વ અને તંતુઓથી યુક્ત સંકલનાત્મક તે પટ છે. (इति) એ પ્રમાણે (सद्भिः) વિદ્વાનો દ્વારા (दृश्यते) જોવામાં આવે છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનું સાધક ઉદાહરણ આ છે, કે—જેમ તંતુઓના સમૂહરૂપ પટ જે સમયે કેવળ તંતુબુદ્ધિથી જોવામાં આવે છે તે સમયે તેમાં પટત્વ રહેવા છતાં પણ તે વિદ્વાનો દ્વારા કેવળ તંતુરૂપથી જ પ્રતીત થાય છે, પણ પટરૂપથી નહિ. તથા જે સમયે તે જ પટ કેવળ પટત્વબુદ્ધિથી જોવામાં આવે છે તે સમયે તેમાં તંતુઓ રહેલા છતાં પણ કેવળ પટરૂપથી જ પ્રતીત થાય છે પણ તંતુરૂપથી નહિ. એ જ પ્રમાણે સામાન્ય–વિશેષાત્મકવસ્તુ નય દ્વારા જે સમયે સામાન્યધર્મથી વિવક્ષિત કરવામાં આવે છે તે સમયે તેમાં વિશેષધર્મો રહેવા છતાં પણ તે કેવળ સામાન્યરૂપથી સામાન્યધર્મમય જ પ્રતીત થાય છે. તથા જે સમયે તે જ વસ્તુ વિશેષધર્મોથી વિવક્ષિત કરવામાં આવે છે તે સમયે તેમાં સામાન્યધર્મ રહેવા છતાં પણ તે કેવળ વિશેષરૂપથી વિશેષધર્મમય જ પ્રતીત થાય છે. પરંતુ પ્રમાણવિવક્ષા દ્વારા ઉભયરૂપ જ દેખાય છે.

इत्यादिकाश्च बहवो विद्यन्ते पाक्षिका हि दृष्टान्ताः।
तेषामुभयांगत्वान्नहि कोपि कदा विपक्षः स्यात्॥३०६॥

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (इत्यादिकाः बहवः च) ઈત્યાદિક ઘણાં જ (पाक्षिकाः)

અનેકાન્તપક્ષનાં સાધક (दृष्टान्ताः विद्यन्ते) દૃષ્ટાંત વિદ્યમાન છે. તથા (तेषां उभयांगत्वात्) એ સર્વ દૃષ્ટાંત ઉભય અંગવાળાં છે, તેથી (कोऽपि कदा विपक्षः नहि स्यात्) પરસ્પરમાં કોઈ પણ અન્ય કોઈનો કદી પણ સર્વથા વિપક્ષી નથી, અર્થાત્ અસ્તિ-નાસ્તિ એ બંને પરસ્પરમાં સાપેક્ષ છે પણ વિપક્ષી નથી.

**ભાવાર્થ**—એ પ્રકારનાં પક્ષસાધક અર્થાત્ સામાન્ય-વિશેષાત્મક વસ્તુને વિવક્ષાવશ વિધિ તથા નિષેધરૂપ સિદ્ધ કરવાવાળાં ઘણાં દૃષ્ટાંતો છે, તે બધાં ઉપયોગી હોવાથી કોઈ ધર્મને કોઈ ધર્મનો સર્વથા વિપક્ષી સિદ્ધ કરતાં નથી. સારાંશ કે—

**अयमर्थो विधिरेव हि युक्तिवशात्स्यात्स्वयं निषेधात्मा।**
**अपि च निषेधस्तद्वद्विधिरुपः स्यात्स्वयं हि युक्तिवशात्॥३०७॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ આ છે, કે-(विधिः एव) વિધિ જ (स्वयं) સ્વયં (युक्तिवशात्) યુક્તિવશાત્ (हि) નિશ્ચયથી (निषेधात्मा स्यात्) નિષેધરૂપ થઈ જાય છે (च) તથા (तद्वत्) એ જ પ્રમાણે (निषेधः अपि) નિષેધ પણ (स्वयं हि) પોતે જ (युक्तिवशात्) યુક્તિવશથી (विधिरुपः स्यात्) વિધિરૂપ થઈ જાય છે.

**ભાવાર્થ**—સારાંશ એ છે, કે-જે પ્રમાણે યુક્તિપૂર્વક વિધિ જ પોતે નિષેધરૂપ થઈ જાય છે, તે પ્રમાણે નિષેધ પણ યુક્તિપૂર્વક પોતે જ વિધિરૂપ બની જાય છે.

**વિશેષાર્થ**—જે સમયે પદાર્થની સામાન્યપણે વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે તે સમગ્ર પદાર્થ સામાન્યરૂપ જ પ્રતીતમાં આવે છે, એમ નથી કે તે સમયે પદાર્થનો કોઈ અંશ વિશેષરૂપે પણ પ્રતીતિમાં આવતો હોય. એવી જ રીતે વિશેષ વિવક્ષાના સમયે સમગ્ર પદાર્થ વિશેષ રૂપ જ પ્રતીતમાં આવે છે. જે દાર્શનિકો સામાન્ય અને વિશેષને પદાર્થના જુદા જુદા અંશ માને છે તેમનું આ કથનથી ખંડન થઈ જાય છે, કેમ કે પદાર્થ એક સમયમાં બે રૂપે વિવક્ષિત થઈ શકતો નથી અને જે સમયે જે રૂપે વિવક્ષિત થાય છે, તે સમયે તે જ રૂપે પ્રતીતમાં આવે છે. સ્યાદ્વાદનું જે કાંઈ સ્વરૂપ છે તે બધું વિવક્ષાધીન છે, તેથી જે નયદૃષ્ટિને સમજતા નથી તે સ્યાદ્વાદ સુધી પહોંચી શકતા નથી.

## ઉપસંહાર

**इति विन्दन्निह तत्त्वं जैनः स्यात्कोऽपि तत्त्ववेदीति।**
**अर्थात्स्यात्स्याद्वादी तदपरथा नाम सिंहमाणवकः॥३०८॥**

**અન્વયાર્થ**—(इति) એ પ્રમાણે (इह) અહીં (तत्त्वं विन्दन्) તત્ત્વને જાણવાવાળા (कोऽपि जैनः) કોઈ પણ જૈન (तत्त्ववेदीति स्यात्) તત્વવેદી એવા હોય છે, તે (अर्थात् स्याद्वादी स्यात्)

સ્યાદ્‌વાદી કહેવાય છે. તથા (तदपरथा) એનાથી અન્યથા જાણવાવાળા (सिंहमाणवकः नाम) સિંહમાણવક (બિલ્લી) કહેવાય છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે અનેકાન્તાત્મકતત્વને વિવક્ષાવશ વિધિ વા નિષેધરૂપ જાણવાવાળો કોઈ જૈન જ સાચો તત્ત્વજ્ઞાની તથા સ્યાદ્‌વાદી કહેવાય છે, પણ એથી અન્ય પ્રકારે વસ્તુસ્વરૂપને જાણવાવાળો પુરુષ સાચો તત્ત્વજ્ઞાની વા સ્યાદ્વાદી કહી શકાય નહિ, પરંતુ સિંહમાણવક કહેવાય. અર્થાત્ જેમ બિલાડીને સિંહ કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે સિંહ નથી પણ બિલાડી જ છે, એ જ પ્રમાણે ઉપરોક્તરૂપે તત્ત્વને ન જાણતાં અન્ય પ્રકારે જાણવાવાળા પુરુષોને તત્ત્વજ્ઞાની કહી શકાય નહિ.

હવે આગળ સત્, નિરંતર રહેવા છતાં પણ તેમાં અન્વય વા વ્યતિરેક કેવી રીતે ઘટી શકે છે, તેનું શંકા-સમાધાન પૂર્વક પ્રતિપાદન કરવામાં આવે છે. શંકા—

**ननु सदिति स्थायि यथा सदिति तथा सर्वकालसमयेषु।**
**तत्र विवक्षित समये तत्स्यादथवा न तदिदमिति चेत्॥३०९॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે-(यथा) જેમ (सदिति) સત્ એ (स्थायि) સ્થાયિ છે–ધ્રૌવ્ય છે, (तथा) તેમ જ (सदिति) એ સત્ (सर्वकालसमयेषु) સર્વકાળસંબંધી સમયોમાં પણ રહે છે, તેથી (तत्) એ સત્ (तत्र विवक्षितसमये) એ વિવક્ષિત સમયમાં (स्यात्) હોય છે (अथवा) અથવા (तत्) તે (इदं न) "આ તે નથી" એમ કેમ કહો છો? (इति चेत्) જો એમ કહો તો :–

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—જ્યારે પદાર્થ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે તો જેમ સત્, ધ્રૌવ્ય અવસ્થામાં રહે છે તે જ પ્રમાણે સદૈવ હોવાવાળા ઉત્પાદ-વ્યયના અવસરોમાં પણ રહેશે, તો પછી કેવળ વિવક્ષિત સમયમાં "तदेव इदं તે આ છે" એ પ્રકારનો કેવળ અન્વયનિયામક વ્યવહાર તથા "इदंतन्न—આ તે નથી" એ પ્રકારનો વ્યતિરેકનિયામક વ્યવહાર બની શકતો નથી. તેનું સમાધાન—

**सत्यं तत्रोत्तरमिति सन्मात्रापेक्षया तदेवेदम्।**
**न तदेवेदं नियमात् सदवस्थापेक्षया पुनः सदिति॥३१०॥**

**અન્વયાર્થ**—(सत्यं) એ ઠીક છે, પરંતુ (तत्र) એ વિષયમાં (इति उत्तरं) આ પ્રમાણે ઉત્તર છે, કે–(नियमात्) નિયમથી (सन्मात्रापेक्षया) સત્‌સામાન્યની અપેક્ષાએ (सदिति) સત્‌માં (तदेवेदं) "આ તે જ છે" અર્થાત્ સત્ સ્થાયી તથા સર્વકાળવર્તી છે એવો વ્યવહાર થાય છે, (पुनः) તથા (सदवस्थापेक्षया) સત્‌ની પર્યાયોની અપેક્ષાએ (तदेवेदं न) "આ તે નથી" અર્થાત્ સત્‌ની અવસ્થાઓ

અસ્થાયી તથા ભિન્ન સમયવર્તી હોય છે, તેથી તેમાં વ્યતિરેકદર્શક વ્યવહાર થાય છે.

**भावार्थ**—ઠીક છે, પરંતુ પૂર્વોક્ત કથનનો અભિપ્રાય તમે બરાબર સમજ્યા નથી, કારણ ધ્રૌવ્યની અપેક્ષા "तदेवेदं—એટલે આ તે જ છે" તથા ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ "तदेवेदं न -એટલે આ તે નથી" એનો અર્થ જેવો તમે ઘટાવો છો તેમ નથી, પરંતુ સત્‌માત્રની અપેક્ષાએ "तदेवेदं—આ તે જ છે" એવો વ્યવહાર થાય છે. કારણ—સત્‌માત્ર નિરંતર સત્‌રૂપ પ્રતીત થાય છે તથા એ સત્‌ની વિશેષ વિશેષ અવસ્થાઓની અપેક્ષાએ "तदिदं न—આ તે નથી" એવો પ્રત્યય થાય છે, કારણ એ અવસ્થાઓ પરિણમનશીલતાથી નિરંતર કથંચિત્ ભિન્નતા ધરાવે છે. અહીં શંકા—

**ननु तदतदोर्द्वयोरिह नित्यानित्यत्वयोर्द्वयोरेव।**
**को भेदो भवति मिथो लक्षणलक्ष्यैक भेदभिन्नत्वात्॥३११॥**

**अन्वयार्थ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે–(इह) અહીં (तदतदोः) તત્ અને અતત્ તથા (नित्यानित्यत्वयोः) નિત્યત્વ અને અનિત્યત્વ (द्वयोः एव) એ બંનેમાં જ (मिथः) પરસ્પરમાં (लक्षणलक्ष्यैक भेदभिन्नत्वात्) લક્ષણ અને લક્ષ્યરૂપ એકભેદ સિવાય બીજો (को भेदो भवति) કયો ભેદ છે?

**भावार्थ**—તત્ એ લક્ષ્ય છે અને નિત્યત્વ એનું લક્ષણ છે તથા અતત્ એ લક્ષ્ય છે અને અનિત્યત્વ એનું લક્ષણ છે. એ પ્રમાણે તત્-અતત્ અને નિત્ય-અનિત્યત્વમાં કેવળ લક્ષ્ય-લક્ષણરૂપ ભેદ વિના બીજો કયો ભેદ છે? અર્થાત્ શંકાકારનું કહેવું એમ છે, કે એ બંનેમાં કેવળ લક્ષ્ય-લક્ષણરૂપ જ ભેદ છે પણ બીજો કોઈ ભેદ પ્રતીત થતો નથી. તેનું સમાધાન—

**नैवं यतो विशेषः समयात्परिणमति वा न नित्यादौ।**
**तदतद्भावविचारे परिणामो विसदृशोऽथ सदृशो वा॥३१२॥**

**अन्वयार्थ**—(नैवं) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે (नित्यादौ) નિત્ય–અનિત્યતાના વિચારમાં (समयात् परिणमति) પ્રતિસમય પરિણમન થાય છે (वा) અથવા (न) નથી થતું, એ પ્રકારનો તથા (तदतद्भावविचारे) તત્–અતત્‌ભાવના વિચારમાં (परिणामः) પરિણામ (सदृशः) સદૃશ (अथवा) અથવા (विसदृशः) વિસદૃશ હોય છે, એ પ્રકારનો (विशेषः) ભેદ હોય છે.

**भावार्थ**—શંકાકારનું કહેવું ઠીક નથી. કારણ તત્—અતત્ વા નિત્ય—અનિત્યમાં એ ભેદ છે, કે—નિત્ય કહેતી વેળા કેવળ અપરિણમન તથા અનિત્ય કહેતી વેળા કેવળ પરિણમન વિવક્ષિત થાય છે અને તત્‌ના કથનમાં સદૃશપરિણમન તથા અતત્‌ના કથનમાં વિસદૃશપરિણમન વિવક્ષિત થાય છે. અર્થાત્ નિત્ય—અનિત્યતાના નિરૂપણમાં પરિણમન વા

અપરિણમનની વિવક્ષા રહે છે તથા તત્—અતત્‌ના નિરૂપણમાં સદૃશતા વા અસદૃશતાની વિવક્ષા રહે છે.

### તદ્‌ભાવ–અતદ્‌ભાવના પ્રયોજનવિષયમાં શંકા

**ननु सन्नित्यमनित्यं कथंचिदेतावतैव तत्सिद्धिः।**
**तत्किं तदतद्भावाभावविचारेण गौरवादिति चेत्॥३१३॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે–જ્યારે (कथंचित् सत् नित्य) કથંચિત્ સત્ નિત્ય છે તથા કથંચિત્ (अनित्यं) અનિત્ય છે. (एतावता एव) કેવળ એટલાથી જ (तत्सिद्धिः) ઈષ્ટની સિદ્ધિ થઈ શકે છે, (तत्) તો પછી (गौरवात्) ગૌરવ હોવાથી (तदतद्भावाभावविचारेण) તત્-અતત્‌ના ભાવ અને અભાવના વિચારથી (किं) શું પ્રયોજન છે? (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથન ઉપર શંકાકાર કહે છે, કે—જ્યારે સત્, કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય છે, કેવળ એટલું જ માનવાથી ઉક્ત પ્રયોજનની સિદ્ધિ થઈ શકે છે તો પછી તદ્‌ભાવ અને અતદ્‌ભાવનો વિચાર કરવો જ નિરર્થક ઠરે છે, કારણ—તદ્‌ભાવ અને અતદ્‌ભાવના વિચારથી ગૌરવ અને પિષ્ટપેષણ સિવાય બીજું કાંઈ પણ પ્રયોજન નીકળી શકતું નથી. તેનું સમાધાન—

**नैवं तदतद्भावाभावविचारस्य निन्हवे दोषात्।**
**नित्यानित्यात्मनि सति सत्यपि न स्यात् क्रियाफलं तत्वम्॥३१४॥**

**અન્વયાર્થ**—(एवं न) એમ કહેવું ઠીક નથી, કારણ–(तदतद्भावाभावविचारस्यनिन्हवे) તત્ –અતત્‌ના ભાવાભાવ વિચારમાં નિન્હવ થતાં અર્થાત્ એને ન માનતાં (दोषात्) એ દોષ આવશે, કે–(सतिनित्यानित्यात्मनि सत्यपि) સત્ નિત્યાનિત્યાત્મક હોવા છતાં પણ (क्रियाफल) ક્રિયા, ફળ તથા (तत्त्वं) તત્ત્વ (न स्यात्) કાંઈ પણ સિદ્ધ નહિ થાય.

**ભાવાર્થ**—ઉપરની શંકાનું સમાધાન આ છે, કે—વસ્તુમાં તત્—અતત્‌ભાવને નહિ માનતાં સદૃશ વા અસદૃશ પરિણમન જ પ્રતીત નહિ થાય, પણ કેવળ નિત્યતા અને અનિત્યતાની જ પ્રતીતિ થશે. હવે કેવળ નિત્યતા માનવાથી કૂટસ્થનિત્યની માફક તથા કેવળ અનિત્યતા માનવાથી સર્વથા ક્ષણિકની માફક સત્‌માં ક્રિયા, ફળ અને તત્ત્વપણું કાંઈ પણ સિદ્ધ થઈ શકશે નહિ.

### તદ્‌ભાવ વિના સર્વથા નિત્યપક્ષમાં દોષ

**अयमर्थो यदि नित्यं सर्वं सत् सर्वथेति किलपक्षः।**
**न तथा कारणकार्ये कारकसिद्धिस्तु विक्रियाभावात्॥३१५॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) ઉક્તકથનનો સારાંશ આ છે, કે-(यदि) જો (किल) નિશ્ચયથી (सर्वं सत्) સંપૂર્ણ સત્ (सर्वथा) સર્વ પ્રકારથી (नित्यं) નિત્ય છે. (इति पक्षः) એ પક્ષ માનો છો (तथा) તો (विक्रियाभावात्) ક્રિયાના અભાવથી (कारणकार्ये) કારણ, કાર્ય (तु) તથા (कारकसिद्धि न) કારકની સિદ્ધિ થશે નહિ.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનો સારાંશ આ છે, કે—સત્ જો સર્વથા નિત્ય છે તો નિત્યમાં કોઈ ક્રિયા બનતી નથી અને તેથી કાર્યકારણભાવ વા કારકની પણ સિદ્ધિ થઈ શકશે નહિ.

## અતદ્ભાવ વિના સર્વથા અનિત્યપક્ષમાં દોષ

**यदि वा सदनित्यं स्यात्सर्वस्वं सर्वथेति किल पक्षः।**
**न तथा क्षणिकत्वादिह क्रियाफलं कारकाणि तत्वं च॥३१६॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા જો (किल) નિશ્ચયથી (सर्वस्वंसत्) સર્વસ્વભૂત સત્ (सर्वथा) સર્વપ્રકારથી (अनित्यं स्यात्) અનિત્ય છે. (इति पक्षः) એ પક્ષ માનો છો (तथा) તો (क्षणिकत्वात्) ક્ષણિકપણાનો પ્રસંગ આવવાથી (इह) ત્યાં (क्रियाफलं) ક્રિયા ફળ (कारकाणि) કારક (च) તથા (तत्त्वं) તત્ત્વ (न) નહિ બને.

**ભાવાર્થ**—જો સત્ને સર્વથા અનિત્ય માનવામાં આવે તો તેને ક્ષણિક માનવું પડશે અને ક્ષણિક સત્માં સર્વથા નિત્યની માફક કાર્ય—કારણભાવ, કારક તથા સત્પણાની સિદ્ધિ થશે નહિ.

## તદ્ભાવાતદ્ભાવ વિના નિત્યાનિત્યાત્મકપક્ષમાં દોષ

**अपि नित्यानित्यात्मनि सत्यपि सति वा न साध्यसंसिद्धिः।**
**तदतद्भावाभावैर्विना न यस्माद्विशेषनिष्पत्तिः॥३१७॥**

**અન્વયાર્થ**—(अपि वा) અથવા (नित्यानित्यात्मनि सति सत्यपि) નિત્યાનિત્યાત્મક સત્ હોવા છતાં પણ (साध्यसंसिद्धिः न) સાધ્યની સિદ્ધિ થઈ શકતી નથી, (यस्मात्) કારણ કે–(तदतद्भावाभावैः विना) તત્–અતત્ના ભાવ અભાવ માન્યા વિના (विशेषनिष्पत्तिः न) વિશેષની સિદ્ધિ થઈ શકતી નથી.

**ભાવાર્થ**—જો કદાચિત્ શંકાકાર કહે, કે—અમે સત્ને કેવળ નિત્ય વા અનિત્ય નહિ માનતાં ઉભયાત્મક માનીશું, તોપણ તત્—અતત્ભાવ વિના કેવળ નિત્યાનિત્યાત્મકધર્મ, વિશેષતાને સિદ્ધ કરી શકશે નહિ. હવે આગળ એ જ અર્થનો ખુલાસો કરે છે.

अथ तद्यथा सत्परिणममानं यदुक्तमस्तु तथा।
भवति समीहितसिद्धिर्विना न तदतद्विवक्षयाहि यथा।।३१८।।

**અન્વયાર્થ**—(अथ) હવે (यत्) જો (सत्) સત્ (यथा परिणममानं) જેવું પરિણમન કરી રહ્યું છે (तथा उक्तं अस्तु) તેવું તે કહેવાય છે, એમ ઇચ્છો છો તો (हि) નિશ્ચયથી (तदतद्विवक्षयाविना) પરસ્પર સાપેક્ષ તત્–અતત્‌ભાવની વિવક્ષા વિના (समीहितसिद्धिः) ઉક્ત ઇષ્ટની સિદ્ધિ (न भवति) થઈ શકતી નથી, (यथा) જેમ કે–

**ભાવાર્થ**—નિત્ય કહેતાં કેવળ અપરિણમન અને અનિત્ય કહેતાં કેવળ પરિણમનનો બોધ થાય છે. તેથી સદ્દશ તથા વિસદ્દશ પરિણમન જેવું કાંઈ દ્રવ્યોમાં થઈ રહ્યું છે. તે અનુસાર દ્રવ્યનું સ્વરૂપ સમજવા અર્થે માત્ર નિત્યાનિત્યને કહેવાથી કામ ચાલી શકતું નથી, પરંતુ પરિણમન સંબંધી સદ્દશતાનો બોધ થવા માટે તત્‌ભાવ અને વિસદ્દશતાનો બોધ થવા માટે અતત્‌ભાવની જ અપેક્ષા રહે છે. એટલા માટે વસ્તુને કથંચિત્ નિત્યાનિત્યાત્મક માનવા છતાં પણ તત્–અતત્‌ભાવ વિના વસ્તુનું વિશેષ સ્વરૂપ જાણી શકાતું નથી.

## અતદ્‌ભાવ, તદ્‌ભાવસાપેક્ષ છે અને તદ્‌ભાવ, અતદ્‌ભાવસાપેક્ષ છે

अपि परिणममानं सन्नतदेतत् सर्वथाऽन्यदेवेति।
इति पूर्वपक्षः किल विना तदेवेति दुर्निवारः स्यात्।।३१९।।

अपि परिणतं यथा सद्दीपशिखा सर्वथा तदेव यथा।
इति पूर्वपक्षः किल दुर्वारः स्याद्विना न तदिति नयात्।।३२०।।

**અન્વયાર્થ**—(अपि) વળી (परिणममानं सत् इति) પરિણમન કરી રહેલું એ સત્ "(तदेतत् न) આ તે નથી, પરંતુ (सर्वथा अन्यदेव) સર્વથા અન્ય જ છે" (इति पूर्वपक्षः) એ પ્રકારનો પૂર્વપક્ષ (किल) નિશ્ચયથી "(तदेव इति विना) આ તે જ છે" એના વિના (दुर्निवारः स्यात्) દુર્નિવાર છે અર્થાત્ "तदेव इदं" સાપેક્ષ જ "तदेतत् न" આ તે નથી એવો વ્યવહાર થાય છે.

(अपि तथा) તથા એ જ પ્રમાણે (परिणतं सत्) પરિણમમાન સત્ (यथा प्रदीपशिखा) પ્રદીપશિખાની માફક (सर्वथा तदेव) સર્વથા "આ તે જ છે." (इति पूर्वपक्षः) એ પ્રકારનો પૂર્વપક્ષ (किल) નિશ્ચયથી (नयात्) નયયોગ વડે (तत् न) 'આ તે નથી', (इति विना) એના વિના (दुर्वार स्यात्) દુર્વાર છે, અર્થાત્ નિયમથી સાપેક્ષતા રાખે છે.

**ભાવાર્થ**—સદ્દશપરિણમનની વિવક્ષામાં પ્રત્યેક સમયે પરિણમન હોવા છતાં પણ

"तदेवेदं–તે જ આ છે" એવી જે પ્રતીતિ થયા કરે છે, તેને તદ્‌ભાવ કહે છે, તથા વિસદ્રશપરિણમનની વિવક્ષામાં જુદા-જુદા સમયમાં વિસદ્રશતા હોવાના કારણથી "तदिदं न–તે આ નથી" એવી જે પ્રતીતિ થયા કરે છે તેને અતત્‌ભાવ કહે છે. એ બંને પ્રતીતિઓ પરસ્પર સાપેક્ષ છે. તેથી અતદ્‌ભાવ વિના તદ્‌ભાવનું અને તદ્‌ભાવ વિના અતદ્‌ભાવનું કથન કરી શકાતું નથી.

## ઉપસંહાર

**तस्मादवसेयं सन्नित्यानित्यत्ववत्तदतद्वत्।**
**यस्मादेकेन विना न समीहितसिद्धिरध्यक्षात्॥३२१॥**

**અન્વયાર્થ**—(यस्मात्) જે કારણથી (अध्यक्षात्) પ્રત્યક્ષ પ્રમાણથી (एकेन विना) બંનેમાંથી કોઈ એકને નહિ માનવાથી (समीहितसिद्धिः न) ઈષ્ટની સિદ્ધિ થતી નથી, (तस्मात्) તેથી (सत्) સત્ જે પ્રમાણે (नित्यानित्यत्ववत्) નિત્યાનિત્યપણાથી સહિત છે, તે પ્રમાણે તે (तदतद्वत् अपि) તત્ અને અતત્‌ભાવથી પણ સહિત છે એમ (अवसेयं) નક્કી કરવું જોઈએ.

**ભાવાર્થ**—તેથી દ્રવ્ય, જેમ નિત્યાનિત્યત્વધર્મથી સહિત છે તે જ પ્રમાણે તે તદ્‌ભાવ વા અતદ્‌ભાવધર્મથી પણ યુક્ત છે, કારણ કે પ્રત્યક્ષપ્રમાણથી નિત્યાનિત્યત્વ અને તત્ –અતત્‌ભાવમાંથી કોઈ એકને નહિ માનવાથી ઈષ્ટની સિદ્ધિ થઈ શકતી નથી.

એ પ્રમાણે નિત્યાનિત્ય વા તત્-અતત્‌નું પ્રયોજન દર્શાવી પરિણામને કેવળ સદ્રશ વા વિસદ્રશ માનતાં થતાં દોષોને શંકા-સમાધાનપૂર્વક બતાવે છે.

## પરિણમનને કેવળ સદ્રશ–વિસદ્રશ માનવાના વિષયમાં શંકા

**ननु भवतु सर्वथैव हि परिणामो विसदृशोऽथ सदृशो वा।**
**ईहितसिद्धिस्तु सतः परिणामित्त्वाद्यथाकथंचिद्वै॥३२२॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે–(हि) નિશ્ચયથી (परिणामः) પરિણામ (सर्वथैव) સર્વથા જ (विसदृशः) વિસદ્રશ (अथवा) અથવા (सदृशः) સદ્રશ (भवतु) હો–અર્થાત્ માનો, કારણ કે (ईहितसिद्धिः तु) ઈષ્ટની સિદ્ધિ, તો (वै) નિશ્ચયથી (सतः) સત્‌ને (यथा कथंचित्) યથા કથંચિત્–હર કોઈપ્રકારે (परिणामित्वात्) પરિણામી માનવાથી થાય છે. (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—સત્‌ને કેવળ કથંચિત્ પરિણામી માનવાથી ઈષ્ટની સિદ્ધિ થઈ જાય છે, તેથી પરિણામને સર્વથાસદ્રશ અથવા સર્વથાવિસદ્રશ માનવા જોઈએ. તેનું સમાધાન–

**तन्न यतः परिणामः सन्नपि सद्दशैकपक्षतो न तथा।**
**न समर्थश्चार्थकृते नित्यैकान्तादिपक्षवत् सद्दशात्॥३२३॥**

**અન્વયાર્થ**—(तन्न) એ ઠીક નથી, (यतः) કારણ કે (परिणामः सन्नपि) પરિણામ હોવા છતાં પણ તે (सद्दशैकपक्षतो) સદૃશાત્મક જ હોય છે એવો એક પક્ષ માનવાથી (तथा न च) સત્, કથંચિત્ પરિણામી બની શકતું નથી. કારણ કે કેવળ (सद्दशात्) પરિણામ સદૃશ હોવાથી તે (नित्यैकान्तादिपक्षवत्) નિત્યએકાન્તાદિક પક્ષની માફક (अर्थकृते) ઈષ્ટસિદ્ધિ માટે પણ (समर्थः न) સમર્થ થશે નહિ.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું ઠીક નથી, કારણ કે પરિણમન માનવા છતાં પણ કેવળ સદૃશપરિણમન પક્ષ માનવાથી નિત્યએકાન્તાદિકની માફક ઈષ્ટની સિદ્ધિ થઈ શકતી નથી. જે પ્રમાણે વસ્તુને કેવળ નિત્ય વા અનિત્યાત્મક માનવાથી ક્રિયા, કારક આદિની સિદ્ધિ થતી નથી. તે પ્રમાણે દ્રવ્યનું કેવળ સદૃશપરિણમન માનવાથી પણ દૃષ્ટિગોચર વિસદૃશપરિણામનો અભાવ માનવો પડશે; કારણ—સદૃશપરિણમનમાં જેવું પહેલાં રૂપ હતું, તેવું જ ઉત્તરોત્તર ક્ષણોમાં પણ થતું રહે છે પણ પરિણમનમાં કોઈ પ્રકારની વિસદૃશતા બની શકતી નથી, એટલે સદૃશપક્ષ પણ કૂટસ્થનિત્યપક્ષની માફક કાર્યકારી નથી, અર્થાત્ કેવળ સદૃશપક્ષમાં પણ કોઈ પ્રકારનો કાર્ય-કારણભાવ બની શકતો નથી, તથા કર્તા—કર્મભાવરૂપ કારકની પણ સિદ્ધિ થતી નથી.

એ પ્રમાણે કેવળ સદૃશપરિણમન માનવામાં થતા દોષો દર્શાવી હવે આગળ કેવળ વિસદૃશ પરિણમન માનવાથી થતા દોષો દર્શાવે છે.

## કેવળ વિસદૃશપરિણમન માનવાથી દોષ

**नापीष्टः संसिद्‌ध्यै परिणामो विसद्दशैकपक्षात्मा।**
**क्षणिकैकान्तवदसतः प्रादुर्भावात् सतो विनाशाद्वा॥३२४॥**

**અન્વયાર્થ**—તથા (विसद्दशैकपक्षात्मा परिणामः अपि) વિસદૃશ એકપક્ષરૂપ પરિણામ પણ (क्षणिकैकान्तवत्) ક્ષણિકએકાન્તપક્ષની માફક (असतःप्रादुर्भावात्) અસત્‌નો પ્રાદુર્ભાવ (वा) અથવા (सतः विनाशात्) સત્‌ના વિનાશનો પ્રસંગ આવવાથી (संसिद्‌ध्यै) સંસિદ્ધિ માટે (इष्टः न) ઈષ્ટ નથી.

**ભાવાર્થ**—કેવળ સદૃશપરિણમન માનવાની માફક પદાર્થમાં કેવળ વિસદૃશપરિણમન જ થયા કરે છે, એમ માનવાથી પણ ઈષ્ટની સિદ્ધિ થઈ શકતી નથી, કારણ—કેવળ વિસદૃશપરિણમન માનવાથી પદાર્થની સ્થિતિ પ્રત્યેક સમયમાં ક્ષણિકએકાન્તવાદીઓની માફક માનવી પડશે, તેથી જેમ ક્ષણિકએકાન્તપક્ષ માનવામાં અસત્‌ની ઉત્પત્તિ તથા સત્‌ના વિનાશનો

પ્રસંગ આવે છે, તેમ સદૃશનિરપેક્ષ કેવળ વિસદૃશપક્ષ માનવાથી પણ અસત્‌ની ઉત્પત્તિ અને સત્‌ના વિનાશનો અનિષ્ટ પ્રસંગ આવશે. સારાંશ કે—

एतेन निरस्तोऽभूत् क्लीबत्वादात्मनोऽपराद्धतया।
तदतद्भावाभावापन्हववादी विबोध्यतेत्वधुना॥३२५॥

**અન્વયાર્થ**—(एतेन) એ પૂર્વોક્તકથન દ્વારા જોકે (आत्मनः अपराद्धतया) સ્વયં અપરાધી હોવાના કારણથી (क्लीबत्वात्) સ્વપક્ષ સ્થાપનમાં અસમર્થ હોવાથી (तदतद्भावाभावापन्हववादी) તદ્‌ભાવ અને અતદ્‌ભાવના કેવળ અભાવની ઈચ્છા કરવાવાળો વાદી (निरस्तः अभूत्) સ્વયં પરાજિત થઈ જાય છે, (तु) પરંતુ છતાં પણ તેને (अधुना) આ સમયે (विबोध्यते) સમજાવવામાં આવે છે–

**ભાવાર્થ**—એ પ્રમાણે તદતદ્‌ભાવના અભાવનું ખંડન કરીને હવે આગળ તદતદ્‌ભાવની સાર્થકતા દર્શાવવાની પ્રતિજ્ઞા કરે છે—

## સ્વાભાવિક રીતે પરિણામ તદ્‌ભાવ વા અતદ્‌ભાવથી કેવી રીતે યુક્ત છે, તેને ઉદાહરણપૂર્વક દર્શાવવાની ગ્રંથકાર પ્રતિજ્ઞા કરે છે.

तदतद्भावनिबद्धो यः परिणामः सतः स्वभावतया।
तद्दर्शनमधुना किल दृष्टान्तपुरस्सरं वक्ष्ये॥३२६॥

**અન્વયાર્થ**—(यः) જે (सतः) સત્‌નો (स्वभावतया) સ્વભાવપણે (तदतद्भावनिबद्धः) તત્ અને અતત્‌ભાવથી યુક્ત (परिणामः) પરિણામ છે, (तद्दर्शनं) તેનું ઉદાહરણ (किल) નિશ્ચયથી (अधुना) આ સમયે (दृष्टान्तपुरस्सरं) દૃષ્ટાંતપૂર્વક (वक्ष्ये) કહું છું–

**ભાવાર્થ**—સત્‌નું પરિણમન સ્વભાવથી તદ્‌ભાવ અને અતદ્‌ભાવથી યુક્ત છે. એનો જ આગળ દૃષ્ટાંતપૂર્વક ખુલાસો કરે છે. અહીં સદૃશપરિણામથી તદ્‌ભાવને તથા વિસદૃશપરિણામથી અતદ્‌ભાવને સમજાવવામાં આવે છે–

## સદૃશપરિણમનનું ઉદાહરણ

जीवस्य यथा ज्ञानं परिणामः परिणमँस्तदेवेति।
सदृशस्योदाहृतिरिति जातेरनतिक्रमत्वतो वाच्या॥३२७॥

**અન્વયાર્થ**—(यथा) જેમ (जीवस्य) જીવનો (ज्ञानं परिणामः) જ્ઞાનરૂપ પરિણામ (परिणमन्) પરિણમન કરતો છતાં (तदेव इति) પ્રતિસમયે જ્ઞાનરૂપ જ રહે છે. (इति) એ જ

(जातेरनतिक्रमत्वतः) જ્ઞાનત્વરૂપ જાતિનું ઉલ્લંઘન નહિ કરવાથી (सद्दशस्य उदाहृति) સદૃશનું ઉદાહરણ (वाच्या) કહેવું જોઈએ. અર્થાત્ સદૃશનું દૃષ્ટાંત છે.

**ભાવાર્થ**—પરિણમનશીલ જીવના જ્ઞાનગુણમાં જેટલાં પરિણમન થાય છે તે બધાં જ્ઞાનપણાને ન છોડવાથી "तदेवइदं અર્થાત્ જે જ્ઞાન પહેલાં હતું તે જ આ છે." એ પ્રકારનો અન્વયદ્યોતક વ્યવહાર સદૃશપરિણમનનું ઉદાહરણ છે.

## વિસદૃશપરિણમનનું દૃષ્ટાંતપૂર્વક સ્વરૂપ

**यदि वा तदिह ज्ञानं परिणामः परिणमन्न तदिति यतः।**
**स्वावसरे यत्सत्त्वं तदसत्त्वं परत्र नययोगात्॥३२८॥**

**અન્વયાર્થ**—(यदि वा) તથા (इह) અહીં (तत्ज्ञानं परिणामः) એ જ જ્ઞાનરૂપ પરિણામ (परिणमन्) પરિણમન કરતો થકો (न तत्) 'આ તે નથી અર્થાત્ પૂર્વજ્ઞાનરૂપ નથી.' (इति) એ વિસદૃશપરિણમનનું ઉદાહરણ છે, (यतः) કારણ કે–(स्वावसरे) વિવક્ષિતપરિણામનું પોતાના સમયમાં (यत् सत्त्वं) જે સત્વ છે તે (परत्र) બીજા સમયમાં (नययोगात्) પર્યાયાર્થિકનયની અપેક્ષાએ (तदसत्त्वं) તે તેનું સત્વ મનાતું નથી.

**ભાવાર્થ**—તથા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ જુદા જુદા સમયવર્તી પરિણમનની સત્તા જુદી જુદી કહેવાય છે, તેથી પરિણમનશીલજ્ઞાનના પ્રત્યેક સમયે થવાવાળા પરિણમનોમાં "तदिदं न—અર્થાત્ જે પહેલા સમયમાં હતું તે પરિણમન હવે નથી." એવા પ્રકારનો વ્યતિરેકનિયામક વ્યવહાર વિસદૃશપરિણમન કહેવાય છે.

## સદૃશ તથા વિસદૃશપરિણમનનું યુક્તિપૂર્વક ઉદાહરણ

**अत्रापि च संदृष्टिः सन्ति च परिणामतोपि कालांशाः।**
**जातेरनतिक्रमतः सद्दशत्वनिबन्धना एव॥३२९॥**

**अपि नययोगाद्विसद्दशसाधनसिद्धै त एव कालांशा।**
**समयः समयः समयः सोपीति बहु प्रतीतित्वात्॥३३०॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (अत्रापि च सन्द्दष्टिः) એ વિષયમાં પણ આ ખુલાસો છે, કે–(परिणामतः) પરિણામથી (ये कालांशाः एव संति) જેટલા કોઈ ઉર્ધ્વાંશકલ્પનારૂપ સ્વકાળના અંશ છે તે બધા (जातेरनतिक्रमतः) પોતપોતાના (દ્રવ્યપણાની) જાતિને ઉલ્લંઘન ન કરવાના કારણથી (सद्दशत्वनिबन्धनाः) સદૃશપણાના દ્યોતક છે.

(त एव कालांशाः) તથા એ જ કાળના અંશો (''सोऽपि समयः'') તે પણ સમય છે, (''सोऽपि समयः'') તે પણ સમય છે, (''सोऽपि समयः'') તે પણ સમય છે. (इति) એ પ્રમાણે સમયોમાં (बहुप्रतीतित्वात्) બહુપણાની પ્રતીતિ થવાથી (नययोगात्) પર્યાયાર્થિકનયની અપેક્ષાએ (विसदृशसाधनसिद्धयै अपि) વિસદૃશતાની સિદ્ધિ માટે પણ સમર્થ છે.

**ભાવાર્થ**—દ્રવ્યના પ્રતિસમયવર્તી પરિણમનને ઉર્ધ્વાંશકલ્પના તથા સ્વકાળ કહે છે. પોતપોતાની જાતિને ઉલ્લંઘન નહિ કરતાં પોતપોતાના સ્વકાળરૂપ અંશો જે સામાન્યપણે સદૃશતાના દ્યોતક છે, તે જ અંશો પર્યાયાર્થિકનયની અપેક્ષાએ પ્રતિસમયમાં ભિન્ન પ્રતીતિથી વિસદૃશતાના પણ દ્યોતક કહેવાય છે, અર્થાત્ સામાન્યરૂપે જે સ્વકાળની અપેક્ષા હોય છે તે દ્વારા દ્રવ્યમાં તદ્ભાવ કહેવામાં આવે છે, તથા પર્યાયાર્થિકનયથી જુદા જુદા સમયમાં જે સ્વકાળકૃત વિશેષતા થયા કરે છે, તેની અપેક્ષાએ દ્રવ્યમાં અતદ્ભાવ કહેવામાં આવે છે.

## અન્વય-વ્યતિરેક પરસ્પર સાપેક્ષ કાર્યકારી છે

**अतदिदमिहप्रतीतौ क्रियाफलं कारकाणि हेतुरिति।**
**तदिदं स्यादिह संविदि हि हेतुस्तत्त्वं हि चेन्मिथः प्रेम॥३३१॥**

**અન્વયાર્થ**—(मिथः प्रेम चेत्) જો પરસ્પર બંનેમાં અપેક્ષા રહે તો (अतत् इदं) 'આ તે નથી.' (इह प्रतीतौ) એ પ્રતીતિમાં (क्रियाफलं) ક્રિયા, ફળ, (कारकाणि) કારક, (हेतुः) હેતુ, (इति) એ સર્વ બની શકે છે. તથા (तदिदं) 'આ તે જ છે' (इह संविदि) એ પ્રતીતિમાં પણ (हि) નિશ્ચયથી (हेतुः) હેતુ (तत्त्वंस्यात्) તત્ત્વ એ સર્વ બની જાય છે.

**ભાવાર્થ**—તદ્ભાવ અને અતદ્ભાવને (પરસ્પર) નિરપેક્ષ માનવાથી પૂર્વોક્ત પ્રકારથી કાર્ય-કારણભાવના અભાવનો પ્રસંગ આવે છે, પરંતુ જો બંનેને (પરસ્પર) સાપેક્ષ માનવામાં આવે તો ''तदिदं'' તથા ''तदिदं न'' એ આકારવાળા તત્ભાવ અને અતત્ભાવની પ્રતીતિમાં કાર્ય–કારણ તથા ક્રિયા વા કારક એ બધાં સિદ્ધ થઈ જાય છે. સારાંશ કે—

**વિશેષાર્થ**—કોઈ વસ્તુમાં અથવા કોઈ ગુણમાં પૂર્વ પર્યાય કારણરૂપ થાય છે અને ઉત્તર પર્યાય કાર્યરૂપ થાય છે. તથા તે વસ્તુની અથવા ગુણની પર્યાયનું પલટવું તે ક્રિયા કહેવાય છે. જો ભેદ બુદ્ધિથી વિચાર કરવામાં આવે તો તો ત્રણે વાત જુદી જુદી છે. ક્રિયા ભિન્ન પદાર્થ છે, કારણરૂપ પર્યાય ભિન્ન પદાર્થ છે તથા કાર્ય–ફળરૂપ પર્યાય પણ ભિન્ન પદાર્થ છે, કેમ કે પૂર્વ પર્યાય અને ઉત્તર પર્યાયનો સમય જુદો જુદો છે, પરંતુ દ્રવ્યદૃષ્ટિથી–અભેદ બુદ્ધિથી જો વિચાર કરવામાં આવે તો દ્રવ્ય અથવા ગુણ–અભિન્નરૂપ જ પ્રતીતિમાં આવે છે, કેમ કે પર્યાય વસ્તુથી જુદી નથી અથવા સર્વ પર્યાયોનો સમૂહ જ વસ્તુ છે, તેથી અભિન્ન અવસ્થામાં ક્રિયા, કારણ, ફળ બધું એકરૂપ જ પ્રતીત થાય છે.

**अयमर्थः सदसद्वत्तदतदपि च विधिनिषेधरुपं स्यात्।**
**न पुनर्निरपेक्षतया तद्‌द्वयमपि तत्त्वमुभयतया॥३३२॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે–(सदसद्‌वत्) સત્–અસત્‌ની માફક (तत् च अतत् अपि) તત્ તથા અતત્ પણ (विधिनिषेधरुपं स्यात्) વિધિ–નિષેધરૂપ હોય છે, (पुनः) પરંતુ (निरपेक्षतया न) નિરપેક્ષપણે નથી. કારણ (उभयतया) પરસ્પર સાપેક્ષપણે (तद्वयं अपि तत्त्वं) તત્–અતત્ એ બંને પણ તત્ત્વ છે.

**ભાવાર્થ**—સારાંશ એ છે, કે—વસ્તુ કથંચિત્ સત્-અસત્‌થી યુક્ત હોવા છતાં જે પ્રમાણે અસ્તિ-નાસ્તિરૂપ કહેવામાં આવે છે, તે પ્રમાણે તે કથંચિત્ તત્‌ભાવ વા અતત્‌ભાવથી યુક્ત હોવા છતાં પણ વિધિ—નિષેધરૂપ કહેવામાં આવે છે, કારણ કે પરસ્પર સાપેક્ષ હોવાથી વસ્તુ સત્‌અસત્‌ભાવમયની માફક તત્‌અતત્‌ભાવમય છે, પરંતુ નિરપેક્ષરૂપે નથી. ઉક્ત સારાંશનું સ્પષ્ટીકરણ—

**रुपनिदर्शनमेतत्तदिति यदा केवलं विधिः मुख्यः।**
**अतदिति गुणोऽपृथक्त्वात्तन्मात्रं निरवशेषतया॥३३३॥**

**અન્વયાર્થ**—(एतत्‌रुपनिदर्शनं) પૂર્વોક્ત કથનનો ખુલાસો આ પ્રમાણે છે, કે–(यदा) જે સમયે (केवलं) કેવળ (तत् इति) તત્‌ની (विधिः मुख्यः) વિધિ મુખ્ય થાય છે, (तदा) તે સમયે (अपृथक्त्वात्) કથંચિત્ અપૃથક્ હોવાના કારણથી (अतत् इति गुणः) અતત્ ગૌણ થઈ જાય છે. તેથી વસ્તુ (निरवशेषतया) સામાન્યરૂપે (तन्मात्रं) તન્માત્ર કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનો ખુલાસો આ છે, કે—જે પ્રમાણે જે વેળા વસ્તુમાં દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ તત્‌ભાવની મુખ્યતાના કારણથી વિધિની વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે વિધિનો અવિનાભાવી અતત્‌ભાવ કેવળ વિવક્ષિત ન થવાના કારણથી ગૌણ થઈ જાય છે, તેથી વસ્તુ તત્‌ભાવમાત્ર અથવા તન્માત્ર કહેવાય છે.

**अतदिति विधिर्विवक्ष्यो मुख्यः स्यात् केवलं यदादेशात्।**
**तदिति स्वतो गुणत्वादविवक्षितमित्यतन्मात्रम्॥३३४॥**

**અન્વયાર્થ**—(यदा) તથા જે સમયે (आदेशात्) પર્યાયાર્થિકનયની અપેક્ષાએ (केवलं अतत् इति) કેવળ અતત્ એ (विवक्ष्यः विधिः) વિવક્ષા કરવા યોગ્ય વિધિ (मुख्यः स्यात्) મુખ્ય થાય છે. (तदा) તે સમયે (तत् इति) તત્ એ (स्वयं गुणत्वात्) સ્વયં ગૌણ થવાથી (अविवक्षितं) અવિવક્ષિત રહે છે, (इति) તેથી વસ્તુને (अतन्मात्रं) અતન્માત્ર કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—એ જ પ્રમાણે જે સમયે વસ્તુમાં પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અતત્‌ભાવની મુખ્યતાના કારણથી નિષેધની વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે નિષેધનો અવિનાભાવિ તત્‌ભાવ કેવળ અવિવક્ષિત થવાના કારણથી ગૌણ થઈ જાય છે, તેથી વસ્તુ અતદ્‌ભાવમાત્ર અથવા અતન્માત્ર કહેવાય છે.

## ઉપસંહાર

**शेषविशेषाख्यानं ज्ञातव्यं चोक्तवक्ष्यमाणतया।**
**सूत्रे पदानुवृत्तिर्ग्राह्या सूत्रान्तरादिति न्यायात्॥३३५॥**

**અન્વયાર્થ**—(सूत्रे पदानुवृत्तिः) સૂત્રમાં પદોની અનુવૃત્તિ (सूत्रान्तरात् ग्राह्या) બીજાં સૂત્રોથી ગ્રહણ કરવી જોઈએ. (इति न्यायात्) એ ન્યાયથી (शेषविशेषाख्यानं च) અહીં આગળ પણ બાકીનું વિશેષકથન (उक्तवक्ष्यमाणतया) ઉક્ત અને વક્ષ્યમાણ પૂર્વાપર સંબંધથી (ज्ञातव्यं) જાણવું જોઈએ.

**ભાવાર્થ**—એ પ્રમાણે અહીં સામાન્યરૂપથી પરસ્પર સાપેક્ષ તદ્‌ભાવ અને અતદ્‌ભાવથી યુક્ત વસ્તુના સ્વરૂપનું નિરૂપણ કર્યું. તથા જેવી રીતે સૂત્રોમાં બીજાં સૂત્રોથી પદોની અનુવૃત્તિ આવે છે અર્થાત્ પૂર્વાપર સંબંધથી વિશેષ અર્થ કાઢવામાં આવે છે, તેવી રીતે અહીં આગળ પણ વિશેષ વ્યાખ્યાન પૂર્વાપર સંબંધથી સમજી લેવું જોઈએ. અહીં પ્રશ્ન—

**ननु किं नित्यमनित्यं किमथोभयमनुभयं च तत्त्वंस्यात्।**
**व्यस्तं किमथ समस्तं क्रमतः किमथाक्रमादेतत्॥३३६॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે–(एत तत्त्वं) એ તત્ત્વ, (किं नित्यं, अनित्यं) શું નિત્ય છે અથવા અનિત્ય છે? (अथ) તથા (किं उभयं च अनुभयं) શું ઉભયરૂપ છે અથવા અનુભયરૂપ છે? (अथ) તથા (किं व्यस्तं, समस्तं) શું વ્યસ્તરૂપ છે અથવા સમસ્તરૂપ છે? (अथ) તથા (किं एतत् क्रमतः अक्रमात् स्यात्) શું એ ક્રમથી છે અથવા અક્રમથી છે?

**ભાવાર્થ**—પદાર્થમાં સત્–અસત્‌ભાવ તથા તત્–અતત્‌ભાવનું નિરૂપણ કરીને હવે તેને નિત્ય-અનિત્યાત્મક અને એક-અનેકાત્મક સિદ્ધ કરવા માટે ઉપરના ચાર પ્રશ્નોપૂર્વક ઉહાપોહ કરવામાં આવે છે, કે–શું તત્ત્વ, નિત્યરૂપ છે કે અનિત્યરૂપ? શું ઉભયરૂપ છે કે અનુભયરૂપ? શું વ્યસ્ત-અનેકરૂપ છે કે સમસ્ત–એકરૂપ? અને શું સક્રમરૂપ છે કે અક્રમરૂપ? તેનો ઉત્તર—

**सत्यं स्वपरनिहत्यै सर्वं किल सर्वथेति पदपूर्वं।**
**स्वपरोपकृतिनिमित्तं सर्वं स्यात्स्यात्पदांकितं तु पदम्॥३३७॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, પરંતુ (किल) નિશ્ચયથી (सर्वथा इति पदपूर्वं) 'સર્વથા' એ પદપૂર્વક (सर्वं) સર્વ કથન (स्वपरनिहत्यै) સ્વ-પરના ઘાત માટે છે, (तु) પરંતુ (स्यात्पदांकितं) સ્યાત્પદ દ્વારા યુક્ત (सर्वं पदं) સર્વ પદો (स्वपरोपकृतिनिमित्तं स्यात्) સ્વ-પરના ઉપકાર માટે છે.

**ભાવાર્થ**—ઠીક છે, પરંતુ "સર્વથા" પદપૂર્વક સર્વ કથનો સ્વ વા પરનાં ઘાતક થાય છે તથા કથંચિત્ "સ્યાત્" પદપૂર્વક એ સર્વ કથનો યુક્તિસંગત ઠરે છે, તેથી તત્ત્વ, સર્વથા ન તો નિત્ય છે કે ન અનિત્ય છે, ન ઉભયરૂપ છે કે ન અનુભયરૂપ છે, ન વ્યસ્તરૂપ છે કે ન સમસ્તરૂપ છે તથા ન સક્રમરૂપ છે કે ન અક્રમરૂપ છે, પરંતુ કથંચિત્ નિત્ય—અનિત્ય, ઉભય —અનુભય, વ્યસ્ત—સમસ્તરૂપ તથા સક્રમ—અક્રમરૂપ છે.

**વિશેષાર્થ**—વસ્તુ અનંત ધર્માત્મક છે, તેથી વિવક્ષાવશ તેમાં એક ધર્મ મુખ્ય અને બીજા ગૌણ થઈ જાય છે. આ ગૌણ અને મુખ્યની વિવક્ષામાં જ પદાર્થ કોઈ વાર કોઈરૂપે અને કોઈ વાર કોઈરૂપે કહી શકાય છે, પરંતુ મુખ્ય ગૌણની વિવક્ષા છોડી દઈને સર્વથા એકાન્તરૂપ જ પદાર્થને માનવાથી કોઈ પદાર્થની સિદ્ધિ થતી નથી, તેથી પદાર્થ કથંચિત્ દ્રવ્યદૃષ્ટિથી નિત્યરૂપ પણ છે, કથંચિત્ પર્યાય દૃષ્ટિથી અનિત્યરૂપ પણ છે, કથંચિત્ પ્રમાણ દૃષ્ટિથી ઉભયરૂપ પણ છે, કથંચિત્ નયદૃષ્ટિથી અનુભયરૂપ પણ છે અથવા વચન અગોચર હોવાથી પણ અનુભયરૂપ છે. કથંચિત્ ભેદ વિવક્ષાથી વ્યસ્તરૂપ પણ છે, કથંચિત્ અભેદ વિવક્ષાથી સમસ્તરૂપ પણ છે. કથંચિત્ વચન વિવક્ષાથી ક્રમરૂપ પણ છે અને કથંચિત્ વચનની અવિવક્ષાથી અક્રમ રૂપ પણ છે. આ રીતે વસ્તુની સાથે સ્યાત્ પદ લગાડી દેવાથી બધી વાત બની શકે છે. વિવક્ષા અનુસાર (કાંઈ પણ) કહી શકાય છે, પરંતુ સ્યાત્ પદને વસ્તુથી ખસેડીને તેની સાથે સર્વથા પદ લગાડી દેવાથી પદાર્થ જ સ્વરૂપ પ્રાપ્તિ કરી શકતો નથી. સારાંશ એ છે કે અનેકાંત દૃષ્ટિથી બધું બરાબર છે, એકાંત દૃષ્ટિથી એક પણ વસ્તુ બરાબર નથી.

તેનો ખુલાસો—

**अथ तद्यथा यथा सत्स्वतोस्ति सिद्धं तथा च परिणामी।**
**इति नित्यमथानित्यं सच्चैकं द्विस्वभावतया॥३३८॥**

**અન્વયાર્થ**—(अथ) હવે (तद्यथा) તેનો ખુલાસો આ છે, કે-(यथा) જેમ (सत् स्वतः सिद्धं अस्ति) સત્ સ્વતઃસિદ્ધ છે, (तथा च) તે જ પ્રમાણે તે (परिणामी) પરિણમનશીલ પણ છે, (इति) તેથી (एकं च सत्) એક જ સત્ (द्विस्वभावतया) બે સ્વભાવવાળું હોવાથી તે (नित्यमथानित्यं) નિત્ય તથા અનિત્યરૂપ છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનો ખુલાસો આ છે, કે—જેમ તત્ત્વ, સ્વતઃસિદ્ધ છે તે જ પ્રમાણે તે પરિણમનશીલ પણ છે, તેથી એક જ સત્ સ્વતઃસિદ્ધ હોવાથી નિત્ય તથા પરિણમનશીલ હોવાથી અનિત્ય, એ પ્રમાણે સાપેક્ષ ઉભયસ્વભાવવાળું માન્યું છે.

## નિત્યવિવક્ષામાં યુક્તિ

**अयमर्थो वस्तु यदा केवलमिह दृश्यते न परिणामः।**
**नित्यं तदव्ययादिह सर्वं स्यादन्वयार्थ नययोगात्॥३३९॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે-(यदा) જે સમયે (इह) અહીં (केवलं) કેવળ (वस्तु दृश्यते) વસ્તુ દૃષ્ટિગત થાય છે. (परिणामः न) પરિણામ દૃષ્ટિગત થતા નથી. (तदा) તે સમયે (इह) ત્યાં (अन्वयार्थ नययोगात्) દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ (तदव्ययात्) વસ્તુપણાનો નાશ નહિ થવાથી (सर्वं नित्यं स्यात्) સંપૂર્ણ વસ્તુ નિત્ય છે.

**ભાવાર્થ**—સારાંશ એ છે, કે—જે સમયે કેવળ વસ્તુના વસ્તુપણાની વિવક્ષા થાય છે પણ પરિણામની નહિ, તે સમયે કદી પણ વસ્તુનો વસ્તુપણાથી નાશ નહિ થવાના કારણે દ્રવ્યાર્થિકનયથી એ સર્વ વસ્તુ નિત્ય કહેવાય છે.

## અનિત્યવિવક્ષામાં યુક્તિ

**अपि च यदा परिणामः केवलमिह दृश्यते न किल वस्तु।**
**अभिनवभावानभिनवभावाभावादनित्यमंशनयात्॥३४०॥**

**અન્વયાર્થ**—(अपि च) અથવા (यदा) જે સમયે (इह) અહીં (किल) નિશ્ચયથી (केवलं) કેવળ (परिणामः) પરિણામ (दृश्यते) દૃષ્ટિગત થાય છે, (वस्तु न) વસ્તુ દૃષ્ટિગત થતી નથી. (तदा) તે સમયે (अंशनयात्) પર્યાયાર્થિકનયની અપેક્ષાએ (अभिनवभावानभिनवभावाभावात्) નવીનપર્યાયની ઉત્પત્તિ તથા પૂર્વપર્યાયનો અભાવ થવાથી (अनित्यं) સંપૂર્ણ વસ્તુ જ અનિત્ય છે.

**ભાવાર્થ**—જે સમયે કેવળ વસ્તુનો પરિણામ વિવક્ષિત થાય છે તે સમયે તે વસ્તુમાં પર્યાયાર્થિકનયથી કેવળ પૂર્વ પૂર્વ ભાવોનો અભાવ તથા નવીન નવીન ભાવોનો ઉત્પાદ જ (ઉત્પત્તિ જ) દેખાય છે, તેથી એ વસ્તુ અનિત્ય પણ કહેવાય છે.

એ પ્રમાણે વસ્તુના નિત્ય-અનિત્યાત્મકપણામાં યુક્તિ દર્શાવી. હવે આગળ ક્રમપૂર્વક કહેવામાં આવતા સત્ અને પરિણામના વિષયમાં ઉહાપોહ કરવા અર્થે દૃષ્ટાંતો દ્વારા પૂર્વપક્ષના સ્થાપનપૂર્વક તેનું ખંડન કરીને વાસ્તવિક દૃષ્ટાંતો દ્વારા સત્ અને પરિણામના દ્વૈતપણાને સિદ્ધ કરે છે. અહીં પ્રશ્ન—

**ननु चैकं सदिति यथा तथा च परिणाम एव तद्द्वैतम्।**
**वक्तुं क्षममन्यतरं क्रमतो हि समं न तदिति कुतः॥३४१॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે-(यथा) જેમ (सत्) સત્ એ (एकं) એક છે (तथा) તેમ (परिणामः च) પરિણામ પણ એક છે. (इति) એ પ્રકારથી (तद्द्वैतं एव) એ બંનેમાં દ્વૈત જ છે અર્થાત્ એ સ્વતંત્ર રીતે બે છે, પરંતુ (क्रमतः) ક્રમથી (अन्यतरं) એ બંનેમાંથી કોઈ એક (वक्तुं क्षमं) કહી શકાય છે, (इति कुतः) એ (हि समं) ખરેખર કેવી રીતે?

**ભાવાર્થ**—જેમ સત્, પોતાની દૃષ્ટિ અનુસાર સત્ છે તે જ પ્રમાણે પરિણામ પણ પોતાની દૃષ્ટિથી પરિણામ છે, સત્ અને પરિણામોમાંથી જે સમયે સત્ કહેવામાં આવે છે તે સમયે પરિણામ કહી શકાતા નથી, તથા જે સમયે પરિણામ કહેવામાં આવે છે તે સમયે સત્ કહી શકાતું નથી, અર્થાત્ એક કાળમાં એ બંનેનું નિરૂપણ ન થતાં ભિન્ન-ભિન્ન કાળમાં થાય છે, તેનું શું કારણ?

શંકાકાર પોતે જ સ્વકલ્પિત દૃષ્ટાંતોના આશ્રયથી સત્ અને પરિણામના વિષયમાં પૂર્વપક્ષ દ્વારા નીચે પ્રમાણે ઉહાપોહ કરે છે—

## પ્રથમ દૃષ્ટાંત

**अथ किं 'क–खादि' वर्णाः सन्ति यथा युगपदेव तुल्यतया।**
**वक्ष्यन्ते क्रमतस्ते क्रमवर्तित्वाद्ध्वनेरिति न्यायात्॥३४२॥**

**અન્વયાર્થ**—(अथ किं) હવે શંકાકાર પોતે જ સ્વકલ્પિત દૃષ્ટાંતોના આશ્રયે સત્ અને પરિણામના વિષયમાં ઉહાપોહ કરે છે, કે-શું (यथा) જેમ (क–खादिवर्णाः) 'क–ख' વગેરે વર્ણ (तुल्यतया) સમાનતાથી (युगपदेव सन्ति) એક કાળમાં જ હોય છે, પરંતુ (ध्वनेः क्रमवर्तित्वात् इति न्यायात्) ધ્વનિ ક્રમવર્તી હોય છે, એ ન્યાયથી (ते) એ ક, ખ વગેરે વર્ણ (क्रमतः वक्ष्यन्ते) ક્રમપૂર્વક કહી શકાય છે પણ એકસાથે કહી શકાતા નથી. એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ યુગપત્ રહેવા છતાં પણ ક્રમપૂર્વક કહ્યા જાય છે?

**ભાવાર્થ**—જેવી રીતે 'क, ख' વગેરે વર્ણ યુગપત્ રહે છે પણ એ બધાની ધ્વનિ એક વ્યક્તિ દ્વારા યુગપત્ નીકળી શકતી નથી, તેથી તે ક્રમપૂર્વક કહ્યા જાય છે. એ પ્રમાણે યુગપતવર્તી સત્ અને પરિણામ શું ક્રમપૂર્વક કહ્યા જાય છે?

## બીજું દૃષ્ટાંત

**अथ किं खरतरदृष्ट्या विन्ध्यहिमाचलयुगं यथास्ति तथा।**
**भवतु विवक्ष्यो मुख्यो विवक्तुरिच्छावशाद्गुणोऽन्यतरः॥३४३॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું? (यथा) જેમ (खरतरदृष्ट्या) ખરતરદૃષ્ટિથી (એટલે

તીક્ષ્ણદૃષ્ટિથી) (विन्ध्य–हिमाचलयुगं) વિંધ્યાચલ તથા હિમાચલ એ બે પર્વત (अस्ति) છે, પરંતુ એ બંનેમાંથી (विवक्तुं इच्छावशात्) કથન કરવાવાળાની ઇચ્છાનુસાર (विवक्ष्यः) વિવક્ષિત કોઈ એક (मुख्यः भवतु) મુખ્ય થઈ જાય છે, તથા (अन्यतरः गुणः) અવિવક્ષિત બીજો ગૌણ થઈ જાય છે. (तथा) એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ વિવક્ષાવશ બે કહ્યા જાય છે?

**ભાવાર્થ**—અથવા શું જેમ વિંધ્યાચળ અને હિમાલય એ બંને એક બીજાથી અત્યંત ભિન્ન છે, પરંતુ તીક્ષ્ણદૃષ્ટિથી વિવક્ષિતને મુખ્ય તથા અવિવક્ષિતને ગૌણ માનતાં તેમાં ક્રમ રહે છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ બે કહ્યા જાય છે?

## ત્રીજું દૃષ્ટાંત

**अथ चैकः कोऽपि यथा सिंहः साधुर्विवक्षितो द्वेधा।**
**सत्परिणामोऽपि तथा भवति विशेषणविशेष्यवत् किमिति॥३४४॥**

**અન્વયાર્થ**—(अथ च) અથવા (यथा) જેમ (कोऽपि एकः) કોઈ એક જ વ્યક્તિ (सिंहः साधुः द्वेधा विवक्षितः) શૂરત્વાદિ ગુણોની અપેક્ષાથી સિંહ તથા પરોપકારત્વાદિ ગુણોની અપેક્ષાથી સાધુ, એ પ્રમાણે વિશેષણ–વિશેષ્યભાવના કારણથી બે રૂપથી વિવક્ષિત થઈ જાય છે, (तथा) તેવી જ રીતે (सत्परिणामोऽपि) સત્ અને પરિણામ પણ એક હોવા છતાં (किमिति) શું (विशेषणविशेष्यवत्) વિશેષણવિશેષ્યભાવસંબંધની માફક બે પ્રકારથી વિવક્ષિત (भवति) થાય છે?

**ભાવાર્થ**—અથવા જેમ એક જ વ્યક્તિ ક્રમપૂર્વક વિવક્ષાવશ વિશેષણ-વિશેષ્યસંબંધથી સિંહ અને સાધુ કહેવામાં આવે છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ પણ ક્રમપૂર્વક વિવક્ષાવશ વિશેષણ-વિશેષ્યસંબંધથી બે કહેવામાં આવે છે?

## ચોથું અને પાંચમું દૃષ્ટાંત

**अथ किमनेकार्थत्वादेकं नामद्वयांकितं किंचित्।**
**अग्निर्वैश्वानर इव सव्येतरगोविषाणवत् किमथ॥३४५॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું–જેમ (अनेकार्थत्वात्) એક શબ્દના જુદા જુદા અર્થ હોવાથી (किंचित् एकं) કોઈ એક જ વસ્તુ (अग्निः वैश्वानर इव) અગ્નિ અને વૈશ્વાનરની માફક (नामद्वयांकितं) બે નામ સહિત થઈ જાય છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ છે–અર્થાત્ કોઈ એક જ પદાર્થનાં બે નામ છે? (अथ किं) અથવા શું (सव्येतरगोविषाणवत्) ગાયના જમણા–ડાબા શિંગડાંની માફક સત્ અને પરિણામ પરસ્પર સહચારી છે?

**ભાવાર્થ**—અથવા જેમ અનેકાર્થવાચકપણાથી એક જ અર્થના અગ્નિ અને વૈશ્વાનર એ બે વાચકનામ થાય છે, તે જ પ્રમાણે શું સત્ અને પરિણામ પણ કોઈ એક જ અર્થનાં બે વાચક નામ છે? અથવા જેમ ગાયનાં ડાબા-જમણાં શિંગડાં જુદાં-જુદાં હોવા છતાં પણ પરસ્પરમાં સહચારી છે, એ જ પ્રમાણે શું સત્ તથા પરિણામ પણ ભિન્ન-ભિન્ન હોઈને પરસ્પરમાં સહચારી છે?

## છઠ્ઠું દૃષ્ટાંત

**अथ किं कालविशेषादेकः पूर्वं ततोऽपरः पश्चात्।**
**आमानाम विशिष्टं पृथिवीत्वं तद्यथा तथा किमिति॥३४६॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું (कालविशेषात्) કાળકૃતભેદથી (एकः पूर्वं) એક પહેલાં તથા (अपरः) બીજો (ततः पश्चात्) તેના પછી થાય છે, તેથી (यथा) જેમ (आमानाम विशिष्टं पृथिवीत्वं) અપક્વ તથા પક્વવિશેષણસહિત પૃથ્વિત્વ હોય છે, (तथा) તેવી જ રીતે (किमिति) શું (तत्) સત્ અને પરિણામનું દ્વૈતપણું છે?

**ભાવાર્થ**—અથવા શું જેમ અપક્વથી પક્વ થવાવાળી માટીમાં કાળકૃત અંતર રહે છે, તથા તે ક્રમથી અપક્વ વા પક્વ કહેવાય છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામમાં કાળકૃત ભેદ છે?

## સાતમું દૃષ્ટાંત

**अथ किं कालक्रमतोप्युत्पन्नं वर्तमानमिव चास्ति।**
**भवति सपत्नीद्वयमिह यथा मिथः प्रत्यनीकतया॥३४७॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું સત્ અને પરિણામ એ બંને (कालक्रमतः उत्पन्नं अपि) કાળક્રમથી ઉત્પન્ન થવા છતાં પણ (वर्तमानं च इव अस्ति) વર્તમાનની જ માફક છે? (यथा) જેમ કે–(इह) આ લોકમાં (मिथः) પરસ્પર (प्रत्यनीकतया) વિરૂદ્ધપણાથી (सपत्नीद्वयं भवति) એક પુરુષની બે સ્ત્રીઓ ભિન્ન-ભિન્ન કાળમાં ઉત્પન્ન હોવા છતાં પણ એક કાળમાં શોક્ય–સપત્ની કહેવાય છે.

**ભાવાર્થ**—અથવા શું જેમ કોઈ પુરુષની જુદા જુદા કાળમાં થવાવાળી બે સ્ત્રીઓ એક કાળમાં જ પરસ્પર વિવક્ષિતપણાથી સપત્ની (શોક્યો) કહેવાય છે, તે જ પ્રમાણે શું પરસ્પર વિરોધરૂપથી ભિન્ન-ભિન્નકાળવર્તી હોવા છતાં પણ સત્ અને પરિણામ એક કાળમાં પરસ્પર વિવક્ષાથી બે કહેવામાં આવે છે?

## આઠમું અને નવમું દ્રષ્ટાંત

**अथ किं ज्येष्ट कनिष्टभ्रातृद्वयमिव मिथः सपक्षतया।**
**किमथोपसुन्दसुन्दमल्लन्यायात्किलेतरेतरस्मात् ॥३४८॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું સત્ અને પરિણામ એ બંને (मिथः सपक्षतया) પરસ્પરમાં અવિરોધપણાથી (ज्येष्टकनिष्टभ्रातृद्वयं इव) નાના અને મોટાભાઈઓની માફક ભિન્નકાળમાં ઉત્પન્ન થવા છતાં પણ એકકાળમાં રહે છે? (अथ किं) અથવા શું? (किल) નિશ્ચયથી (इतरेतरस्मात्) પરસ્પર ([1]उपसुन्दसुन्दमल्लन्यायात्) ઉપસુંદ અને સુંદ મલ્લન્યાયથી સત્ તથા પરિણામ એ બંને એક કાળમાં રહે છે?

**ભાવાર્થ**—અથવા શું જેમ પરસ્પર સપક્ષભાવથી નાના તથા મોટા ભાઈઓમાં દ્વૈતપણું રહે છે, એ જ પ્રમાણે શું પરસ્પરમાં સપક્ષભાવથી સત્ અને પરિણામમાં દ્વૈતપણું રહે છે? અથવા શું જેમ સુંદ તથા ઉપસુંદ મલ્લોમાં દ્વૈતપણું છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામમાં દ્વૈતપણું છે?

## દશમું અને અગિયારમું દ્રષ્ટાંત

**केवलमुपचारादिह भवति परत्वापरत्ववत्किमथ।**
**पूर्वापरदिग्द्वैतं यथा तथा द्वैतमिदमपेक्षतया॥३४९॥**

**અન્વયાર્થ**—(किं) અથવા શું (केवलं उपचारात्) કેવળ ઉપચારમાત્રથી (परत्वापरत्ववत् भवति) પરત્વ-અપરત્વની માફક છે? (अथ) અથવા શું (इह) અહીં (यथा) જેમ (पूर्वापरदिग्द्वैतं) આકાશના અખંડિત હોવા છતાં પણ 'આ પૂર્વ દિશા છે અને આ પશ્ચિમ દિશા છે' ઈત્યાદિ ક્ષેત્રકૃત પરત્વ-અપરત્વ થાય છે. (तथा) એ જ પ્રમાણે શું (इदं द्वैतं) સત્ અને પરિણામની દ્વૈતતા (अपेक्षतया) અપેક્ષાપણાથી છે?

---

૧. સમાન શક્તિવાળા સુંદ અને ઉપસુંદ નામના બે રાક્ષસ હતા, એમણે પોતાની તપશ્ચર્યાથી શંકરને પ્રસન્ન કર્યા, શંકરે પ્રસન્ન થઈને તેમને ઈષ્ટ વરદાન માગવાનું કહ્યું, પરંતુ દૈવયોગથી તેમની બુદ્ધિ પલટાઈ ગઈ અને તેથી તેમણે શંકરની પાસે ઉત્તમ વરદાન ન માગતાં પાર્વતીની યાચના કરી; પોતાના વચનાનુસાર શંકરે તેમને પાર્વતી આપી દીધી, પણ પાર્વતીના અર્થે એ બંનેમાં પરસ્પર વિવાદ ઉત્પન્ન થયો, ત્યાં તેમનો વિવાદ મટાડવા માટે એક મધ્યસ્થની આવશ્યકતા ઉભી થઈ; શંકરે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી એ બંનેના મધ્યસ્થ થવાનો સ્વીકાર કર્યો અને તેમને એવો ન્યાય આપ્યો કે-તમે બંને ક્ષત્રિય છો માટે તમારે યુદ્ધ દ્વારા જ આ વિવાદનો અંત આણવો જોઈએ, તેથી એ બંનેએ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો, પરંતુ એ બંને મલ્લો સમાન શક્તિશાળી હતા, તેથી બંને જણાએ પરસ્પર એક સમયમાં ઘા કરવાથી એ બંનેનો એક જ સમયમાં વધ થઈ ગયો. (હિતોપદેશ)

**ભાવાર્થ**—અથવા જેમ આયુષ્યની અપેક્ષાએ નાના અને મોટામાં કેવળ ઉપચારથી પરત્વ અને અપરત્વ સમજવામાં આવે છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ ઉપચારથી જ ભિન્ન છે?

અથવા શું જેમ સૂર્યના ઉદયાદિની અપેક્ષાએ દિશાઓના પૂર્વ-પશ્ચિમાદિ ભેદ થઈ જાય છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ કેવળ આપેક્ષિક છે?

## બારમું દ્દષ્ટાંત

**किमथाधाराधेयन्यायादिह कारकादि द्वैतमिव।**
**स यथा घटे जलं स्यान्न स्यादिह जले घटः कश्चित्॥३५०॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું સત્ અને પરિણામ એ બંને (इह) અહીં (आधाराधेयन्यायात्) આધાર–આધેયન્યાયથી (कारकादिद्वैतं इव) કારકાદિ દ્વૈતની માફક છે (स यथा) અને તે આધાર–આધેયન્યાય આ પ્રમાણે છે, કે જેમ (इह) અહીં (घटे जलं स्यात्) 'ઘટમાં જળ રહે છે', પરંતુ (जले कश्चित् घटः न स्यात्) જળમાં કાંઈ ઘટ રહેતો નથી.

**ભાવાર્થ**—અથવા શું જેમ 'ઘટમાં જળ રહે છે', એ વાક્યમાં ઘટ આધાર છે તથા જળ આધેય છે, એવો વ્યવહાર થાય છે, પરંતુ 'જળમાં ઘટ રહે છે' એવો વ્યવહાર થઈ શકતો નથી, તેથી 'ઘટમાં' એ અધિકરણકારક છે તથા 'જળ રહે છે' એ કર્તાકારક છે, એ જ પ્રમાણે શું સત્માં પરિણામ હોય છે અર્થાત્ શું એ પ્રકારથી સત્ અને પરિણામમાં આધાર–આધેયભાવથી દ્વૈતતા છે?

## તેરમું દ્દષ્ટાંત

**अथ किं बीजांकुरवत्कारण कार्यद्वयं यथास्ति तथा।**
**स यथा योनिभूतं तत्रैकं योनिजं तदन्यतरम्॥३५१॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું (यथा) જેમ (द्वयं बीजांकुरवत्) બન્ને બીજ અને અંકુરમાં (कारण कार्य अस्ति) કારણ અને કાર્ય રહે છે, (तथा) એવી જ રીતે શું સત્ તથા પરિણામમાં કારણ–કાર્યભાવ છે? (स यथा) અને તે કારણ–કાર્યભાવ આ પ્રકારથી છે, કે–(तत्र) એ બીજ અને અંકુરમાં (एकं योनिभूतं) એક કારણ તથા (तदन्यतरं) એનાથી ભિન્ન બીજો (योनिजं) કાર્ય છે.

**ભાવાર્થ**—અથવા શું બીજ તથા અંકુરમાં કારણ-કાર્યભાવ હોય છે અર્થાત્ બીજ કારણ છે તથા અંકુર કાર્ય છે, તેવી જ રીતે શું સત્ને કારણ તથા પરિણામને કાર્ય માનીને તેમાં કારણ-કાર્યભાવ છે?

## ચૌદમું દૃષ્ટાંત

**अथ किं कनकोपलवत् किंचित्स्वं किंचिदस्वमेव यतः।**
**ग्राह्यं स्वं सारतया तदितरमस्वं तु हेयमसारतया॥३५२॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું (कनकोपलवत्) કનકોપલની માફક એ બંનેમાં (यतः) જે કારણથી (किंचित् स्वं) કેટલાક પોતાના અંશ છે તથા (किंचित् अस्वं एव) કેટલાક અંશ પોતાના નહિ પણ પરના જ છે, (ततः) તે કારણથી (सारतयास्वं ग्राह्यं) સારભૂત હોવાથી નિજ અંશ ગ્રહણ કરવા યોગ્ય છે? (तु) તથા (तदितरं अस्वं) પોતાના નિજ અંશથી ભિન્ન પર અંશ (असारतया) અસારપણાથી (हेयं) છોડવા યોગ્ય છે?

**ભાવાર્થ**—અથવા શું જેમ સુવર્ણપાષાણમાં જેટલો સારભૂત સુવર્ણઅંશ છે તેટલો તે ગ્રાહ્ય છે પણ અન્ય અંશ નહિ, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામમાંથી સત્રૂપ સારભૂત અંશ ગ્રાહ્ય તથા પરિણામરૂપ અસારભૂત અંશ ત્યાજ્ય હોવાથી અગ્રાહ્ય છે? અર્થાત્ સત્ અને પરિણામમાં જે દ્વૈતતા છે, તે શું ગ્રાહ્ય તથા અગ્રાહ્યરૂપથી છે?

## પંદરમું દૃષ્ટાંત

**अथ किं वागर्थद्वयमिव सम्पृक्तं सदर्थसंसिद्धयै।**
**पानकवत्तन्नियमादर्थाभिव्यंजकं द्वैतात्॥३५३॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું (सदर्थ संसिद्धयै) સત્રૂપ અર્થની સંસિદ્ધિ માટે (वागर्थद्वयं इव) વાચક-વાચ્ય યુગલની માફક (संपृक्तं) મળેલું (तत्) એ સત્ અને પરિણામનું યુગલ (पानकवत्) પાનકપદાર્થની માફક (नियमात्) નિયમથી (द्वैतात्) દ્વૈતના કારણે (अर्थाभिव्यंजकं) અર્થને પ્રગટ કરવાવાળું છે?

**ભાવાર્થ**—અથવા જેમ યોગ્ય અર્થની સિદ્ધિ માટે શબ્દ અને અર્થમાં પાનકપદાર્થની[1] માફક વાચ્ય-વાચક સંબંધ છે, તેથી યોગ્ય અર્થના સ્પષ્ટીકરણ અર્થે જ્યારે ઉપયુક્ત 'યોગ્ય' શબ્દ બોલવામાં આવે છે ત્યારે જ યોગ્ય અર્થનો બોધ થઈ શકે છે, એવી જ રીતે શું સત્ અને પરિણામમાં વાચ્ય-વાચક સંબંધ હોવાથી પરિણામને કહેતાં સત્નો બોધ થાય છે?

---

૧. પાનકની (શરાબની) ઉપમાનું અહીં એવું પ્રયોજન જણાય છે, કે—જેમ શરાબ યોગ્ય પરિમાણ પ્રમાણમાં શરાબ બનાવવાવાળી વસ્તુઓના મેળવવાથી થાય છે પણ જો યોગ્ય પરિમાણનો અભાવ હોય તો જેવી જોઈએ તેવી શરાબ તૈયાર થતી નથી. 'પાનક'નો અર્થ પીણું—જેમ અનેક પદાર્થો ભેગાં કરી કોઈ પીણું બનાવે છે તે.

## સોળમું દૃષ્ટાંત

**अथ किमवश्यतया तद्वक्तव्यं स्यादनन्यथासिद्धयै।**
**भेरीदण्डवदुभयोः संयोगादिव विवक्षितः सिद्धयेत्॥३५४॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું (स्यात् अनन्यथासिद्धयै) અવિનાભાવી હોવાથી (तत्) એ સત્ અને પરિણામ બંને (अवश्यतया) અવશ્યપણાથી (वक्तव्यं) કહેવાં જોઈએ; કારણ કે–(भेरीदंडवत्) ભેરી અને દંડની માફક (उभयोः संयोगात् इव) એ બંનેના સંયોગથી જ (विवक्षितः सिद्धयेत्) વિવક્ષિત સિદ્ધિ થાય છે, અર્થાત્ વિવક્ષિત પદાર્થની સિદ્ધિ થાય છે?

**ભાવાર્થ**—અથવા જેમ અવિનાભાવ સંબંધથી દંડના સંયોગપૂર્વક જ નગારામાં શબ્દ ઉત્પન્ન થાય છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામના સંબંધથી જ વસ્તુની સિદ્ધિ થાય છે, તેથી એ બંને જ અવશ્ય કહેવા યોગ્ય છે?

## સત્તરમું દૃષ્ટાંત

**अथ किमुदासीनतया वक्तव्यं वा यथारुचित्वान्न।**
**पदपूर्ण न्यायादप्यन्यतरेणेह साध्यसंसिद्धेः॥३५५॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું સત્ અને પરિણામને (उदासीनतया) ઉદાસીનપણાથી (यथारुचित्वात्) પોતાની રુચિ અનુસાર (वक्तव्यं) કહેવાં જોઈએ (वा) અથવા (न) ન કહેવાં જોઈએ? કારણ કે (इह) અહીં (पदपूर्णन्यायादपि) પદપૂર્ણન્યાયથી (થોડામાં ઘણું સમજાય છે.) પણ (अन्य-तरेण) સત્ તથા પરિણામમાંથી કોઈ એકના કથનથી (साध्य संसिद्धेः) સાધ્યની સંસિદ્ધિ થઈ શકે છે.

**ભાવાર્થ**—અથવા જેમ પદના એક અંશને સમજવાથી સંપૂર્ણ પદનું જ્ઞાન થઈ શકે છે, તેથી એવી સ્થિતિમાં પદના સંપૂર્ણ અંશોનું પ્રતિપાદન પ્રતિપાદકની પોતાની રુચિ ઉપર અવલંબિત છે, કારણ કે–પદના સંપૂર્ણ અંશોને કહેવા છતાં પણ એટલો જ બોધ થશે, કે જેટલો પદના એક દેશને કહેતાં થઈ શકે છે; એ જ પ્રમાણે શું સત્ અને પરિણામમાંથી કોઈ એકને કહેતાં બીજાની સિદ્ધિ થઈ શકે છે? અર્થાત્ બંનેને કહેવા આવશ્યક ન હોવાથી શું કેવળ ઉદાસીનતાથી છે?

## અઢારમું દૃષ્ટાંત

**अथ किमुपादानतया स्वार्थं सृजतीत कश्चिदन्यतमः।**
**अपरः सहकारितया प्रकृतं पुष्णाति मित्रवत्तदिति॥३५६॥**

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું (कश्चित् अन्यतमः) કોઈ એક (उपादानतया) ઉપાદાનપણાથી (स्वार्थं सृजति) પોતાના અર્થને ઉત્પન્ન કરે છે તથા (अपरः) બીજો (सहकारितया) સહકારીપણાથી (प्रकृतं तत्) પ્રકૃત એ જ અર્થને (मित्रवत्) મિત્રની માફક (पुष्णाति) પોષણ કરે છે–પુષ્ટ કરે છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ પરસ્પર ઉપાદાન તથા સહકારીકારણની માફક કાર્યકારી છે?

**ભાવાર્થ**—અથવા જેમ એક મિત્ર સહકારી થઈને ઉપાદાનરૂપથી કાર્ય કરવાવાળા મિત્રનો સહાયક થાય છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામમાંથી અર્થ સિદ્ધિ માટે કોઈ એક ઉપાદાનકારણરૂપ તથા બીજો સહકારીકારણરૂપ પડે છે?

## ઓગણીસમું દૃષ્ટાંત

**शत्रुवदादेशः स्यात्तद्वत्तद्द्वैतमेव किमिति यथा।**
**एकं विनाश्य मूलादन्यतमः स्वयमुदेति निरपेक्षः॥३५७॥**

**અન્વયાર્થ**—(किमिति) અથવા શું (यथा) જેમ (आदेशः) આદેશ (शत्रुवत् स्यात्) શત્રુની માફક હોય છે, (तद्वत् एव) એવી જ રીતે (तद्द्वैतं) સત્ અને પરિણામનું દ્વૈત છે, જેથી કે તે (मूलात्) મૂળથી (एकं विनाश्य) એકનો નાશ કરીને (निरपेक्षः अन्यतमः) નિરપેક્ષ કોઈ બીજો (स्वयं उदेति) સ્વયં ઉદયને પ્રાપ્ત થાય છે. અર્થાત્ કોઈ બીજો તેના સ્થાનાપન્ન (સ્થાનસંપન્ન) થઈ જાય છે?

**ભાવાર્થ**—વ્યાકરણમાં શબ્દસિદ્ધિ કરતી વેળા કોઈ પ્રત્યય આગમરૂપ તથા કોઈ પ્રત્યય આદેશરૂપ માન્યા છે, એમાંથી આગમરૂપ પ્રત્યય મિત્રવત્ માનવામાં આવ્યા છે. તથા આદેશરૂપ પ્રત્યય શત્રુવત્ માનવામાં આવ્યા છે;[1] આગમ જે શબ્દના સ્થાનમાં કરવામાં આવે છે તે શબ્દની પાસે રહે છે તથા આદેશ જે શબ્દના સ્થાનમાં કરવામાં આવે છે તે શબ્દને મેળવીને તેના સ્થાનાપન્ન (સ્થાનમાં) થાય છે, તેથી જેમ શત્રુસમાન આદેશ પ્રથમનાનો મૂળથી નાશ કરીને–તેની બિલકુલ અપેક્ષા ન કરતાં તેના સ્થાનમાં થાય છે એ જ પ્રમાણે શું સત્ના સ્થાનમાં રહેલા પરિણામનો આદેશ થઈને અથવા પરિણામના સ્થાનમાં રહેલા સત્નો આદેશ થઈને સત્ અને પરિણામની દ્વૈતતા છે?

## વીસમું દૃષ્ટાંત

**अथ किं वै मुख्यतया विसंधिरुपं द्वयं तदर्थकृते।**
**वामेतरकरवर्तित्रज्जूयुग्मं यथास्वमिदमिति चेत्॥३५८॥**

---

૧. દૃષ્ટાંત—'ગુણવાન' આ શબ્દમાં 'વાન' પ્રત્યય મિત્રવત્ છે તથા 'ગુણહીન' આ શબ્દમાં 'હીન' પ્રત્યય શત્રુવત્ છે. સારાંશ કે—'વાન' શબ્દ આગમ પ્રત્યય છે તથા 'હીન' શબ્દ આદેશ પ્રત્યય છે.

**અન્વયાર્થ**—(अथ किं) અથવા શું (वैमुख्यतया) પરસ્પરમાં વિમુખતાથી (विसंधिरुपं) અનમેળ થઈને (तत् द्वयं) સત્ અને પરિણામ એ બંને (अर्थकृते) પ્રયોજનની સિદ્ધિ અર્થે સમર્થ છે? જેમ કે–(यथास्वं) યથાયોગ્ય (इदं) આ (वामेतरकरवर्तित्रज्जूयुग्मं) ડાબા તથા જમણા હાથ દ્વારા વણેલી રસ્સીઓનું યુગ્મ (યુગલ–) છે. (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—અથવા જેમ રસ્સી વણનારના બંને હાથમાં પરસ્પર વિમુખતાથી રહેવાવાળી રસ્સીઓના અંશ ભાગતાં (વણતાં) ઉત્તમ રસ્સીનું રૂપ ધારણ કરી લે છે અને તે કોઈ વસ્તુને બાંધવાના કામમાં આવે છે, એ જ પ્રમાણે શું સત્ અને પરિણામ પરસ્પરમાં વિમુખતાથી અનમેળ હોવા છતાં પણ એ બંને મળતાં કાર્યકારી છે? જો એમ કહો તો—

## ઉત્તરપક્ષ

**नैवमदृष्टान्तत्त्वात् स्वेतरपक्षोभयस्य घातित्वात्।**
**नाचरते मन्दोपि च स्वस्य विनाशाय कश्चिदेव यतः॥३५९॥**

**અન્વયાર્થ**—(एवं) એ પ્રકારનું કથન (स्वेतरपक्षोभयस्य घातित्वात्) સ્વ અને પરરૂપ બંને પક્ષોનું ઘાતક હોવાથી (अदृष्टांतत्त्वात्) ઉપર કહેલાં દૃષ્ટાંત વાસ્તવિક દૃષ્ટાંત નથી. તેથી (न) ઉપરનું કથન ઠીક નથી. (यतः) કારણ કે–(स्वस्य विनाशाय) પોતાના વિનાશને માટે (कश्चित्मंदोऽपि च) કોઈ મંદબુદ્ધિવાનપુરુષ પણ (नैवाचरते) આચરણ કરતો નથી.

**ભાવાર્થ**—સત્ અને પરિણામના વિષયમાં આપેલાં વીસે દૃષ્ટાંત સ્વપક્ષ અને પરપક્ષનાં ઘાતક હોવાથી દૃષ્ટાંત નથી, પરંતુ દૃષ્ટાંતાભાસ છે, તેથી તે ઠીક નથી; કારણ કે—પોતાના ઘાત અર્થે કોઈ મંદબુદ્ધિ પુરુષ પણ પ્રવૃત્તિ કરતો નથી. સારાંશ એ છે, કે—સ્વપક્ષ અને પરપક્ષ બંનેનાં ઘાતક હોવાથી શંકાકાર દ્વારા આપેલાં ઉપરોક્ત દૃષ્ટાંત ઠીક નથી.

## પ્રથમ દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**तत्र मिथस्सापेक्षधर्मद्वयदेशित प्रमाणस्य।**
**माभूदभाव इति नहि दृष्टान्तो [1]वर्णपंक्तिरित्यत्र॥३६०॥**

**અન્વયાર્થ**—(तत्र) એ સર્વ દૃષ્ટાંતોમાંથી (मिथस्सापेक्षधर्मद्वयदेशित प्रमाणस्य) પરસ્પર સાપેક્ષ બે ધર્મને કહેવાવાળા–બે ધર્મને વિષય કરવાવાળા પ્રમાણનો (अभावः) અભાવ (माभूत्) ન થાય, (इति) તેથી (वर्णपंक्तिः इति) વર્ણપંક્તિનું દૃષ્ટાંત એ (अत्र) સત્ અને પરિણામના દ્વૈતરૂપ વિષયમાં (दृष्टांतः नहि) દૃષ્ટાંત થઈ શકતું નથી, અર્થાત્ ક, ખ આદિ વર્ણોની માફક સત્ તથા

૧ મૂળ પુસ્તકમાં 'वर्णयते किलेत्यत्र' એવો પાઠ છે.

પરિણામ સ્વતંત્ર માનવામાં આવે તો યુગપત્ પરસ્પર સાપેક્ષ બંને ધર્મોને વિષય કરવાવાળા પ્રમાણનો અભાવ થઈ જશે.

**ભાવાર્થ**—દ્રવ્યાર્થિકનય મુખ્યપણે પરિણામસાપેક્ષ સત્‌ને વિષય કરે છે તથા પર્યાયાર્થિકનય મુખ્યપણે સત્‌સાપેક્ષ પરિણામને વિષય કરે છે, પરંતુ પ્રમાણ યુગપત્ પરસ્પરસાપેક્ષ બંનેને વિષય કરે છે, તેથી જો સત્ અને પરિણામને ધ્વનિના ન્યાયથી ક્રમવર્તી માનવામાં આવે તો યુગપત્ વિષય કરવાવાળા પ્રમાણના અભાવનો પ્રસંગ આવશે, અર્થાત્ પછી પ્રમાણપક્ષ બની શકશે નહિ.

**अपि च प्रमाणाभावे नहि नयपक्षः क्षमः स्वरक्षायै।**
**वाक्यविवक्षाभावे पदपक्षः कारकोपि नार्थकृते॥३६१॥**

**અન્વયાર્થ**—(च) તથા (प्रमाणाभावे) પ્રમાણના અભાવમાં (नयपक्षः अपि) કેવળ નયપક્ષ પણ (स्वरक्षायै) પોતાની રક્ષા અર્થે (क्षमः नहि) સમર્થ નથી. કારણ કે–(वाक्यविवक्षाभावे) વાક્યની વિવક્ષાના અભાવમાં (पदपक्ष) પદપક્ષ (अपि) અને (कारकः) કારક (अर्थकृते न) કોઈ અર્થના માટે નથી, અર્થાત્ નિરર્થક છે.

**ભાવાર્થ**—તથા જેમ જુદાં જુદાં પદોના મળવાથી એક વાક્ય બને છે અને વાક્યથી અર્થનો બોધ થાય છે, તેથી વાક્યની અપેક્ષા રાખીને જ પ્રત્યેક પદ કાંઈને કાંઈ અર્થ રાખવાવાળાં કહેવામાં આવે છે, જો કોઈ 'नमः श्री वर्धमानाय' ઈત્યાદિ વાક્યોને ન માનતાં 'नमः' તથા 'श्री वर्धमानाय' એ પદોને ભિન્ન-ભિન્ન જ માને તો 'શ્રી વર્ધમાનસ્વામિને નમસ્કાર હો' એ અર્થની સિદ્ધિ થઈ શકતી નથી; તથા વાક્યપક્ષને ન માનતાં કારક અર્થાત્ વિભક્તિનો અર્થ પણ બની શકતો નથી, એ જ પ્રમાણે પ્રમાણપક્ષ વિના નયપક્ષ પણ કાર્યકારી સિદ્ધ થઈ શકતો નથી. વસ્તુ સામાન્ય–વિશેષાત્મક છે અને નય, અંશગ્રાહી છે, તેથી ભિન્ન-ભિન્ન નય ભિન્ન-ભિન્ન વિષયોને પોતપોતાની મુખ્યતાથી વિષય કરે છે. જેમ દ્રવ્યાર્થિકનય સત્‌ને તથા પર્યાયાર્થિકનય સત્‌ના કોઈ એક પરિણામને, સત્‌ની કોઈ એક વિશેષ પર્યાયને–ગુણને વિષય કરે છે.

એ બે નયોની મૈત્રી પ્રમાણનો વિષય છે તથા પ્રમાણના વિષયને પ્રમાણભૂત માનવાવાળાને જ પ્રમાણનો એકદેશરૂપ નય પ્રમાણિક માની શકાય છે, જો પ્રમાણપક્ષ ન માનવામાં આવે તો પ્રમાણનો એકદેશભૂત નય પણ પ્રમાણિક માની શકાય નહિ. અહીં આશંકા—

**संस्कारस्य वशादिह [1]पदेषु [2]वाक्यप्रतीतिरिति चेद्वै।**
**वाच्यं प्रमाणमात्रं न नयाह्युक्तस्य दुर्निवारत्वात्॥३६२॥**

---

૧. सुवन्त वा तिगन्तने पद કહે છે, સુવન્ત–જેમ 'घटः घटौ' ઈત્યાદિ તથા 'तिगन्त' જેમ 'भवति–भवतः' ઇત્યાદિ ક્રિયાનાં રૂપ  ૨. જેમાં એક ક્રિયા હોય તેને વાક્ય કહે છે. જેમ 'નમોસ્તુ શ્રી વર્ધમાનાય.'

**અન્વયાર્થ**—(इह) અહીં (संस्कारस्यवशात्) સંસ્કારવશથી (पदेषु) પદોમાં (वाक्यप्रतीतिः) વાક્યની પ્રતીતિ થઈ જ જશે. (इति चेत्) જો એમ કહો તો (वै) નિશ્ચયથી (प्रमाणमात्रं) કેવળ પ્રમાણ જ છે, એમ (वाच्यं) કહેવું જોઈએ, પણ (न नयाः) નય નહિ. (हि) કારણ કે–(उक्तस्य दुर्निवारत्वात्) ઉક્ત પ્રમાણવાક્યનું ગ્રહણ સંસ્કારવશ થતું જ જશે.

**ભાવાર્થ**—જો કદાચિત્ એમ કહેવામાં આવે, કે–'જેમ વાક્યને નહિ માનવા છતાં પણ કેવળ સંસ્કારવશ પદોમાં વાક્યની પ્રતીતિ થઈ જાય છે, એ જ પ્રમાણે પ્રમાણને નહિ માનવા છતાં પણ સંસ્કારવશ નવા વાક્યોમાં પ્રમાણની પ્રતીતિ થઈ જશે' એમ કહેવું પણ ઠીક નથી, કારણ કે–એ પ્રમાણે માનતાં નયપક્ષ બિલકુલ નિરર્થક ઠરશે અને કેવળ પ્રમાણવાક્યને જ માનવાનો પ્રસંગ આવશે, કારણ કે પ્રત્યેક નયપક્ષમાં સંસ્કારવશ પ્રમાણવાક્યની પ્રતીતિ રોકી શકાશે નહિ.

**अथ चैवं सति नियमाद् दुर्वारं दूषणद्वयं भवति।**
**नयपक्षच्युतिरिति वा क्रमवर्तित्वाद्ध्वनेरहेतुत्वम्॥३६३॥**

**અન્વયાર્થ**—(अथ च) તથા બીજું–(एवं सति) એમ માનતાં (नियमात्) નિયમથી (नयपक्षच्युतिः) નયપક્ષની ચ્યુતિ અને (क्रमवर्तित्वात्) ક્રમવર્તિ થવાથી (ध्वनेरहेतुत्वं) ધ્વનિના હેતુપણાનો અભાવ, (इति) એ પ્રમાણે (दुर्वारं) દુર્નિવાર (दूषणद्वयं भवति) બે દૂષણ આવશે.

**ભાવાર્થ**—તથા એમ થવાથી નયપક્ષનું ખંડન અને ક્રમવર્તિ થવાથી ધ્વનિના હેતુપણાનો અભાવ, એ પ્રમાણે અનિવાર્ય બે દોષ આવશે. કારણ કે—પ્રત્યેક પદની ધ્વનિને ભિન્ન-ભિન્ન માનવાથી તે બીજાને માટે હેતુરૂપ નહિ થઈ શકે તથા પદોમાં વાક્યની પ્રતીતિ થવાથી નયપક્ષ માનવો નિરર્થક ઠરશે, એટલા માટે પરસ્પર નિરપેક્ષ અને ક્રમપૂર્વક થવાવાળી વર્ણપંક્તિનું દૃષ્ટાંત સત્ અને પરિણામની દ્વૈતતાને સિદ્ધ કરવામાં ઉપયોગી નથી.

## બીજા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**विंध्यहिमाचलयुग्मं दृष्टान्तो नेष्टसाधनायालम्।**
**तदनेकत्वे नियमादिच्छानर्थक्यतोऽविवक्षश्च (!)॥३६४॥**

**અન્વયાર્થ**—(विंध्यहिमाचलयुग्मं) વિંધ્યાચળ અને હિમાચળ યુગલનું (दृष्टांतः) દૃષ્ટાંત (नियमात्) નિયમથી (तदनेकत्वे) એ બંનેના અનેકરૂપ હોવાથી (इच्छा नर्थक्यतः) ઈચ્છાની અનર્થકતાથી (च) તથા (अविवक्ष (!)) કહેવા યોગ્ય નહિ હોવાથી (इष्ट साधनाय) ઈષ્ટસિદ્ધિ માટે (अलं न) સમર્થ નથી.

**ભાવાર્થ**—વિંધ્યાચળ અને હિમાચળ પરસ્પરમાં સર્વથા ભિન્ન હોવાથી તેમાં મુખ્ય

-ગૌણની વિવક્ષા થઈ શકતી નથી. તેથી મુખ્ય વા ગૌણ વિવક્ષાથી કથંચિત્ ભિન્નાભિન્ન કહેવાતાં સત્ અને પરિણામના વિષયમાં એ વિંધ્યાચળ અને હિમાચળનું દ્દષ્ટાંત ઠીક નથી.

## ત્રીજા દ્દષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**नालमसौ दृष्टान्तः सिंहः साधुर्यथेह कोऽपि नरः।**
**दोषादपि स्वरुपासिद्धत्वात् किल यथाजलं सुरभिः॥३६५॥**

**नासिद्धं हि स्वरुपासिद्धत्वं तस्य साध्यशून्यत्वात्।**
**केवलमिहरुढिवशादुपेक्ष्य धर्मद्वयं यथेच्छत्वात्॥३६६॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (यथा कोऽपि नरः सिंहः साधुः) જેમ કોઈ મનુષ્ય, સિંહ અને સાધુ કહેવાય છે. (असौ दृष्टांतः) એ દ્દષ્ટાંત (किल) નિશ્ચયથી (यथा जलं सुरभिः) જળને સુગંધિત માનવાની માફક (स्वरुपासिद्धत्वात् दोषात् अपि) સ્વરૂપાસિદ્ધદોષયુક્ત હોવાના કારણથી (अलं न) ઈષ્ટસિદ્ધિ માટે સમર્થ નથી. (अपि) તથા (हि) નિશ્ચયથી (साध्यशून्यत्वात्) સાધ્યશૂન્ય હોવાથી (तस्य) ઉક્ત દ્દષ્ટાંતમાં (स्वरुपासिद्धत्वं) સ્વરૂપાસિદ્ધપણું (असिद्धं न) અસિદ્ધ નથી, કારણ કે–(इह) અહીં (केवलं) કેવળ (रुढिवशात्) રૂઢિવશથી (धर्मद्वयं उपेक्ष्य) સિંહત્વ અને સાધુત્વરૂપ બંને ધર્મોની અપેક્ષા કર્યા સિવાય જ (यथेच्छत्वात्) પોતાની ઈચ્છાનુસાર જ તેને સિંહ અને સાધુ કહી દેવામાં આવે છે.

**ભાવાર્થ**—જોકે લોકમાં રૂઢિવશ જળને સુગંધિત કહી દેવામાં આવે છે, તોપણ તે જળનું સ્વરૂપ વા સાધ્ય થઈ શકતું નથી, તેથી જેમ નૈયાયિક મતાનુસાર જળને સુગંધિત કહેવું સાધ્યશૂન્ય હોવાથી સ્વરૂપાસિદ્ધદોષથી યુક્ત છે, એ જ પ્રમાણે જોકે રૂઢિવશ પોતાની ઈચ્છાનુસાર પુરુષને સિંહ વા સાધુ કહી દેવામાં આવે છે, તોપણ તે સિંહપણું વા સાધુપણું પુરુષનું સ્વરૂપ વા સાધ્ય થઈ શકતું નથી, તેથી સત્ અને પરિણામના વિષયમાં આપેલું સિંહ અને સાધુનું દ્દષ્ટાંત સાધ્યશૂન્ય હોવાથી સ્વરૂપાસિદ્ધદોષથી યુક્ત છે, તેથી તે ઠીક કહી શકાય નહિ.

## ચોથા દ્દષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**अग्निर्वैश्वानर इव नामद्वैतं च नेष्टसिद्ध्यर्थम्।**
**साध्यविरुद्धत्वादिह संदृष्टेरथ च साध्यशून्यत्वात्॥३६७॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (साध्यविरुद्धत्वात्) સાધ્યવિરુદ્ધ હોવાથી (अथ च) તથા

(संदृष्टेः) દૃષ્ટાંત (साध्यशून्यत्वात्) સાધ્યશૂન્ય હોવાથી (अग्निर्वैश्वानर इव) અગ્નિ-વૈશ્વાનરની માફક (नामद्वैतं च) નામદ્વૈત પણ (इष्टसिद्ध्यर्थं न) ઈષ્ટસિદ્ધિ માટે સમર્થ નથી.

**ભાવાર્થ**—સત્ અને પરિણામના વિષયમાં અગ્નિ તથા વૈશ્વાનરનું બે નામવાળું દૃષ્ટાંત સાધ્યવિરુદ્ધ તથા સાધ્યશૂન્ય હોવાથી ઈષ્ટઅર્થનું સાધક થઈ શકતું નથી. એ જ અર્થનો આગળ છ પદ્ય દ્વારા ખુલાસો કરવામાં આવે છે—

**नामद्वयं किमर्थादुपेक्ष्य धर्मद्वयं च किमपेक्ष्य।**
**प्रथमे धर्माभावेप्यलं विचारेण धर्मिणोऽभावात्॥३६८॥**

**प्रथमेतरपक्षेऽपि च भिन्नमभिन्नं किमन्वयात्तदिति।**
**भिन्नं चेदविशेषादुक्तवदसतो हि किं विचारतया॥३६९॥**

**अथचेद्युतसिद्धत्वात्तन्निष्पत्तिर्द्वयोः पृथक्त्वेपि।**
**सर्वस्य सर्वयोगात् सर्वः सर्वोपि दुर्निवारः स्यात्॥३७०॥**

**चेदन्वयादभिन्नं धर्मद्वैतं किलेति नयपक्षः।**
**रुपपटादिवदिति किं किमथ क्षारद्रव्यवच्चेति॥३७१॥**

**क्षारद्रव्यवदिदं चेदनुपादेयं मिथोनपेक्षत्वात्।**
**वर्णततेरविशेषन्यायान्न नयाः प्रमाणं वा॥३७२॥**

**रुपपटादिवदिति चेत्सत्यं प्रकृतस्य सानुकूलत्वात्।**
**एकं नामद्वयांकमिति पक्षस्य स्वयं विपक्षत्वात्॥३७३॥**

**અન્વયાર્થ**—(अर्थात्) અર્થાત્ (नामद्वयं) નામદ્વૈતતા (किं) શું (धर्मद्वयं) બંને ધર્મોને (उपेक्ष्य) ઉપેક્ષા કરીને (च) અથવા (किं) શું (अपेक्ष्य) અપેક્ષા કરીને હોય છે? (प्रथमे) જો બંને ધર્મોની ઉપેક્ષા કરીને નામદ્વૈત હોય છે તો (धर्माभावे) ધર્મના અભાવમાં (धर्मिणः अपि अभावात्) ધર્મીનો પણ અભાવ થવાથી (विचारेण अलं) વિચાર કરવાથી શું ફાયદો? અર્થાત્ કાંઈ નહિ.

(च) તથા જો (प्रथमेतर पक्षेऽपि) બંને ધર્મોની અપેક્ષા કરીને નામદ્વૈત છે, તોપણ (तत्)

તે ધર્મદ્વૈત (अन्वयात्) દ્રવ્યથી (भिन्नं) ભિન્ન છે, કે (किं) શું (अभिन्नं इति) અભિન્ન છે? (भिन्नं चेत्) જો ભિન્ન છે તો (हि) નિશ્ચયથી (उक्तवत् अविशेषात्) પૂર્વોક્તની સમાન આ પણ થવાથી અર્થાત્ ધર્મના અભાવમાં ધર્મીના અભાવની માફક થવાથી (असतः) અસત્‌રૂપ દ્રવ્યના (विचारतया) વિચારપણાથી પણ (किं) શું પ્રયોજન છે?

(अथ च) જો કદાચિત્ એમ કહેવામાં આવે, કે (द्वयोः पृथक्त्वेऽपि) 'ધર્મ અને ધર્મી બંને ભિન્ન રહેવા છતાં પણ (युतसिद्धत्वात्) યુતસિદ્ધ હોવાથી (तन्निष्पत्तिः) ધર્મ–ધર્મીભાવની પ્રાપ્તિ થઈ જશે' તો પછી યુતસિદ્ધતાના કારણથી (सर्वस्य सर्व योगात्) સર્વને સર્વના યોગનો પ્રસંગ આવવાથી (सर्वः अपि) બધાય પદાર્થોનું (सर्वः) સર્વરૂપ થવું (दुर्निवारः स्यात्) દુર્નિવાર થઈ જશે, અર્થાત્ ચેતનના યોગથી અચેતનમાં પણ ચેતનરૂપપણાનો અનિષ્ટપ્રસંગ રોક્યો જશે નહિ.

(चेत्) જો (किल) નિશ્ચયથી (धर्मद्वैतं) ધર્મદ્વૈત (સત્ અને પરિણામ) (अन्वयात्) દ્રવ્યથી (अभिन्नं) અભિન્ન છે, (इति नयपक्षः) એવો નયપક્ષ છે તો તે ધર્મદ્વૈત (किं) શું (रुपपटादिवत् इति) રૂપ–પટાદિની માફક ધર્મીથી અભિન્ન છે (अथ च किं) અથવા શું (क्षारद्रव्यवत् इति) ખારાભોજનની માફક ધર્મીથી અભિન્ન છે?

(चेत्) જો (इदं) તે ધર્મદ્વૈત (क्षारद्रव्यवत्) ખારાભોજનની માફક ધર્મોથી અભિન્ન છે તો તે (अनुपादेयं) ઉપાદેય થઈ શકતાં નથી, કારણ કે–જો (मिथोऽनपेक्षत्वात्) પરસ્પરમાં નિરપેક્ષતા પૂર્વક (वर्णततेरविशेषन्यायात्) વર્ણપંક્તિના સામાન્યન્યાયથી અભિન્નતા માનવામાં આવે તો પૂર્વવત્ (नयः वा प्रमाणं) નય તથા પ્રમાણ બંને (न) બની શકશે નહિ. તથા :–

(रुपपटादिवत्) 'રૂપ પટાદિની માફક એ ધર્મદ્વૈત ધર્મીથી અભિન્ન છે' (इति चेत) એમ જો કહો તો તે (सत्यं) ઠીક છે; કારણ કે (प्रकृतस्य सानुकूलत्वात्) એ પ્રમાણે માનવું એ પ્રકૃતમાં અમારા કથન માટે તો અનુકૂળ છે, પરંતુ (एकं) એક જ પદાર્થ (नामद्वयांकं) બે નામોથી યુક્ત છે. (इति पक्षस्य) એ પક્ષથી (स्वयं) સ્વયં (विपक्षत्वात्) પ્રતિકૂળ છે.

**ભાવાર્થ**—કોઈ એક અર્થનાં બે નામ બે ધર્મોની અપેક્ષાપૂર્વક માનો છો કે અપેક્ષારહિતપણે માનો છો? જો અપેક્ષારહિતપણે માનો છો તો ધર્મના અભાવમાં ધર્મીનો પણ અભાવ થઈ જશે, પછી વિચાર જ કોનો કરવામાં આવે છે? તથા જો ધર્મોની અપેક્ષાપૂર્વક બે નામ માનો છો તો તે ધર્મ એ ધર્મીથી ભિન્ન છે કે અભિન્ન છે? જો ભિન્ન છે તો સત્‌થી ભિન્ન હોવાના કારણથી એ ધર્મ અસત્‌રૂપ થઈ જશે અને તો પછી અસત્‌રૂપ એ ધર્મોનો વિચાર કરવો જ નિરર્થક છે.

જો કદાચિત્ એમ કહો, કે—ધર્મીથી ધર્મો ભિન્ન રહેવા છતાં પણ સમવાયસંબંધથી ધર્મીના જ એ ધર્મો કહેવામાં આવશે, તો કોઈ વિશેષનિયામક વિના 'અમુક ધર્મ અમુક ધર્મીનો જ છે,' એ પ્રકારનો વ્યવહાર ન થતાં ચાહે તે ધર્મ ચાહે તે ધર્મીનો થઈ જશે, તેથી

એ દોષને દૂર કરવા માટે એ ધર્મ, ધર્મીથી અભિન્ન છે, એવો પક્ષ માનશો તો ત્યાં અમે પૂછીએ છીએ કે—'એ ધર્મ રૂપ-પટની માફક અભિન્ન છે કે ક્ષારભોજનની માફક અભિન્ન છે? અર્થાત્ જેમ ભોજનમાં લૂણ મેળવવાથી ભોજન ખારું કહેવાય છે, તેથી એ બંનેમાં અભેદ પ્રતીતિ થવા લાગે છે. એ જ પ્રમાણે એ 'ધર્મ, ધર્મીથી અભિન્ન છે—' એમ માનો છો તો જેમ ક્ષારદ્રવ્યનો અને ભોજનનો સંબંધ પરસ્પરમાં નિરપેક્ષ હોય છે અર્થાત્ 'અમુકની સાથે જ ક્ષાર મેળવી શકાય—અમુકની સાથે મેળવી શકાય નહિ' એવી અપેક્ષા રાખતો નથી, એ જ પ્રમાણે ધર્મ અને ધર્મીની પરસ્પર નિરપેક્ષ અભિન્નતા સિદ્ધ થવાથી [1]વર્ણપંક્તિના દૃષ્ટાંતની માફક યુગપત્ પરસ્પર સાપેક્ષ પ્રમાણપક્ષના અભાવનો પ્રસંગ આવશે; તેથી જો રૂપ—પટની માફક ધર્મ તથા ધર્મી પરસ્પરમાં અભિન્ન છે, એમ માની બે નામ રાખો છો તો તે માન્યતા અમારા પક્ષને અનુકૂળ છે, પરંતુ એક જ પદાર્થનાં બે નામ છે તે પક્ષથી પ્રતિકૂળ છે અર્થાત્ રૂપ અને પટના દૃષ્ટાંતથી સત્ અને પરિણામ સર્વથા ભિન્ન સિદ્ધ થવાથી એક પદાર્થના એ બે નામ સિદ્ધ થઈ શકતાં નથી.

## પાંચમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**अपि चाकिंचित्कर इव सव्येतरगोविषाणदृष्टांतः।**
**सुरभि गगनारविन्दमिवाश्रयासिद्धदृष्टान्तात्॥३७४॥**

**न यतः पृथगिति किंचित् सत्परिणामातिरिक्तमिह वस्तु।**
**दीप प्रकाशयोरिह गुम्फितमिव तद्द्वयोरैक्यात्॥३७५॥**

**અન્વયાર્થ**—(च) તથા (गगनारविंदं सुरभिः इव) આકાશકમળની સુગંધની જેમ (आश्रयासिद्ध दृष्टांतात्) આશ્રયઅસિદ્ધ દૃષ્ટાંત હોવાથી (सव्येतरगोविषाणदृष्टांतः अपि) એકસાથે ઉત્પન્ન થવાવાળા ગાયના ડાબા–જમણા શિંગડાંનું દૃષ્ટાંત પણ (अकिंचित्कर इव) અકિંચિત્કર સમાન છે.

(यतः) કારણ કે–(इह) અહીં (सत्परिणामातिरिक्तं) સત્ તથા પરિણામથી ભિન્નઆશ્રયભૂત (किंचित् वस्तु) કોઈ વસ્તુ (पृथक् इति न) જુદી નથી, પરંતુ (तद्वयोरैक्यात्) સત્–પરિણામ એક હોવાથી (इह) અહીં આગળ (दीपप्रकाशयोः इव) દીવા અને પ્રકાશની માફક વસ્તુ પરસ્પરમાં (गुम्फितं) ગુંથાએલી છે.

**ભાવાર્થ**—જેમ આકાશકમળને સુગંધિત કહેવું એ આશ્રયાસિદ્ધ હોવાથી અકિંચિત્કર છે, તેમ સત્ અને પરિણામના વિષયમાં ગાયના ડાબા–જમણા શિંગડાંનું દૃષ્ટાંત આપવું એ પણ આશ્રયાસિદ્ધદોષયુક્ત હોવાથી અકિંચિત્કર છે. કારણ કે—જેમ ગાય, પોતાનાં ડાબા–જમણા

૧ જુઓ— પદ્ય ૩૬૦-૩૬૧

શિંગડાં ભિન્ન હોવા છતાં પણ એ બંનેનો આશ્રય થઈ શકે છે તેમ સત્ અને પરિણામની આશ્રયભૂત કોઈ ભિન્ન વસ્તુ નથી; પરંતુ દીપ–પ્રકાશની માફક વસ્તુ, સત્ વા પરિણામમય જ છે પણ સત્ અને પરિણામથી ભિન્ન નથી, તેથી સત્ અને પરિણામને ગાયના ડાબા–જમણા શિંગડાંની માફક સહચારરૂપ માનવાં એ આશ્રયાસિદ્ધદોષયુક્ત હોવાથી અકિંચિત્કર છે.

## છઠ્ઠા દ્રષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**आमानामविशिष्टं पृथिवीत्वं नेह भवति द्दष्टांतः।**
**क्रमवर्तित्वादुभयोः स्वेतरपक्षद्वयस्य घातित्वात्॥३७६॥**

**અન્વયાર્થ**—(आमानामविशिष्टं पृथिवीत्वं) કાચી અને પાકી અવસ્થાથી વિશિષ્ટ પૃથ્વિત્વ (इह) અહીં (द्दष्टान्तः न भवति) દૃષ્ટાંત જ થઈ શકતું નથી, કારણ કે–(उभयोः) પૃથ્વીની બંને અવસ્થાઓ (क्रमवर्तित्वात्) ક્રમવર્તી હોય છે તેથી (स्वेतरपक्षद्वयस्य घातित्वात्) કાચી–પાકી ખાસ પૃથ્વીપણાનું દૃષ્ટાંત સ્વ અને પર બંને પક્ષનું ઘાતક છે.

**ભાવાર્થ**—આમાનામવિશિષ્ટ (કાચી અને પાકી અવસ્થાથી વિશિષ્ટ) પૃથ્વીપણાનું દૃષ્ટાંત સ્વ–પરપક્ષનું ઘાતક હોવાથી અનુપયોગી છે. કારણ કે—માટીની કાચી અને પાકી એ બંને અવસ્થાઓ ક્રમપૂર્વક થાય છે, પરંતુ સત્ અને પરિણામ પ્રમાણદૃષ્ટિએ યુગપદ્ (એકીસાથે) જણાવવાના કારણથી તે ક્રમવર્તી નથી. એ સ્વ-પરપક્ષના ઘાતકપણાનો ખુલાસો—

**परपक्षवधस्तावत् क्रमवर्तित्वाच्च स्वतः प्रतिज्ञायाः।**
**असमर्थसाधनत्वात् स्वयमपि वा बाधकः स्वपक्षस्य॥३७७॥**

**तत्साध्यमनित्यं वा यदि वा नित्यं निसर्गतो वस्तु।**
**स्यादिह पृथिवीत्वतया नित्यमनित्यं ह्यपक्वपक्वतया॥३७८॥**

**અન્વયાર્થ**—(परपक्षवधः तावत्) પરપક્ષનો (જૈનસિદ્ધાંતનો) વધ તો આ રીતે છે, કે–શંકાકારે (प्रतिज्ञायाः) પ્રતિજ્ઞાને (स्वतः) સ્વયં (क्रमवर्तित्वात्) ક્રમવર્તી માની છે અર્થાત્ પૃથ્વીની કાચી અને પાકી અવસ્થાઓને શંકાકારે પોતે જ ક્રમવર્તી માની છે (वा) તથા (असमर्थसाधनत्वात्) ઇષ્ટસાધ્યની સિદ્ધિ અર્થે સમર્થ હેતુ ન હોવાથી (स्वपक्षस्य अपि) ઉક્ત દૃષ્ટાન્ત સ્વપક્ષનું પણ (स्वयं बाधकः) સ્વયં બાધક છે; કારણ કે–

(तत्साध्यं) તે એકાંતરૂપ હોવાથી શંકાકારને ઇષ્ટ (वस्तु) માટીરૂપ વસ્તુ (निसर्गतः) સ્વભાવથી (नित्यं वा) નિત્ય જ (यदि) અથવા (अनित्यं) અનિત્ય જ હોઈ શકે છે, પરંતુ (इह) જૈનસિદ્ધાંતમાં (हि) નિશ્ચયથી તે (पृथिवीत्वतया) પૃથ્વીપણા દ્વારા (नित्यं) નિત્ય છે તથા

(अपक्वपक्वतया) ક્રમપૂર્વક થવાવાળા અપક્વ તથા પક્વપણા દ્વારા (अनित्यं स्यात्) અનિત્ય છે.

**ભાવાર્થ**—સ્વ અને પરપક્ષના વધનો પ્રસંગ આ રીતે આવે છે, કે—શંકાકાર પોતે વસ્તુને ક્રમવર્તી માને છે, તેથી પદાર્થનું ક્રમવર્તીપણું એ સ્વપક્ષ છે, તથા પ્રમાણદષ્ટિથી સત્ અને પરિણામની યુગપત્ વૃત્તિ જૈનસિદ્ધાંતમાં સ્વીકાર કરી છે તે તેનો પરપક્ષ છે, પરંતુ સત્ અને પરિણામને ક્રમવર્તી માનવાથી એ પરપક્ષ સિદ્ધ થઈ શકતો નથી, તેથી આ દષ્ટાંત પરપક્ષનું બાધક છે અર્થાત્ એ દષ્ટાંતથી પરપક્ષમાં બાધા આવે છે, તથા પદાર્થને સર્વથા ક્રમવર્તી સિદ્ધ કરવા માટે સાધન પણ જોઈએ, પરંતુ તે મળી શકતું નથી, તેથી સ્વપક્ષની સિદ્ધિ પણ ન થઈ શકવાથી આ દષ્ટાંત સ્વપક્ષનું પણ બાધક છે, કારણ કે શંકાકાર દ્વારા વસ્તુ એકાંત નિત્ય વા અનિત્ય જ સ્વીકાર થઈ જશે, પરંતુ તેનાથી જ એ પૃથ્વીત્વના દષ્ટાંત વડે કથંચિત્ પક્વતા અને અપક્વતાના કારણથી પદાર્થમાં નિત્યાનિત્યપણું સિદ્ધ થઈ જાય છે, તેથી એ દષ્ટાંત દ્વારા સ્વપક્ષના વધનો પણ પ્રસંગ આવે છે. એ પ્રમાણે સ્વ અને પરપક્ષનું ઘાતક હોવાથી ખાસ કાચી-પાકી પૃથ્વીપણાનું દષ્ટાંત સત્ અને પરિણામના વિષયમાં ઠીક નથી.

## સાતમા દષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**अपि च सपत्नीयुग्मं स्यादिति हास्यास्पदोपमा दृष्टिः।**
**इह यदसिद्धविरुद्धानैकान्तिकदोषदुष्टत्वात्॥३७९॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (सपत्नीयुग्मं इति दृष्टिः) સપત્નીયુગ્મનું દષ્ટાંત તો (हास्यास्पदोपमा स्यात्) હાસ્યાસ્પદ જેવું છે અર્થાત્ સત્ અને પરિણામ, બે શોક્યોની માફક છે, એ દષ્ટાંત પણ હાંસી યોગ્ય છે, (यत्) કારણ કે-(इह) અહીં એ દષ્ટાંત (असिद्धविरुद्धानैकांतिक-दोषदुष्टत्वात्) અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાંતિકદોષોથી દૂષિત છે.

**ભાવાર્થ**—સત્ અને પરિણામના વિષયમાં સપત્નીયુગ્મનું દષ્ટાંત તો હાસ્યાસ્પદ છે, કારણ કે સત્ અને પરિણામને સપત્નીયુગ્મ સમાન માનવાથી અસિદ્ધ, વિરુદ્ધ અને અનૈકાંતિક એ ત્રણ દોષ ઉપસ્થિત થાય છે.

**माता मे वन्ध्या स्यादित्यादिवदपि विरुद्धवाक्यत्वात्।**
**कृतकत्वादिति हेतोः क्षणिकैकान्तात्कृतं कृतंविचारतया॥३८०॥**

**અન્વયાર્થ**—(माता मे वंध्या स्यात् इत्यादिवत् विरुद्धवाक्यत्वात्) 'મારી માતા વંધ્યા છે' એમ કહેવા સમાન સત્ અને પરિણામના વિષયમાં સપત્નીયુગ્મનું દષ્ટાંત સ્વવચન બાધિત છે. (अपि कृतकत्वात् इति हेतोः क्षणिकैकांतात् कृतम्) તથા કૃતકપણારૂપ હેતુ અને ક્ષણિક એકાંતવશ અર્થાત્ સર્વ પદાર્થોને ક્ષણિક માનવાથી કાંઈ પણ સિદ્ધ થઈ શકતું નથી, તેથી (विचारतया कृतम्)

એ વિષયમાં વિચારપણાથી પણ શું ભલું થવાનું છે?[1]

## આઠમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**तद्वज्ज्येष्टकनिष्टभ्रातृद्वैतं विरुद्धदृष्टान्तः।**
**धर्मिणि चासति तत्त्वे तथाऽऽश्रयासिद्धदोषत्वात्॥३८१॥**

**અન્વયાર્થ**—(तद्वत्) પૂર્વોક્ત દૃષ્ટાંતની માફક (ज्येष्टकनिष्टभ्रातृद्वैतं) મોટા અને નાનાભાઈનું દ્વૈતરૂપ દૃષ્ટાંત પણ (विरुद्धदृष्टान्तः) વિરુદ્ધ દૃષ્ટાંત છે (तथा च) તથા (तत्त्वे) પરમાર્થભૂત (धर्मिणि असति) ધર્મીના ન હોવાથી (आश्रयासिद्धदोषत्वात्) આશ્રયાસિદ્ધદોષોથી પણ દૂષિત છે.

**ભાવાર્થ**—પરસ્પર સાપેક્ષ રીતથી મોટા-નાનાભાઈનું દૃષ્ટાંત પણ વિરુદ્ધ દૃષ્ટાંત છે, કારણ કે—સત્ તથા પરિણામમાં મોટા-નાનાભાઈની માફક પરસ્પર સમાન સપક્ષતા નથી, તથા સત્ અને પરિણામનો ભિન્ન આશ્રય બની શકતો નથી. અર્થાત્ ધર્મી પ્રસિદ્ધ હોતાં જ ધર્મોના વિષયમાં વિચાર કરી શકાય છે, એટલા માટે અહીં આશ્રય ન હોવાથી આ દૃષ્ટાંત આશ્રયાસિદ્ધદોષથી પણ સહિત છે.

**अपि कोपि परायतः सोपि परः सर्वथा परायत्तात्।**
**सोपि परायत्तः स्यादित्यनवस्था प्रसंगदोषश्च॥३८२॥**

**અન્વયાર્થ**—(अपि) તથા જો કદાચિત્ એમ કહો, કે—એમાંથી (कोऽपि) કોઈ એક (परायतः) પરના આશ્રયે છે, તો જે પરના આશ્રયે છે (सोपि परः) તે પર પણ (सर्वथा) સર્વ પ્રકારથી (परायत्तात्) પોતાનાથી પરના આશ્રયે હોવાથી કોઈ બીજા પરના આશ્રયની અપેક્ષા રાખશે તથા (सोऽपि परायत्तः) તે પર પણ અન્યના આશ્રયની અપેક્ષા રાખશે. (इति) એ પ્રમાણે ઉત્તરોત્તર અન્ય અન્ય આશ્રયોની કલ્પનાની સંભાવનાથી (अनवस्थाप्रसंगदोषश्च स्यात्) અનવસ્થાપ્રસંગરૂપ દોષ પણ આવશે.

**ભાવાર્થ**—જો કદાચિત્ એમ કહો કે—'આશ્રય વિના પણ પરસ્પર આશ્રયથી કારણકાર્ય સિદ્ધ થઈ જવાથી ઉપર આપેલા આશ્રયાસિદ્ધદોષનું નિરાકરણ થઈ જશે' તો એનો ઉત્તર આ છે કે—એક બીજાના આશ્રિત માનવાથી ઉત્તરોત્તર આશ્રયકલ્પનાની હારમાળા ન તૂટવાથી

---

૧. આ પદ્યનો કેવળ શબ્દાર્થ જ લખ્યો છે, પરંતુ ગ્રંથકારનો અહીં શું અભિપ્રાય છે તે પૂરો સમજમાં આવતો નથી. જેટલાં પદ્ય સંદિગ્ધ છે તે સર્વના વિષયમાં વિદ્વાનોની સાથે વિચાર કરીને એ સર્વના વિચારોસહિત પરિશિષ્ટમાં લખવા વિચાર છે.

અનવસ્થાદોષનો પ્રસંગ નિવાર્યો જતો નથી, તેથી નાના-મોટાભાઈઓનું દૃષ્ટાંત પણ સાધક દૃષ્ટાંત નથી.

## બારમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**नार्थक्रिया समर्थो दृष्टान्तः कारकादिवद्धि यतः।**
**सव्यभिचारित्वादिह सपक्षवृत्तिर्विपक्षवृत्तिश्च।।३८३।।**

**અન્વયાર્થ**—(कारकादिवत् दृष्टान्तः) કારકાદિના જેવાં દૃષ્ટાંત (हि) નિશ્ચયથી (अर्थक्रिया समर्थः न) અર્થક્રિયામાં સમર્થ નથી (यतः) કારણ કે-(इह) અહીં આગળ (सः) તે કારકાદિક દૃષ્ટાંત (व्यभिचारित्वात्) વ્યભિચારદોષયુક્ત હોવાથી (सपक्षवृत्तिः) સપક્ષમાં રહે છે (च) તથા (विपक्षवृत्तिः) વિપક્ષમાં પણ રહે છે.

**ભાવાર્થ**—કારકાદિનું દૃષ્ટાંત પણ કાર્યકારી નથી, કારણ કે—એ કારકાદિક દૃષ્ટાંત અભેદ અને ભેદ બંનેનું સાધક હોવાથી વ્યભિચારી છે, એમ ગ્રંથકાર પોતે આગળ દર્શાવે છે—

**वृक्षे शाखा हि यथा स्यादेकात्मनि तथैव नानात्वे।**
**स्थाल्यां दधीतिहेतोर्व्यभिचारी कारकः कथं न स्यात्।।३८४।।**

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (एकात्मनि) એકાત્મક અર્થાત્ અભેદમાં (यथा) જેમ (वृक्षे) વૃક્ષમાં (शाखास्यात्) શાખા, (तथैव) તેવી રીતે (नानात्वे) નાનાત્મક અર્થાત્ ભેદમાં '(स्थाल्यां) વટલોઈમાં (दधिः) દહીં' એવો વ્યવહાર થાય છે; (इति हेतोः) એ પ્રમાણે એકાત્મક અને અનેકાત્મક બંને પદાર્થોમાં આધારાધેયભાવ હોવાના કારણથી (कारकः) કારકનું દૃષ્ટાંત શું (व्यभिचारी कथं न स्यात्) વ્યભિચારી નથી?

**ભાવાર્થ**—ઘટમાં જળના આધાર-આધેયભાવની માફક કારકનું દૃષ્ટાંત પણ સત્ અને પરિણામના વિષયમાં ઉપયોગી નથી. કારણ કે—એ કારક, 'વૃક્ષમાં શાખા' ઈત્યાદિ અભિન્નપક્ષની માફક 'વટલોઈમાં દહીં' ઈત્યાદિ ભેદપક્ષમાં પણ લાગુ પડે છે, તેથી કારકના દૃષ્ટાંતથી 'સત્માં પરિણામ હોય છે' એમ માનવાથી સત્ની સાથે પરિણામનો ભેદ વા અભેદ સર્વથારૂપે સિદ્ધ કરી શકાતો નથી, તેથી ઉક્ત દૃષ્ટાંત શંકાકારના માટે પક્ષની માફક વિપક્ષમાં પણ રહેવાથી અનૈકાંતિક (દોષયુક્ત) છે. આગળ એ જ અર્થનો બે પદ્યો દ્વારા ખુલાસો કરે છે—

**अपि सव्यभिचारित्वे यथाकथंचित्सपक्षदक्षश्चेत्।**
**न यतः परपक्षरिपुर्यथा तथारिः स्वयं स्वपक्षस्य।।३८५।।**

**અન્વયાર્થ**—(चेत्) જો કદાચિત્ એમ કહો, કે–(सः) એ કારક, (व्यभिचारित्वे अपि) વ્યભિચારિત હોવા છતાં પણ (यथाकथंचित्) જે કોઈ પ્રકારથી (सपक्षदक्षः) સપક્ષમાં દક્ષ થઈ જશે; અર્થાત્ દૃષ્ટાંતરૂપ બની જશે, તો (न) એમ કહેવું પણ ઠીક નથી; (यतः) કારણ કે–(यथा) જેમ તે વ્યભિચારિત હોવાના કારણથી (परपक्षरिपुः) પરપક્ષનો શત્રુ છે, (तथा) તેવી જ રીતે (स्वपक्षस्य) સ્વપક્ષનો પણ (स्वयं अरिः) સ્વયં શત્રુ છે.

**ભાવાર્થ**—જો કદાચિત્ એમ કહો, કે—વ્યભિચારી હેતુ તથા દૃષ્ટાંતથી પણ કોઈને કોઈ અંશમાં સ્વપક્ષની સિદ્ધિ થઈ જાય છે, તો એ કહેવું પણ ઠીક નથી, કારણ કે—વ્યભિચારી હેતુ વા દૃષ્ટાંત યથાર્થ નિયામક ન હોવાથી જેમ તે પરપક્ષનાં ઘાતક થાય છે, તેવી જ રીતે પોતાના પક્ષનાં પણ ઘાતક થાય છે.

**साध्यं देशांशाद्वा सत्परिणामद्वयस्य सांशत्वम्।**
**तत्स्वाम्येकविलोपे कस्यांशा अंशमात्रएवांशः ॥३८६॥**

**અન્વયાર્થ**—(वा) અથવા (सत्परिणामद्वयस्य देशांशात्) સત્ અને પરિણામ એ બંને જ, દ્રવ્યના અંશ હોવાથી જો (सांशत्वं) અંશપણું (साध्यं) સાધ્ય કરવામાં આવે તો (तत्स्वाम्येक विलोपे) સત્ તથા પરિણામ એ બંનેના ત્રીજા કોઈ એક સ્વામીના અભાવમાં (कस्यांशाः) તે કોના અંશ કહેવાશે? અર્થાત્ કોઈના પણ નહિ, પરંતુ (अंशमात्र एव अंशः) અંશમાત્ર જ અંશ કહેવાશે.

**ભાવાર્થ**—શંકાકારને સત્ અને પરિણામમાં અંશત્વ સાધ્ય છે—ઈષ્ટ છે અર્થાત્ સત્ અને પરિણામ બંને અંશ છે, પરંતુ અંશીને માન્યા વિના એ સત્ અને પરિણામ કોના અંશ કહેવાશે? કારણ કે—સત્ અને પરિણામને છોડીને શંકાકાર અંશીને માનતો નથી. એટલા માટે સત્ વા પરિણામ કેવળ અંશમાત્ર જ કહેવાશે, પણ 'કોઈ અંશીના એ અંશ છે' એમ કહી શકાશે નહિ, તેથી જ્યારે ભેદસાધક વા અભેદસાધક બંને પ્રકારનો કારકપ્રયોગ એમાં પ્રાપ્ત થાય છે, તથા સત્ અને પરિણામ બંનેને કેવળ અંશરૂપ માનવાથી અંશ-અંશીભાવસંબંધ પણ સિદ્ધ થઈ શકતો નથી તો પછી કારકનું દૃષ્ટાંત યોગ્ય છે; એમ શી રીતે કહી શકાય?

## તેરમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**नाप्युपयोगी क्वचिदपि बीजांकुरवदिहेति दृष्टान्तः।**
**स्वावसरे स्वावसरे पूर्वापरभाव भावित्वात्॥३८७॥**

**અન્વયાર્થ**—(अपि) તથા (इह) અહીં (बीजांकुरवत् इति दृष्टान्तः अपि) બીજ અને અંકુરની માફક સત્ તથા પરિણામ છે. એ દૃષ્ટાંત પણ (क्वचित्) કોઈ ઠેકાણે (उपयोगी न)

ઉપયોગી નથી. કારણ કે–(स्वावसरे स्वावसरे) પોતપોતાના અવસરમાં એ બીજ અને અંકુર (पूर्वापरभावभावित्वात्) પૂર્વ–અપરભાવથી રહે છે.

बीजावसरे नांकुर इव बीजं नांकुरक्षणे हि यथा।
न तथा सत्परिणामद्वैतस्य तदेककालत्वात् ॥३८८॥

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (यथा) જેમ (बीजावसरे) બીજના અવસરમાં (नांकुर इव) અંકુરનો અભાવ તથા (अंकुरक्षणे) અંકુરના અવસરમાં (बीजं न) બીજનો અભાવ હોય છે, (तथा) તેવી રીતે (तदेककालत्वात्) સત્ તથા પરિણામ એક કાળમાં હોવાથી (सत्परिणामद्वैतस्य) સત્ અને પરિણામના દ્વૈતનું (न) પૂર્વાપરભાવ ભાવિત્વ નથી અર્થાત્ એ બંને બીજાંકુરની માફક પૂર્વાપરભાવી નથી.

**ભાવાર્થ**—સત્ અને પરિણામના વિષયમાં બીજ અને અંકુરનું દૃષ્ટાંત પણ ઉપયોગી નથી. કારણ કે—જેમ બીજના સમયમાં અંકુર રહેતો નથી, એ જ પ્રમાણે અંકુરના સમયમાં બીજ પણ રહેતું નથી. બીજ તથા અંકુરમાં પૂર્વાપરભાવ હોવાથી કાળભેદ છે, પરંતુ સત્ અને પરિણામ ભિન્ન-ભિન્ન વિવક્ષાવશ બે છે પણ કાળ એનો એક જ છે, અર્થાત્ એમાં કોઈ પ્રકારનો પૂર્વાપરભાવ નથી. આગળ એ જ અર્થનો ત્રણ પદ્યો દ્વારા ખુલાસો કરવામાં આવે છે.

सदभावे परिणामो भवति न सत्ताक आश्रयाभावात्।
दीपाभावे हि यथा तत्क्षणमिव दृष्यते प्रकाशो न॥३८९॥

परिणामाभावेपि च सदिति च नालम्बते हि सत्तान्ताम्।
स यथा प्रकाशनाशे प्रदीपनाशोप्यवश्यमध्यक्षात् ॥३९०॥

अपि च क्षणभेदः किल भवतु यदीहेष्टसिद्धिरनायासात्।
सापि न यतस्तथा सति सतो विनाशोऽसतश्च सर्गः स्यात् ॥३९१॥

**અન્વયાર્થ**—(सदभावे) સત્‌ના અભાવમાં (आश्रयाभावात्) આશ્રયનો અભાવ હોવાથી (परिणामः) પરિણામ (न सत्ताकः भवति) જેની સત્તા જ નથી, એવા બની જાય છે અર્થાત્ રહી શકતા નથી, (यथा) જેમ કે–(हि) નિશ્ચયથી (दीपाभावे) દીપકના અભાવમાં (तत्क्षणमिव) એ જ સમયમાં (प्रकाशः) પ્રકાશ (न दृश्यते) દેખાતો નથી.

(अपि च) તથા (परिणामाभावे) પરિણામના અભાવમાં (सदिति च) સત્ પણ (हि) નિશ્ચયથી (तां सत्ता) એ પ્રસિદ્ધરૂપ પોતાની સત્તાને (नालम्बते) અવલંબન કરી શકતું નથી. (स

यथा) તે આ પ્રમાણે છે, કે જેમ (प्रकाशनाशे) પ્રકાશનો નાશ થતાં (प्रदीपनाशः अपि) દીપકનો પણ નાશ (अध्यक्षात् अवश्यं भवति) પ્રત્યક્ષ પ્રમાણથી અવશ્ય થઈ જાય છે.

(यदि इह क्षणभेदः अपि भवतु) જો તેમાં ક્ષણભેદ માનવામાં આવે તો (अनायासात्) અનાયાસ (इष्टसिद्धिः) તમારા ઈષ્ટની સિદ્ધિ થઈ જાય, (अपि च) પરંતુ (सा न) તે ઈષ્ટની સિદ્ધિ થઈ શકતી નથી, (यतः) કારણ કે-(तथा सति) એમ માનતાં અર્થાત્ સત્ અને પરિણામમાં ક્ષણભેદ માનતાં (सतः विनाशः) સત્‌નો વિનાશ (च) તથા (असतः सर्गः स्यात्) અસત્‌ની ઉત્પત્તિ માનવી પડે છે.

**ભાવાર્થ**—જેમ બીજનો અભાવ, અંકુરના સદ્‌ભાવરૂપ છે તેમ સત્‌નો અભાવ પરિણામરૂપ નથી, પરંતુ દીપકના અભાવમાં પ્રકાશના અભાવની માફક સત્‌ના અભાવમાં પરિણામનો આશ્રય ન રહેવાથી પરિણામનો પણ અભાવ થઈ જશે, તથા પ્રકાશના અભાવમાં દીપકના અભાવની માફક પરિણામના અભાવમાં સત્‌નો પણ અભાવ થઈ જશે, તેથી સિદ્ધ થાય છે કે—તેમાં ક્ષણભેદ નથી.

જો કદાચિત્ સત્ અને પરિણામમાં ક્ષણભેદ માનવામાં આવ્યો હોત તો અનાયાસ તમારી ઈષ્ટસિદ્ધિ થઈ જાય, પરંતુ એ ક્ષણભેદ અહીં માનવામાં આવ્યો નથી, કારણ કે—એમ માનતાં સત્‌ના વિનાશ અને અસત્‌ના ઉત્પાદનો પ્રસંગ આવે છે; તેથી સત્ અને પરિણામના વિષયમાં બીજ-અંકુરનું દૃષ્ટાંત યુક્તિસંગત નથી.

## ચૌદમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**कनकोपलवदिहैषः क्षमते न परीक्षितः क्षणं स्थातुम्।**
**गुणगुणिभावाभावाद्यतः स्वयमसिद्धदोषात्मा॥३९२॥**

**हेयादेयविचारो भवति हि कनकोपलद्वयोरेव।**
**तदनेकद्रव्यत्वान्न स्यात्साध्ये तदेकद्रव्यत्वात्॥३९३॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (कनकोपलवत्) સત્ અને પરિણામ, કનક-ઉપલની માફક છે. (एषः) એ દૃષ્ટાંત પણ (परीक्षितः) પરીક્ષિત થતાં અર્થાત્ પરીક્ષા કરતાં (क्षणं) એક ક્ષણ પણ (स्थातु न क्षमते) પોતાની સિદ્ધિ કરી શકવા સમર્થ નથી, (यतः) કારણ કે-(गुणगुणिभावाभावात्) સત્ અને પરિણામની માફક કનકોપલમાં ગુણ-ગુણીભાવનો અભાવ હોવાથી એ કનકોપલનું દૃષ્ટાંત પણ (स्वयं) સ્વયં (असिद्धदोषात्मा) અસિદ્ધદોષરૂપ છે.

તે અસિદ્ધદોષ આ પ્રમાણે છે, કે-(हि) નિશ્ચયથી (तदनेकद्रव्यत्वात्) એ કનકોપલ અનેક

દ્રવ્યરૂપ હોવાથી (कनकोपलद्वयोरेव) કનક અને ઉપલ (પથ્થર) બંનેમાં જ (हेयादेयविचारः भवति) ત્યાગ તથા ગ્રહણ કરવા યોગ્ય વિચાર થાય છે, પરંતુ (साध्ये) સત્ અને પરિણામના દ્વૈતરૂપ સાધ્યમાં (तदेकद्रव्यत्वात्) એ બંને એક દ્રવ્યાત્મક હોવાથી (न स्यात्)–હેયોપાદેય નથી.

**ભાવાર્થ**—સત્ અને પરિણામના વિષયમાં કનકોપલનું દૃષ્ટાંત પણ ઠીક નથી, કારણ કે–સત્ અને પરિણામમાં જેવો કથંચિત્ ગુણગુણીભાવ છે તેવો સુવર્ણ અને પાષાણમાં ગુણગુણીભાવ નથી, પરંતુ બે દ્રવ્યોનો સંયોગ છે. તથા જેમ અનેક દ્રવ્ય હોવાથી કનકોપલમાં હેયોપાદેયનો વિચાર થાય છે અર્થાત્ એમાં સુવર્ણઅંશ ગ્રાહ્યરૂપ અને પાષાણઅંશ અગ્રાહ્યરૂપ સમજવામાં આવે છે, તેમ સત્ અને પરિણામ એક દ્રવ્ય હોવાથી તેમાં હેયોપાદેયનો વિચાર થતો નથી, તેથી કનકોપલનું દૃષ્ટાંત પણ ઈષ્ટસિદ્ધિનું સાધક ન હોવાથી અસિદ્ધ છે.

## પંદરમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**वागर्थद्वयमिति वा दृष्टान्तो न स्वसाधनायालम्।**
**घट इति वर्णद्वैतात् कम्बुग्रीवादिमानिहास्त्यपरः॥३९४॥**

**यदि वा निस्सारतया वागेवार्थः समस्यते सिद्धयै।**
**न तथापीष्टसिद्धिः शब्दवदर्थस्याप्यनित्यत्वात्॥३९५॥**

**અન્વયાર્થ**—(वागर्थद्वयं) વાચક–વાચ્યના દ્વૈતની માફક સત્ અને પરિણામનું દ્વૈત છે. (इति) એ (दृष्टान्तो वा) દૃષ્ટાંત પણ (स्वसाधनाय अलं न) પોતાના સાધ્યની સિદ્ધિ માટે સમર્થ નથી, કારણ કે–(इह) અહીં (घट इति वर्णद्वैतात्) ઘટ[1] એ વર્ણદ્વૈતથી (कम्बुग्रीवादिमान्) વાચ્યરૂપ કંબુગ્રીવાદિવાળો પદાર્થ (अपरः अस्ति) બીજો જ છે.

(यदि वा) અથવા જો (निस्सारतया) નિસ્સારપણાપૂર્વક (सिद्धयै) પોતાના પક્ષની સિદ્ધિ માટે (वागेवार्थः समस्यते) 'વાગર્થ' શબ્દનો 'વચનરૂપ જ અર્થ' એવો કર્મધારણસમાસ કરવામાં આવે, (तथापि) તોપણ (शब्दवत्) શબ્દની માફક (अर्थस्यापि) અર્થ પણ (अनित्यत्वात्) અનિત્ય હોવાથી (इष्टसिद्धिः न) ઈષ્ટની સિદ્ધિ થઈ શકતી નથી.

**ભાવાર્થ**—વાગર્થદ્વયનું દૃષ્ટાંત પણ સત્ અને પરિણામના વિષયમાં યોગ્ય દૃષ્ટાંત નથી, કારણ કે–જેમ 'ઘટ' વાચકથી વાચ્યરૂપ 'ઘટ' ભિન્ન છે, તેમ સત્‌થી પરિણામ વા પરિણામથી સત્ ભિન્ન નથી.

જો કદાચિત્ એમ કહેવામાં આવે, કે–'वागर्थ' શબ્દનો દ્વન્દ્વસમાસ ન કરતાં 'वागेवार्थः' એવો

૧. 'घ–અને ट' વર્ણદ્વૈતથી.

કર્મધારયસમાસ કરીને 'वागर्थ' શબ્દનો 'વચનરૂપી અર્થ જ' એવો અર્થ કરવામાં આવે, તો શબ્દ જેમ અનિત્ય છે તેમ શબ્દરૂપી અર્થને પણ અનિત્ય માનવો પડશે, એટલા માટે બંનેમાં અનિત્યપણાનો પ્રસંગ આવવાથી સત્ અને પરિણામના વિષયમાં વાગર્થદ્વયનું દૃષ્ટાંત પણ ઉપયુક્ત નથી.

## સોળમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**स्यादविचारितरम्या भेरीदण्डवदिहेति संदृष्टिः।**
**पक्षाधर्मत्वेपि च व्याप्यासिद्धत्वदोषदुष्टत्वात्॥३९६॥**

**युतसिद्धत्वं स्यादिति सत्परिणामद्वयस्य यदि पक्षः।**
**एकस्यापि न सिद्धिर्यदि वा सर्वोपि सर्वधर्मः स्यात्॥३९७॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (इह) અહીં (भेरीदंडवत्) સત્ અને પરિણામ ભેરી–દંડની માફક છે. (इति) એ (संदृष्टिः) દૃષ્ટાંત પણ (अविचारितरम्या स्यात्) અવિચારિતરમ્ય છે, કારણ કે–(पक्षाधर्मत्वे) હેતુમાં પક્ષધર્મતા ન રહેવાથી તે (व्याप्यासिद्धत्वदोषदुष्टत्वात्) વ્યાપ્યાસિદ્ધદોષથી[1] દૂષિત છે.

(यदि) જો ઉપરના દોષને દૂર કરવા માટે '(सत्परिणामद्वयस्य) સત્ અને પરિણામ બંનેમાં (युतसिद्धत्वं स्यात्) યુતસિદ્ધપણું છે' (इति पक्षः) એ પક્ષ માનવામાં આવે તો બંનેમાંથી (एकस्यापि सिद्धिः न) એકની પણ સિદ્ધિ નહિ થાય (यदि वा) અથવા (सर्वोपि) બધાય પદાર્થો (सर्व धर्मः स्यात्) સર્વ ધર્મોથી યુક્ત થઈ જશે, અર્થાત્–જીવાદિક પદાર્થોમાં અજીવાદિકના તથા અજીવાદિક પદાર્થોમાં જીવાદિના ગુણ પણ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ**—જેમ પૃથક્સિદ્ધ હોવાથી અને યુતસિદ્ધના કારણથી દંડના સંયોગપૂર્વક ભેરીમાં (નગારામાં) શબ્દની સિદ્ધિ ઘટી શકે છે તેમ સત્ અને પરિણામમાં ઘટી શકતી નથી, કારણ કે—સત્ અને પરિણામ પૃથક્સિદ્ધ નથી, પરંતુ અભિન્ન છે, કેવળ વિવક્ષાવશ બે કહેવામાં આવે છે; તેથી યુતસિદ્ધિથી સંયોગપૂર્વક કાર્યકારીપણું સત્રૂપ પક્ષમાં લાગુ પડતું નથી. એટલા માટે સત્ અને પરિણામમાં ભેરી–દંડના દૃષ્ટાંતથી કાર્યકારીપણું સિદ્ધ કરતાં વ્યાપ્યાસિદ્ધ નામનો દોષ આવે છે.

જો કદાચિત્ એમ કહો, કે—'સત્ અને પરિણામમાં સમવાયસંબંધથી યુતસિદ્ધત્વ માની લઈશું' તો એમ કહેવું પણ ઠીક નથી. કારણ કે—સત્ વિના પરિણામની અને પરિણામ વિના સત્ની સિદ્ધિ જ થઈ શકતી નથી, (અર્થાત્ એ બેમાંથી એકના વિના) બંનેનો અભાવ થઈ જશે. વળી સત્ના વિષયમાં કોઈ નિયામક ન રહેવાથી ઈચ્છાનુસાર જેની તેની સાથે જેના તેના સંબંધનો પ્રસંગ

૧. પક્ષમાં હેતુની અસિદ્ધતાને વ્યાપ્યાસિદ્ધદોષ કહે છે.

આવવાથી અચેતન પણ ચેતનના સંબંધથી ચેતન કહેવાવા લાગશે, તેથી કોઈ સમવાય પદાર્થના સંયોગથી સત્ અને પરિણામને યુતસિદ્ધ માનવાં એ ઠીક નથી. એ પ્રમાણે ભેરી-દંડનું દૃષ્ટાંત પણ વ્યાપ્યાસિદ્ધદોષથી દૂષિત હોવાથી સત્ અને પરિણામના વિષયમાં અનુપયોગી છે.

## સત્તરમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

इह पदपूर्णन्यायादस्ति परीक्षाक्षमो न दृष्टान्तः।
अविशेषत्त्वापत्तौ द्वैताभावस्य दुर्निवारत्वात्॥३९८॥

अपि चान्यतरेण विना यथेष्टसिद्धिस्तथा तदितरेण।
भवतु विनापि च सिद्धिः स्यादेवं कारणाद्यभावश्च॥३९९॥

**અન્વયાર્થ**—(इह) સત્ અને પરિણામના વિષયમાં (पदपूर्णन्यायात्) પદપૂર્ણન્યાયનું આપેલું (दृष्टान्तः) દૃષ્ટાંત (परीक्षाक्षमः न अस्ति) પરીક્ષા કરતાં ઠીક ઠરતું નથી, કારણ કે–(अविशेषत्त्वापत्तौ) સત્ તથા પરિણામમાં કોઈ પ્રકારની વિશેષતા ન રહેતાં (द्वैताभावस्य) સર્વથારૂપે દ્વૈતના અભાવનો પ્રસંગ(दुर्निवारत्त्वात्) દુર્નિવાર થઈ જશે, અર્થાત્ સત્ અને પરિણામમાં સર્વથા અભેદપણાનો પ્રસંગ દુર્નિવાર થઈ જશે.

(अपि च) તથા એ બંનેમાં વિશેષતા સિદ્ધ થતાં (यथा) જેમ (अन्यतरेण विना) કોઈ એકના વિના (इष्टसिद्धिः भवतु) ઈષ્ટસિદ્ધિ માનશો, (तथा च) તો એ જ પ્રમાણે (तदितरेणाऽपि विना) એનાથી ભિન્ન કોઈ બીજા વિના પણ (सिद्धिः) ઈષ્ટસિદ્ધિ માનવી જોઈએ (च) અને (एवं) એ પ્રમાણે માનવાથી (कारणाद्यभावः स्यात्) કાર્ય–કારણભાવાદિકનો પણ અભાવ થઈ જશે, અર્થાત્ સત્ વિના પરિણામથી તથા પરિણામ વિના સત્‌થી ઈષ્ટસિદ્ધિ માનશો તો કેવળ સત્ અને પરિણામ માનવાથી કાર્ય કારણભાવ બનશે નહિ.

**ભાવાર્થ**—પદપૂર્ણન્યાયથી સત્ અને પરિણામને માનવાથી અદ્વૈતભાવ તથા કાર્ય -કારણભાવના અભાવનો પ્રસંગ આવશે, કારણ કે–શંકાકાર, પૂરા પદને બોલવું ન બોલવું એ વક્તાની ઈચ્છા ઉપર નિર્ભર છે, એમ માને છે અર્થાત્ 'પૂર્ણ પદ બોલવાથી વિશેષતા આવે છે તથા એમ ન બોલવાથી વિશેષતા આવતી નથી', જ્યારે એ વાતને શંકાકાર અંગીકાર કરતો નથી, તો પદ અને વાક્યમાં કાંઈ દ્વૈત (અંતર) સિદ્ધ થતું નથી અને દ્વૈતભાવ સિદ્ધ ન થવાથી પદ તથા વાક્યમાં જે કાર્યકારણભાવ દૃષ્ટિગોચર થાય છે તેનો અભાવ માનવો પડશે, કે જે ભાષાશૈલીથી વિરુદ્ધ છે. તેથી પદપૂર્ણન્યાયથી સત્ અને પરિણામને દ્વૈત (ભિન્નરૂપ) માનવાં ઠીક નથી. (?)

## અઢારમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

मित्रद्वैतवदित्यपि दृष्टान्तःस्वप्नसन्निभो हि यतः।
स्याद्गौरवप्रसंगात् हेतोरपि हेतु हेतुरनवस्था ।।४००।।

तदुदाहरणं कश्चित्स्वार्थं सृजतीति मूलहेतुतया।
अपरः सहकारितया तमनु तदन्योपि दुर्निवारः स्यात् ।।४०१।।

कार्यम्प्रतिनियतत्वात् हेतुद्वैतं न ततोऽतिरिक्तंचेत्।
तन्न यतस्तन्नियमग्राहकमिव न प्रमाणमिह ।।४०२।।

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (मित्रद्वैतवत्) મિત્રદ્વૈતની માફક સત્ અને પરિણામની દ્વૈતતા છે. (इति दृष्टान्तः अपि) એ દૃષ્ટાંત પણ (स्वप्नसन्निभः) સ્વપ્નના જેવું છે, (यतः) કારણ કે–(गौरवप्रसंगात्) એમાં ગૌરવનો પ્રસંગ આવવાથી (हेतोरपि हेतुहेतुः) હેતુનો પણ હેતુ તથા એ હેતુના પણ હેતુને માનવારૂપ (अनवस्थास्यात्) અનવસ્થા નામના દોષનો પ્રસંગ આવે છે, અર્થાત્ જો મિત્રની માફક સહકારીકારણ અવશ્ય અપેક્ષણીય છે, તો ઉત્તરોત્તર સહકારીમિત્રની અપેક્ષા કરતા જવાથી તેની અનવસ્થા રોકી શકાતી નથી.

(तदुदाहरणं) એ અનવસ્થાનો પ્રસંગ કેવી રીતે આવે છે, તેનું ઉદાહરણ આ છે, કે–(कश्चित्) કોઈ (मूलहेतुतया) મૂળહેતુપણાથી (स्वार्थं) પોતાના અર્થને (सृजति) ઉત્પન્ન કરે છે તથા (अपरः) બીજો કોઈ (सहकारितया) એ પ્રકૃતઅર્થને સહકારીપણાથી ઉત્પન્ન કરે છે, (इति) એ પ્રમાણે (तमनु) બીજાની પછી (तदन्योऽपि) ત્રીજો તથા ત્રીજાની પછી ચોથો, ઇત્યાદિ અપ્રમાણિક અનંત હેતુમાળાનો પ્રસંગ (दुर्निवारः स्यात्) દુર્નિવાર થઈ જશે.

‘(कार्यप्रति) કાર્ય પ્રત્યે (नियतत्वात्) નિયત હોવાથી (हेतुद्वैतं) ઉપાદાન અને નિમિત્તરૂપ એ બે હેતુ જ છે, (ततः अतिरिक्तं न) તેનાથી અધિક નથી’ (चेत्) જો એમ કહો તો (तन्न) એ કહેવું પણ ઠીક નથી, (यतः) કારણ કે–(इह) અહીં (तन्नियमग्राहकं) એ બે હેતુઓ કરતાં વધારે કારણ ન હોય એવું માનવારૂપ નિયમનું ગ્રાહક (प्रमाणं इव न) કોઈ પ્રમાણ નથી.

**ભાવાર્થ**—સત્ અને પરિણામના વિષયમાં મિત્રદ્વૈતનું દૃષ્ટાંત પણ અનવસ્થાદોષના કારણથી સ્વપ્નની માફક નિરૂપયોગી છે, કારણ કે–જો પોતાના કાર્ય અર્થે એકને મૂળકારણ તથા બીજાને સહકારીકારણ માનવામાં આવે તો એ સહકારીકારણના માટે પણ કોઈ બીજા સહકારીકારણની, તેના માટે પણ કોઈ ત્રીજા સહકારીકારણની, એ પ્રમાણે ઉત્તરોત્તર હેતુઓના માટે હેતુઓની કલ્પના કરતાં કરતાં અનવસ્થાદોષ આવશે.

અહીં કદાચિત્ એમ કહેવામાં આવે, કે—'કાર્ય પ્રત્યે મૂળ અને સહકારીકારણરૂપ બે જ કારણ હોય છે.' તો એમ કહેવું પણ ઠીક નથી, કારણ કે—'કોઈ કાર્યના કારણ માટે બે જ કારણ હોય છે—વધારે નહિ' એ વાતને ગ્રહણ કરવાવાળું કોઈ પ્રમાણ જ નથી, તેથી મિત્રદ્વૈતના દ્દષ્ટાંતમાં આપેલો અનવસ્થાદોષ જેવોને તેવો કાયમ રહે છે.

## ઓગણીસમા દ્દષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

एवं मिथो विपक्षद्वैतवदित्यपि न साधुदृष्टान्तः।
अनवस्थादोषत्वाद्यथाऽरिरस्यापरारिरपि यस्मात् ॥४०३॥

कार्यम्प्रति नियतत्वाच्छत्रुद्वैतं न ततोऽतिरिक्तं चेत्।
तन्न यतस्तन्नियमग्राहकमिव न प्रमाणमिह ॥४०४॥

**અન્વયાર્થ**—(एवं) એ પ્રમાણે સત્ તથા પરિણામ (मिथः) એકબીજામાં (विपक्षद्वैतवत्) બે શત્રુઓની માફક છે. (इति दृष्टान्तः अपि) એ દ્દષ્ટાંત પણ (साधु न) ઠીક નથી, (यस्मात्) કારણ કે-(यथा) જેમ (अस्य अरिः) વિવક્ષિત કોઈ એક, કોઈ બીજાનો શત્રુ છે. એ જ પ્રમાણે (अपरारिरपि) બીજો શત્રુ પણ કોઈ ત્રીજા-ચોથા આદિનો શત્રુ છે, એ પ્રમાણે અહીં (अनवस्थादोषत्वात्) અનવસ્થાદોષનો પ્રસંગ આવે છે, અર્થાત્ કોઈ એકના માટે બીજો શત્રુ અવશ્ય અપેક્ષણીય છે તો એ બીજા આદિના માટે ત્રીજા આદિ શત્રુની અપેક્ષા કેમ ન હોય? અર્થાત્ અવશ્ય હોય. એ પ્રમાણે મિત્રદ્વૈતના દ્દષ્ટાંતમાં મિત્રોની કલ્પના માફક અહીં પણ ઉત્તરોત્તર શત્રુઓની કલ્પના કરવાના કારણથી અનવસ્થા નામના દોષનો પ્રસંગ રોકી શકાતો નથી.

'(कार्यंप्रति) કાર્ય પ્રત્યે (नियतत्वात्) નિયત હોવાથી (शत्रुद्वैतं) મુખ્ય અને સહકારીરૂપ બે જ શત્રુ છે, (ततः) એનાથી (अतिरिक्तं न) અધિક નથી' (चेत्) એમ જો કહેશો તો (तन्न) એ પણ ઠીક નથી, (यतः) કારણ કે-(इह) અહીં (तन्नियमग्राहकं) એ નિયમને ગ્રહણ કરવાવાળું (प्रमाणं इव न) કોઈ પ્રમાણ જ નથી.

**ભાવાર્થ**—મિત્રદ્વૈતની માફક સમાનઆદેશરૂપ થવાવાળા શત્રુદ્વૈતનું દ્દષ્ટાંત પણ ઠીક નથી, કારણ કે—અહીં પણ ઉત્તરોત્તર સહકારીકારણોની માફક ઉત્તરોત્તર શત્રુઓની કલ્પના કરવાથી અનવસ્થાદોષ આવે છે. જો એ અનવસ્થાદોષને દૂર કરવા માટે એમ કહો, કે—'એક કાર્યને માટે બે જ શત્રુ માનીશું-વધારે નહિ' તો એમ કહેવું પણ ઠીક નથી, કારણ કે—'એક કાર્યના પ્રત્યે બે જ શત્રુ હોય છે પણ વધારે નહિ.' એ નિયમને ગ્રહણ કરવાવાળું કોઈ પ્રમાણ જ નથી.

## વીસમા દૃષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**वामेतरकरवर्तितरज्जूयुग्मं न चेह दृष्टान्तः।**
**बाधितविषयत्वाद्वा दोषात्कालात्ययापदिष्टत्वात् ॥४०५॥**

**तद्वाक्यमुपादानकारणसदृशं हि कार्यमेकत्वात्।**
**अस्त्यनतिगोरसत्वं दधिदुग्धावस्थयोर्यथाध्यक्षात् ॥४०६॥**

**અન્વયાર્થ**—(च) તથા (इह) અહીં આગળ (बाधितविषयत्वात्) **બાધિત વિષય હોવાના કારણથી** (दोषात्कालात्ययापदिष्टत्वात्) **કાલાત્યયાપદિષ્ટદોષ**[1] આવવાથી (वामेतर करवर्तितरज्जूयुग्मं) ડાબા-જમણા હાથ દ્વારા વણેલી બે રસ્સીઓનું (दृष्टांतः) દૃષ્ટાંત પણ (न वा) ઠીક નથી.

(तद्वाक्यं) રજ્જુયુગ્મનું દૃષ્ટાંત પણ આ પ્રમાણે બાધિત છે કે-(हि) નિશ્ચયથી (एकत्वात्) કથંચિત્ એકતા હોવાથી (कार्यं) કાર્ય (उपादानकारणसदृशं) ઉપાદાનકારણ જેવું થાય છે, (यथा) જેમ (अध्यक्षात्) પ્રત્યક્ષપ્રમાણથી (दधिदुग्धावस्थयोः) પૂર્વ-ઉત્તરભાવિ દૂધ વા દહીંની પર્યાયમાં (अनतिगोरसत्वं अस्ति) ગોરસત્વનું ઉલ્લંઘન જણાતું નથી, અર્થાત્ સર્વ અવસ્થાઓમાં વ્યાપકરૂપથી જ ગોરસત્વ જોવામાં આવે છે.

**ભાવાર્થ**—કાર્ય, ઉપાદાનકારણ જેવું થાય છે. જેમ કે—દૂધરૂપ કારણથી દહીંરૂપ જે કાર્ય થાય છે, તેમાં ગોરસપણાથી સદૃશતા (સમાનતા) હોય છે અર્થાત્ જેમ દહીંરૂપ કાર્ય દૂધરૂપ કારણની સાથે કથંચિત્ એકતાના કારણથી ગોરસપણાની અપેક્ષાએ સદૃશતા (સમાનતા) રાખે છે, તેમ સત્ અને પરિણામના વિષયમાં ડાબા-જમણા હાથ દ્વારા વણેલી રસ્સીનું દૃષ્ટાંત સમાનતા રાખતું નથી, તેથી બાધિતવિષય હોવાથી એ દૃષ્ટાંત કાલાત્યયાપદિષ્ટહેત્વાભાસ દોષથી યુક્ત છે. (?)

નંબર ૩૫૮મા પદ્યમાં 'वामेतर क्रमवर्तित' શબ્દમાં 'वर्तित' શબ્દનો અર્થ 'વણેલી તથા ઘુમાવેલી' એ બંને થઈ શકે છે, તેમાંથી અમે 'वर्तित' શબ્દનો પ્રથમ અર્થ ધ્યાનમાં રાખીને પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષનો અર્થ લખ્યો છે, પણ જો 'वर्तित' શબ્દનો અર્થ 'ઘુમાવેલી' એવો કરવામાં આવે તો ૩૫૮મા પદ્યનો આમ અર્થ થશે, કે—'બંને હાથની રસ્સીઓથી જેમ છાશને વલોવવામાં આવે છે તેમ જ શું સત્ અને પરિણામ કાર્યકારી છે ?' એવો સમજવો જોઈએ તથા તેના ઉત્તરપક્ષમાં 'વણેલી'ની જગ્યાએ 'ઘુમાવેલી' એવો સમજવો જોઈએ.

---

૧. જે હેતુનો વિષય-સાધ્ય પ્રત્યક્ષાદિપ્રમાણોથી બાધિત હોય એને કાલાત્યયાપદિષ્ટહેત્વાભાસદોષ કહે છે. (જુઓ-ન્યાયદીપિકા હિંદી અનુવાદ પાનું-૧૯૮)

## નવમા દ્દષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ

**सुंदोपसुन्दमल्लद्वैतं दृष्टान्ततः प्रतिज्ञातम्।**
**तदसदसत्वापत्तेरितरेतरनियतदोषत्वात् ।।४०७।।**

**सत्युपसुन्दे सुन्दो भवति च सुन्दे किलोपसुन्दोपि।**
**एकस्यापि न सिद्धिः क्रियाफलं वा तदात्ममुखदोषात्।।४०८।।**

**अथचेदनादिसिद्धं कृतकत्वापन्हवात्तदेवेह।**
**तदपि न तद्द्वैतं किल त्यक्तं दोषास्पदं यदत्रैतत्।।४०९।।**

**અન્વયાર્થ**—(यत्) જે (सुन्दोपसुन्दमल्लद्वयं) સુંદ અને ઉપસુંદ મલ્લદ્વૈતનું [દ્દષ્ટાંત] (दृष्टांततः) સત્ અને પરિણામના વિષયમાં દ્દષ્ટાંતરૂપથી (प्रतिज्ञातम्) કહેવાયું તે (इतरेतरनियतदोषत्वात्) પરસ્પરાશ્રય અને અન્યોન્યાશ્રયદોષથી યુક્ત હોવાથી (असत्वापत्तेः) કોઈની પણ સત્તા સિદ્ધ ન થઈ શકવાથી (तत्) તે (असत्) ઠીક નથી.

(किल) નિશ્ચયથી (उपसुन्दे सति) ઉપસુંદના અસ્તિત્વમાં (सुन्दः) સુંદ (अपि च) તથા (सुन्दे सति) સુંદના અસ્તિત્વમાં (उपसुन्दः भवति) ઉપસુંદ હોય છે, તેથી (तदात्ममुखदोषात्) સુંદોપસુંદન્યાયમાં અન્યોન્યાશ્રયદોષ આવવાથી (एकस्यापि सिद्धिः) કોઈ એકની પણ સિદ્ધિ (वा) તથા (क्रियाफलं) ક્રિયા અને ફળ (न) બની શકશે નહિ.

(अथ चेत्) જો ઉપરોક્ત અન્યોન્યાશ્રયદોષને દૂર કરવા માટે (इह) અહીં (कृतकत्वापन्हवात्) સત્ અને પરિણામ કોઈના દ્વારા કરાયેલા છે, એવી પ્રતીતિ ન હોવાના કારણથી '(तत्) એ સત્ અને પરિણામનું દ્વૈત (अनादिसिद्धं एव) અનાદિસિદ્ધ જ છે' એમ માનશો, (तदपि) તોપણ (किल) નિશ્ચયથી (यत्) જે (अत्र) અહીં (एतत्) એ (तद्वैतं) સત્ અને પરિણામની દ્વૈતતા પ્રતીત થઈ રહી છે, તે (त्यक्तदोषास्पदं न) નિર્દોષ કહી શકાશે નહિ.

**ભાવાર્થ**—સત્ અને પરિણામના વિષયમાં સુંદ-ઉપસુંદ મલ્લદ્વૈતનું દ્દષ્ટાંત પણ અનુપયોગી છે, કારણ કે—અન્યોન્યાશ્રયદોષના કારણથી જેમ સુંદ-ઉપસુંદમાંથી કોઈ એકની પણ સિદ્ધિ ન થતાં સ્વયં બંનેનો નાશ થયો હતો. તેમ સત્ અને પરિણામને પરસ્પર એક બીજાના આશ્રિત માનવાથી કોઈ એકની પણ સિદ્ધિ થઈ શકશે નહિ.

જો કદાચિત્ ઉપરોક્ત અન્યોન્યાશ્રયદોષ દૂર કરવા માટે કૃતક ન હોવાથી સત્ અને પરિણામના દ્વૈતને અનાદિસિદ્ધ માનશો, તોપણ એ અન્યોન્યાશ્રયદોષ તદવસ્થ (જેવોને તેવો કાયમ) રહેવાથી તે નિર્દોષ સિદ્ધ થઈ શકતું નથી, કારણ કે—એ બંનેને અનાદિસિદ્ધ માનવાથી પણ

અનેકાન્તવાદને માન્યા વિના એ સત્ અને પરિણામ દ્વૈત કાર્યકારી રહી શકાશે નહિ, એટલા માટે સુંદોપસુંદના ન્યાયથી પણ સત્ અને પરિણામના દ્વૈતને માનવું ઠીક નથી.

## ઉપસંહાર

दृष्टान्ताभासा इति निक्षिप्ताः स्वेष्टसाध्यशून्यत्वात्।
लक्ष्योन्मुखेषवइव दृष्टान्तास्त्वथ यथा प्रशस्यन्ते॥४१०॥

**અન્વયાર્થ**—(इति) એ પ્રમાણે (निक्षिप्ताः) આપેલાં દ્રષ્ટાંત (स्वेष्टसाध्यशून्यत्वात्) પોતાના ઈષ્ટસાધ્યથી શૂન્ય હોવાથી અર્થાત્ પોતાના ઈષ્ટસાધ્યનાં સાધક ન હોવાથી (दृष्टान्ताभासाः) દ્રષ્ટાંતાભાસ છે, (अथ तु) પરંતુ (लक्ष्योन्मुखेषवइव) લક્ષ્યનો ભેદ કરવાવાળાં બાણની માફક પોતાના ઈષ્ટસાધ્યને સિદ્ધ કરવાવાળાં (दृष्टान्ताः) દ્રષ્ટાંતને (प्रशस्यन्ते) પ્રશંસાપાત્ર ગણવમાં આવે છે અર્થાત્ એ જ સાચાં દ્રષ્ટાંત છે, (यथा) જેમ કે–

**ભાવાર્થ**—એ પ્રમાણે પોતાના ઈષ્ટસાધ્યને સિદ્ધ નહીં કરી શકવાના કારણથી શંકાકારે આપેલાં ઉપરોક્ત દ્રષ્ટાંતોનું ખંડન કરીને હવે આગળ ગ્રંથકાર પોતે બાણની માફક લક્ષ્યોન્મુખ અર્થાત્ પોતાના ઈષ્ટને સાધકદ્રષ્ટાંતોનું નિરૂપણ કરે છે.[1]

### ૧. દીપક અને પ્રકાશનું દ્રષ્ટાંત

सत्परिणामाद्वैतं स्यादविभिन्नप्रदेशवत्वाद्वै।
सत्परिणामद्वैतं स्यादपि दीपप्रकाशयोरेव॥४११॥

૧. ઉપરના દ્રષ્ટાંતોના ઉત્તરપક્ષમાં ગ્રંથકારે ૮મા દ્રષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ બતાવી ૯-૧૦-૧૧મા દ્રષ્ટાંતોના પૂર્વપક્ષના ઉત્તરપક્ષોને છોડી દઈ બાકીના દ્રષ્ટાંતોના પૂર્વપક્ષોનો ઉત્તર લખ્યો છે, તથા અંતમાં ૯મા દ્રષ્ટાંતના પૂર્વપક્ષમાં દોષ બતાવ્યો, પરંતુ તે છતાં પણ ૧૦મા અને ૧૧મા દ્રષ્ટાંતોના પૂર્વપક્ષના વિષયમાં કાંઈ પણ લખ્યું નથી. આમ શાથી થયું છે? તે સમજવાનું સાધન નથી.

નંબર ૩૪૧ થી પ્રારંભ કરીને નં. ૪૧૦ મા પદ્યો સુધી ગ્રંથકારે સત્ અને પરિણામના વિષયમાં જે ૨૦ દ્રષ્ટાંતાભાસ બતાવીને વર્ણન કર્યું છે તેવું વર્ણન અન્ય કોઈ ગ્રંથમાં જોવામાં આવ્યું નથી, તથા ગ્રંથકારે પોતે પણ તેને વિસ્તારપૂર્વક લખ્યું નથી, પરંતુ પ્રથમ બધા પૂર્વપક્ષો કહીને તે પછી સર્વ ઉત્તરપક્ષોનું ટૂંકામાં વર્ણન કર્યું છે, એ બંને કારણથી આ વિષય ગહન બની ગયો છે. આ વિષયમાં જોકે મારી સમજશક્તિ અનુસાર મેં અર્થ લખ્યો છે, પરંતુ એટલાથી મનને પૂરો સંતોષ થતો નથી. આ વિષયને વધારે પલ્લવિત કરવાનો પણ વિચાર થયો હતો, પરંતુ યદ્વાતદ્વા (જેમ તેમ) થઈ જવાના ડરથી એ વિચારને છોડી દીધો છે. એ માટે વાચકગણ ક્ષમા કરશો, તથા જે દ્રષ્ટાંતાભાસોના ઉત્તરપક્ષમાં મને સંદેહ લાગ્યો છે ત્યાં ત્યાં (?) આવું સંદેહચિહ્ન આપ્યું છે તથા એ વિષયમાં પરિશિષ્ટ લખવાનો વિચાર પણ છે.

**અન્વયાર્થ**—(वै) નિશ્ચયથી (अविभिन्नप्रदेशवत्वात्) અભિન્નપ્રદેશ હોવાથી કથંચિત્ (सत्परिणामाद्वैतं स्यात्) સત્ અને પરિણામમાં અદ્વૈતતા છે (अपि) તથા (दीप प्रकाशयोरेव) દીપક અને પ્રકાશની માફક સંજ્ઞા–લક્ષણાદિ દ્વારા ભેદ હોવાથી (सत्परिणामद्वैतं स्यात्) સત્ અને પરિણામમાં દ્વૈત પણ છે.

**ભાવાર્થ**—ભિન્ન-ભિન્ન પ્રદેશ ન હોવાથી સત્ અને પરિણામમાં અદ્વૈતતા છે, તથા સંજ્ઞા-લક્ષણાદિ દ્વારા દીપ અને પ્રકાશની માફક સત્ અને પરિણામમાં દ્વૈતતા પણ છે. એ પ્રમાણે દીપક અને પ્રકાશની માફક સત્ અને પરિણામમાં કથંચિત્ દ્વૈત-અદ્વૈતતા છે.

## ૨. જળ–કલ્લોલનું દૃષ્ટાંત

**अथवा जलकल्लोलवदद्वैतं द्वैतमपि च तद्द्वैतम्।**
**उन्मज्जच्च निमज्जन्नाप्युन्मज्जन्निमज्जदेवेति॥४१२॥**

**અન્વયાર્થ**—(अथवा) અથવા (तद्वैतं) સત્ અને પરિણામની દ્વૈતતા (जलकल्लोलवत्) જળ અને તેના તરંગોના માફક (अद्वैतं) અભિન્ન (च) તથા (द्वैतं अपि) ભિન્ન પણ છે, કારણ કે–જળ તથા કલ્લોલોમાંથી જે સમયે કલ્લોલોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, તે સમયે તે કલ્લોલો (उन्मज्जत्) ઉદય થાય છે (च) તથા (निमज्जत्) વિલીન થાય છે, તેથી એ જળથી કથંચિત્ ભિન્ન છે (अपि) તથા જે સમયે જળની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, તે સમયે એ કલ્લોલો (उन्मज्जत् निमज्जत् एव न) ઉદયમાન તથા વિલયમાન જ થતા નથી પણ કેવળ જળ જ જળ પ્રતીતિમાન થાય છે, (इति) તેથી એ જળથી કથંચિત્ અભિન્ન પણ છે. એ પ્રમાણે સત્ અને પરિણામ પણ કથંચિત્ ભિન્ન તથા કથંચિત્ અભિન્ન છે.

**ભાવાર્થ**—જળ અને કલ્લોલોના દૃષ્ટાંતથી પણ સત્ અને પરિણામમાં કથંચિત્ અદ્વૈત તથા દ્વૈત સિદ્ધ થાય છે. જેમ જળમાં કલ્લોલો જોકે વાયુના નિમિત્તથી પ્રતિસમય પરિણમન થયા કરે છે, તોપણ કેવળ જળદૃષ્ટિથી એ કલ્લોલો જળથી ભિન્ન નથી પણ જળરૂપ જ છે, તેથી કલ્લોલોની વિવક્ષા ન હોવાના કારણથી તેનું ઉત્પન્ન થવું તથા ન થવું દૃષ્ટિગોચર કરવામાં આવતું નથી, પણ સામાન્યદૃષ્ટિથી જળમાત્ર જ પ્રતીત થાય છે—કલ્લોલરૂપ નહિ, તેથી જેવી રીતે જળ અને કલ્લોલોમાં કથંચિત્ અભેદતા છે તેવી રીતે સત્ અને પરિણામમાં પણ સત્‌ની વિવક્ષા કરતી વેળા પરિણામ ગૌણ થઈ જવાના કારણથી તથા સત્‌થી ભિન્નરૂપ ઉપલબ્ધ ન હોવાના કારણથી તે અભેદ છે; વળી સત્ અને પરિણામમાં જળ-કલ્લોલોની માફક બંનેનાં સંજ્ઞા-લક્ષણ ભિન્ન હોવાથી કથંચિત્ ભેદ પણ છે.

શંકાકારે સત્ અને પરિણામની દ્વૈતતા દૃષ્ટિગત કરીને ઉપરનાં ઘણાં દૃષ્ટાંતોપૂર્વક શંકાઓ ઉઠાવી હતી, તેથી ગ્રંથકારે એ દૃષ્ટાંતોને યુક્તિપૂર્વક સદોષરૂપ સિદ્ધ કરીને સત્ અને

પરિણામમાં કથંચિત્ દ્વૈત તથા અદ્વૈતભાવ બતાવ્યો, પરંતુ દીપક-પ્રકાશ, જળ-કલ્લોલ તથા ઘટ-મૃતિકાના દૃષ્ટાંતો વડે કથંચિત્ દ્વૈત કેવી રીતે સિદ્ધ થાય છે, એ કાંઈ લખ્યું નથી. એટલા માટે દ્વૈતસાધક યુક્તિને અર્થાત્ ગ્રંથાન્તરોમાં જે સંજ્ઞા-લક્ષણાદિકો દ્વારા ભેદ માન્યો છે, તેને અમે આ ત્રણ દૃષ્ટાંતો સાથે જોડી દીધો છે.

## ૩. ઘટ–મૃતિકાનું દૃષ્ટાંત

**घटमृत्तिकयोरिव वा द्वैतं तद्द्वैतवदद्वैतम्।**
**नित्यं मृण्मात्रतया यदनित्यं घटत्वमात्रतया॥४१३॥**

**અન્વયાર્થ**—(वा) અથવા (घटमृत्तिकयोः द्वैतं इव) ઘટ અને મૃતિકાના દ્વૈતની માફક (तत् द्वैतवत् अद्वैतं) એ સત્ અને પરિણામનું દ્વૈત, દ્વૈત હોવા છતાં પણ અદ્વૈત છે, (यत्) કારણ કે–(मृण्मात्रतया) કેવળ માટીપણાના રૂપથી (नित्यं) નિત્ય છે તથા (घटत्वमात्रतया) કેવળ ઘટપણાના રૂપથી (अनित्यं) અનિત્ય છે.

**ભાવાર્થ**—જેમ ઘટ અને માટીમાં કથંચિત્ અદ્વૈત તથા દ્વૈત છે તેમ સત્ અને પરિણામમાં પણ કથંચિત્ અદ્વૈત તથા દ્વૈત છે. ઘટાદિ પર્યાયો મૃતિકા વિના પ્રાપ્ત થઈ શકતી નથી, તેથી તે મૃતિકાપણાથી અભિન્ન છે તથા ઘટ અને મૃતિકાનાં લક્ષણ સંજ્ઞા ભિન્ન-ભિન્ન છે, તેથી તે કથંચિત્ ભિન્ન પણ છે.

નં. ૩૩૬મા પદ્યમાં ચાર પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા—૧. તત્ત્વ શું નિત્ય યા અનિત્ય છે? ૨. શું ઉભયરૂપ યા અનુભયરૂપ છે? ૩. શું વ્યસ્ત છે યા સમસ્ત છે? ૪. શું સક્રમ છે યા અક્રમ છે? અહીં આગળ કથંચિત્ વિશેષણપૂર્વક તત્ત્વ એ સર્વરૂપ પડે છે એવો સામાન્ય ઉત્તર આપીને વસ્તુના નિત્યાનિત્યત્વ ધર્મ ઉપર વિવેચનપૂર્વક પ્રકરણવશ આગત દૃષ્ટાંતાભાસોનું નિરાકરણ કરતાં દીપ—પ્રકાશાદિક ત્રણ સાચાં દૃષ્ટાંતો દ્વારા તત્ત્વને કથંચિત્ અદ્વૈત અને દ્વૈતરૂપ સિદ્ધ કરીને હવે ગ્રંથકાર મૂળ વિષય ઉપર આવે છે, કે—જેમ ઘટ-મૃતિકાના દૃષ્ટાંતમાં મૃતિકા, મૃતિકાપણાથી નિત્ય છે તથા ઘટાદિ પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, તે જ પ્રમાણે સત્ સામાન્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે તથા ઉત્પન્ન—નષ્ટ થવાવાળાં પોતાના પ્રત્યેક પરિણામની અપેક્ષાએ અનિત્ય પણ છે.

## સત્‌ના નિત્યાનિત્યપણામાં યુક્તિ

**अयमर्थः सन्नित्यं तदभिज्ञप्तेर्यथा तदेवेदम्।**
**न तदेवेदं नियमादिति प्रतीतेश्च सन्न नित्यं स्यात्॥४१४॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે–(तत् अभिज्ञप्तेः) સત્‌ના વિષયમાં

પ્રત્યભિજ્ઞાનપ્રમાણ પ્રાપ્ત હોવાથી (सन्नित्यं) સત્ નિત્ય છે, (यथा) જેમ કે–(तदेवेदं) 'આ તે જ છે' (च) તથા (नियमात्) નિયમથી (इदं तदेव न) 'આ તે નથી' (इति प्रतीतेः) એ પ્રતીતિથી (सन्नित्यं न स्यात्) સત્ નિત્ય નથી અર્થાત્ અનિત્ય છે.

**ભાવાર્થ**—ઉપરોક્ત કથનનો ખુલાસો આ છે, કે—સ્મૃતિ વા પ્રત્યક્ષના જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. ન્યાયશાસ્ત્રમાં પ્રત્યભિજ્ઞાન દ્વારા એકત્વ, નિત્યત્વ વા સદ્દશતા તથા અનેકત્વ, અનિત્યત્વ વા વિસદ્દશતાની સિદ્ધિ કરી શકાય છે. સત્‌માં 'तदेवेकं' આ તે જ છે' એ પ્રકારની પ્રતીતિ પ્રાપ્ત થાય છે, તેથી દ્રવ્યદ્દષ્ટિથી સત્ નિત્ય છે તથા સત્‌ના પરિણામમાં 'तदेवेकं न', આ તે નથી' એ પ્રકારની પણ પ્રતીતિ પ્રાપ્ત થાય છે, તેથી પર્યાયાર્થિકનયની અપેક્ષાએ સત્ અનિત્ય પણ છે.

સારાંશ એ છે, કે દ્રવ્યાર્થિકનયથી સત્ નિત્ય છે તથા પર્યાયાર્થિકનયથી સત્ અનિત્ય છે; પરંતુ પ્રમાણદ્દષ્ટિથી સત્ નિત્યાનિત્યાત્મક છે. હવે આગળ ઉભય-અનુભય, વ્યસ્ત-સમસ્ત તથા સક્રમ-અક્રમના ઉપર વિચાર કરવામાં આવે છે.

## સત્‌ના ઉભય–અનુભયપણામાં યુક્તિ

**अप्युभयं युक्तिवशादेकं सच्चैककालमेकोक्तेः।**
**अप्यनुभयं सदेतन्नयप्रमाणादिवादशून्यत्वात्॥४१५॥**

**અન્વયાર્થ**—(युक्तिवशात्) યુક્તિવશથી (एकं च सत्) એક જ સત્ (एकं कालं) એક કાળમાં (उभयंअपि) ઉભયરૂપ પણ છે તથા (एकोक्तेः) બંને ધર્મોને એક કાળમાં એક શબ્દ દ્વારા કહેવાની અપેક્ષાએ (एतत् सत्) એ સત્ (नयप्रमाणादिवादशून्यत्वात्) નય–પ્રમાણાદિવાદ દ્વારા શૂન્ય હોવાનાં કારણથી અર્થાત્ અવક્તવ્યપણાથી (अनुभयं अपि) અનુભયરૂપ પણ છે.

**ભાવાર્થ**—પહેલાં વસ્તુને અસ્તિ વા નાસ્તિરૂપ સિદ્ધ કરવામાં આવી છે, તેમાંથી અસ્તિ, વિધિરૂપ પડે છે તથા નાસ્તિ, નિષેધરૂપ કિંવા વિશેષરૂપ પડે છે. જેમ કે—દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સત્ અસ્તિરૂપ તથા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ સત્‌નો કોઈ અવાન્તરભેદ ગ્રહણ થાય છે. એ પ્રમાણે પર્યાયાર્થિકનય દ્વારા કોઈ વિવક્ષિત વિશેષને વિષય કરતી વેળા બાકીના વિશેષધર્મોનો સામાન્યરૂપથી અભાવ ગ્રહણ થાય છે, તેથી બાકીના ધર્મોને નાસ્તિરૂપ કહે છે. તથા એક જ કાળમાં કોઈ અપેક્ષાએ અસ્તિનો વા કોઈ અપેક્ષાએ નાસ્તિનો સદ્‌ભાવ દર્શાવવાની દ્દષ્ટિથી તત્ત્વ, અસ્તિનાસ્તિરૂપ, નિત્યાનિત્યરૂપ તથા એક-અનેકરૂપ પણ છે, વળી વચનઅગોચર હોવાથી અથવા એક શબ્દ દ્વારા એક કાળમાં પરસ્પર વિરોધીધર્મો પ્રતિપાદન નહિ થઈ શકવાથી તત્ત્વ અનુભયરૂપ પણ છે.

## સત્‌ના વ્યસ્ત-સમસ્તપણામાં યુક્તિ

**व्यस्तं सन्नययोगात्नित्यं नित्यत्वमात्रतस्तस्य।**
**अपि च समस्तं सदिति प्रमाणसापेक्षतो विवक्षायाः॥४१६॥**

**અન્વયાર્થ**—(नययोगात्) નયના યોગથી (सत् व्यस्तं) સત્ વ્યસ્તરૂપ છે, કારણ કે-(तस्यनित्यत्वमात्रतः) તે નિત્યમાત્ર હોવાથી (नित्यं) નિત્ય કહેવાય છે (अपि) તથા (विवक्षायाः) વિવક્ષા (प्रमाणसापेक्षतः) પ્રમાણસાપેક્ષ હોવાથી અર્થાત્ પ્રમાણની વિવક્ષાએ (सत् इति समस्तं च) સત્ એ સમસ્ત પણ છે.

**ભાવાર્થ**—સત્, દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી નિત્યમાત્ર વિવક્ષિત થાય છે તથા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્યમાત્ર વિવક્ષિત થાય છે, તેથી સત્ વ્યસ્તરૂપ છે, પરંતુ પ્રમાણદૃષ્ટિથી કેવળ નિત્ય વા કેવળ અનિત્યરૂપ વિષય ન થતાં નિત્યાનિત્યાત્મક પ્રતીત થાય છે, તેથી સત્ સમસ્તરૂપ પણ છે અર્થાત્ સત્ નયદૃષ્ટિથી વ્યસ્તરૂપ તથા પ્રમાણદૃષ્ટિથી સમસ્તરૂપ છે.

## સત્‌ના ક્રમવર્તી-અક્રમવર્તીપણામાં યુક્તિ

**न विरुद्धं क्रमवर्ती च सदिति तथाऽनादितोपि परिणामि।**
**अक्रमवर्ती सदित्यपि न विरुद्धं सदैकरुपत्वात्॥४१७॥**

**અન્વયાર્થ**—(सत् क्रमवर्ती) સત્ ક્રમવર્તી છે, (इति च न विरुद्धं) એ પણ વિરુદ્ધ નથી, કારણ કે તે (अनादितोपि) અનાદિકાળથી (तथा) ક્રમરૂપથી (परिणामि) પરિણમનશીલ છે, તથા (सत् अक्रमवर्ती इत्यपि विरुद्धं न) સત્ અક્રમવર્તી છે, એ પણ વિરુદ્ધ નથી, કારણ કે (सदैकरुपत्वात्) પરિણમન કરવા છતાં પણ સત્ એકરૂપ છે અર્થાત્ સદૃશ છે.

**ભાવાર્થ**—સત્ અનાદિકાળથી પ્રતિસમય પરિણમનશીલ છે, તેથી તે ક્રમવર્તી અર્થાત્ સક્રમ છે તથા એ સત્, 'સત્' એવા અન્વયને કદી પણ છોડતું નથી, અર્થાત્ સામાન્યપણાથી સત્ એકરૂપ જ રહે છે, તેથી સત્, અક્રમવર્તી પણ છે. એ પ્રમાણે વસ્તુના નિત્ય-અનિત્ય, ઉભય-અનુભય, વ્યસ્ત-સમસ્ત અને સક્રમ-અક્રમપણાને યુક્તિપૂર્વક દર્શાવીને હવે આગળ અનેકાંતના વિષયમાં શંકા-સમાધાનપૂર્વક વિચાર કરે છે. શંકા—

## સત્‌ના ક્રમવર્તી તથા અક્રમવર્તીપણામાં યુક્તિ

**ननु किमिह जगदशरणं विरुद्धधर्मद्वयाधिरोपत्वात्।**
**स्वयमपि संशयदोलान्दोलित इव चलितप्रतीतिः स्यात्॥४१८॥**

इह कश्चिज्जिज्ञासुर्नित्यं सदिति प्रतीयमानोऽपि।
सदनित्यमिति विपक्षे सति शल्ये स्यात्कथं हि निःशल्यः॥४१९॥

इच्छन्नपि सदनित्यं भवति न निश्चितमना जनः कश्चित्।
जीवदवस्थत्वादिह सन्नित्यं तद्विरोधिनोऽध्यक्षात्॥४२०॥

तत एव दुरधिगम्यो न श्रेयान् श्रेयसे ह्यनेकान्तः।
अप्यात्ममुखदोषात् सव्यभिचारो यतोऽचिरादिति चेत्॥४२१॥

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું આમ છે, કે-(इह) અહીં એક જ પદાર્થમાં (विरुद्धधर्मद्वयाधिरोपत्वात्) વિરોધી બે ધર્મોનો આરોપ કરવાથી (जगत्) જગત (किं) શું (अशरणं) અશરણ છે અર્થાત્ જગતને શરણ જ મળશે નહિ (अपि) તથા (स्वयं) સ્યાદ્વાદી પોતે પણ (संशयदोलान्दोलित इव) સંશયરૂપ ઝૂલામાં ઝૂલવાવાળાની માફક (चलितप्रतीतिः स्यात्) ચલિત છે પ્રતીતિ જેની, એવો બની જશે અર્થાત્ નિઃસંશય થશે નહિ, કારણ કે–

(इह) અહીં (कश्चित् जिज्ञासुः) કોઈ જાણવાની ઇચ્છા રાખવાવાળો પુરુષ (सत् नित्यं इति प्रतीयमानः अपि) 'સત્ નિત્ય છે' એવી પ્રતીતિ કરતો હોવા છતાં પણ (हि) નિશ્ચયથી (सत् अनित्यं इति विपक्षे) 'સત્ અનિત્ય છે' એ પ્રકારનો વિપક્ષ મળતાં (शल्ये सति) શલ્ય થવાથી (कथं निःशल्यः स्यात्) શલ્યરહિત કેવી રીતે થશે?

તથા (कश्चित् जनः) કોઈ મનુષ્ય (सत् अनित्यं इच्छन्नपि) સત્‌ને અનિત્ય માનતો હોવા છતાં પણ (निश्चितमनाः) નિશ્ચિતમનવાળો (न भवति) થઈ શકતો નથી, કારણ કે-(इह) અહીં (नित्यं) 'સત્ નિત્ય છે' એ પ્રકારની (जीवदवस्थत्वात्) નિત્યપણાની અવસ્થા જીવિત રહેવાથી (तद्विरोधिनः) 'સત્ અનિત્ય છે' એના વિરોધીની (अध्यक्षात्) પ્રત્યક્ષતા થાય છે.

(तत एव) તેથી જ (हि) નિશ્ચયથી (दुरधिगम्यः अनेकान्तः) દુરધિગમ્ય અનેકાન્ત (श्रेयसे) કલ્યાણ માટે (श्रेयान् न) ઠીક નથી, (यतः) કારણ કે-(आत्ममुखदोषात् अपि) આત્મમુખદોષથી જ અર્થાત્ વદતોવ્યાઘાતથી જ તે (अचिरात्) શીઘ્ર (सव्यभिचारः) વ્યભિચારસહિત સિદ્ધ થાય છે. (इति चेत्) જો એમ કહો તો–

**ભાવાર્થ**—શંકાકારની આમ શંકા છે, કે—એ પ્રમાણે વસ્તુને વિરુદ્ધધર્મમય માનવાથી ઝૂલામાં ઝૂલવાવાળાની સ્થિતિ જેવી સંશયવૃત્તિ થઈ જવાના કારણથી વસ્તુના કોઈ પણ ધર્મને નિશ્ચયાત્મક પ્રતીતિ માટે સહારો જ રહેશે નહિ. કારણ કે—જેમ અનિત્ય, વિપક્ષી રહેવા છતાં વસ્તુને નિત્યાત્મક માનવાવાળો જિજ્ઞાસુ નિઃસંશય થઈ શકતો નથી. એ જ પ્રમાણે નિત્ય,

વિપક્ષી રહેવા છતાં વસ્તુને અનિત્યાત્મક માનવાવાળો જિજ્ઞાસુ પણ નિઃસંશય થઈ શકતો નથી, તેથી અનેકાન્ત, વદતોવ્યાઘાત નામના દોષથી યુક્ત તથા દુર્બોધ થવાનાં કારણથી કલ્યાણકારક પ્રતીત થતું નથી. તેનું સમાધાન–

**तन्न यतस्तदभावे बलवानस्तीह सर्वथैकान्तः।**
**सोपि च सदनित्यं वा सन्नित्यं वा न साधनायालम्॥४२२॥**

**અન્વયાર્થ**—(तन्न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે–(तदभावे) અનેકાન્તના અભાવમાં (इह) અહીં (बलवान) બળવાન (सर्वथैकान्तः) સર્વથા એકાન્ત (अस्ति) ઉપસ્થિત થાય છે (च) તથા (सत् अनित्यं) સત્ અનિત્ય છે (वा) અથવા (सन्नित्यंवा) સત્ નિત્ય જ છે. એ પ્રકારનો (सोऽपि) તે સર્વથા એકાન્ત પણ (साधनाय अलं न) પોતાના ઈષ્ટસાધ્યની સિદ્ધિ કરવા માટે સમર્થ નથી.

**ભાવાર્થ**—ઉપર્યુક્ત શંકા ઠીક નથી, કારણ કે અનેકાન્ત નહિ માનવાથી સર્વથા એકાન્તપક્ષ માનવાનો પ્રસંગ આવે છે, તથા તે એકાન્તપક્ષ પણ સત્‌ને સર્વથા નિત્ય અથવા સર્વથા અનિત્ય સિદ્ધ કરી શકતો નથી. આગળ એ જ અર્થનો ખુલાસો કરવામાં આવે છે.

### સર્વથા નિત્યપક્ષમાં વિક્રિયા ન બનવાથી હાનિ

**सन्नित्यं सर्वस्मादिति पक्षे विक्रिया कुतो न्यायात्।**
**तदभावेपि न तत्त्वं क्रियाफलं कारकाणि यावदिति॥४२३॥**

**परिणामः सदवस्था कर्मत्वाद्विक्रियेति निर्देशः।**
**तदभावे सदभावो नासिद्धः सुप्रसिद्धदृष्टान्तात्॥४२४॥**

**અન્વયાર્થ**—(सर्वस्मात्) સર્વથા (सन्नित्यं) સત્ નિત્ય છે. (इति पक्षे) એ પક્ષમાં (विक्रियाकुतः न्यायात्) કયા ન્યાયથી વિક્રિયા થશે? અર્થાત્ સર્વથા નિત્યપક્ષમાં કોઈ પણ પ્રકારની વિક્રિયા થઈ શકતી નથી (अपि) તથા (तदभावे) વિક્રિયાના અભાવમાં (तत्त्वं) તત્ત્વ (क्रियाफलं) ક્રિયા, ફળ તથા (कारकाणि यावत्) કારક ઈત્યાદિ કાંઈ પણ (न इति) બની શકતાં નથી.

(परिणामः) પરિણામ જ, (सदवस्थाकर्मत्वात्) સત્‌ની અવસ્થાઓની કર્મપરિણતિરૂપ ક્રિયા હોવાથી (विक्रिया इति निर्देशः) 'વિક્રિયા' એ શબ્દથી કહેવામાં આવે છે, તથા (सुप्रसिद्धदृष्टान्तात्) સુપ્રસિદ્ધ દૃષ્ટાંતથી (तदभावे) વિક્રિયાના અભાવમાં (सदभावः) સત્‌નો પણ અભાવ (असिद्धः न) અસિદ્ધ નથી.

**ભાવાર્થ**—જો પદાર્થને સર્વથા નિત્ય જ માનવામાં આવે તો તેમાં વિક્રિયા બની શકશે નહિ, તથા વિક્રિયાના ન હોવાથી તત્ત્વ, ક્રિયા, ફળ તથા કારકાદિ કાંઈ પણ બનશે નહિ. કારણ કે—સત્‌ની અવસ્થાઓમાં ક્રિયાપૂર્વક થવાવાળાં પરિણામને જ વિક્રિયા કહેવામાં આવે છે. વળી સર્વથા નિત્યમાં પરિણામ થવા સંભવિત નથી તેથી સત્‌નો પણ અભાવ માનવો પડશે, જે ગ્રંથકારે પોતે પટ અને તંતુના દૃષ્ટાંતથી ગાથા ૪૨૫માં સિદ્ધ કર્યો છે.

**अथ तद्यथा पटस्य क्रिया प्रसिद्धेति तन्तुसंयोगः।**
**भवति पटाभावः किल तदभावे यथा तदनन्यात्॥४२५॥**

**અન્વયાર્થ**—(अथ तद्यथा) હવે તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે-(यथा) જેમ (पटस्य क्रिया) પટની ક્રિયા (तन्तु संयोगः) તંતુસંયોગ (इति प्रसिद्धा) એ પ્રસિદ્ધ છે તથા (तदनन्यात्) ક્રિયા અને પટમાં ભેદ ન હોવાથી (तदभावे) ક્રિયાના અભાવમાં (किल) નિશ્ચયથી (पटाभावः) પટનો પણ અભાવ (भवति) થાય છે.

**ભાવાર્થ**—તંતુના સંયોગપૂર્વક પટની ઉત્પત્તિ થાય છે, તેથી તંતુસંયોગ પટની ક્રિયા કહેવાય છે. એટલા માટે જેમ પટથી અભિન્ન તંતુસંયોગરૂપ ક્રિયાના અભાવથી પટનો પણ અભાવ થાય છે. એ જ પ્રમાણે સત્‌ની અવસ્થાઓ વિના સત્‌નો પણ અભાવ થઈ જશે, કારણ કે—સત્‌ની જે ઉત્પાદાદિકરૂપ અવસ્થાઓ છે તેને જ પરિણામ અથવા ક્રિયા કહે છે, તથા એનાથી જ સત્‌નો સદ્‌ભાવ સિદ્ધ થાય છે. જો પદાર્થને સર્વથા નિત્ય માની તેમાં કોઈ પણ પ્રકારની ક્રિયા ન માનવામાં આવે તો સત્‌ના સાધકના અભાવમાં સત્‌નો પણ અભાવ થઈ જશે.

## વિક્રિયાના અભાવમાં બીજો દોષ

**अपि साधनं क्रिया स्यादपवर्गस्तत्फलं प्रमाणत्वात्।**
**तत्कर्ता ना कारकमेतत् सर्वं न विक्रियाभावात्॥४२६॥**

**અન્વયાર્થ**—(अपि) તથા (प्रमाणत्वात्) પ્રમાણપણાથી (क्रिया साधनं) ક્રિયા એ કારણ છે અને (अपवर्गः तत्फलं स्यात्) મોક્ષ, તેનું કાર્ય છે, તેથી (विक्रियाभावात्) સત્‌માં વિક્રિયાને ન માનવાથી (तत्कर्ता ना) ક્રિયાનો કર્તા આત્મા અને (कारकं) કારક આત્મા, સમ્યગ્દર્શનાદિક સાધનો વડે મોક્ષને પ્રાપ્ત કરે છે ઇત્યાદિ (एतत् सर्वं न) એ સર્વ કાંઈ પણ બનશે નહિ.

**ભાવાર્થ**—જો સત્‌માં કોઈ પ્રકારની પરિણમનરૂપ ક્રિયા ન માનવામાં આવે તો અભેદરત્નત્રયરૂપ ક્રિયાપૂર્વક મોક્ષની પ્રાપ્તિ તથા ક્રિયા વિના ક્રિયાવાન આત્માની પણ સિદ્ધિ થઈ શકશે નહિ અને આત્મારૂપ કર્તા, સમ્યગ્દર્શનાદિરૂપ કારણો દ્વારા મોક્ષરૂપ કર્મને સિદ્ધ ન કરી શકવાનાં કારણથી સર્વ પ્રકારના કારકોનો પણ અભાવ થઈ જશે. અહીં શંકા—

**ननु का नो हानिः स्याद्भवतु तथा कारकाद्यभावश्च।**
**अर्थात् सन्नित्यं किल नह्यौषधमातुरे तमनुवर्ति॥४२७॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું આમ છે, કે–(तथा) વિક્રિયાનો નહિ (कारकाद्यभावश्च) કારકાદિનો અભાવ પણ ભલે (भवतु) થાઓ! (नः का हानिः स्यात्) એમાં અમારી શું હાનિ છે? (अर्थात्) અર્થાત્ (किल) નિશ્ચયથી (सन्नित्यं) સત્ નિત્ય છે. કારણ કે (आतुरे) રોગી પુરુષોના વિષયમાં (औषधं) ઔષધિ (तं अनुवर्ति न हि) રોગીને અનુકૂળ હોતી નથી.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું આમ છે, કે–'સત્ નિત્ય જ છે, તથા તેને નિત્ય માનતાં જો કારકાદિ સિદ્ધ ન થઈ શકતા હોય તો ભલે ન થાઓ, એમાં અમારી શું હાનિ છે? કારણ કે–ઔષધિ કાંઈ રોગીની ઈચ્છાનુસાર હોતી નથી. તેનું સમાધાન—

**सत्यं सर्वमनीषितमेतत्तदभाववादिना तावत्।**
**यत्सत्तत्क्षणिकादिति यावन्नोदेति जलदद्दष्टान्तः॥४२८॥**

**અન્વયાર્થ**—(सत्यं) એ ઠીક છે, પરંતુ (तदभाववादिना) કારકાદિનો અભાવ કહેવાવાળા વાદી દ્વારા (एतत् सर्वं मनीषितं) એ બધા મનોરથ (तावत्) ત્યાં સુધી ઉદય પામે છે, કે–(यावत्) જ્યાં સુધી (यत् सत् तत्क्षणिकात् इति) 'જે સત્ છે તે ક્ષણિક છે,' એ સિદ્ધાંતનું પોષક (जलदद्दष्टान्तः) મેઘનું દ્રષ્ટાંત (नोदेति) ઉદયને પ્રાપ્ત થતું નથી.

**ભાવાર્થ**—એ ઠીક છે, પરંતુ નિત્યએકાન્તવાદીઓનું એમ કહેવું ત્યાં સુધી જ ટકી શકે છે, કે જ્યાં સુધી પ્રતિસમય વિનશ્વરરૂપ મેઘનું દ્રષ્ટાંત યુક્તિપૂર્વક સામે આવ્યું નથી.

## સર્વથા અનિત્યપક્ષમાં દોષ

**अयमप्यात्मरिपुः स्यात्सदनित्यं सर्वथेति किल पक्षः।**
**प्रागेव सतो नाशादपि प्रमाणं क्व तत्फलं यस्मात्॥४२९॥**

**અન્વયાર્થ**—(सत् सर्वथा अनित्यं) 'સત્ સર્વથા અનિત્ય છે' (अति अयं अपि प्रश्नः किल) એ પક્ષ પણ નિશ્ચયથી (आत्मरिपुः स्यात्) આત્મશત્રુ છે, (यस्मात्) કારણ કે–(प्रागेव सतः नाशात्) પ્રથમથી જ સત્‌નો નાશ માનવાથી (प्रमाणं) પ્રમાણ (अपि) તથા (तत्फलं) તેનું ફળ (क्व) આગળ કયાં હશે? અર્થાત્ કોઈ ઠેકાણે નહિ હોય.

**ભાવાર્થ**—તથા સત્‌ને સર્વથા ક્ષણિક માનવું એ પણ ક્ષણિકવાદીઓ માટે આત્મઘાતક જ છે. કારણ કે–સત્‌નો નિરન્વય નાશ માનવાથી તેમના મત અનુસાર જ પ્રમાણ, હેયનો

ત્યાગ, ઉપાદેયનું ગ્રહણ તથા ઉપેક્ષારૂપ પ્રમાણનું ફળ એ બધું કેવી રીતે સિદ્ધ થઈ શકશે? અર્થાત્ પદાર્થનો નિરન્વયનાશ માનવાથી ક્ષણિકવાદીઓના ત્યાં પ્રમાણના ફળના અભાવનો પ્રસંગ આવે છે.

### સર્વથા અનિત્યપક્ષમાં-ક્ષણિક માન્યતામાં બીજો દોષ

**अपि यत्सत्तदिति वचो भवति च निग्रहकृते स्वतस्तस्य।**
**यस्मात्सदिति कुतः स्यात्सिद्धं तच्छून्यवादिनामिह हि।।४३०।।**

**અન્વયાર્થ**—(अपि) તથા (यत् सत् तत् वचः च) 'જે સત્ છે તે ક્ષણિક છે' એ વચન પણ (स्वतः) સ્વયં (तस्य) તેના જ (निग्रहकृते भवति) નિગ્રહને માટે થાય છે, (यस्मात्) કારણ કે (इह) અહીં આગળ (हि) નિશ્ચયથી (तच्छून्यवादिनां) સત્નો અભાવ કહેવાવાળાને ત્યાં (सदिति) 'સત્' એ (कुतः सिद्धं स्यात्) કયા પ્રમાણથી સિદ્ધ થશે?

**ભાવાર્થ**—જેઓ સર્વથા ક્ષણિક હોવાથી સત્નો નિરન્વયનાશ માને છે, તેઓ 'यत् सत् तत् क्षणिकात्' એ પોતાના પ્રતિજ્ઞાવાક્યમાં 'જે સત્ છે' એ વાક્ય પણ બોલી શકે નહિ, કારણ કે—ક્ષણિકવાદીઓને ત્યાં સત્ની સિદ્ધિ, સત્ ક્ષણિકવર્તી હોવાથી સિદ્ધ થઈ શકતી નથી. કારણ 'જે જેની જન્મક્ષણ હશે તે કેવળ પોતાના જ આત્મલાભ માટે હશે, ત્યાર પછી પદાર્થ જો કંઈક કાળ સુધી રહે તો તે કાર્યકારી કહી શકાય,' પરંતુ એ પ્રમાણે તો તેમને ત્યાં માન્યું જ નથી, તેથી સત્ની જ સિદ્ધિ ન થઈ શકવાથી 'જે સત્ છે તે સર્વ ક્ષણિક છે.' એ તેમની પ્રતિજ્ઞા તેમના સિદ્ધાંતની જ ઘાતક સિદ્ધ થાય છે.

### સર્વથા ક્ષણિકવાદી, સત્નો અભાવ કેવી રીતે સિદ્ધ કરશે?

**अपि च सदमन्यमानः कथमिव तदभावसाधनायालम्।**
**वन्ध्यासुतं हिनस्मीत्यध्यवसायादिवद्व्यलीकत्वात्।।४३१।।**

**અન્વયાર્થ**—(अपि च) તથા (सदमन्यमानः) સત્ને નહિ માનવાવાળો પુરુષ (वन्ध्यासुतं हिनस्मि इति अध्यवसायादिवत् व्यलीकत्वात्) 'હું વંધ્યાના પુત્રને મારું છું' એ પ્રકારના અધ્યવસાયાદિની માફક જૂઠો હોવાથી (तदभावसाधनाय कथं इव अलं) સત્ના અભાવની સિદ્ધિ કરવા માટે ભલા કેવી રીતે સમર્થ હશે? અર્થાત્ કોઈ પણ પ્રકારથી સમર્થ થશે નહિ.

**ભાવાર્થ**—જેમ તુચ્છાભાવરૂપ પડવાવાળા વંધ્યાપુત્રાદિ જૂઠ પદાર્થ હોવાથી તેનો અભાવ પણ જૂઠરૂપ જ હોય છે, એ જ પ્રમાણે સત્ને નહિ માનવાવાળા અર્થાત્ સત્ને છોડીને માત્ર પરિણામ માનવાવાળા ક્ષણિકવાદીઓને ત્યાં સત્નો અભાવ માનવો પણ જૂઠ જ પડે છે.

## ક્ષણિકએકાન્તપક્ષની બાધકયુક્તિ

**अपि यत्सत्तन्नित्यं तत्साधनमिह यथा तदेवेदम्।**
**तदभिज्ञानसमक्षात् क्षणिकैकान्तस्य बाधकं च स्यात्॥४३२॥**

**અન્વયાર્થ**—(अपि) તથા (इह) અહીં (यत् सत् तत् नित्यं) જે સત્ છે તે નિત્ય છે, તથા (तत्साधनं) તેનું સાધન આ છે, કે-(यथा) જેમ (तदेवेदं) 'આ તે જ છે' (च) તથા (तत्) 'જે સત્ છે તે નિત્ય છે' એ સિદ્ધાંત (अभिज्ञानसमक्षात्) પ્રત્યભિજ્ઞાનપ્રમાણથી (क्षणिकैकान्तस्य बाधकं स्यात्) ક્ષણિકએકાંતપક્ષનો બાધક છે.

**ભાવાર્થ**—તથા સત્‌માં નિરંતર 'तदेवेदं—આ તે જ છે' એ આકારવાળું પ્રત્યભિજ્ઞાન થાય છે, તેથી 'જે જે સત્ છે તે તે નિત્ય છે' એવો પ્રત્યભિજ્ઞાનસિદ્ધ સિદ્ધાંત પણ ક્ષણિકએકાંતપક્ષનો પૂર્ણ બાધક છે.

**क्षणिकैकान्तवदित्यपि नित्यैकान्ते न तत्वसिद्धिः स्यात्।**
**तस्मान्न्यायादागतमिति नित्यानित्यात्मकं स्वतस्तत्वम्॥४३३॥**

**અન્વયાર્થ**—(क्षणिकैकांतवत्) ક્ષણિક એકાંતની માફક (नित्यैकांतेइत्यपि) નિત્યએકાંતમાં પણ (तत्त्वसिद्धिः न स्यात्) તત્ત્વની સિદ્ધિ થઈ શકતી નથી, (तस्मात्) તેથી (न्यायात् इति आगतं) ન્યાયથી આમ સિદ્ધ થયું, કે-(तत्त्वं) તત્ત્વ (स्वतः) પોતે જ (नित्यानित्यात्मकं) નિત્યાનિત્યાત્મક છે.

**ભાવાર્થ**—તેથી જે કારણથી ક્ષણિકએકાંતની માફક નિત્યએકાંતમાં પણ તત્ત્વની સિદ્ધિ થતી નથી, તે કારણથી આમ સિદ્ધ થાય છે, કે—તત્ત્વ, સ્વતઃસિદ્ધ નિત્યાનિત્યાત્મક છે. અહીં શંકા—

**ननु चैकं सदिति स्यात्किमनेकं स्यादथोभयं चैतत्।**
**अनुभयमिति किं तत्वं शेषं पूर्ववदथान्यथा किमिति॥४३४॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે-(सदिति) 'સત્' એ (किं एकं अनेकं स्यात्) શું એક છે વા અનેક છે? (अथ च) અથવા (एतत् उभयं अनुभयं स्यात् इति) શું તે ઉભયરૂપ છે વા અનુભયરૂપ છે? અથવા (शेषं) શેષ ભંગરૂપ છે કે (किं पूर्ववत्) શું પૂર્વવત્ છે? (अथ अन्यथा) અથવા શું અન્ય પ્રકારે છે? (इति किं तत्वं) એ પ્રમાણે અહીં વાસ્તવિક તત્ત્વ શું છે?

**ભાવાર્થ**—શંકાકારનો પ્રશ્ન આમ છે, કે—સત્ એક છે કે અનેક છે? ઉભયરૂપ છે કે અનુભયરૂપ છે? પૂર્વવત્ છે કે અપૂર્વ છે? અર્થાત્ વાસ્તવમાં તત્ત્વનું સ્વરૂપ શું છે? તેનું સમાધાન—

**सत्यं सदेकमिति वा सदनेकं चोभयं च नययोगात्।**
**न च सर्वथा सदेकं सदनेकं वा सदप्रमाणत्त्वात्॥४३५॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, કારણ કે (नययोगात्) નયયોગથી (सत् इति एकं) 'सत्' એ એક છે (वा) તથા (सदनेकं) સત્, અનેક છે (च) તથા (उभयं च) ઉભયરૂપ પણ છે, પરંતુ (सर्वथा) સર્વથારૂપે (सदेकं) સત્ એક (वा) અથવા (सदनेकं) સત્ અનેક (न च) નથી, કારણ કે–(सदप्रमाणत्त्वात्) સર્વથા એકાંતપક્ષને સિદ્ધ કરવાવાળું કોઈ પ્રમાણ જ નથી.

**ભાવાર્થ**—ઠીક છે, નયવિવક્ષાવશ સત્, એક-અનેક-ઉભય આદિ સર્વરૂપ છે, પરંતુ 'સર્વથા' વિશેષણપૂર્વકનું કથન અપ્રમાણિક હોવાથી સત્, સર્વથારૂપે એક-અનેક-ઉભય આદિ કોઈ પણ રૂપ નથી.

### સત્‌ના એકત્વમાં યુક્તિ

**अथ तद्यथा सदेकं स्यादविभिन्नप्रदेशवत्वाद्वा।**
**गुणपर्यायांशैरपि निरंशदेशादखण्डसामान्यात्॥४३६॥**

**અન્વયાર્થ**—(अथ तद्यथा) હવે તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે–(अविभिन्नप्रदेशत्वात्) પ્રદેશો ભિન્ન ન હોવાથી તથા (गुणपर्यायांशैरपि) ગુણ અને પર્યાયરૂપ અંશો દ્વારા પણ (निरंशदेशात्) દેશના અંશરહિત હોવાના કારણથી (अखण्डसामान्यात् वा) તથા સામાન્યદૃષ્ટિથી તેમાં ખંડકલ્પના ન થવાથી (सत् एकं स्यात्) સત્ એક છે.

**ભાવાર્થ**—સત્ અભિન્નપ્રદેશી છે તથા ગુણપર્યાયો દ્વારા ભિન્ન કલ્પના કરવા છતાં પણ સામાન્યરૂપથી સત્ અખંડ જ રહે છે, તેથી સત્ એક છે.

### દ્રવ્ય–ક્ષેત્રાદિકની અપેક્ષાએ એકત્વ કેવી રીતે છે? તે કહે છે.

**द्रव्येण क्षेत्रेण च कालेनापिह चाथ भावेन।**
**सदखण्डं नियमादिति यथाधुना वक्ष्यते हि तल्लक्ष्म ?॥४३७॥**

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (द्रव्येण) દ્રવ્યથી (च) તથા (क्षेत्रेण) ક્ષેત્રથી (अपि) તથા (कालेन) કાળથી (अथ च) તથા (भावेन) ભાવથી (इह) અહીં (नियमात्) નિયમથી (यथा) જેમ (सत् इति अखण्डं) એ સત્ અખંડ છે–એક છે, (तथा) એ પ્રમાણે (अधुना) આ સમયે (तल्लक्षणं) તેનું લક્ષણ (वक्ष्यते) કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ દ્વારા એ સત્ કેવી રીતે અખંડ સિદ્ધ થાય છે,

તેનું ગ્રંથકાર લક્ષણપૂર્વક આગળ નિરૂપણ કરે છે—

## ગુણપર્યાયવત્માં પણ એકત્વની યુક્તિ

**गुणपर्ययवद्द्रव्यं तदगुणपर्ययवपुः सदेकं स्यात्।**
**न हि किंचिद्गुणरुपं पर्ययरुपं च किंचिदंशांशैः ॥४३८॥**

**અન્વયાર્થ**—(यत् 'गुणपर्ययवत् द्रव्यं') જે ગુણ-પર્યાયવાળું દ્રવ્ય છે, (तत्) તે જ (गुणपर्ययवपुः) ગુણપર્યાયનું શરીર (एकं सत् स्यात्) એક સત્ છે, પરંતુ (किंचिद् गुणरुपं) કાંઈક ગુણરૂપ (च) તથા (किंचित्) કાંઈક (अंशांशैः) અવિભાગી અંશો દ્વારા (पर्ययरुपं) પર્યાયરૂપ (न हि) નથી.

**ભાવાર્થ**—દ્રવ્યનું લક્ષણ જે 'ગુણપર્યાયવાન' કહ્યું છે, તેનો અર્થ 'કોઈક અંશોથી ગુણરૂપ તથા કોઈક અવિભાગી પ્રતિચ્છેદો દ્વારા સત્, ગુણ અને પર્યાયરૂપ થઈને ગુણપર્યાયવાળું છે' એમ ન સમજવો, પરંતુ 'સત્' એક જ હોઈને ગુણપર્યાયમય જ છે, એવો જ અર્થ 'गुणपर्ययवद्द्रव्यं' નો માનવો જોઈએ. દૃષ્ટાંત—

**रुपादितन्तुमानिह यथा पटः स्यात्स्वयं हि तत्द्वैतम्।**
**नहि किंचिद्रूपमयं तन्तुमयं स्यात्तदंशगर्भांशैः ॥४३९॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (इह) અહીં (रुपादितन्तुमान) રૂપાદિ તંતુયુક્ત (पटः) પટ (हि) નિશ્ચયથી (स्वयं) પોતે જ (तत्द्वैतंस्यात्) રૂપાદિ અને તંતુથી યુક્ત છે, તેને દ્વૈતરૂપ કહેવામાં આવે છે, પરંતુ (तदांशगर्भांशैः) તેના અંશોમાં ગર્ભિત બીજા અંશો દ્વારા તે પટ (किंचित्) કાંઈક (रुपमयं) રૂપમય તથા કાંઈક (तन्तुमयं) તંતુમય છે, (नहि स्यात्) એમ નથી.

**ભાવાર્થ**—જેમ રૂપાદિ-તંતુમાન પટ, રૂપાદિ ગુણો અને તંતુઓથી યુક્ત કહેવામાં આવે છે, પણ એનો અર્થ એવો નથી થતો કે—'એ પટ કોઈક અંશોથી રૂપાદિરૂપ તથા કોઈક અંશોથી તંતુરૂપ થઈને તે મળીને રૂપાદિતંતુયુક્ત છે.' પરંતુ 'પટ પોતે જ સ્વયં રૂપાદિગુણમય અને તંતુમય જ છે' એવો અર્થ થાય છે, અર્થાત્ જેમ 'रुपादितन्तुमान पटः' એ શબ્દમાં અભેદતા સાધક 'મતુપ' પ્રત્યય છે, એ જ પ્રમાણે 'गुणपर्ययवद्द्रव्यं' એ દ્રવ્યના લક્ષણમાં પણ અભેદતાસાધક 'મતુપ' પ્રત્યય છે, તેથી અભિન્નપ્રદેશી હોવાથી દ્રવ્ય એક છે; પરંતુ આવી આશંકા પણ ન કરવી, કે—

**न पुनर्गोरसवदिदं नानासत्त्वैकसत्त्वसामान्यम्।**
**सम्मिलितावस्थायामपि घृतरुपं च जलमयं किंचित् ॥४४०॥**

**અન્વયાર્થ**—(पुनः) તથા (इदं) એ સત્ (सम्मिलितावस्थायामपि) સમ્મિલિત અવસ્થામાં પણ (किंचित) કાંઈક (घृतरुपं) ઘૃતરૂપ (च) તથા કાંઈક (जलमयं) જળમય (नानासत्त्वैकसत्वसामान्यं) જુદી જુદી સત્તાઓમાં એકસત્ત્વરૂપ સામાન્યસત્તાને ધારણ કરવાવાળા (गोरसवत् न) નૈયાયિકોના ગોરસના દૃષ્ટાંતની માફક નથી.

**ભાવાર્થ**—અહીં એવી પણ શંકા ન કરવી, કે—જેમ નૈયાયિકોના ત્યાં ગોરસમાં જળાંશ અને ઘૃતાંશની વ્યાપ્ય સત્તા ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ ગોરસત્વની વ્યાપક સત્તા સર્વ સમ્મિલિત અવસ્થાઓમાં સમાનરૂપથી રહે છે. એ જ પ્રમાણે ગુણ તથા પર્યાયની વ્યાપ્ય સત્તા ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ સમ્મિલિત અવસ્થાઓમાં અર્થાત્ દ્રવ્યને ગુણપર્યાયવાન કહેતી વેળા સામાન્યરૂપથી વ્યાપક દ્રવ્યત્વ રહે છે. ગુણપર્યાય અને દ્રવ્યમાં કનકોપલની માફક અશક્યવિવેચનત્વ પણ એકત્વનું નિયામક નથી—

**अपि यदशक्यविवेचनमिह न स्याद्वा प्रयोजकं यस्मात्।**
**क्वचिदश्मनि तद्भावान्माभूत्कनकोपलद्वयाद्वैतम्॥४४१॥**

**અન્વયાર્થ**—(अपि) તથા (इह) અહીં (यत् अशक्यविवेचनं) જે અશક્ય વિવેચન છે તે પણ (प्रयोजकं वा न स्यात्) પ્રયોજક નથી, (यस्मात्) જેથી (क्वचित् अश्मनि) કોઈ સુવર્ણ પથ્થરમાં (तद्भावात्) અશક્ય વિવેચનના સદ્ભાવથી (कनकोपल द्वयाद्वैतं) કનક અને ઉપલ એ બંનેની અદ્વૈતતા (माभूत्) ન માનવામાં આવે.

**ભાવાર્થ**—તથા એમ પણ આશંકા કરવી યોગ્ય નથી, કે—'જેમ કનકોપલમાં પૃથક્કરણ અશક્ય હોવાથી એકત્વ રહે છે, એ જ પ્રમાણે દ્રવ્યમાં પણ ગુણ અને પર્યાયોનું પૃથક્કરણ અશક્ય હોવાથી એકત્વ છે,' કારણ કે—કનકોપલ કોઈને કોઈ વખતે પૃથક્ થાય છે, પરંતુ દ્રવ્ય, ગુણાદિકથી કદી પણ ભિન્ન થતું નથી, તેથી કનકોપલના અશક્ય વિવેચનનું દૃષ્ટાંત ગુણ-પર્યાયના વિષયમાં બંધબેસતું કહી શકાતું નથી. પરંતુ અખંડવસ્તુત્વ એકત્વનું નિયામક છે.

**વિશેષાર્થ**—અથવા એમ પણ કહી શકાતું નથી કે જોકે સત્માં ભિન્ન-ભિન્ન સત્તાઓ છે પરંતુ તેમનું ભિન્ન-ભિન્ન વિવેચન કરી શકાતું નથી તેથી સત્ને એક અથવા એક સત્તાવાળું કહી દેવામાં આવે છે. જેમ કે સ્વર્ણ પાષાણમાં સ્વર્ણ અને પાષાણ બે પદાર્થ છે પરંતુ તેમનું ભિન્ન-ભિન્ન વિવેચન અશક્ય છે તેથી તેનું એક જ પથ્થરના નામે કથન થાય છે. આમ કહેવાથી જેમ કનકોપલ—સ્વર્ણપાષાણમાં દ્વૈતભાવ છે તેમ સત્તામાં પણ દ્વૈતભાવ સિદ્ધ થશે. પરંતુ સ્વર્ણપાષાણમાં જે ભિન્ન-ભિન્ન બે પદાર્થ છે તેમ સત્માં નથી. સત્ વાસ્તવમાં એક સત્તાવાળું એક જ છે.

યથા :—

**तस्मादेकत्वं प्रति प्रयोजकं स्यादखण्डवस्तुत्वं।**
**प्रकृतं यथा सदेकं द्रव्येणाखण्डितं मतं तावत्॥४४२॥**

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (एकत्वं प्रति प्रयोजकं) એકત્વનું પ્રયોજક અર્થાત્ એકત્વનું સાધક (अखण्ड वस्तुत्वं स्यात्) અખંડ વસ્તુત્વ છે. (यथा) જેમ કે (यावत्) જેટલું (प्रकृतं एकं सत्) પ્રકૃત એક સત્ છે, (तावत्) તેટલું જ તે સર્વ (द्रव्येण अखण्डितं मतं) દ્રવ્યથી અખંડિત માન્યું છે.

**ભાવાર્થ**—તેથી આમ સિદ્ધ થાય છે, કે—એકત્વપણાનું સાધક કેવળ અખંડ વસ્તુપણું છે, તથા એ સત્, દ્રવ્યપણાથી અખંડિત હોવાનાં કારણથી એક છે, તેથી જેટલું પણ સત્ છે તે આખુંય દ્રવ્યપણાથી અખંડિત છે. અહીં શંકા—

ननु यदि सदेव तत्त्वं स्वयं गुणः पर्ययः स्वयं सदिति।
शेषः स्यादन्यतरस्तदितरलोपस्य दुर्निवारत्वात्॥४४३॥

न च भवति तथावश्यम्भावात्तत्समुदयस्य निर्देशात्।
तस्मादनवद्यमिदं छायादर्शवदनेकहेतुः स्यात्॥४४४॥

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે–(यदि) જો (सदेवतत्त्वं) સત્ જ તત્ત્વ છે તથા (सदिति) સત્ એ જ (स्वयं गुणः) પોતે જ ગુણ તથા (स्वयंपर्यायः) પોતે જ પર્યાય છે, તો (तदितरलोपस्यदुर्निवारत्वात्) એ બંનેમાંથી કોઈ એકનો લોપ દુર્નિવાર હોવાથી (अन्यतरः शेषः स्यात्) બીજો કોઈ એક જ બાકી રહેશે.

(न च तथा भवति) પરંતુ એમ થતું નથી, કારણ કે–(समुदयस्य अवश्यंभावात्) ગુણપર્યાયોના સમુદાયનો અવશ્યંભાવ છે અર્થાત્ એ અવશ્યંભાવી છે, એવો (निर्देशात्) નિર્દેશ છે, (तस्मात्) તેથી (इदं अनवद्यं) આ નિર્દોષ છે, કે–(तत्) એ સત્ (छायादर्शवत्) છાયાદર્પણની માફક (अनेकहेतुः स्यात्) અનેકહેતુક છે.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—સત્રૂપ તત્ત્વ પોતે જ ગુણ અને પર્યાયરૂપ છે, તો એ બંનેમાંથી કોઈ એકને જ માનવું ઠીક છે, બીજાને નહિ. (પરંતુ ગુણપર્યાયાત્મક દ્રવ્યનું સ્વરૂપ હોવાથી એમ માની શકાતું નથી,) તેથી ઉપર કહેલા છાયા-દર્પણના દૃષ્ટાંતથી આમ કહેવું ઠીક થશે, કે—તત્ત્વને અનેકહેતુક માનવું યુક્તિસંગત છે.

અહીં ઉત્તર—

सत्यं सदनेकं स्यादपि तद्धेतुश्च यथा प्रतीतत्वात्।
न च भवति यथेच्छं तच्छायादर्शवदसिद्धदृष्टान्तात्॥४४५॥

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, કારણ કે–(सदनेकमपि स्यात्) સત્ અનેક પણ હોય છે

(च) तथा (यथा प्रतीतित्वात्) પ્રતીતિ અનુસાર तद्धेतुः(?) અનેકહેતુક પણ છે, પરંતુ (छायादर्शवत्) 'છાયાદર્શવત્' એ (असिद्ध दृष्टान्तात्) અસિદ્ધ દૃષ્ટાંતથી (तत्) એ સત્ (यथेच्छं) યથેચ્છરૂપે (न च भवति) અનેકહેતુક હોતું નથી.

**ભાવાર્થ**—ઠીક છે, સત્ અનેક તથા અનેકહેતુક છે, પરંતુ સત્‌માં અનેકતા સિદ્ધ કરવા માટે છાયા-દર્પણનું દૃષ્ટાંત ઉપર કહેલાં પ્રકારથી અસિદ્ધ છે, તેથી તે છાયા–દર્પણની માફક અનેકહેતુક નથી, પરંતુ સત્‌માં અનેકતાની પ્રતીતિ થાય છે, તેથી તે અનેક છે.

## છાયાદર્શ (છાયાદર્પણ) દૃષ્ટાંતના વિષયમાં વિચાર

प्रतिबिम्बः किल छाया वदनादर्शादिसन्निकर्षाद्वै।
आदर्शस्य सा स्यादिति पक्षे सदसदिव वाऽन्वयाभावः ॥४४६॥

यदि वा सा वदनस्य स्यादिति पक्षोऽसमीक्ष्यकारित्वात्।
व्यतिरेकाभावः किल भवति तदास्यस्य सतोप्यछायत्वात् ॥४४७॥

**અન્વયાર્થ**—(वै) નિશ્ચયથી (वदनादर्शादिसन्निकर्षात्) મુખ અને દર્પણની સન્નિકર્ષતાથી થવાવાળા (प्रतिबिम्बः किल) પ્રતિબિંબનું નામ જ (छाया) છાયા છે તથા (सा) તે છાયા (आदर्शस्य) દર્પણની (स्यात्) થાય છે. (इति पक्षे) એવો પક્ષ માનવાથી (सदसदिव) સત્, અસત્‌ની માફક થઈ જશે (वा) અથવા (अन्वयाभावः) અન્વયનો અભાવ થઈ જશે.

(यदि वा) અથવા જો (असमीक्ष्यकारित्वात्) અસમીક્ષ્યકારીપણાથી અર્થાત્ વગર વિચારે (सा) તે છાયા (वदनस्यस्यात्) મુખની થાય છે. (इति पक्षः) એ પક્ષ માનવામાં આવે તો (तदा) તે સમયે (किल) નિશ્ચયથી (व्यतिरेकाभावः) વ્યતિરેકનો અભાવ (?) (भवति) થઈ જશે, કારણ કે–(आस्यस्य सतोऽपि) મુખ રહેવા છતાં પણ (अच्छायत्वात्) છાયા હોતી નથી અથવા હોય છે.

**વિશેષાર્થ**—નિયમથી પ્રતિબિંબનું નામ જ છાયા છે. તે મુખ અને દર્પણના સંબંધથી થાય છે. જો તે છાયાને કેવળ દર્પણની જ કહેવામાં આવે તો એવો પક્ષ માનવાથી સત્ અસત્ ઠરશે. અથવા અન્વય નહિ બને. અર્થાત્ જો છાયાને દર્પણની જ કહેવામાં આવે તો જ્યાં જ્યાં દર્પણ હોય ત્યાં ત્યાં છાયા હોવી જોઈએ પરંતુ એમ જોવામાં આવતું નથી, છાયા વિના પણ દર્પણ જોવામાં આવે છે. પરંતુ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તેવો અન્વયભાવ નથી. કથંચિત્ ત્રણે સહભાવી છે અને કથંચિત્ એક છે. જો તે છાયા મુખની કહેવામાં આવે તો એ પક્ષ પણ વગર વિચાર્યે કહેલો જ જણાય છે, કેમ કે મુખની છાયા માનવાથી વ્યતિરેક બનતો નથી. જો મુખની જ છાયા માનવામાં આવે છે તો જ્યાં જ્યાં છાયા નથી ત્યાં ત્યાં મુખ પણ ન હોવું જોઈએ, પરંતુ આ વાત અસિદ્ધ છે, જ્યાં મુખ દેખવામાં આવે છે ત્યાં છાયા દેખવામાં નથી પણ આવતી. પરંતુ દ્રવ્ય-ગુણ-

પર્યાયમાં એવો વ્યતિરેકનો દોષ નથી. જ્યાં દ્રવ્ય નથી ત્યાં ગુણ-પર્યાય પણ નથી અને જ્યાં ગુણ-પર્યાય નથી ત્યાં દ્રવ્ય પણ નથી. ત્રણેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શની જેમ અભિન્નતા છે. તેથી સત્‌ના વિષયમાં છાયા અને દર્પણનું દૃષ્ટાંત બરાબર નથી.

**સારાંશ—**

**एतेन निरस्तोभून्नानासत्वैकसत्ववादीति।**
**प्रत्येकमनेकम्प्रति सद्द्रव्यं सन्गुणो यथेत्यादि॥૪૪૮॥**

**અન્વયાર્થ**—(एतेन) એ ઉપર્યુક્ત કથનથી (यथा) જેમ કે–(सत् द्रव्यं) સત્‌ દ્રવ્ય છે તથા (सन्गुणः) સત્‌ ગુણ છે. (इत्यादि) ઇત્યાદિ (प्रत्येकं अनेकंप्रति) એક એક કરીને (नानासत्वैकसत्ववादी इति) જુદા જુદા સત્વોમાં વ્યાપકરૂપથી એક સત્વને કહેવાવાળો વાદી (निरस्तः अभूत्) ખંડિત થઈ ચુક્યો. અર્થાત્‌ દ્રવ્યથી તેના ગુણાદિકની ભિન્ન સત્તા માનવાવાળાનું (નૈયાયિકાદિનું) ખંડન કર્યું.

**ભાવાર્થ**—એ પ્રમાણે ગુણ-પર્યાયની ભિન્ન-ભિન્ન વ્યાપ્યસત્તા માનીને વ્યાપકરૂપથી દ્રવ્યની સત્તા છે, એમ કહેવાવાળાનું ખંડન કરતાં દ્રવ્યની અપેક્ષાએ એકત્વને યુક્તિપૂર્વક સિદ્ધ કરીને હવે આગળ ગ્રંથકાર ક્ષેત્રની અપેક્ષાએ એકત્વનો વિચાર કરે છે—

**વિશેષાર્થ**—નૈયાયિક ૧૬ પદાર્થ માને છે. વૈશેષિક, સાત પદાર્થ માને છે. તે સાત પદાર્થ આ પ્રમાણે છે. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય, અભાવ. ઉપર કહેલા બન્નેય મત આ સાત પદાર્થોને ભિન્ન-ભિન્ન માને છે. પરંતુ વાસ્તવમાં આ સાતેય જુદા જુદા નથી પરંતુ સાતેય મળીને એક જ પદાર્થ છે. કેમ કે ગુણોનો સમૂહ જ દ્રવ્ય છે. ગુણ દ્રવ્યથી જુદો પદાર્થ નથી. ગુણોમાં બે પ્રકારના ગુણ છે (૧) ભાવાત્મક (૨) ક્રિયાત્મક. ક્રિયાત્મક ગુણનું નામ જ કર્મ છે. તે જ ગુણોમાં દ્રવ્યની સત્તા ટકાવનાર અસ્તિત્વ નામનો ગુણ છે, તેને જ સામાન્ય નામથી કહેવાય છે. વિશેષ ગુણોને જ વિશેષ નામથી કહેવામાં આવે છે. વિવક્ષાવશ દ્રવ્ય ગુણોમાં કથંચિત્‌ ભિન્નતા પણ લાવવામાં આવે છે. તે વખતે તેમાં જે તાદાત્મ્ય સંબંધ માનવામાં આવે છે તેનું જ નામ નૈયાયિકોએ સમવાય રાખ્યું છે. વિવક્ષાવશ જે એક પદાર્થમાં બીજા પદાર્થોના અભાવરૂપ નાસ્તિત્વ ધર્મ રહે છે, તેને જ તેમણે સ્વતંત્ર અભાવ પદાર્થ માની લીધો છે. આ રીતે એક પદાર્થની અનેક અવસ્થાઓને જ ઉક્ત દર્શનકારોએ ભિન્ન-ભિન્ન પદાર્થ માન્યા છે. પરંતુ એમનું એ પ્રમાણે માનવું ઉપર્યુક્ત રીતે સર્વથા બાધિત છે.

## ક્ષેત્રની વ્યાખ્યા

**क्षेत्रं प्रदेश इति वा सदधिष्ठानं च भूर्निवासश्च।**
**तदपि स्वयं सदेव स्यादपि यावन्न सत्प्रदेशस्थम्॥૪૪૯॥**

**અન્વયાર્થ**—(प्रदेश) પ્રદેશ (वा) અથવા (सदधिष्ठानं) સત્‌નો આધાર (च) તથા (भूः) સત્‌ની ભૂમિ (च) તથા (निवासः) સત્‌નો નિવાસ (क्षेत्र इति) તે ક્ષેત્ર છે, તથા (तदपि) તે ક્ષેત્ર પણ (स्वयं) સ્વયં (सदेव स्यात्) સત્‌રૂપ જ છે, (अपि) પરંતુ (प्रदेशस्थं यावत् सत् तावत् न) આકાશના પ્રદેશોમાં રહેવાવાળું જેટલું સત્ છે, તેટલું એ ક્ષેત્ર નથી.

**ભાવાર્થ**—સત્‌નું અધિષ્ઠાન, સત્‌ની ભૂમિ તથા સત્‌ના નિવાસને ક્ષેત્ર કહે છે, અર્થાત્ જે દ્રવ્યના જેટલા પ્રદેશ છે તે દ્રવ્યનું ક્ષેત્ર પણ સ્વયં સત્‌રૂપ જ પડે છે પણ 'જેટલા આકાશમાં જે દ્રવ્ય રહે છે તેટલું આકાશ તે દ્રવ્યનું ક્ષેત્ર છે', એમ માનવામાં આવતું નથી.

## દ્રવ્યના પ્રદેશ ત્રણ પ્રકારના છે

**अथ ते त्रिधा प्रदेशाः क्वचिन्निरंशैकदेशमात्रं सत्।**
**क्वचिदपि च पुनरसंख्यदेशमयं पुनरनन्तदेशवपुः ॥४५०॥**

**અન્વયાર્થ**—(अथ) હવે (ते प्रदेशाः) એ પ્રદેશ (त्रिधा) ત્રણ પ્રકારના છે, તેમાંથી (क्वचित्) કોઈ દ્રવ્ય (सत्) સત્ (निरंशैक–देशमात्रं) નિરંશ એક પ્રદેશવાળું છે (अपि च) તથા (क्वचित्पुनः) કોઈ દ્રવ્ય (असंख्यदेशमयं) અસંખ્યાત પ્રદેશવાળું છે (पुनः) તથા કોઈ દ્રવ્ય (अनन्तदेशवपुः) અનંતપ્રદેશવાળું છે.

**ભાવાર્થ**—દ્રવ્યના પ્રદેશ ત્રણ પ્રકારના છે, એક, અસંખ્યાત અને અનંત. એમાંથી પુદ્‌ગલનો શુદ્ધ પરમાણુ તથા કાલાણુ એક પ્રદેશી છે. ધર્મ, અધર્મ તથા જીવ એ ત્રણ લોકના બરાબર અસંખ્યાતપ્રદેશી છે તથા આકાશ અનંતપ્રદેશી છે અને પુદ્‌ગલ, ઉપચારથી સંખ્યાત, અસંખ્યાત તથા અનંતપ્રદેશી પણ છે. અહીં શંકા અને તેનું સમાધાન—

**ननु च द्वयणुकादि यथा स्यादपि संख्यातदेशि सत्विति चेत्।**
**न यतः शुद्धादेशैरुपचारस्याविवक्षितत्वाद्वा ॥४५१॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે–(यथा) જેમ (द्वणुकादि) દ્વયણુકાદિક (संख्यात्‌देशि स्यात्) સંખ્યાતપ્રદેશવાળા છે (તથા) તેમ (सत् अपि तु) સત્ પણ સંખ્યાતપ્રદેશવાળું હોવું જોઈએ. (इति चेत्) જો એમ કહો તો? (न) એમ કહેવું એ ઠીક નથી, (यतः) કારણ કે (शुद्धादेशैः) શુદ્ધનયની અપેક્ષા દ્વારા (उपचारस्य अविवक्षितत्वाद्वा) ઉપચારની વિવક્ષા જ થતી નથી.

**ભાવાર્થ**—જો કદાચિત્ એમ કહો, કે—'જેવી રીતે પુદ્‌ગલસ્કંધ, સંખ્યાતપ્રદેશી છે તેવી રીતે સત્‌ને પણ સંખ્યાતપ્રદેશી કહેવું જોઈએ' એમ કહેવું પણ ઠીક નથી, કારણ કે—અહીં શુદ્ધદ્રવ્યના પ્રદેશોની અપેક્ષાએ કથન છે અને દ્વયણુકાદિસ્કંધ તો પુદ્‌ગલની પર્યાયો છે, તેથી અહીં તેની વિવક્ષા કરી નથી. એટલા માટે સંખ્યાતપ્રદેશી કોઈ દ્રવ્ય કહ્યું નથી.

## ક્ષેત્રમાં એકત્વ-અનેકત્વની કલ્પનાની ઉપપત્તિ

**अयमर्थः सद्द्वेधा यथैकदेशीत्यनेकदेशीति।**
**एकमनेकं च स्यात्प्रत्येकं तन्नयद्वयान्न्यायात् ।।४५२।।**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે-(यथा) જેમ (एकदेशी इति) એકદેશી તથા (अनेकदेशी इति) અનેકદેશી એ પ્રકારથી (सद्द्वेधा) સત્, બે પ્રકારનું છે, એ જ પ્રમાણે (तत् प्रत्येकं) તે પ્રત્યેક (नयद्वयात् न्यायात्) બંને નયના ન્યાયથી (एकं च अनेकं स्यात्) એક તથા અનેક પણ છે.

**ભાવાર્થ**—સારાંશ એ છે કે સત્ બે પ્રકારનું છે, એકપ્રદેશી તથા અનેકપ્રદેશી. તથા એ સત્ દ્રવ્યાર્થિકનયથી એક અને પર્યાયાર્થિકનયથી અનેક પણ છે. અર્થાત્ એકપ્રદેશી તથા અનેકપ્રદેશી દ્રવ્યોમાં વ્યવહારની અપેક્ષાએ અનેકત્વની વિવક્ષા કરી શકાય છે, તથા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ એ બધાય પ્રદેશોમાં એકત્વ રહે છે, તેથી એકત્વની પણ વિવક્ષા કરી શકાય છે. અહીં એકત્વનું પ્રકરણ ચાલે છે, તેથી આગળનાં પદ્યોથી એકત્વની વિવક્ષાનું નિરૂપણ કરવામાં આવે છે.

## ક્ષેત્રની અપેક્ષાએ એકત્વમાં યુક્તિ

**अथ यस्य यदा यावद्यदेकदेशे यथा स्थितं सदिति।**
**तत्तावत्तस्य तदा तथा समुदितं च सर्वदेशेषु ।।४५३।।**

**અન્વયાર્થ**—(अथ) હવે સત્, એક કેવી રીતે છે તે અહીં બતાવે છે, કે-(यदा) જે સમયે (यस्य) જેના (एकदेशे) એકદેશમાં (यावत्) જેટલું, (यत्) જે અને (यथा) જેમ (सदिति स्थितं) એ સત્ સ્થિત છે (तदा) તે સમયે (तस्य) તેના (सर्वदेशेषु च) સર્વ દેશોમાં પણ (तत्) તે જ સત્ (तावत्) તેટલું અને (तथा) તેમ જ (समुदितं) સમુદિત છે-એકત્રિત છે.

**इत्यनवद्यमिदं स्याल्लक्षणमुद्देशि तस्य तत्र यथा।**
**क्षेत्रेणाखण्डितत्वात् सदेकमित्यत्र नयविभागोऽयम् ।।४५४।।**

**અન્વયાર્થ**—(इति) એવી રીતે (तस्य) એ સત્‌ના (तत्र) ક્ષેત્રના વિષયમાં (यथा) જેમ (लक्षणं उद्देशि) લક્ષણ કહ્યું હતું, તેમ જ (इदं अनवद्यं स्यात्) એ લક્ષણ નિર્દોષ છે; કારણ કે-(क्षेत्रेणाखण्डितत्वात्) ક્ષેત્ર દ્વારા અખંડિત હોવાના કારણથી (सदेकं) સત્ એક છે. (इति) એ પ્રમાણે (अत्र) ક્ષેત્રની અપેક્ષાએ સત્‌ને એક કહેવામાં (अयं नयविभागः) આ જ નયવિભાગ છે.

**ભાવાર્થ**—અનેકપ્રદેશી દ્રવ્યોમાં જે સમયે તેના કોઈ એક પ્રદેશમાં જેટલું અને જેવું જે સત્ છે, તે સમયે તેના સંપૂર્ણ પ્રદેશોમાં પણ તેટલું અને તેવું જ તે સત્ છે, તેથી ક્ષેત્રના વિષયમાં અમે જે લક્ષણ નિર્દેશ કર્યું હતું, કે–'ક્ષેત્રની અપેક્ષાએ અખંડિત હોવાથી સત્ એક છે.' એ અમારું કથન ઉપર્યુક્ત યુક્તિપૂર્વક પ્રતિપાદિત હોવાથી નિર્દોષ છે; અર્થાત્ ક્ષેત્રની અપેક્ષા હોવા છતાં પણ દ્રવ્યપણાથી દ્રવ્યના એ પ્રદેશો ખંડિત કરી શકાતા નથી તેથી ક્ષેત્રની અપેક્ષાએ અખંડિત હોવાથી પણ દ્રવ્ય એક છે. પરંતુ એમ નથી કે—

**न पुनश्चैकापवरकसंचरितानेकदीपवत्सदिति।**
**हि यथा दीपसमृद्धौ प्रकाशवृद्धिस्तथा न सद्वृद्धिः॥४५५॥**

**अपि तत्र दीपशमने कस्मिंश्चित्तत्प्रकाशहानिः स्यात्।**
**न तथा स्यादविवक्षितदेशे तद्धानिरेकरूपत्वात्॥४५६॥**

**અન્વયાર્થ**—(पुनः) તથા (सदिति) એ સત્ (एकापवरकसंचरितानेकदीपवत् न च) એક કોઠામાં રાખેલા અનેક દીપકોની માફક પણ નથી, (हि) કારણ કે–(यथा) જેમ (दीपसमृद्धौ) દીપકોની સમૃદ્ધિ વધતાં (प्रकाशवृद्धिः) પ્રકાશની વૃદ્ધિ થાય છે, (तथा) તેવી રીતે (सद्वृद्धिः न) સત્‌ની વૃદ્ધિ થતી નથી.

(अपि) તથા (तत्र) એ દીપકોમાંથી (कस्मिंश्चित्) કોઈ એક (दीपशमने) દીપકના બૂઝાઈ જવાથી જેમ (तत् प्रकाशहानिः स्यात्) તેના પ્રકાશની હાનિ થાય છે, (तथा) તેવી રીતે (अविवक्षितदेशे) સત્‌ના કોઈ એક દેશની વિવક્ષા ન કરતાં (एकरूपत्वात्) સત્‌ના એકરૂપ હોવાથી (तद्धानिः) તેની હાનિ (न स्यात्) થતી નથી.

**ભાવાર્થ**—તથા સત્‌ને એક કોઠામાં રાખેલા અનેક દીપકોની માફક માનવું પણ ઠીક નથી, કારણ કે–દીપકોની સંખ્યાની ન્યૂનાધિકતાથી જેમ પ્રકાશમાં ન્યૂનાધિકતા માનવામાં આવે છે, તેમ સત્‌ની ક્ષેત્રકૃત મુખ્ય અને ગૌણરૂપથી વિવક્ષા તથા અવિવક્ષા થતાં તેમાં વૃદ્ધિ વા હાનિ માનવામાં આવતી નથી.

## નિયતનિજાભોગદેશમાત્રત્વ, એકત્વનું નિયામક નથી.

**नात्र प्रयोजकं स्यान्नियतनिजाभोगदेशमात्रत्वम्।**
**तदनन्यथात्वसिद्धौ सदनेकं क्षेत्रतः कथं स्याद्वा॥४५७॥**

**અન્વયાર્થ**—(अत्र) અહીં ક્ષેત્રની અપેક્ષાએ સત્‌ને એક સિદ્ધ કરવામાં

(नियतनिजाभोगदेशमात्रत्वं) કેવળ પોતપોતાના વિસ્તારરૂપ દેશપણું (प्रयोजकं न स्यात्) પ્રયોજક નથી. અર્થાત્ 'જે દ્રવ્યનો જેટલો આભોગ–વિસ્તાર છે તેટલો જ રહે છે' એ ક્ષેત્રની અપેક્ષાએ એક કહેવાનું પ્રયોજન નથી, પરંતુ પૂર્વોક્ત કથનથી અખંડિત હોવાનું કારણ જ 'સત્ એક છે' એ પ્રયોજન છે, કારણ કે–(तदनन्यथात्वसिद्धौ) તેના અનન્યથાપણાની સિદ્ધિ થતાં અર્થાત્ 'ક્ષેત્રની અપેક્ષાએ જો દ્રવ્ય, નિરંતર આભોગમાત્ર જ રહે છે', તો એવું માનતાં (क्षेत्रतः) ક્ષેત્રની અપેક્ષાએ (सत्) સત્ (अनेकं) અનેક (कथं वा स्यात्) કેવી રીતે થશે?

**ભાવાર્થ**—'પ્રત્યેક દ્રવ્ય, પોતાના નિયત આભોગદેશમાત્ર છે, અર્થાત્ જે દ્રવ્યના જેટલા પ્રદેશ છે તેટલા પ્રદેશમાં જ તે દ્રવ્ય રહે છે' એ પણ ક્ષેત્રની અપેક્ષાએ એકત્વનું પ્રયોજક નથી, કારણ કે—એમ માનતાં કોઈ પ્રકારથી તેમાં અન્યથાપણાની સંભાવના જ થતી નથી, તો પછી 'ક્ષેત્રની અપેક્ષાએ સત્ અનેક છે,' એમ કેવી રીતે કહી શકાશે? પ્રદેશોના ઉપસંહાર –પ્રસર્પણથી પણ અનેકતા માની શકાતી નથી, એમ હવે કહે છે—

**सदनेकं देशानामुपसंहारात्प्रसर्पणादिति चेत्।**
**न यतो नित्यविभूनां व्योमादीनां न तद्धि तदयोगात्॥४५८॥**

**अपि परमाणोरिह वा कालाणोरेकदेशमात्रत्वात्।**
**कथमिव सदनेकं स्यादुपसंहारप्रसर्पणाभावात्॥४५९॥**

**અન્વયાર્થ**—(देशानां उपसंहारात्प्रसर्पणात्) 'પ્રદેશોના ઉપસંહાર–પ્રસર્પણ એટલે સંકોચ -વિસ્તારથી (सत् अनेकं) સત્ અનેક છે'. (इति चेत्) જો એમ કહો તો એ કહેવું પણ (न) ઠીક નથી (यतः) કારણ કે–(हि) નિશ્ચયથી (नित्यविभूनां) નિત્ય તથા વ્યાપક (व्योमादीनां) આકાશાદિકના (तदयोगात्) સંકોચ વિસ્તારનો અભાવ હોવાથી તેમાં (तत् न) અનેકત્વ બની શકતું નથી.

(अपि) તથા (इह) અહીં (परमाणोः) પરમાણુને (वा) અથવા (कालाणोः) કાલાણુને (एकदेशमात्रत्वात्) કેવળ એકપ્રદેશપણું હોવાથી (उपसंहार प्रसर्पणाभावात्) સંકોચ–વિસ્તારનો અભાવ હોવાથી એ (सत्) સત્ (कथमिव) કેવી રીતે (अनेकं स्यात्) અનેક થશે?

**ભાવાર્થ**—જો કદાચિત્ એમ કહેવામાં આવે, કે–'પ્રદેશોના સંકોચ-વિસ્તારથી ક્ષેત્રની અપેક્ષાએ અનેકત્વ માની શકાશે' તો એમ કહેવું પણ ઠીક નથી, કારણ કે—નિત્ય અને વ્યાપક માનેલાં ધર્મ, અધર્મ અને આકાશદ્રવ્યમાં કદી પણ સંકોચ-વિસ્તાર થવાની સંભાવના ન હોવાથી તેમાં ક્ષેત્રની અપેક્ષાએ અનેકત્વ સિદ્ધ થઈ શકશે નહિ. તથા—

શુદ્ધ પરમાણુ અને કાલાણુ એક પ્રદેશી હોવાથી તેમાં પણ સંકોચ વા વિસ્તાર થવો સંભવિત નથી. ધર્મ, અધર્મ, આકાશ, શુદ્ધપરમાણુ અને કાલાણુમાં સંકોચ વા વિસ્તારનો અભાવ હોવાથી ક્ષેત્રની અપેક્ષાએ અનેકત્વ કોઈ પણ પ્રકારથી સિદ્ધ થશે નહિ, માટે 'નિયતનિજાભોગમાત્રપણું' ક્ષેત્રની અપેક્ષાએ એકત્વમાં પ્રયોજક નથી.

## અશક્ય વિવેચનપણાથી એકત્વ તથા સંખ્યાની અનેકતાથી અનેકત્વના વિષયમાં શંકા—

**ननु च सदेकं देशैरिव संख्यां खण्डयितुमशक्यत्वात्।**
**अपि सदनेकं देशैरिव संख्यानेकतो नयादिति चेत्॥४६०॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે–(देशैरिव) દેશોની માફક (संख्यां खंडयितुं) સંખ્યાને ખંડિત કરવામાં (अशक्यत्वात्) અસમર્થતા હોવાથી (सदेकं) સત્ એક છે (अपि) તથા (देशैरिव) દેશોની માફક (संख्यानेकतः नयात्) સંખ્યા અનેક છે, એ નયથી (सदनेकं) ક્ષેત્રની અપેક્ષાએ સત્ અનેક છે. (इति चेत) જો એમ કહો તો–

**ભાવાર્થ**—દ્રવ્યદૃષ્ટિથી દેશોની માફક પ્રદેશસંખ્યા ખંડિત ન થઈ શકવાથી 'સત્ એક છે' તથા પર્યાયદૃષ્ટિથી દ્રવ્યોની સંખ્યા માફક પ્રદેશોની સંખ્યા પણ ભિન્ન થઈ શકવાથી 'સત્ અનેક છે' એમ માનવું જોઈએ? અર્થાત્ અશક્ય વિવેચનપણું એકત્વનું તથા પ્રદેશસંખ્યાની અનેકતા અનેકત્વનું કારણ માનવું જોઈએ? ઉક્ત શંકાનો ઉત્તર–

**न यतोऽशक्यविवेचनमेकक्षेत्रावगाहिनां चास्ति।**
**एकत्वमनेकत्वं न हि तेषां तथापि तदयोगात्॥४६१॥**

**અન્વયાર્થ**—(न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે–(अशक्यविवेचनं) અશક્યવિવેચન (एकक्षेत्रावगाहिनां च) એકક્ષેત્રાવગાહી દ્રવ્યોને પણ (अस्ति) છે, (तथापि) તોપણ (तेषां) એ એકક્ષેત્રાવગાહી દ્રવ્યોમાં (तदयोगात्) એકત્વ નથી, તેથી (एकत्वं अनेकत्वं न हि) શંકાકારના ઉક્ત કથનાનુસાર ક્ષેત્રકૃત એકત્વ તથા અનેકત્વ નથી.

**ભાવાર્થ**—અશક્યવિવેચન અર્થાત્ પૃથક્કરણ ન કરી શકાવું તો એકક્ષેત્રાવગાહી ધર્માદિદ્રવ્યોમાં પણ સંભવિત છે, એટલે જો અશક્યવિવેચન જ એકત્વનું કારણ સમજવામાં આવે તો એકક્ષેત્રાવગાહી જુદાં જુદાં દ્રવ્યોને પણ એક માનવાં પડશે, તેથી કેવળ અશક્યવિવેચનપણાથી એકત્વ સિદ્ધ થઈ શકતું નથી. અહીં શંકા—

**ननु ते यथा प्रदेशाः सन्ति मिथो गुम्फितैकसूत्रत्वात्।**
**न तथा सदनेकत्वादेकक्षेत्रावगाहिनः [1]सन्ति ॥४६२॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે—(यथा) જેમ (मिथः) પરસ્પર (गुम्फितैकसूत्रत्वात्) એક સૂત્રમાં ગૂંથેલા હોવાથી (ते प्रदेशाः) એક દ્રવ્યના સ્વક્ષેત્રરૂપ એ પ્રદેશ (सन्ति) હોય છે, (तथा) એ પ્રમાણે (सदनेकत्वात्) સત્ અનેક હોવાથી (एक क्षेत्रावगाहिनः) એકક્ષેત્રાવગાહી એ આકાશાદિક ભિન્ન દ્રવ્યોના પ્રદેશ (न सन्ति) હોતાં નથી.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—એક દ્રવ્યના પ્રદેશ જેવી રીતે પરસ્પર એકદ્રવ્યત્વના સૂત્રમાં ગૂંથેલા રહે છે તેવી રીતે એકક્ષેત્રાવગાહી ભિન્ન-ભિન્ન દ્રવ્યોના પ્રદેશ પરસ્પરમાં એકદ્રવ્યત્વના સૂત્રમાં ગૂંથેલા રહેતા નથી, તેથી એકક્ષેત્રાવગાહી ભિન્ન-ભિન્ન દ્રવ્યોમાં એકત્વ ક્યાંથી હોય? તેનો ઉત્તર—

**सत्यं तत्र निदानं किमिति तदन्वेषणीयमेव स्यात्।**
**येनाखंडितमिव सत् स्यादेकमनेकदेशवत्त्वेपि ॥४६३॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, પરંતુ (तत्र निदानं किं इति) એમાં નિદાન (કારણ) શું છે? (तद् एव अन्वेषणीयं स्यात्) એ જ પહેલાં ખોળવું જોઈએ, કે—(येन) જેના વડે (अनेकदेशत्त्वेऽपि) અનેકપ્રદેશી હોવા છતાં પણ (सत् एकं) સત્ એક અને (अखण्डितं इव) અખંડિત જેવું પ્રતીત (स्यात्) થાય છે?

**ભાવાર્થ**—ઠીક છે, પરંતુ એ એકત્વમાં મૂળકારણ શું છે? તે પ્રથમ ખોળવું જોઈએ કે જેના વડે દ્રવ્યમાં અનેકપ્રદેશીપણું રહેવા છતાં પણ સત્ અખંડિત એકરૂપ પ્રતીત થાય છે? અહીં શંકા—

**ननु तत्र निदानमिदं परिणममाने यदेकदेशेऽस्य।**
**वेणोरिव पर्वसु किल परिणमनं सर्वदेशेषु ॥४६४॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે—(तत्र) એ વિષયમાં (इदं निदानं) આ નિદાન (કારણ) છે, કે—(यत्) જે (अस्य) એ સત્‌ના (एकदेशे परिणममाने) એક દેશમાં પરિણમન થતાં, (वेणोः पर्वसु इव परिणमन) જેમ વાંસના એક દેશમાં પરિણમન થતાં સંપૂર્ણ પર્વોમાં પરિણમન થઈ જાય છે, તે જ પ્રમાણે (किल) નિશ્ચયથી (सर्व देशेषु) સત્‌ના સર્વદેશોમાં પરિણમન થઈ જાય છે.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—જેવી રીતે વાંસની એક પોર (ગાંઠ)ના

---

૧. મૂળ પુસ્તકમાં 'सदेकत्वात्' એવો પાઠ છે.

હલવાથી બધી ગાંઠો હલી જાય છે, તેથી જેમ વાંસની બધી ગાંઠોમાં એકવાંસપણું છે, તેવી રીતે દ્રવ્યના કોઈ એક દેશમાં પરિણમન થતાં દ્રવ્યના સર્વ પ્રદેશોમાં પરિણમન થઈ જાય છે, અને એ જ દ્રવ્યના એકત્વનું મૂળકારણ છે. ઉક્ત શંકાનો ઉત્તર—

**तन्न यतस्तद्ग्राहकमिव प्रमाणं च नास्त्यदृष्टान्तात्।**
**केवलमन्वयमात्रादपि वा व्यतिरेकिणश्च तदसिद्धेः ।।४६५।।**

**અન્વયાર્થ**—(तन्न) એ ઠીક નથી, (यतः) કારણ કે—(अदृष्टांतात्) એ દ્રષ્ટાંત મળતું નહિ આવવાથી (तद्ग्राहकं) એ એકત્વનું ગ્રાહક (प्रमाणं च इव नास्ति) પ્રમાણ જ મળી શકતું નથી તથા એ દ્રષ્ટાંતાભાસ એટલા માટે છે, કે—(केवलं अन्वयमात्रात्) કેવળ અન્વયમાત્રરૂપ દ્રષ્ટાંતથી (अपि वा) અથવા (व्यतिरेकिणः) કેવળ વ્યતિરેકી દ્રષ્ટાંતથી પણ (तदसिद्धेः) તેની સિદ્ધિ થઈ શકતી નથી.

**ભાવાર્થ**—વાંસની પર્વનું (ગાંઠનું) દ્રષ્ટાંત, એક પ્રદેશના પરિણમનથી સર્વ પ્રદેશોના પરિણમનવિષયમાં ઉપયુક્ત નથી, કારણ કે—એક દેશના પરિણમનથી સર્વ પ્રદેશોમાં પરિણમનનું સાધક કોઈ પ્રમાણ જ પ્રતીત થતું નથી તથા કોઈ એવું દ્રષ્ટાંત જ મળતું નથી, કે જે અન્વય તથા વ્યતિરેક બંનેનું સાધક હોય. માત્ર કેવળ અન્વય તથા કેવળ વ્યતિરેકનું સાધક દ્રષ્ટાંત સાચું દ્રષ્ટાંત જ કહી શકાતું નથી.

## અન્વયપોષક કથનની શંકા તથા સમાધાન

**ननु चैकस्मिन् देशे कस्मिंश्चित्त्वन्यतरेपि हेतुवशात्।**
**परिणमति परिणमंति हि देशाः सर्वे सदेकतस्त्वितिचेत्।।४६६।।**

**न यतः सव्यभिचारः पक्षोनैकान्तिकत्वदोषत्वात्।**
**परिणमति समयदेशे तद्देशाः परिणमन्ति चेति यथा।।४६७।।**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકારનું કહેવું એમ છે, કે—(हेतुवशात्) કારણવશ (कस्मिंश्चित् अन्यतरेऽपि तु एकस्मिन् देशे परिणमति) દ્રવ્યના ઘણા પ્રદેશોમાંથી કોઈ એક પ્રદેશ પરિણમન કરતાં પણ (हि) નિશ્ચયથી (सदेकतः) સત્‌ના એક હોવાથી (सर्वे देशाः) બધોય દેશ (परिणमन्ति) પરિણમન કરે છે? (इति चेत् तु) જો એમ કહો તો—

(न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(अनैकान्तिकत्वदोषत्वात्) અનૈકાંતિક દોષપણાથી એ (पक्षः) પક્ષ (सव्यभिचारः) વ્યભિચારસહિત છે (यथा) જેમ કે—(समयदेशे परिणमति) આત્માના કોઈ એક દેશમાં પરિણમન થતાં (तद्देशाः च परिणमन्ति इति) તેના સર્વ દેશોમાં પરિણમન થાય છે.

**ભાવાર્થ**—જો કદાચિત્ આમ કહેવામાં આવે, કે–'કોઈ કારણથી દ્રવ્યના કોઈ એક પ્રદેશમાં પરિણમન થવાથી દ્રવ્ય એક હોવાના કારણથી તેના સર્વ પ્રદેશોમાં પણ પરિણમન થઈ જાય છે' તો એમ કહેવું પણ ઠીક નથી, કારણ કે–સંસારી આત્માના બાકીના પ્રદેશોમાં પરિણમન (કંપન) થવા છતાં પણ આત્માના અચલિત આઠ મધ્યપ્રદેશોમાં હલન-ચલન થતું નથી, તેથી ઉક્તકથન અનૈકાંતિક દોષયુક્ત હોવાથી વ્યભિચરિત છે.

એ પ્રમાણે શંકાકારના અન્વયકથનમાં વ્યભિચાર દર્શાવી હવે આગળ વ્યતિરેક કથનમાં દોષ દર્શાવે છે—

## વ્યતિરેક પોષક કથનની શંકા

**व्यतिरेके वाक्यमिदं यदपरिणमति सदेकदेशे हि।**
**क्वचिदपि न परिणमंति हि तद्देशाः सर्वतः सदेकत्वात्॥४६८॥**

**અન્વયાર્થ**—(व्यतिरेके इदं वाक्यं) શંકાકારનું કહેવું એમ છે, કે–વ્યતિરેકના વિષયમાં આ વાક્ય છે, કે–(यत्) જે (हि) નિશ્ચયથી (सदेकदेशे अपरिणमति) સત્‌ના એક દેશમાં પરિણમન નહિ થવાથી (सर्वतः सदेकत्वात्) સર્વ પ્રકારથી સત્ એક હોવાના કારણથી (क्वचिदपि) કોઈ ઠેકાણે પણ (तद्देशाः) સત્‌ના બાકીના દેશોમાં પણ (नहि परिणमंति) પરિણમન થતું નથી.

**ભાવાર્થ**—શંકાકારનું કથન એવું છે, કે–સત્ સર્વથા એક હોવાથી સત્‌ના કોઈ એક દેશમાં પરિણમન ન થવાના કારણથી સત્‌ના સર્વ પ્રદેશોમાં પણ પરિણમન થતું નથી, તેથી એ વ્યતિરેકવ્યાપ્તિ જ ક્ષેત્રની અપેક્ષાએ સત્‌ના એકપણામાં કારણ છે. તેનું સમાધાન—

**तन्न यतः सति सति वै व्यतिरेकाभाव एव भवति यथा।**
**तद्देशसमयभावैरखण्डितत्त्वात्सतः स्वतः सिद्धात्॥४६९॥**

**અન્વયાર્થ**—(तन्न) શંકાકારનું ઉપર પ્રમાણે કહેવું પણ ઠીક નથી, (यतः) કારણ કે–(यथा) જેમ (सति सति) સત્‌ના સદાય રહેવાથી (वै) નિશ્ચયથી (व्यतिरेकाभाव एव भवति) વ્યતિરેકનો અભાવ જ છે (तथा) એ જ પ્રમાણે (सतः स्वतः सिद्धात्) સત્‌ના સ્વતઃસિદ્ધ હોવાથી (तद्देशसमयभावैरखंडितत्वात्) તે તેના દેશ, કાળ અને ભાવો દ્વારા પણ અખંડિત છે.

**ભાવાર્થ**—સત્ સદાય રહે છે, અર્થાત્ નિરંતર વિદ્યમાન રહેવાના કારણથી ઉપર પ્રમાણે તેનો વ્યતિરેક કહી શકાતો જ નથી, તેથી જેમ સ્વતઃસિદ્ધ સત્ નિરંતર વિદ્યમાન હોવાના કારણથી પોતાના ક્ષેત્રની અપેક્ષાએ તે વ્યતિરેકના અભાવવાળું છે, તેમ તે પોતાના દેશ, કાળ અને ભાવની અપેક્ષાએ પણ સ્વયં અખંડિત છે; એટલા માટે એ જ કેવળ (વ્યતિરેકના અભાવરૂપ) અખંડિતપણું વાસ્તવમાં તેના એકત્વનું મૂળ કારણ છે.

## ઉપસંહાર

**एवं यकेऽपि दूरादपनेतव्या हि लक्षणाभासाः।**
**यदकिंचित्कारित्वादत्रानधिकारिणोऽनुक्ताः ।।४७०।।**

**અન્વયાર્થ**—(एवं) એ પ્રમાણે (हि) નિશ્ચયથી (यकेऽपि) જે કોઈ અન્ય (लक्षणभासाः) લક્ષણાભાસ છે તે પણ (दूरा दपनेतव्या) દૂરથી જ છોડવા યોગ્ય છે, (यत्) કારણ કે— (अकिंचित्कारित्वात्) તે અકિંચિત્કારી હોવાથી (अत्र) આ વિષયમાં (अनधिकारिणः) અનધિકારી છે, તેથી અહીં (अनुक्ताः) કહ્યાં નથી.

**ભાવાર્થ**—એ પ્રમાણે અન્ય પણ બીજા લક્ષણાભાસો છોડવા યોગ્ય સમજવા, તથા તે અકિંચિત્કારી હોવાથી આ અધિકારમાં તેનું ખંડન પણ કોઈ પ્રકારથી ઉપયુક્ત ન હોવાથી કર્યું નથી.

એ પ્રમાણે ક્ષેત્રની અપેક્ષાએ એકત્વનું નિરૂપણ કરીને હવે આગળ કાળની અપેક્ષાએ એકત્વનો વિચાર કરવામાં આવે છે.

## કાળની અપેક્ષાએ એકત્વમાં યુક્તિ

**कालः समयो यदि वा तद्देशे वर्तनाकृतिश्चार्थात्।**
**तेनाप्यखण्डितत्वाद्भवति सदेकं तदेकनययोगात् ।।४७१।।**

**અન્વયાર્થ**—(कालः समयः) કાળ નામ સમયનું છે (यदि वा) અથવા (अर्थात्) પરમાર્થથી (तद्देशे) દ્રવ્યના દેશમાં (वर्तनाकृतिः च) વર્તનાનાં આકારનું નામ પણ કાળ છે, તેથી (एक नययोगात्) દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ (तत् सत्) તે સત્ (तेनापि अखंडितत्वात्) એ કાળ દ્વારા પણ અખંડિત હોવાથી (एकं भवति) એક છે.

**ભાવાર્થ**—કાળ શબ્દનો અર્થ 'સમય' અથવા પ્રત્યેક દ્રવ્યમાં સ્વાભાવિકપણે થવાવાળી 'વર્તનાકૃતિ' થાય છે; એ વડે પણ દ્રવ્યાર્થિકનયથી વસ્તુ અખંડિત છે, તેથી સ્વકાળની અપેક્ષાએ પણ સત્ એક છે, અર્થાત્ સત્ સ્વભાવથી જ પરિણામી છે તથા તેમાં પરિણમન થવા છતાં પણ સત્નો અન્વય બરાબર રહે છે, કદી પણ સત્ના અન્વયનો વિચ્છેદ થતો નથી, તેથી દ્રવ્યાર્થિકનયથી અખંડિત હોવાના કારણથી સત્, કાળની અપેક્ષાએ પણ એક છે. તેનું સ્પષ્ટીકરણ—

**अयमर्थः सन्मालामिह संस्थाप्य प्रवाहरूपेण।**
**क्रमतो व्यस्तसमस्तैरितस्ततो वा विचारयन्तु बुधाः ।।४७२।।**

तत्रैकावसरस्थं यद्यावद्यादृगास्ति सत्सर्वम्।
सर्वावसरसमुदितं तत्तावत्तादृगस्ति सत्सर्वम्॥४७३॥

न पुनः कालसमृद्धौ यथा शरीरादिवृद्धिरिति वृद्धि[1]ः।
अपि तद्धानौ हानिर्न तथा वृद्धिर्न हानिरेव सतः॥४७४॥

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ એ છે, કે—(इह) અહીં (प्रवाहरुपेण) પ્રવાહરૂપથી એટલે ઉર્ધ્વકલ્પનાથી (सन्माला) સત્‌ની માળાને (संस्थाप्य) સ્થાપન કરીને (क्रमतः) ક્રમપૂર્વક (व्यस्तसमस्तैः) વ્યસ્ત (ભિન્ન-ભિન્ન) તથા સમસ્તરૂપ દ્વારા (इतस्ततः वा) પૂર્વાપર રીતથી જ (बुधाः) વિદ્વાનલોક (विचारयन्तु) વિચાર કરે તો :—

(तत्र) એ સર્વ સમયોમાંથી (यत्) જે (एकावसरस्थं) એક સમય રહેવાવાળું (यावत्) જેટલું અને (यादृक्) જે પ્રકારનું (सर्वं सत् अस्ति) સંપૂર્ણ સત્ છે (तत्) તે જ (तावत्) તેટલું અને (तादृक्) તે જ પ્રકારનું (सर्वं सत्) સંપૂર્ણ સત્ (सर्वावसर समुदितं अस्ति) સમુદિતરૂપે સર્વ સમયોમાં પણ છે.

(न पुनः) પરંતુ એમ નથી, કે—(यथा) જેમ (काल समृद्धौ) કાળની વૃદ્ધિ થતાં (शरीरादिवृद्धिः) શરીરાદિકની વૃદ્ધિ થાય છે, (इति) એ પ્રકારની (वृद्धिः) વૃદ્ધિ, (अपि) તથા (तत् हानौ) કાળની હાનિ થતાં (हानिः) શરીરાદિકની હાનિ થાય છે, (तथा) તેમ (सतः) સત્‌ની (वृद्धिः न) વૃદ્ધિ થતી નથી તથા (न हानिः एव) હાનિ પણ થતી નથી.

**ભાવાર્થ**—ઉક્ત કથનનો સારાંશ આ છે, કે—ક્રમપૂર્વક-પ્રવાહરૂપથી પરિવર્તનશીલ સત્‌ની પરંપરાને ધ્યાનમાં રાખીને જો વિદ્વાનલોક વ્યસ્ત (ભિન્ન-ભિન્ન) તથા સમસ્તરૂપથી વિચાર કરે તો એ સત્‌ની પરંપરામાંના એક સમયમાં જ, જેવું અને જેટલું સત્ લક્ષ્યગોચર થાય છે તે, તેવું અને તેટલું જ સત્ એ સંપૂર્ણ સમયોમાં પણ સમુદિતરૂપથી (સમુદાયરૂપથી) પ્રતીત થાય છે; પરંતુ જેમ કાળની વૃદ્ધિ અને હાનિના કારણથી શરીરાદિકની વૃદ્ધિ તથા હાનિ થાય છે તેમ કાળકૃત વૃદ્ધિ તથા હાનિ દ્રવ્યાર્થિકનયથી સત્‌માં ઉપલબ્ધ થતી નથી, એટલા માટે કાળની અપેક્ષાએ પણ સત્ એક છે, અહીં શંકા—

ननु भवति पूर्वपूर्वभावध्वंसान्नु हानिरेव सतः।
स्यादपि तदुत्तरोत्तरभावोत्पादेन वृद्धिरेव सतः॥४७५॥

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે—(नु) વિચાર કરતાં (पूर्वपूर्वभावध्वंसात्)

---

૧. મૂળ પુસ્તકમાં 'वृद्धौ' એવો પાઠ છે.

પૂર્વપૂર્વભાવોના નાશ થવાથી (सतः) સત્‌ની (हानिः एव भवति) હાનિ જ થાય છે (अपि) તથા (तदुत्तरोत्तरभावोत्पादेन) એ સત્‌ના ઉત્તરોત્તરભાવોનો ઉત્પાદ થવાથી (सतः) સત્‌ની (वृद्धिः एव स्यात्) વૃદ્ધિ જ થાય છે.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—સત્‌માં પૂર્વપૂર્વભાવોના નાશથી હાનિ તથા ઉત્તરોત્તરભાવોના ઉત્પાદથી વૃદ્ધિ જ થાય છે. તેનો ઉત્તર—

**नैवं सतो विनाशादसतः सर्गादसिद्धसिद्धान्तात्।**
**सदनन्यथाऽथवा चेत्सदनित्यं कालतः कथं तस्य॥४७६॥**

**અન્વયાર્થ**—(एवं) એ પ્રમાણે કહેવું ઠીક નથી, કારણ કે—(असिद्धसिद्धांतात्) સિદ્ધ ન થઈ શકવાવાળા ઉપરના સિદ્ધાંતને માનવાથી (सतः विनाशात्) સત્‌નો વિનાશ અને (असतः सर्गात्) અસત્‌ની ઉત્પત્તિનો પ્રસંગ આવશે (अथवा) અથવા (सत् अनन्यथा चेत्) 'સત્ અન્યથા થતું નથી.' એમ જો કહેશો તો (तस्य) એ પ્રમાણે કહેવાવાળાના મતમાં (सतः) સત્, (कालतः) કાળની અપેક્ષાએ (अनित्यं) અનિત્ય પણ (कथं) કેવી રીતે થશે?

**ભાવાર્થ**—પૂર્વપૂર્વભાવના નાશથી સત્‌માં હાનિ તથા નવીન-નવીન ભાવના ઉત્પાદથી સત્‌માં વૃદ્ધિ માનવાથી સત્‌નો નાશ અને અસત્‌ની ઉત્પત્તિનો પ્રસંગ આવે છે, તેથી ઉપર પ્રમાણે હાનિ વૃદ્ધિ માનવી ઠીક નથી, જો કદાચિત્ આ દોષનું નિવારણ કરવા માટે સત્‌માં સર્વથા અનન્યભાવ એટલે અપરિણમનશીલતા માનવામાં આવે તો તે પણ ઠીક નથી, કારણ કે—સત્‌માં કોઈ પ્રકારનું પરિણમન નહિ માનવાથી કાળની અપેક્ષાએ સત્ અનિત્ય કેવી રીતે કહેવાશે ?

**नासिद्धमनित्यत्वं सतस्ततः कालतोऽपि नित्यस्य।**
**परिणामित्वान्नियतं सिद्धं तज्जलधरादिदृष्टान्तात्॥४७७॥**

**અન્વયાર્થ**—(ततः) એટલા માટે (नित्यस्य अपि सतः) કથંચિત નિત્ય સત્‌ને પણ (कालतः) કાળની અપેક્ષાએ (अनित्यत्वं) અનિત્યપણું (असिद्धं न) અસિદ્ધ નથી, કારણ કે (तत्) એ અનિત્યપણું (परिणामित्वात्) સત્, કથંચિત્ પરિણામી હોવાથી (जलधरादिदृष्टान्तात्) મેઘાદિકના દૃષ્ટાંતથી (नियतं सिद्धं) નિશ્ચયથી સિદ્ધ છે.

**ભાવાર્થ**—તથા સત્‌માં કાળકૃત અનિત્યતા પણ અસિદ્ધ નથી, કારણ કે—દ્રવ્યાર્થિકનયથી સત્‌ને નિત્ય માનવા છતાં પણ એ સત્‌માં પરિણામીપણું હોવાના કારણથી કથંચિત્ કાળકૃત અનિત્યતા જળધરાદિના (મેઘના) દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે,

સારાંશ–

**तस्मादनवद्यमिदं परिणममानं पुनः पुनः सदपि।**
**स्यादेकं कालादपि निजप्रमाणादखण्डितत्त्वाद्वा।।४७८।।**

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (इदं अनवद्यं) આ કથન નિર્દોષ છે, કે–(सत् पुनः पुनः परिणममानं अपि) સત્, સમયે સમયે પરિણમન કરતું હોવા છતાં પણ (निजप्रमाणात्) પોતાના પ્રમાણની બરાબર રહેવાથી અર્થાત્ પોતાના પ્રમાણ બહાર નહિ જવાથી (वा) અથવા (अखण्डितत्वात्) ખંડિત નહિ થવાથી (कालात् अपि) કાળની અપેક્ષાએ પણ (एकं स्यात्) એક છે.

**ભાવાર્થ**—તેથી સત્, પરિણમનશીલ હોવા છતાં પણ પોતાના પ્રમાણને ઉલ્લંઘન કરતું નહિ હોવાથી તથા તે અખંડિત રહેવાના કારણથી કાળની અપેક્ષાએ પણ એક છે, એ પ્રમાણે કાળની અપેક્ષાએ એકત્વ દર્શાવીને હવે આગળ ભાવની અપેક્ષાએ તેમાં એકત્વ દર્શાવે છે.

## ભાવનું સ્વરૂપ

**भावः परिणाममयः शक्तिविशेषोऽथवा स्वभावः स्यात्।**
**प्रकृतिः स्वरुपमात्रं लक्षणमिह गुणश्च धर्मश्च।।४७९।।**

**અન્વયાર્થ**—(इह) અહીં (भावः परिणाममयः) ભાવ, પરિણામમય હોય છે (अथवा) અથવા (शक्तिविशेषः) શક્તિવિશેષ, (स्वभावः) સ્વભાવ, (प्रकृति) પ્રકૃતિ, (स्वरुपमात्रं) સ્વરૂપમાત્ર, (लक्षणं) આત્મભૂતલક્ષણ, (गुणः) ગુણ (च) તથા (धर्मश्च) ધર્મ પણ (स्यात्) ભાવ કહેવાય છે.

**ભાવાર્થ**—'ભાવ' શબ્દનો અર્થ–પરિણામમય, શક્તિવિશેષ, સ્વભાવ, પ્રકૃતિ, સ્વરૂપમાત્ર, લક્ષણ, ગુણ અને ધર્મ થાય છે.

## ભાવની અપેક્ષાએ એકત્વમાં યુક્તિ

**तेनाखंडतया स्यादेकं सच्चैकदेशनययोगात्।**
**तल्लक्षणमिदमधुना विधीयते सावधानतया।।४८०।।**

**અન્વયાર્થ**—(तेन) એ સ્વભાવથી (अखण्डतया) અખંડિતપણાના કારણથી તથા (एकदेशनययोगात्) દ્રવ્યાર્થિકનયના યોગથી (सत् एकं च स्यात्) સત્, કથંચિત્ એક છે, તેથી '(अधुना) આ સમયમાં (इदं तत् लक्षणं) આ' એ ભાવનું લક્ષણ (सावधानतया) સાવધાનતાપૂર્વક (विधीयते) કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય, પોતાના સ્વભાવથી નિરંતર અખંડિત રહે છે અર્થાત્

પોતાના સ્વભાવથી કદી પણ ચ્યુત થતું નથી, તેથી ભાવની અપેક્ષાએ પણ સત્ એક છે.

હવે આગળ ભાવનું લક્ષણ જ સાવધાનતાપૂર્વક કહેવામાં આવે છે—

### ભાવના સ્વરૂપનું સ્પષ્ટીકરણ

**सर्वं सदिति यथा स्यादिह संस्थाप्य गुणपंक्तिरुपेण।**
**पश्यन्तु भावसादिह निःशेषं सन्नशेषमिह किंचित्॥४८१॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (इह) અહીં (सर्वं सत् इति) સંપૂર્ણ સત્‌ને (गुणपंक्तिरुपेण संस्थाप्य) ગુણોની પંક્તિરૂપે સ્થાપન કરીને (भावसात् पश्यन्तु) કેવળ ભાવદૃષ્ટિએ જુઓ તો (इह) એ ગુણો (नि:शेषं सत्) બધાય સત્ જ છે, તથા (इह) અહીં (किंचित् शेषं न स्यात्) બીજું કાંઈ પણ નથી.

**ભાવાર્થ**—દ્રવ્યના સર્વ ગુણોને પંક્તિરૂપે સ્થાપન કરીને જો ભાવદૃષ્ટિએ જુઓ તો એ બધાય ગુણો સત્‌રૂપ જ દૃષ્ટિગોચર થાય છે, પરંતુ એમાંનો કોઈ પણ (ગુણ) સત્‌થી જુદો પ્રતીત થતો નથી. વળી એક ગુણની અપેક્ષાએ જેટલું સત્ છે તેટલું જ સત્ સર્વ ગુણોની અપેક્ષાએ પણ છે. એ જ અહીં દર્શાવે છે.

**एकं तत्रान्यतरं भावं समपेक्ष्य यावदिह सदिति।**
**सर्वानपि भावानिह व्यस्तसमस्तानपेक्ष्य सत्तावत्॥४८२॥**

**न पुनर्द्वयणुकादिरिति स्कंधः पुद्गलमयोऽस्त्यणूनां हि।**
**लघुरपि भवति लघुत्वे सति च महत्वे महानिहास्ति यथा॥४८३॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (तत्र) એ ગુણોમાંથી (एकं अन्यतरं भावं समपेक्ष्य) કોઈ એક ભાવની અપેક્ષાએ જુઓ તો (सत् इति यावत्) એ સત્ જેટલું છે, (तावत्) તેટલું જ (सत्) સત્ (इह) અહીં આગળ (सर्वान् व्यस्तसमस्तात्) સંપૂર્ણ પૃથક્ (ભિન્ન-ભિન્ન) તથા સમસ્તરૂપ (भावान् अपि अपेक्ष्य) ભાવોની અપેક્ષાએ પણ છે.

(पुन:) પરંતુ તે સત્, (यथा) જેમ (इह) અહીં (हि) નિશ્ચયથી (अणूनां) અણુઓનો (पुद्गलमय:) પુદ્‌ગલમય (द्व्यणुकादि: इति) દ્વયણુકાદિક (स्कंध:) સ્કંધ, (लघुत्वे सति लघु: भवति) પરમાણુઓ ઓછા થઈ જતાં લઘુ થઈ જાય છે (अपि च) તથા (महत्वे) પરમાણુઓ અધિક થઈ જતાં (महान् अस्ति) મહાન એટલે મોટો થઈ જાય છે. (तथा न अस्ति) એવી રીતે એ ગુણોમાં થતું નથી.

**ભાવાર્થ**—ઉપરના કથનનો સારાંશ આ છે, કે—એ બધા ગુણોમાંથી કોઈ એક ગુણની અપેક્ષાએ જેટલું સત્ છે તેટલું જ સત્ તેના વ્યસ્ત તથા સમસ્ત સંપૂર્ણ ગુણોની અપેક્ષાએ પણ છે, પરંતુ જેમ પુદ્ગલમય દ્વયણુકાદિ સ્કંધ પરમાણુઓની અધિકતાથી અધિક તથા ન્યૂનતાથી નાનો પ્રતીત થાય છે, તેમ દ્રવ્યોમાં ગુણકૃત હાનિ વા વૃદ્ધિ થતી નથી. સારાંશ કે—

**अयमर्थो वस्तु यदा लक्ष्येत विवक्षितैकभावेन।**
**तन्मात्रं सदिति स्यात्सन्मात्रः स च विवक्षितो भावः ॥४८४॥**

**यदि पुनरन्यतरेण हि भावेन विवक्षितं सदेव स्यात्।**
**तन्मात्रं सदिति स्यात्सन्मात्रः स च विवक्षितो भावः ॥४८५॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ આ છે, કે—(यदा) જે સમયે (वस्तु) (विवक्षितैकभावेन) વિવક્ષિત કોઈ એક ભાવથી (लक्ष्येत) લક્ષિત કરવામાં આવે છે (तदा) તે સમયે (सत् इति) એ સત્ (तन्मात्रं स्यात्) વિવક્ષિતભાવમાત્ર થઈ જાય છે. (च) અને (सः विवक्षितः भावः) એ વિવક્ષિતભાવ (सन्मात्रः स्यात्) સત્ માત્ર થઈ જાય છે.

(यदि पुनः) વળી જો (सदेव) એ જ સત્ (हि) નિશ્ચયથી (अन्यतरेण भावेन) બીજા કોઈ એક ભાવ દ્વારા (विवक्षितं स्यात्) વિવક્ષિત થાય છે, તો (सदिति) એ સત્ (तन्मात्रं) એ જ અન્ય ભાવરૂપ (स्यात्) થઈ જાય છે (च) તથા (सः विवक्षितः भावः) એ અન્ય વિવક્ષિતભાવ (सन्मात्रः स्यात्) સત્ માત્ર થઈ જાય છે.

**ભાવાર્થ**—સારાંશ આ છે, કે—સત્, પોતાના અનંત ભાવોમાંથી જે સમયે કોઈ એક ભાવ દ્વારા વિવક્ષિત કરવામાં આવે છે તે સમયે તે સત્, તે ભાવમય તથા એ ભાવ એટલા જ સત્મય કહેવામાં આવે છે અને જે સમયે સત્, બીજા ભાવથી વિવક્ષિત કરવામાં આવે છે તે સમયે તે સત્ એ વિવક્ષિત બીજા ભાવમય તથા એ વિવક્ષિત બીજો ભાવ એટલા જ સત્મય કહેવામાં આવે છે; એ પ્રમાણે જે દ્રવ્યના જેટલા ભાવ છે તેટલા જ ભાવમય સત્ અને એટલા જ સત્મય ભાવ, ભિન્ન-ભિન્ન સમયમાં ભિન્ન-ભિન્ન વ્યક્તિઓ દ્વારા વિવક્ષિત કરી શકાય છે. આગળ એ કથનનો દ્રષ્ટાંત દ્વારા ખુલાસો કરવામાં આવે છે :—

**अत्रापि च संदृष्टिः कनकः पीतादिमानिहास्ति यथा।**
**पीतेन पीतमात्रो भवति गुरुत्वादिना च तन्मात्रः ॥४८६॥**

**અન્વયાર્થ**—(अत्र च सन्दृष्टिः अपि) આ વિષયમાં દ્રષ્ટાન્ત પણ છે, કે—(इह) અહીં (यः पीतादिमान् कनकः अस्ति) પીતાદિ ગુણયુક્ત સુવર્ણ છે, તે (यथा) જેમ (पीतेन पीतमात्रो भवति)

પીતગુણ દ્વારા પીતરૂપ કહેવામાં આવે છે. (तथा च) તે જ પ્રમાણે (गुरुत्वादिना) ગુરુત્વાદિ ગુણો દ્વારા (तन्मात्रः) ગુરુત્વાદિમાત્ર પણ કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—ઉદાહરણ અર્થે સુવર્ણને જ લ્યો, જેમ પીતત્વ અને ગુરુત્વાદિ ગુણમય સુવર્ણ જે સમયે પોતાના પીતત્વ વા ગુરુત્વાદિ ગુણોથી વિવક્ષિત થાય છે તે સમયે તે કેવળ પીતત્વ ગુરુત્વાદિ ગુણમય જ કહેવામાં આવે છે, અર્થાત્ પીતત્વધર્મની વિવક્ષાના સમયમાં તેના ગુરુત્વાદિક ગુણોની વિવક્ષા ન રહેવાથી એ ગૌણરૂપ થઈ જાય છે, તથા ગુરુત્વાદિક ગુણોની વિવક્ષાના સમયમાં પીતત્વ અને સ્નિગ્ધત્વાદિની વિવક્ષા ન રહેવાથી એ ગૌણરૂપ થઈ જાય છે; એ જ પ્રમાણે દ્રવ્યના અનંત ભાવોમાંથી વિવક્ષિતભાવ મુખ્ય અને બાકીના અવિવક્ષિતભાવો ગૌણ થઈ જવાથી 'વિવક્ષિતભાવમય સત્' તથા 'સત્મય વિવક્ષિતભાવ' કહેવામાં આવે છે.

**न च किंचित्पीतत्वं किंचित्स्निग्धत्वमस्ति गुरुता च।**
**तेषामिह समवायादस्ति सुवर्णस्त्रिसत्त्व सत्ताकः ॥४८७॥**

**અન્વયાર્થ**—(न च) પરંતુ એમ નથી, કે—સોનામાં (किंचित्पीतत्वं) કંઈક પીતત્વ (किंचित्स्निग्धत्वं) કંઈક સ્નિગ્ધત્વ (च) અને કંઈક (गुरुता अस्ति) ગુરુત્વ છે, (इह) અને અહીં (तेषां समवायात्) એ ત્રણેના સમવાયથી (सुवर्णः) સોનું, (त्रिसत्त्वसत्ताकः अस्ति) ત્રણ ગુણોની જુદી-જુદી સત્તાસહિત એક સત્તાવાળું છે.

**ભાવાર્થ**—અહીં એવી શંકા પણ ન કરવી, કે—'સોનામાં પીતત્વ, સ્નિગ્ધત્વ અને ગુરુત્વાદિ ગુણોની સત્તા ભિન્ન-ભિન્ન છે તથા સમવાયસંબંધથી એ ત્રણે ગુણોનો સંબંધ સોનાની સાથે થાય છે, તેથી સોનું ત્રિસત્વસત્તાવાળું કહેવામાં આવે છે.' કારણ કે—દ્રવ્ય અને તેના ગુણ ભિન્ન પદાર્થ સિદ્ધ થઈ શકતાં નથી, તથા એ બંનેમાં સંબંધ કરાવવાવાળો સમવાય નામનો પદાર્થ પણ ભિન્ન સિદ્ધ થઈ શકતો નથી.

**इदमत्र तु तात्पर्यं यत्पीतत्वं गुणः सुवर्णस्य।**
**अन्तर्लीनगुरुत्वाद्विवक्ष्यते तद्गुरुत्वेन ॥४८८॥**

**અન્વયાર્થ**—(तु) પરંતુ (अत्र इदं तात्पर्यं) અહીં તાત્પર્ય આ છે, કે—(यत् पीतत्वं सुवर्णस्य गुणः) જે પીતત્વ, સોનાનો ગુણ છે (तत्) તે (अन्तर्लीन गुरुत्वात्) અંતર્લીન ગુરુત્વગુણવાળો હોવાથી (गुरुत्वेन) ગુરુપણાથી (विवक्ष्यते) વિવક્ષિત કરવામાં આવે છે અર્થાત્ એ પીતત્વગુણમાં ગુરુત્વગુણ અંતર્લીન હોવાથી તે ગુરુત્વરૂપથી પણ કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—સારાંશ આ છે, કે—જે સમયે સોનાનો પીતત્વગુણ મુખ્યપણે વિવક્ષા

કરવામાં આવે છે તે સમયે એ પીતત્વમાં ગૌણરૂપથી સોનાના ગુરુત્વાદિ ગુણો પણ ગર્ભિત રહે છે, માત્ર અવિવક્ષિત રહેવાના કારણથી તેનું ઉચ્ચારણ કરવામાં આવતું નથી. તેથી એમ ન કહી શકાય, કે—સોનાના પીતત્વગુણની વિવક્ષાના સમયમાં ગુરુત્વાદિ ગુણોનો અભાવ થઈ ગયો છે.

**ज्ञानत्वं जीवगुणस्तदिह विवक्षावशात्सुखत्वं स्यात्।**
**अन्तर्लीनत्वादिह तदेकसत्वं तदात्मकत्वाच्च ।।४८९।।**

**અન્વયાર્થ**—(इह) અહીં (यत्) જે (ज्ञानत्वं जीवगुणः) જીવનો જ્ઞાનત્વગુણ છે, (तत्) તે જ (विवक्षावशात्) વિવક્ષાવશ (सुखत्वं स्यात्) સુખરૂપ થઈ જાય છે, કારણ કે—(इह) અહીં જ્ઞાનત્વમાં (तत्) એ સુખત્વ (अन्तर्लीनत्वात्) અંતર્લીન હોવાથી (च) તથા (ज्ञानात्मकत्वात्) જ્ઞાનાત્મક હોવાથી (एकसत्वं) જ્ઞાન અને સુખ બંને એક સત્તાવાળાં છે.

**ભાવાર્થ**—સોનામાં પીતત્વાદિ ગુણોની માફક જીવમાં જ્ઞાન-સુખાદિક વિશેષગુણ માનવામાં આવે છે. જે સમયે, જ્ઞાનમુખ્યપણે (જ્ઞાનની મુખ્યતાથી) જીવની વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે સુખાદિક ગુણો જ્ઞાનમય તથા જે સમયે સુખ મુખ્યપણે જીવની વિવક્ષા કરવામાં આવે છે, તે સમયે જ્ઞાનાદિગુણો સુખમાં ગર્ભિત થઈ જવાથી સુખમય પ્રતીત થાય છે. એ પ્રમાણે વિવક્ષાભેદથી જ જ્ઞાન અને સુખાદિની જુદી જુદી સત્તા પ્રતીત થાય છે, પરંતુ વાસ્તવમાં તેની જુદી જુદી સત્તા નથી. અહીં શંકા—

**ननु निर्गुणा गुणा इति सूत्रे सूक्तं प्रमाणतो वृद्धैः।**
**तत्किं ज्ञानं गुण इति विवक्षितं स्यात्सुखत्वेन ।।४९०।।**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે જ્યારે '(गुणाः निर्गुणाः) ગુણ, નિર્ગુણ હોય છે (इति) એ પ્રમાણે (सूत्रे) સૂત્રમાં (वृद्धैः) વૃદ્ધઋષિઓએ (प्रमाणतः) પ્રામાણિકરૂપે (सूक्तं) સારી રીતે કહ્યું છે, (तत्किं) તો પછી (ज्ञानं इति गुणः) એ જ્ઞાનગુણ (सुखत्वेन) સુખપણાથી કેવી રીતે (विवक्षितं स्यात्) વિવક્ષિત થઈ શકે છે ?

**ભાવાર્થ**—પૂર્વાચાર્યોએ 'द्रव्याश्रयाः निर्गुणाः गुणाः' એ ગુણના લક્ષણમાં જ્યારે ગુણોને સ્વયં નિર્ગુણ માન્યા છે, તો પછી આપના કથનાનુસાર જ્ઞાનગુણ, સુખરૂપથી, કેવી રીતે વિવક્ષિત થઈ શકે છે ? એ શંકાનું સમાધાન—

**सत्यं लक्षणभेदाद्गुणभेदो निर्विलक्षणः स स्यात्।**
**तेषां तदेकसत्त्वादखण्डितत्त्वं प्रमाणतोऽध्यक्षात् ।।४९१।।**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, પણ (लक्षणभेदात्) લક્ષણના ભેદથી (यः) જે (गुणभेदः) ગુણોમાં ભેદ છે (सः) તે (निर्विलक्षणः स्यात्) નિર્વિલક્ષણ છે, અર્થાત્ ગુણોમાં બીજા ગુણોનું લક્ષણ જોવામાં આવતું નથી, તથા (तदेकसत्वात्) એ બધા ગુણોની એક જ સત્તા હોવાથી (तेषां) એ બધા ગુણોમાં (अखण्डितत्त्वं) અખંડિતપણું (अध्यक्षात् प्रमाणतः) પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે.

**ભાવાર્થ**—ઠીક છે, લક્ષણદષ્ટિએ ગુણોમાં જે ભેદ માનવામાં આવ્યો છે તે તેમ જ છે, અર્થાત્ 'ગુણોમાં ગુણ રહેતા નથી' એ આપનું કહેવું ઠીક છે, પરંતુ પ્રત્યક્ષ પ્રમાણથી એ ગુણોની ભિન્ન-ભિન્ન સત્તા નહિ હોતાં એ બધા પરસ્પરમાં એક જ સત્તાવાળા છે, તેથી તેમાં અખંડિતપણું છે અને એ જ ઉપર્યુક્ત મુખ્ય અને ગૌણ વિવક્ષાનું પ્રયોજન છે, એટલા માટે એક સત્તાની અપેક્ષાથી સુખમાં જ્ઞાનાદિક તથા જ્ઞાનમાં સુખાદિક ગર્ભિત થઈ જવાના કારણથી ગુણના લક્ષગત નિર્ગુણ વિશેષણમાં કાંઈ વિરોધ આવતો નથી.

**વિશેષાર્થ**—જે પૂર્વ મહર્ષિઓએ '**द्रव्याश्रया निर्गुणा गुणाः**' આ સૂત્ર દ્વારા બતાવ્યું છે, તેનો અને આ કથનનો એક જ આશય છે. શંકાકારને જે તે બન્નેમાં વિરુદ્ધતા જણાય છે તેનું કારણ તેની અણસમજણ છે. તે અપેક્ષા સમજ્યો નથી. અપેક્ષા સમજતાં જે વાતોમાં વિરોધ જણાય છે તેમાં જ અવિરોધની પ્રતીતિ થવા લાગે છે. સૂત્રકારોએ ગુણોમાં લક્ષણભેદથી ભેદ બતાવ્યો છે. લક્ષણની અપેક્ષાએ બધા ગુણ પરસ્પર ભેદ રાખે છે. જે જ્ઞાન છે તે દર્શન નથી, જે દર્શન છે તે ચારિત્ર નથી, જે ચારિત્ર છે તે વીર્ય નથી, જે વીર્ય છે તે સુખ નથી, કેમ કે બધા ગુણોના ભિન્ન-ભિન્ન કાર્ય પ્રતીતિમાં આવે છે. તેથી લક્ષણ ભેદથી બધા ગુણ ભિન્ન છે. એક ગુણ બીજા ગુણમાં રહી શકતો નથી. જ્ઞાનનું લક્ષણ વસ્તુને જાણવું તે છે. સુખનું લક્ષણ આનંદ છે. જાણવું આનંદ થઈ શકતું નથી. આનંદ બીજી બાબત છે, જાણવું બીજી બાબત છે. એવો ભેદ જોવામાં આવે છે કે જે સમયે કોઈ વિદ્વાન કોઈ ગ્રંથ સમજવા માંડે છે ત્યારે તેને ગ્રંથ સમજવાથી આનંદ થાય છે. * તેથી આ વાત સિદ્ધ થાય છે કે જ્ઞાન બીજું છે, સુખ બીજું છે. એ જ પ્રમાણે ચારિત્ર, વીર્ય આદિ બધા ગુણોના ભિન્ન-ભિન્ન કાર્ય હોવાથી બધા ભિન્ન છે. તેથી '**निर्गुणा गुणाः**,' આ સૂત્રનો આશય ગુણોમાં સારી રીતે ઘટે જ છે. સાથો સાથ બીજી દૃષ્ટિએ વિચારતાં તે બધા ગુણ એકરૂપ જ પ્રતીત થાય છે. કેમ કે બધા ગુણોની એક જ સત્તા છે. જેમની એક સત્તા છે તે કોઈ રીતે ભિન્ન કહી શકાતા નથી. જો સત્તાના અભેદમાં પણ ભેદ માનવામાં આવે તો કોઈ વસ્તુમાં અભિન્નતા અને સ્વતંત્રતા આવી જ શકતી નથી. જ્ઞાન, દર્શન, સુખ આદિ અભિન્ન છે એવી પ્રતીતિ પણ થાય છે, જે સમયે જીવને જ્ઞાની કહેવામાં આવે છે તે સમયે વિચાર કરતાં આખો જીવ જ્ઞાનમય જ પ્રતીત થાય છે. દૃષ્ટા કહેતાં તે દર્શનમય જ પ્રતીત થાય છે. સુખી કહેતાં તે સુખમય જ પ્રતીત થાય છે. એમ નથી કે જ્ઞાની કહેતાં જીવમાં કેટલાક અંશ તો જ્ઞાનમય જ પ્રતીત થતા હોય, કેટલાક દર્શનમય થતા હોય અને કેટલાક અંશ સુખમય પ્રતીત

* કોઈ ગ્રંથ સમજતાં જે આનંદ આવે છે તે સાચું સુખ કહી શકાતું નથી. કેમ કે તેમાં રાગભાવ છે. તેને સુખ ગુણની વૈભાવિક પરિણતિ કહેવામાં કોઈ હાનિ દેખાતી નથી. આ જ્ઞાન અને સુખના ભેદનું સાધક બહુ સ્થૂળ દૃષ્ટાંત છે. સાચું દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિના સ્વાનુભવ અને સુખનું છે. જે સમયે આત્મા નિજનો અનુભવ કરે છે તે જ સમયે તેને અલૌકિક આનંદ આવે છે. તે જ આનંદ સાચું સુખ છે. પરંતુ તે અનુભવજ્ઞાનથી જુદો છે.

થતા હોય. પરંતુ સર્વાંશ જ્ઞાનમય જ પ્રતીત થાય છે. સુખી કહેતાં સર્વાંશરૂપે જીવ સુખમય જ પ્રતીત થાય છે. જો એમ ન માનવામાં આવે તો જ્ઞાની કહેવાથી સંપૂર્ણ જીવનો બોધ ન થવો જોઈએ અથવા દૃષ્ટા અને સુખી કહેવાથી પણ સંપૂર્ણ જીવનો બોધ ન થવો જોઈએ. પરંતુ તેના એક અંશનો જ બોધ થવો જોઈએ. પણ એવો બોધ થતો નથી. તેથી કોઈ વસ્તુ ઉપર વિચાર કરવાથી તે વસ્તુ અભિન્ન ગુણમય એક રસમય જ પ્રતીત થાય છે. આવી પ્રતીતિથી ગુણોમાં અખંડતા, અભિન્નતા પણ સુઘટિત જ છે, ગુણોની અભિન્નતામાં વિવક્ષિત ગુણની અંતર્ગત બીજા બધા ગુણોનું હોવું પણ સ્વયં સિદ્ધ છે.

## ઉપસંહાર

**तस्मादनवद्यमिदं भावेनाखण्डितं सदेकं स्यात्।**
**तदपि विवक्षावशतः स्यादिति सर्वं न सर्वथेति नयात्।।४९२।।**

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (इदं अनवद्यं) આ કથન નિર્દોષ છે, કે—જોકે '(भावेन सत् अखंडितं एकं स्यात्) ભાવની અપેક્ષાએ સત્ અખંડિત એક છે' (तदपि इति सर्वं) તોપણ એ સર્વ કથન (विवक्षावशतः स्यात्) વિવક્ષાવશથી છે, (सर्वथा इति नयात् न) 'સર્વથા' એ જ નયથી નથી.

**ભાવાર્થ**—તેથી અમારું આ કહેવું બરાબર છે, કે—ભાવની અપેક્ષાએ પણ 'સત્' એક અને અખંડિત છે, તથા આમ કહેવું એ પણ નયવિશેષની વિવક્ષાથી છે પણ સર્વથા નથી.

**एवं भवति सदेकं भवति न तदपि च निरंकुशं किन्तु।**
**सदनेकं स्यादिति किल सप्रतिपक्षं यथा प्रमाणाद्वा।।४९३।।**

**અન્વયાર્થ**—(एवं) એ પ્રમાણે જોકે (सत् एकं भवति) સત્ એક હોય છે, (तदपि च) તોપણ તે (निरंकुशं न भवति) નિરપેક્ષ નથી, (किंतु) પરંતુ (सत् अनेकं स्यात्) 'સત્ અનેક છે.' (इति) એ કથન દ્વારા (किल) નિશ્ચયથી (सप्रतिपक्षं) પ્રતિપક્ષથી સાપેક્ષ છે, (यथा प्रमाणात् वा) જે પ્રતિપક્ષ પ્રમાણથી પણ સિદ્ધ છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે ૪૩૬મા પદ્યથી માંડીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સત્‌ને અખંડિતપણાથી એક સિદ્ધ કર્યું છે તે બધું કથન નિરંકુશ અર્થાત્ નિરપેક્ષ નથી, પરંતુ વક્ષ્યમાણ રીતથી 'સત્ અનેક પણ છે,' એ પ્રમાણસિદ્ધ પ્રતિપક્ષની અપેક્ષાપૂર્વક 'એક છે,' એમ સમજવું.

હવે આગળ સત્ અનેક કેવી રીતે છે, એ વાતનું ગ્રંથકાર નિરૂપણ કરે છે :—

## દ્રવ્ય—ક્ષેત્ર—કાળ—ભાવની અપેક્ષાએ સત્‌ના અનેકત્વમાં યુક્તિ

**अपि च स्यात्सदनेकं तद्द्रव्याद्यैरखण्डितत्वेपि।**
**व्यतिरेकेण विना यन्नान्वयपक्षः स्वपक्षरक्षार्थम्।।४९४।।**

**અન્વયાર્થ**—(अपि च) તથા (तत् सत्) એ સત્ (द्रव्याद्यैः) દ્રવ્યાદિકો દ્વારા (अखण्डितत्वेपि) અખંડિત હોવા છતાં પણ (अनेकं स्यात्) અનેક છે, (यत्) કારણ કે—(व्यतिरेकेण विना) વ્યતિરેક વિના (अन्वयपक्षः) કેવળ અન્વયપક્ષ (स्वपक्षरक्षार्थं न) પોતાના પક્ષની રક્ષા માટે સમર્થ થતો નથી.

**ભાવાર્થ**—વ્યતિરેકપક્ષથી સત્‌ને અનેક તથા અન્વયપક્ષથી સત્‌ને એક માનવામાં આવે છે, પરંતુ વ્યતિરેક વિના અન્વય પણ પોતાના પક્ષની રક્ષા કરી શકતો નથી, તેથી દ્રવ્યાદિક[1] દ્વારા અખંડિતપણાના કારણથી તે સત્ એક હોવા છતાં પણ અનેક છે, અર્થાત્ જેમ દ્રવ્યાર્થિકનય દ્વારા દ્રવ્યાદિકચતુષ્ટયની અપેક્ષાએ સત્ કથંચિત્ એક છે, તે જ પ્રમાણે તે પર્યાયાર્થિકનય દ્વારા દ્રવ્યાદિકચતુષ્ટયની અપેક્ષાએ કથંચિત્ અનેક પણ છે. એ જ વાત ગ્રંથકાર આગળ દર્શાવે છે—

## દ્રવ્યની અપેક્ષાએ અનેકત્વમાં યુક્તિ

**अस्ति गुणस्तल्लक्षणयोगादिह पर्ययस्तथा च स्यात्।**
**तदनेकत्वे नियमात्सदनेकं द्रव्यतः कथं न स्यात्॥४९५॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (तल्लक्षणयोगात्) પોતપોતાના લક્ષણયોગથી (यथा) જેમ (गुणः अस्ति) ગુણ છે, (तथा च) તેવી જ રીતે (पर्ययः स्यात्) પર્યાય પણ છે. તથા (नियमात्) નિયમથી (तदनेकत्वे) એ પ્રમાણે દ્રવ્યથી અભિન્ન ગુણો તથા પર્યાયોમાં અનેકત્વ સિદ્ધ થતાં (सत्) એ સત્ (द्रव्यतः) દ્રવ્યની અપેક્ષાએ (अनेकं कथं न स्यात्) અનેક કેમ ન હોય? અર્થાત્ અવશ્ય હોય.

**ભાવાર્થ**—અસ્તિત્વગુણના લક્ષણની અપેક્ષાએ જેમ અસ્તિત્વગુણ અને તેની પર્યાયો ભિન્ન છે, એ જ પ્રમાણે બીજા ગુણો અને તેની પર્યાયો પણ ભિન્ન-ભિન્ન છે, તથા સત્‌થી અભિન્ન ગુણો અને પર્યાયોમાં અનેકતા સિદ્ધ થતાં દ્રવ્યના જુદા જુદા ગુણો અને જુદી જુદી પર્યાયોની અપેક્ષાએ સત્‌ને શું અનેક નહિ માનવામાં આવે? અર્થાત્ (ભેદ વિવક્ષાથી સત્ કથંચિત્ અનેક પણ) અવશ્ય માનવામાં આવશે.

## ક્ષેત્રની અપેક્ષાએ અનેકત્વમાં યુક્તિ

**यत्सत्तदेकदेशे तद्देशे न तद्द्वितीयेषु।**
**अपि तद्द्वितीयदेशे सदनेकं क्षेत्रतश्च को नेच्छेत्॥४९६॥**

**અન્વયાર્થ**—(यत् सत्) જે સત્ (एक देशे) એક દેશમાં છે, (तत्) તે (तद्देशे) તે જ દેશમાં છે (तत् द्वितीयेषु न) પણ તેનાથી ભિન્ન બીજા દેશમાં નથી, તથા (तत् द्वितीयदेशे अपि)

૧. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ દ્વારા.

એ બીજા દેશમાં પણ જે સત્ છે તે તે જ દેશમાં છે પણ તેનાથી ભિન્ન દેશમાં નથી તેથી (क्वः) કયો પુરુષ (क्षेत्रतश्च) ક્ષેત્રથી પણ (सत् अनेकं न इच्छेत्) સત્‌ને અનેક નહિ માને?

**ભાવાર્થ**—સત્‌ના જેટલા પ્રદેશો છે, તેમાંથી જ્યારે વિવક્ષિત કોઈ એક પ્રદેશમાં જે સત્ છે તે બીજા પ્રદેશોમાં રહેતું નથી, પરંતુ એ પ્રદેશનું સત્ એ જ પ્રદેશમાં રહે છે, તથા જ્યારે બીજા પ્રદેશમાં રહેવાવાળું સત્ બીજા પ્રદેશોમાં રહેવાવાળું જ કહેવામાં આવે છે પણ અન્ય પ્રદેશોમાં રહેવાવાળું કહેવામાં આવતું નથી, તો ક્ષેત્રની અપેક્ષાએ પણ સત્ અનેક શું નહિ કહેવામાં આવે? અર્થાત્ અવશ્ય કહેવાશે.

## કાળની અપેક્ષાએ અનેકત્વમાં યુક્તિ

**यत्सत्तदेककाले तत्तत्काले न तदितरत्र पुनः।**
**अपि सत्तदितरकाले सदनेकं कालतोऽपि तदवश्यम्॥४९७॥**

**અન્વયાર્થ**—(यत् सत्) જે સત્ (तदेककाले) તેના એક કાળમાં છે (तत्) તે સત્ (तत्काले) તે જ કાળમાં છે, (पुनः) પરંતુ (तदितरत्र न) તેનાથી ભિન્ન કાળમાં નથી તથા એ જ પ્રમાણે (तदितरकाले अपि) એ ઈતરકાળમાં પણ (सत्) જે સત્ છે, તે તે જ કાળમાં છે પણ તેનાથી ભિન્નકાળમાં નથી, તેથી (कालतः अपि) કાળથી પણ (तत् सत्) તે સત્ (अवश्यं अनेकं) અવશ્ય અનેક છે.

**ભાવાર્થ**—જેમ પ્રતિસમય થવાવાળી સત્‌ની ત્રિકાળવર્તી પર્યાયોમાંથી કોઈ એક વિવક્ષિત સમયમાં જે સત્ જોવામાં આવે છે, તે સત્ કેવળ તે જ સમયમાં જોવામાં આવે છે પણ અન્ય સમયમાં નહિ એ જ પ્રમાણે એ અન્ય સમયમાં રહેવાવાળું સત્ પણ પોતપોતાના વિવક્ષિત સમયમાં જ જોવામાં આવે છે પણ અન્ય સમયમાં નહિ, તેથી કાળની અપેક્ષાએ પણ સત્ અનેક માનવામાં આવે છે.

## ભાવની અપેક્ષાએ અનેકત્વમાં યુક્તિ

**तन्मात्रत्वादेको भावो यः स न तदन्यभावः स्यात्।**
**भवति च तदन्यभावः सदनेकं भावतो भवेन्नियतम्॥४९८॥**

**અન્વયાર્થ**—(यः) જે (तन्मात्रत्वात्) તન્માત્ર હોવાથી (एकः भावः) એક ભાવ છે (सः) તે (तदन्यभावः न स्यात्) તેનાથી ભિન્ન ભાવ થતો નથી, પરંતુ તે તે જ ભાવ હોય છે એ જ પ્રમાણે (तदन्य भावश्च भवति) તે અન્યભાવ પણ હોય છે, અર્થાત્ વિવક્ષિત તે અન્ય ભાવ, પણ અન્યભાવરૂપ જ હોય છે પણ તેનાથી ભિન્ન ભાવરૂપ થતો નથી, તેથી (नियतं भावतः) નિશ્ચયથી ભાવની અપેક્ષાએ (सत् अनेकं भवेत्) સત્ અનેક હોય છે.

**ભાવાર્થ**—પોતાના યાવત્ ભાવોમાંથી જે સત્ જે સમયે જે ભાવરૂપથી વિવક્ષિત થાય છે તે સમયે તે સત્ કેવળ તે જ ભાવમય કહેવામાં આવે છે પણ અન્ય ભાવમય નહિ, એ પ્રમાણે જે જે ભાવમુખ્યપણે જે જે સમયે સત્‌ની વિવક્ષા કરવામાં આવે તે તે સમયે સત્ તે તે ભાવમય કહેવામાં આવે છે, તેથી એ પ્રકારના ભાવોની અનેકતાના કારણથી ભાવદૃષ્ટિથી પણ સત્‌ને અનેક કહેવામાં આવે છે.

## ઉપસંહાર

**शेषोविधिरुक्तत्वादत्र न निर्दिष्ट एव दृष्टान्तः।**
**अपि गौरवप्रसंगाद्यदि वा पुनरुक्तदोषभयात्॥४९९॥**

**અન્વયાર્થ**—(शेषोविधिः) બાકીની વિધિ (उक्तत्वात्) પૂર્વમાં કહેલી હોવાથી (अपि) તથા (गौरवप्रसंगात्) ગ્રંથમાં ગૌરવતાનો પ્રસંગ આવવાથી (यदि वा) અથવા (पुनरुक्तदोषभयात्) પુનરુક્તિદોષના ભયથી (अत्र) અહીં (दृष्टान्तः एव) તેનું દૃષ્ટાંત જ (न निर्दिष्टः) કહ્યું નથી.

**ભાવાર્થ**—એ પ્રમાણે ૪૯૪મા પદ્યથી માંડીને ૪૯૮મા પદ્ય સુધી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અનેકત્વ સિદ્ધ કર્યું, તથા બાકીની વિધિ કહેલી હોવાના કારણથી અર્થાત્ ઉભય, અનુભય આદિરૂપ બાકીના ભંગોનું કથન પ્રથમ કહેવાઈ ગયું છે, તેથી પુનરુક્તિદોષના ભયથી તથા ગૌરવતાના પ્રસંગની સંભાવનાથી અહીં દૃષ્ટાંતપૂર્વક તેનું કથન કર્યું નથી.

**तस्माद्यदिह सदेकं सदनेकं स्यात्तदेव युक्तिवशात्।**
**अन्यतरस्य विलोपे शेष विलोपस्य दुर्निवारत्वात्॥५००॥**

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (इह) અહીં (यत्) જે (सत्एकं) સત્ એક છે, (तदेव सत्) એ જ સત્ (युक्तिवशात्) યુક્તિવશથી (अनेकं स्यात्) અનેક છે. કારણ કે—એક અને અનેકમાં પરસ્પર સાપેક્ષતા હોવાથી (अन्यतरस्य विलोपे) એ બંનેમાંથી કોઈ એકનો લોપ થતાં (शेषविलोपस्य) બાકીના બીજાનો પણ લોપ થવો (दुर्निवारत्वात्) દુર્નિવાર થઈ જશે અર્થાત્ લોપી શકાશે નહિ.

**ભાવાર્થ**—તેથી આમ સિદ્ધ થાય છે, કે—અહીં જે સત્‌ને એક કહ્યું છે તે જ સત્ યુક્તિપૂર્વક અપેક્ષાવિશેષથી (અપેક્ષાભેદથી) અનેક પણ કહેવામાં આવે છે, તથા એ એક અને અનેક બંને મુખ્યગૌણની વિવક્ષાથી પરસ્પર સાપેક્ષ છે પણ નિરપેક્ષ નથી, તેથી તેમાંના કોઈ એકને નહિ માનતાં બાકીના બીજાની પણ સિદ્ધિ થઈ શકતી નથી. હવે આગળ સર્વથા એક—અનેક માનવામાં દોષ દર્શાવે છે—

## સત્‌ને સર્વથા એક માનવું યુક્તિસંગત નથી

**अपि सर्वथा सदेकं स्यादिति पक्षो न साधनायालम्।**
**इह तदवयवाभावे नियमात्सदवयविनोप्यभावत्वात्॥५०१॥**

**અન્વયાર્થ**—(सत् सर्वथा एकं स्यात्) 'સત્ સર્વથા એક છે' (इति पक्षः अपि) એ પક્ષ પણ (साधनाय अलं न) ઈષ્ટની સિદ્ધિ માટે સમર્થ નથી, કારણ કે—(इह) અહીં (तदवयवाभावे) સત્‌ના અનેકરૂપ અવયવના અભાવમાં (सदवयविनोऽपि) સત્‌રૂપ અવયવીનો પણ (नियमात्) નિયમથી (अभावत्वात्) અભાવ થઈ જશે.

**ભાવાર્થ**—સત્‌ને સર્વથા એક માનવું એ યુક્તિપૂર્વક સિદ્ધ કરી શકાતું નથી, કારણ કે—એક અવયવી છે અને અનેક તેના અવયવ છે, તેથી લોકમાં જેવી રીતે અવયવના અભાવમાં અવયવીની સિદ્ધિ થઈ શકતી નથી, તેવી રીતે અનેકરૂપ અવયવના અભાવમાં અવયવીરૂપ એકની પણ સિદ્ધિ થઈ શકતી નથી. તથા—

## સત્‌ને સર્વથા અનેક માનવું પણ યુક્તિસંગત નથી

**अपि सदनेकं स्यादिति पक्षः कुशलो न सर्वथेति यतः।**
**एकमनेकं स्यादिति नानेकं स्यादनेकमेकैकात्॥५०२॥**

**અન્વયાર્થ**—(सत् अनेकं स्यात्) 'સત્ અનેક છે' (इति पक्षः अपि) એ પક્ષ પણ (सर्वथा इति) 'સર્વથા' એ રૂપથી (कुशलो न) ઠીક નથી, (यतः) કારણ કે—(एकं अनेकं स्यात्) એક દ્રવ્ય જ અનેક ગુણો અને પર્યાયોની વિવક્ષાથી 'અનેક' માનવામાં આવે છે, પરંતુ (एकैकात्) એક એક ગુણ વા પર્યાયના મળવાથી (अनेकं अनेकं न स्यात् इति) અનેક-અનેક માનવામાં આવતું નથી.

**ભાવાર્થ**—જૈનદર્શનમાં એક અખંડ દ્રવ્ય ભિન્ન-ભિન્ન ગુણો તથા પર્યાયોની ભિન્ન-ભિન્ન વિવક્ષાવશ અનેક માન્યું છે, તેથી એક નિરપેક્ષ સર્વથા અનેક માનવું એ યુક્તિસંગત નથી. સર્વથા અનેક માનવું ત્યારે યોગ્ય થઈ શકત કે જ્યારે એક બે (આદિ) મળીને અનેક માનવામાં આવ્યું હોત, પરંતુ એમ તો છે જ નહિ. માટે એકનિરપેક્ષ સર્વથા અનેક માનવું યોગ્ય નથી.

## પ્રમાણ—નયના સ્વરૂપને પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞા

**उक्तं सदिति यथा स्यादेकमनेकं सुप्रसिद्धदृष्टान्तात्।**
**अधुना तद्वाङ्मात्रं प्रमाणनयलक्षणं वक्ष्ये॥५०३॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (सुप्रसिद्धदृष्टांतात्) સુપ્રસિદ્ધ દૃષ્ટાંતોથી (सदिति) 'સત્' એ

(एकं अनेकं) એક તથા અનેકરૂપ (स्यात्) છે, (तथा उक्तं) એમ કહ્યું (अधुना) હવે (वाङ्मात्रं) કેવળ વચનાત્મક (तत् प्रमाणनयलक्षणं) એ પ્રમાણ અને નયના લક્ષણને (वक्ष्ये) કહું છું.

**ભાવાર્થ**—એ પ્રમાણે દૃષ્ટાંતપૂર્વક સત્‌ને એક તથા અનેકરૂપ દર્શાવીને હવે વચનાત્મક પ્રમાણ-નયનું નિરૂપણ કરીએ છીએ—

**इत्युक्तलक्षणेऽस्मिन् विरुद्धधर्मद्वयात्मके तत्वे।**
**तत्राप्यन्यतरस्य स्यादिह धर्मस्य वाचकश्च नयः॥५०४॥**

**અન્વયાર્થ**—(इति) એ પ્રમાણે (उक्तलक्षणे) કહ્યું છે લક્ષણ જેનું એવું (विरुद्धधर्मद्वयात्मके अस्मिन् तत्वे) વિરુદ્ધ બે ધર્માત્મક જે તત્ત્વ છે. (तत्रापि) તે તત્ત્વમાં પણ (इह) અહીં (अन्यतरस्य धर्मस्य च) કોઈ એક ધર્મનો જ (वाचक:) વાચક (नयः स्यात्) નય હોય છે.

**ભાવાર્થ**—પરસ્પર વિરોધી એક—અનેકાદિકધર્માત્મક તત્ત્વનું સ્વરૂપ જે નિરૂપણ કર્યું છે, તેમાંથી કોઈ એક ધર્મના વાચકને નય કહે છે.

## નયના ભેદ

**द्रव्यनयो भावनयः स्यादिति भेदाद्द्विधा च सोऽपि यथा।**
**पौद्गलिकः किल शब्दो द्रव्यं भावश्च चिदिति जीवगुणः॥५०५॥**

**અન્વયાર્થ**—(सोऽपि) તે નય પણ (द्रव्यनयः च भावनयः) દ્રવ્યનય તથા ભાવનય (इति भेदात्) એ પ્રકારના ભેદથી (द्विधास्यात्) બે પ્રકારના છે, (यथा) જેમ કે—(किल) નિશ્ચયથી (पौद्गलिकः शब्दः) 'પૌદ્‌ગલિક શબ્દ' (द्रव्यं) દ્રવ્યનય કહેવાય છે (च) તથા (जीवगुणः) જીવનો ગુણ જે (चिदिति) 'ચૈતન્ય આ છે' તે (भावः) ભાવનય કહેવાય છે.

**ભાવાર્થ**—દ્રવ્યનય તથા ભાવનયના ભેદથી એ નય બે પ્રકારના છે, તેમાં પૌદ્‌ગલિક શબ્દ દ્રવ્યનય તથા જીવનો જ્ઞાનગુણરૂપ ચેતનભાવ, ભાવનય કહેવાય છે અર્થાત્ જ્ઞાનાત્મક અને વચનાત્મકના ભેદથી નય બે પ્રકારના છે, તેમાં વચનાત્મકનય, દ્રવ્યનય તથા જ્ઞાનાત્મકનય, ભાવનય કહેવાય છે.

## બીજા પ્રકારથી નયનું લક્ષણ

**यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोऽस्ति सोप्यपरमार्थः।**
**न यतो ज्ञानं गुण इति शुद्धं ज्ञेयं च किन्तु तद्योगात्॥५०६॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા (ज्ञानविकल्पः) જ્ઞાનના વિકલ્પનું નામ (नयः) નય છે,

તથા (सः विकल्पः अपि) એ વિકલ્પ પણ (अपरमार्थः अस्ति) પરમાર્થભૂત નથી, (यतः) કારણ કે એ જ્ઞાનવિકલ્પરૂપ નય (शुद्धं ज्ञानं गुण इति) શુદ્ધ જ્ઞાનગુણ (च) તથા (ज्ञेयं) જ્ઞેય પણ (न) નથી, (किंतु) પરંતુ (तद्योगात्) જ્ઞેયના સંબંધથી થવાવાળા જ્ઞાનના વિકલ્પનું નામ નય છે.

**ભાવાર્થ**—અથવા જ્ઞાનવિકલ્પને નય કહે છે, તથા એ વિકલ્પ, રાગ હોવાથી અને અભેદવસ્તુમાં ભેદ પાડતો હોવાથી પરમાર્થભૂત નથી, કારણ કે શુદ્ધજ્ઞાન તથા જ્ઞેયને નય કહેતાં નથી પણ જ્ઞેયમાં અટકીને (રોકાઈને) થતાં શ્રુતજ્ઞાનના વિકલ્પને નય કહે છે. તેનો ખુલાસો—

**ज्ञानविकल्पो नय इति तत्रेयं प्रक्रियापि संयोज्या।**
**ज्ञानं ज्ञानं न नयो नयोपि न ज्ञानमिह विकल्पत्वात्।।५०७।।**

**અન્વયાર્થ**—(ज्ञानविकल्पः नयः इति) 'જ્ઞાનના વિકલ્પનું નામ નય છે' એમ જે કહ્યું છે (तत्र) ત્યાં (इयं) આ (प्रक्रिया अपि) પ્રક્રિયા પણ (संयोज्या) લગાવવી જોઈએ, કારણ કે—(इह) જ્ઞાનમાં (विकल्पत्वात्) વિકલ્પ હોવાથી અર્થાત્ જ્ઞાનનો વિકલ્પ નય હોવાથી પણ (ज्ञानं ज्ञानं) જ્ઞાન, જ્ઞાન જ છે; (नयः न) નય નથી તથા (नयोऽपि) નય પણ નય જ છે, (ज्ञानं न) જ્ઞાન નથી.

**ભાવાર્થ**—જ્ઞાનના વિકલ્પને નય કહેવાના વિષયમાં આ પ્રક્રિયા (શૈલી) વિશેષ લગાવવી જોઈએ કે—નય, વિકલ્પાત્મક છે તેથી વાસ્તવમાં જ્ઞાન, જ્ઞાન છે પણ નય કહી શકાતું નથી તથા નય, નય છે પણ જ્ઞાન કહી શકાતો નથી, પરંતુ જ્ઞેયના આશ્રયથી થવાવાળા રાગસહિતના શ્રુતજ્ઞાનના એક અંશને નય કહે છે.

**उन्मज्जति नयपक्षो भवति विकल्पो विवक्षितो हि यदा।**
**न विवक्षितो विकल्पः स्वयं निमज्जति तदा हि नयपक्षः।।५०८।।**

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (यदा) જે સમયે (विकल्पः विवक्षितः भवति) વિકલ્પ વિવક્ષિત થાય છે, તે સમયે (नयपक्षः) નયપક્ષ (उन्मज्जति) ઉદયને પ્રાપ્ત થાય છે તથા જે સમયે (विकल्पः विवक्षितः न भवति) વિકલ્પ વિવક્ષિત થતો નથી, (तदा) તે સમયે (हि) નિશ્ચયથી (नयपक्षः) નયપક્ષ (स्वयं निमज्जति) સ્વયં અસ્તને પ્રાપ્ત થાય છે અર્થાત્ ડૂબી જાય છે.

**ભાવાર્થ**—જે સમયે વિકલ્પ વિવક્ષિત થાય છે તે સમયે નયપક્ષનો ઉદય થાય છે તથા જે સમયે વિકલ્પની વિવક્ષા રહેતી નથી. તે સમયે નયપક્ષ સ્વયં વિલયમાન થઈ જાય છે. (પક્ષનો અર્થ અહીં રાગ સમજવો.) અહીં દૃષ્ટાંત—

**વિશેષાર્થ**—જે સમયે વિકલ્પ વિવક્ષિત થાય છે તે સમયે નયપક્ષ પણ પ્રગટ થાય છે. જે સમયે વિકલ્પ વિવક્ષિત થતો નથી તે સમયે નયપક્ષ પણ સ્વયં છૂપાઈ જાય છે અર્થાત્ જ્યાં

પદાર્થ કોઈ અપેક્ષા વિશેષથી વિવક્ષિત થાય છે ત્યાં જ નયપક્ષ સ્વકાર્યદક્ષ થાય છે.

**संदृष्टिः स्पष्टेयं स्यादुपचाराद्यथा घटज्ञानम्।**
**ज्ञानं ज्ञानं न घटो घटोऽपि न ज्ञानमस्ति स इति घटः॥५०९॥**

**અન્વયાર્થ**—(इयं संदृष्टिः) ઉપરના કથનમાં આ દૃષ્ટાંત (स्पष्टस्यात्) સ્પષ્ટ છે, કે—(यथा) જેમ (उपचारात्) ઘટને વિષય કરવાવાળા જ્ઞાનને ઉપચારથી (घट ज्ञानं) ઘટજ્ઞાન કહે છે, પરંતુ યથાર્થમાં (ज्ञानं ज्ञानं) જ્ઞાન, જ્ઞાન છે (घटः न) ઘટ નથી, તથા (घटोऽपि) ઘટ પણ (ज्ञानं न अस्ति) જ્ઞાન નથી, પરંતુ (सः घटः इति) તે ઘટ જ છે.

**ભાવાર્થ**—જેમ કે—ઘટને વિષય કરવાના કારણથી જ્ઞાન, ઉપચારથી ઘટજ્ઞાન કહેવાય છે પણ વાસ્તવમાં જ્ઞાન, ઘટ થઈ શકતું નથી તથા ઘટ, જ્ઞાન થઈ શકતો નથી; પરંતુ જ્ઞાન, જ્ઞાન જ રહે છે તથા ઘટ, ઘટ જ રહે છે. કેવળ ઉપચારથી, ઘટને વિષય કરવાનાં કારણથી જ્ઞાન, ઘટજ્ઞાન કહેવાય છે.

**વિશેષાર્થ**—જ્ઞાનનો સ્વભાવ જાણવું છે. દરેક વસ્તુ તેનું જ્ઞેય બને છે. તો પછી ઘટનો વિષય કરનાર જ્ઞાનને ઘટજ્ઞાન શા માટે કહેવામાં આવે છે? ઉત્તર—ઉપચારથી. ઉપચારનું કારણ પણ વિકલ્પ છે. જોકે ઘટથી જ્ઞાન સર્વથા ભિન્ન છે તો પણ જ્ઞાનમાં ઘટ, આ વિકલ્પ અવશ્ય પડ્યો છે, તેથી જ તે જ્ઞાનને ઘટજ્ઞાન કહી દેવામાં આવે છે.

તાત્પર્ય કે—

**इदमत्र तु तात्पर्यं हेयः सर्वो नयो विकल्पात्मा।**
**बलवानिव दुर्वारः प्रवर्तते किल तथापि बलात्॥५१०॥**

**અન્વયાર્થ**—(अत्र तु इदं तात्पर्यं) અહીં આ તાત્પર્ય છે, કે—જોકે (विकल्पात्मा) વિકલ્પ આદિ (सर्वः नयः) બધાય નયો (हेयः) હેય છે, (तथापि) તોપણ એ નયો (दुर्वारः बलवान इव) દુર્વારરૂપ બળવાનની માફક (किल) નિશ્ચયથી (बलात्) બળપૂર્વક (प्रवर्तते) પ્રવૃત્ત થાય છે.

**ભાવાર્થ**—ઉપરના કથનથી તાત્પર્ય આ છે, કે—જોકે રાગયુક્ત બધાય નયો હેય છે, તોપણ દુર્વારયોદ્ધાની માફક તેની બળપૂર્વક પ્રવૃત્તિ જોવામાં આવે છે. અર્થાત્ ગુરુ-શિષ્યની પ્રવૃત્તિવશ અથવા પોતે વિચાર કરવામાં નયોની પ્રવૃત્તિ રોકી શકાતી નથી. રાગરહિત પણ નય હોય છે, પરંતુ તે આ અધ્યાયમાં લીધા નથી.

### નય, વિકલ્પાત્મક કેમ છે ?

**अथ तद्यथा यथा सत्सन्मात्रं मन्यमान इह कश्चित्।**
**न विकल्पमतिक्रामति सदिति विकल्पस्य दुर्निवारत्वात्॥५११॥**

**स्थूलं वा सूक्ष्मं वा बाह्यान्तर्जल्पमात्रवर्णमयम् ।**
**ज्ञानं तन्मयमिति वा नयकल्पो वाग्विलासत्वात् ॥५१२॥**

**અન્વયાર્થ**—(अथ तद्यथा) હવે તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે—(यथा) જેમ (इह) અહીં (सत्) સત્‌ને (सन्मात्रं मन्यमानः) સત્ માત્ર માનવાવાળો (कश्चित्) કોઈ (विकल्पं न अतिक्रामति) વિકલ્પને ઉલ્લંઘન કરી શકતો નથી, કારણ કે—તેને પણ (सदिति) સત્, એ (विकल्पस्य) વિકલ્પ (दुर्निवारत्वात्) દુર્નિવાર છે.

(तथा) તેવી જ રીતે (स्थूलं वा सूक्ष्मं वा) સ્થૂળ અથવા સૂક્ષ્મ પણ જે (बाह्यान्तर्जल्पमात्रवर्णमयं) સંપૂર્ણ બાહ્યજલ્પાત્મક વર્ણવિકાર અને અંતર્જલ્પાત્મક વર્ણવિકાર તથા (तन्मयं ज्ञानं) તદાકાર જ્ઞાન (इति वा) એ પણ અર્થાત્ એ ત્રણે (वाग्विलासत्त्वात्) વચનના વિલાસ હોવાથી તદનુકૂળ અંશાત્મક જ્ઞાન હોવાથી (नयकल्पः) નયના વિકલ્પ છે.

**ભાવાર્થ**—જેમ કે—કેવળ સત્‌ને, સત્‌રૂપ જ માનવાવાળી કોઈ વ્યક્તિ વિકલ્પકોટિની બહાર કહી શકાતી નથી, કારણ કે—તેને પણ ‘સત્’ એ વિકલ્પ કોઈ પ્રકારથી રોક્યો જતો નથી, એ જ પ્રમાણે બાહ્યજલ્પાત્મક અને અન્તર્જલ્પાત્મકવાક્ય તથા એ વાક્યોના આકારનું જ્ઞાન એ બધા વચનવિલાસ હોવાના કારણથી નયના વિકલ્પ છે, અર્થાત્ વિકલ્પપણાનું ઉલ્લંઘન કરી શકતા નથી. અથવા—

**વિશેષાર્થ**—બધા વિકલ્પોની જાળ ભેદી જ્ઞાનોને છોડી ફક્ત જે પદાર્થને સન્માત્ર જ સમજ્યો છે તેનું જ્ઞાન પણ વિકલ્પાત્મક જ છે, કેમ કે તેના જ્ઞાનમાં સત્, એ વિકલ્પ આવી ગયો છે. સત્ પણ પદાર્થનો એક અંશ જ છે. વાચક તથા વાચ્ય બોધ બંનેય નયાત્મક છે.

**अवलोक्य वस्तुधर्मं प्रतिनियतं प्रतिविशिष्टमेकैकम् ।**
**संज्ञाकरणं यदि वा तद्वागुपचर्यते च नयः ॥५१३॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા (प्रतिनियतं) પ્રતિનિયત (प्रतिविशिष्टं) પોતપોતાની વિશિષ્ટતાઓથી યુક્ત (एकैकं) પ્રત્યેક (वस्तुधर्मं) વસ્તુધર્મને (अवलोक्य) દેખીને જે (संज्ञाकरणं) જ્ઞાનમાં સંજ્ઞા કરવી તે (च) તથા (तद्वाक्) તેનું વાચક વચન પણ (नयः उपचर्यते) ઉપચારથી નય કહેવાય છે.

**ભાવાર્થ**—અથવા વસ્તુના પ્રત્યેક વિશેષધર્મને અવલોકન કરીને જે જ્ઞાનાકાર સંજ્ઞાકરણ તથા તેના પ્રતિપાદક વચનને જ ઉપચારથી નય કહે છે, અર્થાત્ પ્રતિનિયત ધર્મવિશેષને અવલંબન કરીને ઉત્પન્ન થવાવાળું જ્ઞાન તથા તેને પ્રતિપાદન કરવાવાળું વચન, નય કહેવાય છે. દૃષ્ટાંત—

**अथ तद्यथा यथाग्नेरौष्ण्यं धर्मं समक्षतोऽपेक्ष्य।**
**उष्णोऽग्निरिति वागिह तज्ज्ञानं वा नयोपचारः स्यात्॥५१४॥**

**અન્વયાર્થ**—(अथ तद्यथा) હવે તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે—(यथा) જેમ (इह) અહીં (समक्षतः) પ્રત્યક્ષથી (अग्नेः) અગ્નિનો (औष्ण्यं धर्मं अपेक्ष्य) ઉષ્ણતારૂપ ધર્મ જોઈને (अग्निः उष्णः) 'અગ્નિ ઉષ્ણ છે,' (इति वाक्) એ પ્રકારનું વચન (वा) અથવા (तज्ज्ञानं) એ વચનાનુસારી જ્ઞાન (नयोपचारः स्यात्) નયોપચાર છે.

**ભાવાર્થ**—જેમ અગ્નિનો ઉષ્ણતા ધર્મ જોઈને 'અગ્નિ ઉષ્ણ છે' એ આકારવાળું જ્ઞાન તથા એ જ્ઞાનનો વાચક 'उष्णोग्नि' એ વચન બંને ઉપચારથી નય કહેવાય છે.

**વિશેષાર્થ**—અગ્નિમાં દીપન, પાચન, પ્રકાશન, બાળવું, ઉષ્ણતા, આદિ અનેક ગુણ છે, પરંતુ કોઈ વિવક્ષિત ધર્મથી જ્યારે તેનું કથન થાય છે ત્યારે તે અગ્નિ માત્ર તેટલી જ માનવામાં આવે છે. એ જ પ્રમાણે જીવને જ્ઞાની કહેતાં તેમાં અનેક ગુણ રહેતા હોવા છતાં પણ તે જ્ઞાનમય જ મનાય છે, તેથી આ બધું કથન તથા એવું જ્ઞાન નયરૂપ જ છે.

**इह किल छिदानिदानं स्यादिह परशुः स्वतंत्र एव यथा।**
**न तथा नयः स्वतंत्रो धर्मविशिष्टं करोति वस्तुबलात्॥५१५॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (इह) આ લોકમાં (किल) નિશ્ચયથી (छिदानिदानं) ભેદનું કારણ (परशुः) ફરશી (स्वतंत्र एव) સ્વતંત્ર જ (स्यात्) હોય છે, (तथा) તેમ (इह) અહીં (नयः) નય (स्वतंत्रः) સ્વતંત્ર હોઈને (वस्तु) વસ્તુને (बलात्) બળપૂર્વક (धर्मविशिष्टं न करोति) ધર્મવિશિષ્ટ કરતા નથી.

**ભાવાર્થ**—જેમ ભેદનું કારણ ફરસી સ્વતંત્ર છે તેમ નય સ્વતંત્ર હોઈને વસ્તુને બળપૂર્વક ધર્મવિશિષ્ટ કરતા નથી, પરંતુ વસ્તુમાં અનંત ધર્મ હોવાથી તથા શબ્દમાં એકસાથે સર્વ ધર્મોનું પ્રતિપાદન કરવાની શક્તિ નહિ હોવાથી, વસ્તુમાં રહેલા એક એક વિશેષધર્મની અપેક્ષાથી જ થવાવાળું જ્ઞાન તથા તદનુસાર કહેવાવાળો શબ્દ ઉપચારથી નય કહેવાય છે.

એ પ્રમાણે ૫૦૪ મા પદ્યથી માંડી અહીં સુધી જ્ઞાનાત્મક તથા વચનાત્મક બંને પ્રકારના નયોને વિકલ્પાત્મક સિદ્ધ કરીને, હવે ક્રમપૂર્વક નયોનું વર્ણન કરવા માટે પ્રથમ નયોના મૂળભેદોનું વર્ણન કરે છે.

**વિશેષાર્થ**—ફરસી ચલાવવામાં એ જરૂરી નથી, કે તે કોઈ બીજા હથિયારની અપેક્ષા રાખીને જ છેદન ક્રિયા કરે, પરંતુ નયનો પ્રયોગ સ્વતંત્ર થઈ શકતો નથી. કોઈ વિશેષ અપેક્ષા વિના નય પ્રયોગ થઈ શકતો નથી. નય પ્રયોગમાં વિશેષ અપેક્ષા અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા

આવશ્યક છે, તેથી છેદન ક્રિયામાં ફરસીની જેમ નય સ્વતંત્ર નથી, પરંતુ વિવક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે. જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે, તેને નય જ કહેવો ન જોઈએ અથવા મિથ્યાનય કહેવો જોઈએ.

**एकः सर्वोऽपि नयो भवति विकल्पाविशेषतोऽपि नयात्।**
**अपि च द्विविधः स यथा स्वविषयभेदे विकल्पद्वैविध्यात्॥५१६॥**

**एकोद्रव्यार्थिक इति पर्यायार्थिक इति द्वितीयः स्यात्।**
**सर्वेषां च नयानां मूलमिवेदं नयद्वयं यावत्॥५१७॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (विकल्पाविशेषतोऽपिनयात्) વિકલ્પ સામાન્યરૂપ નયના લક્ષણની અપેક્ષાએ અર્થાત્ વિકલ્પાત્મકજ્ઞાનની અપેક્ષાએ (सर्वोऽपि नयः) સંપૂર્ણ નયો (एकः भवति) એક હોય છે, એ જ પ્રમાણે (स च) એ બધા નય (स्वविषयभेदे) પોતાના વિષયનો ભેદ થતાં (विकल्पद्वैविध्यात्) વિકલ્પના દ્વિવિધપણાથી અર્થાત્ બે પ્રકારનો વિકલ્પ થવાથી (एकोद्रव्यार्थिक इति) એક દ્રવ્યાર્થિક તથા (द्वितीयः पर्यायार्थिकः) બીજો પર્યાયાર્થિક (इति) એ પ્રમાણે (द्विविधः अपि स्यात्) બે પ્રકારના પણ હોય છે (च) તથા (सर्वेषां नयानां) સંપૂર્ણ નયોનું (इदंनयद्वयं यावत्) આ બે નયો સુધી (मूलं इव) મૂળસ્થાન છે.

**ભાવાર્થ**—વિકલ્પ સામાન્યની અપેક્ષાએ નય એક છે તથા વિષયભેદના કારણથી તે નય, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ભેદથી બે પ્રકારના છે, તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બંને નયો બધાય નયોનું મૂળ છે.

### દ્રવ્યાર્થિકનયનો નિરુક્તિ અર્થ

**द्रव्यं सन्मुख्यतया केवलमर्थः प्रयोजनं यस्य।**
**भवति द्रव्यार्थिक इति नयः स्वधात्वर्थसंज्ञकश्चैकः॥५१८॥**

**અન્વયાર્થ**—(मुख्यतया) મુખ્યપણે (केवलं) કેવળ (द्रव्यं) દ્રવ્ય, (सत्) સત્ છે (अर्थः) અર્થ, અર્થાત્ (प्रयोजनं यस्य) પ્રયોજન જેનું એવો (इति) આ (स्वधात्वर्थ संज्ञकः) પોતાની ધાતુના અર્થ અનુસાર સંજ્ઞાવાળો (द्रव्यार्थिकः नयः) દ્રવ્યાર્થિકનય (भवति) છે (च) તથા એ (एकः) એક છે.

**ભાવાર્થ**—પર્યાયસાપેક્ષપણે દ્રવ્યને મુખ્યતાથી વિષય કરવાવાળા નયને દ્રવ્યાર્થિકનય કહે છે. દ્રવ્યાર્થિક શબ્દ 'દ્રવ્ય' અને 'અર્થ' એ બે શબ્દોથી બન્યો છે. મુખ્યપણે દ્રવ્ય છે અર્થ એટલે પ્રયોજન જેનું તેને દ્રવ્યાર્થિક કહે છે, તેથી દ્રવ્યાર્થિકશબ્દ અન્વર્થશબ્દ છે, દ્રવ્ય શબ્દ સામાન્યનો વાચક છે, તેથી સામાન્યતત્ત્વને વિષય કરવાવાળા નયને દ્રવ્યાર્થિકનય કહે છે. આ

નય સામાન્યતત્ત્વને વિષય કરવાવાળો હોવાથી અભેદતાનો સાધક છે, તેથી તે એક જ છે પણ અનેક નથી.

### પર્યાયાર્થિકનયનો નિરુક્તિ અર્થ

**अंशाः पर्याया इति तन्मध्ये यो विवक्षितोंऽशः सः।**
**अर्थो यस्येति मतः पर्यायार्थिकनयस्त्वनेकश्च ॥५१९॥**

**અન્વયાર્થ**—(अंशाः पर्यायाः) 'અંશ' નામ પર્યાયોનું છે, (इति) તેથી (तन्मध्ये) તે અંશોની મધ્યમાં (विवक्षितः) વિવક્ષિત (सः) જે (अंशः) અંશ છે, (सः) તે અંશ છે. (अर्थः यस्य) પ્રયોજન જેનું એવો (इति) આ (पर्यायार्थिकः नयः मतः) પર્યાયાર્થિકનય માનવામાં આવ્યો છે (तु) તથા તે (अनेकश्च) અનેક પણ છે.

**ભાવાર્થ**—દ્રવ્યસાપેક્ષપણે પર્યાયને વિષય કરવાવાળા નયને પર્યાયાર્થિકનય કહે છે, આ નય ભેદ-પ્રભેદોને વિષય કરે છે, તેથી અનેક છે. અંશો અનેક છે, તેથી આ નય અનેક છે. હવે ગ્રંથકાર પ્રતિજ્ઞા કરે છે—

**अधुना रूपदर्शनं सन्दृष्टिपुरस्सरं द्वयोर्वक्ष्ये।**
**श्रुतपूर्वमिव सर्वं भवति च यद्वाऽनुभूतपूर्वं तत् ॥५२०॥**

**અન્વયાર્થ**—(अधुना) ગ્રંથકાર કહે છે, કે—હવે હું આ સમયે (संदृष्टि पुरस्सरं) દૃષ્ટાંતપૂર્વક (द्वयोः) એ બંને નયોના (रूपदर्शनं) સ્વરૂપને (वक्ष्ये) કહું છું, (तत्) તેથી (तत्सर्वं च) તે સર્વ કથન કહેવા—સાંભળવાવાળાને (अनुभूतपूर्वं इव) પૂર્વમાં અનુભવ કર્યા બરાબર (वा) અથવા (श्रुतपूर्वं इव) પૂર્વમાં સાંભળ્યા બરાબર (भवति) થાય છે.

**ભાવાર્થ**—સર્વને પૂર્વાનુભૂત તથા પૂર્વશ્રુતની માફક પ્રતીત થાય, એવી રીતે ગ્રંથકાર દૃષ્ટાંતપૂર્વક હવે એ બંને નયોનું લક્ષણ કહે છે.

### વ્યવહારનય, પર્યાયાર્થિકનયનું જ નામ છે

**पर्यायार्थिकनय इति यदि वा व्यवहार एव नामेति।**
**एकार्थो यस्मादिह सर्वोप्युपचारमात्रः स्यात् ॥५२१॥**

**અન્વયાર્થ**—(पर्यायार्थिक इति नयः) 'પર્યાયાર્થિક' એ નય (यदि वा) અથવા (व्यवहार इति नाम) 'વ્યવહાર' એ સંજ્ઞા, એ પ્રમાણે એ બંને (एकार्थः एव) એક જ અર્થના વાચક છે. (यस्मात्) કારણ કે—(इह) અહીં (सर्वोऽपि) બધાય વ્યવહાર (उपचारमात्रः स्यात्) કેવળ ઉપચારરૂપ થાય છે.

**ભાવાર્થ**—અહીં પર્યાયાર્થિકનય અને વ્યવહારનો એક જ અર્થ છે, કારણ કે પર્યાયાર્થિકનય સંબંધી બધોય વ્યવહાર કેવળ ઉપચારથી થાય છે. વ્યવહાર, ભેદથી કથન કરે છે પણ વસ્તુ ભેદરૂપ નથી, તેથી ભેદને ઉપચાર કહેવામાં આવે છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયોમાંથી પહેલાં પર્યાયાર્થિકનયનું નિરૂપણ કરવાનું પ્રયોજન એ છે, કે—પર્યાયાર્થિકનય પ્રતિષેધ્ય તથા દ્રવ્યાર્થિકનય પ્રતિષેધક છે.

## વ્યવહારનો અન્વર્થ અર્થ

**व्यवहरणं व्यवहारः स्यादिति शब्दार्थतो न परमार्थः।**
**स यथा गुणगुणिनोरिह सदभेदे भेदकरणं स्यात्॥५२२॥**

**અન્વયાર્થ**—(व्यवहरणं व्यवहारः इति) વિધિપૂર્વક ભેદ કરવાનું નામ વ્યવહાર છે. (इति) એ (शब्दार्थतः स्यात्) શબ્દાર્થથી અર્થાત્ 'વ્યવહાર' શબ્દની નિરુક્તિથી કહેવામાં આવે છે પણ (परमार्थः न) વાસ્તવિક નથી, (यथा) જેમ કે (इह) અહીં (गुणगुणिनो) ગુણ અને ગુણીમાં (सदभेदे) સત્‌રૂપથી અભેદ હોવા છતાં (सत् भेदकरणं) સત્‌માં જે ભેદ કરવો, તે (सः) વ્યવહારનય (स्यात्) કહેવાય છે.

**ભાવાર્થ**—વિધિપૂર્વક ભેદ કરવો તેને વ્યવહાર કહે છે, એ વ્યવહાર શબ્દનો નિરુક્ત અર્થ છે. ગુણ-ગુણીમાં સત્‌રૂપથી અભેદતા હોવા છતાં પણ ભેદ કરવો એ વ્યવહારનયનો અર્થ છે પણ વસ્તુમાં વાસ્તવિકપણે ભેદ થતો નથી, તેથી તે ભેદ પરમાર્થ નથી. ભેદ તો અભેદતા સમજાવવા માટે પાડવામાં આવે છે. હવે આગળ વ્યવહારનું કારણ અને પ્રયોજન દર્શાવે છે—

## વ્યવહારમાં કારણ

**साधारणगुण इति वा यदि वाऽसाधारणः सतस्तस्य।**
**भवति विवक्ष्यो हि यदा व्यवहारनयस्तदा श्रेयान्॥५२३॥**

**અન્વયાર્થ**—(यदा) જે સમયે (तस्य सतः) એ સત્‌ના (साधारणगुणः) સાધારણ ગુણ (यदि वा) અથવા (असाधारणः इति वा) અસાધારણ ગુણ એ બંને ગુણોમાંથી કોઈ એક ગુણપણ (विवक्ष्यो भवति) વિવક્ષિત થાય છે, (तदा) તે સમયે (हि) નિશ્ચયથી (व्यवहारनयः) વ્યવહારનય (श्रेयान्) ઠીક કહેવાય છે.

**ભાવાર્થ**—સત્‌ના સાધારણ અને અસાધારણ બે પ્રકારના ગુણો છે, હવે એ બંને પ્રકારના ગુણોમાંથી કોઈ પણ એક ગુણ વિવક્ષિત થતાં જે વ્યવહાર કરવામાં આવે છે તે જ વ્યવહાર, વ્યવહારનય કહેવાય છે બીજો નહિ.

## વ્યવહારનું પ્રયોજન

**फलमास्तिक्यमतिः स्यादनंतधर्मैकधर्मिणस्तस्य।**
**गुणसद्भावे नियमात्द्रव्यास्तित्वस्य सुप्रतीतत्वात्॥५२४॥**

**અન્વયાર્થ**—(अनंतधर्मैक धर्मिणः) અનંતધર્મવાળા એકધર્મીના વિષયમાં (आस्तिक्यमतिः) આસ્તિક્યબુદ્ધિ થવી એ જ (तस्य फलंस्यात्) આ વ્યવહારનયનું ફળ છે, કારણ કે (गुणसद्भावे) ગુણોનું અસ્તિત્વ માનતાં જ (नियमात्) નિયમથી (द्रव्यास्तित्वस्य) દ્રવ્યનું અસ્તિત્વ (सुप्रतीतत्वात्) સુપ્રતીત થાય છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત પ્રકારના વ્યવહારને માનવાનું પ્રયોજન આ છે, કે—'વસ્તુમાં અનંત ધર્મો હોવા છતાં તે એક અખંડ વસ્તુ છે' એવી પ્રતીતિ કરવી, અર્થાત્ ગુણ-ગુણી અભેદ હોવાથી ગુણોને જાણતાં ગુણીની સુપ્રતીત જીવને થાય તો આ વ્યવહારનયનું યથાર્થ ફળ આવ્યું કહેવાય. વ્યવહારના આશ્રયનું ફળ વિકલ્પ-રાગદ્વેષ છે, માટે ભેદનો આશ્રય ન કરતાં અર્થાત્ આ નય દ્વારા કહેલા ગુણના ભેદમાં ન રોકાતાં અભેદદ્રવ્યની પ્રતીતિ કરવી તે આ નયના જ્ઞાનનું ફળ છે, આ ફળ ન આવે તો આ નયજ્ઞાન યથાર્થ નથી.

## વ્યવહારનયના ભેદ તથા સદ્ભૂત વ્યવહારનયનું લક્ષણ

**व्यवहारनयो द्वेधा सद्भुतस्त्वथ भवेदसद्भूतः।**
**सद्भूतस्तद्गुण इति व्यवहारस्तत्प्रवृत्तिमात्रत्वात्॥५२५॥**

**અન્વયાર્થ**—(सद्भूतः) સદ્ભૂત (अथ तु) તથા (असद्भूतः) અસદ્ભૂત એ પ્રકારથી (व्यवहार नयः) વ્યવહારનય (द्वेधा) બે પ્રકારના (भवेत्) છે, તેમાંથી (तद्गुणः सद्भूतः इति) વિવક્ષિત વસ્તુના ગુણોનું નામ સદ્ભૂત તથા (तत्प्रवृत्तिमात्रत्वात्) એ ગુણોની પ્રવૃત્તિમાત્રનું નામ (व्यवहारः) વ્યવહાર છે.

**ભાવાર્થ**—વ્યવહારનયના બે ભેદ છે, એક સદ્ભૂત વ્યવહારનય તથા બીજો અસદ્ભૂત વ્યવહારનય, તેમાંથી વિવક્ષિત કોઈ દ્રવ્યના ગુણોની પ્રવૃત્તિમાત્ર કરવાવાળા નયનું નામ સદ્ભૂત વ્યવહારનય છે. પ્રવૃત્તિ પછી 'માત્ર' શબ્દ એટલા માટે છે, કે—આ નયના કથનમાં ગુણના ભેદની પ્રવૃત્તિ છે પણ તેનું પ્રયોજન ભેદ સમજાવવાનું નથી, પરંતુ ગુણ-ગુણીને અભેદરૂપ સમજાવવાનું છે.

**વિશેષાર્થ**—કોઈ દ્રવ્યના ગુણ તે જ દ્રવ્યમાં વિવક્ષિત કરવાનું નામ જ સદ્ભૂત વ્યવહારનય છે. આ નય તે જ વસ્તુના ગુણોનું વિવેચન કરે છે તેથી યથાર્થ છે. આ નયમાં અયથાર્થપણું કેવળ એટલું છે કે એ અખંડ વસ્તુમાંથી ગુણ ગુણીનો ભેદ કરે છે.

## સદ્‌ભૂત વ્યવહારનયનું કારણ

**अत्र निदानं च यथा सदसाधारणगुणो विवक्ष्यः स्यात्।**
**अविवक्षितोऽथवापि च सत्साधारणगुणो न चान्यतरात्॥५२६॥**

**અન્વયાર્થ**—(अत्र) આ સદ્‌ભૂત વ્યવહારનયની પ્રવૃત્તિમાં (निदानं च) કારણ પણ આ છે, કે (यथासदसाधारण) જેમ સત્‌ના કોઈ અસાધારણગુણની (विवक्षाः स्यात्) વિવક્ષા કરવામાં આવે છે, (अपि च) તેમ (सत् साधारणगुणो) સત્‌ના કોઈ સાધારણગુણની (अविवक्षित) વિવક્ષા કરવામાં આવતી નથી, (अथवा) તેમ જ (न च अन्यतरात्) બીજા કોઈની પણ વિવક્ષા કરવામાં આવતી નથી.

**ભાવાર્થ**—ગુણ-ગુણીનો ભેદ કરવામાં આવે તે વ્યવહારનય છે એમ પદ્ય ૫૨૨માં જણાવ્યું છે અને તેથી દ્રવ્યના અસ્તિત્વની સુપ્રતીતિ થાય છે એ તેનું પ્રયોજન છે, એમ પદ્ય ૫૨૪માં જણાવ્યું છે. અહીં સદ્‌ભૂત વ્યવહારનયનું કારણ તે દ્રવ્યનો અસાધારણગુણ જણાવ્યો છે, કેમ કે અસાધારણગુણ વડે તે દ્રવ્યને બીજાં દ્રવ્યોથી ભિન્ન ઓળખી શકાય છે. તે દ્રવ્ય બીજાં દ્રવ્યોથી જુદું છે એમ સિદ્ધ થતાં બીજાં દ્રવ્યોની તેમાં નાસ્તિ છે, એવી નિષેધબુદ્ધિ ઉત્પન્ન થાય છે. (જુઓ પદ્ય ૫૨૭) સાધારણગુણથી તે દ્રવ્યની સાબિતી થાય પણ તેને બીજાં દ્રવ્યોથી ભિન્ન જાણી શકાય નહિ, તેથી સાધારણગુણની વ્યાખ્યા હોય ત્યારે તેને સામાન્યપણે વ્યવહારનય કહી શકાય, પણ સદ્‌ભૂત વ્યવહારનય કહી શકાય નહિ. રાગદ્વેષવિકારાદિ આ નયનો વિષય નથી, એમ બતાવવા માટે 'न च अन्यतरात्' પદ વાપર્યું છે, કારણ કે તે રાગાદિ અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. (જુઓ પદ્ય ૫૨૯-૫૩૦)

## સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન

**अस्यावगमे फलमिति तदितरवस्तुनि निषेधबुद्धिः स्यात्।**
**इतरविभिन्नो नय इति भेदाभिव्यंजको न नयः॥५२७॥**

**અન્વયાર્થ**—(अस्यावगमे इति फलं) તે અનુસાર જ્ઞાન થતાં અર્થાત્ આ નયનું પ્રયોજન એ છે, કે (तदितरवस्तुनि निषेधबुद्धिः स्यात्) તેનાથી અન્ય વસ્તુમાં નિષેધબુદ્ધિ થઈ જાય છે, કારણ કે (इतरविभिन्नः नयः) બીજાથી વિભિન્ન થવું તે નય છે, પરંતુ (भेदाभिव्यंजको नयः न) નય કાંઈ એક વસ્તુમાં ભેદ જણાવનાર નથી.

**ભાવાર્થ**—સદ્‌ભૂત વ્યવહારનય વસ્તુના વિશેષગુણોનું વિવેચન કરે છે, તેથી એ વસ્તુ પોતાના વિશેષગુણો દ્વારા અન્ય વસ્તુથી ભિન્ન જ પ્રતીત થવા લાગે છે. જેમ કે જીવનો જ્ઞાનગુણ આ નય દ્વારા વિવક્ષિત થતાં તે જીવને બીજા પુદ્‌ગલાદિ દ્રવ્યોથી ભિન્ન સિદ્ધ કરે

છે, પરંતુ એમ નથી કે જીવને તેના પોતાના ગુણોથી જ જુદો સિદ્ધ કરે છે.

**अस्तमितसर्वसंकरदोषं क्षतसर्वशून्यदोषं वा।**
**अणुरिव वस्तुसमस्तं ज्ञानं भवतीत्यनन्यशरणमिदम्॥५२८॥**

**અન્વયાર્થ**—(अस्तमितसर्वसंकरदोषं) સંપૂર્ણ સંકરદોષથી રહિત (वा) તથા (क्षतसर्वशून्यदोषं) સર્વશૂન્યદોષોથી રહિત (इदं समस्तं वस्तु) આ સંપૂર્ણ વસ્તુ આ સદ્‌ભૂત વ્યવહારનયના કારણથી (अणुरिव) અણુની માફક (अनन्यशरणं) અનન્યશરણ છે અર્થાત્ કોઈ-કોઈ વસ્તુનું શરણ નથી, (इति ज्ञानं भवति) એવું જ્ઞાન થાય છે.

**ભાવાર્થ**—સારાંશ આ છે, કે સદ્‌ભૂત વ્યવહારનયના કારણથી સમસ્ત વસ્તુ નિર્દોષતાપૂર્વક સ્વતંત્ર અનન્યશરણ પ્રતીત થવા લાગે છે.

એ પ્રમાણે સદ્‌ભૂત વ્યવહારનયનું નિરૂપણ કરીને હવે આગળ અસદ્‌ભૂત વ્યવહારનયનું નિરૂપણ કરે છે.

### અસદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ

**अपि चाऽसद्भूतादि व्यवहारान्तो नयश्च भवति यथा।**
**अन्यद्रव्यस्य गुणाः संजायन्ते बलात्तदन्यत्र॥५२९॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા એ (असद्भूतादिव्यवहारान्तः नयश्च भवति) અસદ્‌ભૂત વ્યવહારનય છે, કે (यतः) જેનાથી (अन्यद्रव्यस्य गुणाः) અન્યદ્રવ્યના ગુણ (बलात्) બળપૂર્વક અર્થાત્ ઉપચારસામર્થ્યથી (तदन्यत्र) તેનાથી ભિન્ન અન્ય દ્રવ્યના (संजायन्ते) કહેવામાં આવે છે, અર્થાત્ અન્ય દ્રવ્યમાં આરોપિત કરવામાં આવે છે.

**ભાવાર્થ**—જેના દ્વારા અન્ય દ્રવ્યના ગુણ ઉપચારસામર્થ્યથી અન્ય દ્રવ્યમાં આરોપિત કરવામાં આવે છે તે વાસ્તવિકતાથી તેમાં નથી, તેથી આ નયને અસદ્‌ભૂત કહે છે અને એવો ભેદ પ્રવર્તે છે, તેથી તેને વ્યવહાર કહે છે. એ પ્રમાણે આ નયનું ‘અસદ્‌ભૂત વ્યવહારનય’ એ નામ આ અર્થસામર્થ્યથી પડે છે. અહીં દૃષ્ટાંત—

**स यथा वर्णादिमतो मूर्तद्रव्यस्य कर्म किल मूर्तम्।**
**तत्संयोगत्वादिह मूर्ताः क्रोधादयोऽपि जीवभवाः॥५३०॥**

**અન્વયાર્થ**—(स यथा) તે આ પ્રમાણે છે, જેમ કે (वर्णादिमतः मूर्तद्रव्यस्य) વર્ણાદિમાન મૂર્તદ્રવ્યના જે (किल) નિશ્ચયથી (मूर्तं कर्म) મૂર્તિક કર્મ છે, (तत्संयोगत्वात्) એ મૂર્તિક કર્મોના

સંયોગસંબંધ વિશેષથી (इह) અહીં (जीवभवाः) જીવમાં ઉત્પન્ન થવાવાળા (क्रोधादयोऽपि) ક્રોધાદિક પણ (मूर्ताः) મૂર્ત છે, તેને જીવના કહેવા તે અસદ્‌ભૂતવ્યવહારનય છે.

**ભાવાર્થ**—મૂર્તિક કર્મોના સંયોગથી ભાવક્રોધાદિકને જીવના કહેવા તે અસદ્‌ભૂત વ્યવહારનય છે. જીવમાં મૂર્તિકપણું બિલકુલ નથી, પરંતુ વૈભાવિકશક્તિના કારણથી જીવ પોતાને ચૂકી એટલે સ્વરૂપ એકતાથી ખસી પરલક્ષે ક્રોધાદિભાવ કરે છે, માટે તે ક્રોધાદિભાવને ઉપચારથી જીવના કહેવામાં આવે છે. જીવનું સ્વરૂપ નથી, તેથી અસદ્‌ભૂત તથા સ્વાશ્રય ચૂકી પરલક્ષે થવાના કારણથી વ્યવહાર કહેવામાં આવે છે, તેથી વ્યવહાર કહીને આ નયને અસદ્‌ભૂત વ્યવહારનય કહેવામાં આવે છે.

## અસદ્‌ભૂત વ્યવહારનયનું કારણ

कारणमन्तर्लीना द्रव्यस्य विभावभावशक्तिः स्यात्।
सा भवति सहजसिद्धा केवलमिह जीव पुद्गलयोः॥५३१॥

**અન્વયાર્થ**—(कारणं) એ અસદ્‌ભૂત વ્યવહારનયમાં કારણ (अंतर्लीना द्रव्यस्य) દ્રવ્યની અંતર્લીન (विभावभावशक्तिः स्यात्) વૈભાવિકશક્તિ છે તથા (सा) તે (इह) અહીં (केवलं) કેવળ (जीवपुद्गलयोः) જીવ તથા પુદ્‌ગલમાં (सहजसिद्धाभवति) સહજસિદ્ધ માનવામાં આવી છે.

**ભાવાર્થ**—દ્રવ્યમાં અંતર્લીન એક વૈભાવિકશક્તિ છે અને તે માત્ર જીવ તથા પુદ્‌ગલમાં સહજસિદ્ધ છે. તે શક્તિના વિભાવપરિણમનથી જીવમાં ક્રોધાદિક વિભાવભાવ થાય છે અને ત્યાં પરરૂપ એવાં દ્રવ્યકર્મો નિમિત્ત પડે છે, તેથી આ ભાવક્રોધાદિકને અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવના કહેવામાં આવે છે.

## અસદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન

फलमागन्तुकभावादुपाधिमात्रं विहाय यावदिह।
शेषस्तच्छुद्धगुणः स्यादिति मत्त्वा सुदृष्टिरिह कश्चित्॥५३२॥

**અન્વયાર્થ**—(फलं) આ અસદ્‌ભૂત વ્યવહારનયને જાણવાનું ફળ આ છે, કે (इह) અહીં ([1]आगन्तुकभावात्) પરાશ્રિતપણે થવાવાળા ભાવક્રોધાદિ (यावत् उपाधिमात्रं विहाय) સંપૂર્ણ ઉપાધિમાત્રને છોડી (शेषः) બાકીના (तच्छुद्धगुणः स्यात्) તેના (જીવના) શુદ્ધગુણો છે, (इति मत्वा) એમ માનીને (इह) અહીં (कश्चित्) કોઈ પુરુષ (सुदृष्टिः) સમ્યગ્દ્રષ્ટિ થઈ શકે.

**ભાવાર્થ**—આ અસદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન એ છે, કે—રાગાદિભાવને જીવના

---

૧. આગન્તુકભાવ એટલે આગમનશીલ—ઔપાધિકભાવ.

કહ્યાં છે તે અસદ્‌ભૂત વ્યવહારનયથી છે પણ નિશ્ચયથી નહિ, આથી કોઈ ભવ્યાત્મા ઉપાધિમાત્ર અંશને છોડી નિશ્ચયતત્ત્વને ગ્રહણ કરવાનો ઈચ્છુક બની સમ્યગ્દષ્ટિ થઈ શકે છે, કારણ કે સર્વ નયોમાં નિશ્ચયનય જ ઉપાદેય છે પણ બાકીના કોઈ નય નહિ. બાકીના નયો તો માત્ર પરિસ્થિતિવશ પ્રતિપાદ્યવિષયનું નિરૂપણ માત્ર કરે છે, તેથી એક નિશ્ચયનય જ કલ્યાણકારી છે. જોકે આ અસદ્‌ભૂત વ્યવહારનયનો વ્યવહાર, વ્યવહાર છે, પરંતુ તે ઉપાદેય નથી, એમ સમજીને આ નયના વિષયને સમજી લીધા પછી નિશ્ચયનયના વિષયભૂત નિશ્ચયતત્ત્વને નિરૂપાધિરૂપ જાણી તેને અંગીકાર કરવા ઈચ્છતો થકો કોઈ ભવ્યાત્મા સમ્યગ્દષ્ટિ થઈ શકે છે, એ જ આ નયને દર્શાવવાનું મુખ્ય પ્રયોજન છે. અહીં દૃષ્ટાંત—

**अत्रापि च संदृष्टिः परगुणयोगाच्च पाण्डुरः कनकः।**
**हित्वा परगुणयोगं स एव शुद्धोऽनुभूयते कैश्चित्॥५३३॥**

**અન્વયાર્થ**—(अत्र च सन्दृष्टिः अपि) અહીં દૃષ્ટાંત પણ છે, કે—જેમ (परगुणयोगाच्च) અન્યના ગુણોના સંબંધથી (कनकः पांडुरः) સુવર્ણ, પાંડુર એટલે સફેદ થઈ જાય છે, પરંતુ (परगुणयोगं हित्वा) પરગુણનો સંબંધ છોડીને (स एव) એ જ સુવર્ણ (कैश्चित्) કોઈ પુરુષો દ્વારા (शुद्धः अनुभूयते) શુદ્ધરૂપ અનુભવ કરી શકાય છે.

**ભાવાર્થ**—જેમ સોનામાં ચાંદી મળી જવાથી જે સફેદી આવે છે તેને એ અવસ્થામાં કદાચિત્ 'સોનાની સફેદી' અસદ્‌ભૂત વ્યવહારનયથી કહી શકાય છે, પરંતુ વાસ્તવમાં સોનામાં સફેદી હોતી જ નથી, કેવળ પરવસ્તુના ગુણોના યોગથી આવે છે; એમ સમજીને કોઈને કોઈ પુરુષ શુદ્ધ સોનાના ગુરુત્વ-પીતત્વાદિ ગુણોનો જ અનુભવ કરે છે. એ જ પ્રમાણે ભાવક્રોધાદિક પણ વાસ્તવમાં જીવનું સ્વરૂપ નથી, એમ સમજીને કોઈ ભવ્યાત્મા શુદ્ધ અમૂર્તિક આત્માનો અનુભવ કરવાવાળો થઈ જાય છે. હવે આગળ સદ્‌ભૂત અને અસદ્‌ભૂત વ્યવહારનયના ભેદોનું નિરૂપણ કરે છે—

## સદ્‌ભૂત અને અસદ્‌ભૂત વ્યવહારનયના ભેદો

**सद्भूतव्यवहारोऽनुपचरितोस्ति च तथोपचरितश्च।**
**अपि चाऽसद्भूतः सोनुपचरितोस्ति च तथोपचरितश्च॥५३४॥**

**અન્વયાર્થ**—(सद्भूतव्यवहारः) સદ્‌ભૂત વ્યવહારનય, (अनुपचरितः तथा च उपचरितश्च) અનુપચરિત તથા ઉપચરિત એ પ્રકારથી બે પ્રકારનો (अस्ति) છે (अपि च) તથા જે (असद्भूतः) અસદ્‌ભૂત વ્યવહારનય છે, (स च) તે પણ (अनुपचरितः तथा च उपचरितः) અનુપચરિત તથા ઉપચરિત એ પ્રમાણે બે પ્રકારનો (अस्ति) છે.

**ભાવાર્થ**—સદ્‌ભૂતવ્યવહારનયના અનુપચરિત અને ઉપચરિત, એ પ્રમાણે બે ભેદ છે તથા અસદ્‌ભૂતવ્યવહારનયના પણ અનુપચરિત અને ઉપચરિત, એ પ્રમાણે બે ભેદ છે. એ પ્રમાણે વ્યવહારનયના ૧. અનુપચરિત સદ્‌ભૂતવ્યવહારનય, ૨. ઉપચરિત સદ્‌ભૂતવ્યવહારનય, ૩. અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારનય તથા ૪. ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનય, એ પ્રમાણે ચાર ભેદ થઈ જાય છે.

## અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ

**स्यादादिमो यथान्तर्लीना या शक्तिरस्ति यस्य सतः।**
**तत्तत्सामान्यतया निरूप्यते चेद्विशेषनिरपेक्षम् ।।५३५।।**

**અન્વયાર્થ**—(यथा) જેમ (यस्य सतः) જે પદાર્થની (या) જે (अन्तर्लीना) અંતર્લીન (शक्तिः अस्ति) શક્તિ છે, (तत्तत्सामान्यतया) એ શક્તિના સામાન્યપણાથી એ પદાર્થનું (चेत्) જો (विशेषनिरपेक्षं) વિશેષની અપેક્ષા ન કરતાં (निरूप्यते) નિરૂપણ કરવામાં આવે છે, તો તે (आदिमः स्यात्) પ્રથમનો-અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનય કહેવાય છે.

**ભાવાર્થ**—જે પદાર્થની જે અંતર્લીનશક્તિ છે, તે પદાર્થનું કેવળ એ શક્તિ મુખ્યપણે જ જે નિરૂપણ કરવામાં આવે, તેને અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનય કહે છે. હવે ઉદાહરણપૂર્વક ખુલાસો કરે છે—

**इदमत्रोदाहरणं ज्ञानं जीवोपजीवि जीवगुणः।**
**ज्ञेयालंबनकाले न तथा ज्ञेयोपजीवि स्यात् ।।५३६।।**

**અન્વયાર્થ**—(अत्र इदं उदाहरणं) અહીં આ ઉદાહરણ છે, કે—જેમ (जीवगुणः) જીવનો ગુણ (ज्ञानं) જ્ઞાન, (जीवोपजीवि) જીવોપજીવી છે (तथा) તેવી રીતે તે (ज्ञेयालंबनकाले) જ્ઞેયના આલંબનકાળમાં અર્થાત્ જ્ઞેયને વિષય કરતી વેળા (ज्ञेयोपजीवि) જ્ઞેયોપજીવી (न स्यात्) થતો નથી.

**ભાવાર્થ**—જોકે જ્ઞાન, જે સમયે જે વિષયને વિષય કરે છે તે સમયે તેને તે જ કહે છે. જેમ કે—ઘટને વિષય કરવાથી જ્ઞાન, ઘટજ્ઞાન કહેવાય છે, તોપણ અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયની દૃષ્ટિથી એ કથન બરાબર નથી, તેથી જ્ઞાનને જ્ઞેયોપજીવી ન કહેતાં કેવળ આત્મોપજીવી જ કહેવું, અર્થાત્ જ્ઞાનને ઘટજ્ઞાન ન કહેતાં માત્ર જ્ઞાન કહેવું, એ અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે.

**घटसद्भावे हि यथा घटनिरपेक्षं चिदेव जीवगुणः।**
**अस्ति घटाभावेपि च घटनिरपेक्षं चिदेव जीवगुणः ।।५३७।।**

**અન્વયાર્થ**—(यथा) જેમ (हि) નિશ્ચયથી (घटसद्भावे) ઘટના સદ્ભાવમાં (घटनिरपेक्षं) ઘટની અપેક્ષા ન કરતાં (चिदेव) કેવળ ચૈતન્ય-જ્ઞાન જ (जीवगुणः) જીવનો ગુણ છે. એ પ્રમાણે (घटाभावेपि) ઘટના અભાવમાં (च) પણ (घटनिरपेक्षं) ઘટની અપેક્ષા ન કરતાં (चिदेव) માત્ર જ્ઞાન જ (जीवगुणः अस्ति) જીવનો ગુણ છે.

**ભાવાર્થ**—જેમ ઘટને જાણવા સમયે પણ જ્ઞાન, ઘટની અપેક્ષા વિના સ્વતંત્ર જ થાય છે અર્થાત્ માત્ર જ્ઞાનરૂપ જ રહે છે, તે જ પ્રમાણે તે જ્ઞાન ઘટને નહિ જાણવા સમયે પણ માત્ર જ્ઞાનરૂપ જ રહે છે. જ્ઞેયને જાણવા ટાણે પણ જ્ઞાનમાં કાંઈ વિશેષતા આવી જતી નથી, કારણ કે વાસ્તવમાં આત્માના જ્ઞાનગુણની સાથે જ્ઞેયનો કોઈ સંબંધ નથી, તેથી તેને અનુપચરિત-સદ્ભૂત વ્યવહારનય કહે છે. જ્ઞાન, જ્ઞેયથી નિરપેક્ષ છે અર્થાત્ 'જ્ઞાન જ્ઞાનીનું (આત્માનું) છે' એમ આ નય જ્ઞાન કરાવે છે, માટે આ નયને અનુપચરિત તથા જે દ્રવ્યનો ગુણ છે તેને તેમાં જ પ્રતિપાદન કરવાથી સદ્ભૂત તથા ભેદ કરવામાં આવે છે, તેથી વ્યવહાર કહે છે. એ પ્રમાણે આ નયનું નામ અનુપચરિત-સદ્ભૂત વ્યવહારનય છે.

**एतेन निरस्तं यन्मतमेतत्सति घटे घटज्ञानम्।**
**असति घटे न ज्ञानं न घटज्ञानं प्रमाणशून्यत्वात्॥५३८॥**

**અન્વયાર્થ**—(एतेन) આ કથન દ્વારા (यत् एतत् मतं) જે આવો મત છે, કે—(घटेसति) ઘટની હાજરીમાં (घटज्ञानं) ઘટનું જ્ઞાન થાય છે તથા (घटे असति) ઘટની ગેરહાજરીમાં (न ज्ञानं) ન તો જ્ઞાન થાય છે તથા (न घटज्ञानं) ન ઘટજ્ઞાન થાય છે, એ મત (प्रमाणशून्यत्वात्) પ્રમાણ દ્વારા શૂન્ય હોવાથી (निरस्तं) અહીં ખંડિત થઈ ગયો.

**ભાવાર્થ**—અનુપચરિત-સદ્ભૂત વ્યવહારનયનો એવો વિષય માનવાથી જ્ઞાનને અર્થ (પદાર્થ)જન્ય માનવાવાળાઓનું નિરાકરણ થઈ જાય છે, કારણ કે—જ્ઞાનને અર્થજન્ય માનવાવાળાઓનું જે આ કથન છે, કે 'ઘટના સદ્ભાવમાં જ ઘટજ્ઞાન થઈ શકે છે પણ ઘટના અભાવમાં નહીં;' માટે એવું કથન પ્રમાણિક ન હોવાથી ખંડિત થઈ જાય છે.

## અનુપચરિત-સદ્ભૂત વ્યવહારનયનું પ્રયોજન (ફળ)

**[1]फलमास्तिक्यनिदानं सद्द्रव्ये वास्तवप्रतीतिः स्यात्।**
**भवति क्षणिकादिमते परमोपेक्षा यतो विनायासात्॥५३९॥**

**અન્વયાર્થ**—(सत् द्रव्ये) સત્રૂપ દ્રવ્યમાં (आस्तिक्यनिदानं) આસ્તિક્યતાનું કારણ (वास्तवप्रतीतिः) યથાર્થરૂપ પ્રતીતિ થવી, એ જ (फलंस्यात्) આ નયનું ફળ છે, (यतः) કારણ કે—

૧. ગ્રંથકારે આ નયનું કાંઈ નિમિત્ત દર્શાવ્યું નથી.

આ નય દ્વારા (आयासात् विना) કોઈ પ્રકારના પરિશ્રમ વિના (क्षणिकादिमते) ક્ષણિકાદિ મતોમાં (परमोपेक्षा भवति) પરમ ઉપેક્ષા થઈ જાય છે.

**ભાવાર્થ**—અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન આ છે, કે—વસ્તુમાં વાસ્તવિક પ્રતીતિ થવી અને તે વાસ્તવિક પ્રતીતિ આ અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયથી થાય છે. બીજું આ નય દ્વારા જ ક્ષણિક, એકાન્ત અને વિપરીતાદિ મતો તરફ કોઈ પ્રકારના પ્રયત્ન વિના જ પરમ ઉપેક્ષાભાવ થઈ જાય છે, તેથી સિદ્ધ થાય છે, કે આ નયના બળથી જ્ઞાનને પરાશ્રિત માનનારાઓના મતનું નિરાકરણ થઈ પદાર્થોની વાસ્તવિક પ્રતીતિ થાય છે, એ જ આ અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન છે.

એ પ્રમાણે અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું નિરૂપણ કરીને હવે ગ્રંથકાર, આગળ ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું નિરૂપણ કરે છે.

## ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ

**उपचरितः सद्‌भूतो व्यवहारः स्यान्नयो यथा नाम।**
**अविरुद्धं हेतुवशात्परतोऽप्युपचर्यते यतः स्वगुणः॥५४०॥**

**અન્વયાર્થ**—(यतः) જેનાથી (अविरुद्धं) અવિરોધપૂર્વક (हेतुवशात्) કોઈ હેતુવશથી (स्वगुणः अपि) પોતાનો ગુણ પણ (परतः) પર વડે (उपचर्यते) ઉપચરિત કરવામાં આવે, તે (यथानाम) અન્વર્થ સંજ્ઞાવાળો (उपचरितः सद्‌भूतः व्यवहारनयः स्यात्) ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનય છે.

**ભાવાર્થ**—અવિરોધભાવથી યુક્તિપૂર્વક કોઈ દ્રવ્યના ગુણોનો કોઈ અન્યના આશ્રયથી ઉપચાર કરવો, તેને ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનય કહે છે. તેનું ઉદાહરણ—

**अर्थविकल्पो ज्ञानं प्रमाणमिति लक्ष्यतेधुनापि यथा।**
**अर्थः स्वपरनिकायो भवति विकल्पस्तु चित्तदाकारम्॥५४१॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ કે (अधुनाऽपि) આ વેળા (અહીં) (अर्थविकल्पो ज्ञानं प्रमाणं) 'અર્થવિકલ્પાત્મકજ્ઞાન પ્રમાણ છે,' (इति) એમ જે (लक्ष्यते) કહેવામાં આવે છે તે ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું ઉદાહરણ છે. તેમાં અહીં (स्वपरनिकायः अर्थः भवति) સ્વ—પરસમુદાયને અર્થ કહે છે (तु) તથા (चित्तदाकारं विकल्पः) જ્ઞાનનું સ્વ-પર વ્યવસાયરૂપ થવું તેને વિકલ્પ કહે છે.

**ભાવાર્થ**—'अर्थविकल्पो ज्ञानं प्रमाणं' અર્થાત્—અર્થના વિકલ્પાત્મક જ્ઞાનને પ્રમાણ કહેવું એ ઉપચરિત-સદ્ભૂત વ્યવહારનયનું ઉદાહરણ છે. અર્થશબ્દનો અર્થ સ્વ-પર પદાર્થ અને વિકલ્પશબ્દનો અર્થ તદાકાર વા વ્યવસાયાત્મક છે, તેથી અર્થ-વિકલ્પ શબ્દનો અર્થ સ્વ-પરવ્યવસાયાત્મક જ્ઞાન થાય છે. એ જ પ્રમાણનું લક્ષણ છે અને એમ ઉપચરિત-સદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાએ કહેવામાં આવે છે.

**असदपि लक्षणमेतत्सन्मात्रत्वे सुनिर्विकल्पत्वात् ।**
**तदपि न विनावलम्बान्निर्विषयं शक्यते वक्तुम् ॥५४२॥**

**तस्मादनन्यशरणं सदपिज्ञानं स्वरूपसिद्धत्वात् ।**
**उपचरितं हेतुवशात् तदिहज्ञानं तदन्यशरणमिव ॥५४३॥**

**અન્વયાર્થ**—(सन्मात्रत्वे सुनिर्विकल्पत्वात्) નિશ્ચયનયથી તત્ત્વનું સ્વરૂપ કેવળ સત્‌રૂપ માનવાં છતાં, નિર્વિકલ્પતાના કારણથી (एतत् अपि लक्षणं) જોકે ઉક્ત લક્ષણ (असत्) ઠીક નથી, (तदपि) તોપણ (अवलम्बात् विना) અવલંબન વિના (निर्विषयं) નિર્વિષય જ્ઞાનનું સ્વરૂપ (वक्तुं न शक्यते) કહી શકાતું નથી, (तस्मात्) તેથી (ज्ञानं) જ્ઞાન (स्वरूपसिद्धत्वात्) સ્વરૂપ વડે સિદ્ધ હોવાથી (अनन्य शरणं सदपि) અનન્યશરણ હોવા છતાં પણ-નિરાલંબન હોવા છતાં પણ (इह) અહીં આગળ (तत्ज्ञानं) તે જ્ઞાન (हेतुवशात्) હેતુવશથી (उपचरितं) ઉપચરિત થઈને (तदन्यशरणं इव) તેનાથી ભિન્ન, શરણની માફક માલુમ થાય છે, અર્થાત્ સ્વ-પર વ્યવસાયાત્મક પ્રતીત થાય છે.

**ભાવાર્થ**—જોકે જ્ઞાન, નિર્વિકલ્પાત્મક છે—કેવળ સત્‌શબ્દથી જ પ્રતિપાદિત થઈ શકે છે, એટલે કે જ્ઞાનને અર્થવિકલ્પાત્મક કહેવું એ યોગ્ય નથી, કારણ કે—તે તો કેવળ સદાત્મક અને કોઈના આશ્રિત નહિ થતું કેવળ સ્વરૂપસિદ્ધ હોવાથી નિર્વિકલ્પરૂપ છે, તોપણ એ નિર્વિકલ્પનું સ્વરૂપ કોઈને કોઈ અવલંબન વિના કહી શકાતું નથી, તેથી યુક્તિપૂર્વક જ્ઞેયનું અવલંબન કરીને તેને 'સ્વ-પરવ્યવસાયાત્મક, અર્થવિકલ્પાત્મક' ઈત્યાદિ શબ્દો દ્વારા કહેવામાં આવે છે અને તે જ્ઞેયાશ્રિત જેવું ભાસિત થાય છે. જ્ઞેયાશ્રિત કહેવું ઉપચારથી છે, તેથી તે ઉપચરિત, વાસ્તવિકરૂપ હોવાથી સદ્ભૂત અને ગુણ-ગુણીભેદ હોવાથી વ્યવહાર, એ પ્રમાણે આ નયને ઉપચરિત-સદ્ભૂત વ્યવહારનય કહે છે. કારણ કે—

## ઉપચરિત-સદ્ભૂત વ્યવહારનયનું પ્રયોજન

**हेतुः स्वरूपसिद्धिं विना न परसिद्धिरप्रमाणत्वात् ।**
**तदपि च शक्तिविशेषाद्द्रव्यविशेषे यथा प्रमाणं स्यात् ॥५४४॥**

**અન્વયાર્થ**—(स्वरूपसिद्धि विना) સ્વરૂપસિદ્ધિ વિના (न परसिद्धिरप्रमाणत्वात्) પરની સિદ્ધિ થઈ શકતી નથી, કારણ કે—સ્વરૂપ સિદ્ધ થયા વિના પરસિદ્ધિ થવી અપ્રમાણિક થાય છે, તથા (यथाप्रमाणं) પ્રમાણાનુસાર (तदपि च) તે પ્રમાણ અથવા તેનું સ્વરૂપ પણ (शक्तिविशेषात्) પોતાની સ્વ-પર વ્યવસાયાત્મક શક્તિવિશેષથી (द्रव्यविशेषेस्यात्) દ્રવ્યવિશેષના વિષયમાં પ્રવૃત્ત થાય છે. ('इति' हेतुः) એ આ નયની પ્રવૃત્તિમાં હેતુ છે.

## ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન (ફળ)

**अर्थो ज्ञेयज्ञायकसंकरदोषभ्रमक्षयो यदि वा।**
**अविनाभावात् साध्यं सामान्यं साधको विशेषः स्यात्॥५४५॥**

**અન્વયાર્થ**—(ज्ञेयज्ञायकसंकरदोषभ्रमक्षयः) જ્ઞેય-જ્ઞાયકમાં સંભવિત સંકરદોષના ભ્રમને ક્ષય કરવો (यदि वा) અથવા (अविनाभावात्) અવિનાભાવથી (सामान्यं) સામાન્યરૂપ (साध्यं) સાધ્યનું તથા (विशेषः साधको) વિશેષને સાધક કહેવું એ જ (अर्थः स्यात्) આ ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન છે.

**ભાવાર્થ**—ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષાએ અર્થવિકલ્પને પ્રમાણ કહેવાનું પ્રયોજન આ છે, કે—એમ કહેવાથી જ્ઞાન અને જ્ઞેયમાં જે સંકરપણાનો ભ્રમ થતો હતો, તે ભ્રમનું આથી નિવારણ થઈ જાય છે, કારણ કે—જ્ઞાનને અર્થવિકલ્પાત્મક કહેવું એ ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષાથી છે. જ્ઞાન જ્ઞાયક છે, તથા સ્વ-પર, જ્ઞેય થાય છે તેથી જ્ઞાન અને જ્ઞેયમાં વાસ્તવમાં સંકરતા થતી નથી. બીજું પ્રયોજન આ પણ છે, કે—અર્થવિકલ્પાત્મક વિશેષજ્ઞાન સાધક છે તથા સામાન્યજ્ઞાન સાધ્ય છે અર્થાત્ સામાન્યજ્ઞાન, અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય સાધ્ય તથા જ્ઞાનને અર્થવિકલ્પાત્મક કહેવું, એ ઉપચરિત-સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય સાધક છે.

એ પ્રમાણે સદ્‌ભૂત વ્યવહારનયના અનુપચરિત અને ઉપચરિત ભેદોનું નિરૂપણ કરીને હવે આગળ અસદ્‌ભૂત વ્યવહારનયના અનુપચરિત તથા ઉપચરિત ભેદોનું નિરૂપણ કરે છે.

## અનુપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનયનું દૃષ્ટાંતપૂર્વક લક્ષણ

**अपि वाऽसदभूतो योऽनुपचरिताख्यो नयः स भवति यथा।**
**क्रोधाद्या जीवस्य हि विवक्षिताश्चेदबुद्धिभवाः॥५४६॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (चेत्) જો (अबुद्धिभवाः) વર્તમાન બુદ્ધિમાં નહિ પકડાતા —અવ્યક્ત (क्रोधाद्याः) ભાવક્રોધાદિક (जीवस्य हि) જીવના જ (विवक्षिताः) વિવક્ષિત કરવામાં

આવે, તો (यः अनुपचरिताख्यः असद्भूतः नयः) જે અનુપચરિત નામનો અસદ્ભૂત વ્યવહારનય કહેવાય છે, (सः भवति अस्ति) તે થઈ જાય છે.

**ભાવાર્થ**—અબુદ્ધિપૂર્વક થવાવાળા ભાવક્રોધાદિને જીવના કહેવા તે અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનય છે; અર્થાત્ બુદ્ધિમાં ન પકડાય એવા અવ્યક્ત ભાવક્રોધાદિ પણ વાસ્તવમાં જીવના નથી, તેથી અસદ્ભૂત, તથા તેને વર્તમાનમાં સાધકજીવનું જ્ઞાન જુદા પકડી શકતું નથી, તેથી અનુપચાર કહીને આ નયને અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનય કહ્યો છે.[1] હવે તેનું કારણ કહે છે.

**कारणमिह यस्य सतो या शक्तिः स्याद्विभावभावमयी।**
**उपयोगदशाविष्टा सा शक्तिः स्यात्तदाप्यनन्यमयी।।५४७।।**

**અન્વયાર્થ**—(कारणं) અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનયની પ્રવૃત્તિમાં કારણ આ છે, કે—(इह) અહીં (यस्य सतः) જે સત્‌ની (या) જે (विभावभावमयी) વિભાવભાવમયી (शक्तिः स्यात्) શક્તિ છે, (सा शक्तिः) તે શક્તિ જે સમયે (उपयोगदशाविष्टा) ઉપયોગદશાથી યુક્ત થાય છે (तदाऽपि) તે સમયે પણ (अनन्यमयी स्यात्) અનન્યમયી હોય છે.

**ભાવાર્થ**—અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનયથી અબુદ્ધિપૂર્વક થવાવાળા (ભાવ) ક્રોધાદિકને જીવના કહેવામાં કારણ આ છે, કે—જે પદાર્થની જે સમયે જે શક્તિ વિભાવભાવ-મયી થઈ રહી છે તે સમયે જો તે ઉપયોગદશામય હોય તો તેમાં અભિન્નતાનો વ્યવહાર થવા લાગે છે. અબુદ્ધિપૂર્વક (અવ્યક્ત) ભાવક્રોધાદિક વિભાવભાવ છે, તેથી તેને અનુપચરિત અને અસદ્ભૂત એ બંને વિશેષણો આપવામાં આવે છે, તથા એ ક્રોધાદિકની સાથે ઉપયોગમય અવસ્થા થતાં જ જીવ અને એ ક્રોધાદિકમાં અનન્યભાવ પ્રતીત થવા લાગે છે. એટલા માટે અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનયની દૃષ્ટિથી વર્તમાન ઉપયોગમાં નહિ પકડાયેલા અવ્યક્ત—અબુદ્ધિપૂર્વક ભાવક્રોધાદિકને જીવના કહેવામાં આવે છે. હવે આ નયનું પ્રયોજન કહે છે—

## અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનયનું પ્રયોજન (ફળ)

**फलमागन्तुकभावाः स्वपरनिमित्ता भवन्तियावन्तः।**
**क्षणिकत्वान्नादेया इति बुद्धिः स्यादनात्मधर्मत्वात्।।५४८।।**

**અન્વયાર્થ**—(फलं) અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનયનું ફળ આ છે, કે—

૧. અબુદ્ધિપૂર્વક ક્રોધાદિકનો અર્થ અવ્યક્ત ભાવક્રોધાદિક તથા બુદ્ધિપૂર્વક ક્રોધાદિકનો અર્થ વ્યક્ત ભાવક્રોધાદિ થાય છે, બંને પ્રકારના ભાવક્રોધાદિકમાં માત્ર વ્યક્ત અને અવ્યક્ત અવસ્થાકૃત જ ભેદ છે, પરંતુ ઔદયિકપણું તો એ બંને ભેદોમાં સમાન છે.

(स्वपरनिमित्ताः) સ્વ—પરના નિમિત્તથી થવાવાળા (यावन्तः) જેટલા કોઈ (आगन्तुकभावाः भवंति) અવ્યક્તરૂપે આવેલા વિભાવ છે, તે બધાય (क्षणिकत्वात्) ક્ષણિક હોવાથી તથા (अनात्मधर्मत्वात्) આત્માના ધર્મ નહિ હોવાથી (न आदेयाः) આદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય નથી, (इति बुद्धिः स्यात्) એવી બુદ્ધિ થઈ જાય છે.

**ભાવાર્થ**—અનુપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનયની દૃષ્ટિથી અબુદ્ધિપૂર્વક થવાવાળા અવ્યક્ત (લક્ષમાં નહિ આવતા) ભાવક્રોધાદિને જીવના કહેવામાં પ્રયોજન આ છે, કે—સ્વ અને પરના નિમિત્તથી જેટલા કોઈ વિભાવભાવ થાય છે, તે બધા ક્ષણિક હોવાના કારણથી તથા તે આત્મધર્મ નહિ હોવાથી ઉપાદેયરૂપ કહી શકાતા નથી, એવા પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. હવે આગળ ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ કહે છે—

## ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનયનું લક્ષણ

**उपचरितोऽसदभूतो व्यवहाराख्यो नयः स भवति यथा।**
**क्रोधाद्याः औदयिकाश्चितश्चेदबुद्धिजा विवक्ष्याः स्युः॥५४९॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ કે (चेत्) જો (बुद्धिजाः) બુદ્ધિપૂર્વક થવાવાળા (चितः) જીવના (औदयिकाः) ઔદયિક (क्रोधाद्याः) ક્રોધાદિક (विवक्ष्याः स्युः) વિવક્ષિત કરવામાં આવે, તો (सः) તે (उपचरितोऽसदभूतो व्यवहाराख्यो नयः भवति) ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય કહેવાય છે.

**ભાવાર્થ**—બુદ્ધિપૂર્વક થવાવાળા ઔદયિક ભાવ-ક્રોધાદિકને જીવના કહેવા તે ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય છે. વાસ્તવમાં ઔદયિક ભાવ-ક્રોધાદિક પણ જીવનું સ્વરૂપ નથી તેથી તે અસદ્‌ભૂત, તથા બુદ્ધિમાં જણાય છે—વ્યક્ત છે, તેથી તે ઉપચાર યોગ્ય હોવાથી ઉપચરિત અને એવો ભેદ પડે છે માટે વ્યવહાર, એ રીતે ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનય થાય છે. હવે આ નયનું કારણ કહે છે—

**बीजं विभावभावाः स्वपरोभय हेतवस्तथा नियमात्।**
**सत्यपि शक्तिविशेषे न परनिमित्ताद्विना भवन्ति यतः॥५५०॥**

**અન્વયાર્થ**—(बीजं) ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનયની પ્રવૃત્તિમાં કારણ આ છે, કે—(तथा विभावभावाः) ઉક્ત ક્રોધાદિ વિભાવભાવ (नियमात्) નિયમથી (स्वपरोभयहेतवः) સ્વ અને પર બંનેના હેતુથી થાય છે, (यतः) કારણ કે—(शक्ति विशेषे सत्यपि) શક્તિ વિશેષ રહેવા છતાં પણ (परनिमित्ताद्विना) પરનિમિત્ત વિના તે વિભાવભાવ (न भवन्ति) થતા નથી.

**ભાવાર્થ**—જેટલા કોઈ સ્વ-પરનિમિત્તથી ઉત્પન્ન થવાવાળા વિભાવભાવ થાય છે, તે બધા શક્તિ હોવા છતાં પણ, દ્રવ્યક્રોધાદિકના નિમિત્ત વિના જીવનો ચારિત્રગુણ ક્રોધાદિરૂપ

વાસ્તવમાં થઈ શકતો નથી; તેથી તે જીવનું સ્વસ્વરૂપ નહિ હોવાથી અસદ્ભૂત, તથા તે ઉપચારથી જીવના કહેવાતા હોવાથી ઉપચરિત કહીને બુદ્ધિપૂર્વક થવાવાળા ભાવક્રોધાદિકને આ નય દ્વારા જીવના કહેવામાં આવે છે, એ જ આ નયની પ્રવૃત્તિમાં કારણ છે.[1] હવે આ નયનું પ્રયોજન દર્શાવે છે—

## ઉપચરિત-અસદ્ભૂત વ્યવહારનયનું પ્રયોજન (ફળ)

**तत्फलमविनाभावात्साध्यं तदबुद्धिपूर्वका भावाः।**
**तत्सत्तामात्रं प्रति साधनमिह बुद्धिपूर्वका भावाः ॥५५१॥**

**અન્વયાર્થ**—(तत्फलं) આ ઉપચરિત-અસદ્ભૂત વ્યવહારનયનું ફળ આ છે, કે—(अविनाभावात्) બુદ્ધિપૂર્વકભાવો સાથે અબુદ્ધિપૂર્વક અવ્યક્ત ક્રોધાદિભાવનો અવિનાભાવ હોવાથી (तदबुद्धिपूर्वका भावाः) જીવના એ અબુદ્ધિપૂર્વકભાવ-અવ્યક્ત ભાવક્રોધાદિક (साध्यं) સાધ્ય થાય છે, કારણ કે (इह) અહીં (तत्सत्तामात्रं प्रति) એ અબુદ્ધિપૂર્વક થવાવાળા અવ્યક્ત ભાવક્રોધાદિની સત્તા માત્ર તરફ (बुद्धिपूर्वका भावाः) બુદ્ધિપૂર્વક થવાવાળા (વ્યક્ત) ભાવક્રોધાદિક (साधनं) સાધન થઈ જાય છે.

**ભાવાર્થ**—ઉપચરિત-અસદ્ભૂત વ્યવહારનયની દૃષ્ટિથી બુદ્ધિપૂર્વક થવાવાળા ઔદયિક ક્રોધાદિકભાવોને જીવના કહેવાનું પ્રયોજન આ છે કે—જે અનુપચરિત-અસદ્ભૂત વ્યવહારનયના વિષયભૂત અબુદ્ધિપૂર્વક થવાવાળા (ભાવ) ક્રોધાદિ કહેવામાં આવે છે, તે સાધ્ય છે તથા ઉપચરિત-અસદ્ભૂત વ્યવહારનયના વિષયભૂત જે બુદ્ધિપૂર્વક-વ્યક્ત ઉદયરૂપ ભાવક્રોધાદિક છે તે સાધન થાય છે, કારણ કે એ બંનેમાં અવિનાભાવસંબંધ છે, તથા અબુદ્ધિપૂર્વક-અવ્યક્ત ભાવ ક્રોધાદિકની તો કેવળ સત્તા માત્ર જ પ્રતીત થાય છે, પરંતુ કાંઈ તે અનુભવમાં આવતા નથી, વળી એ બુદ્ધિપૂર્વક થવાવાળા વ્યક્તરૂપ ભાવ ક્રોધાદિ દ્વારા અબુદ્ધિપૂર્વક થવાવાળા અવ્યક્તરૂપ ભાવક્રોધાદિક સાધી શકાય છે, અર્થાત્ તેનો નિર્ણય થઈ શકે છે, એ જ આ ઉપચરિત-અસદ્ભૂત વ્યવહારનયનું પ્રયોજન છે.[2]

---

૧. અહીં સ્વ અને પર બંને હેતુઓ દર્શાવ્યા છે અને પરનિમિત્ત વિના વિભાવભાવ થતા નથી, એમ જણાવ્યું છે. તેનો હેતુ માત્ર આટલો જ છે, કે—નિમિત્ત ઉપરની આશ્રય દૃષ્ટિનો ત્યાગ કરી સ્વાશ્રયદૃષ્ટિ કરાવવી.

૨. વર્તમાન ઉપયોગમાં પકડાયેલા બુદ્ધિપૂર્વક કષાય અંશ વડે વર્તમાન ઉપયોગમાં નહિ પકડાતા અબુદ્ધિપૂર્વક કષાય અંશને સાધ્ય બનાવી એ બંનેનો આત્મામાં નકાર કરવો તે જ આ બંને નયોનો હેતુ છે, કારણ કે નહિ પકડાતો આગંતુક (આગમનશીલ-ઔપાધિક) કષાય અંશ વર્તમાનમાં પણ છે. ઉપચરિત-અસદ્ભૂત અને અનુપચરિત-અસદ્ભૂત એ બંને એક જ સમયના વ્યક્ત (લક્ષમાં આવે તેવા) અને અવ્યકૃત (લક્ષમાં ન આવે તેવા) બે પ્રકારના વિભાવભાવ છે અને આ બંને નયો દ્વારા તે બંને ભાવોને ખ્યાલમાં લઈ તેને હેયરૂપ માનવા એ જ આ બંને નયોનું પ્રયોજન છે-ફળ છે.

એ પ્રમાણે અનુપચરિત તથા ઉપચરિત-અસદ્ભૂત વ્યવહારનયના ભેદોને કહીને હવે આગળ અન્ય પ્રકારથી ગ્રંથાન્તરોમાં માનેલા સદ્ભૂત-અસદ્ભૂત વ્યવહારનયના વિષયમાં ઉહાપોહપૂર્વક વિચાર કરવામાં આવે છે. શંકા—

**ननु चासदभूतादिर्भवति स यत्रेत्यतद्गुणारोपः।**
**दृष्टान्तादपि च यथा जीवो वर्णादिमानिहास्त्वितिचेत्॥५५२॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(यत्र) જ્યાં (अतद्गुणारोपः इति) અન્ય વસ્તુનો ગુણ અન્ય વસ્તુમાં આરોપિત કરવામાં આવે છે, (सः) તે (असद्भूतादिः भवति) અસદ્ભૂત વ્યવહારનય છે (च) તથા તે (दृष्टान्तात् अपि) દૃષ્ટાંતથી પણ આ પ્રમાણે છે, કે—(यथा) જેમ (इह) અહીં (जीवः वर्णादिमान अस्तु) જીવ, વર્ણાદિમાન છે. (इति चेत्) જો એમ કહો તો?

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું એમ છે, કે—જ્યાં અન્યના ગુણોનો અન્યમાં આરોપ કરવામાં આવે છે તેને અસદ્ભૂત વ્યવહારનય કહે છે, જેમ કે—જીવને વર્ણાદિમાન કહેવો, અર્થાત્ વર્ણાદિક પુદ્ગલના ગુણો છે તેનો જીવમાં આરોપ કરવો તે અસદ્ભૂત વ્યવહારનય છે, તેથી એ જ અસદ્ભૂત વ્યવહારનયનું લક્ષણ કેમ ન માનવામાં આવે? આ શંકાનો ઉત્તર—

**तन्न यतो न नयास्ते किन्तु नयाभाससंज्ञकाः सन्ति।**
**स्वयमप्यतद्गुणत्वादव्यवहाराऽविशेषतो न्यायात्॥५५३॥**

**અન્વયાર્થ**—(तन्न) એમ કહેવું ઠીક નથી, (यतः) કારણ કે (स्वयं अपि) સ્વયં પણ (अतद्गुणत्वात्) અતદ્ગુણ હોવાથી (अव्यवहाराऽविशेषतो न्यायात्) અવ્યવહારરૂપ સામાન્ય ન્યાયના કારણથી અર્થાત્ ન્યાયાનુસાર વ્યવહારનયમાત્રને અયોગ્ય હોવાથી (ते नयाः न) તે નય નથી, (किन्तु) પરંતુ (नयाभाससंज्ञकाः सन्ति) નયાભાસ સંજ્ઞક છે.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું ઠીક નથી, કારણ કે અતદ્ગુણનું નિરૂપણ કરવું એ નયોના સામાન્યવ્યવહારને પણ યોગ્ય નથી અર્થાત્ સામાન્યરૂપથી પણ જ્યારે નયવ્યવહારમાં કોઈનો ગુણ કોઈમાં કહેવો એ યોગ્ય માનવામાં આવ્યું નથી, તો પછી અતદ્ગુણનો આરોપ અસદ્ભૂત વ્યવહારનય કેવી રીતે કહી શકાય? તેથી જીવને વર્ણાદિમાન કહેવો તે નયાભાસ છે, પરંતુ નય થઈ શકતો નથી. તેનો ખુલાસો—

**तदभिज्ञानं चैतद्येऽतद्गुणलक्षणा नयाः प्रोक्ताः।**
**तन्मिथ्यावादत्वाद्ध्वस्तास्तद्वादिनोपि मिथ्याख्याः॥५५४॥**

**અન્વયાર્થ**—(तदभिज्ञानं च एतत्) તેનો ખુલાસો પણ આ પ્રમાણે છે, કે—(अतद्गुणलक्षणाः) અતદ્‌ગુણલક્ષણને (ये) જે (नयः प्रोक्ताः) નય કહે છે, (तन्मिथ्यावादत्वात्) તે મિથ્યાવાદ અર્થાત્ મિથ્યાનય હોવાથી (ध्वस्ताः) ખંડિત કર્યો છે, તેથી (तद्वादिनोऽपि) એ મિથ્યાનયોને સમ્યક્‌નય કહેવાવાળા પણ (मिथ्याख्याः) મિથ્યાદૃષ્ટિ છે.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનો ખુલાસો આ છે, કે—જેટલા કોઈ અતદ્‌ગુણલક્ષણવાળા નય છે તે બધા મિથ્યાવાદ હોવાથી ખંડિત થઈ જાય છે, તથા તેને નિરૂપણ કરવાવાળા પણ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે, કારણ કે સમ્યક્‌નય, કદી પણ અતદ્‌ગુણલક્ષણવાળો નય હોતો નથી અર્થાત્ એમ કદી પણ હોઈ શકતું નથી, કે નયના સામર્થ્ય વડે અન્ય દ્રવ્યના ગુણોને કોઈ અન્ય દ્રવ્યના કહેવામાં આવે! પણ અન્ય દ્રવ્યના નિમિત્તથી તે દ્રવ્યમાં જે ભાવ થાય છે તેને નયવાદથી તે દ્રવ્યના કહી શકાય છે, પરંતુ અન્ય દ્રવ્યના ગુણોને તો અન્ય દ્રવ્યના ગુણ કહી શકાતા નથી, તેથી વર્ણાદિકને કોઈ પણ નય દ્વારા જીવના કહી શકાતા નથી.

तद्वादोऽथ यथा स्याज्जीवो वर्णादिमानिहास्तीति।
इत्युक्ते न गुणः स्यात्प्रत्युत दोषस्तदेकबुद्धित्वात्॥५५५॥

**અન્વયાર્થ**—(अथ तद्वादः स्यात्) હવે તે મિથ્યાવાદ આ પ્રમાણે છે, કે—(यथा) જેમ (इह) અહીં (जीवः वर्णादिमान् अस्ति इति) જીવ, વર્ણાદિમાન છે (इत्युक्ते) એમ કહેવાથી (गुणः न स्यात्) કોઈ ગુણ નથી, (प्रत्युत) પરંતુ ઊલટો (तदेकबुद्धित्वात्) જીવ અને વર્ણાદિકમાં એકત્વબુદ્ધિ થવાથી (दोषः) દોષ છે.

**ભાવાર્થ**—શંકાકારનો જે આવો પક્ષ હતો, કે—અસદ્‌ભૂત વ્યવહારનયથી 'જીવ, વર્ણાદિક ગુણવાળો છે' એ પક્ષથી શંકાકારનું કોઈ પણ પ્રયોજન સિદ્ધ થતું નથી, પરંતુ જીવ અને પુદ્‌ગલમાં એકત્વબુદ્ધિ ઉત્પન્ન થવાથી ઊલટો ભેદવિજ્ઞાનના અભાવનો પ્રસંગ આવે છે, તેથી જીવને વર્ણાદિમાન કહેવો એ ઠીક નથી, તથા જીવને વર્ણાદિમાન કહેવાવાળો નય પણ ઉપરના દોષો આવવાના કારણથી ઠીક નથી. અહીં શંકા—

ननु किल वस्तुविचारे भवतु गुणोवाथ दोष एव यतः।
न्यायबलादायातो दुर्वारः स्यान्नयप्रवाहश्च॥५५६॥

**અન્વયાર્થ**—(ननु) શંકાકારનું કહેવું એમ છે, કે—(किल) નિશ્ચયથી (वस्तुविचारे) વસ્તુના વિચારમાં ભલે (गुणः भवतु) ગુણ થાઓ (अथवा) અથવા (दोषः एव) દોષ જ થાઓ, પરંતુ એ ગુણ-દોષથી કોઈ પ્રયોજન નથી. (यतः) કારણ કે—(न्यायबलात्) ન્યાયબળથી (आयातः) ચાલ્યો આવતો (नयप्रवाहः) નયનો પ્રવાહ (दुर्वारश्च स्यात्) દુર્વાર જ છે, અર્થાત્ કોઈથી રોકી શકાતો નથી.

**ભાવાર્થ**—જો કદાચિત્ એમ કહેવામાં આવે, કે—વસ્તુનો વિચાર કરતી વેળા ભલે ગુણ થાઓ અથવા દોષ થાઓ, અમારે એની સાથે શું પ્રયોજન છે? કારણ કે—ન્યાયબળથી આવેલા નયના પ્રવાહને ભલા કોણ રોકી શકે છે? તેનો ઉત્તર :—

**सत्यं दुर्वारः स्यान्नयप्रवाहो यथाप्रमाणाद्वा।**
**दुर्वारश्च तथा स्यात्सम्यक्मिथ्येति नयविशेषोपि॥५५७॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, પરંતુ તોપણ (यथा) જેમ (नयप्रवाहः) ન્યાયબળથી આવેલો નયનો પ્રવાહ (दुर्वारः स्यात्) દુર્વાર છે, (तथा वा) તેવી જ રીતે (प्रमाणात्) પ્રમાણથી (सम्यग्-मिथ्या इति नयविशेषोऽपि) સમ્યક્ મિથ્યારૂપ આ નયવિશેષનો પ્રવાહ પણ (दुर्वारश्चस्यात्) દુર્વાર જ છે.

**ભાવાર્થ**—ઠીક છે, ન્યાયબળથી પ્રાપ્ત થયેલો નયનો પ્રવાહ રોકી શકાતો નથી, પરંતુ શું તે નયનો પ્રવાહ 'સમ્યક્ છે, કે મિથ્યા છે' એમ પણ કહી શકાતું નથી? અવશ્ય કહી શકાય છે, અર્થાત્ જેમ ન્યાયથી નયનો પ્રવાહ અવશ્ય વહ્યા કરે છે એ જ પ્રમાણે તેનાં સમ્યક્ અને મિથ્યા વિશેષણ પણ અવશ્ય તેની સાથે સાથે જ ચાલ્યા કરે છે. જે યુક્તિ તથા આગમથી અવિરુદ્ધ નય છે, તે સમ્યક્નય કહેવાય છે તથા જે યુક્તિ અને આગમથી વિરુદ્ધ નય છે, તે મિથ્યાનય કહેવાય છે. તેનું સ્પષ્ટીકરણ—

**अर्थविकल्पो ज्ञानं भवति तदेकं विकल्पमात्रत्वात्।**
**अस्ति च सम्यग्ज्ञानं मिथ्याज्ञानं विशेषविषयत्वात्॥५५८॥**

**અન્વયાર્થ**—(विकल्पमात्रत्वात्) વિકલ્પમાત્રપણાથી (तत्) તે (अर्थविकल्पोज्ञानं) અર્થવિકલ્પાત્મક જ્ઞાન (एकं भवति) એક પ્રકારનું છે તથા (विशेषविषयत्वात्) સમ્યક્ અને મિથ્યારૂપ વિશેષનો વિષય હોવાથી (सम्यग्ज्ञानं) સમ્યક્જ્ઞાન (च) તથા (मिथ्याज्ञानं) મિથ્યાજ્ઞાન, એ પ્રમાણે બે પ્રકારનું (अस्ति) છે.

**ભાવાર્થ**—સામાન્યપણાથી અર્થવિકલ્પાત્મક અર્થાત્ સ્વ-પરવ્યવસાયાત્મક જે જ્ઞાન કહેવામાં આવે છે, તે જ અર્થવિકલ્પાત્મકજ્ઞાન વિશેષદૃષ્ટિથી સમ્યક્ અને મિથ્યા વિશેષણયુક્ત પણ કહેવામાં આવે છે. યથાર્થ વિષયને વિષય કરવાવાળું જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે તથા અયથાર્થ વિષયને વિષય કરવાવાળું જ્ઞાન મિથ્યાજ્ઞાન કહેવાય છે.

### સમ્યક્—મિથ્યા વિશેષણનું કારણ

**तत्रापि यथावस्तु ज्ञानं सम्यग्विशेषहेतुः स्यात्।**
**अथ चेदयथावस्तुज्ञानं मिथ्याविशेषहेतुः स्यात्॥५५९॥**

**અન્વયાર્થ**—(तत्रापि) એ બંનેમાંથી પણ (यथावस्तुज्ञानं) વસ્તુના અનુસારરૂપ જ્ઞાન થવું અર્થાત્ જે પ્રકારથી વસ્તુ સ્થિત છે તે જ પ્રકારથી તેનું જ્ઞાન થવું, તે (सम्यग्विशेषहेतुः स्यात्) જ્ઞાનમાં સમ્યક્ વિશેષણનું કારણ છે (अथ चेत्) તથા જો (अयथावस्तुज्ञानं) વસ્તુના અનુસાર જ્ઞાન ન થયું તો તે જ્ઞાન (અર્થાત્ જે પ્રકારથી વસ્તુ સ્થિત છે તે જ પ્રકારથી તેનું જ્ઞાન ન થવું) (मिथ्याविशेषहेतुः स्यात्) જ્ઞાનને મિથ્યા વિશેષણનું કારણ છે.

**ભાવાર્થ**—જે રૂપથી વસ્તુ સ્થિત છે તે જ રૂપથી તેનું જ્ઞાન થવું, તે જ્ઞાનમાં સમ્યક્ વિશેષણનું કારણ છે તથા જે પ્રકારથી વસ્તુ સ્થિત નથી તે પ્રકારથી તેનું જ્ઞાન થવું, તે જ્ઞાનમાં મિથ્યા વિશેષણનું કારણ છે.

### પ્રમાણની માફક નય પણ સમ્યક્ અને મિથ્યા હોય છે.

**ज्ञानं यथा तथासौ नयोस्ति सर्वो विकल्पमात्रत्वात्।**
**तत्रापि नयः सम्यक् तदितरथा स्यान्नयाभासः॥५६०॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (ज्ञानं) પ્રમાણ જ્ઞાન છે (तथा) તેવી જ રીતે (विकल्पमात्रत्वात्) વિકલ્પમાત્રપણાથી (असौ सर्वः नयः) આ સંપૂર્ણ નય પણ (अस्ति) છે, તથા (तत्रापि) ત્યાં પણ (सम्यक् नयः) વિકલાદેશરૂપ સમ્યક્નય, નય કહેવાય છે, તથા (तदितरथा) તેનાથી ભિન્ન (नयाभासः स्यात्) નયાભાસ કહેવાય છે.

**ભાવાર્થ**—જેમ પ્રમાણ, સમ્યક્ તથા મિથ્યા વિશેષણસહિત હોય છે તે જ પ્રમાણે નય પણ સમ્યક્ તથા મિથ્યા વિશેષણસહિત હોય છે, તેથી સમ્યક્નયોને નય તથા મિથ્યાનયોને નયાભાસ કહે છે.

### સમ્યક્ અને મિથ્યાનયોનું લક્ષણ

**तद्गुणसंविज्ञानः सोदाहरणः सहेतुरथ फलवान्।**
**यो हि नयः स नयः स्याद्विपरीतो नयो नयाभासः॥५६१॥**

**અન્વયાર્થ**—(हि) નિશ્ચયથી (यः नयः) જે નય (तद्गुणसंविज्ञानः) તદ્ગુણસંવિજ્ઞાન (જીવના ભાવો તે જીવના તદ્ગુણ છે તથા પુદ્ગલના ભાવો તે પુદ્ગલના તદ્ગુણ છે, એવા સંવિજ્ઞાન સહિત છે) (सोदाहरणः) ઉદાહરણસહિત (सहेतु) હેતુ સહિત (अथ) અને (फलवान) ફળવાન હોય (सः नय) તે નય છે, તથા (विपरीत नयः) તેનાથી વિપરીત નય છે તે (नयाभासः स्यात्) નયાભાસ છે.

**ભાવાર્થ**—જે નય, તદ્ગુણસંવિજ્ઞાન અર્થાત્ તદ્ગુણનો બોધક (વસ્તુના પોતાના ભાવને

બતાવનાર) હોય તથા ઉદાહરણ, હેતુ અને પ્રયોજનસહિત હોય તે વિકલાદેશાત્મક (વસ્તુના એક પડખાને બતાવનાર) વાસ્તવિક નય કહેવાય છે, તથા તેનાથી વિપરીત એટલે કે તદ્‌ગુણપણું, ઉદાહરણ, હેતુ અને ફળનો જેમાં અભાવ હોય તે નયાભાસ કહેવાય છે.[1]

**फलवत्वेन नयानां भाव्यमवश्यं प्रमाणवद्धि यतः।**
**स्यादवयविप्रमाणं स्युस्तदवयवा नयास्तदंशत्वात्॥५६२॥**

**અન્વયાર્થ**—(प्रमाणवत् हि) ખરેખર પ્રમાણની માફક (नयानां) નય (अवश्यं भाव्यं फलवत्वेन) અવશ્ય ફળવાન હોવો જોઈએ, (यतः) કારણ કે (प्रमाणं अवयवी स्यात्) પ્રમાણ અવયવી છે અને (तत् अंशत्वात्) તે પ્રમાણનો અંશ હોવાથી (नया तत् अवयवाः स्युः) નય અવયવ છે.

**ભાવાર્થ**—પ્રમાણની માફક નય પણ ફળવાન જરૂર હોવો જોઈએ. કારણ કે પ્રમાણ અવયવી છે અને અંશ-અંશીભાવસંબંધથી નય તેનો અવયવ છે, અર્થાત્ પ્રમાણનો એકદેશ તે જ નય છે, તેથી પ્રમાણની માફક નયો પણ ફળવાન જરૂર હોવા જોઈએ.

## ઉપરના કથનનો સિદ્ધાંત

**तस्मादनुपादेयोव्यवहारोऽतद्गुणे तदारोपः।**
**इष्टफलाभावादिह न नयो वर्णादिमान् यथा जीवः॥५६३॥**

**અન્વયાર્થ**—(तस्मात्) માટે અર્થાત્ નય તે પ્રમાણનો જ અંશ હોવાથી જરૂર ફળવાન હોવો જોઈએ, તેથી (अतद्गुणे तदारोपः व्यवहारः) અતદ્‌ગુણમાં તદારોપણ કરવારૂપ વ્યવહાર, એટલે કે જે વસ્તુમાં જે ગુણ ન હોય તે વસ્તુમાં તે ગુણનો આરોપ કરવારૂપ વ્યવહાર, (इष्टफल अभावात्) તેમાં ઈષ્ટફળનો અભાવ હોવાથી (अन् उपादेयः) ઉપાદેય નથી, (यथा) જેમ કે (इह जीवः वर्णादिमान) અહીં જીવને વર્ણાદિવાળો કહેવો તે (नयः न) નય નથી.

---

૧. શ્રી પંચાધ્યાયીની આ ૫૬૧ થી ૫૮૭ સુધીની ગાથાઓ ઘણી જ ઉપયોગી છે. મુમુક્ષુઓએ તે બરાબર વાંચીને તેના ભાવ યથાર્થ સમજવાની જરૂર છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધને યથાર્થપણે સમજ્યા વિના તે સંબંધી જે જૂઠી માન્યતાઓ ચાલી રહી છે તે આ સમજવાથી ટળી જશે. "એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની વ્યાપ્યવ્યાપકભાવે કર્તા નથી એ ખરું, પરંતુ નિમિત્ત-નૈમિત્તિકભાવે તો કર્તા છે? અથવા કોઈ વખતે ઉપાદાનકારણની મુખ્યતાથી કાર્ય થાય અને કોઈ વખતે નિમિત્તકારણની મુખ્યતાથી કાર્ય થાય" એવો જે મિથ્યાભાસ જીવોને રહ્યા કરે છે તે આ ગાથાઓને યથાર્થપણે સમજવાથી ટળી જ જશે, માટે આ ગાથાઓને કાળજીપૂર્વક વાંચીને તેના ભાવ યથાર્થપણે સમજવા.

**ભાવાર્થ**—જીવમાં જે ગુણ નથી તે ગુણનો આરોપ કરીને પણ જીવને વર્ણાદિવાળો કહેવાથી કાંઈ પણ ફળ નીકળતું નથી, તેમ જ તેનાથી ઈષ્ટની સિદ્ધિ પણ થતી નથી, માટે તેને સમ્યક્નય કહી શકાતો નથી, અર્થાત્ જીવમાં વર્ણાદિનો આરોપ કરીને જીવને વર્ણાદિવાળો કહેવો, તે નયાભાસ છે. અહીં શંકા—

**ननु चैवं सति नियमादुक्तासद्भूतलक्षणो न नयः।**
**भवति नयाभासः किल क्रोधादिनामतद्गुणारोपात्॥५६४॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(एवं सति) એમ માનવાથી તો (नियमात्) ચોક્કસપણે (उक्त असद्भूतलक्षणः) કહેવામાં આવેલ અસદ્ભૂતલક્ષણ નય પણ (नयः न) નય નહિ ઠરી શકે પણ (किल) ખરેખર (क्रोधादिनां अतद्गुण आरोपात्) ક્રોધાદિનો અતદ્ગુણમાં આરોપ હોવાથી અર્થાત્ ક્રોધાદિક જીવના ગુણ ન હોવા છતાં પણ તેનો જીવમાં આરોપ કરીને કહેવામાં આવતો અસદ્ભૂત વ્યવહારનય પણ (नयाभासः भवति) નયાભાસ જ ઠરશે.

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—'તદ્ગુણસંવિજ્ઞાન અને ઉદાહરણસહિત' ઈત્યાદિ નયના લક્ષણ પ્રમાણે જો જીવને વર્ણાદિવાળો કહેવામાં આવે તો અતદ્ગુણારોપ હોવાથી ત્યાં નયનું લક્ષણ લાગુ પડી શકતું નથી, અર્થાત્ જીવને વર્ણાદિવાળો કહેવો તે નયાભાસ છે, તો પછી આપના એ કથનાનુસાર અસદ્ભૂત વ્યવહારનયના વિષયભૂત ક્રોધાદિકભાવને જીવના કહેવા એ પણ વાસ્તવિકનય નહિ ઠરતાં નયાભાસ જ ઠરશે; જેમ કે જીવને ક્રોધાદિવાળો કહેવો ત્યાં પણ અતદ્ગુણારોપ જ છે, અર્થાત્ ક્રોધ તે જીવનો ગુણ ન હોવા છતાં તેને આરોપથી જ જીવનો કહેવામાં આવ્યો છે. માટે ક્રોધાદિક ભાવને જીવના કહેવા તે પણ સમ્યક્નય કહી શકાશે નહિ. ઉક્ત શંકાનું સમાધાન—

**नैवं यतो यथा ते क्रोधाद्या जीवसंभवा भावाः।**
**न तथा पुद्गलवपुष सन्ति च वर्णादयो हि जीवस्य॥५६५॥**

**અન્વયાર્થ**—(न एवं) એ પ્રકારનું કહેવું બરાબર નથી, (यतः) કારણ કે (यथा ते क्रोधाद्याः भावाः जीवसंभवा) જેવી રીતે તે ક્રોધાદિભાવ જીવના સંભવે છે (तथा पुद्गलवपुषः वर्णादयः) તેવી રીતે પુદ્ગલાત્મક શરીરનાં વર્ણાદિક (हि जीवस्य न च सन्ति) જીવનાં સંભવી શકતા જ નથી.

**ભાવાર્થ**—ઉપર કહેલી શંકા બરાબર નથી, કારણ કે તે ક્રોધાદિભાવ તો જીવમાં થનારા ઔદયિકભાવરૂપ છે, તેથી તે જીવના તદ્ગુણ છે અને તે જીવનો નૈમિત્તિકભાવ હોવાથી તેને સર્વથા પુદ્ગલનો કહી શકાતો નથી, પણ જીવને વર્ણાદિવાળો કહેવામાં આવે ત્યાં તો વર્ણાદિક સર્વથા પુદ્ગલના જ હોવાથી તેને જીવના કઈ રીતે કહી શકાય?

વળી ક્રોધાદિભાવને જીવના કહેવામાં તો આ પ્રયોજન છે, કે—પરલક્ષે થનારા ક્રોધાદિભાવો ક્ષણિક હોવાથી અને આત્માનો સ્વભાવ નહિ હોવાથી તે ઉપાદેય નથી, માટે તેને ટાળવા જોઈએ. આવું સમ્યક્જ્ઞાન થાય છે, તેથી ક્રોધને જીવનો કહેવો તેમાં ઉપર્યુક્ત સમ્યક્નય લાગુ પડી શકે છે, પરંતુ જીવને વર્ણાદિવાળો કહેવામાં આવે તો કાંઈ પણ પ્રયોજનની સિદ્ધિ થઈ શકતી નથી, માટે જીવને ક્રોધાદિવાળો કહેનારા અસદ્ભૂત વ્યવહારનયમાં તો નયાભાસપણાનો દોષ આવતો નથી પણ જીવને વર્ણાદિવાળો કહેવામાં તે દોષ આવે છે, તેથી તે નયાભાસ છે.

## નયાભાસોનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા

**अथ सन्ति नयाभासा यथोपचाराख्यहेतुदृष्टान्ताः।**
**अत्रोच्यन्ते केचिद्धेयतया वा नयादिशुद्ध्यर्थम्॥५६६॥**

**અન્વયાર્થ**—(अथ) હવે (यथोपचाराख्य हेतु दृष्टान्ताः) જેના સંજ્ઞા, હેતુ, દૃષ્ટાંત અને ઉપચાર અનુકૂળ છે એવા જે (नयाभासाः सन्ति) નયાભાસો છે, તેમાંથી (केचित्) કેટલાક નયાભાસો (हेयतया) ત્યાજ્યપણે (वा) અને (नयादिशुद्ध्यर्थम्) નય વગેરેની શુદ્ધિ માટે (अत्र उच्यन्ते) અહીં કહે છે.

**ભાવાર્થ**—'જીવને વર્ણાદિવાળો કહેવો તે અસદ્ભૂત વ્યવહારનય છે' એવા શંકાકારના પ્રતિપાદનને પૂર્વગાથામાં નયાભાસ સિદ્ધ કરીને હવે નય પ્રરૂપણની વિશુદ્ધિ માટે હેયરૂપ એવા કેટલાક નયાભાસોનું સ્વરૂપ દર્શાવે છે. કેવા છે તે નયાભાસો! કે જેમાં નયનું વાસ્તવિક લક્ષણ તો ઘટતું નથી; પરંતુ ઉપચાર, સંજ્ઞા, હેતુ અને દૃષ્ટાંત દ્વારા તેઓ નય જેવા પ્રતિભાસિત થયા કરે છે. આ કથન દ્વારા ગ્રંથકારે નયાભાસનું સ્વરૂપ પણ દર્શાવી દીધું છે અર્થાત્ જેનામાં નયનું લક્ષણ તો લાગુ પડે નહિ; પરંતુ ઉપચાર, સંજ્ઞા, હેતુ અને દૃષ્ટાંત દેખાય તેને નયાભાસ કહેવામાં આવે છે.

## પહેલા નયાભાસનું સ્વરૂપ

**अस्ति व्यवहारः किल लोकानामयमलब्धबुद्धित्वात्।**
**योऽयं मनुजादिवपुर्भवति स जीवस्ततोप्यनन्यत्वात्॥५६७॥**
**सोऽयं व्यवहारः स्यादव्यवहारो यथापसिद्धान्तात्।**
**अप्यपसिद्धान्तत्वं नासिद्धं स्यादनेकधर्मित्वात्॥५६८॥**

**અન્વયાર્થ**—(लोकानां अलब्धबुद्धित्वात्) સર્વ સાધારણ લોકો અલબ્ધબુદ્ધિવાળા હોવાથી અર્થાત્ તત્ત્વના જાણકાર ન હોવાથી તેમને (किल) ખરેખર (अयं व्यवहारः अस्ति) આવો વ્યવહાર

હોય છે, કે (यः) જે (अयं) આ (मनुजादि वपुः) મનુષ્ય વગેરે શરીર છે (सः) તે જ (जीवः भवति) જીવ છે, કેમ કે (ततः अपि अनन्यत्वात्) શરીરથી પણ જીવ અનન્ય છે.

(अपि) પરંતુ (सः अयं व्यवहारः) તેમનો આ વ્યવહાર (यथापसिद्धान्तात्) અપસિદ્ધાંત જેવો જ હોવાથી અર્થાત્ સિદ્ધાંત વિરુદ્ધ હોવાથી (अव्यवहारः स्यात्) અવ્યવહાર જ છે; તથા (अनेक धर्मित्वात्) (શરીર અને જીવને) અનેકધર્મીપણું હોવાથી (अपसिद्धान्तत्व) તેનું અપસિદ્ધાંતપણું પણ (असिद्धं न स्यात्) અસિદ્ધ નથી.

**ભાવાર્થ**—તત્ત્વને નહિ સમજનારા સાધારણ લોકો "મનુષ્ય વગેરે ગતિ સંબંધી જે શરીર છે તે જીવનાં છે" ઈત્યાદિ પ્રકારે જે વ્યવહાર કરે છે, તે અસદ્‌ભૂત વ્યવહારનય છે. એમ કોઈનું કહેવું છે, પરંતુ તે બરાબર નથી. તેમ જ એવા લોકવ્યવહારને વ્યવહાર જ કહી શકાતો નથી, કારણ કે—નયનું લક્ષણ 'તદ્‌ગુણસંવિજ્ઞાન' ઈત્યાદિ માનવામાં આવ્યું છે, તેથી ગુણ-ગુણીમાં ભેદકલ્પના વગેરેનું નામ જ નય છે. જ્યાં ધર્મી (પદાર્થ) જુદા જુદા હોય ત્યાં નય કહેવો તે સિદ્ધાંત વિરુદ્ધ છે, તેથી ઉપરના કથનમાં અપસિદ્ધાંત નામનો દોષ આવે છે. મનુષ્યાદિ શરીર અને જીવમાં ભિન્નતા છે—ભિન્ન-ભિન્ન વસ્તુ છે, તેથી શરીરને જીવનું કહેવામાં 'તદ્‌ગુણસંવિજ્ઞાન' વગેરે જે નયનું લક્ષણ છે તે લાગુ પડતું નહિ હોવાથી ત્યાં અપસિદ્ધાંત નામનો દોષ આવે છે.

## શરીર અને જીવને એકક્ષેત્રાવગાહપણું હોવાથી ત્યાં એકત્વની આશંકા કરવી તેમાં અતિવ્યાપ્તિદોષ આવે છે.

**नाशंक्यं कारणमिदमेकक्षेत्रावगाहिमात्रं यत्।**
**सर्वद्रव्येषु यतस्तथावगाहाद्भवेदतिव्याप्तिः ॥५६९॥**

**અન્વયાર્થ**—(यत् इदं एकक्षेत्रावगाहिमात्रं) અહીં "તે બંને (શરીર અને જીવ) એકક્ષેત્રાવગાહી માટે જે આ એકક્ષેત્રાવગાહીપણું છે, તે (कारणं) મનુષ્યાદિ શરીરને જીવનું કહેવારૂપ વ્યવહારમાં કારણ થશે" એવી (न आशंक्यं) આશંકા પણ કરવી નહિ. (यतः) કારણ કે (सर्व द्रव्येषु) બધા દ્રવ્યોમાં (तथावगाहात्) એકક્ષેત્રાવગાહપણું હોવાથી (अतिव्याप्तिः भवेत्) [ઉપરોક્ત કથનમાં] અતિવ્યાપ્તિ થઈ જશે.

**ભાવાર્થ**—૫૬૭-૫૬૮ ગાથામાં કહેલો અપસિદ્ધાંતપણાનો દોષ દૂર કરવા માટે "મનુષ્યશરીર અને જીવ એ બંને એકક્ષેત્રાવગાહી છે, તેથી તેમનામાં એકપણાનો વ્યવહાર આવી શકશે" એવી આશંકા પણ ન કરવી જોઈએ; કારણ કે એકક્ષેત્રમાં તો છયે દ્રવ્યો રહે છે, તેથી જો એકક્ષેત્રમાં રહેવાથી જ એકપણાનો વ્યવહાર માનશો તો છયે દ્રવ્યોમાં એકત્વપણાનો પ્રસંગ આવી પડશે. માટે એકક્ષેત્રાવગાહીપણામાં શરીરને જીવનું કહેવામાં અતિવ્યાપ્તિદોષ આવે છે.

## શરીર અને આત્મામાં બંધ્ય—બંધકભાવ છે, એવી આશંકા પણ ન કરવી જોઈએ.

**अपि भवति बन्ध्यबन्धकभावो यदिवानयोर्न शंक्यमिति।**
**तदनेकत्वे नियमात्तद्‌बन्धस्य स्वतोप्यसिद्धत्वात्॥५७०॥**

**અન્વયાર્થ**—(यदि वा) અથવા ‘(अनयोः) શરીર અને આત્મામાં (बन्ध्यबन्धकभावो भवति) બંધ્ય-બંધકભાવ છે’ (इति अपि न शंक्यं) એવી આશંકા પણ કરવી ન જોઈએ, કારણ કે (नियमात्) નિયમથી (तत् अनेकत्वे) તે બંનેમાં અનેકપણું હોવાથી અર્થાત્ શરીર અને આત્મા જુદા હોવાથી (तत् बन्धस्य अपि) તે બંનેનો બંધ પણ (स्वतः असिद्धत्वात्) સ્વયં અસિદ્ધ છે.

**ભાવાર્થ**—‘શરીર અને આત્મામાં બંધ્ય—બંધકભાવ છે’ એવી આશંકા પણ કરવી નહિ; કારણ કે બે પદાર્થમાં એકત્વબુદ્ધિજનક સંબંધવિશેષને બંધ કહેવાય છે. શરીર અને આત્મામાં એકત્વબુદ્ધિજનકસંબંધ ન હોવાથી આત્મા તથા શરીરમાં બંધ્ય-બંધકભાવ પણ નથી; માટે કોઈ પણ પ્રકારથી શરીરને જીવનું કહેવામાં નયપણું આવી શકતું નથી.

## શરીર અને આત્મામાં નિમિત્તનૈમિત્તિકભાવ પણ નથી

**अथ चेदवश्यमेतन्निमित्तनैमित्तिकत्वमास्ति मिथः।**
**न यतः स्वयं स्वतो वा परिणममानस्य किं निमित्ततया॥५७१॥**

**અન્વયાર્થ**—(अथ चेत्) જો કદાપિ એમ કહેવામાં આવે, કે ‘(एतत् परमिथःपर) એ બંનેમાં પરસ્પર (निमित्त नैमित्तिकत्वं) નિમિત્તનૈમિત્તિકપણું (अवश्यं अस्ति) અવશ્ય છે’ તો આ પ્રકારનું કથન પણ (न) બરાબર નથી; (यतः) કારણ કે (स्वयं वा स्वतः) સ્વયં અથવા સ્વતઃ (परिणममानस्य) પરિણમનારી વસ્તુને (निमित्ततया) નિમિત્તપણાથી (किं ?) શું ફાયદો છે? અર્થાત્ સ્વયં પરિણમનશીલ વસ્તુને નિમિત્તકારણથી કાંઈ જ પ્રયોજન નથી.

**ભાવાર્થ**—કદાપિ એમ કહેવામાં આવે, કે ‘શરીર અને આત્માને એકક્ષેત્રાવગાહીપણાથી કે બંધ્યબંધકભાવથી ભલે નયપણું આવી શકતું નથી અર્થાત્ તેમાં નયનું ‘તદ્‌ગુણસંવિજ્ઞાન’ આદિ લક્ષણ લાગુ પાડીને નયપણું લાવી શકાતું નથી; તોપણ શરીર અને આત્માને પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ છે, તેથી તે કારણથી શરીરને આત્માનું કહેવું, એ રીતે તેમાં નયપણું આવી જશે’ તો તેનો ઉત્તર આમ છે, કે—દરેક દ્રવ્ય સ્વતઃપરિણમનશીલ છે તો તેને માટે નિમિત્તની શું જરૂર છે? માટે મનુષ્ય વગેરે શરીરને આત્માનાં કહેવાં તેમાં એકધર્મીપણું સિદ્ધ ન હોવાથી અને અનેકધર્મીપણું સિદ્ધ હોવાથી તેમનામાં નયનો વ્યવહાર કરી શકાતો નથી. આ પ્રમાણે એક નયાભાસનું સ્વરૂપ કહ્યું, હવે બીજા નયાભાસનું સ્વરૂપ કહે છે :—

## બીજા નયાભાસનું સ્વરૂપ

**अपरोऽपि नयाभासो भवति यथा मूर्तस्य तस्य सतः।**
**कर्ता भोक्ता जीवः स्यादपि नोकर्मकर्मकृतेः॥५७२॥**

**અન્વયાર્થ**—(अपरोऽपि नयाभासः भवति) બીજા નયાભાસ પણ છે, (यथा) જેમ કે— (तस्य मूर्तस्य सतः) તે મૂર્તિકવસ્તુના (नोकर्मकर्मकृतेः) નોકર્મ તથા કર્મરૂપ કાર્યનો (અર્થાત્ પરમાણુઓની નોકર્મ અને કર્મરૂપ અવસ્થાનો) (कर्ता अपि भोक्ता) કર્તા અને ભોક્તા (जीवः स्यात्) જીવ છે, અર્થાત્ જીવને મૂર્તિકકર્મો તથા નોકર્મોનો કર્તા-ભોક્તા કહેવો તે બીજો નયાભાસ છે.

**ભાવાર્થ**—જીવને મૂર્તિકકર્મ-નોકર્મનો કર્તા-ભોક્તા કહેવો તે બીજો નયાભાસ છે, [1]ત્રેવીસ પ્રકારની પુદ્‌ગલવર્ગણાઓમાંથી પાંચ પ્રકારની વર્ગણાઓનો આત્મા સાથે સંબંધ છે, તેમાંથી આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા અને મનોવર્ગણા એ ચાર વર્ગણાઓ નોકર્મરૂપે પરિણમે છે અને કાર્મણવર્ગણા, કર્મરૂપે પરિણમે છે.

## ઉપરની ગાથામાં કહેલા નયાભાસપણાનો ખુલાસો

**नाभासत्त्वमसिद्धं स्यादपसिद्धान्ततो नयस्यास्य।**
**सदनेकत्वे सति किल गुणसंक्रांतिः कुतः प्रमाणाद्वा॥५७३॥**

**गुणसंक्रांतिमृते यदि कर्ता स्यात्कर्मणश्च भोक्तात्मा।**
**सर्वस्य सर्वसंकरदोषः स्यात् सर्वशून्यदोषश्च॥५७४॥**

**અન્વયાર્થ**—(अपसिद्धान्ततः) અપસિદ્ધાંત હોવાથી (अस्य नयस्य) આ ઉપર કહેલા નયનું (आभासत्वं) નયાભાસપણું (असिद्धं न स्यात्) અસિદ્ધ નથી, કારણ કે (सत् अनेकत्वे सति) વસ્તુને અનેકપણું હોવાથી અર્થાત્ જીવ અને કર્મો જુદાં જુદાં હોવાથી (किल) ખરેખર નિશ્ચયથી (कुतः प्रमाणात् वा) કયા પ્રમાણ વડે (गुणसंक्रांतिः) [તેમનામાં] ગુણોનું સંક્રમણ થઈ શકે? (બે જુદી વસ્તુઓના ગુણોનું એકબીજામાં સંક્રમણ થઈ જ શકે નહિ.) તથા :—

---

૧. પુદ્‌ગલદ્રવ્યના ત્રેવીસ ભેદ—અણુવર્ગણા, સંખ્યાતાણુવર્ગણા, અસંખ્યાતાણુવર્ગણા, અનંતાણુવર્ગણા, આહારવર્ગણા, અગ્રાહ્યવર્ગણા, તૈજસવર્ગણા, અગ્રાહ્યવર્ગણા, ભાષાવર્ગણા, અગ્રાહ્યવર્ગણા, મનોવર્ગણા, અગ્રાહ્યવર્ગણા, કાર્મણવર્ગણા, ધ્રુવવર્ગણા, સાંતરનિરંતરવર્ગણા, શૂન્યવર્ગણા, પ્રત્યેકશરીરવર્ગણા, ધ્રુવશૂન્યવર્ગણા, બાદરનિગોદવર્ગણા, શૂન્યવર્ગણા, સૂક્ષ્મનિગોદવર્ગણા, નભોવર્ગણા અને મહાસ્કંધવર્ગણા.
*શ્રી ગોમ્મટસાર જીવકાંડ, ગાથા ૫૯૩-૫૯૪*

(यदि) જો (गुणसंक्राति ऋते) ગુણસંક્રમણ વિના જ (आत्मा) આત્મા (कर्मणः) કર્મોનો (कर्ता च भोक्ता स्यात्) કર્તા તથા ભોક્તા થાય, તો (सर्वस्य सर्वसंकर दोषः) બધાય પદાર્થોમાં સર્વસંકર દોષ (च सर्वशून्यदोषः) તેમ જ સર્વ શૂન્યદોષ (स्यात्) આવી પડશે.

**ભાવાર્થ**—જીવને કર્માદિકનો કર્તા-ભોક્તા કહેનારા નયમાં નયાભાસપણું અસિદ્ધ કહી શકાતું નથી, કારણ કે જીવ અને કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલ ભિન્ન-ભિન્ન દ્રવ્યો છે. ભિન્ન દ્રવ્યને ભિન્ન દ્રવ્યનું કર્તા-ભોક્તા કહેવામાં 'તદ્‌ગુણસંવિજ્ઞાન' એવા નયના લક્ષણનું અભાવપણું હોવાથી ત્યાં અપસિદ્ધાંતપણું છે. કેમ કે એક દ્રવ્યના ગુણનું બીજા દ્રવ્યના ગુણમાં સંક્રમણ થયા વિના એક દ્રવ્યનો પર્યાય બીજા દ્રવ્યના પર્યાયનો કર્તા-ભોક્તા થઈ જ શકે નહિ અને એક દ્રવ્યનું દ્રવ્યાંતર કે ગુણનું ગુણાંતર તો થતું નથી. જો સંક્રમણ વિના જ અર્થાત્—એક દ્રવ્યના ગુણોનું બીજા દ્રવ્યના ગુણરૂપે પરિણમન થયા વિના જ કોઈ એક દ્રવ્યને કોઈ બીજા દ્રવ્યના પર્યાયનું કર્તા-ભોક્તા કે પરિણમાવનાર માનવામાં આવે તો જીવદ્રવ્ય, ધર્મ-અધર્મ-આકાશ અને કાળ દ્રવ્યોની પર્યાયોનું પણ કર્તા-ભોક્તા થઈ જશે, અને ગમે તે કોઈ એક દ્રવ્ય ગમે તે કોઈ બીજા દ્રવ્યની પર્યાયનું કર્તા-ભોક્તા થઈ જશે, તો તેથી કર્તા-ભોક્તાપણાનો કોઈ નિયમ રહેશે નહિ.

બીજું જગતમાં જે કોઈ જેવડી વસ્તુ જે કોઈ જેવડા ચૈતન્યસ્વરૂપ કે અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અને ગુણમાં નિજરસથી જ અનાદિથી જ વર્તે છે તે, ખરેખર અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી, તેમાં જ (પોતાના તેવડા દ્રવ્ય-ગુણમાં જ) વર્તે છે પરંતુ દ્રવ્યાંતર કે ગુણાંતરરૂપે નહિ સંક્રમતી તે બીજી વસ્તુને કેવી રીતે પરિણમાવી શકે? (કદી ન પરિણમાવી શકે) માટે પરભાવ કોઈથી કરી શકાતા નથી.

## જીવને કર્માદિકનો કર્તા—ભોક્તા કહેવામાં ભ્રમનું કારણ અને તેનું સમાધાન

अस्त्यत्र भ्रमहेतुर्जीवस्याशुद्धपरिणतिं प्राप्य।
कर्मत्वं परिणमते स्वयमपि मूर्तिमद्यतो द्रव्यम्॥५७५॥

इदमत्र समाधानं कर्त्ता यः कोपि सः स्वभावस्य।
परभावस्य न कर्ता भोक्ता वा तन्निमितमात्रेऽपि॥५७६॥

**અન્વયાર્થ**—(यतः मूर्तिमत् द्रव्यं) કારણ કે મૂર્તિમાન એવું પુદ્‌ગલદ્રવ્ય (स्वयं अपि) પોતાની મેળે જ (जीवस्य अशुद्धपरिणतिं प्राप्य) જીવની અશુદ્ધપરિણતિને પામીને (અર્થાત્ જીવની અશુદ્ધપરિણતિની ઉપસ્થિતિમાં) (कर्मत्वं परिणमते) કર્મરૂપે પરિણમી જાય છે, તેનું જ્ઞાન ન હોવું (अत्र भ्रमहेतु अस्ति) એ જ અહીં ભ્રમનું કારણ છે.

(अत्र इदं समाधान) તેનું સમાધાન અહીં આ પ્રમાણે છે, કે (यः कोऽपि कर्ता) જે કોઈ પણ કર્તા છે તે (सः स्वभावस्य) પોતાના ભાવનો જ કર્તા છે, પરંતુ (तन्निमित्तमात्रेऽपि) તે નિમિત્તમાત્ર હોવા છતાં પણ (परभावस्य) પરભાવનો (न कर्ता वा भोक्ता) કર્તા કે ભોક્તા નથી.

**ભાવાર્થ**—જીવને કર્માદિકનો કર્તા-ભોક્તા કહેવા સંબંધી જે ભ્રમ છે તેનું કારણ આ છે, કે—કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલો જ્યારે સ્વયં કર્મપણાને પ્રાપ્ત થાય છે ત્યારે જીવની અશુદ્ધપરિણતિ ઉપર નિમિત્તમાત્રપણાનો આરોપ આવે છે, એમ લોકોને જ્ઞાન હોતું નથી, તેથી તેમને એવો ભ્રમ થાય છે, કે 'જડ કર્મોનો કર્તા જીવ છે' પણ ખરેખર જડકર્મોનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય જ છે. જીવની અશુદ્ધપરિણતિની ઉપસ્થિતિ માત્રપણાથી એ જડકર્મોનું કાંઈ પણ કર્તાપણું જીવને આવી જતું નથી. કારણ કે જે કોઈ પણ કર્તા-ભોક્તા હોય છે તે માત્ર પોતાના ભાવનો જ કર્તા-ભોક્તા હોય છે, પરંતુ પરભાવનો કર્તા-ભોક્તા તે થઈ શકતો નથી. વળી વાસ્તવિકપણે તો ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિકકર્મને નિમિત્તભૂત પણ નથી.

## કર્તાભોક્તાપણા સંબંધી દૃષ્ટાંત

**भवति स यथा कुलालः कर्ताभोक्ता यथात्मभावस्य।**
**न तथा परभावस्य च कर्ता भोक्ता कदापि कलशस्य॥५७७॥**

**અન્વયાર્થ**—(स यथा) તે કર્તા-ભોક્તાપણું આ પ્રમાણે છે, કે—(यथा कुलालः) જેમ કુંભાર (आत्मभावस्य) પોતાના ભાવનો (कर्ता भोक्ता भवति) કર્તા તથા ભોક્તા છે, (तथा परभावस्य कलशस्य) તેમ પરભાવરૂપ ઘડાનો (कर्ता च भोक्ता) કર્તા કે ભોક્તા તો (कदापि न) કોઈ પણ સમયે નથી.

**ભાવાર્થ**—જેમ કુંભાર ખરેખર પોતાના ભાવોનો કર્તા તેમ જ ભોક્તા છે, તેમ પરભાવરૂપ જે ઘડો છે તેનો કર્તા કે ભોક્તા તો તે કદી પણ થઈ શકતો નથી, પરંતુ માટીને જ ઘડાની કર્તા-ભોક્તા કહી શકાય છે, કારણ કે યથાર્થપણે દરેક અવસ્થામાં દરેક દ્રવ્ય પોતાની પર્યાયનું કર્તા-ભોક્તા છે.

હવે ગ્રંથકાર, કર્તા-કર્મને તન્મયપણું હોય છે એમ ખુલાસો કરે છે—

## કર્તા–કર્મને તન્મયપણું

**तदभिज्ञानं च यथा भवति घटो मृतिकास्वभावेन।**
**अपि मृण्मयो घटः स्यान्न स्यादिह घटः कुलालमयः॥५७८॥**

**અન્વયાર્થ**—(तदभिज्ञानं च) અને કર્તા-ભોક્તા સંબંધી જે દૃષ્ટાંત કહ્યું તેનું ઉદાહરણ આ

પ્રમાણે છે, કે—(यथा इह घटः) જેમ ઘડો (स्वभावेन मृतिका भवति) સ્વભાવથી માટીરૂપ છે, તેથી (घटः) તે ઘડો (मृण्मयः अपि स्यात्) માટીમય અર્થાત્ માટીરૂપ પણ કહેવાય છે, (પરંતુ માટીની માફક) (घटः कुलालमयः न स्यात्) કુંભારમય ઘડો કહેવાતો નથી.

**ભાવાર્થ**—૫૭૭ મી ગાથામાં કહેલા કથનનો ખુલાસો આ પ્રમાણે છે, કે—જેમ ઘડો સ્વભાવથી માટીસ્વરૂપ છે, તેથી તે ઘડો 'માટીમય' કહી શકાય છે તેમ ઘડાને કુંભારમય કહી શકાતો નથી; ઉપાદાનરૂપ ધર્મ પોતાની પર્યાયમાં વ્યાપક થઈ જતો હોવાથી તે ઉપાદાનરૂપ ધર્મને કર્તા માની શકાય છે. જેમ કે ઘડો માટીમય છે અથવા ઘડાનું ઉપાદાનકારણ માટીના પરમાણુઓની તે સમયની ઘડારૂપ થવાની યોગ્યતા છે, તેથી માટી કર્તા અને ઘડો કાર્ય, એ પ્રમાણે છે, એટલે અહીં જેમ ઘડાને માટીમય કહી શકાય છે તેમ તેને કુંભારમય કહી શકાતો નથી.

હવે ઘડાનો કર્તા કુંભાર કહેવાય છે, એ વગેરે જે લોકવ્યવહાર છે તે પણ નયાભાસ છે; એમ દર્શાવે છે :—

**अथ चेद्घटकर्तासौ घटकारो जनपदोक्तिलेशोऽयम्।**
**दुर्वारो भवतु तदा का नो हानिर्यदा नयाभासः॥५७९॥**

**અન્વયાર્થ**—'(असौ घटकारः) આ કુંભાર (घटकर्ता) ઘડાનો કર્તા છે (अयं जनपदोक्तिलेशः) એવો લોકવ્યવહાર (दुर्वारः भवतु) દુર્નિવાર થઈ જશે.' (यदा अथ चेत्) એ પ્રમાણે જ્યારે શંકાકાર કહે (तदा) ત્યારે તેનો ઉત્તર આ છે, કે—ભલે તે લોકવ્યવહાર દુર્નિવાર રહો (का नो हानिः) તેમાં અમને (વસ્તુ સ્વરૂપને) શું હાનિ છે? કેમ કે (नयाभासः) તે લોકવ્યવહાર નયાભાસ છે.

**ભાવાર્થ**—જો કદાપિ આમ કહેવામાં આવે, કે 'લોકમાં ઘડાનો કર્તા કુંભાર કહેવામાં આવે છે, માટે એક પદાર્થનો કર્તા બીજો પદાર્થ થઈ શકે છે' તો આ કથનથી પણ અમારા કથનમાં કાંઈ બાધા આવતી નથી; કેમ કે જો આ પ્રકારના લોકવ્યવહારને અમે નય કહ્યો હોત તો અમારા કથનમાં બાધા આવત, પરંતુ અમે તો તેને નય ન કહેતાં નયાભાસ કહીએ છીએ, તેથી 'કુંભાર ઘડાનો કર્તા છે' એવા પ્રકારનો લોકવ્યવહાર નયાભાસ હોવાને લીધે અમારા કથનનો બાધક કોઈ પણ રીતે થઈ શકતો નથી.

માટે જીવને કર્મ, શરીર વગેરે પરપદાર્થોનો કર્તા-ભોક્તા કહેવો તે નયાભાસ જ છે, તેમાં કોઈ પણ નય લાગુ પડતો નથી. આ પ્રમાણે બીજા નયાભાસનું સ્વરૂપ કહ્યું.

### ત્રીજા નયાભાસનું સ્વરૂપ

**अपरे बहिरात्मानो मिथ्यावादं वदन्ति दुर्मतयः।**
**यदबद्धेपि परस्मिन् कर्ताभोक्ता परोपि भवति यथा॥५८०॥**

**सद्वेद्योदयभावान् गृहधनधान्यं कलत्रपुत्रांश्च।**
**स्वयमिह करोति जीवो भुनक्ति वा स एव जीवश्च॥५८१॥**

**અન્વયાર્થ**—(अपरे दुर्मतयः बहिरात्मनः) કોઈ ખોટી બુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિ જીવ (मिथ्यावादं वदन्ति) આ પ્રમાણે મિથ્યાકથનનું પ્રતિપાદન કરે છે, કે—(यत् अबद्धे परस्मिन् अपि) જેઓ બંધને (એકપણાને) પ્રાપ્ત નથી થતા એવા પરપદાર્થોમાં પણ (परः कर्ता अपि भोक्ता भवति) અન્ય પદાર્થ અન્ય પદાર્થનો કર્તા તેમ જ ભોક્તા થાય છે. (यथा) જેમ કે—

(इह) અહીં (सद्वेद उदयभावात्) સાતાવેદનીયકર્મના નિમિત્તથી જેમનો સદ્‌ભાવ છે એવા (गृहधनधान्यं च कलत्र पुत्रान्) ઘર, ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર વગેરેને (जीवः स्वयं करोति) જીવ, સ્વયં કરે છે (वा) અને (स एव जीवश्च भुनक्ति) વળી તે જીવ તેમને ભોગવે છે.

**ભાવાર્થ**—કોઈ કોઈ બહિરાત્મા-મિથ્યાદૃષ્ટિ દુર્મતિજીવ, જેમની સાથે ખરેખર આત્માને કોઈ પ્રકારથી એકપણું (બંધ) નથી, એવા પરપદાર્થોમાં પણ આત્માના કર્તા-ભોક્તાનો વ્યવહાર કરે છે; જેમ કે તેઓ કહે છે, કે ઘર, ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર વગેરેને જીવ ઉત્પન્ન કરે છે અને તે જ જીવ ભોક્તા હોવાથી તેમને ભોગવે છે.

ઉપરની માન્યતા પણ નયાભાસ જ છે. જીવનો વ્યવહાર પરપદાર્થોમાં હોતો નથી પણ પોતામાં જ હોય છે. જીવને પરદ્રવ્ય સાથે સંબંધ બતાવનારાં બધાંય કથનો નયાભાસ છે. અહીં શંકા—

**ननु सति गृहवनितादौ भवति सुखं प्राणिनामिहाध्यक्षात्।**
**असति च तत्र न तदिदं तत्तत्कर्ता स एव तद्भोक्ता॥५८२॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે—(इह प्राणिनां) આ જગતમાં પ્રાણીઓને (गृहवनितादौ सति) ઘર, સ્ત્રી વગેરેના હોવાથી (अध्यक्षात् सुखं भवति) પ્રત્યક્ષપણે સુખ થાય છે, (च तत्र असति) અને તે ઘર, સ્ત્રી વગેરેના ન હોવાથી (तत् इदं न) તેમને તે સુખ થતું નથી, (तत्) તે કારણથી (स एव) તે જીવ જ (तत्कर्ता तत्भोक्ता) તે ઘર-સ્ત્રી વગેરેનો કર્તા અને તેનો ભોક્તા છે.

**ભાવાર્થ**—શંકાકાર એમ કહે છે, કે 'જીવ પરવસ્તુનો કર્તા તથા ભોક્તા છે' એવા કથનને નયાભાસ કહેવો તે બરાબર નથી, કારણ કે આ વાત તો પ્રત્યક્ષ છે, કે ઘરબાર, સ્ત્રી, પુત્ર વગેરેના હોવાથી જ જીવને સુખ થાય છે અને તેમના ન હોવાથી સુખ થતું નથી, માટે જીવ જ તે પદાર્થોનો કર્તા-ભોક્તા છે અર્થાત્ જીવ જ પોતાની સુખસામગ્રીનો (બાહ્યપદાર્થોનો) કર્તા તથા ભોક્તા છે, એમ માનવામાં શું દોષ છે? તેનું સમાધાન :—

**सत्यं वैषयिकमिदं परमिह तदपि न परत्र सापेक्षम्।**
**सति बहिरर्थेपि यतः किल केषांचिदसुखादिहेतुत्वात्॥५८३॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, (इह) આ જગતમાં (इदं) આ સંસારીસુખ (परं वैषयिकं) કેવળ વૈષયિક છે અર્થાત્ વિષયોમાં સુખની માત્ર કલ્પના અજ્ઞાનીઓએ કરી છે, (तदपि) છતાં પણ (परत्र सापेक्ष न) તે કલ્પિત સુખ પરવિષયોની અપેક્ષાથી નથી, (यतः) કારણ કે—(किल) નિશ્ચયથી (बहिर् अर्थे सति अपि) તે બાહ્યપદાર્થો હાજર હોવા છતાં પણ (केषांचित्) કોઈ તે ગૃહ-સ્ત્રી વગેરેમાં (असुखादि हेतुत्वात्) અસુખાદિકના હેતુની કલ્પના કરે છે.

**ભાવાર્થ**—એ બધાં સંસારીકસુખ વૈષયિક છે-અજ્ઞાનીઓએ વિષયોમાં કલ્પેલાં છે અને એવો મેળ નથી રહેતો કે બાહ્યપદાર્થરૂપ સ્ત્રી-પુત્ર વગેરેના રહેવાથી બધાયને સુખની જ કલ્પના થાય છે, કારણ કે સ્ત્રી—પુત્ર વગેરેના સંયોગમાં પણ 'તેઓથી પોતાને દુઃખ થાય છે' એવી કલ્પના પણ અજ્ઞાનીઓ કરે છે. માટે એ બાહ્યપદાર્થો સાથે સુખની વ્યાપ્તિ (મેળ) નથી અને તેના સંયોગથી બધાને સુખની કલ્પના થાય જ છે, એવા કથનને પણ નિર્દોષ કહી શકાતું નથી. આ રીતે સિદ્ધ થાય છે, કે—જીવને પરપદાર્થોના કારણથી સુખનો ભોક્તા કહેવો તે નય નથી પણ નયાભાસ છે.

હવે ગ્રંથકાર આ બધા કથનનું તાત્પર્ય જણાવે છે અને પછી અન્ય નયાભાસનું વર્ણન કરે છે :—

**इदमत्र तु तात्पर्यं भवतु स कर्ताथ वा च मा भवतु।**
**भोक्ता स्वस्य परस्य च यथाकथंचित्चिदात्मको जीवः॥५८४॥**

**અન્વયાર્થ**—(सः स्वस्य च परस्य) તે જીવ સ્વનો કે પરનો (कर्ता च भोक्ता) કર્તા તથા ભોક્તા (भवतु अथवा मा भवतु) હો કે ન હો, પરંતુ (अत्र इदं तात्पर्यं तु) અહીં તાત્પર્ય આ છે, કે—(जीवः) જીવ, (यथाकथंचित्) કોઈ પણ પ્રકારથી-ગમે તે રીતે (चिदात्मक) જ્ઞાનસ્વરૂપ જ છે. (તેથી જ્ઞાન સિવાય બીજું કાંઈ તેનું કર્તવ્ય નથી.)

**ભાવાર્થ**—સારાંશ આ છે, કે અજ્ઞાનીઓના વ્યવહારમાં જીવ, પરપદાર્થોનો કર્તા -ભોક્તા કહેવાય કે ન કહેવાય, તેનાથી અમને કાંઈ પ્રયોજન નથી, પરંતુ અહીં ભેદવિજ્ઞાન કરાવવાનું હોવાથી અમને ફક્ત એટલું જ પ્રયોજન છે, કે જીવ, કોઈપણ પ્રકારથી જ્ઞાનસ્વરૂપ જ છે. જીવની બધીય પર્યાયો કદી પોતાના ચેતનપણાને છોડતી નથી, માટે વાસ્તવિકપણે આત્માના નિજભાવનો કર્તા આત્મા જ છે અને કર્તાની માફક નિજભાવોનો ભોક્તા પણ આત્મા જ છે.[૧] હવે ચોથા નયાભાસનું સ્વરૂપ કહે છે—

---

૧. 'જીવ પરપદાર્થોનો કર્તા-ભોક્તા હો કે ન હો' એમ કહ્યું છે, તેથી તે વાત શંકાશીલ રાખી છે એમ ન સમજવું, પણ અહીં તો સ્વના કે પરના કર્તા-ભોક્તાપણાનો પણ વિકલ્પ (પક્ષ અર્થાત્ રાગ) છોડાવ્યો છે.

## ચોથા નયાભાસનું સ્વરૂપ

**अयमपि च नयाभासो भवति मिथो बोध्यबोधसम्बन्धः।**
**ज्ञानं ज्ञेयगतं वा ज्ञानगतं ज्ञेयमेतदेव यथा॥५८५॥**

**અન્વયાર્થ**—(अयं अपि च नयाभासः भवति) આ પણ નયાભાસ છે, કે '(मिथः) જ્ઞાન અને જ્ઞેયને પરસ્પર (बोध्यबोधसम्बन्धः) બોધ્ય-બોધક સંબંધ છે' (यथा) જેમ કે (ज्ञानं ज्ञेयगतं) જ્ઞાન, જ્ઞેયગત છે (वा) અને (एतत् ज्ञेयं एव ज्ञानगतं) એ જ્ઞેય પણ જ્ઞાનગત છે.

**ભાવાર્થ**—જ્ઞેય-જ્ઞાયકસંબંધને લઈને જ્ઞાનને જ્ઞેયગત કહેવું તથા જ્ઞેયોને જ્ઞાનગત કહેવા તે પણ નયાભાસ છે. તેનું કારણ :—

**चक्षु रुपं पश्यति रुपगतं तन्न चक्षुरेव यथा।**
**ज्ञानं ज्ञेयमवैति च ज्ञेयगतं वा न भवति तज्ज्ञानम्॥५८६॥**

**અન્વયાર્થ**—(यथा चक्षु रुपं पश्यति) જેમ આંખ રૂપને દેખે છે, પરંતુ (तत् चक्षुः एव रुपगतं न) તે આંખ જ પોતે રૂપમાં પ્રવેશી જતી નથી, તે જ પ્રમાણે (ज्ञानं ज्ञेयं अवैति च) જ્ઞાન જ્ઞેયોને જાણે છે, તોપણ (तत् ज्ञानं ज्ञेयगतं न वा भवति) તે જ્ઞાન જ પોતે જ્ઞેયોમાં પ્રવેશી જતું નથી.

**ભાવાર્થ**—જેમ આંખ, રૂપને દેખે છે પરંતુ તેટલા માત્રથી તે આંખ કાંઈ રૂપમાં પ્રવેશી જતી નથી, તે જ પ્રમાણે જ્ઞાન જ્ઞેયોને જાણે છે, પરંતુ તેટલા માત્રથી તે જ્ઞાન કાંઈ જ્ઞેયોમાં પ્રવેશી જતું નથી. માટે જ્ઞેય-જ્ઞાયકસંબંધને લીધે જ્ઞાનને જ્ઞેયગત કહેવું તે નયાભાસ છે. અહીં ગ્રંથકારે જ્ઞેયને જ્ઞાનગત કહેવા સંબંધમાં જોકે લખ્યું નથી, તોપણ એમ સમજવું કે જેમ જ્ઞાનનો પ્રવેશ જ્ઞેયોમાં નથી તેમ જ્ઞેયોનો પણ જ્ઞાનમાં પ્રવેશ નથી.

## ઉપસંહાર

**इत्यादिकाश्च बहवः सन्ति यथालक्षणा नयाभासाः।**
**तेषामयमुद्देशो भवति विलक्ष्यो नयान्नयाभासः॥५८७॥**

**અન્વયાર્થ**—(इत्यादिकाः च बहवः) ઇત્યાદિ બીજા પણ ઘણા (यथालक्षणा नयाभासाः सन्ति) પોતપોતાના લક્ષણાનુસાર નયાભાસ છે અને (नयात् नयाभासः विलक्ष्यो भवति) નય કરતાં નયાભાસ વિલક્ષણ (વિરુદ્ધ) હોય છે, (अयं तेषां उद्देशः) આ તેનો (ઉપરોક્ત સર્વ કથનનો) ઉદ્દેશ છે, અર્થાત્ નયથી જે વિરુદ્ધલક્ષણવાળા હોય તે નયાભાસ કહેવાય છે.

**ભાવાર્થ**—અહીં ચાર નયાભાસો વર્ણવ્યા છે, તે સિવાય પોતપોતાના લક્ષણાનુસાર બીજા પણ જે અનેક નયાભાસો છે તે સર્વને નય સમજવા ન જોઈએ પણ નયોથી વિરુદ્ધલક્ષણવાળા હોવાથી તેમને નયાભાસ જાણવા જોઈએ. જે નય સમાન તો માલુમ પડે, પરંતુ જેમાં 'તદ્‌ગુણસંવિજ્ઞાન (વસ્તુના પોતાના ગુણને દર્શાવવું તે)' ઈત્યાદિ નયનું વાસ્તવિક લક્ષણ બંધ બેસતું ન હોય, તેને નયાભાસ કહે છે.

એ પ્રમાણે જીવને પરદ્રવ્યો સાથે (એકરૂપ) સંબંધ બતાવનારાં બધાંય કથનો નયાભાસ છે, એ પ્રમાણે કેટલાક નયાભાસો દર્શાવીને હવે ગ્રંથકાર પોતાના પ્રકૃત વિષય નયના નિરૂપણ ઉપર આવે છે. અહીં શંકા—

**ननु सर्वतो नयास्ते किं नामानोऽथवा कियन्तश्च।**
**कथमिव मिथ्यार्थास्ते कथमिव ते सन्ति सम्यगुपदेश्याः॥५८८॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે—(सर्वतः) સર્વ પ્રકારથી (ते नयाः) તે નયો (किं नामानः) કયા નામવાળા (अथ) તથા (कियन्तः वा) કેટલા છે (च) તથા (कथमिव) કેવી રીતે (ते) તે (मिथ्यार्थाः) મિથ્યાઅર્થવાળા થાય છે તથા (कथमिव) કેવી રીતે (ते) તે (सम्यगुपदेश्याः सन्ति) સમ્યક્ઉપદેશ કરવા યોગ્ય અર્થાત્ સમ્યક્ કહેવા યોગ્ય થાય છે ?

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—જ્યારે નયોના જેવા ભાસતા નયાભાસ પણ હોઈ શકે છે, તો કૃપા કરીને અહીં સારી રીતે દર્શાવો કે—સંપૂર્ણ નયો કેટલા છે, તેના નામ શું છે તથા કેવા પ્રકારથી તે મિથ્યા અને સમીચીન નય કહેવા યોગ્ય થાય છે ? તેનું સમાધાન :—

**सत्यं यावदनंताः संति गुणा वस्तुतो विशेषाख्याः।**
**तावन्तो नयवादा वचोविलासा विकल्पाढ्याः॥५८९॥**

**अपि निरपेक्षा मिथ्यास्त एव सापेक्षका नयाः सम्यक्।**
**अविनाभावत्वे सति सामान्यविशेषयोश्च सापेक्षात्॥५९०॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, કારણ કે—(वस्तुतः) પરમાર્થપણે વસ્તુમાં (विशेषाख्याः) વિશેષનામવાળા (यावत् अनंताःगुणाः सन्ति) જેટલા અનંત ગુણો છે તેમાં જેટલા (विकल्पाढ्याः) વિકલ્પસહિત (वचोविलासाः) વચનવિલાસ છે, (तावन्तः) તેટલા જ (नयवादाः) નયવાદ છે (अपि) તથા તેમાં જે (निरपेक्षाः) નિરપેક્ષ નય છે (ते एव) તે જ નય (मिथ्या) મિથ્યા છે, (च) તથા (सापेक्षकाः) સાપેક્ષ (नयः) નય (सम्यक्) સમ્યક્ છે, કારણ કે—(सामान्य विशेषयोः) સામાન્ય અને વિશેષમાં (अविनाभावत्वेसंति) અવિનાભાવ રહેવાથી (सापेक्षात्) પરસ્પર સાપેક્ષપણું છે.

**ભાવાર્થ**—ઠીક છે, વાસ્તવમાં વસ્તુમાં અનંત ગુણો છે, તેથી તેના જેટલા વિકલ્પ સહિત વચનવિલાસ થઈ શકે છે તેટલા જ નય થઈ શકે છે. બીજું વસ્તુત્વતાએ સામાન્ય અને વિશેષને પરસ્પર સાપેક્ષપણું છે, કારણ કે—સામાન્ય તથા વિશેષમાં અવિનાભાવસંબંધ છે, તેથી નયો દ્વારા સામાન્યકથન, વિશેષસાપેક્ષ તથા વિશેષકથન, સામાન્યસાપેક્ષ કહેવામાં આવે છે, એટલા માટે પરસ્પર સાપેક્ષનય સમીચીન (સમ્યક્) નય તથા પરસ્પર નિરપેક્ષનય, મિથ્યાનય કહેવામાં આવે છે. તેનો ખુલાસો :—

**सापेक्षत्वं नियमादविनाभावस्त्वनन्यथासिद्धः।**
**अविनाभावोपि यथा येन विना जायते न तत्सिद्धिः॥५९१॥**

**અન્વયાર્થ**—(नियमात्) નિયમથી (सापेक्षत्वं) સાપેક્ષપણું જ (तु) તો (अन्यथासिद्धः अविनाभावः) અનન્યથાસિદ્ધ અવિનાભાવ છે અર્થાત્ અવિનાભાવનું દ્યોતક છે તથા તે (अविनाभावः अपि) અવિનાભાવ પણ (यथा) જેમ (येन विना) જેના વિના (तत्सिद्धिः न जायते) તેની સિદ્ધિ ન થાય, તેને કહે છે.

**ભાવાર્થ**—નયોની પરસ્પર સાપેક્ષતા તે નયોના અન્યથારૂપથી ન થવાવાળા અવિનાભાવની દ્યોતક (પ્રકાશક) છે, કારણ કે—જેના વિના જેની સિદ્ધિ ન થાય તેને અવિનાભાવ કહે છે અર્થાત્ સામાન્ય વિના વિશેષની તથા વિશેષ વિના સામાન્યની સિદ્ધિ થઈ શકતી નથી, તેથી સામાન્યને વિષય કરવાવાળો જે દ્રવ્યાર્થિકનય છે તથા વિશેષને વિષય કરવાવાળો જે પર્યાયાર્થિકનય છે, તે બંનેમાં પરસ્પર સાપેક્ષપણું છે.

## ગુણોના અનુસાર નયોનાં નામ

**अस्त्युक्तो यस्य सतो यन्नामा यो गुणो विशेषात्मा।**
**तत्पर्यायविशिष्टास्तन्नामानो नया यथाम्नायात्॥५९२॥**

**અન્વયાર્થ**—(यस्य सतः) જે સત્‌નો (यन्नामा) જે નામવાળો (यः) જે (उक्तः) કહેવામાં આવેલો (विशेषात्मा) વિશેષરૂપ (गुणः अस्ति) ગુણ હોય છે, (तत्पर्यायविशिष्टाः) તે ગુણની પર્યાયવિશિષ્ટ (तन्नामानः) તે જ નામવાળી (यथाऽम्नायात्) આમ્નાયાનુસાર (नयाः) નય હોય છે.

**ભાવાર્થ**—આમ્નાયને ઉલ્લંઘન કર્યા સિવાય જે દ્રવ્યના જે નામવાળા જે જે વિશેષાત્મક ગુણો હોય છે, તે તે ગુણોની તથા પર્યાયોની અંશકલ્પનાથી વિશિષ્ટ તે તે નામવાળા નય હોય છે. અર્થાત્-વિશેષ શબ્દ, ગુણવાચક જ છે; તેથી અહીં જે 'વિશેષાત્મા' શબ્દ આપ્યો છે તેનો અર્થ 'ગુણ' એવો કરવો જોઈએ તથા પર્યાયશબ્દ, અંશકલ્પના વાચક છે; તેથી 'तत्पर्यायविशिष्टाः'એ શબ્દનો અર્થ કરવો જોઈએ, કે—એ ગુણોની પર્યાયરૂપ અંશકલ્પનાથી

યુક્ત તે જ નામવાળા નય હોય છે. સારાંશ આ છે, કે—દ્રવ્યમાં જેટલા ગુણ તથા પર્યાયો છે તેટલા જ તે ગુણો તથા પર્યાયોની અપેક્ષાથી તે તે નામાનુસાર નય કહેવામાં આવે છે.

## અસ્તિત્વ નય

अस्तित्वं नाम गुणः स्यादिति साधारणः सतस्तस्य।
तत्पर्यायश्च नयः समासतोऽस्तित्वनय इति वा॥५९३॥

**અન્વયાર્થ**—(तस्य सतः) એ સત્‌નો (अस्तित्वं नाम) અસ્તિત્વનામનો (साधारणः इति गुण स्यात्) સાધારણગુણ છે, તેથી (तत्पर्यायः नयः च) એ ગુણ દ્વારા પર્યાય એટલે અંશકલ્પના-વાળો નય પણ (समासतः) સંક્ષેપતાથી (अस्तित्वनयः इति वा) અસ્તિત્વનય કહેવાય છે.

**ભાવાર્થ**—દ્રવ્યનો 'અસ્તિત્વ'એ સાધારણગુણ છે, તેથી અસ્તિત્વગુણથી દ્રવ્યને જે અસ્તિત્વવાન કહેવામાં આવે છે તે અસ્તિત્વનય કહેવાય છે, કારણ કે—અસ્તિત્વગુણ દ્વારા અસ્તિત્વરૂપ અંશની કલ્પના કરીને પદાર્થને અસ્તિત્વવાન કહેવામાં આવ્યો છે. એ પ્રમાણે જેટલા કોઈ ગુણો છે તે સર્વ દ્વારા થવાવાળી અંશકલ્પનાને નય કહી શકાય છે.

## કર્તૃત્વનય

कर्तृत्वं जीवगुणोस्त्वथ वैभाविकोऽथवा भावः।
तत्पर्यायविशिष्टः कर्तृत्वनयो यथा नाम॥५९४॥

**અન્વયાર્થ**—(अथ) હવે બીજું ઉદાહરણ દર્શાવે છે, કે—(कर्तृत्वं) કર્તૃત્વ નામનો (जीवगुणः) જીવનો ગુણ (अथवा) અથવા (वैभाविकः भावः) વૈભાવિક ભાવ (अस्तु) છે, તેથી (तत्पर्यायविशिष्टः) તે ગુણની પર્યાયથી વિશિષ્ટ, અર્થાત્ તેના કારણથી થવાવાળી અંશકલ્પનાવાળો (यथानाम) પોતાના નામાનુસાર (कर्तृत्वनयः) કર્તૃત્વનય કહેવાય છે.

**ભાવાર્થ**—કર્તૃત્વ એ જીવનો ગુણ અથવા જીવનો વૈભાવિકભાવ છે, તેથી તેના કારણથી જીવમાં જે અંશકલ્પના કરવામાં આવે છે, તેને કર્તૃત્વનય કહે છે.

## ઉપસંહાર

अनया परिपाट्या किल नयचक्रं यावदस्ति बोधव्यम्।
एकैकं धर्मं प्रति नयोपि चैकैक एव भवति यतः॥५९५॥

**અન્વયાર્થ**—(किल) નિશ્ચયથી (अनया परिपाट्या) એ જ પરિપાટિથી (यावत् नयचक्रं

अस्ति) જેટલા કોઈ નયચક્ર છે તે બધાં (बोधव्यं) જાણી લેવા જોઈએ, (यतः) કારણ કે—(एकैकं धर्मं प्रति) એક એક ધર્મ પ્રત્યે (नयोऽपि च) નય પણ (एकैक एव भवति) એક એક જ થાય છે.

**ભાવાર્થ**—દ્રવ્યમાં જેટલા ધર્મ છે તેટલા જ સંપૂર્ણ નય છે, તેથી એ જ પરિપાટિથી તે સર્વ ધર્મોના નામાનુસાર જ સંપૂર્ણ નયચક્ર લગાવવું જોઈએ, કારણ કે—દ્રવ્યના એક એક ધર્મ પ્રત્યે નય પણ એક એક થઈ જાય છે.

### વ્યવહારનય

**सोदाहरणो यावान्नयो विशेषणविशेष्यरुपः स्यात्।**
**व्यवहारापरनामा पर्यायार्थो नयो न द्रव्यार्थः॥५९६॥**

**અન્વયાર્થ**—(सोदाहरणः) ઉદાહરણ સહિત અને (विशेषण विशेष्यरुपः) વિશેષણ—વિશેષ્યરૂપ (यावान् नयः स्यात्) જેટલા કોઈ નય છે તે બધાય (व्यवहारापरनामा) વ્યવહાર છે જેનું બીજું નામ (पर्यायार्थः नयः) પર્યાયાર્થિકનય છે, (द्रव्यार्थः नः) દ્રવ્યાર્થિકનય નથી.

**ભાવાર્થ**—એ પ્રમાણે જેટલા કોઈ ઉદાહરણસહિત, વિશેષણ-વિશેષ્યરૂપ નય થાય છે તે બધાય વ્યવહાર નામવાળા પર્યાયાર્થિકનય જ છે પણ તે દ્રવ્યાર્થિકનય નથી.[1]

### દ્રવ્યાર્થિકનય કોને કહે છે?

**ननु चोक्तलक्षण इति यदि न द्रव्यार्थिको नयो नियमात्।**
**कोऽसौ द्रव्यार्थिक इति पृष्टास्तच्चिन्हमाहुराचार्याः॥५९७॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(इति उक्तलक्षणः) એ પ્રકારથી કહેવામાં આવ્યું છે લક્ષણ જેનું એવો નય (यदि) જો (नियमात्) નિયમથી (द्रव्यार्थिकः नयः न) દ્રવ્યાર્થિકનય નથી, તો (असौ द्रव्यार्थिकः कः ?) એ દ્રવ્યાર્થિકનય કોણ છે? (इति) એ પ્રમાણે (पृष्टाः) પ્રશ્ન થતાં (आचार्याः) આચાર્ય (तच्चिन्हं) તેના ચિહ્નને-લક્ષણને (आहुः) કહે છે.

**ભાવાર્થ**—જો ઉદાહરણસહિત, વિશેષણ-વિશેષ્યરૂપ બધાય નયો નિયમથી પર્યાયાર્થિકનય જ છે-દ્રવ્યાર્થિકનય નથી, તો બતાવો કે દ્રવ્યાર્થિકનય કોને કહે છે? એ પ્રકારથી શંકાકાર દ્વારા પ્રશ્ન થતાં આચાર્ય, દ્રવ્યાર્થિકનયના લક્ષણને કહે છે :—

---

૧. ગ્રંથકારે અસ્તિત્વનય, કર્તૃત્વનય ઈત્યાદિરૂપથી અહીં નયોનું સ્વરૂપ દર્શાવ્યું છે. નૈગમાદિરૂપથી નયોનું નિરૂપણ કર્યું નથી, કારણ કે આ અધ્યાત્મવાદનું પ્રકરણ છે.

## દ્રવ્યાર્થિકનયનું લક્ષણ

**व्यवहारः प्रतिषेध्यस्तस्य प्रतिषेधकश्च परमार्थः।**
**व्यवहारप्रतिषेधः स एव निश्चयनयस्य वाच्यः स्यात् ॥५९८॥**

**અન્વયાર્થ**—(व्यवहारः) વ્યવહારનય (प्रतिषेध्यः) પ્રતિષેધ્ય છે (च) તથા (तस्य प्रतिषेधकः) તેનો પ્રતિષેધક (परमार्थः) નિશ્ચયનય છે, અર્થાત્ જે (व्यवहार प्रतिषेधः) વ્યવહારનયનો નિષેધ છે, (स एव) તે જ (निश्चयनयस्य वाच्यः स्यात्) નિશ્ચયનયનો વાચ્ય છે.

**ભાવાર્થ**—વ્યવહારનય પ્રતિષેધ કરવા યોગ્ય છે, તથા તેનો જે પ્રતિષેધક છે તે જ દ્રવ્યાર્થિકનય છે અર્થાત્ જે વ્યવહારનયનો પ્રતિષેધ છે તે જ નિશ્ચયનયનો (દ્રવ્યાર્થિકનયનો) વાચ્ય થાય છે. સારાંશ આ છે, કે—વ્યવહારનય પ્રતિષેધ્ય છે તથા નિશ્ચયનય પ્રતિષેધક છે, તેથી વ્યવહારનયનો નિષેધ કરવાવાળા નયને દ્રવ્યાર્થિકનય કહે છે. ઉદાહરણ :—

**व्यवहारः स यथा स्यात्सद्द्रव्यं ज्ञानवांश्च जीवो वा।**
**नेत्येतावन्मात्रो भवति स निश्चयनयो नयाधिपतिः ॥५९९॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (सत् द्रव्यं स्यात्) સત્ દ્રવ્ય છે (वा) અથવા (ज्ञानवांश्च जीवः) જ્ઞાનવાન જીવ છે એ પ્રકારનાં જે કથન છે (स) તે (व्यवहारः) વ્યવહારનય છે, તથા (एतावन्मात्रो न) 'એટલું જ નથી' (इति) એ પ્રકારનું જે વ્યવહારના નિષેધપૂર્વકનું કથન છે, (सः) તે (नयाधिपतिः) નયોનો અધિપતિ (निश्चयनयः भवति) નિશ્ચયનય છે.

**ભાવાર્થ**—જેમ કે—'सत् द्रव्यं' અથવા 'ज्ञानवान् जीवः' ઈત્યાદિરૂપથી જે દ્રવ્યને સત્ તથા જીવને જ્ઞાનવાન કહ્યો છે, તે ઉદાહરણપૂર્વક વિશેષણ-વિશેષ્ય સંબંધથી કહ્યો છે તેથી એ બધો વ્યવહારનય અર્થાત્ પર્યાયાર્થિકનય કહેવાય છે, તથા 'न इत्येतावन्मात्रः' અર્થાત્ દ્રવ્ય, કેવળ સત્રૂપ જ નથી, કારણ કે તેમાં બીજા પણ પ્રમેયત્વાદિ ગુણો મોજૂદ છે અને જીવ, માત્ર જ્ઞાનવાળો જ નથી, કારણ કે તેમાં બીજા પણ સુખ આદિ અનંત ગુણો મોજૂદ છે. તેથી વ્યવહારને પ્રતિષેધ્યરૂપ માની તેનો પ્રતિષેધ કરવાવાળો નયોનો અધિપતિ નિશ્ચયનય કહેવાય છે અને એ જ વાસ્તવિક દ્રવ્યાર્થિકનય છે. થોડાનો અભાવ, ઘણારૂપ અને ઘણાનો અભાવ, થોડારૂપ પડે છે, તેથી વ્યવહારનયે દ્રવ્યને અસ્તિત્વગુણના કારણથી સત્રૂપ વા જીવને જ્ઞાનગુણની અપેક્ષાએ જે જ્ઞાનવાન કહ્યો હતો પણ 'દ્રવ્ય, કેવળ સત્રૂપ જ નથી તથા જીવ, કેવળ જ્ઞાનવાન જ નથી' એ પ્રમાણે નિષેધ કરવો તે દ્રવ્યાર્થિકનયનો વિષય થાય છે, સત્ વા જ્ઞાનવાન આદિ વ્યવહારરૂપ વિશેષનો અભાવ તે આ નયનો વિષય થાય છે અને તેને જ દ્રવ્યાર્થિકનય વા અધ્યાત્મપરિભાષાથી નિશ્ચયનય કહે છે. હવે આગળ શંકા-સમાધાનપૂર્વક નિશ્ચયનયમાં વિકલ્પપણાની સિદ્ધિ કરે છે. શંકા :—

**ननु चोक्तं लक्षणमिह नयोस्ति सर्वोपि किल विकल्पात्मा।**
**तदिह विकल्पाभावात् कथमस्य नयत्वमिदमिति चेत्॥६००॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે—જ્યારે (इह) અહીં (लक्षणंउक्तं) નયનું લક્ષણ આ છે, કે—(किल) નિશ્ચયથી (सर्वोऽपि नयः) બધાય નયો (विकल्पात्मा अस्ति) વિકલ્પાત્મક છે, (तत् इह) તો પછી અહીં (विकल्पाभावात्) વિકલ્પનો અભાવ થવાથી (अस्य) આ નિશ્ચયનયને (इदं नयत्वं कथं) એ નયપણું કેવી રીતે થશે? (इतिचेत्) જો એમ કહો તો :—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—પહેલાં ગાથા ૫૦૭માં નયનું લક્ષણ વિકલ્પ કહી ચુક્યા છો, પરંતુ નિશ્ચયનયને પ્રતિષેધ્યના અભાવરૂપ માનવાથી અર્થાત્ માત્ર વ્યવહારનો પ્રતિષેધક માનવાથી તેમાં વિકલ્પપણું આવી શકતું નથી, સારાંશ આ છે, કે—વિકલ્પનો અભાવ થવાથી નિશ્ચયનયમાં નયપણું કેવી રીતે આવી શકશે? તેનું સમાધાન :—

**तन्न यतोस्ति नयत्वं नेति यथा लक्षितस्य पक्षत्वात्।**
**पक्षग्राही च नयः पक्षस्य विकल्पमात्रत्वात्॥६०१॥**

**અન્વયાર્થ**—(तन्न) એમ કહેવું એ ઠીક નથી, (यतः) કારણ કે—(न, इति यथालक्षितस्य च) 'ન' એ શબ્દ દ્વારા જે કોઈ પ્રકારથી પણ લક્ષિત અર્થનો (पक्षत्वात्) પક્ષ હોવાથી (नयत्वं अस्ति) નયપણું છે, (च) કારણ કે—(पक्षस्य विकल्पमात्रत्वात्) પક્ષ, કેવળ વિકલ્પાત્મક હોવાથી (पक्षग्राही) પક્ષને એટલે વિકલ્પને ગ્રહણ કરવાવાળો (नयः) નય હોય છે.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું ઠીક નથી, કારણ કે—નય, પક્ષને વિષય કરે છે તથા પક્ષ વિકલ્પાત્મક હોય છે, તેથી નિશ્ચયનયમાં પણ 'ન' એવા આકારવાળો પક્ષરૂપ વિકલ્પ રહેવાના કારણથી વિકલ્પપણું સિદ્ધ થઈ જાય છે.

### બંને નય વિકલ્પાત્મક છે

**प्रतिषेध्यो विधिरूपो भवति विकल्पः स्वयं विकल्पत्वात्।**
**प्रतिषेधको विकल्पो भवति तथा सः स्वयं निषेधात्मा॥६०२॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (स्वयं विकल्पत्वात्) સ્વયં વિકલ્પાત્મક હોવાથી (प्रतिषेध्यः) પ્રતિષેધ્ય (વ્યવહારનય) (विधिरूपः) વિધિરૂપ વિકલ્પ હોય છે, (तथा) તેમ (सः) તે (प्रतिषेधकः) પ્રતિષેધક (નિશ્ચયનય) પણ (स्वयं निषेधात्मा) પોતે નિષેધાત્મક (विकल्पः भवति) વિકલ્પ હોય છે.

**ભાવાર્થ**—જેમ પ્રતિષેધ્ય એટલે વ્યવહારનય પોતે વિકલ્પાત્મક હોવાથી વિધિરૂપ

વિકલ્પ કહેવાય છે, તે જ પ્રમાણે પ્રતિષેધક એટલે નિશ્ચયનય પણ વિકલ્પાત્મક હોવાથી નિષેધરૂપ વિકલ્પ કહેવાય છે. (જ્ઞાન થતાં જે રાગ ઉઠે છે તે વિકલ્પ છે.) તેનું સ્પષ્ટીકરણ :–

तल्लक्षणमपि च यथा स्यादुपयोगो विकल्प एवेति।
अर्थानुपयोगः किल वाचक इह निर्विकल्पस्य॥६०३॥

अर्थाकृतिपरिणमनं ज्ञानस्य स्यात् किलोपयोग इति।
नार्थकृतिपरिणमनं तस्य स्यादनुपयोग एव यथा॥६०४॥

नेति निषेधात्मा यो नानुपयोगः सबोधपक्षत्वात्।
अर्थाकारेण विना नेतिनिषेधावबोधशून्यत्वात्॥६०५॥

**અન્વયાર્થ**—(च) અને (तल्लक्षणं अपि) તેનું લક્ષણ પણ આ છે, કે–(यथा) જેમ (इह) અહીં (उपयोग) ઉપયોગ (इति एव) પોતે જ (विकल्पः स्यात्) વિકલ્પ અર્થાત્ રાગ સહિત છે, તથા (किल) ખરેખર (अर्थानुपयोगः) અર્થના–રાગરહિતનો જ્ઞાનવ્યાપાર (निर्विकल्पस्य) નિર્વિકલ્પપણાનો (वाचकः) વાચક છે.

(यथा) જેમ (किल) નિશ્ચયથી-ખરેખર (ज्ञानस्य) જ્ઞાનનું (अर्थाकृतिपरिणमनं) અર્થાકારરૂપે–અર્થાત્ સ્વ-પરના ભેદરૂપ આકારે પરિણમન (उपयोगः इति स्यात्) ઉપયોગ કહેવાય છે, ('तथा') તેવી જ રીતે (नार्थकृति परिणमनं) સ્વ-પરના ભેદરૂપ આકારે પરિણમન ન થવું (अनुपयोग) અનુપયોગ (एव स्यात्) કહેવાય છે; તેથી–

(न इति) 'એટલું જ નહિ' (यः) એવો જે (निषेधात्मा) નિષેધરૂપ પક્ષ છે, (सः) તે (बोधपक्षत्वात्) બોધનો પક્ષ હોવાથી અર્થાત્ રાગસહિત જ્ઞાન હોવાથી (अनुपयोग) અનુપયોગ અર્થાત્ રાગરહિત જ્ઞાનનો વ્યાપાર (न) નથી, કારણ કે (न इति) 'એટલું જ નથી' (अर्थाकारेण विना) એ આકારરૂપ રાગસહિત જ્ઞાન થયા વિના (निषेधावबोध शून्यत्वात्) નિષેધાત્મક જ્ઞાન હોઈ શકે નહિ.

**ભાવાર્થ**—અહીં રાગસહિતના જ્ઞાનવ્યાપારને ઉપયોગ તથા નિર્વિકલ્પ (રાગરહિત) જ્ઞાનવ્યાપારને અનુપયોગ કહેલ છે.

'જીવનો ગુણ જ્ઞાન છે' એ અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, એમ પદ્ય–૫૩૬માં કહ્યું છે, ત્યાં તે વિધિરૂપ-વિકલ્પાત્મક રાગસહિત જ્ઞાન છે, વ્યવહારનય પ્રતિષેધ્ય છે અને નિશ્ચયનય પ્રતિષેધક છે, તેથી નિશ્ચયનય 'જ્ઞાન, જીવનો ગુણ છે' એ વિધિવાક્યનો

નિષેધ કરી કહે છે, કે—'જીવ, જ્ઞાનગુણ જેટલો જ નથી' ઉપયોગનો અર્થ 'અર્થાકાર એટલે રાગસહિત પદાર્થને જાણનારો જ્ઞાનવ્યાપાર' અહીં સમજવો, નિશ્ચયનયના વિષયનું રાગસહિત જ્ઞાન કરતાં 'જીવ જ્ઞાનગુણ જેટલો જ નથી' એવો વિકલ્પ ઉઠે છે, માટે તે નય નિર્વિકલ્પ નથી.

ઉપયોગનો અર્થ—એક પદાર્થથી ખસી બીજા પદાર્થ તરફ ચૈતન્યનો વ્યાપાર જાય છે તેને 'ઉપયોગ' કહે છે, તેથી ઉપયોગ વખતે રાગ અવશ્ય જ હોય છે. એક પદાર્થથી ખસીને બીજા પદાર્થ તરફ (જાણવાપણારૂપ) ચૈતન્યનો વ્યાપાર કેવળી ભગવાનને હોતો નથી, તેથી તેમને ઉપયોગ હોતો નથી, તેમને 'ઉપયોગ' માત્ર ઉપચારથી કહેવામાં આવે છે.

રાગસહિત જ્ઞાનવ્યાપારને સવિકલ્પ ઉપયોગ તથા રાગરહિત જ્ઞાનવ્યાપારને અનુપયોગ અહીં કહ્યો છે. નિર્વિકલ્પજ્ઞાન, છદ્મસ્થને ધર્મ અને શુક્લધ્યાનમાં હોય છે. અહીં દૃષ્ટાંત—

**जीवो ज्ञानगुणः स्यादर्थालोकं विना नयो नासौ।**
**नेति निषेधात्मत्वादर्थालोकं विना नयो नासौ॥६०६॥**

**અન્વયાર્થ**—જેમ (जीवः) જીવ, (ज्ञानगुणः) જ્ઞાનગુણવાળો છે (असौ नयः) એ નય (अर्थालोकं विना) પદાર્થના પ્રતિભાસ વિના (न स्यात्) થતો નથી, એ જ પ્રમાણે (निषेधात्मत्वात्) નિષેધાત્મક હોવાથી (नेति) 'ન' એવા આકારવાળો (असौ नयः) આ નય પણ (अर्थालोकं विना) અર્થના પ્રતિભાસ વિના (न) થતો નથી.

**ભાવાર્થ**—જેમ 'જીવ જ્ઞાનગુણવાળો છે' એ વ્યવહારનય, અર્થાલોક વિના અર્થાત્ પદાર્થને વિષય કર્યા વિના નય કહી શકાતો નથી, એ જ પ્રમાણે 'नेत्येतावन्मात्रः'—જીવ, જ્ઞાનગુણ જેટલો જ માત્ર નથી.' એ પ્રકારથી તે વિધિરૂપ વ્યવહારના પ્રતિષેધને વિષય કરવાવાળો નિશ્ચયનય પણ જ્ઞાનગુણ 'न इति' અર્થાત્—શેષ ગુણોના સદ્ભાવરૂપ અર્થાલોક વિના નય જ કહી શકાતો નથી. તેનો ખુલાસો :—

**स यथा शक्तिविशेषं समीक्ष्य पक्षश्चिदात्मको जीवः।**
**न तथेत्यपि पक्षः स्यादभिन्नदेशादिकं समीक्ष्य पुनः॥६०७॥**

**અન્વયાર્થ**—(स यथा) તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે—જેમ (शक्तिविशेषं) વિશેષશક્તિને એટલે જ્ઞાનશક્તિને (समीक्ष्य) જોઈને (जीवः चिदात्मकोः) 'જીવ, ચિદાત્મક છે' એ (पक्षः) પક્ષ કહેવાય છે, (पुनः) એ જ પ્રમાણે (अभिन्नदेशादिकं) અભિન્નદેશાદિકને અર્થાત્ જીવના એકલા જ્ઞાનગુણ પર ધ્યાન ન આપતાં સર્વ ગુણોને (समीक्ष्य) જોઈને (न तथा) 'જીવ, એકલા જ્ઞાનગુણવાળો જ માત્ર નથી,' (इत्यपि) એમ કહેવું પણ (पक्षः स्यात्) પક્ષ કહેવાય છે.

**ભાવાર્થ**—સારાંશ આ છે, કે–'જીવ, જ્ઞાનગુણવાળો છે' એ વ્યવહારનયમાં જેમ જીવના જ્ઞાનગુણના અવલંબનથી જીવને ચિદાત્મક કહેવો એ પક્ષ છે, તે જ પ્રમાણે નિશ્ચયનયમાં 'જીવ, એકલા જ્ઞાનગુણવાળો જ માત્ર નથી' તેથી જીવના જ્ઞાનરૂપ વિશેષગુણ સિવાયના સામાન્યધર્મને અવલંબન કરીને જીવની જ્ઞાનાત્મકતાનો નિષેધ કરવો એ પણ પક્ષ છે.

**अर्थालोकविकल्पः स्यादुभयत्राविशेषतोपि यतः।**
**न तथेत्यस्य नयत्वं स्यादिह पक्षस्य लक्षकत्वाच्च॥६०८॥**

**અન્વયાર્થ**—(यतः) કારણ કે–(उभयत्रापि) બંને નયોમાં (अविशेषतः) સામાન્યરૂપથી (अर्थालोकविकल्पः) અર્થપ્રતિભાસરૂપ વિકલ્પ (स्यात्) છે, તેથી (इह च) આ નિશ્ચયનયમાં પણ (पक्षस्य) પક્ષનો (लक्षकत्वात्) વિષય હોવાથી ('न तथा' इत्यस्य) 'न तथा' ને અર્થાત્ દ્રવ્યાર્થિકનયને પણ (नयत्वं स्यात्) નયપણું છે.

**ભાવાર્થ**—વ્યવહાર અને નિશ્ચય એ બંને નયોમાં અર્થાલોકવિકલ્પ (અર્થપ્રતિભાસરૂપ વિકલ્પ) સમાન છે, તેથી 'न तथा' એ આકારવાળો નિશ્ચયનય પણ પક્ષનો ગ્રાહી જ્ઞાનનો રાગાંશ હોવાથી તેમાં નયપણું સિદ્ધ થઈ જાય છે.

**एकाङ्ग्रहणादिति पक्षस्य स्यादिहांशधर्मत्वम्।**
**न तथेति द्रव्यार्थिकनयोस्ति मूलं यथा नयत्वस्य॥६०९॥**

**અન્વયાર્થ**—(इति) એ પ્રકારથી (इह) અહીં (पक्षस्य) પક્ષમાં તે (एकांगग्रहणात्) એક અંગનો ગ્રહણ કરવાવાળો હોવાથી તેમાં (अंशधर्मत्वं) અંશધર્મપણું (स्यात्) છે, તેથી (न तथा इति) 'न तथा' એ (द्रव्यार्थिकः नयः) દ્રવ્યાર્થિકનય (नयत्वस्य) નયપણાના (मूलं यथा) મૂળની માફક (अस्ति) છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે નિશ્ચયનયનો વિષયભૂત પક્ષ 'न इति' એવા એક અંશનો ગ્રાહક છે, તેથી તેમાં અંશધર્મપણું ઘટવાથી તે (દ્રવ્યાર્થિકનય) નય કહી શકાય છે, તથા તે નયને જ સર્વ નયોનો મૂળ (અધિપતિ) માનવામાં આવ્યો છે.

**एकाङ्गत्वमसिद्धं न नेति निश्चयनयस्य तस्य पुनः।**
**वस्तुनि शक्तिविशेषो यथा तथा तदविशेषशक्तित्वात्॥६१०॥**

**અન્વયાર્થ**—(पुनः) તથા (नेति तस्य निश्चयनयस्य) 'न' એવા આકાર(પ્રકાર)વાળા નિષેધને વિષય કરવાવાળા તે નિશ્ચયનયમાં (एकांगत्वं) એકાંગપણું (असिद्धं न) અસિદ્ધ નથી, કારણ કે–(यथा) જેમ (वस्तुनि) વસ્તુમાં (शक्तिविशेषः) શક્તિવિશેષ એક અંગ છે, (तथा) તેવી

જ રીતે તેમાં (तदविशेषशक्तित्वात्) તે વિશેષનો નકાર કરતી શક્તિ પણ તેનું એક અંગ છે.

**ભાવાર્થ**—જેમ વ્યવહારનયની વિષયભૂત વસ્તુની કોઈ એક વિશેષશક્તિ એક અંગ કહેવાય છે, તે જ પ્રમાણે વિશેષશક્તિના અભાવમુખથી કહેવાવાળી વસ્તુની શક્તિ પણ એક અંગ છે.

એ પ્રમાણે નં. ૬૦૦ થી માંડીને ૬૧૦ માં પદ્ય સુધી નિશ્ચયનયમાં વિકલ્પપણાની સિદ્ધિ કરીને હવે આગળ ઉહાપોહપૂર્વક નિશ્ચયનયને ઉદાહરણ રહિત સિદ્ધ કરે છે. શંકા—

**ननु च व्यवहारनयः सोदाहरणो यथातथाऽयमपि।**
**भवतु तदा को दोषो ज्ञानविकल्पाविशेषतो न्यायात्॥६११॥**

**स यथा व्यवहारनयः सदनेकं स्याच्चिदात्मको जीवः।**
**तदितरनयः स्वपक्षं वदतु सदेकं चिदात्मवतितिचेत्॥६१२॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(ज्ञानविकल्पाविशेषतो न्यायात्) જ્ઞાનવિકલ્પરૂપ સામાન્ય ન્યાયથી અર્થાત્ બંને નયોને જ્ઞાનનો વિકલ્પ હોવાથી (यथा) જેમ (व्यवहारनयः) વ્યવહારનય (सोदाहरणः) ઉદાહરણસહિત છે, (तथा) તેમ (अयं अपि) જો આ નિશ્ચયનય પણ (भवतु) માનવામાં આવે તો (तदा को दोषः) તેમાં શું દોષ છે?

કારણ કે—(यथा) જેમ (सदनेकं) સત્ અનેક છે, (जीवः) જીવ, (चिदात्मकः स्यात्) ચિદાત્મક છે એ પ્રકારથી (सः व्यवहारनयः) તે વ્યવહારનય, ઉદાહરણસહિત હોય છે તે જ પ્રમાણે (चिदात्मवत्) ચિત્‌ને જ આત્મા કહેવાની માફક (सदेकं) સત્, એક છે એ પ્રકારથી (तदितर नयः) વ્યવહારનયથી ભિન્ન આ નિશ્ચયનય પણ (स्वपक्षं) પોતાના પક્ષને (वदतु) કહે, અર્થાત્ નિશ્ચયનય પણ ઉદાહરણસહિત કહેવાય! (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—જો બંને નયો જ્ઞાનવિકલ્પાત્મક છે તો જેમ વ્યવહારનય ઉદાહરણસહિત માનવામાં આવે છે, તે જ પ્રમાણે નિશ્ચયનયને પણ ઉદાહરણસહિત માનવો જોઈએ, અર્થાત્ જેમ—સત્‌ને અનેક કહેવું તથા જીવને ચિદાત્મક કહેવો, એ વ્યવહારનયનાં ઉદાહરણ માનવામાં આવે છે તે જ પ્રમાણે સત્‌ને એક કહેવું તથા ચિત્તને જ આત્મા કહેવો, એ નિશ્ચયનયનાં ઉદાહરણ માનવાં જોઈએ. ઉક્ત શંકાનો ઉત્તર :—

**न यतः संकरदोषो भवति तथा सर्वशून्यदोषश्च।**
**स यथा लक्षणभेदाल्लक्ष्यविभागोस्त्यनन्यथासिद्धः॥६१३॥**

**અન્વયાર્થ**—(न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—એમ માનવાથી

(संकरदोषः) સંકરદોષ (तथा) તથા (सर्वशून्यदोषश्च) સર્વશૂન્યદોષ પણ (भवति) આવશે, કારણ કે—(लक्षणभेदात्) લક્ષણના ભેદથી (अनन्यथा सिद्धः) તેનો અવિનાભાવી (लक्ष्यविभागः अस्ति) લક્ષ્યનો વિભાગ અવશ્ય થાય છે. (स यथा) જે આગળના પદ્યથી દર્શાવે છે—

**ભાવાર્થ**—સત્‌ને એક કહેવાવાળો તથા ચિત્‌ને આત્મા કહેવાવાળો નિશ્ચયનય નથી પરંતુ વ્યવહારનય જ છે, કારણ કે—ભેદ કરવો એ વ્યવહારનયનું લક્ષણ છે, તથા આ દૃષ્ટાંતોમાં ભેદ થાય છે અર્થાત્ સત્ લક્ષ્ય છે અને એક તેનું લક્ષણ છે તથા ચિત્, લક્ષ્ય છે અને આત્મા તેનું લક્ષણ છે, એ પ્રમાણે ભેદરૂપ લક્ષણથી લક્ષ્યમાં અવિનાભાવસંબંધના કારણથી ભેદ પ્રતીત થઈ જાય છે, તેથી ત્યાં ભેદ, વિષય થવાથી તે વ્યવહાર જ છે પણ 'न इति' સાધક નિશ્ચયનય નથી, એટલા માટે કોઈ પણ પ્રકારથી નિશ્ચયનયને સોદાહરણ (ઉદાહરણસહિત) કહી શકાતો નથી, કારણ કે—તેને ઉદાહરણસહિત માનવાથી સંકર તથા સર્વશૂન્ય એવા દોષ આવે છે. એ બંને દોષો ગ્રંથકાર આગળના પદ્યથી દર્શાવે છે :—

**लक्षणमेकस्य सतो यथाकथंचिद्यथा द्विधाकरणम्।**
**व्यवहारस्य तथा स्यात्तदितरथा निश्चयस्य पुनः ॥६१४॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ—(एकस्य सतः) એક સત્‌ને (यथाकथंचित्) જે કોઈ પ્રકારથી (द्विधाकरणं) બે રૂપ કરવું (व्यवहारस्य लक्षणं) વ્યવહારનયનું લક્ષણ છે. (तथा पुनः) તે જ પ્રમાણે (तदितरथा) તે વ્યવહારનયથી વિપરીત અર્થાત્ એક સત્‌ને બે રૂપ ન કરવું એ (निश्चयस्य स्यात्) નિશ્ચયનયનું લક્ષણ છે.

**ભાવાર્થ**—એક અખંડ સત્‌માં જે કોઈ પ્રકારથી કથંચિત્ ભેદ કરવો તે વ્યવહારનયનું લક્ષણ છે તથા એ અખંડ સત્‌માં કોઈ પણ પ્રકારથી ભેદ ન કરવો તે નિશ્ચયનયનું લક્ષણ છે, તેથી 'सदेक—સત્ એક છે તથા चिदेव जीव—ચિત્ એ જ આત્મા છે' આદિ શંકાકારે ગાથા ૬૧૧—૬૧૨ માં કહેલાં નિશ્ચયનયનાં ઉદાહરણોનો વ્યવહારનયમાં અંતર્ભાવ (સમાવેશ) થાય છે. તે અહીં દર્શાવે છે—

**अथ चेत्सदेकमिति वा चिदेव जीवोथ निश्चयो वदति।**
**व्यवहारान्तर्भावो भवति सदेकस्य तद्द्विधापत्तेः ॥६१५॥**

**અન્વયાર્થ**—(अथचेत्) જો કદાચિત્ એમ કહેવામાં આવે, કે—(सदेकं) સત્ એક છે (इति) તેને (वा) અથવા (चिदेवजीवः) ચિત્ જ જીવ છે, તેને (निश्चयः) નિશ્ચયનય (वदति) કહે છે. (तत्) તો (सदेकस्य) એક સત્‌ને (द्विधापत्तेः) દ્વૈતભાવનો પ્રસંગ આવવાથી તે નિશ્ચયનય (व्यवहारान्तर्भावो) વ્યવહારમાં જ અંતર્ભૂત (સમાવેશ) (भवति) થઈ જશે.

**ભાવાર્થ**—જો 'સત્, એક છે તથા ચિત્ જ, જીવ છે' તેને નિશ્ચયનયનું ઉદાહરણ માનવામાં આવશે તો સત્‌ને એક કહેવામાં તથા ચિત્‌ને જ જીવ કહેવામાં લક્ષ્ય-લક્ષણભાવરૂપ દ્વિધાભાવ ઉત્પન્ન થઈ જવાથી નિશ્ચયનય પણ વ્યવહારનયમાં જ અંતર્ભૂત થઈ જશે. એ લક્ષ્ય-લક્ષણભાવ કેવી રીતે છે, તે ગ્રંથકાર અહીં દર્શાવે છે :—

एकं सदुदाहरणे सल्लक्ष्यं लक्षणं तदेकमिति।
लक्षणलक्ष्यविभागो भवति व्यवहारतः स नान्यत्र॥६१६॥

अथवा चिदेव जीवो यदुदाह्रियतेप्यभेदबुद्धिमता।
उक्तवदत्रापि तथा व्यवहारनयो न परमार्थः॥६१७॥

**અન્વયાર્થ**—(उदाहरणे सत् एकं) ઉદાહરણમાં સત્‌ને એક કહેવામાં (सल्लक्ष्यं) સત્, લક્ષ્ય છે તથા (तदेकं इति) એ એક, તેનું (लक्षणं) લક્ષણ છે, વળી (सः) તે (लक्षण लक्ष्य विभागः) લક્ષણ-લક્ષ્યવિભાગ (व्यवहारतः) વ્યવહારનયમાં (भवति) થાય છે, (अन्यत्र न) નિશ્ચયનયમાં નહિ.

(अथवा) અથવા (चिदेवजीवः) 'ચિત્ એ જ જીવ છે' (यत् अपि) તે પણ આ (अभेदबुद्धिमता) અભેદબુદ્ધિ દ્વારા (उदाह्रियते) નિશ્ચયનયનું ઉદાહરણ કહેવામાં આવે છે, (अत्रापि) પરંતુ અહીં પણ (उक्तवत्) સદેકની માફક (तथा) લક્ષણ લક્ષ્યભાવથી (व्यवहारनयः) વ્યવહારનય સિદ્ધ થાય છે પણ (परमार्थः न) નિશ્ચયનય સિદ્ધ થતો નથી.

**ભાવાર્થ**—'સત્, એક છે વા ચિત્ત જ જીવ છે' એ પ્રમાણે શંકાકાર દ્વારા આપેલાં નિશ્ચયનયનાં ઉદાહરણોમાં સત્ અને ચિત્ત, લક્ષ્ય છે તથા એક અને જીવ, તેનાં લક્ષણ છે તેથી લક્ષ્ય-લક્ષણભાવ દ્વારા તેમાં ભેદ સિદ્ધ થઈ જવાના કારણથી નિશ્ચયનયમાં ભેદને વિષય કરવાવાળું વ્યવહારનયપણું જ સિદ્ધ થાય છે પણ નિશ્ચયનયપણું નહિ; કારણ કે લક્ષ્ય -લક્ષણભેદ વ્યવહારનયમાં જ થાય છે, નિશ્ચયનયમાં નહિ.

## ઉપસંહાર

एवं सुसिद्धसंकरदोषे सति सर्वशून्यदोषः स्यात्।
निरपेक्षस्य नयत्वाभावात्तल्लक्षणाद्यभावत्वात्॥६१८॥

**અન્વયાર્થ**—(एवं) એ પ્રમાણે (सुसिद्धसंकरदोषेसति) પ્રસિદ્ધ સંકરદોષ આવતાં (सर्वशून्यदोषः स्यात्) સર્વશૂન્યદોષ પણ આવે છે, કારણ કે—(तल्लक्षणाद्यभावत्वात्) એમાં (નિરપેક્ષનયમાં) નયનાં લક્ષણાદિક ન ઘટવાથી (निरपेक्षस्य) નિરપેક્ષનયમાં (नयत्वाभावात्) નયપણું જ આવી શકતું નથી.

**ભાવાર્થ**—એ પ્રમાણે શંકાકાર દ્વારા બતાવેલાં 'सदेक' અને 'चिदेवजीव'રુપ નિશ્ચયનયનાં ઉદાહરણોમાં લક્ષ્ય—લક્ષણભાવ ઘટી જવાથી તેમાં વ્યવહારનયપણું જ સિદ્ધ થાય છે અને તેથી નિશ્ચય તથા વ્યવહારનો કોઈ નિયામક ન રહેવાથી સંકરદોષ આવે છે, વળી આ ઉદાહરણોને નિશ્ચયનયનાં ઉદાહરણ માનવાથી બધાયમાં વ્યવહારનયપણું આવવાથી નિશ્ચયનયનાં અભાવનો જ પ્રસંગ આવશે, તથા તેના અભાવમાં કથન કરવાવાળો વ્યવહાર, વ્યવહારનય જ કહી શકાશે નહિ, કારણ કે—તેમાં 'निरपेक्षानयामिथ्या' (નિરપેક્ષનય મિથ્યા છે)' એ સિદ્ધાંતાનુસાર વાસ્તવિક વ્યવહારનયપણું કહી શકાતું નથી, તેથી 'सदेक' તથા 'चिदेवजीव'ને નિશ્ચયનયનાં ઉદાહરણ માનવામાં સર્વ નયોના અભાવની સંભાવનાથી સર્વશૂન્યત્વદોષ પણ પ્રાપ્ત થાય છે. શંકા—

**ननु केवलं सदेव हि यदि वा जीवो विशेषनिरपेक्षः।**
**भवति च तदुदाहरणं भेदाभावात्तदा हि को दोषः॥६१९॥**

**अपि चैवं प्रतिनियतं व्यवहारस्यावकाश एव यथा।**
**सदनेकं च सदेकं जीवश्चिद्द्रव्यमात्मवानिति चेत्॥६२०॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(हि) નિશ્ચયથી (विशेषनिरपेक्षः) વિશેષનિરપેક્ષ [ભેદની અપેક્ષા વિના] (केवलं) કેવળ (सदेव) સદેવ અર્થાત્ સત્ જ (यदि वा) અથવા (जीवः) જીવ જ (भेदाभावात्) અભેદરૂપ હોવાથી (तदुदाहरणं भवति) નિશ્ચયનયનાં ઉદાહરણ છે, એમ માનવામાં આવે તો (तदा) તેમાં (को हि दोषः ?) શું દોષ આવે છે? કારણ કે—(एवं च) એમ માનતાં (व्यवहारस्य अपि) વ્યવહારનયને પણ (अवकाशः) અવકાશ (प्रतिनियतः एव) નિશ્ચિતરૂપથી રહી જ જાય છે, (यथा) જેમ કે—(सदनेकं) સત્, અનેક છે (च) તથા (सदेकं) સત્, એક છે, તથા (जीवः) જીવ, (चिद्द्रव्यं) ચિત્દ્રવ્ય છે, (आत्मवान्) આત્મવાન છે, (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—જો સત્‌ને એક અથવા ચેતનાને જ જીવ કહેવો એ વ્યવહારનો જ વિષય છે, તેથી તેને નિશ્ચયનયનાં ઉદાહરણો માનવામાં દોષ છે તો ભલે રહો, પરંતુ વિશેષનિરપેક્ષ (ભેદની અપેક્ષા વિના) કેવળ સત્ વા જીવને નિશ્ચયનયનાં ઉદાહરણ માનવામાં તો કોઈ દોષ નથી; તેથી તેને નિશ્ચયનયનાં ઉદાહરણ માનવાં જોઈએ. કારણ કે—વિશેષનિરપેક્ષ (ભેદની અપેક્ષા વિના) કેવળ સત્ અથવા જીવને નિશ્ચયનયનાં ઉદાહરણ માનવાથી નિશ્ચયનય સોદાહરણ (ઉદાહરણ સહિત) સિદ્ધ થઈ જાય છે, તથા 'સત્ એક છે વા અનેક છે, ચેતના જ જીવ છે' ઇત્યાદિરૂપથી વ્યવહારના માટે અવકાશ પણ રહે છે. તેનું સમાધાન—

न यतः सदिति विकल्पो जीवः काल्पनिक इति विकल्पश्च।
तत्तद्धर्मविशिष्टस्तद्वानुपचर्यते स यथा॥६२१॥

**અન્વયાર્થ**—(न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(सदिति विकल्पः) 'સત્' એ વિકલ્પ (च) તથા (जीव इति विकल्पः) 'જીવ' એ વિકલ્પ, એમ એ બંને વિકલ્પો (काल्पनिकः) કાલ્પનિક જ છે, કારણ કે—(यः) જે (तत्तद्धर्मविशिष्टः) તે તે ધર્મોથી સહિત હોય છે અર્થાત્ જેમાં જે ધર્મ રહે છે, (सः) તે (तद्वान्) તે તે ધર્મવાળો (उपचर्यते) ઉપચારનયથી કહેવામાં આવે છે, (यथा) જેમ કે—

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું ઠીક નથી, કારણ કે—વિશેષનિરપેક્ષ (ભેદની અપેક્ષા વિના) સત્ વા જીવને નિશ્ચયનયનાં ઉદાહરણ માનવામાં પણ એ જ દોષ પ્રાપ્ત થાય છે, કારણ કે—સત્ વા જીવ એ બંને વિકલ્પો કાલ્પનિકવિકલ્પો છે, કારણ કે—ધર્મ તથા ધર્મીમાં અભેદતા હોવાથી જે, જે જે ધર્મથી વિશિષ્ટ હોય છે તેમાં ઉપચારથી તદ્વાન્ અર્થાત્ તે તે ધર્મવાળાનો ઉપચાર કરવામાં આવે છે. તેનું સ્પષ્ટીકરણ—

जीवः प्राणादिमतः संज्ञाकरणं यदेतदेवेति।
जीवनगुणसापेक्षो जीवः प्राणादिमानिहास्त्यर्थात्॥६२२॥

**અન્વયાર્થ**—(प्राणादिमतः) પ્રાણોને ધારણ કરવાવાળાનું (यत्) જે (संज्ञाकरणं) સંજ્ઞાકરણ [નામ] છે (एतदेव) એ જ (जीव इति) 'જીવ' છે, (अर्थात्) અર્થાત્ (इह) અહીં (जीवनगुण-सापेक्षः) જીવનગુણની અપેક્ષા રાખવાવાળું (प्राणादिमान्) પ્રાણાદિયુક્ત આત્મદ્રવ્ય (जीवः अस्ति) જીવ કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—પ્રાણાદિવાળાને જીવ કહે છે, અર્થાત્ જીવનગુણની અપેક્ષાએ આત્મા જ જીવ કહેવાય છે, તેથી જીવનો અર્થ 'પ્રાણાદિમાન જીવત્વયુક્ત' થઈ જાય છે.

यदि वा सदिति सतः स्यात्संज्ञा सत्तागुणस्य सापेक्षात्।
लब्धं तदनुक्तमपि सद्भावात् सदिति वा गुणो द्रव्यम्॥६२३॥

**અન્વયાર્થ**—(यदि वा) અથવા (सत्तागुणस्य सापेक्षात्) સત્તાગુણની અપેક્ષાસહિત હોવાથી (सदिति) 'સત્' એ (सतःसंज्ञास्यात्) દ્રવ્યની સંજ્ઞા છે, (ततः) તેથી (सद्भावात्) સત્પણાથી (सदिति) 'सत्' એમ (अनुक्तं अपि) કહ્યા વિના પણ (गुणः वा द्रव्यं) ગુણ અથવા દ્રવ્ય છે, એમ (लब्धं) લબ્ધ અર્થાત્ સિદ્ધ થઈ જાય છે.

**ભાવાર્થ**—તથા સત્તાગુણની અપેક્ષાએ સત્‌ને 'સત્' કહે છે, તેથી વગર કહ્યે પણ

સત્પણાથી 'સત્' એ ગુણ અથવા દ્રવ્ય કહેવાય છે, અર્થાત્ સત્ શબ્દનો અર્થ ઉપચારથી સત્વગુણવાન (સત્વગુણવાળું દ્રવ્ય) થઈ જાય છે, એટલા માટે સત્નો અર્થ, ગુણ વા સત્વયુક્ત દ્રવ્ય તથા જીવનો અર્થ, જીવયુક્ત (પ્રાણાદિવાન) થઈ જાય છે, તેથી સત્ લક્ષ્ય અને સત્વાદિક તેના લક્ષણ તથા જીવ લક્ષ્ય અને જીવત્વાદિ તેનાં લક્ષણ માનીને તેમાં લક્ષ્ય-લક્ષણભાવરૂપ ભેદકલ્પના થવાથી તેનો પણ વ્યવહારમાં જ અંતર્ભાવ (સમાવેશ) થઈ જાય છે. એટલે વિશેષનિરપેક્ષ (ભેદની અપેક્ષા વિના) કેવળ સત્ વા જીવને નિશ્ચયનયનાં ઉદાહરણ માનવામાં પણ ઉપરોક્ત દોષ આવે છે, એમ સમજવું. હવે આગળ વિશેષણશૂન્ય વિશેષ્યમાત્રને નિશ્ચયનયનું ઉદાહરણ માનવામાં દોષ દર્શાવે છે :—

**यदि च विशेषणशून्यं विशेष्यमात्रं सुनिश्चयस्यार्थः।**
**द्रव्यं गुणो न पर्यय इति वा व्यवहारलोपदोषः स्यात्॥६२४॥**

**અન્વયાર્થ**—(यदि च) જો (विशेषणशून्यं) વિશેષણશૂન્ય (विशेष्यमात्रं) વિશેષ્યમાત્ર (सुनिश्चयस्य) નિશ્ચયનયનો (अर्थः) વિષય છે-ઉદાહરણ છે તો (द्रव्यं) દ્રવ્ય, (गुणः) ગુણ (वा) અથવા (पर्यय) પર્યાય એ કાંઈ પણ (न) બનશે નહિ, (इति) તેથી (व्यवहारलोपदोषः स्यात्) વ્યવહારનો લોપ થવાના પ્રસંગરૂપ દોષ આવશે.

**ભાવાર્થ**—જો વિશેષણશૂન્ય વિશેષ્યમાત્રને નિશ્ચયનયનો વિષય માનશો તો વિશેષણમાત્રનો સર્વથા અભાવ માનવો પડશે, તથા વિશેષણમાત્રના અભાવમાં દ્રવ્ય, ગુણ વા પર્યાયનો વ્યવહાર પણ કરી શકાશે નહિ, તેથી વિશેષણશૂન્ય કેવળવિશેષ્યને નિશ્ચયનયનો વિષય અર્થાત્ ઉદાહરણ માનવાથી વ્યવહારલોપનો પ્રસંગદોષ આવે છે.

### ઉપસંહાર

**तस्मादवसेयमिदं यावदुदाहरण पूर्वको रूपः।**
**तावान् व्यवहारनयस्तस्य निषेधात्मकस्तु परमार्थः॥६२५॥**

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (इदं अवसेयं) એમ સમજવું જોઈએ, કે—(यावत्) જેટલાં (उदाहरणपूर्वको रूपः) ઉદાહરણપૂર્વક રૂપ છે, (तावान्) તેટલા જ તે બધા (व्यवहारनयः) વ્યવહારનય છે (तु) તથા (तस्य) એ વ્યવહારનયના (निषेधात्मकः) નિષેધસ્વરૂપ (परमार्थः) નિશ્ચયનય છે.

**ભાવાર્થ**—તેથી આમ નિશ્ચિત સમજવું, કે—જેટલાં કોઈ ઉદાહરણપૂર્વક કથન છે તે બધાં વ્યવહારનય છે તથા એ વ્યવહારનો નિષેધ કરવાવાળો જે કોઈ છે, તે નિશ્ચયનય છે. શંકા—

**ननु च व्यवहारनयो भवति च निश्चयनयो विकल्पात्मा।**
**कथमाद्यः प्रतिषेध्योऽस्त्यन्यः प्रतिषेधकश्च कथमिति चेत्॥६२६॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—જ્યારે (व्यवहारनयः) વ્યવહારનય (च) તથા (निश्चयनयः) નિશ્ચયનય એ બંને (विकल्पात्मा) વિકલ્પાત્મક જ (भवति) હોય છે, તો પછી (आद्यः) પ્રથમનો વ્યવહારનય (प्रतिषेध्यः) પ્રતિષેધ્ય (कथं अस्ति ?) કેમ છે? (च) તથા (अन्यः) બીજો નિશ્ચયનય (प्रतिषेधकः कथं ?) પ્રતિષેધક કેમ છે? (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે જ્યારે વ્યવહાર અને નિશ્ચય એ બંને નયોને વિકલ્પાત્મક માનવામાં આવ્યા છે, તો પછી વ્યવહારનયને પ્રતિષેધ્ય તથા નિશ્ચયનયને તેનો પ્રતિષેધક કેમ માન્યો છે? તેનું સમાધાન—

**न यतो विकल्पमात्रमर्थाकृतिपरिणतं यथा वस्तु।**
**प्रतिषेध्यस्य न हेतुश्चेदयथार्थस्तु हेतुरिह तस्य॥६२७॥**

**અન્વયાર્થ**—(न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(यथावस्तु) વસ્તુના અનુસાર (विकल्पमात्रं) કેવળ વિકલ્પરૂપ (રાગસહિત) (अर्थाकृतिपरिणतं) અર્થાકારરૂપ પરિણત થવું એ (प्रतिषेध्यस्य) પ્રતિષેધ્યનું (हेतुः न) કારણ નથી, (तु) પરંતુ (अयथार्थः चेत्) તે અયથાર્થ છે, તેથી તે (इह) અહીં (तस्य) પ્રતિષેધ્યનું (हेतुः) કારણ થાય છે.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું ઠીક નથી, કારણ કે પ્રત્યેક વસ્તુમાં જે એ વસ્તુના અનુસાર જ્ઞાનનું અર્થાકારરૂપ પરિણમન થાય છે તેને વિકલ્પ કહે છે તથા એ પ્રકારનો તે વિકલ્પ, (રાગસહિત જ્ઞાનનો અંશ) વ્યવહારનયને પ્રતિષેધ્ય કહેવામાં કારણ નથી, પરંતુ અહીં વ્યવહારનય દ્વારા જે વસ્તુનું સ્વરૂપ કહેવામાં આવે છે તે યથાર્થ હોતું નથી, એ અયથાર્થપણું જ વ્યવહારનયને પ્રતિષેધ્ય (પ્રતિષેધ કરવા યોગ્ય) કહેવામાં કારણ છે અર્થાત્ વ્યવહારનય મિથ્યા સ્વરૂપે પ્રરૂપે છે, માટે તે પ્રતિષેધ્ય છે પણ તે વિકલ્પાત્મક છે, તેથી તે પ્રતિષેધ્ય નથી, કારણ-વિકલ્પાત્મક તો નિશ્ચયનય પણ હોય છે. તેનો ખુલાસો—

**व्यवहारः किल मिथ्या स्वयमपि मिथ्योपदेशकश्च यतः।**
**प्रतिषेध्यस्तस्मादिह मिथ्यादृष्टिस्तदर्थ दृष्टिश्च॥६२८॥**

**અન્વયાર્થ**—(यतः) કારણ કે (किल) નિશ્ચયથી (व्यवहारः) વ્યવહારનય (स्वयं अपि च) પોતે જ (मिथ्योपदेशकः) મિથ્યાઉપદેશનો કરવાવાળો છે, તેથી તે (मिथ्या) મિથ્યા છે. (तस्मात्) એટલા માટે તે (इह) અહીં (प्रतिषेध्यः) પ્રતિષેધ્ય છે (च) તથા (तदर्थदृष्टिः) એ વ્યવહારનયના વિષય ઉપર દૃષ્ટિ રાખવાવાળા પણ (मिथ्यादृष्टिः) મિથ્યાદૃષ્ટિ છે.

**ભાવાર્થ**—વ્યવહારનય વિકલ્પાત્મક હોવાથી મિથ્યા છે એમ નથી, પરંતુ તે મિથ્યાઅર્થનું કથન કરવાવાળો હોવાથી મિથ્યા છે, તેથી તેને પ્રતિષેધ્ય કહ્યો છે, તથા તેમાં દૃષ્ટિ રાખવાવાળા જીવોને પણ મિથ્યાદૃષ્ટિ કહ્યા છે.

## નિશ્ચયનય યથાર્થ છે

**स्वयमपि भूतार्थत्वाद्भवति स निश्चयनयो हि सम्यक्त्वम्।**
**अविकल्पवदतिवागिव स्यादनुभवैकगम्यवाच्यार्थः ।।६२९।।**

**यदि वा सम्यग्दृष्टिस्तद्दृष्टिः कार्यकारी स्यात्।**
**तस्मात् स उपादेयोनोपादेय स्तदन्यनयवादः ।।६३०।।**

**અન્વયાર્થ**—તથા (स्वयं अपि) પોતે જ (भूतार्थत्वात्) યથાર્થ અર્થને વિષય કરવાવાળો હોવાથી (हि) નિશ્ચયથી (सः) તે (निश्चयनयः) નિશ્ચયનય (सम्यक्त्वं) સમ્યક્ત્વ (भवति) છે, વળી તે (अविकल्पवत्) નિર્વિકલ્પની માફક અને (अतिवागिव) વચનાગોચરની માફક (अनुभवैकगम्य-वाच्यार्थः) એક સ્વાનુભવ દ્વારા જ ગમ્ય છે, વાચ્યાર્થ જેનો એવો (स्यात्) છે, (यदि वा) અથવા (तद्दृष्टिः) નિશ્ચયનય ઉપર દૃષ્ટિ રાખવાવાળો જ (सम्यग्दृष्टिः) સમ્યગ્દૃષ્ટિ (कार्यकारी) કહેવાય (स्यात्) છે (तस्मात्) તેથી (सः) તે નિશ્ચયનય (उपादेयः) ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય છે તથા (तदन्यनयवादः) તેનાથી ભિન્ન વ્યવહારનયવાદ (उपादेयः न) ગ્રહણ કરવા યોગ્ય નથી.

**ભાવાર્થ**—પોતે જ ભૂતાર્થ હોવાથી નિશ્ચયનય જ સમ્યક્ત્વ છે, અર્થાત્ સમ્યક્ત્વનો વિષય છે, તથા તે જોકે 'नेत्येतावन्मात्र' એ આકારવાળો નિષેધાત્મકવિકલ્પમય માનવામાં આવ્યો છે, તોપણ તેમાં ભેદજનક કોઈ પ્રકારનો વિકલ્પ ન થઈ શકવાથી તેને નિર્વિકલ્પ સમાન કહ્યો છે. વળી તે વ્યવહારના નિષેધ સિવાય અન્ય વચન દ્વારા પ્રતિપાદિત ન થઈ શકવાથી તેને વચનાગોચર જેવો કહ્યો છે, નિશ્ચયનયના વિષયમાં દૃષ્ટિ રાખવાવાળા જ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. એટલા માટે માત્ર નિશ્ચયદૃષ્ટિ જ ઉપાદેય છે પણ વ્યવહારદૃષ્ટિ નહિ.

અહીં વિકલ્પસહિતના નિશ્ચયનયને સમ્યક્ત્વ કહ્યું છે અને તેના ઉપર દૃષ્ટિ રાખનારને જ સમ્યગ્દૃષ્ટિ કહ્યો છે, તેનું કારણ આ છે, કે—નિશ્ચયનય ઉપર દૃષ્ટિ રાખનાર થોડા વખતમાં જ બુદ્ધિપૂર્વકના રાગને ટાળી સ્વાનુભૂતિ પ્રગટ કરી શકે છે. અહીં શંકા :—

**ननु च व्यवहारनयो भवति स सर्वोपि कथमभूतार्थः।**
**गुण पर्ययवद्द्रव्यं यथोपदेशात्तथानुभूतेश्च ।।६३१।।**

**अथ किमभूतार्थत्वं द्रव्याभावोऽथवा गुणाभावः।**
**उभयाभावो वा किल तद्योगस्याप्यभावसादिति चेत्॥६३२॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(यः) જે (व्यवहारनयः) વ્યવહારનય છે (सः सर्वोऽपि) તે બધોય (अभूतार्थः कथं भवति) અભૂતાર્થ કેમ છે? કારણ કે—(द्रव्यं) દ્રવ્ય, (यथोपदेशात् गुणपर्ययवत्) જેમ ઉપદેશથી ગુણ-પર્યાયવાળું છે (तथा च) તેવી જ રીતે (अनुभूतेः) અનુભવથી પણ ગુણ-પર્યાયવાળું પ્રતીત થાય છે;

(अथ) જો गुणपर्ययवत्द्रव्यम्, ભૂતાર્થ નથી તો (किल) નિશ્ચયથી (किं) શું (द्रव्याभावः) દ્રવ્યનો અભાવ (अथवा) અથવા (गुणाभावः) ગુણનો અભાવ (वा) અથવા (उभयाभावः) ઉભયનો અભાવ અથવા (तद्योगस्यापि अभावसात्) એ બંનેના યોગનો અભાવ (भूतार्थत्वं) ભૂતાર્થપણું છે ?

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—જેમ દ્રવ્યને, ગુણપર્યાયવાન સૂત્રમાં કહ્યું છે એ જ પ્રમાણે તે ગુણપર્યાયવાન અનુભવમાં પણ પ્રતીત થાય છે, તો પછી અહીં સંપૂર્ણ વ્યવહારનયને અભૂતાર્થ કેમ કહેવામાં આવે છે ?

જો વ્યવહારનય ભૂતાર્થ નથી, તો શું દ્રવ્યના અભાવને ભૂતાર્થપણું કહો છો ? અથવા શું ગુણના અભાવને ભૂતાર્થપણું કહો છો ? અથવા શું બંનેના અભાવને ભૂતાર્થપણું કહો છો ? અથવા શું એ બંનેના યોગના અભાવને ભૂતાર્થપણું કહો છો ? તેનું સમાધાન :—

**सत्यं न गुणाभावो द्रव्याभावो न नोभयाभावः।**
**न हि तद्योगाभावो व्यवहारः स्यात्तथाप्यभूतार्थः॥६३३॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, કારણ કે—(न गुणाभावः) જોકે ન ગુણાભાવ (न द्रव्याभावः) ન દ્રવ્યાભાવ (न उभयाभावः) ન ઉભયાભાવ કે (न हि तद्योगाभावः) ન એ બંનેના યોગનો અભાવ (ભૂતાર્થપણું) છે (तथापि) તોપણ (व्यवहारः) વ્યવહારનય (अभूतार्थः स्यात्) અભૂતાર્થ છે.

**ભાવાર્થ**—જોકે ન ગુણનો અભાવ, ન દ્રવ્યનો અભાવ, ન ઉભયનો અભાવ કે ન એ બંનેના યોગનો અભાવ (ભૂતાર્થપણું) છે, તોપણ વ્યવહારનય અભૂતાર્થ જ છે. હવે આગળ વ્યવહારનય અભૂતાર્થ કેમ છે ? તેનો ખુલાસો કરવામાં આવે છે.[1]

**इदमत्रं निदानं किल गुणवद्द्रव्यं यदुक्तमिह सूत्रे।**
**अस्ति गुणोस्ति द्रव्यं तद्योगात्तदिह लब्धमित्यर्थात्॥६३४॥**

૧. ગાથા ૭૪૭ થી ૭૫૬ સુધીમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નય સમજાવ્યા છે, તે અહીં જોઈ લેવા.

तदसन्न गुणोस्ति यतो न द्रव्यं नोभयं न तद्योगः।
केवलमद्वैतंसत् भवतु गुणो वा तदेव सद्द्रव्यम्॥६३५॥

**અન્વયાર્થ**—(किल) નિશ્ચયથી (अत्र) વ્યવહારનય અભૂતાર્થ છે તેમાં (इदं निदानं) આ કારણ છે, કે—(इह) અહીં (सूत्रे) સૂત્રમાં (यत्) જે (द्रव्यं) દ્રવ્યને (गुणवत्) ગુણવાળું (उक्तं) કહ્યું છે, તેનો (अर्थात्) અર્થ કરવાથી (इह) અહીં આગળ (गुणः अस्ति) ગુણ જુદા છે (द्रव्यं अस्ति) દ્રવ્ય જુદું છે તથા (तद्योगात्) ગુણના યોગથી (तत्) તે દ્રવ્ય ગુણવાળું કહેવાય છે (इति लब्धं) એવો અર્થ સિદ્ધ થાય છે, પરંતુ (तदसत्) તે ઠીક નથી. (यतः) કારણ કે—(न गुणः अस्ति) ન ગુણ છે, (न द्रव्यं) ન દ્રવ્ય છે, (न उभयं) ન ઉભય છે, કે (न तद्योगः) ન એ બંનેનો યોગ છે; પરંતુ (केवलं) કેવળ (अद्वैतं सत्) અદ્વૈતસત્ છે, તથા (तदेव सत्) એ જ સત્‌ને ચાહે (गुणः भवतु) ગુણ માનો (वा) અથવા (द्रव्यं) દ્રવ્ય માનો, પરંતુ તે ભિન્ન નથી અર્થાત્ નિશ્ચયનયથી અભિન્ન જ છે.

**ભાવાર્થ**—વ્યવહારનયથી 'गुणवद्द्रव्यं' અર્થાત્ ગુણવાળાને દ્રવ્ય કહેવાથી એવો બોધ થઈ શકે છે, કે—ગુણ અને દ્રવ્ય ભિન્ન-ભિન્ન વસ્તુ છે તથા ગુણના યોગથી દ્રવ્ય, દ્રવ્ય કહેવાય છે, પરંતુ એવો અર્થ ઠીક નથી, કારણ કે—ન ગુણ છે, ન દ્રવ્ય છે, ન બંને છે, કે ન બંનેનો યોગ છે; પરંતુ નિશ્ચયનયથી કેવળ એક અદ્વૈત, અભિન્ન, અખંડ જ સત્ છે તેને જ, ચાહે ગુણ કહો, ચાહે દ્રવ્ય કહો અથવા જે ઈચ્છો તે કહો! સારાંશ—

तस्मान्न्यायागत इति व्यवहारः स्यान्नयोप्यभूतार्थः।
केवलमनुभवितारस्तस्य च मिथ्यादृशो हतास्तेऽपि॥६३६॥

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (इति न्यायागतः) આ ન્યાયથી સિદ્ધ થયું, કે—(व्यवहारः) વ્યવહાર (नयोऽपि) નય છે, તોપણ (अभूतार्थः स्यात्) તે અભૂતાર્થ છે (च) તથા (केवलं)* ખરેખર (तस्य) તેનો (अनुभवितारः) અનુભવ કરવાવાળા (ये) જે (मिथ्यादृशं) મિથ્યાદૃષ્ટિ છે, (तेऽपि) તે પણ અહીં (हताः) ખંડિત થઈ ચૂક્યા.

**ભાવાર્થ**—વ્યવહારનય, ઉક્તપ્રકારના ભેદને વિષય કરે છે, કારણ કે—વિધિપૂર્વક ભેદ કરવો એ જ 'વ્યવહાર' શબ્દનો અર્થ છે, તેથી સિદ્ધ થાય છે, કે—વ્યવહારનય અભૂતાર્થ જ છે-પરમાર્થભૂત નથી, તથા ખરેખર તેનો અનુભવ કરવાવાળા મિથ્યાદૃષ્ટિ છે. તેઓ પણ નષ્ટ થઈ ચૂક્યા. અહીં શંકા—

* આ ગાથામાં 'केवलं' શબ્દ વાપર્યો છે તે એમ સૂચવે છે, કે વ્યવહાર કરતાં કરતાં કદી પણ શુદ્ધતા પ્રગટે નહિ.

**ननु चैवं चेन्नियमादादरणीयो नयो हि परमार्थः।**
**किमकिंचित्कारित्वाद् व्यवहारेण तथाविधेन यतः॥६३७॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(एवं चेत्) જો એમ કહો તો (नियमात्) નિયમથી (हि) નિશ્ચયપૂર્વક (परमार्थ नयः) નિશ્ચયનય જ (आदरणीयः) આદર કરવા યોગ્ય માનવો જોઈએ, (यतः) કારણ કે—(अकिंचित्कारित्वात्) અકિંચિત્કારી હોવાથી (तथाविधेन) અપરમાર્થભૂત (व्यवहारेण) વ્યવહારનયથી (किं) શું પ્રયોજન છે? (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે જો વ્યવહારનય, અપરમાર્થભૂત તથા કાર્યકારી નથી તો પછી કેવળ એક નિશ્ચયનય જ માનવો જોઈએ, પણ અકિંચિત્કારી અને અપરમાર્થભૂત વ્યવહારનયનું શું પ્રયોજન છે? તેનું સમાધાન :—

**नैवं यतो बलादिह विप्रतिपत्तौ च संशयापत्तौ।**
**वस्तुविचारे यदि वा प्रमाणमुभयावलम्बि तज्ज्ञानम्॥६३८॥**

**तस्मादाश्रयणीयः केषांचित् स नयः प्रसंगत्वात्।**
**अपि सविकल्पानामिव न श्रेयो निर्विकल्पबोधवताम्॥६३९॥**

**અન્વયાર્થ**—(एवं न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(इह) અહીં આગળ (विप्रतिपत्तौ) વિપ્રતિપત્તિ થતાં (च) તથા (संशयापत्तौ) સંશયની આપત્તિ આવતાં વા (वस्तुविचारे) વસ્તુનો વિચાર કરવામાં (बलात्) બળપૂર્વક વ્યવહારનય પ્રવૃત્ત થાય છે (यदि वा) અથવા (यत्) જે (ज्ञानं) જ્ઞાન (उभयावलम्बि) બંને નયોને અવલંબન કરવાવાળું છે (तत्) તે જ (प्रमाणं) પ્રમાણ કહેવાય છે.

(तस्मात्) તેથી (प्रसंगत्वात्) પ્રસંગવશ (स नयः) તે વ્યવહારનય (केषांचित्) કોઈના માટે (आश्रयणीयः) ઉપરનાં કાર્યો માટે આશ્રય કરવા યોગ્ય છે, (अपि) પરંતુ (सविकल्पानां इव) સવિકલ્પજ્ઞાનવાળાઓની માફક (निर्विकल्पबोधवतां) નિર્વિકલ્પજ્ઞાનવાળાઓને તે (श्रेयः न) શ્રેયભૂત નથી.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું ઠીક નથી, કારણ કે—જોકે વ્યવહારનય અપરમાર્થભૂત છે, તોપણ વસ્તુવિચારમાં વિવાદ વા સંશય ઉત્પન્ન થાય છે તે વેળા વ્યવહારનય ઉપયોગી થાય છે, અથવા એ બંને નયોના વિષયને એકસાથે જાણવાવાળું જ્ઞાન પ્રમાણ કહેવાય છે, તેથી પ્રમાણપક્ષની દૃષ્ટિવશ તે વ્યવહારનય પણ કોઈ કોઈને વસ્તુસ્વરૂપ સમજવા માટે ઉપયોગી છે. નિર્વિકલ્પજ્ઞાનવાળાને આ વ્યવહારનય આવતો નથી, પરંતુ સવિકલ્પજ્ઞાનવાળાને આ

વ્યવહારનય બળપૂર્વક આવ્યા વિના રહેતો નથી. જ્યાં નય, નિક્ષેપ અને પ્રમાણનો પણ ઉદય રહેતો નથી, એવા નિશ્ચયનયના પક્ષથી પણ આગળ થવાવાળા વિકલ્પરહિતબોધને નિર્વિકલ્પબોધ કહે છે.

ગાથા ૬૩૮ માં 'बलात्' શબ્દ વાપર્યો છે તે ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે, મુમુક્ષુજીવને વ્યવહારનયની ભાવના નથી, તોપણ પોતાને રાગ હોવાથી તે બળપૂર્વક આવ્યા વિના રહેતો નથી, એમ દર્શાવવા અહીં 'बलात्' શબ્દ વાપર્યો છે.

પોતે જ્યાં સુધી નિશ્ચયનય દ્વારા પ્રરૂપિત વસ્તુને ન ઓળખે ત્યાં સુધી વ્યવહારનય દ્વારા વસ્તુનો નિશ્ચય કરે છે, તેથી નીચલી દશામાં 'વ્યવહારનય આદરણીય નથી' એવી હેયબુદ્ધિને લક્ષમાં રાખી તે (વ્યવહારનય) વસ્તુસ્વરૂપ સમજવા માટે કાર્યકારી છે, અર્થાત્ જો વ્યવહારનયને ઉપચારમાત્ર માની, જો તે દ્વારા વસ્તુનો નિર્ણય કરે તો ત્યાં વ્યવહાર પ્રત્યે હેયબુદ્ધિ હોવાથી તે કાર્યકારી કહેવાય, પણ જો નિશ્ચયનયની માફક વ્યવહારનયને જરા પણ પરમાર્થભૂત માને, તો તે વ્યવહારનય ઊલટો અકાર્યકારી થાય. અહીં શંકા :—

**ननु च समीहितसिद्धिः किल चैकस्मान्नयात्कथं न स्यात्।**
**विप्रतिपत्तिनिरासो वस्तुविचारश्च निश्चयादिति चेत्॥६४०॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(किल) નિશ્ચયથી (समीहितसिद्धिः) ઈષ્ટની સિદ્ધિ (एकस्मात् नयात्) એક જ નયથી (कथं च न स्यात् ?) કેમ ન થાય? કારણ કે—(विप्रतिपत्तिनिरासः) વિપ્રતિપત્તિનો નિરાસ (નિરાકરણ), (च) અને (वस्तुविचारः) વસ્તુનો વિચાર (निश्चयात्) નિશ્ચયનયથી થઈ જશે. (इतिचेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—વસ્તુનો વિચાર અને સંશયાપત્તિ ઉપસ્થિત થતાં વ્યવહારનયનું શું પ્રયોજન છે? કારણ કે વસ્તુનો વિચાર અને સંશયનું નિરાકરણ તો કેવળ એક નિશ્ચયનયથી જ થઈ જશે, તેથી ઈષ્ટસિદ્ધિ માટે માત્ર એક નિશ્ચયનય જ માનવો જોઈએ. તેનું સમાધાન :—

**नैवं यतोस्ति भेदोऽनिर्वचनीयो नयः स परमार्थः।**
**तस्मात्तीर्थस्थितये श्रेयान् कश्चित् स वावदूकोऽपि॥६४१॥**

**અન્વયાર્થ**—(एवं न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે (सः परमार्थः नयः) તે પરમાર્થનય તો (अनिर्वचनीयः) અનિર્વચનીય અર્થાત્ વચન દ્વારા કહી શકાતો નથી, (तस्मात्) તેથી (तीर्थस्थितये) [1]તીર્થની સ્થિતિ માટે અર્થાત્ જૈનદર્શનના વિષયમાં વિપ્રતિપત્તિ તથા સંશયને

---

૧. તીર્થસ્થિતિ એટલે—વસ્તુસ્વરૂપ સંબંધમાં વિરુદ્ધ પ્રતિપાદન કોઈ કરતું હોય તો તેને ટાળવું, તથા પોતાને સંશય ઊઠે તો તેનો વિચાર કરી નિર્ણય કરવો-વિશેષ જ્ઞાન માટે વિચાર કરવો તે.

દૂર કરવા માટે (वावदूकोऽपि) [1]વાવદૂક(વ્યવહારનય)ને પણ (सः कश्चित्) તે કોઈ વેળા (श्रेयान्) કાર્યકારી છે, એ (भेदः अस्ति) ભેદ છે.

**ભાવાર્થ**—નિશ્ચયનય વચનગોચર નથી તેથી વસ્તુસ્વરૂપમાં વિપ્રત્તિપત્તિ (અન્યદૃષ્ટિકૃત આક્ષેપ—વિવાદ) કે સંશય દૂર કરવા માટે તે ઉપયોગી થઈ શકતો નથી અને વ્યવહારનય ભેદનું માત્ર કથન કરનારો હોવા છતાં તેવા કાર્યો માટે ઉપયોગી છે, (વ્યવહારનય ઉપરની દૃષ્ટિએ હેય છે એમ તે જ વેળા જો ખ્યાલમાં હોય તો ઉપરના કાર્યો માટે તે ઉપયોગી છે; એમ સમજવું) પરંતુ નિશ્ચયનય અનિર્વચનીય હોવાથી તે ઉપરના કાર્યો માટે ઉપયોગી થઈ શકતો નથી, માટે એકલો નિશ્ચયનય જ માનવો વ્યાજબી નથી.

એ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારનયની સિદ્ધિ કરીને હવે આગળ નિશ્ચયનયના વિષયસંબંધમાં શંકા-સમાધાનપૂર્વક વિચાર કરવામાં આવે છે. અહીં શંકા :—

**ननु निश्चयस्य वाच्यं किमिति यदालम्ब्य वर्तते ज्ञानम्।**
**सर्व विशेषाभावेऽत्यन्ताभावस्य वै प्रतीतत्वात्॥६४२॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે—(निश्चयस्य) નિશ્ચયનયનું (वाच्य किं इति) વાચ્ય શું છે, કે (यत्) જેના (आलम्ब्य) આલંબનથી (ज्ञानं) નિશ્ચયનયાત્મક જ્ઞાન (वर्तते) પ્રાપ્ત થાય છે? કારણ કે (सर्वविशेषाभावे) સંપૂર્ણ વિશેષોના અભાવમાં (वै) નિશ્ચયથી (अत्यन्ताभावस्य) અત્યંતાભાવની જ (प्रतीतत्वात्) પ્રતીતિ થાય છે.

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—જો નિશ્ચયનય કોઈ પ્રકારના વિશેષને (ભેદને) વિષય કરતો નથી અર્થાત્ તેમાં કોઈ પ્રકારની વિશેષતા રહેતી નથી, તો પછી તેના વિષયનો અસંભવ થઈ જવાથી તે નિર્વિષય (વિષયરહિત) થઈ જશે, તથા નિર્વિષય થવાથી તે નિશ્ચયનયનો સદ્ભાવ પણ રહેશે નહિ, તેથી અહીં નિશ્ચયનયની સિદ્ધિ માટે તેનો વિષય દર્શાવવો જોઈએ કે જેના અવલંબનથી તેની પ્રવૃત્તિ થઈ શકે. ઉક્ત શંકાનું સમાધાન :—

**इदमत्र समाधानं व्यवहारस्य च नयस्य यद्वाच्यम्।**
**सर्वविकल्पाभावे तदेव निश्चयनयस्य यद्वाच्यम्॥६४३॥**

**અન્વયાર્થ**—(अत्र) અહીં (इदं समाधानं) આ સમાધાન છે, કે—(व्यवहारस्य नयस्य) વ્યવહારનયનું (यत् वाच्यम्) જે કોઈ વાચ્ય છે તે (सर्व विकल्पाभावे) સંપૂર્ણ વિકલ્પોના અભાવમાં (यत् वाच्यं 'स्यात्') જે કોઈ વાચ્ય રહે છે (तत् एव) તે જ (निश्चयनयस्य वाच्यं) નિશ્ચયનયનું વાચ્ય થાય છે.

---

૧. વાવદૂક એટલે બહુ બોલવાવાળો, છટાદાર બોલનાર.

**ભાવાર્થ**—વ્યવહારનયના વાચ્યોના સંપૂર્ણ ભેદોનો પ્રતિષેધ (નિષેધ) કરવો તે 'न इति' એ પ્રકારનો જે વિષય છે તે નિશ્ચયનયનું વાચ્ય છે. તેનું દૃષ્ટાંતપૂર્વક સમાધાન :—

**अस्त्यत्र च संदृष्टिस्तृणाग्निरिति वा यदोष्ण एवाग्निः।**
**सर्वविकल्पाभावे तत्संस्पर्शादिनाप्यशांतत्वम्॥६४४॥**

**અન્વયાર્થ**—(अत्र च संदृष्टिः अस्ति) નિશ્ચયનયના વાચ્યના વિષયમાં દૃષ્ટાંત પણ છે, કે—(यदा) જે સમયે (तृणाग्निः) તૃણની અગ્નિ (वा) અથવા (उष्ण एव अग्निः) ઉષ્ણ જ અગ્નિ (इति) એવો સવિકલ્પ વ્યવહાર થાય છે. (तदा) તે સમયે (सर्वविकल्पाभावेऽपि) તૃણાગ્નિ-ઉષ્ણાગ્નિ આદિ વિશેષરૂપ તે સર્વ વિકલ્પોના અભાવમાં પણ (संस्पर्शादिना) સંસ્પર્શનાદિક દ્વારા (तत्) તે અગ્નિ (अशांतत्वं) ઉષ્ણાત્મક છે, એમ જાણી શકાય છે.

**ભાવાર્થ**—ઉષ્ણાત્મકધર્મની અપેક્ષાએ અગ્નિને ઉષ્ણ કહેવો તથા તૃણના નિમિત્તથી થવાવાળા અગ્નિને તૃણાગ્નિ કહેવો એ વ્યવહારનય છે, તથા વ્યવહારનયનો પ્રતિષેધક નિશ્ચયનય છે. વ્યવહારનયપ્રતિપાદ્ય વિષય એક એક ધર્મરૂપ પડે છે, પરંતુ વ્યવહારના તમામ ભેદોનો પ્રતિષેધ તે નિશ્ચયનયનું વાચ્ય છે. વળી એ નિશ્ચયનયનો વિષય વ્યવહારનયના વિકલ્પના અભાવરૂપ હોવાથી તેમાં ભેદ પડતા નથી, પણ અગ્નિ જેમ સ્પર્શનાદિ-જ્ઞાન દ્વારા જાણી શકાય છે, તેમ નિશ્ચયનયનો વિષય અનિર્વચનીય હોવા છતાં જ્ઞાન દ્વારા જાણી શકાય છે.

### નિશ્ચયનયાવલંબીને પરસમય કહેવા વિષયમાં શંકા

**ननु चैवं परसमयः कथं स निश्चयनयावलंबी स्यात्।**
**अविशेषादपि स यथा व्यवहार नयावलंबी यः॥६४५॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(अविशेषात् अपि) સામાન્યરૂપથી પણ (यथा) જેમ (यः) જે (व्यवहारनयावलंबी) વ્યવહારનયનું અવલંબન કરવાવાળો છે (सः) તે (परसमयः) સ્વાનુભૂતિ રહિત છે. (एवं) એ જ પ્રમાણે જે (निश्चयनयावलंबी) નિશ્ચયનયનું અવલંબન કરવાવાળો છે (सः) તે (कथं परसमयः स्यात्) કેવી રીતે સ્વાત્માનુભૂતિથી રહિત છે? (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—પહેલાં ગાથા ૫૦૬ થી ૫૧૦ માં બધાય નયોને અપરમાર્થરૂપ અને હેય કહ્યા છે, તેથી જણાય છે, કે—વ્યવહારનયાવલંબી અને નિશ્ચયનયાવલંબી બંને પરસમયી (મિથ્યાદૃષ્ટિ) છે, ત્યાં વ્યવહારનયાવલંબીને જ પરસમયી

કહ્યા તે તો ઠીક છે, પરંતુ નિશ્ચયનયાવલંબીને પરસમયી કહ્યા છે તે ઠીક નથી.[1] તેનું સમાધાન :—

**सत्यं किंतु विशेषो भवति ससूक्ष्मो गुरूपदेशत्वात्।**
**अपि निश्चयनयपक्षादपरः स्वात्मानुभूतिमहिमा स्यात्॥६४६॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, (किंतु) પરંતુ (विशेषोभवति) આટલું વિશેષ છે, કે—(निश्चयनयपक्षादपि) નિશ્ચયનયના પક્ષથી પણ (अपरः) ભિન્ન (स्वात्मानुभूति महिमा स्यात्) સ્વાત્માનુભવનો મહિમા છે, તથા (सः) તે સ્વાત્માનુભૂતિનો મહિમા (गुरूपदेशत्वात्) ગુરુ દ્વારા ઉપદેશ કરવા યોગ્ય હોવાથી (सूक्ष्मः) સૂક્ષ્મ છે.

**ભાવાર્થ**—વ્યવહારનય મિથ્યાઅર્થનો ઉપદેશ કરનારો છે, તેથી તે તો મિથ્યા અને પ્રતિષેધ્ય છે, તથા એ વ્યવહારનયના વિષય ઉપર દૃષ્ટિ રાખવાવાળા પણ મિથ્યાદૃષ્ટિ છે. (ગાથા ૬૨૮) નિશ્ચયનય સમ્યક્ત્વ છે-નિર્વિકલ્પ જેવો છે, તેથી તેના ઉપર દૃષ્ટિ રાખવાવાળા જ સમ્યગ્દૃષ્ટિ છે. (જુઓ ગાથા ૬૨૯-૬૩૦) એટલા માટે નિશ્ચયનયાવલંબી પરસમયી (મિથ્યાદૃષ્ટિ) નથી, એમ શંકાકારે કહ્યું તે તો સત્ય છે, પરંતુ આટલું વિશેષ છે, કે—જોકે નિશ્ચયનયાવલંબી આત્મજ્ઞાની ગુરુના ઉપદેશાનુસાર થોડા વખતમાં વિકલ્પ (રાગ)થી અતિક્રાંત થઈ સ્વાનુભૂતિ પ્રગટ કરી સમ્યગ્દૃષ્ટિ અવશ્ય થશે, તોપણ સ્વાનુભૂતિ થયા પહેલાં જ્યાં સુધી તે નિશ્ચયનયાવલંબીને વિકલ્પ (બુદ્ધિપૂર્વકનો રાગ) રહે છે ત્યાં સુધી તેને પરસમયીપણું રહે છે. આ સંબંધમાં શ્રી સમયસારમાં પણ કહ્યું છે, કે :—

**दोण्हविणयाण भणियं जाणइ णवरि तु समयपडिबद्धो।**
**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो॥**

**અન્વયાર્થ**—(नयपक्षपरिहीनः) નયપક્ષરહિત જીવ, (समयप्रतिबद्धः) સમયથી પ્રતિબદ્ધ થયો થકો (ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), (द्वयोः अपि) બંને (नययोः) નયોના (भणितं) કથનને (केवलं तु) કેવળ (जानाति) જાણે જ છે, (तु) પરંતુ (नयपक्षं) નયપક્ષને (किंचित् अपि) જરા પણ (न ग्रह्याति) ગ્રહણ કરતો નથી.

**ભાવાર્થ**—જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને કેવળ જાણે જ છે પરંતુ નિરંતર

---

૧. વ્યવહારને છોડી નિશ્ચય તથા નિશ્ચયથી પણ ઉપર નિર્વિકલ્પસ્થિતિમાં લીન થવાવાળાને સ્વસમયી માનવાં જોઈએ અને જે વ્યવહારનયાવલંબી જ છે તેને જ પરસમયી અર્થાત્ મિથ્યાદૃષ્ટિ કહેવો જોઈએ, પરંતુ નિશ્ચયનયાવલંબીને પરસમયી અર્થાત્ મિથ્યાદૃષ્ટિ ન કહેવો જોઈએ, એમ શંકાકારનું કહેવું છે.

પ્રકાશમાન સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી, તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે, એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદ્રષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત, ચિન્મયસમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત (અંતરંગ તથા બાહ્ય અક્ષરસ્વરૂપ ઉત્પન્ન થતા) અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ, વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણાવડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.

જેમ કેવળીભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા) છે તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. જો એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય; પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે; અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.
(સમયસાર ગાથા–૧૪૩)

**इत्युक्तसूत्रादपि सविकल्पत्वात्तथानुभूतेश्च।**
**सर्वोऽपि नयो यावान् परसमयः स च नयावलंबी च॥६४७॥**

**અન્વયાર્થ**—(इति उक्तसूत्रात्) એ પ્રમાણે કહેલા આગમપ્રમાણથી (अपि) તથા (सविकल्पत्वात्) સવિકલ્પ હોવાથી (च) તથા (तथानुभूतेः) એવો અનુભવ હોવાથી (यावान् सर्वोऽपि नयः) જેટલા કોઈ નય છે, તે બધાય (च) તથા (नयावलंबी) તેનું અવલંબન કરવાવાળા (यः) જે છે, (स च) તે બધા (परसमयः) પરસમયી એટલે સ્વાનુભૂતિથી રહિત છે.

**ભાવાર્થ**—બધાય નયો વિકલ્પાત્મક છે, તેથી તે રાગમિશ્રિત છે અને વ્યવહારનયના વિષય ઉપરની દ્રષ્ટિ તથા નિશ્ચયનયના વિષય ઉપરની દ્રષ્ટિમાં જોકે ઉપર ગાથા ૬૨૮-૬૨૯-૬૩૦ માં કહ્યા પ્રમાણે તફાવત છે, તોપણ બધાય નયોમાં રાગનો અંશ ઉઠે છે, તેથી નયોના વિકલ્પરૂપ રાગથી જીવ, અતિક્રાંત થઈ નિર્વિકલ્પ થતો નથી ત્યાં સુધી તે પરસમયી છે.

## સ્વાત્માનુભૂતિનું સ્વરૂપ

**स यथा सति सविकल्पे भवति स निश्चयनयो निषेधात्मा।**
**न विकल्पो न निषेधो भवति चिदात्मानुभूतिमात्रं च॥६४८॥**

**અન્વયાર્થ**—(स यथा) તે સ્વાનુભૂતિનો મહિમા આ પ્રમાણે છે, કે—(सति सविकल्पे) વ્યવહારનયમાં ભેદ દર્શાવનારા વિકલ્પો ઉઠે છે અને (सः निश्चयनयः) તે નિશ્ચયનય સર્વ પ્રકારના વિકલ્પોનો નિષેધ કરવાવાળો હોવાથી (निषेधात्मा भवति) એક પ્રકારથી તેમાં નિષેધાત્મક વિકલ્પ થાય છે, તથા વાસ્તવિકપણે જોવામાં આવે તો સ્વસમયસ્થિતિમાં (न विकल्पः) ન (વ્યવહાર નયનો વિષયભૂત) વિકલ્પ છે, કે (न निषेधः) ન (નિશ્ચયનયનો વિષયભૂત) નિષેધ છે, પરંતુ (चिदात्मानुभूतिमात्रं च भवति) કેવળ ચેતનાનું સ્વાત્માનુભવન છે.

**ભાવાર્થ**—ઉપરોક્ત સ્વાનુભૂતિના મહિમાની પ્રકાશક સ્વસમયપ્રતિબદ્ધઅવસ્થાનો ખુલાસો આ પ્રકારથી છે, કે—વ્યવહારનય, મિથ્યાઉપદેશક છે, તેથી તેમાં ભેદસૂચક વિધિરૂપ વિકલ્પ ઉઠે છે, (અને નિશ્ચયનય તેનો નિષેધ કરે છે તેથી એ પણ નિષેધરૂપ વિકલ્પ છે) એ પ્રમાણે બંને નયો વિકલ્પાત્મક છે, તેથી નિશ્ચયનયના વિષયનો રાગમિશ્રિત જે વિચાર છે તેથી પણ આગળ વિકલ્પથી પર જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાત્ર છે તે સ્વસમયપ્રતિબદ્ધદશા છે અને તેની પ્રાપ્તિ પહેલાંની અવસ્થાને પરસમય કહેવામાં આવે છે. અહીં કહેવાનો હેતુ આ છે, કે—વ્યવહારનયના આશ્રયથી કદી પણ સ્વાનુભૂતિ પ્રગટતી જ નથી, પરંતુ નિશ્ચયનયના આશ્રયથી પણ શરૂઆતમાં જે વિકલ્પ (રાગ) ઉઠે છે તે રાગથી પણ પર જઈ પવિત્ર આત્મદશા પ્રગટ કરવા માટે પુરુષાર્થ કરવાનો જ્ઞાની શ્રીગુરુઓનો ઉપદેશ છે.

## સ્વાનુભૂતિના મહિમાનું સ્વરૂપ

**दृष्टान्तोऽपि च महिषध्यानाविष्टो यथा हि कोपि नरः।**
**महिषोयमहं तस्योपासक इति नयावलंबी स्यात्॥६४९॥**
**चिरमचिरं वा यावत् स एव दैवात् स्वयं हि महिषात्मा।**
**महिषस्यैकस्य यथा भवनात् महिषानुभूतिमात्रं स्यात्॥६५०॥**
**स्वात्मध्यानाविष्टस्तथेह कश्चिन्नरोऽपि किल यावत्।**
**अयमहमात्मा स्वयमिति स्यामनुभविताहमस्यनयपक्षः॥६५१॥**
**चिरमचिरं वा दैवात् स एव यदि निर्विकल्पश्च स्यात्।**
**स्वयमात्मेत्यनुभवनात् स्यादियमात्मानुभूतिरिह तावत्॥६५२॥**

**અન્વયાર્થ**—(दृष्टान्तोऽपि च) આ વિષયમાં દૃષ્ટાંત પણ છે, કે—(यथा हि) જેમ (महिषध्यानाविष्टो) પાડાના ધ્યાનથી યુક્ત (कोऽपि नरः) કોઈ મનુષ્ય (अयं महिषः) આ મહિષ (પાડો) છે અને (अहं) હું (तस्य) તેનો (उपासकः) ઉપાસક છું, (इति) એ પ્રકારના વિકલ્પસહિત જ્યાં સુધી તે રહે છે ત્યાં સુધી તેને (नयावलम्बी) નયનું અવલંબન કરવાવાળો કહેવામાં આવે છે.

પરંતુ (चिरं वा अचिरं यावत्) ઘણા વા થોડા સમયમાં જ્યારે (स एव) તે જ વ્યક્તિ (दैवात्) દૈવવશથી (हि) નિશ્ચયથી (स्वयं) પોતે જ (महिषात्मा) મહિષરૂપ થઈ જાય છે, ત્યારે (एकस्य महिषस्य भवनात्) એક મહિષરૂપ થઈ જવાથી—અનુભવ કરવાથી (यथा) જેમ (महिषानुभूतिमात्रं स्यात्) કેવળ મહિષાનુભૂતિ કહેવામાં આવે છે—

(तथा) તેવી જ રીતે (इह) અહીં આગળ (किल) નિશ્ચયથી (स्वात्मध्यानाविष्टः) સ્વાત્મધ્યાનથી યુક્ત (कश्चिन्नरोऽपि) કોઈ મનુષ્ય પણ (यावत्) જ્યાં સુધી (अहं अयं आत्मा) 'હું જ આ આત્મા છું અને (अहं स्वयं) હું પોતે જ (अस्य अनुभविता स्यात्) તેનો અનુભવ કરવાવાળો છું'. (इति) એ પ્રકારના વિકલ્પસહિત રહે છે ત્યાં સુધી તે (नयपक्षः) નયપક્ષવાળો કહેવામાં આવે છે. પરંતુ—

(यदि च) જો (दैवात्) દૈવવશથી (स एव) તે જ નયાવલંબી જ્યારે (चिरं वा अचिरं) ઘણા વા થોડા કાળમાં (निर्विकल्पः स्यात्) નિર્વિકલ્પ થઈ જાય છે ત્યારે (स्वयं आत्मा इति अनुभवनात्) 'હું પોતે જ આત્મા છું.' એ પ્રકારનો અનુભવ કરવાથી (इह) અહીં આગળ (तावत्) તે જ સમયે (इयं) આ (आत्मानुभूति स्यात्) આત્માનુભૂતિ કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—જેમ મહિષ (પાડા)ના ધ્યાનમાં મગ્ન થયેલો મનુષ્ય પ્રથમ 'હું મહિષનો ઉપાસક છું-મહિષ થવા માગું છું', એવા પ્રકારની કલ્પનાઓ કરે છે ત્યાં સુધી તે કલ્પનાઓ -ભેદોનો ગ્રાહક હોવાથી તે મનુષ્ય (લૌકિક) વ્યવહારનયાવલંબી છે, જ્યારે તે કલ્પનાઓ ટાળી 'હું મહિષ છું' એવો વિકલ્પ કરે છે ત્યાં સુધી તે (લૌકિક) નિશ્ચયનયાવલંબી છે; પણ ધ્યાન કરતાં કરતાં જ્યારે તે લીન થઈ જાય છે સ્વમહિષપણાનો નિર્વિકલ્પ અનુભવ કરવા લાગે છે ત્યારે તેને માત્ર મહિષાનુભૂતિ છે, એમ કહેવામાં આવે છે. તેમ સ્વાનુભૂતિમાં તત્પર વ્યક્તિ જ્યાં સુધી 'આ આત્મા મારો છે-હું તેનો અનુભવ કરવાવાળો છું' વગેરે કલ્પનાઓ કરે છે ત્યાં સુધી તે વ્યવહારનયાવલંબી છે, જ્યારે તે કલ્પનાઓથી આગળ જઈ નિશ્ચયનયાવલંબી થાય છે ત્યારે તેને 'હું અખંડ શુદ્ધચૈતન્યસ્વભાવ આત્મા છું' એવો અભેદવિકલ્પ ઉઠે છે, આ નિશ્ચયનયાવલંબીદશા છે, પણ જ્યારે તે સ્વાત્મધ્યાનમાં તલ્લીન થઈ તન્મય થઈ જાય છે અને બુદ્ધિપૂર્વકના વિકલ્પોથી પર થાય છે ત્યારે જે નિર્વિકલ્પ અવસ્થા થાય છે તે અવસ્થાને સ્વાનુભૂતિ કહે છે.

## ઉપસંહાર

तस्मात्व्यवहार इव प्रकृतो नात्मानुभूतिहेतुः स्यात्।
अयमहमस्य स्वामी सदवश्यम्भावि विकल्पत्वात्॥६५३॥

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (व्यवहार इव) વ્યવહારનયની માફક (प्रकृत:) નિશ્ચયનય પણ (आत्मानुभूतिहेतुः न स्यात्) આત્માનુભૂતિનું કારણ નથી, કારણ કે—તે નિશ્ચયનયમાં પણ (अहं अयं अस्य स्वामी) 'હું આ તેનો સ્વામી છું' એ પ્રકારનો (सदवश्यम्भावि विकल्पत्वात्) સત્‌માં અવશ્ય થવાવાળો વિકલ્પ હોય છે.

**ભાવાર્થ**—વ્યવહારનયનો વિષય તો મિથ્યા છે, કારણ તેના આશ્રયે સ્વાનુભૂતિ થતી જ નથી, પરંતુ નિશ્ચયનય પણ વિકલ્પાત્મક હોવાથી તથા નિશ્ચયનયથી પણ આગળ સ્વાનુભૂતિ હોવાથી એ નિશ્ચયનય પણ વાસ્તવમાં નિર્વિકલ્પસ્વાત્માનુભૂતિનું સાક્ષાત્ કારણ નથી, કારણ કે નિશ્ચયનયમાં પણ 'આ આત્માનું સ્વરૂપ છે અને હું જ તેનો સ્વામી છું'—એવા પ્રકારનો વિકલ્પ (રાગ) હોય છે. અહીં શંકા—

**ननु केवलमिह निश्चयनयपक्षो यदि विवक्षितो भवति।**
**व्यवहारान्निरपेक्षो भवति तदात्मानुभूतिहेतुः सः ॥६५४॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે—(इह) અહીં (यदि) જો (केवलं) કેવળ (व्यवहारान्निरपेक्षः) વ્યવહારનયથી નિરપેક્ષ (निश्चयनयपक्षः) નિશ્ચયનયનો પક્ષ (विवक्षितो भवति) વિવક્ષિત કરવામાં આવે, (तत्) તો (सः) તે (आत्मानुभूति हेतुः भवति) આત્માનુભૂતિનું કારણ થશે? (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—જો વ્યવહારનયનિરપેક્ષ કેવળ નિશ્ચયનયનું અવલંબન કરવામાં આવે તો તે નિરપેક્ષનિશ્ચયનય સ્વાત્માનુભૂતિનું કારણ થઈ શકે છે? તેનો ઉત્તર—

**नैवमसंभवदोषाद्यतो न कश्चिन्नयो हि निरपेक्षः।**
**सति च विधौ प्रतिषेधः प्रतिषेधे सति विधेः प्रसिद्धत्वात् ॥६५५॥**

**અન્વયાર્થ**—(असंभवदोषात्) અસંભવદોષ આવવાથી (एवं न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(हि) નિશ્ચયથી (कश्चिन्नयः) કોઈ પણ નય (निरपेक्षः न) નિરપેક્ષ નથી, પરંતુ (विधौ सति) વિધિના હોવામાં જ (प्रतिषेधः) પ્રતિષેધ (च) તથા (प्रतिषेधे सति) પ્રતિષેધના હોવામાં જ (विधेः प्रसिद्धत्वात्) વિધિની પ્રસિદ્ધિ છે.

**ભાવાર્થ**—નયોને નિરપેક્ષ કહેવા એ અસંભવ છે, કારણ કે—જ્યારે વિધિની મુખ્યતામાં ગૌણરૂપથી નિષેધનું તથા નિષેધની મુખ્યતામાં ગૌણરૂપથી વિધિનું ગ્રહણ થઈ જાય છે ત્યારે જ નય, નયપદને યોગ્ય ઠરે છે, તેથી સંપૂર્ણ નયો પરસ્પર સાપેક્ષ હોવાથી ઉક્ત શંકા ઠીક નથી.

## નિશ્ચયનયના એકત્વવિષયમાં શંકા

**ननु च व्यवहारनयो भवति यथानेक एव सांशत्वात्।**
**अपि निश्चयो नयः किल तद्वदनेकोऽथ चैकैकस्त्विति चेत्॥६५६॥**

**અન્વયાર્થ**—(अथ च) હવે (ननु च) શંકાકાર કહે છે, કે—(यथा) જેમ (सांशत्वात्) અંશગ્રાહી હોવાથી (व्यवहारनयः) વ્યવહારનય (अनेक एव भवति) અનેક જ છે, (तद्वत) તેવી રીતે (किल) નિશ્ચયથી (निश्चयनयः अपि तु) નિશ્ચયનય પણ (एकेकः) એક એકના મેળવવાથી (अनेकः) અનેક થઈ શકે છે, (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—જેમ અંશસહિતપણાથી વ્યવહારનય અનેક છે, એ જ પ્રમાણે ભિન્ન-ભિન્ન વ્યવહારનો નિષેધ કરવાથી નિશ્ચયનય પણ અનેક હોવા જોઈએ, તેથી નિશ્ચયનયને એક માનવો ઠીક નથી. તેનું સમાધાન—

**नैवं यतोस्त्यनेको नैकः प्रथमोप्यनन्तधर्मत्वात्।**
**न तथेति लक्षणत्वादस्त्येको निश्चयो हि नानेकः॥६५७॥**

**અન્વયાર્થ**—(एवं न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(अनन्तधर्मत्वात्) અનંતધર્મવાળો હોવાથી (प्रथमः) પ્રથમનો વ્યવહારનય (अनेकः अस्ति) અનેક છે, (अपि) પરંતુ (एकः न) એક નથી, તથા (हि) નિશ્ચયથી (न तथा इति लक्षणत्वात्) 'તેમ નથી' એ પ્રકારના નિષેધાત્મક લક્ષણથી (निश्चयः) નિશ્ચયનય (एकः अस्ति) એક છે, (अनेकः न) અનેક નથી.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું યુક્તિસંગત નથી, કારણ કે—પદાર્થમાં અનંત ધર્મ છે, તેમાંથી એક એક ધર્મને વિષય કરવાવાળો વ્યવહાર તો અનેક છે, એમાં કોઈ સંશયની વાત નથી, પરંતુ એક એક વ્યવહારના નિષેધથી નિશ્ચયનય એક એક થઈને અનેક થાય; એમ બની શકતું નથી, કારણ કે—'न तथा (તેમ નથી)' એ રૂપથી વ્યવહારમાત્રનો પ્રતિષેધક નિશ્ચયનય સદાય એક જ પ્રકારનો હોવાથી એક જ હોય છે, પણ ભિન્ન-ભિન્ન વ્યવહારના નિષેધથી એક એક થઈને અનેક થતો નથી; અર્થાત્ સદાય યાવત્ (સંપૂર્ણ) વ્યવહારનો પ્રતિષેધક હોવાથી નિશ્ચયનય એક જ છે, તેથી જ નિશ્ચયનયનો સૂચક 'न तथा' એમ માન્યો છે તથા તે સદાય એક જ પ્રકારનો રહે છે અર્થાત્ અનેક વ્યવહારોના પ્રતિષેધને વિષય કરવાથી નિશ્ચયનયના વિષયમાં નાનાપણું (ભિન્ન-ભિન્નપણું) આવતું નથી, તેથી તે નાનારૂપ થઈ શકતો નથી. દ્રષ્ટાંત—

**संदृष्टिः कनकत्वं ताम्रोपाधेर्निवृत्तितो यादक्।**
**अपरं तदपरमिह वा रुक्मोपाधेर्निवृत्तितस्तादक्॥६५८॥**

**અન્વયાર્થ**—(सन्दृष्टिः) નિશ્ચયનયના એકત્વમાં દ્રષ્ટાંત આ છે, કે—(इह) અહીં (ताम्रोपाधेनिवृत्तितः) તામ્રરૂપ ઉપાધિની નિવૃત્તિથી (यादक्) જેવા પ્રકારનું (अपरं) ભિન્ન (कनकत्वं) સુવર્ણપણું છે, (तादक्) તેવા પ્રકારનું (रुक्मोपाधेनिवृत्तितः वा) ચાંદીરૂપ ઉપાધિની નિવૃત્તિથી પણ (अपरं) ભિન્ન (तत्) તે સુવર્ણપણું છે.

**ભાવાર્થ**—જેમ સુવર્ણપણું, તાંબાની ઉપાધિના અભાવથી વિવક્ષિત થાય છે તેવું જ ચાંદી આદિની ઉપાધિના અભાવથી પણ વિવક્ષિત થાય છે, અર્થાત્ જેમ પરોપાધિના અભાવથી શુદ્ધસુવર્ણત્વસામાન્યમાં અનેકતા આવતી નથી. તે જ પ્રમાણે ભેદકલ્પનારૂપ ઉપાધિના અભાવથી દ્રવ્ય સામાન્યમાં પણ અનેકતા આવી શકતી નથી, તેથી નિશ્ચયનયમાં અનેકતા કહી શકાતી નથી.

## ઉપસંહાર

एतेन हतास्ते ये स्वात्मप्रज्ञापराधतः केचित्।
अप्येकनिश्चयनयमनेकमिति सेवयन्ति यथा॥६५९॥

**અન્વયાર્થ**—(एतेन) એ કથન દ્વારા (स्वात्मप्रज्ञापराधतः) પોતાની બુદ્ધિના અપરાધથી (ये केचित्) જે કોઈ (एकनिश्चयनयं अपि) એક નિશ્ચયનયને પણ (अनेकं इति) અનેક છે. એ પ્રકારથી (सेवयन्ति) માને છે (ते हताः) તે ખંડિત થઈ ગયા, (यथा) જેમ કે—

**ભાવાર્થ**—એ પ્રમાણે પોતાની બુદ્ધિના અપરાધથી જે એક નિશ્ચયનયને પણ અનેક માને છે, તેમનો પક્ષ અસમર્થ હોવાથી ખંડિત થઈ ગયો.

હવે નિશ્ચયનયને અનેક કેવી રીતે માને છે, તે બતાવીને તેમાં દોષ દર્શાવે છે.

शुद्ध द्रव्यार्थिक इति स्यादेकः शुद्धनिश्चयो नाम।
अपरोऽशुद्धद्रव्यार्थिक इति तदशुद्धनिश्चयो नाम॥६६०॥

इत्यादिकाश्च बहवो भेदा निश्चयनयस्य यस्य मते।
स हि मिथ्यादृष्टित्वात् सर्वज्ञाज्ञावमानितो नियमात्॥६६१॥

**અન્વયાર્થ**—(शुद्धद्रव्यार्थिकः इति) શુદ્ધદ્રવ્યાર્થિક એ પ્રકારનો (एकः) એક (शुद्धनिश्चयोनामस्यात्) શુદ્ધનિશ્ચયનય નામનો નય છે (अपि) તથા (यत्) જે (अशुद्धद्रव्यार्थिकः इति) અશુદ્ધદ્રવ્યાર્થિક એ પ્રકારના નામવાળો છે. (तत्) તે (अपरः) બીજો (अशुद्धनिश्चयनयो नाम) અશુદ્ધનિશ્ચય નામનો નય છે (इत्यादिकाः) ઈત્યાદિક (बहवः च) ઘણા જ (निश्चयनयस्य भेदाः)

નિશ્ચયનયના ભેદ (यस्य मते) જેના મતમાં છે, (सः) તે (हि) નિશ્ચયથી (मिथ्यादृष्टित्वात्) મિથ્યાદૃષ્ટિ હોવાથી (नियमात्) નિયમથી (सर्वज्ञाज्ञावमानितः) સર્વજ્ઞની આજ્ઞા ઉલ્લંઘન કરવાવાળા છે.

**ભાવાર્થ**—શુદ્ધદ્રવ્યાર્થિકનય તથા અશુદ્ધદ્રવ્યાર્થિકનય, ઈત્યાદિ જેના મતમાં નિશ્ચયનયના ભેદ માનવામાં આવ્યા છે તે પણ મિથ્યાદૃષ્ટિ હોવાથી સર્વજ્ઞ આજ્ઞાની અવજ્ઞા કરવાવાળા છે, કારણ કે–જૈનાગમમાં નિશ્ચયનય એક જ માનવામાં આવ્યો છે, તેથી તેને અનેક કહેવો એ આગમથી વિરુદ્ધ છે. તાત્પર્ય કે–

**इदमत्र तु तात्पर्यमधिगन्तव्यं चिदादि यद्वस्तु।**
**व्यवहारनिश्चयाभ्यामविरुद्धं यथात्मशुद्ध्यर्थम्॥६६२॥**

**અન્વયાર્થ**—(अत्र तु इदं तात्पर्यं) અહીં આગળ આ તાત્પર્ય છે, કે–(यत्) જે (चिदादि वस्तु) ચેતનાદિક પદાર્થ છે તે (व्यवहारनिश्चयाभ्यां) વ્યવહાર તથા નિશ્ચયનય દ્વારા (अविरुद्धं) પરસ્પર સાપેક્ષ ('तथा) એવી રીતે (अधिगन्तव्यं) સમજવા જોઈએ, કે (यथा) જેથી (आत्मशुद्ध्यर्थं) આત્માની શુદ્ધિ ને જ્ઞાન થાય.

**ભાવાર્થ**—સારાંશ આ છે, કે જે પ્રકારથી નિશ્ચય અને વ્યવહારમાં વિરોધ ન આવે તે પ્રકારથી પરસ્પરમાં અવિરોધપૂર્વક જીવાદિ પદાર્થોને નિશ્ચય તથા વ્યવહાર દ્વારા જાણવા કે જેથી તે જ્ઞાન જ આત્માની શુદ્ધિ માટે ઉપયુક્ત થઈ શકે, એમ સમજવું.

## નિશ્ચયનયનું નિમિત્ત અને પ્રયોજન

**अपि निश्चयस्य नियतं हेतुः सामान्यमात्रमिह वस्तु।**
**फलमात्मसिद्धिः स्यात् कर्मकलंकावमुक्तबोधात्मा॥६६३॥**

**અન્વયાર્થ**—(अपि) તથા (इह) અહીં (सामान्यमात्रवस्तु) કેવળ સામાન્યરૂપ વસ્તુ (नियतं) નિશ્ચયથી (निश्चयस्य हेतुः) નિશ્ચયનયનું કારણ છે તથા (कर्मकलंकावमुक्तबोधात्मा) કર્મરૂપ કલંકથી રહિત જ્ઞાનસ્વરૂપ (आत्मसिद्धिः) આત્માની સિદ્ધિ (फलं स्यात्) ફળ છે.

**ભાવાર્થ**—નિશ્ચયનયના વિષયને પ્રતિપાદન કરવામાં કેવળ સામાન્યવસ્તુનું સ્વરૂપ નિમિત્ત થાય છે, તેથી સામાન્યમાત્ર વસ્તુ નિશ્ચયનયનું કારણ છે તથા સર્વ કર્મકલંકથી રહિત જ્ઞાનમય આત્માની સિદ્ધિ થવી એ નિશ્ચયનયનું પ્રયોજન–ફળ છે. હવે ગ્રંથકાર પ્રમાણના સ્વરૂપને પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞા કરે છે :–

**उक्तो व्यवहारनयस्तदनुनयोनिश्चयः पृथक् पृथक्।**
**युगपद्द्वयं च मिलितं प्रमाणमिति लक्षणं वक्ष्ये॥६६४॥**

**અન્વયાર્થ**—એ પ્રમાણે (व्यवहारनयः) વ્યવહારનય તથા (तदनु) તેના પછી (निश्चयनयः) નિશ્ચયનય (पृथक् पृथक्) ભિન્ન-ભિન્નરૂપથી (उक्तंः) કહ્યો. હવે આગળ (युगपद्) એકીસાથે (द्वयं च मिलितं) બંને નયોના મળવારૂપ જે (प्रमाणं इति) પ્રમાણ છે તેના (लक्षणं) લક્ષણને (वक्ष्ये) કહું છું.

**ભાવાર્થ**—એ પ્રમાણે ભિન્ન-ભિન્નરૂપથી નં. ૫૨૨ માં પદ્યથી માંડીને ૫૯૬ માં પદ્ય સુધી વ્યવહારનયનું સ્વરૂપ તથા ૫૯૭ માં પદ્યથી માંડીને ૬૬૪ માં પદ્ય સુધી નિશ્ચયનયનું સ્વરૂપ, એ વગેરેનું ઉહાપોહપૂર્વક વિસ્તારપૂર્વક વર્ણન કર્યું; હવે આગળ બંને નયોના યુગપદ્ (એકીસાથે) મળવાથી થવાવાળા પ્રમાણના સ્વરૂપને (લક્ષણને) કહે છે :—

## પ્રમાણનું લક્ષણ

**विधिपूर्वः प्रतिषेधः प्रतिषेधपुरस्सरो विधिस्त्वनयोः।**
**मैत्री प्रमाणमिति वा स्वपराकारावगाहि यज्ज्ञानम्॥६६५॥**

**અન્વયાર્થ**—(विधिपूर्वः) વિધિપૂર્વક (प्रतिषेधः) પ્રતિષેધ થાય છે તથા (प्रतिषेधपुरस्सरः) પ્રતિષેધપૂર્વક (विधिः) વિધિ થાય છે, (तु) પરંતુ (अनयोः) એ બંને વિધિ-નિષેધાત્મકનયોની (मैत्री) મૈત્રી અર્થાત્ બંને નયોનું એકીસાથે રહેવું, એ (प्रमाणं इति) પ્રમાણ છે. (वा) અથવા (स्वपराकारावगाहि) પોતાના અને પરના આકારને વિષય કરવાવાળું એટલે સ્વ-પરવ્યવસાયાત્મક (यत् ज्ञानं) જે જ્ઞાન છે, (तत् प्रमाणं) તે પ્રમાણ છે.

**ભાવાર્થ**—વિધિસાપેક્ષ નિષેધાત્મકજ્ઞાનને નિશ્ચયનય તથા નિષેધસાપેક્ષ વિધિરૂપજ્ઞાનને વ્યવહારનય કહે છે, તથા એ બંને નયોની મૈત્રીને પ્રમાણ કહે છે, અથવા જે સ્વ-પરવ્યવસાયાત્મક જ્ઞાન છે, તેને પ્રમાણ કહે છે. તેનો ખુલાસો—

**अयमर्थोऽर्थविकल्पो ज्ञानं किल लक्षणं स्वतस्तस्य।**
**एकविकल्पो नयसादुभयविकल्पः प्रमाणमिति बोधः॥६६६॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ આ છે, કે—(किल) નિશ્ચયથી (अर्थविकल्पः) અર્થના[1] આકારરૂપ થનારું જે (ज्ञानं) જ્ઞાન છે, તે (तस्य) પ્રમાણનું (स्वतः) સ્વયંસિદ્ધ (लक्षणं) લક્ષણ છે તથા (एकविकल्पः बोधः) એક વિકલ્પાત્મકજ્ઞાન (नयसात्) નયના આધીન છે, અર્થાત્ સામાન્યાત્મક વા વિશેષાત્મકજ્ઞાન નય કહેવાય છે તથા (उभयविकल्पः) ઉભયવિકલ્પાત્મકજ્ઞાન એટલે સામાન્ય—વિશેષાત્મકજ્ઞાન (प्रमाणं इति) પ્રમાણ કહેવાય છે.

---

૧. 'અર્થ' શબ્દનો અર્થ સ્વ-પર વિષય તથા 'વિકલ્પ' શબ્દનો અર્થ વ્યવસાય છે, તેથી અર્થવિકલ્પનો અર્થ 'સ્વ-પર વ્યવસાયાત્મક પણ થાય છે'

**ભાવાર્થ**—અર્થવિકલ્પાત્મકજ્ઞાન પ્રમાણનું લક્ષણ છે, પ્રત્યેક જ્ઞાન અર્થવિકલ્પાત્મક હોય છે (જાણે છે) જે જ્ઞાન એકદેશને વિષય કરે છે, તેને નયજ્ઞાન કહે છે તથા જે જ્ઞાન યુગપદ્ (એકીસાથે) સર્વદેશને વિષય કરે છે(જાણે છે) તેને પ્રમાણજ્ઞાન કહે છે. નય એ શ્રુતજ્ઞાનનો ભેદ છે, તેથી તે શ્રુતજ્ઞાનમાં જ ગર્ભિત થઈ શકે છે પણ મતિ, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાનમાં તો તે ગર્ભિત થઈ શકતો જ નથી. મતિજ્ઞાનાદિ ચારે જ્ઞાન સ્વાર્થ હોય છે અને શ્રુતજ્ઞાન, સ્વાર્થ તથા પરાર્થ બંને પ્રકારનું હોય છે.[1] જ્ઞાનાત્મકને સ્વાર્થ તથા વચનાત્મકને પરાર્થ કહે છે; નય, પરાર્થશ્રુતજ્ઞાનના ભેદમાં ગર્ભિત થાય છે અર્થાત્ જો પરાર્થશ્રુતજ્ઞાન, એકદેશને વિષય કરવાવાળું થયું તો તેને નય કહે છે તથા જો તે પરાર્થશ્રુતજ્ઞાન, સર્વદેશને વિષય કરવાવાળું થયું તો તેને પ્રમાણ કહે છે. અહીં શંકા :–

**ननु चास्त्येकविकल्पोप्यविरुद्धोभयविकल्प एवास्ति।**
**कथमिव तदेकसमये विरुद्धभावद्वयोर्विकल्पः स्यात्॥६६७॥**

**अथ चेदस्ति विकल्पो क्रमेण युगपद्वा बलाद्वाच्यः।**
**अथ चेत् क्रमेण नय इति भवति न नियमात्प्रमाणमितिदोषः॥६६८॥**

**युगपच्चेदथ न मिथो विरोधिनोर्यौगपद्यं स्यात्।**
**दृष्टविरुद्धत्वादपि प्रकाशतमसोर्द्वयोरिति चेत्॥६६९॥**

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—જો (एकविकल्पः) એક વિકલ્પ (अस्ति) છે (अपि) તથા (अविरुद्धोभयविकल्प एव अस्ति) અવિરોધી ઉભય વિકલ્પ પણ છે અર્થાત્ જો એક વિકલ્પાત્મકને નય તથા ઉભયવિકલ્પાત્મકને પ્રમાણ માનો છો, (तत्) તો (एक समये) એક સમયમાં (विरुद्धभावद्वयोर्विकल्पः) પરસ્પર વિરોધી બે ભાવોનો વિકલ્પ (कथमिव स्यात्) કેવી રીતે બનશે?

(अथ चेत्) જો (क्रमेण) ક્રમથી (वा) અથવા (युगपद्) યુગપદ્ (એકીસાથે) (बलात्) બળપૂર્વક (विकल्पः वाच्यः अस्ति) વિકલ્પ, વાચ્ય થાય છે; એમ કહેશો તોપણ એ કહેવું ઠીક નથી, કારણ કે—(अथ चेत्) જો એ બંને વિકલ્પો (क्रमेण) ક્રમથી થાય છે, એમ કહેશો તો (नियमात्) નિયમથી (नय इति भवति) એ નય થશે પણ (प्रमाणं न) પ્રમાણ નહિ થાય, (इति दोषः) એ દોષ આવશે.

---

૧. स्वार्थं परार्थं च, तत्र स्वार्थं प्रमाणं श्रुत वर्ज्यम्, श्रुतं पुनः स्वार्थं च भवति परार्थं च, જુઓ સર્વાર્થસિદ્ધિ ટીકા પાના નં. ૫૫

(अथ युपगद् चेत्) જો 'એ બંને વિકલ્પો યુગપદ્ થાય છે' એમ કહેશો તો (दृष्टविरुद्धत्वात्) પ્રત્યક્ષ વિરુદ્ધ થવાથી (प्रकाशतमसोः द्वयोः) પ્રકાશ અને અંધકાર એ બંનેની માફક (मिथः) પરસ્પરમાં (विरोधिनोः) વિરોધી બે વિકલ્પોની (यौगपद्यं अपि) યુગપત્‌તા પણ (न स्यात्) નહિ થાય. (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે અવિરુદ્ધ ઉભયધર્મવાળો પણ એક વિકલ્પ થઈ શકે છે તથા તે વિકલ્પ હોવાથી નયનો વિષય થાય છે, પરંતુ વિરુદ્ધ બે ભાવોનો એક વિકલ્પ થઈ શકતો નથી, કારણ કે તે વિરુદ્ધ ઉભય વિકલ્પમાંથી બંનેનું એક સમયમાં જે ગ્રહણ થશે તે ક્રમથી થશે કે એકસાથે? જો ક્રમથી થશે તો કેવળ નયપક્ષ જ સિદ્ધ થઈ શકશે પણ પ્રમાણપક્ષ સિદ્ધ થઈ શકશે નહિ. કદાચિત્ એ દોષના નિરાકરણ માટે આમ કહેવામાં આવે કે—'તે પરસ્પરવિરોધી બંને ધર્મોનું યુગપત્ ગ્રહણ થઈ શકે છે' તો એમ કહેવું પણ ઠીક લાગતું નથી, કારણ કે જેમ પરસ્પરવિરોધી પ્રકાશ અને અંધકારની યુગપદ્‌તા અસંભવિત છે. એ જ પ્રમાણે વિધિ-નિષેધરૂપ ઉભયધર્મોની યુગપત્‌તા પણ અસંભવિત છે.

તેનું સમાધાન :—

**न यतो युक्तिविशेषाद्युगपद्वृत्तिर्विरोधिनामस्ति।**
**सदसदनेकेषामिह भावाभावध्रुवाऽध्रुवाणां च॥६७०॥**

**અન્વયાર્થ**—(न) એમ કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(इह) અહીં આગળ (युक्तिविशेषात्) યુક્તિવિશેષથી (सदसदनेकेषां) સત્, અસત્‌રૂપ અનેક (भावाऽभावध्रुवाऽध्रुवाणां) ભાવ-અભાવ, નિત્ય-અનિત્યાત્મક (विरोधिनां च) વિરોધીઓની પણ (युगपद्वृत्तिः अस्ति) યુગપદ્ વૃત્તિ થાય છે.

**ભાવાર્થ**—શંકાકારનું ઉક્ત કથન ઠીક નથી, કારણ કે—યુક્તિવિશેષથી પરસ્પરવિરોધી એવા સત્-અસત્, ભાવ-અભાવ અને ધ્રુવ-અધ્રુવની પણ યુગપત્ વૃત્તિ જોવામાં આવે છે.

**વિશેષાર્થ**—જોકે સ્થૂળદૃષ્ટિથી સત્ અસત્ આદિ ધર્મ વિરોધી જણાય છે પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી સાપેક્ષ વિચાર કરતાં જે વિરોધી ધર્મ છે તે પણ અવિરોધી જણાય છે અથવા જો તે વિરોધી પણ બની રહે તોપણ પદાર્થનો એ સ્વભાવ છે કે તે પરસ્પર વિરુદ્ધ ધર્મોને પણ એક સમયમાં ધારણ કરે. એનું કારણ દ્રવ્ય અને પર્યાય છે. દ્રવ્યદૃષ્ટિથી પદાર્થ સદા સત્‌રૂપ છે, ભાવરૂપ છે, નિત્ય છે, અભિન્ન છે, એક છે, પરંતુ તે જ પદાર્થ પર્યાયદૃષ્ટિથી અસત્ છે, અભાવરૂપ છે, અનિત્ય છે, ભિન્ન છે, અનેક છે, અન્ય ગ્રંથમાં કહ્યું પણ છે—''**समुदेति विलयमृच्छति भावो नियमेन पर्ययनयेन, नोदेति नो विनश्यति द्रव्यनयालिङ्गितो नित्यम्**''। અર્થાત્ પદાર્થ પર્યાયદૃષ્ટિથી ઉત્પન્ન પણ થાય છે તથા નષ્ટ પણ થાય છે પરંતુ દ્રવ્યદૃષ્ટિથી ન ઉત્પન્ન થાય છે અને ન નષ્ટ થાય છે. સ્વામી સમન્તભદ્રાચાર્યે પણ કહ્યું છે—''**सत्सामान्यात्तु सर्वैक्यं पृथग्द्रव्यादिभेदतः। भेदाभेद विवक्षायामसाधारण हेतुवत्**''। અર્થાત્ જેવી રીતે અસાધારણ હેતુ, પક્ષ,

ધર્માદિ ભેદોની અપેક્ષાથી અનેક છે અને હેતુ સામાન્યની અપેક્ષાથી તે જ હેતુ એક છે તેવી જ રીતે પદાર્થ પણ દ્રવ્યભેદની અપેક્ષાથી ભિન્ન છે—અનેક છે પરંતુ તે જ પદાર્થ સત્ સામાન્યની અપેક્ષાથી અભિન્ન—એક છે. તેથી પદાર્થ કથંચિત્ ભેદાભેદ વિવક્ષાથી એક અનેક, ભિન્ન-અભિન્ન—આદિ ધર્મવાળો એક જ સમયમાં ઠરે છે. અપેક્ષા દૃષ્ટિ વિના તે જ બે ધર્મોમાં વિરોધ દેખાય છે, અપેક્ષા દૃષ્ટિનું પરિજ્ઞાન કરવાથી તેમાં જ અવિરોધ દેખાવા લાગે છે.

**તેનું સ્પષ્ટીકરણ—**

**अयमर्थो जीवादौ प्रकृतपरामर्शपूर्वकं ज्ञानम्।**
**यदि वा सदभिज्ञानं यथा हि सोयं बलादूद्वयामर्शि॥६७१॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) ઉક્ત કથનનો સારાંશ આ છે, કે—(जीवादौ) જીવાદિના વિષયમાં (प्रकृतपरामर्शपूर्वकं) પ્રકૃત નયોના પરામર્શપૂર્વક (ज्ञानं) જ્ઞાનને (यदि वा) અથવા (सोऽयं) 'આ તે જ છે'. એ પ્રમાણે (बलाद्द्वयामर्शि) બળપૂર્વક બંને વિકલ્પોને વિષય કરવાવાળું જે (सदभिज्ञानं) પ્રત્યભિજ્ઞાન છે તેને પ્રમાણ કહે છે (यथा हि) જેમ કે—આગળ ખુલાસો કરવામાં આવે છે—

**ભાવાર્થ**—ઉક્ત કથનનો સારાંશ આ છે, કે—પ્રકૃત ઉભયનયોના પરામર્શપૂર્વક જ્ઞાનને અથવા જેમ 'આ તે જ છે.' એ પ્રકારથી બંને નયોના જોડરૂપ સમીચીન પ્રત્યભિજ્ઞાનને પ્રમાણ કહે છે. દૃષ્ટાંત—

**सोऽयं जीवविशेषो यः सामान्येन सदिति वस्तुमयः।**
**संस्कारस्य वशादिह सामान्यविशेषजं भवेज्ज्ञानम्॥६७२॥**

**અન્વયાર્થ**—(यः) જે (सामान्येन) સામાન્યરૂપથી (सदितिवस्तुमयः) 'સત્' એ પ્રકારથી વસ્તુરૂપ હતું, (सोऽयं) તે જ આ (जीवविशेषः) જીવવિશેષ છે. એ પ્રકારનું (इह) અહીં (संस्कारवशात्) સંસ્કારવશથી (सामान्यविशेषजं) સામાન્યવિશેષથી થવાવાળું પ્રમાણાત્મક (ज्ञानं भवेत्) જ્ઞાન થાય છે.

**ભાવાર્થ**—પહેલાં જે સામાન્યપણાથી સત્રૂપ કહ્યું હતું, તે જ આ જીવ વિશેષ છે. એ પ્રમાણે યુક્તિપૂર્વક પરસ્પરવિરોધી સામાન્ય-વિશેષને સંસ્કારવશ જોડરૂપથી યુગપદ્ વિષય કરવાવાળું જ્ઞાન પ્રમાણ કહેવાય છે.

**अस्त्युपयोगि ज्ञानं सामान्यविशेषयोः समं सम्यक्।**
**आदर्शस्थानीयात् तस्य प्रतिबिम्बमात्रतोऽन्यस्य॥६७३॥**

**અન્વયાર્થ**—(समं) એકસાથે (सामान्य विशेषयोः) સામાન્ય અને વિશેષને (उपयोगि) વિષય કરવાવાળું (ज्ञानं) જ્ઞાન (सम्यक्) સમ્યક્‌જ્ઞાન કહેવાય છે, કારણ કે—(तस्य आदर्श स्थानीयात्) જ્ઞાન, આદર્શ સમાન છે તથા (अन्यस्य प्रतिबिंब मात्रतः) જ્ઞેય, પ્રતિબિંબ સમાન છે.

**ભાવાર્થ**—જેમ દર્પણ અને દર્પણમાં રહેલા પ્રતિબિંબનો યુગપત્ પ્રતિભાસ થાય છે, તે જ પ્રમાણે સામાન્ય-વિશેષને યુગપદ્ વિષય કરવાવાળું જ્ઞાન, સમ્યક્‌જ્ઞાન કહેવાય છે, અન્ય નહિ; કારણ કે જ્ઞાનને દર્પણ સમાન તથા તેમાં રહેલા વિષયને પ્રતિબિંબ સમાન માનવામાં આવ્યો છે. હવે શંકા—

ननु चैवं नययुग्मं व्यस्तं नय एव न प्रमाणं स्यात्।
तदिह समस्तं योगात् प्रमाणमिति केवलं न नयः॥६७४॥

**અન્વયાર્થ**—(ननु च) શંકાકાર કહે છે, કે—(एवं) એ પ્રમાણે (इह) અહીં (व्यस्तं नययुग्मं) ભિન્ન-ભિન્નરૂપથી પ્રયોગ કરવામાં આવેલા બંને નય, (नय एव स्यात्) નય જ કહેવાશે પણ (प्रमाणं न) પ્રમાણ નહિ અથવા (योगात्) યોગથી (समस्तं तत्) મળેલા એ બંને નય (केवलं प्रमाणं इति) કેવળ પ્રમાણ જ કહેવાશે પણ (न नयः) નય નહિ. (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે જો ઉભયનયાવલંબનને પ્રમાણ કહો છો તો વ્યવહાર અને નિશ્ચય એ બંને વ્યસ્ત (ભિન્ન) નયોને કેવળ નય અને વ્યવહાર-નિશ્ચયના યોગને નય ન કહેતાં કેવળ પ્રમાણ કહેવું જોઈએ! તેનું સમાધાન—

तन्न यतो नययोगादतिरिक्तरसान्तरं प्रमाणमिदम्।
लक्षणविषयोदाहृतिहेतुफलाख्यादिभेदभिन्नत्वात्॥६७५॥

**અન્વયાર્થ**—(तन्न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(इदं प्रमाणं) આ પ્રમાણ (लक्षणविषयोदाहृतिहेतुफलाख्यादिभेद भिन्नत्वात्) લક્ષણ, વિષય, ઉદાહરણ, હેતુ, ફળ અને નામ વગેરે ભેદોથી ભિન્ન હોવાથી (नययोगात्) નયના યોગથી મળેલા નયોથી (अतिरिक्त रसान्तरं) ભિન્ન જાતિનું છે.

**ભાવાર્થ**—શંકાકારનું ઉક્ત કથન ઠીક નથી, કારણ કે—સમ્મિલિત યોગરૂપ (અસ્તિ-નાસ્તિ આદિ) મિશ્રવિકલ્પાત્મક નયથી પ્રમાણનો વિષય ભિન્ન છે, કારણ કે—અનેક ધર્મોના સમ્મિલિતરૂપ કથનની અપેક્ષાથી મિશ્રભંગાત્મક વિષયને નય, વિષય કરે છે; તથા બંને નયોના જોડરૂપ તૃતીય અવસ્થારૂપ વિષયને પ્રમાણ વિષય કરે છે, તેથી સમ્મિલિત ભંગરૂપ નય તથા પ્રમાણમાં લક્ષણ, વિષય, ઉદાહરણ, નિમિત્ત અને ફલાદિની ભિન્નતા હોવાથી સંપૂર્ણ નય, મિશ્રનય તથા પ્રમાણમાં ભેદ છે. પણ બંને એક થઈ શકતા નથી. હવે આગળ ગ્રંથકાર પ્રમાણનાં લક્ષણ અને વિષય આદિને દર્શાવે છે :—

**तत्रोक्तं लक्षणमिह सर्वस्वग्राहकं प्रमाणमिति।**
**विषयो वस्तुसमस्तं निरंशदेशादिभूरुदाहरणम्॥६७६॥**

**અન્વયાર્થ**—(तत्र) એ પ્રમાણના લક્ષણાદિકમાંથી (इह) અહીં (प्रमाणं सर्वस्वग्राहकं) પ્રમાણ સર્વનું ગ્રાહક થાય છે, (इति लक्षणं) એ પ્રમાણેનું લક્ષણ છે તથા (समस्तं वस्तु विषयः) સમસ્ત વસ્તુ, તેનો વિષય છે તથા (निरंशदेशादिभूरुदाहरणं) નિરંશદેશાદિક ભૂ (દ્રવ્ય) ઉદાહરણ (उक्तं) કહ્યાં છે.

**ભાવાર્થ**—પ્રમાણનું સર્વાંશગ્રાહકતા લક્ષણ છે, સમસ્ત વસ્તુ વિષય છે તથા અખંડદ્રવ્યાદિ તેનાં ઉદાહરણ કહ્યાં છે.

### પ્રમાણની પ્રવૃત્તિમાં હેતુ

**हेतुस्तत्त्वबुभुत्सा संदिग्धस्याथवा च बालस्य।**
**सार्थमनेकं द्रव्यं हस्तामलकवदवेतुकामस्य॥६७७॥**

**અન્વયાર્થ**—(हस्तामलकवत्) હાથમાં રાખેલાં આમળાની માફક (अनेकं) અનેકરૂપ (द्रव्यं) દ્રવ્યને (सार्थं) યુગપદ્ (अवेतु कामस्य) જાણવાની ઈચ્છા રાખવાવાળા (संदिग्धस्य) સંદિગ્ધને (अथवा) અથવા (बालस्य च) અજ્ઞાનીને (तत्त्वबुभुत्सा) તત્ત્વોની જિજ્ઞાસા થવી, એ (हेतुः) પ્રમાણનું કારણ છે.

**ભાવાર્થ**—તત્ત્વોના સ્વરૂપમાં સંદેહ અથવા અજ્ઞાન હોવાના કારણથી જે યુગપદ્ અનેક ધર્માત્મકદ્રવ્યના સ્વરૂપને જાણવાની ઈચ્છા રાખે છે, એવા સંદિગ્ધ અથવા અજ્ઞાની જીવોની દ્રવ્યના સર્વાંશોને યુગપદ્ જાણવાની ઈચ્છા જ પ્રમાણનું સ્વરૂપ જાણવા માટે હેતુ થાય છે. આગળ પ્રમાણનાં ફળ, સંજ્ઞા અને ભેદો દર્શાવે છે :—

**फलमस्यानुभवः स्यात्समक्षमिव सर्ववस्तुजातस्य।**
**आख्या प्रमाणमिति किल भेदः प्रत्यक्षमथ परोक्षं च॥६७८॥**

**અન્વયાર્થ**—(सर्ववस्तु जातस्य) સંપૂર્ણ જાતિની વસ્તુઓનો (समक्षं इव) પ્રત્યક્ષની માફક (अनुभवः) અનુભવ થવો તે (अस्य फलं स्यात्) પ્રમાણનું ફળ છે, તથા (किल) નિશ્ચયથી (प्रमाणं इति आख्या) 'પ્રમાણ' એ સંજ્ઞા છે, (अथ) તથા (प्रत्यक्षं) પ્રત્યક્ષ (च) અને (परोक्षं) પરોક્ષ એ (भेदः) ભેદ છે.

**ભાવાર્થ**—પ્રત્યક્ષ દેખેલા પદાર્થોની માફક વસ્તુના સર્વ ધર્મોનો યુગપદ્ (એકીસાથે) અનુભવ થવો, એ પ્રમાણનું ફળ છે. 'પ્રમાણ' એ તેનું નામ છે તથા પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે તેના ભેદ છે.

## ઉપસંહાર

**ज्ञानविशेषो नय इति ज्ञानविशेषः प्रमाणमिति नियमात्।**
**उभयोरन्तर्भेदो विषयविशेषान्न वस्तुतो भेदः ॥६७९॥**

**અન્વયાર્થ**—(नियमात्) નિયમથી (नय इति) નય એ (ज्ञानविशेषः) જ્ઞાનવિશેષ છે તથા (प्रमाणं इति) પ્રમાણ, એ પણ (ज्ञानविशेषः) જ્ઞાનવિશેષ છે. તેથી (उभयोः) એ બંનેમાં (विषय विशेषात्) વિષયની વિશેષતાથી (अंतर्भेदः) અંતરંગમાં ભેદ છે, પરંતુ (वस्तुतः भेदः न) વાસ્તવિકપણે કાંઈ ભેદ નથી.

**ભાવાર્થ**—એ પ્રમાણે જોકે નય અને પ્રમાણ બંને જ્ઞાનવિશેષ જ છે, તેથી વાસ્તવમાં જ્ઞાન-દૃષ્ટિથી તો એ બંનેમાં ભેદ કરી શકાતો નથી, તોપણ વિષયના ભેદથી એ બંનેમાં ભેદ છે.

**स यथा विषयविशेषो द्रव्यैकांशो नयस्य योऽन्यतमः।**
**सोऽप्यपरस्तदपर इह निखिलं विषयः प्रमाणजातस्य ॥६८०॥**

**અન્વયાર્થ**—(सः विषयविशेषः यथा) એ વિષયવિશેષ આ પ્રમાણે છે, કે જેમ—(इह) અહીં (यः अन्यतमः द्रव्यैकांशः) જે કોઈ દ્રવ્યનો એક અંશ છે, (सः) તે (नयस्य) નયનો વિષય છે અને તે અંશ તથા (तदपरः) તેનાથી ભિન્ન (अपरः अपि) બીજો અંશ પણ, એ પ્રમાણે (निखिलं) સંપૂર્ણ અંશો (प्रमाण जातस्य) પ્રમાણોના અર્થાત્ બંને પ્રમાણોના (विषयः) વિષય થાય છે.

**ભાવાર્થ**—અતિ સંક્ષેપથી દ્રવ્યના સામાન્ય અને વિશેષ બે અંશ થાય છે. તેમાંથી નય, મુખ્ય-ગૌણ વિવક્ષાથી એક અંશનો ગ્રાહક થાય છે તથા પ્રમાણ,[1] બંને અંશોનું યુગપદ્ ગ્રહણ કરવાવાળું જ થાય છે. જેમ કહ્યું છે, કે—

**यदनेकनयसमुहे संग्रहकरणादनेकधर्मत्वम्।**
**तत्सदपि न सदिव यतस्तदनेकत्वं विरुद्धधर्ममयम् ॥६८१॥**

**यदनेकांशग्राहकमिह प्रमाणं न प्रत्यनीकतया।**
**प्रत्युत मैत्रीभावादिति नयभेदाददः प्रभिन्नं स्यात् ॥६८२॥**

**અન્વયાર્થ**—(यत्) જે (अनेक नय समुहे) અનેક નયોના સમુહમાં અર્થાત્ અસ્તિ-નાસ્તિ આદિ ભંગોમાં (संग्रह करणात्) કેવળ સંગ્રહ કરવાથી (अनेक धर्मत्वं) અનેક ધર્મપણું છે. (तत्)

૧. પ્રમાણના બંનેય (પ્રત્યક્ષ-પરોક્ષ) ભેદો એ બંનેને યુગપદ્ ગ્રહણ કરે છે.

તે (सदपि) સત્ હોવા છતાં પણ (सदिव न) સત્‌ની માફક નથી, (यतः) કારણ કે (तदनेकत्वं) એ અનેકધર્મપણું (विरुद्ध धर्ममयं) વિરુદ્ધધર્મમય છે.

(इह) અહીં (यत्) જે (प्रमाणं अनेकांश ग्राहकं) પ્રમાણ, અનેક અંશોને ગ્રહણ કરવાવાળું છે, એમ કહેવામાં આવ્યું છે. તે (प्रत्यनीकतया न) પ્રત્યનીકપણાથી અર્થાત્ પરસ્પર વિરોધીપણાથી કહેવામાં આવ્યું નથી, (प्रत्युत) પરંતુ (मैत्रीभावात्) મૈત્રીભાવથી કહેવામાં આવ્યું છે, (इति) તેથી (नयभेदात्) સંયોગીભંગાત્મક નયોના ભેદથી (अदः) આ પ્રમાણ (भिन्नस्यात्) ભિન્ન છે.

**ભાવાર્થ**—અસ્તિ-નાસ્તિઆદિ સંયોગીભંગોને વિષય કરવાવાળા નયોમાં જે અનેકધર્મત્વ જોવામાં આવે છે તે ક્રમપૂર્વક વિરુદ્ધધર્મમય હોય છે તેથી એ અનેકધર્મત્વ, પ્રમાણના વિષયભૂત અનેકધર્મત્વની માફક હોતું નથી, પરંતુ એકધર્મત્વરૂપ જ હોય છે.

તથા પ્રમાણમાં જે અનેકઅંશ ગ્રાહકપણું છે, તે 'જે દ્રવ્યાર્થિકનયથી એક છે તે જ પર્યાયાર્થિકનયથી અનેક છે.' એ પ્રકારના (જુદા) આકારવાળા પરસ્પર મૈત્રીભાવથી યુગપદ્ અનેક અંશોને વિષય કરવાવાળું ગ્રાહકપણું છે, પરસ્પર વિરોધભાવથી નયોના અસ્તિ -નાસ્તિ આદિ ભંગોની માફક નથી, તેથી એ સંયોગી નયોથી આ પ્રમાણની જાતિ ભિન્ન છે.

**વિશેષાર્થ**—પ્રત્યેક નય એક એક ધર્મનું વિરુદ્ધ રીતે ગ્રહણ કરે છે. પરંતુ પ્રમાણ વસ્તુના સર્વ અંશોનું અવિરુદ્ધપણે ગ્રહણ કરે છે. એનું કારણ એ છે કે બધા અંશોનો વિષય કરનાર એક જ જ્ઞાન છે, ભિન્ન-ભિન્ન જ્ઞાન જ પ્રત્યેક અંશનું વિવક્ષા પ્રમાણે ગ્રહણ કરી શકે છે. જેમ કે એક જ્ઞાનરૂપને જ જાણે છે, બીજું રસને જાણે છે, ત્રીજું ગંધને જાણે છે, ચોથું સ્પર્શને જાણે છે. આ ચારેય જ્ઞાન પરસ્પર વિરુદ્ધ છે કેમ કે વિરુદ્ધ વિષયોને જાણે છે, પરંતુ રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ ચારેના સમુદાયાત્મક જે એક જ્ઞાન હશે તે અવિરુદ્ધ જ હશે. આ જ દૃષ્ટાંત પ્રમાણ નયમાં સારી રીતે ઘટાવી લેવું જોઈએ. તથા પદાર્થનો નિત્ય અંશ તેના અનિત્ય અંશનો વિરોધી છે, તેવી જ રીતે અનિત્ય અંશ તેના નિત્ય અંશનો વિરોધી છે પરંતુ બંને મળીને જ પદાર્થના સ્વરૂપના સાધક છે. એનું કારણ એ જ છે કે પ્રત્યેક પક્ષનું સ્વતંત્ર જ્ઞાન બીજા પક્ષનું વિરોધી છે પરંતુ ઉભય પક્ષનું સમુદાયાત્મક જ્ઞાન પરસ્પર વિરુદ્ધ હોવા છતાં પણ અવિરુદ્ધ છે.

એ પ્રમાણે નં. ૬૭૪માં પદ્યની શંકાનું સમાધાન કરીને હવે આગળ યુગપત્ કહેવામાં આવતો અસ્તિ-નાસ્તિરૂપ ભંગ એક ભંગ કેવી રીતે છે? એ વિષયમાં ઉહાપોહાત્મકદષ્ટિથી વિચાર કરવામાં આવે છે. શંકા—

ननु युगपदुच्यमानं नययुग्मं तद्यथास्ति नास्तीति।
एको भंगः कथमयमेकांशग्राहको नयो नान्यत्॥६८३॥

अपि चास्ति न चास्तीति सममेकोक्त्या प्रमाणनाशः स्यात्।
अथ च क्रमेण यदि वा स्वस्य रिपुः स्वयमहो स्वनाशाय॥६८४॥

**अथवाऽवक्तव्यमयो वक्तुमशक्यात्समं च चेद्भंगः।**
**पूर्वापरबाधायाः कुतः प्रमाणात्प्रमाणमिह सिद्धयेत्॥६८५॥**

**इदमपि वक्तुमयुक्तं वक्ता नय एव न प्रमाणमिह।**
**मूलविनाशाय यतोऽवक्तरि किल चेदवाच्यतादोषः॥६८६॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે—(यथा) જેમ (अस्तिनास्ति इति) અસ્તિ-નાસ્તિ એ બંને (युगपद् उच्चमानं) એકીસાથે કહેવામાં આવેલો જે (नययुग्मः) નયયુગ્મ (एकोभंगः) એક ભંગ છે. (तत्) તે (अयं) આ એક ભંગ (एकांशग्राहकः) એક અંશને ગ્રહણ કરવાવાળો (नयः) નય છે, (अन्यत् न) અન્ય નથી (इति कथं ?) એ કેવી રીતે?

(अपि च) તથા જો એમ કહો, કે—(अस्ति) અસ્તિ (च) તથા (न अस्ति इति) નાસ્તિ એ બંને (समं) એકસાથે (एकोक्त्या) એક શબ્દ દ્વારા કહેવામાં આવે છે, તો (प्रमाणनाशः स्यात्) પ્રમાણનો નાશ થઈ જશે (अथ च यदि) તથા જો આમ કહેશો, કે—એ બંને ભંગ (क्रमेण वा) ક્રમપૂર્વક જ કહેવામાં આવે છે, તો (अहो !) આશ્ચર્ય છે, કે (स्वयं विनाशाय) પોતે જ પોતાના નાશ માટે (स्वस्य रिपुः) પોતાનો જ શત્રુ થઈ જશે.

(अथवा) અથવા (समं) એકસાથે (वक्तुं अशक्यात्) કહેવાને માટે અસમર્થ હોવાથી (सः भंगः) તે ભંગ (अवक्तव्यमयः चेत्) અવક્તવ્યમય છે, એમ જો કહેશો તો (पूर्वापरबाधायाः) પૂર્વાપર બાધા આવવાથી (इह) અહીં (कुतः प्रमाणात्) ક્યા પ્રમાણથી (प्रमाणं सिद्धयेत्) પ્રમાણ સિદ્ધ થશે? તથા—

(इह) અહીં (इदमपि) આ પણ (वक्तुं अयुक्तं) કહેવું ઠીક નથી, કે—'(वक्ता नय एव) વક્તા, કેવળ નય થાય છે પણ (प्रमाणं न) પ્રમાણ નહિ', (यतः) કારણ કે (अवक्तरि चेत्) જો પ્રમાણને વક્ત માનશો તો પ્રમાણ અવક્ત થતાં (किल) નિશ્ચયથી (मूलविनाशाय) મૂળના વિનાશ માટે (अवाच्यता दोषः) અવક્તવ્યદોષ આવશે અર્થાત્ પ્રમાણને અવક્તવ્ય માનવાથી ત્યાં અવક્તવ્યદોષના કારણથી મૂળનો નાશ થઈ જશે. (इतिचेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકારની શંકા એ છે, કે અસ્તિ-નાસ્તિ એ ભંગ અનેક હોવા છતાં પણ જો ક્રમથી યુગપદ્ કહેવાતો હોવાથી તેને એક ભંગ કહેવામાં આવે છે, તો પછી 'જે એકઅંશનો ગ્રાહક થાય છે તે નય કહેવાય છે પણ અન્ય નહિ' એમ શા માટે કહો છો? કારણ કે 'અસ્તિ-નાસ્તિ' એ ભંગમાં એક-અંશપણું ન રહેવા છતાં પણ નયપણું કહેવામાં આવે છે.

જો કદાચિત્ એમ કહો, કે 'અસ્તિ-નાસ્તિને ક્રમથી યુગપદ્ એક ઉક્તિ (કથન) દ્વારા કહેવાથી તેને એક ભંગ કહેવામાં આવે છે' તો ત્યાં પ્રમાણના અભાવનો પ્રસંગ આવશે. કારણ કે જો અસ્તિ અને નાસ્તિ એ બંનેને જ તે અસ્તિ-નાસ્તિરૂપ ભંગ વિષય કરી લે છે, તો ત્યાં

પ્રમાણના વિષયનો જ અભાવ થઈ જશે, તથા વિષયના અભાવમાં વિષયી જે પ્રમાણ તેનો પણ અભાવ થઈ જશે.

જો કદાચિત્ એમ કહો કે 'પ્રમાણ, ભાવ અને અભાવ બંનેને યુગપદ્ વિષય કરે છે, પરંતુ નય તો ક્રમથી વિષય કરે છે' તો અસ્તિના વિરોધી નાસ્તિને અસ્તિની સાથે જોડવો એ પોતાના નાશ માટે પોતે જ શત્રુને ઉપસ્થિત કરવા બરાબર છે, તથા એ જ પ્રમાણે અવક્તવ્યરૂપ ભંગમાં પણ આ શંકા ઉપસ્થિત થાય છે, કે જો 'અસ્તિ અને નાસ્તિ યુગપત્ કહી શકાતાં નથી, તેથી અવક્તવ્યભંગ થઈ જાય છે' એમ કહેશો તો એ કથન પણ 'જો કહી શકાતું નથી તો અવક્તવ્ય શબ્દ દ્વારા તમે શા માટે કહો છો?' એવા પ્રકારની પૂર્વાપરબાધા ઉપસ્થિત થવાથી તે કેવી રીતે પ્રમાણિક માની શકાય છે?

તથા 'નય જ વક્તા છે પણ પ્રમાણ વક્તા નથી' એમ માનવાથી પ્રમાણ, અવક્તારૂપ સિદ્ધ થતાં મૂળ ઘાતનો પ્રસંગ આવશે, કારણ કે પ્રમાણના આધિન જ વસ્તુની વ્યવસ્થા છે! તથા જો તેને અવક્તા માનશો તો વસ્તુની વ્યવસ્થાને કોણ પ્રતિપાદન કરશે? તેનું સમાધાન—

**नैवं यतः प्रमाणं भंगध्वंसादभंगबोध वपुः।**
**भंगात्मको नय इति यावानिह तदंशधर्मत्वात्॥६८७॥**

**અન્વયાર્થ**—(एवं न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(प्रमाणं) પ્રમાણ (भंगध्वंसात्) ભંગોના નાશથી (अभंगबोधवपुः) અભંગજ્ઞાનાત્મક હોય છે તથા (इह) અહીં આગળ (यावान् नयः) જેટલા કોઈ નય છે તે બધાય (तदंशधर्मत्वात्) અંશને વિષય કરવાવાળા છે, તેથી (भंगात्मकः इति) ભંગાત્મક હોય છે.

**ભાવાર્થ**—શંકાકારનું કહેવું ઠીક નથી, કારણ કે પ્રમાણ, ભંગોને મટાડીને અભંગજ્ઞાનાત્મક થાય છે તથા અહીં જેટલા કોઈ નય છે તે બધાય અંશધર્મને વિષય કરવાવાળા હોય છે, તેથી તે ભંગાત્મક હોય છે.

## સંપૂર્ણ (બધા) નયો વિકલ્પાત્મક છે

**स यथास्ति[1] च नास्तीति च क्रमेण युगपच्च वा नयोर्भंगः।**
**अपि वाऽवक्तव्यमिदं नयो विकल्पानतिक्रमादेव॥६८८॥**

**અન્વયાર્થ**—(स यथा) તે આ પ્રમાણે છે, કે—જેમ (विकल्पानतिक्रमात् एव) વિકલ્પનું ઉલ્લંઘન નહિ કરવાથી જ (क्रमेण) ક્રમપૂર્વક (अस्ति च नास्ति इति च) અસ્તિ તથા નાસ્તિ એ બંને ભંગ (वा) અથવા (अनयोः) અસ્તિ-નાસ્તિના ક્રમપૂર્વક (युगपत्) એકસાથે કહેવા એ (भंगः) ભંગ (अपि वा) તથા (इदं अवक्तव्यं) આ અવક્તવ્યભંગ પણ (नयः) નય છે.

૧. મૂળ પુસ્તકમાં 'समयोऽस्ति' એવો પાઠ છે.

**ભાવાર્થ**—અસ્તિ તથા નાસ્તિ, વા ક્રમપૂર્વક યુગપદ્ બંને અર્થાત્ અસ્તિ-નાસ્તિ અથવા અવક્તવ્ય એ ચારે ભંગો વિકલ્પાત્મક જ છે, વિકલ્પને ઉલ્લંઘન કરી શકતા નથી, તેથી એ ચારે ભંગો નય કહેવાય છે. જેમ કે આગળ નિરૂપણ કરવામાં આવે છે—

**तत्रास्ति च नास्ति समं भंगस्यास्यैकधर्मता नियमात्।**
**न पुनः प्रमाणमिव किल विरुद्धधर्मद्वयाधिरूढत्वम्॥६८९॥**

**અન્વયાર્થ**—(तत्र) એ ભંગોમાંથી (किल) નિશ્ચયથી (समं) એકસાથે (अस्ति च नास्ति) અસ્તિ તથા નાસ્તિરૂપ (अस्यभंगस्य) એ મળેલા એક ભંગને (नियमात्) નિયમથી (एकधर्मता) એકધર્મપણું છે, (पुनः) પરંતુ (प्रमाणं इव) પ્રમાણની માફક (विरुद्धधर्मद्वयाधिरूढत्वं न) વિરુદ્ધ બે ધર્મોનું એકસાથે વિષય કરવાપણું નથી.

**ભાવાર્થ**—અસ્તિ તથા નાસ્તિરૂપ વ્યક્ત ભંગોમાં તો એકઅંશપણું સ્પષ્ટ જ છે, તેથી ગ્રંથકાર તેના વિષયમાં કાંઈ ન કહેતાં ત્રીજા દ્વિસંયોગી એટલે અસ્તિ-નાસ્તિરૂપ ભંગના વિષયમાં વિચાર કરે છે, કે—ક્રમપૂર્વક યુગપત્ કહેવાવાળા અસ્તિ-નાસ્તિરૂપ ભંગમાં પણ નિયમથી એકધર્મતા જ છે, કારણ કે—પ્રમાણની માફક વિરુદ્ધ બેધર્માધિરૂઢપણું નથી, અર્થાત્ પ્રમાણની માફક તે વિરુદ્ધ અસ્તિ-નાસ્તિરૂપ ધર્મોને યુગપદ્ વિષય કરતો નથી. તેનું સ્પષ્ટીકરણ—

**अयमर्थश्चार्थवशादथ च विवक्षावशात्तदंशत्वम्।**
**युगपदिदं कथ्यमानं क्रमाज्ज्ञेयं तथापि तत्स यथा॥६९०॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) ઉપરના કથનનો ખુલાસો આ છે, કે—(अर्थवशात्) પ્રયોજનવશાત્ (अथ च) તથા (विवक्षावशात् च) વિવક્ષાવશથી (क्रमात्) ક્રમથી (तथा) તથા (युगपदपि) યુગપત્ પણ (कथ्यमानं) કહેવામાં આવતું, (तत् इदं) તે આ (तदंशत्वं) તદંશપણું અર્થાત્ અંશધર્મપણું અસ્તિ, નાસ્તિ વા અસ્તિ–નાસ્તિ આદિમાં (ज्ञेयं) સમજવું જોઈએ, (स यथा) કે જે આગળ દર્શાવવામાં આવે છે–

**ભાવાર્થ**—પ્રયોજનવશ વા વિવક્ષાવશ ખંડરૂપથી તથા અખંડરૂપથી કહેવામાં આવેલા અસ્તિ, નાસ્તિ તથા અસ્તિ-નાસ્તિ એ ત્રણે ભંગોમાં એક અંશપણું સિદ્ધ છે, જેમ કે આગળના પદ્યોથી ખુલાસો કરવામાં આવે છે—

**अस्ति स्वरूपसिद्धेर्नास्ति च पररूपसिद्धयभावाच्च।**
**अपरस्योभयरूपादितस्ततः कथितमस्ति नास्तीति॥६९१॥**

**અન્વયાર્થ**—(स्वरूपसिद्धेः) સ્વરૂપસિદ્ધિથી (अस्ति) અસ્તિ છે (च) તથા

(पररूपसिद्धयभावात्) પરરૂપસિદ્ધિના અભાવથી (नास्ति च) નાસ્તિ પણ છે, તથા (ततः उभयरूपादितः) એ બંનેની યુગપત્ ક્રમવિવક્ષાથી (अपरस्य) ત્રીજા ભંગને (अस्तिनास्ति इति कथितं) અસ્તિ-નાસ્તિ, એ પ્રમાણે કહ્યો છે.

**ભાવાર્થ**—સ્વરૂપસિદ્ધિની અપેક્ષાએ 'અસ્તિ' તથા પરરૂપની સિદ્ધિના અભાવની અપેક્ષાએ 'નાસ્તિ' ભંગ કહેવામાં આવે છે, તથા સ્વરૂપની સિદ્ધિ અને પરરૂપની સિદ્ધિના અભાવની ક્રમપૂર્વક વિવક્ષા થવાથી 'અસ્તિ-નાસ્તિ' એ ત્રીજો ભંગ કહેવામાં આવે છે.

**उक्तं प्रमाणदर्शनमस्ति स योयं हि नास्तिमानर्थः।**
**भवतिदमुदाहरणं न कथंचिद्वै प्रमाणतोऽन्यत्र॥६९२॥**

**અન્વયાર્થ**—(यः अर्थः अस्ति) જે અર્થ અસ્તિરૂપ છે, (स हि) તે જ અર્થ (नास्तिमान्) નાસ્તિમાન છે. (अयं) આ (प्रमाणदर्शनं उक्तं) પ્રમાણનું દૃષ્ટાંત કહી ચૂક્યા છીએ, તથા (इदं उदाहरणं) આ દૃષ્ટાંત (व) નિશ્ચયથી (प्रमाणतः अन्यत्र) પ્રમાણને છોડીને નયપક્ષમાં (कथंचित् न भवति) કોઈ પણ પ્રકારથી ઘટી શકતું નથી.

**ભાવાર્થ**—'જે અર્થ (વસ્તુ) અસ્તિરૂપ છે તે જ નાસ્તિરૂપ છે' એ પ્રમાણનું ઉદાહરણ છે તથા એ ઉદાહરણ પ્રમાણને છોડી અસ્તિ, નાસ્તિ અને અસ્તિ-નાસ્તિ એ ત્રણેમાં કોઈ પણ પ્રકારથી ઘટાવી શકાતું નથી.

યુગપદ્ બંને ધર્મોની વિવક્ષા થવાથી અવ્યક્તભંગ થઈ જાય છે, જેનો ખુલાસો આગળ હવે કરવામાં આવે છે :—

**तदभिज्ञानं हि यथा वक्तुमशक्यात् समं नयस्य यतः।**
**अपि तुर्यो नयभंगस्तत्वावक्तव्यतां श्रितस्तस्मात्॥६९३॥**

**न पुनर्वक्तुमशक्यं युगपद्धर्मद्वयं प्रमाणस्य।**
**क्रमवर्ती केवलमिह नयः प्रमाणं न तद्वदिह यस्मात्॥६९४॥**

**यत्किल पुनः प्रमाणं वक्तुमलं वस्तुजातमिह यावत्।**
**सदसदनेकैकमथो नित्यानित्यादिकं च युगपदिति॥६९५॥**

**અન્વયાર્થ**—(तदभिज्ञानं हि यथा) તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે—(यतः) જે કારણથી (समं) યુગપદ્ વિરુદ્ધ બે ધર્મોને (नयस्य वक्तुं अशक्यात्) કહેવાને માટે નય અસમર્થ હોય છે. (तस्मात्) તે કારણથી (तत्वावक्तव्यतां श्रितः) તત્ત્વની અવક્તવ્યતાને આશ્રય કરવાવાળો (तुर्यः अपि) ચોથો પણ (नयभंगः) નયભંગ છે.

(पुनः) પરંતુ (प्रमाणस्य) પ્રમાણથી (युपगद् धर्मद्वयं) એકીસાથે બે ધર્મોને (वक्तुं) પ્રતિપાદન કરવા (अशक्यं न) અશક્ય નથી, (यस्मात्) કારણ કે—(इह) અહીં (केवलं) કેવળ (नयः) નય (क्रमवर्ती) ક્રમવર્તી છે, પરંતુ (तद्वत्) નયની માફક (इह) અહીં (प्रमाणं न) પ્રમાણ ક્રમવર્તી નથી.

(पुनः) તથા (इह) આ ઠેકાણે (किल) નિશ્ચયથી (यत्) જે (प्रमाणं) પ્રમાણ છે (तत्) તે (सदसदनेकैकं) સત્, અસત્, એક, અનેક (अथ च) તથા (नित्यादिकं) નિત્ય, અનિત્ય વગેરે (यावत् वस्तुजातं) વસ્તુના સંપૂર્ણ ધર્મોને (युगपद्) એકીસાથે (वक्तुं) કહેવા માટે (अलं) સમર્થ છે.

**ભાવાર્થ**—અસ્તિ અને નાસ્તિને ક્રમપૂર્વક મેળવીને એકસાથે બોલવાથી જેમ અસ્તિ-નાસ્તિ નામનો ત્રીજો ભંગ થઈ જાય છે, તે જ પ્રમાણે જે સમયે અસ્તિ અને નાસ્તિને યુગપત્ પ્રતિપાદન કરવાની વક્તાને ઈચ્છા થાય છે, તે સમયે અસ્તિ અને નાસ્તિ એકસાથે એક આલાપથી કહી શકાતા નથી, તેથી અવક્તવ્ય નામનો ચોથો ભંગ થઈ જાય છે. પરંતુ પ્રમાણનો વિષય સામાન્ય-વિશેષાત્મક હોવાથી અવક્તવ્ય નથી, એટલે સત્-અસત્, એક-અનેક અને નિત્ય-અનિત્યાદિ બધાય ધર્મો પ્રમાણ દ્વારા યુગપત્ કહી શકાય છે; કારણ કે—પ્રમાણ, નયની માફક ક્રમવર્તી નથી.

એ પ્રમાણે ૬૮૩ માં પદ્યથી માંડીને ૬૮૬ માં પદ્ય સુધીની કરેલી શંકાનું સમાધાન કરતાં અસ્તિ, નાસ્તિ, અસ્તિ-નાસ્તિ અને અવક્તવ્ય ભંગના વિષયથી પ્રમાણના વિષયને ભિન્ન દર્શાવીને હવે આગળ પ્રમાણના ભેદો દર્શાવે છે :—

## પ્રમાણના ભેદ અને તેનાં લક્ષણ

**अथ तद्विधा प्रमाणं ज्ञानं प्रत्यक्षमथ परोक्षं च।**
**असहायं प्रत्यक्षं भवति परोक्षं सहायसापेक्षम्॥६९६॥**

**અન્વયાર્થ**—(अथ) હવે પ્રમાણના ભેદોનું નિરૂપણ કરવામાં આવે છે. (तत् प्रमाणज्ञानं) તે પ્રમાણજ્ઞાન (प्रत्यक्षं अथ च परोक्षं) પ્રત્યક્ષ તથા પરોક્ષ એ પ્રમાણે (द्विधा) બે પ્રકારનું છે, તેમાં (प्रत्यक्षं) પ્રત્યક્ષ, (असहायं) સહાયતારહિત તથા (परोक्षं) પરોક્ષ, (सहायसापेक्षं) સહાયની અપેક્ષાસહિત અર્થાત્ અપેક્ષા રાખવાવાળું (भवति) હોય છે.

**ભાવાર્થ**—પ્રમાણના બે ભેદ છે, એક પ્રત્યક્ષપ્રમાણ તથા બીજું પરોક્ષપ્રમાણ. તેમાં નિમિત્તની અપેક્ષા કર્યા સિવાય ઉત્પન્ન થવાવાળા અસહાયજ્ઞાનને પ્રત્યક્ષ કહે છે તથા નિમિત્તની અપેક્ષાવાળા સહાયસાપેક્ષ જ્ઞાનને પરોક્ષ કહે છે. (સહાયનો અર્થ નિમિત્તમાત્ર થાય છે.)

## પ્રત્યક્ષના ભેદ અને તેનાં લક્ષણ

**प्रत्यक्षं द्विविधं तत्सकलप्रत्यक्षमक्षयं ज्ञानम्।**
**क्षायोपशमिकमपरं देशप्रत्यक्षमक्षयं क्षयि च॥६९७॥**

**અન્વયાર્થ**—(तत् प्रत्यक्षं द्विविधं) તે પ્રત્યક્ષ, બે પ્રકારનું છે, તેમાં (अक्षयं) અવિનાશી (ज्ञानं) કેવળજ્ઞાન (सकलप्रत्यक्षं) સકલપ્રત્યક્ષ છે તથા જે (क्षायोपशमिकं) ક્ષાયોપશમિકજ્ઞાન છે, તે (अपरं) બીજું (अक्षयं) અપ્રતિપાતિ (च) તથા (क्षयि) પ્રતિપાતિ (देशप्रत्यक्षं) દેશપ્રત્યક્ષ છે.

**ભાવાર્થ**—પ્રત્યક્ષપ્રમાણના બે ભેદ છે, એક સકલપ્રત્યક્ષ તથા બીજું વિકલ-દેશપ્રત્યક્ષ. તેમાં અવિનાશી કેવળજ્ઞાનને સકલપ્રત્યક્ષ કહે છે તથા ક્ષાયોપશમિક અવધિ, મનઃપર્યયજ્ઞાનને દેશ-પ્રત્યક્ષ કહે છે. વળી અવધિ અને મનઃપર્યય એ બંને જ્ઞાન અપ્રતિપાતિ તથા પ્રતિપાતિ હોય છે.

## સકલપ્રત્યક્ષનું લક્ષણ

**अयमर्थो यज्ज्ञानं समस्तकर्मक्षयोद्भवं साक्षात्।**
**प्रत्यक्षं क्षायिकमिदमक्षातीतं सुखं [1]तद्क्षयिकम्॥६९८॥**

**અન્વયાર્થ**—(अयं अर्थः) સારાંશ આ છે, કે—(यत् ज्ञानं) જે જ્ઞાન, (समस्त कर्मक्षयोद्भवं) સંપૂર્ણ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થવાવાળું (साक्षात् प्रत्यक्षं) સાક્ષાત્ પ્રત્યક્ષરૂપ (अक्षातीतं) અતીન્દ્રિય તથા (क्षायिकं सुखं) ક્ષાયિકસુખરૂપ છે, (तत इदं) તે આ (अक्षयिकम्) અવિનશ્વર સકલપ્રત્યક્ષ છે.

**ભાવાર્થ**—સારાંશ આ છે, કે—જે જ્ઞાન સંપૂર્ણ ઘાતિકર્મોનો ક્ષય થતાં ઉત્પન્ન થાય છે, સર્વ ચરાચર પદાર્થોને સાક્ષાત્ પ્રત્યક્ષ કરવાવાળું છે તથા ક્ષાયિક અને અતીન્દ્રિયસુખમય છે, તે જ અવિનાશી કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ કહેવાય છે.

'समस्त कर्मक्षय'ના બે અર્થ થાય છે, ઉપાદાનકારણની અપેક્ષાએ 'સમસ્ત ભાવકર્મનો ક્ષય' એવો થાય છે તથા નિમિત્તકારણની અપેક્ષાએ 'સમસ્ત દ્રવ્યકર્મ (ઘાતિકર્મ)નો ક્ષય' એવો થાય છે, એ બંને અર્થ અહીં ઘટી શકે છે.

## દેશપ્રત્યક્ષના ભેદ તથા તેમાં બેને દેશપ્રત્યક્ષ કહેવાનું કારણ

**देशप्रत्यक्षमिहाप्यवधिमनःपर्ययं च यज्ज्ञानम्।**
**देशं नोइन्द्रियमन उत्थात् प्रत्यक्षमितरनिरपेक्षात्॥६९९॥**

---

૧. મૂળ પુસ્તકમાં 'तदक्षायिकं' એવો પાઠ છે.

**અન્વયાર્થ**—(अपि च) તથા (इह) અહીં (अवधिमनःपर्यय) અવધિ-મનઃપર્યયરૂપ (यत्ज्ञानं) જે જ્ઞાન છે તે (देशप्रत्यक्षं) દેશપ્રત્યક્ષ છે કારણ કે તે (नोइन्द्रियमन उत्थात्) કેવળ અનિન્દ્રિયરૂપ મન વડે ઉત્પન્ન થવાનાં કારણથી (देशं) દેશ, તથા (इतरनिरपेक्षात्) અન્ય બાહ્યપદાર્થોની અપેક્ષા નહિ રાખવાથી (प्रत्यक्षं) પ્રત્યક્ષ કહેવાય છે.

**ભાવાર્થ**—અવધિ અને મનઃપર્યય એ બંને જ્ઞાન દેશપ્રત્યક્ષ કહેવાય છે, કારણ કે તે મનની સહાયતાથી ઉત્પન્ન થવાના કારણથી દેશ, તથા અન્ય કોઈ ઇન્દ્રિયાદિક બાહ્યપદાર્થોના અવલંબનની અપેક્ષા નહિ રાખતાં કેવળ આત્માની અપેક્ષાથી ઉત્પન્ન થવાના કારણથી પ્રત્યક્ષ કહેવાય છે.

## મતિ—શ્રુતજ્ઞાનના લક્ષણપૂર્વક તેના પરોક્ષપણામાં યુક્તિ

**आभिनिबोधिकबोधो विषयविषयिसन्निकर्षजस्तस्मात्।**
**भवति परोक्षं नियमादपि च मतिपुरस्सरं श्रुतं ज्ञानम्।।૭૦૦।।**

**અન્વયાર્થ**—(आभिनिबोधिकबोधः) મતિજ્ઞાન (विषय विषयि सन्निकर्षजः) વિષય અને વિષયીના સન્નિકર્ષથી ઉત્પન્ન (भवति) થાય છે (च) તથા (श्रुतज्ञानं अपि) શ્રુતજ્ઞાન પણ (नियमात्) નિયમથી (मतिपुरस्सरं) મતિજ્ઞાનપૂર્વક થાય છે, (तस्मात्) તેથી એ બંને જ્ઞાન (परोक्षं) પરોક્ષ કહેવાય છે.

**ભાવાર્થ**—મતિજ્ઞાન, વિષય અને વિષયીનો સન્નિકર્ષ (જોડાણ) થયા પછી થાય છે, તેથી પરની અપેક્ષા રાખવાના કારણથી તે પરોક્ષ કહેવાય છે તથા શ્રુતજ્ઞાન પણ મતિપૂર્વક જ થાય છે, તેથી તે પણ પરની અપેક્ષા વડે ઉત્પન્ન થવાનાં કારણથી પરોક્ષ કહેવાય છે.

## વાસ્તવમાં તો ચારે જ્ઞાન પરોક્ષ છે.

**छद्मस्थावस्थायामावरणेन्द्रियसहायसापेक्षम्।**
**यावज्ज्ञानचतुष्टयमर्थात् सर्वं परोक्षमिववाच्यम्।।૭૦૧।।**

**અન્વયાર્થ**—(छद्मस्थावस्थायाम्) છદ્મસ્થ[૧]અવસ્થામાં (आवरणेन्द्रियसहायसापेक्षं) આવરણ અને ઇંદ્રિયોની સહાયતાની અપેક્ષા રાખવાવાળાં (यावत् ज्ञान चतुष्टयं) જેટલાં કોઈ ચારે જ્ઞાન છે, (सर्वं) તે બધાં (अर्थात्) પરમાર્થપણે (परोक्षं इव) પરોક્ષની માફક જ (वाच्यं) કહેવાં જોઈએ.

**ભાવાર્થ**—પરમાર્થની અપેક્ષાએ તો છદ્મસ્થઅવસ્થામાં જેટલાં જ્ઞાન હોય છે, તે બધાંય અર્થાત્ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચારે જ્ઞાન યથાયોગ્ય આવરણ અને ઇન્દ્રિયોની

૧. પ્રથમથી માંડીને બારમા ગુણસ્થાનવાળાઓને છદ્મસ્થ કહે છે.

અપેક્ષા રાખે છે, તેથી એ ચારે ક્ષયોપશમિકજ્ઞાન પરોક્ષ જ છે. માત્ર એક કેવળજ્ઞાન જ વાસ્તવમાં અસહાય છે, તેથી એ જ એક પ્રત્યક્ષ છે, પણ બાકીનાં ચારે જ્ઞાન કોઈ ને કોઈ સહાયતાની અપેક્ષા રાખવાવાળાં હોવાથી પરોક્ષ જ છે. (સહાય એટલે નિમિત્તમાત્ર.)

### અવધિ–મનઃપર્યયજ્ઞાનને પરોક્ષ કહેવામાં યુક્તિ

अवधिमनः पर्ययवद्द्वैतं प्रत्यक्षमेकदेशत्वात्।
केवलमिदमुपचारादथ च विवक्षावशान्न चान्वर्थात्॥७०२॥

**અન્વયાર્થ**—(अवधिमनः पर्ययवत् द्वैतं) અવધિ અને મનઃપર્યય એ બંને જ્ઞાન (एक देशत्वात्) એકદેશપણાથી (प्रत्यक्षं) પ્રત્યક્ષ છે. (इदं) એ કથન (केवलं) કેવળ (उपचारात्) ઉપચારથી (अथ च) અથવા (विवक्षावशात्) વિવક્ષાવશથી સમજવું જોઈએ, (च) પરંતુ (अन्वर्थात् न) વાસ્તવિક રીતિથી નહિ.

**ભાવાર્થ**—અવધિ અને મનઃપર્યયજ્ઞાનને જે એક દેશપ્રત્યક્ષ કહ્યાં છે, તે કેવળ ઉપચારથી અથવા વિવક્ષાવશથી કહ્યાં છે, કારણ કે મતિ-શ્રુતની માફક એ બંને ઇન્દ્રિયસાપેક્ષ નથી, પરંતુ અતીન્દ્રિય છે તથા પોતપોતાના વિષયને એકદેશથી જેટલા જાણે છે તેટલા સકળપ્રત્યક્ષની માફક જ જાણે છે એ વિવક્ષાવશથી તેને દેશપ્રત્યક્ષ કહ્યાં છે, પરંતુ વાસ્તવમાં તે ક્ષાયોપશમિકજ્ઞાન જ છે, તેથી પ્રત્યક્ષતાનું અસહાય લક્ષણ નહિ ઘટી શકવાથી તે બંને જ્ઞાનને પ્રત્યક્ષ કહી શકાતાં નથી.

### ઉપચારનું કારણ

तत्रोपचारहेतुर्यथा मतिज्ञानमक्षजं नियमात्।
अथ तत्पूर्वं श्रुतमपि न तथावधिचित्तपर्ययं ज्ञानम्॥७०३॥

**અન્વયાર્થ**—(तत्र) અહીં (उपचार हेतुः) ઉપચારનું કારણ આ છે, કે—(यथा) જેમ (नियमात्) નિયમથી (मतिज्ञानं) મતિજ્ઞાન, (अक्षजं) ઇંદ્રિયોથી ઉત્પન્ન થાય છે (अथ) તથા (श्रुतं अपि) શ્રુતજ્ઞાન પણ (तत्पूर्वं) મતિજ્ઞાનપૂર્વક થાય છે. (तथा) એ જ પ્રમાણે (अवधिचित्तपर्ययं ज्ञानं न) અવધિ-મનઃપર્યયજ્ઞાન કાંઈ ઇંદ્રિયાદિકથી ઉત્પન્ન થતું નથી.

**ભાવાર્થ**—અવધિ અને મનઃપર્યયજ્ઞાનને ઉપચારથી પ્રત્યક્ષ કહેવામાં કારણ આ છે, કે—જેમ નિયમથી મતિજ્ઞાન ઇન્દ્રિયજન્ય હોય છે તથા એ મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન થાય છે, એ પ્રમાણે સાક્ષાત્ વા પરંપરાથી પણ ઇન્દ્રિયનું નિમિત્તપણું અવધિ અને મનઃપર્યયમાં નથી, તેથી અવધિ તથા મનઃપર્યય એ બંને જ્ઞાનને ઉપચારથી દેશપ્રત્યક્ષ કહેવામાં આવે છે.

**यत्स्यादवग्रहेहावायानतिधारणा परायत्तम्।**
**आद्यं ज्ञानं द्वयमिह यथा तथा नैव चांतिमं द्वैतम्॥७०४॥**

**दूरस्थानर्थानिह समक्षमिव वेत्ति [1]हेलया यस्मात्।**
**केवलमेव मनःसादवधिमनःपर्ययद्वयं ज्ञानम्॥७०५॥**

**અન્વયાર્થ**—(यत्) કારણ કે (यथा) જેમ (इह) અહીં (आद्यं ज्ञानद्वयं) પ્રથમનાં બંને જ્ઞાન (अवग्रहेहावायनतिधारणापरायत्तं) અવગ્રહ, ઈહા, અવાય ને ધારણાને ઉલ્લંઘન નહિ કરવાથી અર્થાત્ તત્પૂર્વક હોવાથી પરાધીન (स्यात्) છે, (तथा च) તેવી રીતે (अंतिमं द्वैतं) અંતનાં બે જ્ઞાન (અવધિ-મનઃપર્યય) (नैव) નથી.

(यस्मात्) કારણ કે—(इह) અહીં (अवधि—मनःपर्ययद्वयं ज्ञानं) અવધિ અને મનઃપર્યય એ બંને જ્ઞાન (केवलं) કેવળ (मनःसात् एव) મનથી જ (दूरस्थान् अर्थान्) દૂરસ્થાનવર્તી પદાર્થોને (हेलया) લીલામાત્રમાં (समक्षं इव) પ્રત્યક્ષની માફક (वेत्ति) જાણે છે.

**ભાવાર્થ**—જેમ મતિજ્ઞાન, અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા પર્યંત ક્રમ-ક્રમથી પ્રવૃત્ત થાય છે, તથા સાક્ષાત્ વા પરંપરા મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન થાય છે, તેવી રીતે અવધિ અને મનઃપર્યયજ્ઞાનની પ્રવૃત્તિ થતી નથી, પરંતુ—

એ બંને જ્ઞાન (અવધિ-મનઃપર્યય) યુગપદ્ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાથી દૂરવર્તી પદાર્થોને પણ લીલામાત્રમાં (ક્ષણમાત્રમાં) ઉપયોગ લગાવતાં જ જાણી લે છે, તેથી તેને દેશપ્રત્યક્ષ કહે છે. (મન સંબંધી વિશેષ ચર્ચા ગાથા ૭૧૧ થી ૭૧૮માં છે, ત્યાંથી મનનું સ્વરૂપ સમજવું)

**अपि किंचाभिनिबोधिकबोधद्वैतं तदादिमं यावत्।**
**स्वात्मानुभूतिसमये प्रत्यक्षं तत्समक्षमिव नान्यत्॥७०६॥**

**અન્વયાર્થ**—(अपि किंच) તથા વિશેષમાં એમ છે, કે (स्वात्मानुभूति समये) સ્વાત્માનુભૂતિના વખતમાં (यावत्) જેટલાં (आदिमं) પ્રથમનાં (तत्) તે (आभिनिबोधिक बोधद्वैतं) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે રહે છે, (तत्) તેટલાં તે બધાંય (समक्षं इव) સાક્ષાત્ પ્રત્યક્ષની માફક (प्रत्यक्षं) પ્રત્યક્ષ છે, (अन्यत् न) અન્ય એટલે પરોક્ષ નથી.

**ભાવાર્થ**—તથા એ મતિ અને શ્રુતજ્ઞાનોમાં પણ એટલી વિશેષતા છે, કે—જે સમયે એ બંનેમાંથી કોઈ એક જ્ઞાન દ્વારા સ્વાત્માનુભૂતિ થાય છે તે સમયે એ બંને જ્ઞાન પણ અતીન્દ્રિય

---

૧. મૂળ પુસ્તકમાં 'हेति' પાઠ છે, કારણ-'લીલાથી' એ તેનો અર્થ છે.

સ્વાત્માને પ્રત્યક્ષ કરે છે, તેથી એ બંને જ્ઞાન પણ સ્વાત્માનુભૂતિના સમયમાં પ્રત્યક્ષરૂપ છે પણ પરોક્ષ નથી.

**तदिह द्वैतमिदं चित्स्पर्शादीन्द्रियविषयपरिग्रहणे।**
**व्योमाद्यवगमकाले भवति परोक्षं न समक्षमिह नियमात्॥७०७॥**

**અન્વયાર્થ**—(इह) અહીં (स्पर्शादीन्द्रियविषयपरिग्रहणे) સ્પર્શાદિક ઇંદ્રિયોના વિષયોને ગ્રહણ કરતી વેળા તથા (व्योमाद्यवगमकाले) આકાશ વગેરેને વિષય કરતી વેળા (तत् इदं द्वैतं चित्) એ બંને મતિ-શ્રુતજ્ઞાન (नियमात्) નિયમથી (इह) અહીં આગળ (परोक्षं) પરોક્ષ (भवति) હોય છે, (समक्षं न) પ્રત્યક્ષ નહિ.

**ભાવાર્થ**—પરંતુ જે સમયે એ બંને જ્ઞાન સ્પર્શાદિક વિષયોને જાણે છે, તે સમયે તથા જે સમયે આકાશાદિ અમૂર્તપદાર્થોને જાણે છે તે સમયે એ બંને જ્ઞાન નિયમથી પરોક્ષ જ છે, પરંતુ સ્વાનુભૂતિના સમય માફક પ્રત્યક્ષ નથી. અહીં શંકા—

**ननु चाद्ये हि परोक्षे कथमिव सूत्रे कृतः समुद्देशः।**
**अपि तल्लक्षणयोगात् परोक्षमिव सम्भवत्येतत्॥७०८॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે જો મતિ-શ્રુતજ્ઞાન સ્વાનુભૂતિના સમયમાં પ્રત્યક્ષ છે, તો (हि) નિશ્ચયથી (आद्ये परोक्षे) 'પ્રથમનાં બે જ્ઞાન પરોક્ષ છે,' એવો (सूत्रे) તત્ત્વાર્થસૂત્રમાં (समुद्देशः) નિર્દેશ (કથન) (कथमिव कृतः?) શા માટે કર્યો? તથા (तल्लक्षणयोगात् अपि) પરોક્ષ લક્ષણના યોગથી પણ અર્થાત્ તેમાં પરોક્ષનું લક્ષણ ઘટી જવાથી પણ (एतत्) એ બંને જ્ઞાન (परोक्षं इव) પરોક્ષ (सम्भवति) પ્રતીત થાય છે.

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે જો મતિ-શ્રુતજ્ઞાન સ્વાનુભૂતિના સમયમાં પ્રત્યક્ષ હોય છે, તો સૂત્રકારે 'आद्ये परोक्षं' એ સૂત્રમાં તેને પરોક્ષ શા માટે કહ્યાં? અર્થાત્ જો મતિ-શ્રુતજ્ઞાન સ્વાનુભૂતિના સમયમાં પ્રત્યક્ષ હોત તો સૂત્રકાર પણ તેનો જુદો ઉલ્લેખ કરત પરંતુ કર્યો નથી, તેથી મતિ-શ્રુતજ્ઞાનને સ્વાનુભૂતિના સમયમાં પણ પરોક્ષ જ કહેવાં જોઈએ પણ પ્રત્યક્ષ નહિ; કારણ કે—તેને પ્રત્યક્ષ કહેવાં સૂત્ર વિરુદ્ધ હોવાથી આગમબાધિત છે, તથા એમાં પાછળ ગાથા ૭૦૦-૭૦૧માં કહ્યાં પ્રમાણે પરોક્ષનું લક્ષણ પણ ઘટે છે તેથી પણ તેને પરોક્ષ જ કહેવાં જોઈએ, પ્રત્યક્ષ નહિ તેનું સમાધાનઃ—

**सत्यं वस्तुविचारः स्यादतिशयवर्जितोऽविसंवादात्।**
**साधारणरुपतया भवति परोक्षं तथा प्रतिज्ञायाः॥७०९॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, કારણ કે—(अविसंवादात्) વિસંવાદરહિત હોવાથી

(वस्तुविचारः) વસ્તુનો વિચાર (अतिशयवर्जितः स्यात्) અતિશયરહિત થાય છે, તેથી એ બંને જ્ઞાન (साधारणरुपतया) સાધારણરૂપપણાથી (तथा प्रतिज्ञायाः) 'आद्ये परोक्षं' એ સૂત્રમાં કહેલી પ્રતિજ્ઞાનુસાર (परोक्षं भवति) પરોક્ષ છે.

**ભાવાર્થ**—જો કોઈ વિસંવાદ ન રહેતો હોય તો વસ્તુનો વિચાર નિરતિશય થાય છે અર્થાત્ તેમાં અતિશયનું વર્ણન કરી શકાતું નથી. સ્વાત્માનુભૂતિના સમયમાં મતિ-શ્રુતજ્ઞાન દ્વારા આત્માનો સાક્ષાત્કાર થવાથી તેના પ્રત્યક્ષ હોવામાં કોઈ વિસંવાદ રહેતો નથી, તેથી તેને પ્રત્યક્ષ કહેવાં યોગ્ય જ છે; પરંતુ સૂત્રકારે એ બંને જ્ઞાનોને જે પરોક્ષ કહ્યાં છે તેમાં અપેક્ષા આટલી જ સમજવી કે-સાધારણરૂપથી એ બંને જ્ઞાન પરોક્ષ કહ્યાં છે પણ જ્યારે કોઈ ભવ્યજીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે કોઈ એક અનિર્વચનીયશક્તિનો પ્રાદુર્ભાવ થાય છે, કે જે શક્તિના સામર્થ્યથી એ બંને જ્ઞાનોને પ્રત્યક્ષ કહ્યાં છે.

**इह सम्यग्दृष्टेः किल मिथ्यात्वोदयविनाशजा शक्तिः।**
**काचिदनिर्वचनीया स्वात्मप्रत्यक्षमेतदस्ति यया॥७१०॥**

**અન્વયાર્થ**—(इह) અહીં આગળ (किल) નિશ્ચયથી (सम्यग्दृष्टेः) સમ્યગ્દૃષ્ટિ જીવને (मिथ्यात्वोदयविनाशजा) મિથ્યાત્વકર્મના ઉદયના વિનાશથી ઉત્પન્ન થવાવાળી (काचित्) કોઈ (अनिर्वचनीया) અનિર્વચનીય (शक्तिः अस्ति) શક્તિ છે, કે (यया) જે શક્તિ દ્વારા (एतत्) આ (स्वात्मप्रत्यक्षं) સ્વ-આત્મપ્રત્યક્ષ થાય છે.

**ભાવાર્થ**—સત્ય પુરુષાર્થ કરતાં જ્યારે જીવને સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે મિથ્યાત્વકર્મના ઉદયનો સ્વયં વિનાશ થાય છે અને એવી દશા થતાં તે સમ્યગ્દૃષ્ટિ જીવને કોઈ એક એવી અનિર્વચનીય શક્તિ ઉત્પન્ન થાય છે, કે જેના સાન્નિધ્યથી તે અનિર્વચનીય સ્વઆત્માને પ્રત્યક્ષ કરી લે છે, અર્થાત્ સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વના અભાવની સાથે સાથે જ સ્વાનુભૂત્યાવરણ-કર્મનો ક્ષયોપશમ થાય છે ત્યારે આત્માને પોતાના સામર્થ્યથી આત્માપ્રત્યક્ષ થાય છે, તેથી સ્વાનુભૂતિના સમયમાં મતિ-શ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યાં છે.

**तदभिज्ञानं हि यथा शुद्धस्वात्मानुभूतिसमयेऽस्मिन्।**
**स्पर्शनरसनघ्राणं चक्षुः श्रोतं च नोपयोगि मतम्॥७११॥**

**केवलमुपयोगि मनस्तत्र च भवतीह तन्मनो द्वेधा।**
**द्रव्यमनो भावमनो नोइंद्रियनाम किल स्वार्थात्॥७१२॥**

**અન્વયાર્થ**—(तदभिज्ञानं हि यथा) તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે—(अस्मिन्

शुद्धस्वात्मानुभूतिसमये) આ શુદ્ધ સ્વાનુભૂતિના સમયમાં (स्पर्शनरसनघ्राणं चक्षुः) સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ (च) અને (श्रोत्रं) શ્રોત્ર એ પ્રમાણે પાંચે ઈંદ્રિયો (उपयोगि न मतं) ઉપયોગી માની નથી, પરંતુ (तत्र) ત્યાં (केवलं) કેવળ (मनः) મન જ (उपयोगि) ઉપયોગી માનવામાં આવ્યું છે (च) તથા (इह) અહીં (किल) નિશ્ચયથી (स्वार्थात्) પોતાના અર્થની અપેક્ષાથી (नोइंद्रियनाम) નોઈંદ્રિય છે, બીજું નામ જેનું એવું (तन्मनः) તે મન, (द्रव्यमनः भावमनः) દ્રવ્યમન તથા ભાવમન એ પ્રમાણે (द्वेधा) બે પ્રકારનું છે.

**ભાવાર્થ**—પૂર્વોક્તકથનનો ખુલાસો આ પ્રમાણે છે, કે જે સમયે સમ્યગ્દષ્ટિ, સ્વાનુભૂતિ કરે છે તે સમયે તેને પાંચે ઇન્દ્રિયોનો ઉપયોગ થતો નથી, પરંતુ કેવળ એક મનનો જ ઉપયોગ થાય છે, તથા એ મન, દ્રવ્યમન તથા ભાવમન એ પ્રમાણે બે પ્રકારનું માનવામાં આવ્યું છે. સારાંશ આ છે, કે સ્વાનુભૂતિના સમયમાં ઇન્દ્રિયજન્યજ્ઞાન હોતું નથી.

## દ્રવ્યમનનું સ્વરૂપ

**द्रव्यमनो हृत्कमले घनांगुलासंख्यभागमात्रं यत्।**
**अचिदपि च भावमनसः स्वार्थग्रहणे सहायतामेति॥७१३॥**

**અન્વયાર્થ**—(यत्) જે (हृत्कमले) હૃદયકમળમાં (घनांगुलासंख्यभागमात्रं) ઘનાંગુલના અસંખ્યાતમા ભાગમાત્ર પ્રમાણ છે જેનું એવું (द्रव्यमनः) દ્રવ્યમન હોય છે, (तत्) તે (अचिदपि च) અચેતન હોવા છતાં પણ (स्वार्थग्रहणे) જ્ઞાનના વિષયને ગ્રહણ કરતી વેળા (भावमनसः) ભાવમનને (सहायतां सति) સહાયતા કરવા સમર્થ થાય છે, અર્થાત્ દ્રવ્યમન, ભાવમનને સહાયતા કરે (નિમિત્ત થાય) છે.

**ભાવાર્થ**—દ્રવ્યમન, હૃદયકમળમાં ઘનાંગુલના અસંખ્યાતમા ભાગમાત્ર પ્રમાણ હોય છે, જોકે આ દ્રવ્યમન, અચેતન છે, તોપણ તેને ક્ષાયોપશમિકરૂપ ભાવમનને માટે સહાયક માનવામાં આવ્યું છે. (સહાયકનો અર્થ 'નિમિત્તમાત્ર' સમજવો.)

## ભાવમનનું સ્વરૂપ

**भावमनः परिणामो भवति तदात्मोपयोगमात्रं वा।**
**लब्ध्युपयोगविशिष्टं स्वावरणस्य क्षयात् क्रमाच्चस्यात्॥७१४॥**

**અન્વયાર્થ**—(स्वावरणस्य) સ્વ આવરણના (क्रमात्) ક્રમપૂર્વક (क्षयाच्च) ઉદયાભાવીક્ષયથી જ (लब्ध्युपयोगविशिष्टं) લબ્ધિ અને ઉપયોગસહિત (यत्) જે (आत्मोपयोगमात्रं वा) કેવળ આત્મઉપયોગરૂપ જ (परिणामः) આત્માનો પરિણામ છે, (तत्भावमनः भवति) તે ભાવમન છે.

**ભાવાર્થ**—મનોમતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી થવાવાળા આત્માના ઉપયોગને જ

ભાવમન કહે છે, તથા એ ભાવમનના પણ ભાવઇન્દ્રિયોની માફક લબ્ધિ અને ઉપયોગરૂપથી બે ભેદ થાય છે. વીર્યાન્તરાયસહિત મનોમતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી જે વિશુદ્ધતા થાય છે, તેને લબ્ધિરૂપ ભાવમન કહે છે તથા એ લબ્ધિપૂર્વક જ્ઞેયના સન્મુખ થવાવાળા મનને ઉપયોગરૂપ ભાવમન કહે છે.

**स्पर्शनरसनघ्राणं चक्षुः श्रोत्रं च पंचकं यावत्।**
**मूर्तग्राहकमेकं मूर्तामूर्तस्य वेदकं च मनः॥७१५॥**

**અન્વયાર્થ**—(स्पर्शनरसनघ्राणं चक्षुः) સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ (च) અને (श्रोत्रं) શ્રોત્ર (पंचकं यावत्) એ પાંચ ઇંદ્રિયો (एकं) એક (मूर्तग्राहकं) મૂર્તિક પદાર્થોને જાણવાવાળી છે (च) તથા (मनः) મન, (मूर्तामूर्तस्य) મૂર્તિક તથા અમૂર્તિક બંને પદાર્થોને (वेदकं) જાણવાવાળું છે.

**ભાવાર્થ**—સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત એ પાંચે ઇન્દ્રિયો કેવળ મૂર્તિકપદાર્થોને જ અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપથી વિષય કરવાવાળી છે તથા મન, મૂર્તિક વા અમૂર્તિક બંને પ્રકારના પદાર્થોને વિષય કરવાવાળું છે.

**तस्मादिदमनवद्यं स्वात्मग्रहणे किलोपयोगि मनः।**
**किंतु विशिष्टदशायां भवतीह मनः स्वयं ज्ञानम्॥७१६॥**

**અન્વયાર્થ**—(तस्मात्) તેથી (इह) અહીં (इदं अनवद्यं) આ કથન નિર્દોષ છે, કે—(स्वात्मग्रहणे) સ્વાત્મગ્રહણમાં (किल) નિશ્ચયથી (मनः) મન જ (उपयोगि) ઉપયોગી છે, (किंतु) પરંતુ એટલું વિશેષ છે, કે—(विशिष्टदशायां) વિશિષ્ટદશામાં તે (मनः) મન (स्वयं) પોતે જ (ज्ञानं भवति) જ્ઞાનરૂપ થઈ જાય છે.

**ભાવાર્થ**—તેથી પૂર્વોક્ત કથન નિર્દોષ સિદ્ધ થાય છે, કે—સ્વાનુભૂતિના સમયમાં અતીન્દ્રિય આત્માને પ્રત્યક્ષ કરવા માટે માત્ર મન જ ઉપયોગી છે તથા સ્વાનુભૂતિ તત્પરતારૂપ વિશેષઅવસ્થામાં તે મન જ જ્ઞાતા અને જ્ઞેયના વિકલ્પોથી રહિત થઈને પોતે જ જ્ઞાનમય થઈ જાય છે, તેથી એ જ્ઞાન દ્વારા જ સમ્યગ્દષ્ટિ જીવને અતીન્દ્રિય આત્માનો અતીન્દ્રિય પ્રત્યક્ષ થવો યુક્તિસંગત છે.

**नासिद्धमेतदुक्तं तदिंद्रियानिन्द्रियोद्भवं सूत्रात्।**
**स्यान्मतिज्ञाने यत्तत्पूर्वं किल भवेच्छ्रुतज्ञानम्॥७१७॥**
**अयमर्थो भावमनो ज्ञानविशिष्टं स्वयं हि सद्मूर्तम्।**
**तेनात्मदर्शनमिह प्रत्यक्षमतींद्रियं कथं न स्यात्?॥७१८॥**

**અન્વયાર્થ**—(किल) નિશ્ચયથી (सूत्रात्) સૂત્રથી (यत् मतिज्ञानं) જે મતિજ્ઞાન છે, (तत्) તે (इन्द्रियानिन्द्रियोद्भवं) ઈંદ્રિય અને મનથી ઉત્પન્ન (स्यात्) થાય છે તથા (तत्पूर्वं) મતિજ્ઞાનપૂર્વક (श्रुतज्ञानं) શ્રુતજ્ઞાન (भवेत्) થાય છે, એવું જે (उक्तं) કહ્યું છે (एतत् असिद्धं न) તે કથન અસિદ્ધ નથી.

(अय अर्थः) સારાંશ આ છે, કે—(हि) નિશ્ચયથી (भावमनः) ભાવમન, (ज्ञानविशिष्टं सत्) જ્ઞાનવિશિષ્ટ થતું થકું (स्वयं) પોતે જ (अमूर्तं) અમૂર્ત છે, તેથી (तेन) એ ભાવમન દ્વારા થવાવાળું (इह) આ (आत्मदर्शनं) આત્મદર્શન (अतींद्रियं प्रत्यक्षं) અતીંદ્રિયપ્રત્યક્ષ (कथं न स्यात् ?) કેમ ન હોય?

**ભાવાર્થ**—જો કદાચિત્ એમ કહેવામાં આવે, કે—'મતિશ્રુતાત્મક ભાવમન સ્વાનુભૂતિના સમયમાં પ્રત્યક્ષ થાય છે, તો સૂત્રમાં જે મતિજ્ઞાનને ઈન્દ્રિય અને અનિંન્દ્રિયથી ઉત્પન્ન થવાથી તથા શ્રુતજ્ઞાનને મતિજ્ઞાનપૂર્વક ઉત્પન્ન થવાથી પરોક્ષ કહ્યાં છે, તે કથન અસિદ્ધ થઈ જશે' તો એમ કહેવું પણ ઠીક નથી. કારણ કે—મતિશ્રુતાત્મક એ ભાવમનને સ્વાનુભૂતિના સમયમાં પ્રત્યક્ષ કહેવાનો એ જ અર્થ છે, કે—સ્વાનુભૂતિના સમયમાં તે મતિશ્રુતજ્ઞાનાત્મક ભાવમન વિશેષ દશાસંપન્ન થઈ જાય છે, તેથી એ વડે થવાવાળું અમૂર્ત આત્મદર્શન અતીન્દ્રિયપ્રત્યક્ષ કેમ ન હોય? અર્થાત્ અવશ્ય હોય.

સારાંશ આ છે, કે—સ્વાત્મરસમાં નિમગ્ન થવાવાળું ભાવમન પોતે જ અમૂર્ત હોઈને સ્વાનુભૂતિના સમયમાં આત્મપ્રત્યક્ષ કરવાવાળું કહેવામાં આવ્યું છે. જેમ શ્રેણી ચઢતાં સમયે જ્ઞાનની જે નિર્વિકલ્પ અવસ્થા છે તે નિર્વિકલ્પ અવસ્થામાં ધ્યાનની અવસ્થા સંપન્ન શ્રુતજ્ઞાન વા એ શ્રુતજ્ઞાન પહેલાંનું મતિજ્ઞાન અતીન્દ્રિયપ્રત્યક્ષ હોય છે, તે જ પ્રમાણે જે સમ્યગ્દષ્ટિ જીવ ચોથા ગુણસ્થાનથી માંડીને સાતમા ગુણસ્થાનવર્તી છે, તેમનું મતિશ્રુતજ્ઞાનાત્મક ભાવમન પણ સ્વાનુભૂતિના સમયમાં વિશેષ દશાસંપન્ન થવાથી શ્રેણીના જેવું તો નથી, પરંતુ તેની ભૂમિકાને યોગ્ય નિર્વિકલ્પ તો થાય છે.

તેથી એ મતિશ્રુતજ્ઞાનાત્મક ભાવમનને સ્વાનુભૂતિના સમયમાં પ્રત્યક્ષ માનવામાં આવે છે ત્યાં એ જ કારણ છે, કે—મતિશ્રુતજ્ઞાન વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ શકતી નથી, પરંતુ અવધિ-મનઃપર્યયજ્ઞાન વિના થઈ શકે છે.

**अपि चात्मसंसिद्ध्यै नियतं हेतू मतिश्रुत ज्ञाने।**
**प्रान्त्यद्वयं विना स्यान्मोक्षो न स्याद्दते मतिद्वैतम्॥७१९॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા (आत्मसंसिद्ध्यै) આત્માની સિદ્ધિ માટે (मतिश्रुतज्ञाने) મતિશ્રુતજ્ઞાન (नियतं हेतू) નિશ્ચિત કારણ છે, કારણ કે (प्रान्त्यद्वयं विना) અંતનાં બે જ્ઞાન વિના તો (मोक्षः स्यात्) મોક્ષ થઈ શકે છે, પરંતુ (मतिद्वैतं ऋते) મતિ-શ્રુતજ્ઞાન વિના (न स्यात्) મોક્ષ થઈ શકતો નથી.

**ભાવાર્થ—**મતિ-શ્રુતજ્ઞાનને સ્વાનુભૂતિના સમયમાં પ્રત્યક્ષ કહ્યાં છે તે ઠીક કહ્યાં છે, કારણ કે—**આત્મસિદ્ધિ માટે મતિ અને શ્રુત એ બે જ્ઞાન જ આવશ્યક જ્ઞાન છે, કારણ કે અવધિ તથા મનઃપર્યયજ્ઞાન વિના તો મોક્ષ થઈ શકે છે, પરંતુ મતિ-શ્રુતજ્ઞાન વિના કદી પણ મોક્ષ થઈ શકતો નથી.**

અહીં શંકા—

**ननु जैनानामेतन्मतं मतेष्वेव नापरेषां हि।**
**विप्रतिपत्तौ वहवः प्रमाणमिदमन्यथा वदन्ति यतः॥૭૨૦॥**

**અન્વયાર્થ—**(ननु) શંકાકાર કહે છે, કે—(हि) નિશ્ચયથી (एतत्) ઉપરોક્ત પ્રકારથી કહેલું પ્રમાણનું લક્ષણ (जैनानां मतं) જૈનોના મતમાં માનવામાં આવ્યું છે પણ (अपरेषां मतेषु नैव) બીજા મતોમાં માનવામાં આવ્યું નથી, (यतः) કારણ કે—(विप्रतिपत्तौ) વિપ્રતિપત્તિ હોવાથી (बहवः) ઘણાખરા અન્ય મતવાદીઓ (इदं प्रमाणं) આ પ્રમાણને (अन्यथा वदन्ति) અન્ય પ્રકારથી કહે છે.

**ભાવાર્થ—**શંકાકારનો પ્રશ્ન છે, કે—પૂર્વોક્ત પ્રમાણનું લક્ષણ જૈનસંપ્રદાયવાળાઓનું છે, અન્ય સંપ્રદાયવાળા તેને અંગીકાર કરતા નથી, એટલે પ્રમાણનું સ્વરૂપ વિવાદગ્રસ્ત હોવાથી ઘણાખરા વાદીઓ તેના સ્વરૂપને અન્ય પ્રકારથી પ્રતિપાદન કરીને વિસંવાદ કરે છે. તેનો ઉત્તર—

**वेदाः प्रमाणमिति किल वदंति वेदान्तिनो विदाभासाः।**
**यस्मादपौरुषेयाः सन्ति यथा व्योम ते स्वतः सिद्धाः॥૭૨૧॥**

**અન્વયાર્થ—**(विदाभासाः) જ્ઞાનાભાસી અર્થાત્ મિથ્યાજ્ઞાની (वेदांतिनः) વેદાંતમતવાળા (किल) નિશ્ચયથી (वेदाः प्रमाणं) વેદ જ પ્રમાણ છે (इति) એ પ્રમાણે (वदंति) કહે છે, (यस्मात्) કારણ કે—(यथाव्योम) જેમ આકાશની માફક (ते) તે વેદ (स्वतः सिद्धाः) સ્વયંસિદ્ધ અને (अपौरुषेयाः) અપૌરુષેય છે.

**ભાવાર્થ—**વિદાભાસી-વેદાંતિ, વેદને જ આકાશની માફક સ્વતઃસિદ્ધ અપૌરુષેય માનીને પ્રમાણ માને છે. તથા—

**अपरे प्रमानिदानं प्रमाणमिच्छन्ति पण्डितम्मन्याः।**
**समयन्तिसम्यगनुभवसाधनमिह यत्प्रमाणमिति केचित्॥૭૨૨॥**

**અન્વયાર્થ—**(पंडितम्मन्याः) પોતાને પંડિત માનવાવાળા (अपरे) બીજા મતવાળા (प्रमानिदानं) પ્રમાના કારણને (प्रमाणं इच्छन्ति) પ્રમાણ માને છે, તથા (केचित्) કોઈ (इह) અહીં

(यत्) જે (सम्यगनुभवसाधनं) સમ્યક્‌અનુભવનું સાધન છે, તે (प्रमाणं) પ્રમાણ છે, (इति) એ પ્રમાણે (समयंति) કહે છે.

**ભાવાર્થ**—વૈશેષિકલોક, પ્રમા, પ્રમીતિ અને પ્રમાણના ફળના કરણને પ્રમાણ માને છે, તથા કોઈ લોક, અનુભવના સાધનને પ્રમાણ માને છે.

**इत्यादि वादिवृन्दैः प्रमाणमालक्ष्यते यथारुचि तत्।**
**आप्ताभिमानदग्धैरलब्धमानैरतींद्रियं वस्तु ॥७२३॥**

**અન્વયાર્થ**—(इत्यादि) ઇત્યાદિક ([1]आप्ताभिमानदग्धैः) આપ્તતાના અભિમાનમાં સળગી રહેલા તથા (अतींद्रियंवस्तु) અતીંદ્રિયવસ્તુને (अलब्धमानैः) પ્રાપ્ત નહિ કરવાવાળા (वादिवृन्दैः) વાદિઓના સમૂહો દ્વારા (यथारुचि) પોતપોતાની ઇચ્છાનુસાર (तत्प्रमाणं) તે પ્રમાણને (आलक्ष्यते) કહે છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે અતીન્દ્રિય વસ્તુના સ્વરૂપને નહિ સમજવાવાળા તથા આપ્તતાના અભિમાનમાં સળગી રહેલા વેદાંતાદિ વાદીઓ દ્વારા પ્રમાણનું લક્ષણ પોતપોતાની ઇચ્છાનુસાર કરવામાં આવે છે.

**प्रकृतमूलक्षणमेतल्लक्षणदोषैरधिष्ठितं यस्मात्।**
**स्यादविचारितरम्यं विचार्यमाणं खपुष्पवत्सर्वम् ॥७२४॥**

**અન્વયાર્થ**—(यस्मात्) જે કારણથી (एतत्सर्वं प्रकृतं) એ બધાં પ્રકૃત લક્ષણ (लक्षणदोषैरधिष्ठितं) લક્ષણના દોષથી સહિત તથા (विचार्यमाणं) વિચાર કરતાં (खपुष्पवत्) આકાશપુષ્પ સમાન છે, તે કારણથી (अलक्षणं) તે અલક્ષણ તથા (अविचारितरम्यं) અવિચારિતરમ્ય (स्यात्) છે.

**ભાવાર્થ**—એ વાદીઓ દ્વારા કહેલાં ઉપરોક્ત બધાંય પ્રમાણનાં લક્ષણ, અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ લક્ષણના દોષથી યુક્ત હોવાના કારણથી તે અલક્ષણ છે તથા તેના ઉપર જો વિચાર કરવામાં આવે તો એ બધાં લક્ષણ આકાશપુષ્પસમાન જૂઠાં ઠરે છે તેથી તે અવિચારિતરમ્ય છે.

**अर्थाद्यथा कथंचिज्ज्ञानादन्यत्र न प्रमाणत्वम्।**
**करणादि विना ज्ञानादचेतनं कः प्रमाणयति ? ॥७२५॥**

---

१. त्वन्मतामृतबाह्यानां, सर्वथैकान्तवादिनाम् ।
आप्ताभिमानदग्धानां, स्वेष्टं दृष्टेन बाध्यते ।। (आप्तमिमांसा—श्लो० ७)

**અન્વયાર્થ**—(अर्थात्) અર્થાત્ (यथा कथंचित्) જે કોઈ પ્રકારથી પણ (ज्ञानादन्यत्र) જ્ઞાનને છોડીને અન્યમાં (प्रमाणत्वं न) પ્રમાણપણું નથી, કારણ કે—(ज्ञानात् विना) જ્ઞાન સિવાય (अचेतनं करणादि) અચેતનઈંદ્રિય વગેરેને (कःप्रमाणयति ?) કોણ પ્રમાણ માનશે?

**ભાવાર્થ**—પ્રમાનાં કરણ જે મૂર્તઇન્દ્રિયોને વૈશેષિકલોકો (મતવાળા) પ્રમાણ માને છે, તેમના પ્રત્યે આ કથન છે, કે—કોઈ પણ પ્રકારથી જ્ઞાનને છોડીને અન્યમાં પ્રમાણપણું રહી શકતું નથી, તેથી જ્ઞાન સિવાય અચેતનરૂપ ઈન્દ્રિયાદિકને પ્રમાણ કોણ માને? અર્થાત્ કોઈ માની શકતું નથી. કારણ કે—પ્રમાણનું ફળ અજ્ઞાનની નિવૃત્તિ માનવામાં આવ્યું છે, તેથી તેનું કરણ પણ અજ્ઞાનનિવૃત્યાત્મક અર્થાત્ જ્ઞાનાત્મક હોવું જોઈએ, એટલે ઈન્દ્રિય અને સન્નિકર્ષાદિક જ્ઞાનમય ન હોવાથી તે પ્રમાણ થઈ શકતાં નથી.

**तत्रांतर्लीनत्वाज्ज्ञानसनाथं प्रमाणमिदमिति चेत् ।**
**ज्ञानं प्रमाणमिति यत्प्रकृतं न कथं प्रतीयेत् ?॥७२६॥**

**અન્વયાર્થ**—(तत्र) એ કરણાદિકમાં (अन्तर्लीनत्वात्) જ્ઞાન, અંતર્લીન હોવાથી (ज्ञानसनाथं) જ્ઞાન સહિત (इदं) એ કરણાદિક (प्रमाणं) પ્રમાણ થઈ જશે. (इति चेत्) જો એમ કહો તો (ज्ञानं प्रमाणं) જ્ઞાન જ પ્રમાણ છે, (इति) એ (यत्) જે (प्रकृतं) પ્રકૃતકથન છે, તે (कथं न प्रतीयेत् ?) પ્રતીતિના વિષયભૂત કેમ નહિ થઈ જાય અર્થાત્ ન માનવામાં આવે?

**ભાવાર્થ**—જો કદાચિત્ કહેશો, કે—પ્રમાના કરણરૂપ ઈન્દ્રિયોને પ્રમાણ કહેવામાં અમારું તાત્પર્ય એ છે, કે—"ઈન્દ્રિયાદિકોમાં જ્ઞાન અંતર્લીન થવાથી જ્ઞાન સનાથ-ચેતનાત્મક ઈન્દ્રિયોને પ્રમાણ કહેવી." તો પછી એ કથનથી અમારું જ કથન સિદ્ધ થાય છે, તેથી અમારું આ પ્રકૃતકથન જ કેમ માની લેતા નથી, કે—સ્વ-પરવ્યવસાયાત્મક જ્ઞાન જ પ્રમાણ હોય છે. સારાંશ આ છે, કે—જ્ઞાનસનાથ ઈન્દ્રિયોને પ્રમાણ માનવાથી સમ્યક્જ્ઞાનને જ પ્રમાણ માનવું, એ સિદ્ધ થઈ જાય છે. અહીં શંકા :—

**ननु फलभूतं ज्ञानं तस्य तु करणं भवेत्प्रमाणमिति।**
**ज्ञानस्य कृतार्थत्वात् फलवत्त्वमसिद्धमिदमिति चेत्॥७२७॥**

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે—(ज्ञानं) જ્ઞાનને (फलभूतं) ફળસ્વરૂપ (तु) તથા (तस्य करणं) જ્ઞાનના કરણને (प्रमाणं इति) પ્રમાણ (भवेत्) કહેવું જોઈએ, કારણ કે—જો જ્ઞાનને જ પ્રમાણ માનવામાં આવે તો (ज्ञानस्य) જ્ઞાનના (कृतार्थत्वात्) કૃતાર્થ થઈ જવાથી અર્થાત્ જ્ઞાનનું પ્રયોજન પૂર્ણ થઈ જવાથી (इदं फलवत्त्वं) પ્રમાણનું ફળવાનપણું (असिद्धं) અસિદ્ધ થઈ જશે. (इतिचेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—શંકાકાર કહે છે, કે—ઈન્દ્રિયો, પ્રમાણ છે અને જ્ઞાન, એ પ્રમાણનું ફળ છે, તેથી ઈન્દ્રિયોને પ્રમાણ તથા જ્ઞાનને પ્રમાણનું ફળ માનવું યોગ્ય છે, કારણ કે જ્ઞાનને જ પ્રમાણ માનવાથી પ્રમાણના ફળના અભાવનો પ્રસંગ આવે છે. તેનો ઉત્તર—

**नैवं यतः प्रमाणं फलं च फलवच्च तत्स्वयं ज्ञानम्।**
**दृष्टिर्यथा प्रदीपः स्वयं प्रकाश्यः प्रकाशकश्च स्यात्॥७२८॥**

**અન્વયાર્થ**—(एवं न) એ પ્રમાણે કહેવું ઠીક નથી, (यतः) કારણ કે—(तत् ज्ञानं) તે જ્ઞાનરૂપ (प्रमाणं) પ્રમાણ જ (स्वयं) પોતે (फलं च फलवत्) ફળ તથા ફળવાન છે (च) તથા (दृष्टिः) આ વિષયમાં દૃષ્ટાંત પણ એ છે, કે—(यथा) જેમ (प्रदीपः) દીપક પોતે જ (प्रकाश्यः) પ્રકાશ્ય (च) તથા (प्रकाशकः) પ્રકાશક (स्यात्) થાય છે.

**ભાવાર્થ**—શંકાકારનું ઉક્ત કથન ઠીક નથી, કારણ કે 'પ્રમાણ' શબ્દ કરણ સાધન તથા ભાવસાધન બંને પ્રકારનો છે, તેથી 'प्रमीयते अनेन प्रमाणं' અર્થાત્ જેના વડે જાણવામાં આવે' એ પ્રમાણે જે 'પ્રમાણ' શબ્દ કરણસાધન છે, તેનો અર્થ—પ્રમાનું કરણરૂપ જ્ઞાનપ્રમાણ છે એવો થાય છે; તથા—'प्रमितिमात्रं प्रमाणं અર્થાત્—કેવળ જાણવાપણાને એટલે અજ્ઞાન નિવૃત્યાત્મકજ્ઞાનને પ્રમાણ કહે છે.' એ પ્રમાણે 'પ્રમાણ' શબ્દ ભાવસાધન છે, તેનો અર્થ— અજ્ઞાનની નિવૃત્તિરૂપ પ્રમાણનું ફળ, એવો થાય છે. તેથી જેમ દીપક જ પોતે પ્રકાશ્ય છે તથા તેને જ પ્રકાશક માનવામાં આવે છે પણ કાંઈ પ્રકાશ માટે દીપકથી વળી બીજા દીપકની અપેક્ષા રાખવી પડતી નથી, એ જ પ્રમાણે જ્ઞાન પોતે જ પ્રકાશ્ય અને પ્રકાશક છે, તેને જાણવા માટે જ્ઞાનાન્તર્ભૂત પ્રમાણની અપેક્ષા કરવી પડતી નથી, તેથી જ્ઞાનને જ સ્વયં ફળ તથા ફળવાન કહેવું યુક્તિસંગત છે. અથવા સમ્યક્જ્ઞાનને ઉત્પન્ન થવાનો અને અજ્ઞાનના નાશ થવાનો એક જ સમય છે, કારણ કે—પ્રમાણની ઉત્પત્તિ તથા અજ્ઞાનની નિવૃત્તિના બે સમય નથી, તેથી પ્રામાણ્યની ઉત્પત્તિ સહિતપણાનું નામ પ્રમાણ અને તેના હોવાથી જે તે પ્રકારના અજ્ઞાનનો નાશ થઈ જવો, તેનું નામ પ્રમાણનું ફળ છે. એ પ્રમાણે પ્રમાણાત્મક જ્ઞાનને કથંચિત્ સ્વયં ફળ તથા ફળવાનરૂપ કહેવું યુક્તિ બાધિત નથી.

**उक्तं कदाचिदिन्द्रियमथ च तदर्थेन सन्निकर्षयुतम्।**
**भवति कदाचिज्ज्ञानं त्रिविधं करणं प्रमायाश्च॥७२९॥**

**पूर्वं पूर्वं करणं तत्र फलं चोत्तरोत्तरं ज्ञेयम्।**
**न्यायात्सिद्धमिदं चित्फलं च फलवच्चतत्स्वयं ज्ञानम्॥७३०॥**

**અન્વયાર્થ**—(कदाचित्) કદાચિત્ (इंद्रिय) ઈંદ્રિયો (अथ च) તથા કદાચિત્ (तदर्थेन

सन्निकर्षयुतम्) પોતાના વિષયમાં સન્નિકર્ષસહિત ઇંદ્રિયો (च) તથા (कदाचित्) કદાચિત્ (ज्ञानं) જ્ઞાન, એ પ્રમાણે (प्रमाया) પ્રમાનું (करणं) કરણ (त्रिविधं) ત્રણ પ્રકારનું (उक्तं) વૈશેષિકોને ત્યાં કહ્યું છે.

(तत्र) તેમાંથી (पूर्वं पूर्वं) પહેલાં પહેલાંનું (करणं) કરણ (च) તથા (उत्तरोत्तरं) આગળ આગળનાં (फलं) ફળ (ज्ञेयं) જાણવાં જોઈએ, તેથી (न्यायात्) આ ન્યાયથી (इदं सिद्धं) એમ સિદ્ધ થયું, કે—(चित्) જ્ઞાન (स्वयं) પોતે જ (फलं) ફળ છે (च) તથા (तत् ज्ञानं च) તે જ્ઞાન જ પોતે (फलवत्) ફળવાન છે, અર્થાત્ પ્રમાણનું ફળ માનવામાં આવે છે.

**ભાવાર્થ**—વૈશેષિકોએ પ્રમાણનાં કરણ ત્રણ માન્યાં છે, એક ઇન્દ્રિય, બીજું સન્નિકર્ષસહિત ઇન્દ્રિય તથા ત્રીજું જ્ઞાન. તેમાંથી ઇન્દ્રિયોનું ફળ, સન્નિકર્ષસહિત ઇન્દ્રિયો તથા સન્નિકર્ષસહિત ઇન્દ્રિયોનું ફળ પ્રમાણ માન્યાં છે, એ પ્રમાણે જેમ વૈશેષિકોને ત્યાં પણ મધ્યવર્તી કરણ પૂર્વવર્તી કરણની અપેક્ષાએ ફળરૂપ તથા પોતાના ઉત્તરવર્તી કરણની અપેક્ષાએ કરણરૂપ પડી જવાના કારણથી તે મધ્યવર્તી કરણને પોતે જ કરણ વા ફળરૂપ માનવામાં આવે છે, એ જ પ્રમાણે જ્ઞાન પણ અજ્ઞાનનિવૃત્તિની અપેક્ષાએ ફળરૂપ તથા પ્રામાણ્યની ઉત્પત્તિની અપેક્ષાએ પ્રમાણરૂપ થઈ જાય છે, તેથી પ્રમાણાત્મકજ્ઞાન જ પોતે ફળ વા ફળવાન છે, એમ માનવું યુક્તિસંગત છે.

**तत्रापि यदा करणं ज्ञानं फलसिद्धिरस्ति नाम तदा।**
**अविनाभावेन चितो हानोपादानबुद्धिसिद्धित्वात् ॥७३१॥**

**અન્વયાર્થ**—(तत्रापि) ત્યાં આગળ પણ (यदा) જે સમયે (ज्ञानं) જ્ઞાન (करणं) કરણ થાય છે, (तदा) તે સમયે (फलसिद्धिः नाम अस्ति) ફળસિદ્ધિ છે, કારણ કે—(अविनाभावेन) જ્ઞાનની સાથે અવિનાભાવરૂપથી (चितोहानोपादानबुद्धिसिद्धित्वात्) ચેતના, હાનોપાદાન જ્ઞાનરૂપ પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ**—જે સમયે અમે જ્ઞાનને કરણરૂપથી પ્રમાણ માનીએ છીએ, તે સમયે તે જ્ઞાનની સાથે અવિનાભાવ રાખવાવાળા હેયનો ત્યાગ, ઉપાદેયનું ગ્રહણ તથા અજ્ઞાનનિવૃત્તિરૂપ પ્રમાણનું ફળ સિદ્ધ જ થઈ જાય છે.

**नाप्येतदप्रसिद्धं साधनसाध्यद्वयोः सदृष्टान्तात्।**
**न विना ज्ञानात्त्यागो भुजगादेर्वा स्त्रगाद्युपादानम् ॥७३२॥**

**અન્વયાર્થ**—(साधनसाध्यद्वयो) સાધન અને સાધ્ય એ બંનેમાં (सदृष्टान्तात्) દૃષ્ટાંત મળી જવાથી (एतत् अप्रसिद्धं अपि न) આ વાત અસિદ્ધ પણ નથી, કારણ કે—(ज्ञानात् विना) જ્ઞાન વિના (भुजगादेः) સર્પ વગેરેનો (त्यागः) ત્યાગ (वा) તથા (स्त्रगाद्युपादानं) માળા વગેરેનું ગ્રહણ (न) થતું નથી.

**ભાવાર્થ**—પ્રમાણની સાથે સાથે જ અજ્ઞાનની નિવૃત્તિરૂપ પ્રમાણનું ફળ, હેયનો ત્યાગ તથા ઉપાદેયના ગ્રહણરૂપ પ્રમાણનું ફળ અસિદ્ધ કહી શકાતું નથી, કારણ કે—જ્યાં સુધી યથાર્થ જ્ઞાન થતું નથી ત્યાં સુધી સર્પ આદિમાં ત્યાગ અને માળા આદિમાં ગ્રહણબુદ્ધિ થતી નથી, તેથી સિદ્ધ થાય છે, કે જ્ઞાન, અજ્ઞાનની નિવૃત્તિ તથા હાનોપાદાન વા ઉપેક્ષા એ જે પ્રમાણનાં એટલે જ્ઞાનનાં (ત્રણ) ફળ માન્યાં છે, તે (ત્રણે) યુગપત્ (એકસાથે) થઈ જાય છે પણ તેનો જુદો કાળ નથી, તેથી 'પ્રમાણ પોતે જ ફળ તથા ફળવાન છે' એમ કહેવું એ ઠીક છે.

સર્પનો ત્યાગ અને માળાનું ગ્રહણ એ દૃષ્ટાંતમાત્ર છે, કારણ કે સર્પ અને માળા પરવસ્તુ છે, તેથી તેનું ગ્રહણ કે ત્યાગ કોઈ કરી શકતું નથી, જીવ તો માત્ર પોતાના(વિકારનો) ગ્રહણ-ત્યાગનો ભાવ કરી શકે છે. એ દૃષ્ટાંત ઉપરથી અહીં એ સિદ્ધાંત લેવો કે—આસ્રવભાવ તે સર્પ સમાન છે અને શુદ્ધભાવ તે માળા સમાન છે. સમ્યગ્જ્ઞાન થતાં આસ્રવભાવનો ત્યાગ અને શુદ્ધભાવનું ગ્રહણ તે જ સમયે થાય છે અને એ જ હેય-ઉપાદેય વિવેક છે. (જુઓ સમયસાર ગાથા ૭૨)

**उक्तं प्रमाणलक्षणमिह यदनार्हतं कुवादिभिः स्वैरम्।**
**[1]तल्लक्षणदोषत्वात्तत्सर्वं लक्षणाभासम्॥७३३॥**

**અન્વયાર્થ**—(यत्) જે (इह) અહીં (कुवादिभिः) કુવાદિઓએ (अनार्हतं) જૈનનિરૂપિત લક્ષણ વિના (स्वैरं) સ્વચ્છંદતાપૂર્વક (प्रमाणलक्षण) પ્રમાણનાં લક્ષણ (उक्तं) કહ્યાં છે, (तत्सर्वं) તે બધાંય (तल्लक्षणदोषत्वात्) પ્રમાણનાં લક્ષણ દોષયુક્ત હોવાથી (लक्षणाभासं) લક્ષણાભાસ છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે અન્યમતિ દ્વારા માનેલાં પ્રમાણનાં લક્ષણ, અવ્યાપ્તિ આદિ પ્રમાણસંબંધી દોષોથી યુક્ત હોવાથી તે યથાર્થ લક્ષણ નથી, પરંતુ લક્ષણાભાસ છે.

**स यथा चेत्प्रमाणं लक्ष्यं तल्लक्षणं प्रमाकरणम्।**
**अव्याप्तिको हि दोषः सदेश्वरे चापि तदयोगात्॥७३४॥**

**અન્વયાર્થ**—(स यथा) તેનો ખુલાસો આ પ્રમાણે છે, કે—જેમ (चेत्) જો (प्रमाणं) પ્રમાણને (लक्ष्यं) લક્ષ્ય તથા (प्रमाकरणं) પ્રમાના કરણને (तल्लक्षणं) તેનું લક્ષણ માનવામાં આવે તો (हि) નિશ્ચયથી (अव्याप्तिकदोषः) અવ્યાપ્તિ નામનો દોષ આવે છે, કારણ કે—(इश्वरे सदाऽपि च) પ્રમાણભૂત ઈશ્વર સદાય રહેવા છતાં પણ તેમાં (तदयोगात्) 'प्रमाकरणं प्रमाणं' એવું પ્રમાણનું લક્ષણ ઘટતું નથી.

**ભાવાર્થ**—પૂર્વોક્ત કથનનો ખુલાસો આ પ્રમાણે છે, કે—પ્રમાના કરણને પ્રમાણ માનવું

૧. મૂળ પુસ્તકમાં 'सल्लक्षणं' એવો પાઠ છે.

એ અવ્યાપ્તિદોષથી દૂષિત છે, કારણ કે તેમના પ્રસિદ્ધ ઉદયનાચાર્યના મતમાં ઈશ્વરને પ્રમાણ તો માન્યો છે, પરંતુ તેને પ્રમાનું કરણ ન માનતાં અધિકરણ માન્યો છે, તેથી પ્રમાણનું 'પ્રમાકરણ' એ લક્ષણ તેમના જ અભિમત ઈશ્વરરૂપ પ્રમાણમાં નહિ જવાથી અવ્યાપ્તિદોષથી દૂષિત હોવાથી અલક્ષણ છે.

**योगिज्ञानेपि तथा न स्यात्तल्लक्षणं प्रमाकरणम्।**
**परमाण्वादिषु नियमान्न स्यात्तत्सन्निकर्षश्च।।७३५।।**

**અન્વયાર્થ**—(तथा) તથા (योगिज्ञानेऽपि) યોગીઓના જ્ઞાનમાં પણ (प्रमाकरणं) પ્રમાના કરણરૂપ (तल्लक्षणं) પ્રમાણનું લક્ષણ (न स्यात्) જતું નથી, કારણ કે—(नियमात्) નિયમથી (परमाण्वादिषु) પરમાણુ વગેરે સૂક્ષ્મપદાર્થોમાં (तत्सन्निकर्षश्च) ઈંદ્રિયોનો સન્નિકર્ષ પણ (न स्यात्) થતો નથી.

**ભાવાર્થ**—વૈશેષિકોએ યોગીઓના જ્ઞાનને પ્રમાણ માન્યું છે, તથા ત્યાં આમ પણ માન્યું છે, કે—તે યોગી, પરમાણુ આદિ સૂક્ષ્મ પદાર્થોને અતીન્દ્રિય પ્રત્યક્ષરૂપ સામર્થ્યથી જાણે છે પણ ઈન્દ્રિયપ્રત્યક્ષથી નહિ, તેથી યોગીઓના જ્ઞાનમાં પ્રમાકરણરૂપ પ્રમાણનું લક્ષણ જતું નથી અર્થાત્ ઘટતું નથી; કારણ કે તેમના ત્યાં ઈન્દ્રિય સન્નિકર્ષાદિકને પ્રમાનું કરણ માન્યું છે, તથા ઈન્દ્રિયોનો પરમાણુ આદિ સૂક્ષ્મ ઈન્દ્રિય અગોચર પદાર્થોની સાથે સન્નિકર્ષ થઈ શકતો નથી, તેથી પ્રમાકરણરૂપ પ્રમાણનું લક્ષણ પ્રમાણભૂત યોગીપ્રત્યક્ષમાં ન જવાથી પણ અવ્યાપ્તિદોષથી દૂષિત છે.

એ પ્રમાણે પ્રમાકરણરૂપ પ્રમાણના લક્ષણમાં અવ્યાપ્તિદોષ દર્શાવી હવે આગળ વેદને પ્રમાણ માનવાનાં વિષયમાં વિચાર કરીએ છીએ—

**वेदाः प्रमाणमत्र तु हेतुः केवलमपौरुषेयत्वम्।**
**आगमगोचरताया हेतोरन्याश्रितादहेतुत्वम्।।७३६।।**

**અન્વયાર્થ**—(वेदाः प्रमाणं) 'વેદ પ્રમાણ છે' (अत्र) અહીં (केवलं) કેવળ (अपौरुषेयत्वं हेतुः) 'અપૌરુષેયપણું' એ હેતુ છે, (तु) પરંતુ (हेतोः) અપૌરુષેયરૂપ હેતુ (आगमगोचरतायाः) આગમગોચર હોવાથી (अन्याश्रितात्) અન્યાશ્રિત છે, તેથી તે (अहेतुत्वं) સમીચીન હેતુ નથી.

**ભાવાર્થ**—વેદને પ્રમાણ માનવાવાળા વેદની પ્રમાણતામાં 'અપૌરુષેયત્વ' હેતુ બતાવે છે, અર્થાત્ તેમનું આમ કહેવું છે, કે—"પુરુષ રાગદ્વેષથી દૂષિત હોય છે, તેથી પુરુષ દ્વારા નિરૂપણ કરેલું પદાર્થનું સ્વરૂપ પ્રમાણિક કહી શકાતું નથી, પરંતુ જે પુરુષ દ્વારા પ્રતિપાદિત ન હોય તે જ પ્રમાણિક હોઈ શકે છે;" વેદ, અપૌરુષેય હોવાથી તે જ પ્રમાણે અપૌરુષેયત્વ

હેતુથી તેઓ વેદમાં પ્રમાણતા સિદ્ધ કરે છે, પરંતુ અહીં વેદની પ્રમાણતામાં જે અપૌરુષેયત્વ હેતુ આપ્યો તે તેમના આગમથી જ સિદ્ધ છે પણ યુક્તિથી અસિદ્ધ છે, તેથી એ અપૌરુષેયત્વ હેતુ માત્ર આગમ આશ્રિત હોવાથી અન્યાશ્રિત (એટલે આગમાશ્રિત) છે અને અન્યાશ્રિત હોવાથી તે સમીચીન હેતુ કહી શકાતો નથી, કારણ કે—પોતપોતાનો અનુયાયીવર્ગ જ આગમપ્રમાણને પ્રમાણ માનવા તૈયાર થાય છે, અન્ય નહિ; અન્ય જિજ્ઞાસુવર્ગ તો પ્રયોજનભૂત તત્ત્વને યુક્તિથી સિદ્ધ કરીને જ પ્રમાણ માનવા માટે તૈયાર થઈ શકે છે. સારાંશ આ છે, કે—અપૌરુષેયત્વહેતુ અન્યાશ્રિત હોવાથી વસ્તુસ્વરૂપના જ્ઞાન માટે તે અસિદ્ધ છે.

**एवमनेकविधं स्यादिह मिथ्यामतकदम्बकं यावत्।**
**अनुपादेयमसारं वृद्धैः स्याद्वादवेदिभिः समयात्॥७३७॥**

**અન્વયાર્થ**—(एवं) એ પ્રમાણે (इह) અહીં (यावत्) જેટલા કોઈ (अनेकविधं) નાના પ્રકારના (मिथ्यामतकदम्बकं) મિથ્યામતોના સમૂહ (स्यात्) છે તે બધા (समयात्) સમયાનુસાર(સિદ્ધાંત અનુસાર) (स्याद्वादवेदिभिः) સ્યાદ્વાદને જાણવાવાળા (वृद्धैः) વૃદ્ધ પુરુષો દ્વારા (असारं) અસાર અને (अनुपादेयं) અનુપાદેય છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે અહીં જેટલા કોઈ મિથ્યામતો છે તે બધા, સિદ્ધાંતાનુસાર અનુભવી વૃદ્ધ [1]સ્યાદ્વાદિઓ દ્વારા અસાર અને અનુપાદેય દર્શાવ્યા છે.

**उक्तं प्रमाणलक्षणमनुभवगम्यं यथागमज्ञानात्।**
**अधुना निक्षेपपदं संक्षेपाल्लक्ष्यते यथालक्ष्म॥७३८॥**

**અન્વયાર્થ**—(अनुभवगम्यं) અનુભવ દ્વારા જાણવા યોગ્ય (यथाऽगमज्ञानात्) આગમજ્ઞાનાનુસાર (प्रमाणलक्षणं) પ્રમાણનું લક્ષણ (उक्तं) કહ્યું, (अधुना) હવે આ સમયે (संक्षेपात्) સંક્ષેપથી (यथालक्ष्म) લક્ષણાનુસાર (निक्षेपपदं) નિક્ષેપ પદ (लक्ष्यते) કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે ૬૪૪માં પદ્યથી માંડીને ૭૩૭માં પદ્ય સુધી આગમાનુસાર અનુભવમાં આવવા યોગ્ય પ્રમાણના લક્ષણનું નિરૂપણ કર્યું, હવે આગળ સંક્ષેપતાપૂર્વક લક્ષણ અનુસાર નિક્ષેપના સ્વરૂપાદિકનું કથન કરવામાં આવે છે, અર્થાત્ નિક્ષેપનું સ્વરૂપ કહેવામાં આવે છે. પ્રશ્ન—

**ननु निक्षेपो न नयो नच प्रमाणं न चांशकं तस्य।**
**पृथगुद्देश्यत्वादपि पृथगिव लक्ष्यं स्वलक्षणादिति चेत्॥७३९॥**

---

૧. સ્યાદ્‌વાદિ એટલે તત્ત્વસ્વરૂપના યથાર્થ જ્ઞાતા.

**અન્વયાર્થ**—(ननु) શંકાકાર કહે છે, કે—(निक्षेपः) નિક્ષેપ (न नयः) ન તો નય છે (च) તથા (न प्रमाणं) ન પ્રમાણ છે (च) તથા (न तस्य अंशकं) ન પ્રમાણ વા નયનો અંશ છે, (अपि) પરંતુ (पृथगुद्देश्यत्वात्) નિક્ષેપનો પૃથક્ ઉદ્દેશ હોવાથી (स्वलक्षणात्) પોતાના લક્ષણથી તે (पृथक् इव लक्ष्यं) પૃથક્ જ લક્ષિત છે. (इति चेत्) જો એમ કહો તો—

**ભાવાર્થ**—પ્રમાણ, નય અને નિક્ષેપ, પદાર્થનું સ્વરૂપ જાણવામાં આવશ્યક થાય છે, તેમાં નય તથા પ્રમાણનું લક્ષણ નિરૂપણ કરી ચૂક્યા પરંતુ નિક્ષેપના લક્ષણનો નિર્દેશ કર્યો નથી તેથી અહીં શંકાકારની શંકા છે, કે—નિક્ષેપ, ન તો નય છે, કે ન પ્રમાણ છે તથા ન નય વા પ્રમાણનો અંશ છે પરંતુ તેનો નિર્દેશ ભિન્ન હોવાથી તે નય-પ્રમાણના લક્ષ્યથી ભિન્ન લક્ષ્યવાળો છે, તેથી તેનું લક્ષણ કહેવું જોઈએ, તેનો ઉત્તર—

## નિક્ષેપનું લક્ષણ

**सत्यं गुणसापेक्षो सविपक्षः स च नयः स्वयंक्षिपतिः।**
**य इह गुणाक्षेपः स्यादुपचरितः केवलं स निक्षेपः॥७४०॥**

**અન્વયાર્થ**—(सत्यं) ઠીક છે, પરંતુ (गुणसापेक्षः) ગુણોની અપેક્ષાએ ઉત્પન્ન થવાવાળા (च) તથા (सविपक्षः) વિપક્ષની અપેક્ષા રાખવાવાળા (यः) જે (नयः) નય છે, (सः) તે નય (स्वयं क्षिपतिः) જેનો સ્વયં ક્ષેપ કરે છે અર્થાત્ એ પ્રકારનો (यः) જે (इह) અહીં (केवलं उपचरितः गुणाक्षेपः स्यात्) કેવળ ઉપચરિતરૂપ ગુણનો આક્ષેપ છે, (सः निक्षेपः) તે નિક્ષેપ કહેવાય છે.

**ભાવાર્થ**—નય અને નિક્ષેપમાં વિષય-વિષયીભાવરૂપ સંબંધ છે, તેથી નિક્ષેપનું લક્ષણ બાંધતાં ગ્રંથકારે શ્લોકના પૂર્વાર્ધમાં સવિપક્ષ અને ગુણસાપેક્ષરૂપ નયના સ્વયં ક્ષેપને નિક્ષેપનો નિરુક્ત્યર્થ દર્શાવ્યો છે તથા ઉત્તરાર્ધમાં ઉક્ત નિરુક્તિનો સારાંશ દર્શાવ્યો છે, કે—નયોના કેવળ ઉપચરિતરૂપ ગુણાક્ષેપને નિક્ષેપ કહે છે. અર્થાત્—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપથી જે નયો દ્વારા પદાર્થોમાં એક પ્રકારનો આરોપ કરવામાં આવે છે, તેને નિક્ષેપ કહે છે. જેમ જિન સંબંધી ગુણોની અપેક્ષા નહિ રાખતાં કોઈ વ્યક્તિનું ‘જિન’ નામ રાખી લેવાને નામનિક્ષેપ કહે છે. જિનસમાન આકારાદિવાળી મૂર્તિમાં ‘આ તે જ જિન છે’ એવા પ્રકારની જિનભગવાનની બુદ્ધિપૂર્વક સ્થાપના કરવી, તેને સ્થાપના નિક્ષેપ કહે છે. સાક્ષાત્ જિનપર્યાય સન્મુખ છદ્મસ્થ વીતરાગજિનના જીવને જિન માની પૂજવા, તેને દ્રવ્યનિક્ષેપ કહે છે તથા સમવસરણમાં વિરાજમાન સાક્ષાત્ જિનભગવાનને જ જિન કહેવા, તેને ભાવનિક્ષેપ કહે છે.

## નિક્ષેપોના ભેદ

**निक्षेपः स चतुर्धा नाम ततः स्थापना ततो द्रव्यम्।**
**भावस्तल्लक्षणमिह भवति यथा लक्ष्यतेऽधुना चार्थात्॥७४१॥**

**અન્વયાર્થ**—(सःनिक्षेपः) તે નિક્ષેપ, (नाम) નામ (ततः) તે પછી (स्थापना) સ્થાપના (द्रव्यं) દ્રવ્ય (च) તથા (भाव) ભાવ એ પ્રમાણે (चतुर्धा) ચાર પ્રકારના છે. (अधुना) હવે (इह) અહીં (अर्थात्) અર્થથી (तल्लक्षणं) એ ચારે નિક્ષેપોનું લક્ષણ (यथाभवति) જે પ્રકારથી છે, (तथा लक्ष्यते) તે પ્રકારથી કહેવામાં આવે છે.

**ભાવાર્થ**—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી તે નિક્ષેપ ચાર પ્રકારના છે, હવે આગળ એ ચારે નિક્ષેપોનાં લક્ષણ કહેવામાં આવે છે :–

## નામ અને સ્થાપના નિક્ષેપનાં લક્ષણ

**वस्तुन्यतद्गुणे खलु संज्ञाकरणं जिनो यथा नाम।**
**सोऽयं तत्समरूपे तद्बुद्धिः स्थापनां यथा प्रतिमा।।७४२।।**

**અન્વયાર્થ**—(खलु) નિશ્ચયથી (अतद्गुणे वस्तुनि) અતદ્ગુણ વસ્તુમાં (संज्ञाकरणं) સંજ્ઞા કરવી તે (नाम) નામનિક્ષેપ છે, (यथा) જેમ (जिनः) કોઈનું નામ જિન રાખવું, તથા (तत्समरूपे) તેના સમાનરૂપવાળી વસ્તુમાં (सोऽयं) 'આ તે જ છે' એ પ્રકારની (तद्बुद्धिः) તેની જ બુદ્ધિ થવી (स्थापना) સ્થાપનાનિક્ષેપ છે, તે (यथा) જેમ કે–(प्रतिमा) જિનેન્દ્રની પ્રતિમા, અર્થાત્ જિનેન્દ્રની પ્રતિમામાં જિનેન્દ્રની બુદ્ધિ થવી તે સ્થાપના નિક્ષેપ છે.

**ભાવાર્થ**—અતદ્ગુણવસ્તુમાં જે સંજ્ઞા કરવામાં આવે છે તેને નામનિક્ષેપ કહે છે, જેમ કે–કોઈનું નામ જિન રાખવું; તથા સમાનરૂપવાળી વસ્તુમાં 'આ તે જ છે' એ પ્રકારની બુદ્ધિને સ્થાપનાનિક્ષેપ કહે છે, જેમ કે–જિનેન્દ્રની પ્રતિમામાં 'આ તે જ જિનભગવાન છે' એ પ્રકારની બુદ્ધિપૂર્વક જિનેન્દ્રભગવાનની સ્થાપના કરવી. વિશેષમાં સ્થાપનાનિક્ષેપમાં પૂજ્યાપૂજ્ય વ્યવહાર થાય છે પણ નામનિક્ષેપમાં નહિ, એ જ નામ અને સ્થાપના નિક્ષેપમાં અંતર છે.

## દ્રવ્યનિક્ષેપનું સ્વરૂપ

**ऋजुनयनिरपेक्षतया सापेक्षं भाविनैगमादिनयैः।**
**छद्मस्थोजिनजीवो जिन इव मान्यो यथात्र तद्द्रव्यम्।।७४३।।**

**અન્વયાર્થ**—(ऋजुनयनिरपेक्षतया) ઋજુસૂત્રનયની ઉપેક્ષાપૂર્વક તથા (भाविनैगमादिनयैः सापेक्षं) ભાવિ નૈગમાદિનયોની અપેક્ષાપૂર્વક જે કહેવામાં આવે છે (तत् द्रव्यं) તે દ્રવ્યનિક્ષેપ છે, (यथा) જેમ કે–(अत्र) અહીં (छद्मस्थः जिनजीवः) છદ્મસ્થ જિનજીવ (जिन इव मान्यः) જિનની માફક માન્ય છે.

**ભાવાર્થ**—ઋજુસૂત્રનયનો વિષય વર્તમાન છે તથા ભાવિનૈગમનયનો વિષય

ભવિષ્યકાલીન છે. આદિ શબ્દથી અહીં ભૂતનૈગમનયનું ગ્રહણ કર્યું છે, તેનો વિષય ભૂતકાલીન થાય છે. એ ત્રણે નયોના વિષયોમાં ૠજુસૂત્રનયની અપેક્ષા ન કરતાં ભૂત અને ભાવિ નૈગમનયની અપેક્ષાએ થઈ ચૂકેલા તથા થવાવાળાને વર્તમાનમાં કહેવું તે દ્રવ્યનિક્ષેપ છે. જેમ કે—છદ્મસ્થઅવસ્થામાં રહેલા વર્તમાન જિનના જીવને જિન કહેવો અથવા સિદ્ધભગવાનને જિન કહેવા તે દ્રવ્યનિક્ષેપ છે.

## ભાવનિક્ષેપનું સ્વરૂપ

**तत्पर्यायो भावो यथा जिनः समवशरणसंस्थितिकः।**
**घातिचतुष्टयरहितो ज्ञानचतुष्टययुतो हि दिव्यवपुः॥७४४॥**

**અન્વયાર્થ**—(तत्पर्यायोः भावः) તત્પર્યાયવાળો ભાવનિક્ષેપ કહેવાય છે અર્થાત્ જે પદાર્થ જે સમયે જે પર્યાયથી સહિત હોય, તે પદાર્થને તે સમયે તે જ પર્યાયવાળો કહેવો તે ભાવનિક્ષેપ છે. (यथा हि) જેમ કે–(समवशरण संस्थितिकः) સમવશરણમાં છે સ્થિતિ જેમની એવા તથા (घातिचतुष्टयरहितः) ચાર ઘાતિકર્મોથી રહિત (ज्ञानचतुष्टययुतः) અનંતજ્ઞાનાદિ ચતુષ્ટયોથી યુક્ત તથા (दिव्यवपुः) દિવ્ય પરમૌદારિક દેહધારી (जिनः) જિનને જ 'જિન' કહેવા.

**ભાવાર્થ**—જે સમયે જે પદાર્થની પર્યાય હોય તે સમયે તે પદાર્થને તે જ પર્યાયવાળો કહેવો તે ભાવનિક્ષેપ કહેવાય છે, જેમ કે—ઘાતિકર્મોનો નાશ કરવાવાળા, અનંતચતુષ્ટયસહિત અને પરમ દિવ્યઔદારિકદેહધારી સમવસરણમાં વિરાજમાન અરહંતભગવાનને જ 'જિન' કહેવા.

એ પ્રમાણે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપની અપેક્ષાએ ચાર પ્રકારથી જિન 'જિન' કહેવામાં આવે છે, એ ચારે નિક્ષેપ, નયના વિષય થાય છે. નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપ દ્રવ્યાર્થિકનયનો[1] વિષય થાય છે તથા ભાવનિક્ષેપ પર્યાયાર્થિકનયનો વિષય થાય છે, કારણ કે—નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપમાં નયો દ્વારા પૂર્ણ દ્રવ્યનો નિક્ષેપ કરવામાં આવે છે તથા ભાવનિક્ષેપમાં ૠજુસૂત્રનય દ્વારા કેવળ દ્રવ્યની પર્યાયનો નિક્ષેપ કરવામાં આવે છે, તેથી નામાદિક ત્રણ નિક્ષેપને દ્રવ્યાર્થિકનયના વિષય માનવામાં આવ્યા છે તથા ભાવનિક્ષેપને પર્યાયાર્થિકનયનો વિષય માનવામાં આવ્યો છે.

**णाम जिणा जिणणामा ठवण जिणा जिणिंद पडिमाए ।**
**दव्व जिणा जिणजीवा भावजिणा समवसरणत्था । ।**

શ્રી ષટપાહુડ-બોધ પ્રાભૃત.

---

૧. સૂત્રાનુસાર નૈગમ સંગ્રહ અને વ્યવહારનયને દ્રવ્યાર્થિકનય તથા ઋજુસૂત્રાદિ બાકીના નયોને પર્યાયાર્થિકનય કહે છે, પરંતુ અહીં અધ્યાત્મવાદથી એ સાતે નય પણ વ્યવહારનય જ છે.

**અન્વયાર્થ**—(जिणणामा) જિન નામવાળી વ્યક્તિ (णामजिणा) નામ જિન છે. (जिणिंद पडिमाए) જિનેંદ્ર પ્રતિમા એ (ठवणजिणा) સ્થાપનાજિન છે, (जिणजीवा) જિન થવાવાળો જીવ (दव्वजीणा) દ્રવ્યજિન છે તથા (समवसरणत्था) સમવશરણમાં વિરાજમાન સાક્ષાત્ જિન (भावजिणा) ભાવજિન છે.

दिङ्मात्रमत्र कथितं व्यासादपि तच्चतुष्टयं यावत्।
प्रत्येकमुदाहरणं ज्ञेयं जीवादिकेषु चार्थेषु॥७४५॥

**અન્વયાર્થ**—(अत्र) અહીં (दिङ्मात्र) સામાન્યરૂપથી (तच्चतुष्टयं यावत्) નામાદિક ચારે નિક્ષેપોનું (कथितं) કથન કર્યું. (अपि च) તથા (व्यासात्) વિસ્તારથી (जीवादिकेषु अर्थेषु) જીવાદિક અર્થોમાં પણ (प्रत्येकं उदाहरणं ज्ञेयं) પ્રત્યેકનાં ઉદાહરણ સમજવાં.

**ભાવાર્થ**—એ પ્રમાણે અતિ સંક્ષેપથી દૃષ્ટાંત દ્વારા નિક્ષેપના સ્વરૂપનું વર્ણન કર્યું, વિશેષરૂપથી ચારે પ્રકારના નિક્ષેપ, જીવાદિક સપ્તપદાર્થોમાં ઉદાહરણસહિત લગાવી લેવા.

उक्तं गुरुपदेशान्नयनिक्षेपप्रमाणमिति तावत्।
द्रव्यगुणपर्ययाणामुपरि यथासंभवं दधाम्यधुना॥७४६॥

**અન્વયાર્થ**—(इति) એ પ્રમાણે (नय निक्षेप प्रमाणं तावत्) નય, નિક્ષેપ અને પ્રમાણનું સ્વરૂપ (उक्तं) કહ્યું. (अधुना) હવે આ સમયે (गुरुपदेशात्) શ્રી ગુરુના ઉપદેશાનુસાર (द्रव्यगुणपर्ययाणां) દ્રવ્ય, ગુણ અને પર્યાયો (उपरि) ઉપર (यथासंभवं) યથાયોગ્ય (दधामि) નય-પ્રમાણને લગાવે છે, અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાયોમાંથી નય અને પ્રમાણના વિષય કોણ અને કેવી રીતે થાય છે, તે ઘટાવે છે.

**ભાવાર્થ**—એ પ્રમાણે નય-પ્રમાણ અને નયના વિષયભૂત નિક્ષેપોના સ્વરૂપનું વર્ણન કરીને હવે આગળ દ્રવ્ય, ગુણ તથા પર્યાયોમાંથી નય અને પ્રમાણ કોને કોને વિષય કરે છે, તે દર્શાવે છે :—

तत्त्वमनिर्वचनीयं शुद्धद्रव्यार्थिकस्य भवति मतम्।
गुणपर्ययवद्द्रव्यं पर्यायार्थिकनयस्यपक्षोऽयम्॥७४७॥

**અન્વયાર્થ**—(तत्त्वं अनिर्वचनीयं) તત્ત્વ, અનિર્વચનીય છે એ (शुद्धद्रव्यार्थिकस्य) શુદ્ધદ્રવ્યાર્થિકનયનો (मतं भवति) પક્ષ છે, તથા (गुणपर्ययवत् द्रव्यं) ગુણપર્યાયવાળું દ્રવ્ય છે, (अयं) આ (पर्यायार्थिक नयस्य) પર્યાયાર્થિકનયનો (पक्षः) પક્ષ છે.

**ભાવાર્થ**—તત્ત્વ અનિર્વચનીય છે એ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે તથા દ્રવ્ય,

ગુણપર્યાયવાળું છે એ પર્યાયાર્થિકનયનો વિષય છે, અર્થાત્ અનિર્વચનીય (અભેદરૂપ) દ્રવ્યાર્થિકનયનો વિષય માન્યો છે તથા ભેદપાત્ર પર્યાયાર્થિકનયનો વિષય માન્યો છે. (જુઓ ગા. ૬૩૧ થી ૬૩૫)

**यदिदमनिर्वचनीयं गुणपर्ययवत्तदेव नास्त्यन्यत्।**
**गुणपर्ययवद्यदिदं तदेव तत्त्वं तथा प्रमाणमिति।।७४८।।**

**અન્વયાર્થ**—(यत् इदं अनिर्वचनीयं) જે આ અનિર્વચનીય છે (तदेव) તે જ (गुणपर्ययवत्) ગુણ-પર્યાયવાળું દ્રવ્ય છે, (अन्यत् नास्ति) અન્ય કાંઈ નથી (तथा) તથા (यत् इदं) જે આ (गुणपर्ययवत्) ગુણ-પર્યાયવાળું દ્રવ્ય છે, (तदेव) તે જ (तत्त्वं) તત્ત્વ છે. (इति) એ પ્રકારથી સામાન્ય-વિશેષ બંનેને યુગપદ્ (એકીસાથે) વિષય કરવાવાળું (प्रमाणं) પ્રમાણ છે.

**ભાવાર્થ**—તથા જે તત્ત્વ, અનિર્વચનીય છે તે જ ગુણ-પર્યાયવાળું છે અથવા જે તત્ત્વ, ગુણ-પર્યાયવાળું છે તે જ અનિર્વચનીય તત્ત્વ છે, એ પ્રમાણે જોડરૂપ યુગપદ્ ઉભયને વિષય કરવો તે પ્રમાણનો પક્ષ છે. તેનું સ્પષ્ટીકરણ—

**यद्द्रव्यं तन्न गुणो योपि गुणस्तन्न द्रव्यमिति चार्थात्।**
**पर्यायोपि यथा स्यात् ऋजुसूत्रनयपक्षः स्वपक्षमात्रत्वात्।।७४९।।**

**यदिदं द्रव्यं स गुणो योपि गुणो द्रव्यमेतदेकार्थात्।**
**तदुभयपक्षे दक्षो विवक्षितः प्रमाणपक्षोऽयम्।।७५०।।**

**અન્વયાર્થ**—(अर्थात्) વાસ્તવમાં (यथा) જેમ (यत् द्रव्य) જે દ્રવ્ય છે (तन्न गुणः) તે ગુણ નથી (अपि) અને (यः) જે (गुणः) ગુણ છે (तत् द्रव्यं च न) તે દ્રવ્ય પણ નથી. (तथा) તેવી જ રીતે (पर्यायोऽपि) પર્યાય પણ પર્યાય જ છે પરંતુ દ્રવ્ય-ગુણ નથી. (इति) એ (स्वपक्षमात्रत्वात्) કેવળ પોતાના પર્યાયરૂપ પક્ષને વિષય કરવાથી (ऋजुसूत्र नयपक्षः स्यात्) ઋજુસૂત્ર નયનો પક્ષ છે.

તથા (एकार्थात्) દ્રવ્ય-ગુણનો એકાર્થ હોવાથી (यत् इदं द्रव्यं) જે આ દ્રવ્ય છે (सः गुणः) તે જ ગુણ છે (अपि) તથા (यः गुणः) જે ગુણ છે (एतत् द्रव्यं) તે જ દ્રવ્ય છે, એ દ્રવ્યાર્થિકનયનો પક્ષ છે, તથા (तदुभयपक्षेः दक्षः) એ બંને પક્ષોને વિષય કરવામાં સમર્થ (विवक्षितः) વિવક્ષિત જે પક્ષ છે, તે (अयं) આ (प्रमाण पक्षः) પ્રમાણનો પક્ષ છે.

**ભાવાર્થ**—જેમ, જે દ્રવ્ય છે તે ગુણ નથી તથા જે ગુણ છે તે દ્રવ્ય નથી, પરંતુ ગુણ, ગુણ જ છે તથા દ્રવ્ય, દ્રવ્ય જ છે. એ જ પ્રમાણે જે પર્યાય છે તે પર્યાય જ છે પણ દ્રવ્ય વા

ગુણ નથી. એ પક્ષ (વિષય) અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાયને ભિન્નભિન્ન માની કેવળ પર્યાયમાત્રને વિષય કરવી એ ઋજુસૂત્રનયનો પક્ષ એટલે વિષય છે, તથા જે દ્રવ્ય છે તે જ ગુણ છે અને જે ગુણ છે તે જ દ્રવ્ય છે, કારણ કે 'गुणसमुदायो द्रव्यं' એ સિદ્ધાંતમાં સંપૂર્ણ ગુણોને જ દ્રવ્ય કહ્યું છે, તેથી ગુણ અને દ્રવ્ય પરસ્પરમાં (પ્રદેશ) ભિન્ન નથી પરંતુ ઉક્ત પ્રકારથી એક જ અર્થવાળા છે, એટલા માટે ગુણ તથા દ્રવ્યને એક કહેવા એ દ્રવ્યાર્થિકનયનો પક્ષ એટલે વિષય છે તથા એ બંને નયોના પક્ષને યુગપત્ વિષય કરવો તે પ્રમાણનો વિષય છે.

**पृथगादानमशिष्टं निक्षेपो नयविशेष इव यस्मात्।**
**तदुदाहरणं नियमादस्ति नयानां निरूपणावसरे॥७५१॥**

**અન્વયાર્થ**—(यस्मात्) જે કારણથી (निक्षेपः) નિક્ષેપ, (नय विशेष इव) નયવિશેષના જેવા છે, તેથી (पृथगादानं अशिष्टं) નિક્ષેપનું જુદું ગ્રહણ કરીને નિરૂપણ કરવું યોગ્ય નથી, કારણ કે (नयानां निरूपणावसरे) નયોના નિરૂપણ અવસરમાં અર્થાત્ નયોનું નિરૂપણ કરતી વેળા (नियमात्) નિયમથી (तदुदाहरणं अस्ति) નિક્ષેપના ઉદાહરણ રહે છે.

**ભાવાર્થ**—પ્રમાણ અને નયની માફક નિક્ષેપોનું જુદું વર્ણન કરવું એ ઠીક નથી, કારણ કે—વિશેષ પ્રકારથી નયોના ઉદાહરણોનું નિરૂપણ કરતી વેળા નયવિશેષની માફક નિક્ષેપોનું નિરૂપણ પણ થઈ જાય છે, અર્થાત્ તે નયોના વર્ણનમાં ગર્ભિત થઈ જાય છે, તેથી નિક્ષેપોનું જુદું વર્ણન કરવું ઉપયુક્ત નથી.

હવે આગળ ચાર પદ્યો દ્વારા વ્યવહારનયની અંતર્ગત અનેક વા એક નયનું તથા દ્રવ્યાર્થિકનયનું સ્વરૂપ દર્શાવી એ બંનેને યુગપત્ ગ્રહણ કરવાથી પ્રમાણ થાય છે, તે દર્શાવે છે—

**अस्ति द्रव्यं गुणोऽथवा पर्यायस्तत्त्रयं मिथोऽनेकम्।**
**व्यवहारैकविशिष्टो नयः स वाऽनेकसंज्ञकोन्यायात्॥७५२॥**

**અન્વયાર્થ**—(द्रव्यं गुणः अथवा पर्यायः) દ્રવ્ય, ગુણ અથવા પર્યાય એ ત્રણે પોતપોતાના સ્વરૂપથી (अस्ति) છે, (तत्) તેથી (त्रय) એ ત્રણે (मिथो वा) પરસ્પરમાં પણ (अनेकं) અનેક છે, એવી રીતે (व्यवहारैक विशिष्टः नयः) કેવળ એક વ્યવહારવિશિષ્ટ જે નય છે અર્થાત્ વ્યવહારઅંતર્ગત જે નય છે, (सः) તે (न्यायात्) ન્યાયાનુસાર (अनेक संज्ञकः) અનેકતાને પ્રતિપાદન કરવાના કારણથી અનેક સંજ્ઞક (નામ ધરાવનાર) નય છે.

**ભાવાર્થ**—જે નય, દ્રવ્ય છે-ગુણ છે-પર્યાય છે એ પ્રકારથી દ્રવ્ય, ગુણ અને પર્યાયોને ભિન્ન-ભિન્ન પ્રતિપાદન કરે છે, તે વ્યવહારનયના અંતર્ગત અનેક નય કહેવાય છે.

**एकं सदिति द्रव्यं गुणोऽथवा पर्ययोऽथवा नाम्ना।**
**इतरद्वयमन्यतरं लब्धमनुक्तं स एकनयपक्षः॥७५३॥**

**અન્વયાર્થ**—(नाम्ना) નામ દ્વારા ભલે (द्रव्यं) દ્રવ્ય હો, (अथवा) અથવા (गुणः) ગુણ હો, (अथवा) અથવા (पर्ययः) પર્યાય હો, પરંતુ સામાન્યપણે તે (एकं सत्) એક સત્ જ છે, (इति) તેથી એ ત્રણેમાંથી કોઈ એકને કહેતાં (अनुक्तं) નહિ કહેલાં (अन्यतरं इतरद्वयं) બાકીનાં બે (लब्धं) લબ્ધ-પ્રાપ્ત થઈ જાય છે. એ પ્રમાણે જે સત્‌ને એક કહે છે, (सः) તે (एकनयपक्षः) એક નયપક્ષ છે.

**ભાવાર્થ**—દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેય એક સત્ જ છે, એમ કહેવાવાળો જે નય છે તે વ્યવહારનય અંતર્ભૂત એક નય છે, કારણ કે—એ ત્રણેમાંથી કોઈ એકને કહેવાથી અર્થાત્ દ્રવ્યને, ગુણને અથવા પર્યાયને સત્ કહેવાથી બાકીના બંનેનું વિના કહ્યે પણ ગ્રહણ થઈ જાય છે, તેથી એકપણાને કહેવાવાળો હોવાથી આ નય વ્યવહારાંતર્ગત નયોમાંથી[1] એક નય કહેવાય છે.

**न द्रव्यं नापि गुणो न च पर्यायो निरंशदेशत्वात्।**
**व्यक्तं न विकल्पादपि शुद्धद्रव्यार्थिकस्य मतमेतत्॥७५४॥**

**અન્વયાર્થ**—(निरंशदेशत्वात्) વસ્તુ અખંડરૂપ હોવાથી (न द्रव्यं) ન દ્રવ્ય છે (अपि) તથા (न गुणः) ન ગુણ છે (च) તથા (न पर्यायः) ન પર્યાય છે, તથા (न विकल्पात् व्यक्तं अपि) ન તે વસ્તુ કોઈ વિકલ્પથી વ્યક્ત પણ થઈ શકે છે, (एतत्) એ (शुद्ध द्रव्यार्थिकस्य मतं) શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો મત છે-પક્ષ છે.

**ભાવાર્થ**—ન દ્રવ્ય છે, ન ગુણ છે, ન પર્યાય છે તથા ન કોઈ વિકલ્પ જ છે, એ પ્રકારથી 'नेत्येतावन्मात्र' જે નિશ્ચયનયનું લક્ષણ કહ્યું છે, તે અનુસાર આ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો પક્ષ છે.

**द्रव्य गुण पर्ययाख्यैर्यदनेकं सद्विभिद्यते हेतोः।**
**तदभेद्यमनंशत्वादेकं सदिति प्रमाणमतमेतत्॥७५५॥**

**અન્વયાર્થ**—(हेतोः) યુક્તિવશથી (यत् सत्) જે સત્‌ને (द्रव्यगुणपर्ययाख्यैः) દ્રવ્ય, ગુણ અને પર્યાયોના નામથી (अनेकं) અનેકરૂપથી (विभिद्यते) ભિન્ન કરવામાં આવે છે, (तत् सत्) તે જ સત્ (अनंशत्वात्) અંશરહિત હોવાથી (अभेद्यं एकं) અભેદ્ય-એક છે. (इति एतत्) એ પ્રમાણે આ (प्रमाणमतं) પ્રમાણનો પક્ષ છે.

---

૧. નોટ—અધ્યાત્મપ્રમાણથી સાતે નય વ્યવહાર કહેવાય છે, તેથી અહીં સંગ્રહનયને વ્યવહારાન્તર્ગત એક નય કહ્યો છે.

**ભાવાર્થ**—યુક્તિપૂર્વક જે સત્‌ને દ્રવ્ય-ગુણ-પર્યાયોની અપેક્ષાએ અનેક કહ્યું હતું તે જ સત્‌, અંશરહિત હોવાથી અભેદ્ય-એક જ છે. એ પ્રમાણે યુગપત્‌ એકઅનેકને વિષય કરવું એ પ્રમાણનો પક્ષ છે.

હવે આગળ ચાર પદ્યો દ્વારા વ્યવહારનયઅંતર્ગત અસ્તિ તથા નાસ્તિનયના સ્વરૂપને દર્શાવતાં સાથે સાથે એ બંને વિકલ્પોથી રહિત શુદ્ધદ્રવ્યાર્થિકનયના સ્વરૂપને દર્શાવી ઉભય નયોના વિષયને પ્રમાણ કેવી રીતે વિષય કરે છે, તે બતાવે છે—

**अपि चास्ति सामान्यमात्रादथवा विशेषमात्रत्वात्।**
**अविवक्षितो विपक्षो यावदनन्यः स तावदस्तिनयः ॥७५६॥**

**અન્વયાર્થ**—(अपि च) તથા જે (सामान्य मात्रात्) સામાન્યમાત્રથી (अथवा) અથવા (विशेषमात्रत्वात्) વિશેષમાત્રથી (अस्ति) છે, તેમાં (यावत्) જ્યાં સુધી (विपक्षः) વિપક્ષ (अविवक्षितः) અવિવક્ષિત રહે છે (तावत्) ત્યાં સુધી (सः अनन्यः) તે એક (अस्तिनयः) અસ્તિનય કહેવાય છે.

**ભાવાર્થ**—સામાન્ય-વિશેષાત્મકવસ્તુમાં જે સમયે વિશેષને ગૌણ કરી કેવળ સામાન્યની વિવક્ષા થાય છે અથવા સામાન્યને ગૌણ કરી કેવળ વિશેષની વિવક્ષા થાય છે, તે સમયે વિપક્ષની વિવક્ષા ન કરતાં કેવળ સામાન્ય વા કેવળ વિશેષની અપેક્ષાએ વસ્તુના અસ્તિત્વનું જે નિરૂપણ કરવામાં આવે છે, તે વ્યવહારાન્તર્ગત નયોમાંથી અસ્તિનય કહેવાય છે.

**नास्ति च तदिह विशेषैः सामान्यस्य विवक्षितायां वा।**
**सामान्यैरितरस्य च गौणत्वे सति भवति नास्तिनयः ॥७५७॥**

**અન્વયાર્થ**—(च) તથા (इह) અહીં (तत्) વસ્તુ (सामान्यस्य विवक्षितायां) સામાન્યની વિવક્ષામાં (गौणत्वे सति) વિશેષધર્મની ગૌણતા થતાં (विशेषैः) વિશેષ ધર્મો દ્વારા (नास्ति) નથી, (वा) અથવા (इतरस्य विवक्षितायां) ઈતર એટલે વિશેષની વિવક્ષામાં સામાન્યધર્મની ગૌણતા થતાં (सामान्यैः नास्ति) સામાન્યધર્મો દ્વારા નથી, એ પ્રકારનું જે કથન છે તે (नास्तिनयः) નાસ્તિનય (भवति) છે.

**ભાવાર્થ**—વસ્તુ, સામાન્ય-વિશેષાત્મક છે. તેથી જે સમયે સામાન્યની વિવક્ષા થાય છે તે સમયે વિશેષ ધર્મની ગૌણતા થવાથી તે વસ્તુ, વિશેષની અપેક્ષાએ નથી; તથા જે સમયે વિશેષની વિવક્ષા થાય છે તે સમયે સામાન્યધર્મની ગૌણતા થવાથી તે વસ્તુ, સામાન્યની અપેક્ષાએ નથી. એ પ્રમાણે જે કથન કરવામાં આવે છે, તેને વ્યવહારાન્તર્ગત નયોમાંથી નાસ્તિનય કહે છે.

**द्रव्यार्थिकनयपक्षादस्ति न तत्त्वं स्वरूपतोऽपि ततः।**
**न च नास्ति परस्वरूपात्सर्वविकल्पातिगं यतो वस्तु॥७५८॥**

**અન્વયાર્થ**—(तत्त्वं) તત્ત્વ, (ततः द्रव्यार्थिकनयपक्षात्) એ પ્રસિદ્ધ દ્રવ્યાર્થિકનયપક્ષની અપેક્ષાએ (स्वरूपतोऽपि) સ્વરૂપથી છે એમ પણ (न अस्ति) નથી, (च) તથા (परस्वरुपात्) પરસ્વરૂપથી નથી એમ પણ નથી; (यतः) કારણ કે—શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ (वस्तुः) વસ્તુ, (सर्वविकल्पातिगं) સંપૂર્ણ વિકલ્પોથી રહિત માની છે.

**ભાવાર્થ**—શુદ્ધદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ તત્ત્વ, ન સ્વરૂપથી અસ્તિરૂપ છે તથા ન પરરૂપથી નાસ્તિરૂપ પણ છે, કારણ કે આ નયની અપેક્ષાએ વસ્તુ નિર્વિકલ્પાત્મક માની છે.

**यदिदं नास्तिस्वरूपाभावादस्ति स्वरूप सद्भावात्।**
**तद्वाच्यात्ययरचितं वाच्यं सर्वं प्रमाणपक्षस्य॥७५९॥**

**અન્વયાર્થ**—(यत्) જે (इदं) આ (स्वरूपाभावात्) સ્વરૂપના અભાવથી (नास्ति) નથી, તથા (स्वरूपसद्भावात्) સ્વરૂપના સદ્ભાવથી (अस्ति) છે, (तत्) તે જ (अवाच्यात्ययरचितं) અનિર્વચનીય રચિત અર્થાત્ નિર્વિકલ્પ છે. (इति सर्वं) એ સર્વ (प्रमाणपक्षस्य) પ્રમાણપક્ષનું (वाच्यं) વાચ્ય છે.

**ભાવાર્થ**—જે વસ્તુસ્વરૂપની અપેક્ષાએ અસ્તિરૂપ તથા પરસ્વરૂપના અભાવની અપેક્ષાએ અર્થાત્ પરસ્વરૂપથી નાસ્તિરૂપ છે, તે જ વસ્તુ અનિર્વચનીય છે. એ પ્રમાણે જોડરૂપથી યુગપદ્ બંને પક્ષોને પ્રમાણપક્ષ કહે છે.

**उत्पद्यते विनश्यति सदिति यथास्वं प्रतिक्षणं यावत्।**
**व्यवहारविशिष्टोऽयं नियतमनित्यो नयः प्रसिद्धः स्यात्॥७६०॥**

**અન્વયાર્થ**—(सत् इति) સત્, એ (यथास्वं) યથાયોગ્ય (प्रतिक्षणं यावत्) પ્રત્યેક સમયમાં (उत्पद्यते) ઉત્પન્ન થાય છે તથા (विनश्यति) નાશ પામે છે. (अयं) આ (नियतं) નિશ્ચયથી (व्यवहारविशिष्टः) વ્યવહારવિશિષ્ટ (प्रसिद्धः) પ્રસિદ્ધ (अनित्यः नयः स्यात्) અનિત્યનય છે.

**ભાવાર્થ**—સત્‌ને પ્રતિસમય યથાયોગ્ય નયવિવક્ષાવશ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ ઉત્પન્ન તથા નાશ પામવાવાળું કહેવું, એ વ્યવહારાન્તર્ગત પ્રસિદ્ધ અનિત્યનય છે.

**नोत्पद्यते न नश्यति ध्रुवमिति सत्स्यादनन्यथावृत्तेः।**
**व्यवहारान्तर्भूतो नयः स नित्योऽप्यनन्यशरणः स्यात्॥७६१॥**

**અન્વયાર્થ**—(अनन्यथावृत्तेः) અનન્યથાવૃત્તિ (એકરૂપતા) હોવાથી (सत् इति) સત્ એ (नउत्पद्यते) ન ઉત્પન્ન થાય છે, (न नश्यति) ન નાશ પામે છે, પરંતુ (ध्रुवं स्यात्) ધ્રુવ છે. એ પ્રકારનું જે કથન છે, (सः अपि) તે પણ (व्यवहारान्तर्भूतः) વ્યવહારનય અંતર્ભૂત (अनन्यशरणः) અનન્યશરણરૂપ (नित्यः नयः स्यात्) નિત્યનય છે.

**ભાવાર્થ**—નિત્યનયથી સત્‌માં ઉત્પાદ, વ્યય કાંઈ પણ વિવક્ષિત થતાં નથી, પરંતુ સદાય અનન્યથાવૃત્તિ જ વિવક્ષિત થાય છે, તેથી સત્‌ને (દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ) ઉત્પન્ન તથા નાશ થવારૂપ ન કહેતાં ધ્રુવ કહેવું, એ બીજાની શરણતા નહિ રાખવાવાળા વ્યવહારાન્તર્ગત નયોમાંથી નિત્યનય છે.

**न विनश्यति वस्तु यथा वस्तु तथा नैव जायते नियमात्।**
**स्थितिमेति न केवलमिह भवति स निश्चयनयस्य पक्षश्च॥७६२॥**

**અન્વયાર્થ**—(यथा) જેમ (इह) અહીં (केवल) કેવળ (वस्तु) વસ્તુ (न विनश्यति) નાશ પામતી નથી, (तथा) તેવી જ રીતે (नियमात्) નિયમથી (वस्तु) વસ્તુ (नैवजायते) ઉત્પન્ન પણ થતી નથી (च) તથા (न स्थिति एति) ન ધ્રૌવ્યતાને પ્રાપ્ત થાય છે, એવું જે કથન છે (सः) તે (निश्चयनयस्य पक्षः) નિશ્ચયનયનો પક્ષ (भवति) છે.

**ભાવાર્થ**—જે પ્રમાણે વસ્તુ, ઉત્પન્ન તથા નાશ પામતી નથી, તેવી રીતે તે ધ્રુવ પણ નથી, પરંતુ અનિર્વચનીય છે, એમ કહેવું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો એટલે નિશ્ચયનયનો પક્ષ છે.

**यदिदं नास्ति विशेषैः सामान्यस्यविवक्षया तदिदम्।**
**उन्मज्ञत्सामान्यैरस्ति तदेतत्प्रमाणमविशेषात्॥७६३॥**

**અન્વયાર્થ**—(यत् इदं) જે આ (सामान्यस्य विवक्षया) સામાન્યની વિવક્ષાથી (सामान्यः) સામાન્ય દ્વારા (उन्मज्ञत्) વિવક્ષાને પ્રાપ્ત (इदं अस्ति) આ છે તથા જે (विशेषैः नास्ति) વિશેષો દ્વારા 'નથી' (तत्) તે, એ પ્રમાણે તે (तदेतत्) 'આ તે જ છે' એ પ્રકારથી બંનેને (अविशेषात्) સામાન્યરૂપથી કોઈને મુખ્ય-ગૌણ કર્યા વિના વિષય કરવા તે (प्रमाणं) પ્રમાણનો પક્ષ છે.

**ભાવાર્થ**—જે વસ્તુ, વિશેષની અપેક્ષાએ નાસ્તિરૂપ છે તે જ વસ્તુ, સામાન્યની અપેક્ષાએ અસ્તિરૂપ પણ છે, એ પ્રમાણે બંનેને જોડરૂપથી યુગપદ્ મુખ્ય-ગૌણ વ્યવસ્થાને છોડી વિષય કરવાં તે પ્રમાણનો પક્ષ છે.

**अभिनवभावपरिणतेर्योऽयं वस्तुन्यपूर्वसमयोयः।**
**इति यो वदति स कश्चित्पर्यायार्थिकनयेष्वभावनयः॥७६४॥**

**અન્વયાર્થ**—(अभिनव भावपरिणतेः) નવીન પર્યાયરૂપ પરિણમનથી (वस्तुनि) વસ્તુમાં (यः यः अयं अपूर्व समयः) જે જે આ અપૂર્વ પર્યાય થઈ રહી છે. (इति) એ પ્રકારથી (यः वदति) જે કહે છે, (सः) તે (कश्चित्) કોઈ (पर्यायार्थिक नयेषु) પર્યાયાર્થિકનયોમાં (अभावनयः) અભાવનય છે.

**ભાવાર્થ**—જે નય, પ્રતિસમય થવાવાળા નવીન નવીન ઉત્પાદરૂપ પરિણમનની અપેક્ષાએ પૂર્વ પૂર્વ પર્યાયના નાશપૂર્વક ઉત્તરોત્તર કાળવર્તી પર્યાયોનું જ પ્રતિપાદન કરે છે, તે પર્યાયાર્થિકનયોમાંનો એક અભાવનય છે.

**परिणममानेऽपि तथाभूतै र्भावैर्विनश्यमानेऽपि।**
**नायमपूर्वो भावः पर्यायार्थिकविशिष्टभावनयः॥७६५॥**

**અન્વયાર્થ**—(अपि) તથા (तथाभूतैः र्भावैः) તથાભૂત (તે તે પ્રકારના) પરિણામો દ્વારા (परिणममाने) પરિણમન થતાં (विनश्यमानेऽपि) પૂર્વ-પૂર્વ પરિણમનનો વિનાશ થવા છતાં પણ (अयं अपूर्वः भावः न) 'આ કોઈ અપૂર્વભાવ નથી.' એ પ્રકારનું જે કથન છે, તે (पर्यायार्थिक विशिष्ट भावनयः) પર્યાયાર્થિક વિશેષણ વિશિષ્ટ ભાવનય છે.

**ભાવાર્થ**—પ્રતિસમય નવીન નવીન ઉત્પાદરૂપથી તથાભૂતભાવો દ્વારા પરિણમન થવા છતાં અને નષ્ટ પામવા છતાં પણ (ભાવનય) દ્રવ્યાર્થિકનયદૃષ્ટિથી દ્રવ્યમાં કોઈ અપૂર્વતા આવતી નથી, એ પ્રમાણે અપૂર્વભાવોને નહિ કહેવાવાળા નયને અર્થાત્ નિરંતર પૂર્વભાવોને પ્રતિપાદન કરવાવાળા નયને વ્યવહારાન્તર્ગત નયોમાંથી એક ભાવનય કહે છે.

**शुद्धद्रव्यादेशादभिनवभावो न सर्वतो वस्तुनि।**
**नाप्यनभिनवश्च यतः स्यादभूतपूर्वो न भूतपूर्वो वा॥७६६॥**

**અન્વયાર્થ**—(शुद्ध द्रव्यादेशात्) શુદ્ધદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ (वस्तुनि) વસ્તુમાં (सर्वतः) સર્વ પ્રકારથી (न अभिनवभावः) ન નવીનભાવ છે (अपि च) તથા (न अनभिनवः) ન અનભિનવ ભાવ છે અર્થાત્ ન ભૂતભાવોનો અભાવ જ છે, (यतः) કારણ કે—શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય (अभूतपूर्वः) અભૂતપૂર્વ (वा भूतपूर्वः) અથવા ભૂતપૂર્વ એ (न स्यात्) કાંઈ નથી.

**ભાવાર્થ**—શુદ્ધદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ ન તો નવીનભાવોનો ઉત્પાદ જ થાય છે અથવા ન પૂર્વભાવોનો વિનાશ જ થાય છે, કારણ કે—શુદ્ધદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ તત્ત્વ, નિર્વિકલ્પ છે, તેથી દ્રવ્યાર્થિકનય ન તો ભૂતપૂર્વ વિષયને જ વિષય કરે છે, કે ન તો અભૂતપૂર્વ વિષયને જ વિષય કરે છે, પરંતુ એ તો બંનેનો નિષેધ કરે છે.

**अभिनवभावै र्यदिदं परिणममानं प्रतिक्षणं यावत्।**
**असदुत्पन्नं न हि तत्सन्नष्टं वा न प्रमाणमतमेतत्॥७६७॥**

**અન્વયાર્થ**—(अभिनवभावैः) નવીનભાવો દ્વારા (प्रतिक्षणं यावत्) પ્રત્યેક ક્ષણમાં (परिणममानं) પરિણમનમાન (यत् इदं) જે આ સત્ છે, (तत्) તે (हि) નિશ્ચયથી (असत् उत्पन्नं न) અસત્રૂપથી ઉત્પન્ન નથી (वा) અથવા (सत् नष्टं न) સત્રૂપથી નષ્ટ નથી, (एतत् प्रमाणमतं) એ પ્રમાણપક્ષ છે.

**ભાવાર્થ**—જે આ સત્, નવીન નવીન ભાવો દ્વારા પરિણમન કરી રહ્યું છે તે સત્, ન તો અસત્રૂપથી ઉત્પન્ન થાય છે અથવા ન સત્રૂપથી નાશ પામે છે, એમ કહેવું એ પ્રમાણનો પક્ષ છે.

**इत्यादि यथासम्भवमुक्तमिवानुक्तमपि च नयचक्रम्।**
**योज्यं यथागमादिह प्रत्येकमनेक भावयुतम्॥७६८॥**

**અન્વયાર્થ**—(इत्यादि उक्तं इव) ઈત્યાદિ પૂર્વોક્ત કથનની માફક (यथासंभवं) યથાસંભવ (अनेकभावयुतं) અનેકભાવ સહિત (प्रत्येकं) પ્રત્યેક (अनुक्तं अपि च) નહિ કહેવાયેલા પણ (नयचक्रं) નયસમુદાયને (इह) અહીં (यथागमात्) આગમઅનુસાર (योज्यं) લગાવવા જોઈએ.

**ભાવાર્થ**—જેમ અનેક ભાવોસહિત નિત્ય-અનિત્ય અને એક-અનેક આદિ નયપક્ષના વિષયમાં પ્રક્રિયા દર્શાવી, તે પ્રમાણે સંપૂર્ણ નયોના વિષયમાં પણ આગમાનુસાર યથાયોગ્ય પ્રકારથી સમજી લેવી.

**ઇતિ શ્રી ગ્રંથરાજ પંચાધ્યાયીનો–દ્રવ્યસામાન્યના સ્વરૂપાદિકનું વર્ણન કરવાવાળો પ્રથમ અધિકાર સમાપ્ત**

ૐ શાંતિઃ




અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.